卐 ઠળીયા મંડન પ્રગટ પ્રભાવી સાચાદેવ શ્રી ઋષભદેવ સ્વામિને નમો નમઃ 卐

卐 શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાલા ગ્રંથાંક ૧૨ મો 卐

-શ્રી-

પરમ ગીતાર્થવર્ય અનેક શાસ્ત્રોના પ્રણેતા વિદ્વદ્ શિરોમણી બહુશ્રુત

પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર કૃત સ્વોપજ્ઞ

# શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નનો

## અદ્વિતીય....અક્ષરશઃ.....સુવિશુદ્ધ

## અ નુ વા દ

કર્તા :-

શા....સ....ન....કં....ટ....કો....દ્ધા....ર....ક

પૂજ્ય ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ

-: પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :-

શ્રી શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર

વ્યવસ્થાપકઃ શાહ મોતીચંદ દીપચંદ

જી. ભાવનગર, વાયા તલાજા, મુ. ઠળીયા [સૌરાષ્ટ્ર]

કિંમત રૂા. ૮-૫૦

卐 ઠળીયા મંડન પ્રગટ પ્રભાવી સાચાદેવ શ્રી ઋષભદેવસ્વામિને નમો નમઃ 卐

卐 શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાલા-ગ્રંથાંક ૧૨ 卐

પ.મ ગીતાર્થ-અનેક પ્રૌઢ ગ્રંથોના પ્રણેતા-વિદ્વત્‌શિરોમણિ-બહુશ્રુત-
પરમ પૂજ્ય મહામહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી ગણિવર કૃત સ્વોપજ્ઞ-

# શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથ રત્નનો-

અક્ષરશઃ — અદ્વિતીય — સુવિશુદ્ધ

# 卐 અ....નુ....વા....દ 卐

અનુવાદક :—

શ્રી દેવસૂર તપાગચ્છ સામાચારીના અજોડ સંરક્ષક-ધ્યાનસ્થ સ્વર્ગત-
પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાશ્રીના
પટ્ટપ્રભાવક-ન્યાય-વ્યાકરણ વિશારદ-સ્વર્ગત-
પ. પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજશ્રીના સુવિનેય-
શાસન સંરક્ષક-સિદ્ધહસ્ત લેખક-

પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ

પ્ર...કા...શ...ક :—

શ્રી શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર. વ્યવસ્થાપક :- શાહ મોતીચંદ દીપચંદ
જી. ભાવનગર — વાયા તલાજા — મુ. ઠળીયા — [સૌરાષ્ટ્ર]

[ પ્રથમાવૃત્તિ ] કિં. રૂા. ૮-૫૦ [ કોપી ૧૦૦૦ ]

| | | |
|---|---|---|
| **પ્રા...પ્તિ...સ્થા...ન.**<br>શ્રી શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર<br>વ્યવસ્થાપકઃ-**શા. મોતીચંદ દીપચંદ**<br>જી. ભાવનગર-વાયા તલાજા<br>મુ. ઠળીયા [સૌરાષ્ટ્ર] તથા-<br>પ્રસિદ્ધ બૂકસેલરો પાસેથી પણ મળશે. | 卐<br>સર્વ હક્ક<br>સ્વા<br>ધી<br>ન.<br>卐 | વીર સં. ૨૪૮૯ - વિ. સં. ૨૦૧૯<br>સને ૧૯૬૩ - શાકે ૧૮૮૪<br>આગમોદ્ધારક સં. ૧૩<br>પ્રથમાવૃત્તિ : — નકલ ૧૦૦૦<br>**કિં. રૂા. ૮-૫૦** |

# સ્વોપજ્ઞ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નના

## ર.....ચ.....યિ.....તા-

**પ. પૂ. બહુશ્રુત મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર**

**પ્રથમ-સંશોધકઃ-**

**પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશ**

**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા.**

**અનુવાદકઃ-**

**પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ**

**દ્રવ્ય સહાયકઃ-**

રૂા. ૧૦૦૧) મોરબી શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ તરફથી

રૂા. ૧૦૧) આ અનુવાદ ગ્રંથ જેઓશ્રીની પ્રથમ પ્રેરણાને આભારી છે તે **પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજી ગણિવરના** સદુપદેશથી એક સદ્‌ગૃહસ્થ.

**મુદ્રકઃ-**

જયંતિ ઘેલાભાઈ દલાલ, વસંત પ્રિન્ટિંગ પ્રેસ. ઘીકાંટા, ઘેલાભાઈની વાડી-અમદાવાદ.

## પ. પૂ. ધ્યાનસ્થસ્વર્ગત-આગમોદ્ધારક-આચાર્યદેવેશ-
## શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના ચરણે
## સા...દ...ર-સ...મ...ર્પ...ણ...મ્

**જે બહુશ્રુત મહાપુરૂષે**-સંયમયાત્રા દરમ્યાન અહોનિશ જ્ઞાન-ધ્યાન-વાચન-મનન પરિશીલન-પઠન-પાઠનાદિમાં અપ્રમત્તપણે રહીને-અનેક હસ્તલિખિત પ્રતોનું તથા તાડપત્રીઓનું સંશોધન કરીને-આપણા પૂ. પવિત્ર ૪૫ આગમો-ચૂર્ણિઓ-નિર્યુક્તિઓ-ભાષ્યો-ટીકાઓ-પયન્નાઓ-પ્રકરણો-શાસ્ત્રો આદિ સેંકડો ગ્રંથોને એકલા હાથે શોધીને મુદ્રિત કરાવ્યા છે, તેમજ શ્રી સંઘના જીવનપ્રાણસમા તે ૪૫ આગમાદિ શાસ્ત્રોને સંગેમરમરમાં તથા તામ્રપત્રોમાં કોતરાવવા પૂર્વક આગમમંદિરોમાં પધરાવીને યાવચ્ચંદ્રદિવાકરૌ બનાવ્યા છે!

**જે મહાપુરૂષે**, ઉપર જણાવ્યા પ્રમાણે આપણા પવિત્ર આગમોનું સાંગોપાંગ અને દીર્ઘકાલીન સંરક્ષણ કર્યું, તેવીજ રીતે જીવનના ભોગે પણ શ્રી સમેતશિખરજી-મક્ષીજી-ભોપાવરજી-ચારૂપજી આદિ અનેક તીર્થોનું સુંદર રક્ષણ કરવા સાથે સ્વ-પર પક્ષના અનેક કુમતવાદીઓને શાસ્ત્રો તથા પ્રાચીન પરંપરાના આધારો આપવા પૂર્વક પરાસ્ત કરીને વીતરાગ પરમાત્માના શાસનનું તો સર્વસ્વના પણ ભોગે સંરક્ષણ કરેલ છે, તે મહાપુરૂષના શાસન રક્ષણ અંગેના તેવા અનેક ભોગોમાંના એક ભોગને અનુલક્ષીને અત્ર જણાવવું ફલિત થાય છે કે-

**સેંકડો વર્ષોથી** જૈન ટિપ્પણાના અભાવે આપણા શ્રી તપાગચ્છ સંઘે આરાધનાની તિથિઓ મેળવવા સારૂ 'ચંડાંશુચંડુ' નામનું જોધપુરી પંચાંગ સર્વાનુમતે ગ્રહણ કર્યું હતું. તે પંચાંગમાં પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ આવે તેને આપણા અપવાદશાસ્ત્રના આધારે આપણે આરાધનામાં પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કરીને ઉદયાત અને એક તિથિ રૂપે બનાવતા હતા, અને તે તિથિઓને જ જૈની તિથિઓ તરીકે આપણે પ્રતિવર્ષે જૈન ભીંતીયાં પંચાંગોમાં પ્રસિદ્ધિ આપતા હતા. આથી સકલ સંઘની આરાધના સં. ૧૯૯૨ સુધી એકરૂપે સુખે પ્રવર્ત્તતી હતી.

**વિ. સં. ૧૯૫૨ની** સાલમાં જ્યારે ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. શુ. ૫ નો ક્ષય આવ્યો ત્યારે ભા. શુ. ૩ નો ક્ષય ગણીને ભા. શુ. ૪-૫ નું તે જોડીયું પર્વ બે દિવસ જોડે સંલગ્ન રાખવું એ પૂનમ-અમાસના ક્ષયે કરાતા તેરસના ક્ષયવાળા દૃષ્ટાંતથી ન્યાયી હતુંઃ છતાં તે વખતે કેટલાક મુનિરાજોએ, તે ન્યાયને અનુસરવું છોડી દઈને શ્રી સંઘે નહિ માન્ય કરેલ એવા ભા. શુ. ૬ ના ક્ષયવાળા બીજા જ ટીપ્પણાને ગ્રહણ કરવા વડે શ્રી સંઘે સર્વમાન્ય ઠરાવેલા 'ચંડાંશુચંડુ' પંચાંગને અવગણ્યું, અને તે વખતની સંવત્સરી શ્રી શાસન-સંઘથી જુદી કરી.

**વિ. સં. ૧૯૫૨ની** તે સાલમાં પેટલાદ મુકામે ચાતુર્માસ બિરાજેલા આપણા આ પૂજ્ય શાસનપ્રાણ આગમોદ્ધારક સૂરીશ્વરજી મહારાજશ્રીએ તેઓશ્રીને તેવું ઉલટું નહિ કરવાની પ્રથમ તકે પ્રેરણા આપી હતી. "બારેય માસ ચંડાંશુચંડુને માનવું અને આવો પ્રસંગ આવતાં તે પંચાંગને માત્ર એક દિવસ માટે છોડી દેવું! અને વળતે દિવસે તો પાછું તે જ 'ચંડાંશુચંડુ' પંચાંગ ગ્રહણ કરવું! એ હાસ્યપાત્ર રીત આરાધક માટે જરાય શોભાસ્પદ નથી" ઈત્યાદિ પણ સમજાવ્યું હતું.

**ત્યારબાદ વિ. સં. ૧૯૬૧** તથા વિ. સં. ૧૯૮૯ની સાલમાં પણ 'ચંડાંશુચંડુ' પંચાંગમાં ભા. શુ. ૫ નો ક્ષય આવ્યો, ત્યારે પણ 'ચંડાંશુચંડુ' છોડનારાઓને મુખ્યત્વે આપણા આ શાસનપ્રાણ પૂજ્યશ્રીએ જ–વિવિધ નુકશાનો જણાવવા પૂર્વક તેવું ઉલટું વર્તન નહિ કરવા ખૂબ–ખૂબ વિનવ્યા હતા: પરિણામે તેમાંના થોડા પૂજ્ય પુરૂષોએ તો એ સત્યને સ્વીકાર્યું. જે પૂજ્ય પુરૂષોએ તે સત્યને ન્હોતું સ્વીકાર્યું તે પણ તે સત્યથી કોઈ વિપરીત સમજણના બળે નહિં; પરંતુ માત્ર સમૂહબળે જ ન્હોતું સ્વીકાર્યું!

**તેવામાં વિ. સં. ૧૯૯૨માં**–'ચંડાંશુચંડુ'માં સોએક વર્ષમાં નહિ આવેલ ભા. શુ. બે પાંચમ આવતાં પાંચમના ક્ષય પ્રસંગની તે પૂર્વોક્ત સલાહ નહિ માનનારા પૂજ્યવરો મુંઝવણમાં મૂકાયા. ભા. શુ. ૫ ના ક્ષયે. ભા. શુ. ૬ ના ક્ષયવાળું બીજું પંચાંગ પકડવાનું ઉદાહરણ હાથમાં હોવા છતાં તે ઉદાહરણના જોરેય ભા. શુ. ૬ ની વૃદ્ધિવાળું અન્ય પંચાંગ પકડવાની પહેલ કરવાની કોઈની પણ હિંમત ન ચાલી! એટલે શ્રી રામચંદ્રસૂરિ અને તેના સમુદાય સિવાયના શ્રી સંઘના પોણી સોળઆની ભાગે તે વખતે ચંડાંશુચંડુનેજ વળગી રહીને શાસનમાન્ય સંવત્સરી જ કરવાનો નિર્ણય જાહેર કર્યો.

**તેનું પરિણામ**– તે સત્ય હકીકતને નહિ અનુસરનાર શ્રી રામચંદ્રસૂરિજી માટે એ આવ્યું કે–તેમણે પણ ચંડાંશુ૰ ને તો વળગવુંજ પડયું, છતાં તેમાંથી આરાધના માટેની ૬૦ ઘડી પ્રમાણ જૈની તિથિ માનવાનું સદાને માટે બંધ કરવું પડયું! અને પોતે જૈનાચાર્ય હોવાની વાત ગૌણ કરીને સદાને માટે લૌકિક પંચાંગગત અજૈની તિથિઓને જ જૈની તિથિઓ ગણીને ચાલવાની કરૂણ સ્થિતિમાં–એ મિથ્યા સ્થિતિને કાયદાનું રૂપ આપીને–ગોઠવાઈ જવું પડયું! કે–જેનાં નુકશાનો, આજે તો તેઓ સહિત તેઓને અનુસરનારાઓ પણ અનુભવી રહેલ હોવાનું શ્રી સકલ સંઘને પ્રત્યક્ષ છે.

**એવા તે સ્વ-પરહિતકારક** એવી સત્ય હકીકતના સ્વામી–પરમ ગીતાર્થ–ધ્યાનસ્થ સ્વર્ગત–પરમ પૂજ્ય આગમોદ્ધારક સૂરીશ્વરજી મહારાજાશ્રીના પસાયથીજ હું આ ગ્રંથરત્નનો ૭૫ ટીપ્પણીઓ અને ૧૦૧ સચોટ પ્રશ્નોત્તરી યુકત સાદ્યંત શુદ્ધ અનુવાદ કરવા શકિતમાન બનેલ હોવાથી આ પ્રભુશાસનની શાસનાંતમુડી સમાન આ ભવ્ય ગ્રંથરત્ન; તેઓશ્રીને સેવા ભાવે સમર્પતાં કિંચિત્ ઋણમુકતતાનો આનંદ અનુભવું છું. **હંસસાગર**

## વિદ્વત્ શિરોમણી—પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ-
## શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજા પ્રતિ—
## આ....ભા....ર....દ....ર્શ....ન.

**જેઓશ્રીએ**- ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રી આનંદસાગર-સૂરીશ્વરજી મહારાજાશ્રીની પાસે શિશુ વયે ચારિત્ર અંગીકાર કરીને તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં વ્યાકરણ—ન્યાય—કાવ્ય—કોશ—પ્રકરણો—આગમાદિ શાસ્ત્રો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ ષટ્દર્શન શાસ્ત્રોનું પણ વાંચન—મનન અને પરિશીલન કરવા વડે જૈનાગમ ગ્રંથોનો સૂક્ષ્મ અવબોધ પ્રાપ્ત કરેલ છે, એવા જ્ઞાનગંભીર—

**જેઓશ્રીને**—સ્વ. પૂજ્ય ગુરૂદેવશ્રીએ, પંન્યાસપદે—પાઠકપ્રવરપદે—અને છેલ્લે પોતાની પાટે આચાર્યપદે પણ સ્વહસ્તે જ સ્થાપીને ગચ્છાધિપતિ બનાવેલા હોઈને જેઓશ્રીની એકછત્રીય આજ્ઞામાં આજે શ્રીમત્ સાગર ગચ્છના લગભગ ૩૫૦ [ સાડી ત્રણસો ] સાધુ-સાધ્વીજી મહારાજો, ગ્રામાનુગ્રામ અવ્યાબાધપણે વિચરીને જ્ઞાન—ધ્યાન—વ્રત—તપ—નિયમ—સંયમાદિની સુંદર આરાધના કરવા સાથે અર્થગંભીર દેશનાઓ દ્વારા ચોગરદમ ઓચ્છવો—મહોત્સવો-ઉપધાનો—ઉદ્યાપનો-પ્રતિષ્ઠાઓ—અંજનશલાકાઓ—પ્રવ્રજ્યાઓ-યોગોદ્વહનો કરાવવા સાથે શાસનરક્ષા—તીર્થરક્ષા—જિનમંદિરો—જીર્ણોદ્ધારો તથા ઉપાશ્રયો આદિના કાર્યો કરાવવા પૂર્વક અનેક શાસનહિતવર્દ્ધક સંસ્થાઓ અને પાઠશાળાઓ વગેરે સ્થાપવા વડે શ્રીસંઘ ઉપર મહાન્ ઉપકાર કરી સ્વ—પર આત્માઓનું કલ્યાણ સાધી રહેલ છે,

**જેઓશ્રીએ**—મને આ પ્રૌઢ ગ્રંથરત્નની વાચના, ગ્રંથકારમહર્ષિના હાર્દને ખોલવા-પૂર્વક સુંદર શૈલીએ આપેલ હોવાના પ્રતાપે આ વિદ્વદ્દભોગ્ય પ્રૌઢતમ ગ્રંથરત્નનો પણ સર્વાંગ સુંદર અનુવાદ કરવા ભાગ્યશાળી બનેલ છું અને એ વિકાસના પ્રતાપે તો આ—અનુવાદને અંતે આ ગ્રંથગત ચર્ચાને અનુરૂપ એવી '**પર્વતિથિબોધક પ્રશ્નોત્તરી**' સંજ્ઞક ૧૦૧ પ્રશ્નોત્તરી પણ રજુ કરી શકેલ છું, એવા પરમોપકારી—

**તેઓશ્રીએ**—આ સમસ્ત અનુવાદ ગ્રંથની પ્રેસકોપીનું પોતાના કીમતી ટાઇમનો ભોગ આપીને બારીકાઈથી અવલોકન કરી આપવા સાથે કીમતી સુધારા પણ સૂચવીને મારા ઉપર મહાન્ ઉપકાર કરેલ છે! એવા ગુણગંભીર—

**તે પ્રશાંત**—દાંત—મહંત પરમપૂજ્ય ગીતાર્થપ્રષ્ઠ **ગચ્છાધિપતિ આચાર્ય વર્ય શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનો** અત્ર આભાર રજુ કરવા વડે કિંચિત્ ઋણમુકત થતો **બા...લ...કિં...ક...ર**—

**હં...સ...સા...ગ...ર.**

卐 ઠળીયા મંડન શ્રી ચિંતામણીજી પાર્શ્વનાથાય નમો નમઃ 卐

# પ્ર....કા....શ....કી....ય....નિ....વે....દ....ન

**આજથી ૪૦૦ ઉપરાંત વર્ષો પૂર્વે**– શ્રી વીતરાગ પરમાત્માના શાસનાલંકાર શ્રીમત્તપાગચ્છમાં થયેલા શ્રીમત્–તપાગચ્છગગનદિનમણી પરમ પૂજ્ય બહુશ્રુત **મહામહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મહારાજશ્રીએ** રચેલ **'સ્વોપજ્ઞ શ્રી તત્ત્વતરંગિણી'** નામના પ્રૌઢ અને ટંકશાળી ગ્રંથરત્નનો ૭૫ ટીપ્પણીઓ અને ૧૦૧ શાસ્ત્ર અને સુવિશુદ્ધ પરંપરાનુસારી પ્રશ્નોત્તરીથી સુવિશુદ્ધપણે સુશોભિત એવો–આ ભવ્ય અને ભગીરથ અનુવાદ ગ્રંથ **'શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાલા'**ના ૧૨ મા ગ્રંથાંક તરીકે પ્રસિદ્ધ કરી આજે શ્રી સંઘના પવિત્ર કરકમલે પધરાવતાં અમો અતીવ આનંદ અનુભવીએ છીએ.

**શ્રી મહાવીરદેવના**– શાસનની અંદર અદ્યાપિપર્યંત પૂજ્ય અનેક મહાસમર્થ શાસન સંરક્ષક જ્ઞાની મહાપુરૂષો થઈ ગયા છે, વર્ત્તે છે અને વર્ત્તશે. એ મહાપુરૂષોના પ્રતાપેજ ભગવંતનું શાસન પ્રવર્ત્યું છે, પ્રવર્તે છે અને હજુ **૧૮૫૬૧** વર્ષ સુધી ચાલવાનું જ છે. છતાં દુઃષમકાલ હોવાથી આ કાલમાં તો ભગવંતના–'મારા શાસનમાં અનેક મત મતાંતરો થશે, શાસન ચાલણીની જેમ ચળાશે.' ઈત્યાદિ વચનોને આપણે ફલિતાર્થરૂપે અનુભવીએ છીએ, અને તે સહુ કોઈ કલ્યાણકામી આત્માઓને માટે ભારે દુઃખનો વિષય છે. છતાં પ્રભુશાસન સ્વ–પરને હિતકારી હોવાથી તે દુઃખને અવગણીને પણ પ્રભુ શાસનનું યથાશક્તિ સંરક્ષણ કરવું એ સૌ કોઈ આરાધકની ફરજ થઈ પડે છે.

**તદનુસાર**–આ પૂજ્ય બહુશ્રુત મહાપુરૂષ **મહામહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી ગણિવરશ્રીએ** પોતાના સમયે વર્ત્તતા–શાસન વિઘાતક અનેક કુમત પાક્ષિકોનો શાસ્ત્રબળે એકલા હાથે પણ સજ્જડ પરાભવ કરીને પ્રભુનાં શાસનનું પ્રાણુસટોસટ રીતે આબાદ રક્ષણ કરેલું છે. પ્રખર વિદ્વત્તાને વરેલા તેઓશ્રીએ, અનેક પ્રૌઢ ગ્રંથોની પણ એવી તો સુઘડ–પ્રૌઢ અને સુંદરતમ રચના કરેલ છે કે–જેમાંની કોઈ જ એકાદ પંક્તિનેય અદ્યાપિ પર્યંત એકાદ પ્રતિપક્ષી પણ અસત્ય ઠરાવી શકેલ નથી. એ મહાપુરુષની પંકિતઓના યથાર્થભાવમાં નિજગચ્છના તત્કાલીન અને વર્ત્તમાનકાલીન કેટલાય વિદ્વાનોનો ચંચુપ્રવેશ અશકય જણાયો છે!

**ઉપરોકત હકીકતનું**– તેઓશ્રીકૃત આ 'સ્વોપજ્ઞ **શ્રી તત્ત્વતરંગિણી, નામનો ગ્રંથ** તો નાનું જ છતાં સબલ ઉદાહરણ છે. જેમકે–" તપાગચ્છની અવિચ્છિન્ન સામાચારીને પ્રમાણિક લેખાવનાર આ ભવ્ય ગ્રંથને વિક્રમની સત્તરમી સદીમાં ખરતરના પગલે શ્રી સિંહવિજયજી નામના તપાગચ્છના સાધુએજ **'સાગર બાવની'**માં–'કુમતિકુદ્દાલ' ને 'તત્ત્વતરંગિણી,' પાણીમાંહિ બોળ્યા, એમ કહેવાની કરેલી મૂર્ખામી, આ ગ્રંથમાં તેઓનો ચંચુપ્રવેશ જ નહિં થવા પામેલ હોવાનું સૂચક છે, અને (આ અનુવાદ ગ્રંથનું દત્તચિત્તે વાંચન કર્યા બાદ હરકોઈ શાસનપ્રેમી કહી શકે તેમ છે કે–) વર્તમાન નવાતિથિમતી તપાગચ્છીય વિદ્વાનોમાંના તો એક પણ વિદ્વાન્ મહાશયને આ ગ્રંથની પંકિતઓનો સત્ય અર્થ સૂઝયો જ નથી."

**આ ગ્રંથરત્નમાં**–પર્વતિથિ કોને કહેવી, માનવી અને આરાધવી ? એ બાબત સુંદર સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે. આશા છે કે–'આપણા સમાજમાં પર્વતિથિની આરાધના

બાબતમાં છેલ્લા પચ્ચીશેક વર્ષથી મૂલ માર્ગથી ભૂલા પડેલા કલ્યાણકામી મુમુક્ષુઓ, આ અભૂતપૂર્વ ગ્રંથરત્નનું જો સૂક્ષ્મદષ્ટિએ અને મધ્યસ્થપણે વાંચન–મનન અને પરિશીલન કરશે તો જરૂર પાછા મૂલમાર્ગે આવી જવા ભાગ્યશાળી બનશે.'

**શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નનો**–આ અક્ષરશઃ સુવિશુદ્ધ અને અદ્વિતીય અનુવાદ, **પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રીએ** ત્રણ વર્ષના સતત પરિશ્રમે તૈયાર કરીને શ્રી **શ્રી શાસનકંટકોદ્ધારક સંસ્થા** દ્વારા અમોને પ્રસિદ્ધ કરવા–સુપ્રત કરેલ છે, તે બદલ અત્ર અમો પૂ. ગુરૂદેવશ્રીનો પરમ આભાર વ્યક્ત કરીએ છીએ.

**આ ગ્રંથરત્નના**–સમસ્ત વિષયોને વ્યવસ્થિત ગોઠવનાર–**પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્યશ્રીના** શિષ્યરત્નો–શાંતમૂર્તિ **પૂ. મુનિરાજ શ્રી મુનીન્દ્રસાગરજી મહારાજશ્રીનો** તથા આ મૂલ સંસ્કૃત ગ્રંથરત્નની અનેક હસ્તલિખિત પ્રતો મંગાવીને મૂલ મુદ્રિતપ્રત સાથે મેળવીને તારવેલા અનેક પાઠાંતરો [ કે જે–આ ગ્રંથરત્નમાં પ્રસિદ્ધ કર્યા છે ] તારવીને અશુદ્ધિઓ દૂર કરવા પૂર્વક મૂલગ્રંથગત લખાણની સાથે યોજવાનો અને તે પાઠાંતરો સહિત તૈયાર બનાવાયેલા મૂલ સંલગ્ન સંસ્કૃત લખાણ પરથી પૂ. ગુરૂદેવશ્રીએ તૈયાર કરેલા આ અનુવાદને સાદ્યંત તપાસી જવાનો–ફેર પણ કોપીઓ કરવા પૂર્વક પ્રેસકોપી તૈયાર કરવાનો તેમજ બારીકાઈથી સમસ્ત પ્રુફો તપાસવાનો ત્રણ વર્ષ સુધી સતત પરિશ્રમ ઉઠાવનાર પૂ. જ્યોતિર્વિદ્ **વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી નરેન્દ્રસાગરજી મહારાજશ્રીનો** પણ અત્ર આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**આ ગ્રંથરત્નને**– સુવિશુદ્ધ બનાવવામાં ઉપયોગી નીવડેલ શ્રી સુરત **જૈનાનંદ પુસ્તકાલય,** શ્રી ખંભાત **વિજયનેમિસૂરિજી જ્ઞાનભંડાર** તથા સુરેન્દ્રનગર **શ્રી જૈન સંઘના** જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થયેલ શ્રી તત્ત્વતરંગિણીની હસ્તલિખિત પ્રતો બદલ તે તે પ્રતો મોકલનારા દરેક વહીવટદાર મહાશયોનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

**આ ગ્રંથરત્નને**– છપાવવાની વ્યવસ્થા કરી આપનાર તેમજ પોતાના કિંમતી ટાઇમનો કેવળ સેવાભાવે જ અને વારંવાર પણ સતત ભોગ આપવો પડેલ હોવા છતાં કદિય ખેદ નહિ ધરાવવા પૂર્વક આવા મોટા ગ્રંથના દરેકે દરેક પહેલાં અને છેલ્લાં પ્રુફો કાળજી પૂર્વક તપાસનાર તથા ફોલ્ડીંગ તેમજ બાઇન્ડીંગ–અને જેકેટ વગેરે પણ સમસ્ત કાર્ય કરાવી આપનાર અમદાવાદ નિવાસિ પરમ સેવાભાવી–ધર્મપરાયણ–સન્નિષ્ટ–તપસ્વી શ્રાદ્ધવર્ય–**શેઠ શ્રી સારાભાઈ પોપટલાલ ગજરાવાળાનો** તથા આ મહાન્ ગ્રંથ, દસેક મહિનામાં પૂર્ણલાગણીથી સુંદર રીતે છાપી આપનાર–અમદાવાદ વસંત પ્રેસના એકવચની માલીક **શ્રીયુત્ જયંતિલાલ ઘેલાભાઈ દલાલનો** પણ અત્ર આભાર માનવામાં ગૌરવ અનુભવીએ છીએ.

**અંતમાં શ્રી સકલ સંઘને**–વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે–આ ગ્રંથમાં આપણા શ્રી સંઘમાંના કોઇપણ વિદ્વાન્ મહાશયને સરલ બુદ્ધિએ કોઇપણ સ્થળે અશુદ્ધ–અયોગ્ય–અસંબદ્ધ કે ત્રુટક અર્થ જણાય તો તેઓશ્રીએ વિગતથી અમોને જાતે જ જણાવવા કૃપા કરવી. કે–જેથી બીજી આવૃત્તિમાં તેઓશ્રીનો આભાર માનવા પૂર્વક સુધારો કરી શકાય. આ ગ્રંથરત્નમાં–દૃષ્ટિદોષ કે પ્રેસદોષથી ક્યાંઈ અશુદ્ધિ રહી જવા પામી હોય તો તે વાચકોએ સુધારીને વાંચવા વિનંતિ છે.

# પૂ. શાસનકંટકોદ્ધારકશ્રીએ સુધારેલા અનેક પ્રકાશકોના—

## 卐 ગ્રંથો તથા બૂકોની યાદી. 卐

| નંબર | ગ્રંથનું નામ | કર્ત્તા વિગેરે | પ્રકાશક |
|---|---|---|---|
| ૧ | તાત્ત્વિક પ્રશ્નોત્તર ભા. ૧ લો | પૂ. આગમોદ્ધારકસૂરીશ્વરજી મ. | આગમોદ્ધારક સંસ્થા સુરત |
| ૨ | સિદ્ધચક્ર આરાધન વિધિ | સં. પં. શ્રી ચંદ્રસાગરજી મ. | ઋ. છ. ની પેઢી ઉજ્જૈન |
| ૩ | દેશના સંગ્રહ વિ. ૧ લો. | સં. પં. શ્રી હેમસાગરજી મ. | ગાંધી ર. પા. વેજલપુર |
| ૪ | જૈન–સુકૃત–સંદોહ; | સં. ઉ. શ્રી કૈલાસસાગરજી મ. | વીજાપુર જૈન જ્ઞાનમંદિર |
| ૫ | શાસ્ત્રીય પૂરાવા સંગ્રહ: ભા ૧ | સં. મુનિ ચંદનસાગરજી મ. | ગી. દુ. મણીયાર મુંબઈ |
| ૬ | પર્વતિથિ પ્રકાશ તિમિર ભાસ્કર | સં. મુનિ ત્રૈલોકય સાગરજી મ. | શા. મો. દી. ઠળીયા |
| ૭ | શાસ્ત્રીય પૂરાવા સંગ્રહ; ભા. ૨ | સં. મુનિ ચંદનસાગરજી મ. | પો. કે. ઝવેરી મુંબઈ |
| ૮ | પ્રશ્નોત્તર વાટિકા ભા. ૧ | સં. મુનિ જિતેન્દ્રવિજયજી મ. | જૈન તત્ત્વ. વિદ્યાપીઠ પૂના |
| ૯ | સ..ણુ..સ..ણુ..તો..જ..વા..બ | લે. મુનિ ક્ષેમંકરસાગરજી મ. | પા. રૂ. વખારીયા સુરત |
| ૧૦ | સૂતક વિચાર ભા. ૧, પ્રત. | સં. મુનિ ચંદનસાગરજી મ, | ચં. સા. જ્ઞાનભંડાર વેજલપુર |
| ૧૧ | પ્રારંભિક–પા..ઠય..ક્ર..મ. | સં. મુનિ જિતેન્દ્રવિજયજી મ. | જૈન તત્ત્વ. વિદ્યાપીઠ પૂના |
| ૧૨ | અસ્વાધ્યાય વિચાર ભા. ૨. પ્રત. | સં. મુનિ ચંદનસાગરજી મ. | ચં. સા. જ્ઞાનભંડાર વેજલપુર |
| ૧૩ | પ્રાથમિક–પા..ઠય..ક્ર..મ. | સં. મુનિ જિતેન્દ્રવિજયજી મ. | જૈન તત્ત્વ. વિદ્યાપીઠ પૂના |
| ૧૪ | તેર–કાઠીયાનું–સ્વરૂપ | લે. પં શ્રી સુશીલવિજયજી મ. | નૈ.લા. જ્ઞાનમંદિર બોટાદ |
| ૧૫ | પ્રવેશ – પાઠયક્રમ. વિ. ૧ લો. | સં. મુનિ જિતેન્દ્રવિજયજી મ. | જૈન તત્ત્વ વિદ્યાપીઠ પૂના |
| ૧૬ | શાશન – જય – પતાકા. | લે. વિદ્વાન ૯૩ પંડિતો. | શેઠ ઝ. રા. નવસારી |
| ૧૭ | જીવ – તત્ત્વ – વિચાર. | લે. ચીમનલાલ. દ. ગાંધી | મણિવિ.જૈન ગ્રંથમાલા.લીંચ |
| ૧૮ | સ્નાત્રપૂજા – અને – સ્તવનો. | સં. મા. છગનલાલ. દે. મહુવા | ગાંધી. ફ. ખો. ભાવનગર |
| ૧૯ | નમસ્કાર મહામંત્ર નિબંધ [રસકુંપિકા] | પરિચય ભા. ૩ જો | જૈન તત્ત્વ. વિદ્યાપીઠ પૂના |
| ૨૦ | તત્ત્વાર્થ પ્રશ્નોત્તર ભા. ૧ લો. | [લે. તથા પ્ર. શ્રી શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા] | મુંબઈ |

૨૧ પૂ. આચાર્યદેવ શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મ. નું જીવન ચરિત્ર: લે. મુનિ શ્રી મેરૂવિજયજી મ.

૨૨ પૂ. આચાર્યદેવ શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી મ. નું જીવન ચરિત્ર: લે. મુનિ જયંતવિજયજી મ.

૨૩ આરાધનામાં અમાવાસ્યાદિ એ પર્વતિથિ કરાયજ નહિં ...લે. મુનિ શ્રી વિમળસાગરજી મ.

૨૪ તપાગચ્છની આચરણા આગમ અને પરંપરાનુસારી છે. સં. પં. પ્રેમવિજયજી મ.

૨૫ દેવસૂર તપાગચ્છીય શ્રી ચતુર્વિધ સંઘને સૂચના. લે. મુનિ શ્રી વિમળસાગરજી મ.

૨૬ તિથિ ચર્ચાનું તારવણ [પાલીતાણામાં થયેલ દુઃખદ પરાજય] પા. રૂ. વખારીયા. સુરત.

૨૭ સરલાબ્હેનનું પુનિતપંથે પ્રયાણ યાને–આદર્શ પ્રવ્રજ્યા [પ્ર. કોઠારી હીરચંદ શીવલાલ. ગૃહપતિ શ્રી પાનાચંદ ઠાકરશી જૈન બોર્ડીંગ સુરેન્દ્રનગર]

૨૮ ઠળીયા–ભાવનગરના દીક્ષા મહોત્સવની ભવ્યતા [પ્ર. દોશી હઠીચંદ મેઘજી તથા– ગાંધી ફતેચંદ ખોડીદાસ] ઠળીયા.

૨૯ આદર્શ–જીવન–સૌરભ. [સ્વ. પૂ. સાધ્વીજી શ્રી રંજનશ્રીજી મ. નું જીવન ચરિત્ર] પ્ર. શા. મો. દી. ઠળીયા.

૩૦ થી ૩૨ વિદ્યા સંગીત સારિતા. આ. ૧ થી ૩. [પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. કૃત] પ્ર. શા. મો. દી. ઠળીયા.

શ્રી દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક–ગીતાર્થ સાર્વભૌમ–ધ્યાનસ્થ સ્વર્ગત
પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના–
પટ્ટપ્રભાવક ન્યાય વ્યાકરણ વિશારદ સ્વ૦ પૂ૦ આ૦ શ્રી ચંદ્રસાગરસૂરિજી મ૦ના
વિનેયરત્ન સિદ્ધહસ્તલેખક શાસનસંરક્ષક

**જન્મ :**
વિ. સં. ૧૯૫૪
કાર્તિક વદિ ૬ સોમ
**ઠળીયા**

**દીક્ષા :**
વિ. સં. ૧૯૮૭
કાર્તિક વદિ ૩
**મુંબઈ**

**વડી દીક્ષા :**
વિ. સં. ૧૯૮૭
માગ૦ શુદિ ૧
**મુંબઈ**



**'શાસનકંટકોદ્ધારક'**
બિરૂદની પ્રથમ
જાહેરાત
વિ. સં. ૨૦૦૭
મહા શુદિ ૧૩
**સૂર્યપૂર**

**'શાસનકંટકોદ્ધારક'**
બિરૂદ સમર્પણ
વિ. સં. ૨૦૦૭
મહા વદિ ૫
મોટી ટોળી જૈન સંઘ
**પાલીતાણા**

**ગણિપદ**
વિ. સં. ૨૦૧૫
મહા વદિ ૧૩ ગુરૂ
**ચાણસ્મા**

# પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસ સાગરજી મહારાજ

**જે...ઓ....શ્રી....એ**

શ્રી પિંડનિર્યુક્તિ આગમગ્રંથનો શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રનો તથા શ્રી તત્વતરંગિણીગ્રંથરત્નોનાં
સુવિશિષ્ટ — અક્ષરશઃ — અનુવાદો કર્યા છે.

દીપક પ્રિન્ટરી : અમદાવાદ

卐 ઠળીયા મંડન શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથાય નમઃ 卐

# ❋ પ્ર....સ્તા....વ....ના ❋

**પ્રભુશાસનના નાયક** શ્રી સુધર્માસ્વામીની સીધી પાટપરંપરાને ભજતા શ્રીમત્તપાગચ્છને વિષે પ્રવર્ત્તતી પર્વારાધન વિષયા સામાચારી, 'પ્રાચીન અર્વાચીન સમસ્ત ગીતાર્થપુંગવો દ્વારા પ્રભુશાસનની આદિથી પ્રચલિત હોવારૂપે તેમજ શાસ્ત્ર અને પરંપરાથી પણ સુવિશુદ્ધ હોવારૂપે પ્રભુશાસનમાં અનેકવાર સિદ્ધ થએલ છે' એમ કલ્યાણકામી વિદ્વદ્વાચકને આ ગ્રન્થના પરિશીલનથી સહેજે સમજાય તેમ છે.

આ ગ્રન્થનું વાચન અને વાચન બાદ મનન કરનાર વિદ્વદ્વરે આ ગ્રન્થમાં સહેલાઈથી પ્રવેશ થાય એ સારૂ ગ્રન્થનું વાચન કરતાં પહેલાં આ નીચે દર્શાવાતી સાત હકીકતોને ગ્રંથનું વાંચન કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાની છે.

## ગ્રંથવાચનમાં હરપળે ધ્યાનમાં રાખવાની સાત હકીકતો

(૧)–આપણામાં જૈન જ્યોતિષશાસ્ત્રો ઉપરથી પ્રથમ જૈનપંચાંગો બનાવવામાં આવતા હતા અને તે પછી તે પંચાંગોમાં આવતી $\frac{૬૧}{૬૨}$ અંશપ્રમાણ અધૂરી મૂલ તિથિઓને જૈની ૬૦ ઘડીની આરાધના માટેના દિવસ પ્રમાણની પૂરી જૈની તિથિઓ બનાવાતી હતી. કાલદોષે જૈન જ્યોતિષશાસ્ત્રનો કેટલોક ભાગ નષ્ટ થવાને લીધે વર્ષમાં 'છ' તિથિનો ક્ષય જ દર્શાવનારાં તેવાં જૈનપંચાંગો બનાવવાં અશક્ય બન્યાં!

(૨)–આ રીતે બનવા પામેલ આપણાં પંચાંગના અભાવમાં પણ આપણે મહિનામાં દિવસના ચોવીશેય કલાક આરાધવાને યોગ્ય ગણાતી બીજ–પાંચમથી માંડીને પૂનમ–અમાસ પર્યંત–આવતી ૧૨ પર્વતિથિ તો આરાધનાને માટે પ્રાપ્ત કરવી જ રહી.

(૩)–આથી તે તિથિઓ મેળવવા સારૂ (**પૂ. હર્ષભૂષણગણિ** નામના મહાપુરુષે વિક્રમસંવત્ ૧૪૮૬ માં રચેલા '**શ્રી પર્યુષણા–સ્થિતિવિચાર**' સંજ્ઞક પ્રાચીન અને પ્રામાણિક ગ્રન્થમાંના–"**अपि च विषमकालानुभावाज्जैनटिप्पनकं व्यवच्छिन्नं, ततस्तत्प्रभृति खंडित-स्फुटित तदुपर्यष्टमीचतुर्दश्यादिकरणे तानि सूत्रोक्तानि न भवन्तीत्यागमेन लोकैश्च समं परं विरोधं विचार्य सर्वपूर्वगीतार्थसूरिभिरागममूलमिदमपीति प्रतिष्ठादीक्षादिसर्वकार्यमुहूर्त्तेषु लौकिकटिप्पनकमेव प्रमाणीकृतं, 'सुनिश्चितं नः परतंत्रयुक्तिषु, स्फुरन्ति याः काश्चन सूक्तिसंपदः ॥ तवैव ताः पूर्वमहार्णवोद्धृता, जगुः प्रमाणं जिनवाक्यविप्रुषः ॥१॥' इति सिद्धसेनदिवाकर वाचानत् अतः सांप्रतगीतार्थसूरिभिरपि तदेव प्रमाणीक्रियमाणमस्ति ॥**"

એ ટંકશાળી વચનો મુજબ ) આજ પૂર્વેના પૂજ્ય સર્વગીતાર્થપુંગવોએ જૈન જ્યોતિષશાસ્ત્રથી વિરુદ્ધ પણે તિથિઓની વૃદ્ધિ પણ દર્શાવનારા લૌકિકટિપ્પણાને લૌકિક માનીને નહિ; પરંતુ આગમમૂલક માનીને પ્રમાણ કર્યું. તદનુસાર વર્તમાનમાં પણ શ્રીસંઘ, તે ટિપ્પણાને આગમમૂલક માનીને પ્રવર્ત્તે છે.

(૪)–આરાધનાને અંગે તિથિ નહિ; પરંતુ તિથિને અંગે આરાધના હોવાથી આરાધકને આરાધના માટે પ્રથમ તકે સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની ૬૦ ઘડી પ્રમાણવાળી પર્વતિથિ નક્કી કરવી રહે છે. જ્યારે લૌકિકટિપ્પણામાં તો તિથિઓ, કોઈ પૂર્વાહ્ણકાલથી તો કોઈ મધ્યાહ્નકાલથી તો કોઇ અપરાહ્ણકાલ આદિથી શરૂ થતી હોય છે; પરન્તુ સૂર્યોદયથી શરૂ થતી તો કોઈ જ તિથિઓ હોતી નથી, તેમજ દિવસની ૬૦ ઘડી પ્રમાણની આરાધના માટે જોઈતી ૬૦ ઘડીની પૂર્ણ પણ હોતી નથી.

(૫)–આથી જૈનોમાં લૌકિકટિપ્પણામાં દર્શાવેલી તિથિઓ, આરાધનાની તિથિઓ તરીકે સ્વીકાર્ય બનતી નથી; પરન્તુ આરાધનાની તિથિઓ પ્રાપ્ત કરવાના સાધનરૂપે સ્વીકાર્ય બને છે. એ સાધન તરીકેની લૌકિકતિથિઓનું સાધ્ય આરાધના માટેની ૬૦ ઘડીના પૂરા પ્રમાણવાળી જૈની તિથિઓ હોય છે. તેવી જૈની તિથિઓ, અનવસ્થિતપણે શરૂ થતી અને અપૂર્ણ એવી તે મૂળ લૌકિક તિથિઓને સૂર્યોદયથી અન્ય સૂર્યોદય સુધીની ૬૦ ઘડીની પ્રમાણપૂર્ણ લેખાવે તેવો જૈની અપવાદ લાગુ કરવામાં આવે તો જ પ્રાપ્ત થઈ શકે.

(૬)–આથી આરાધના માટે તેવી પૂર્ણ જૈની તિથિઓ પ્રાપ્ત કરવા સારૂ આપણા પૂર્વાચાર્યોએ, લૌકિકટિપ્પણાગત તિથિઓની ( પૂર્વાહ્ણકાલવ્યાપિની–મધ્યાહ્નકાલવ્યાપિની વગેરે ) અનવસ્થાને તથા અપૂર્ણતાને દૂર કરીને એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની અવસ્થા તથા ૬૦ ઘડીની પૂર્ણતા લેખાવે તેવું–'**उदयम्मि जा तिही सा पमाणं, इयरीए ( पूर्वाह्णकालव्यापिनी–अपराह्णव्यापिनी० ) कीरमाणीए ॥ आणाभंगऽणवत्था मिच्छत्त विराहणं पावे** ॥१॥' એ જૈની અપવાદસૂત્ર રચેલ છે. એ જૈની અપવાદસૂત્રથી જ્યોતિષજન્ય લૌકિક તિથિઓને પ્રભુશાસનની આદિથી સંસ્કાર અપાતો રહેલ છે અને તેમ કરીને તદ્‌ગત લૌકિકપણું દૂર કરવા પૂર્વક તે લૌકિક તિથિઓને એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની આરાધ્ય જૈની તિથિઓ બનાવવામાં આવે છે: એ પ્રકારના સંસ્કાર પછીથી જ તેને આરાધ્ય તિથિઓ માનવામાં આવે છે, અને જૈનોમાં તે જ તિથિઓની જૈની તિથિ સ્વરૂપે આરાધના કરવામાં આવે છે: લૌકિકતિથિઓ તેવા પ્રકારની નહિ હોવાથી જૈનોમાં તે આરાધવા યોગ્ય મનાતી નથી અને તેથી તેની આરાધના કરવામાં આવતી નથી. આ વસ્તુથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે–" જૈનોમાં જે ઉદયાત્ તિથિ માનવાનું કહેવાય છે તે કોઈ મૂલસૂત્રને આધારે કહેવાતું નથી; પરંતુ મૂલ નહિ એવા આ '**उदयंमि०**' અપવાદસૂત્રને આધારે જ કહેવાય છે. મૂલ તો લૌકિક ટિપ્પણાગત તિથિઓ જ છે." એ અપવાદસૂત્ર પણ ટિપ્પણાની તિથિઓમાંની જે તિથિઓ સૂર્યોદય વખતે વર્ત્તતી હોય છે તે તિથિઓને જ તેવી જૈની તિથિ બનાવવા સમર્થ

છેઃ જે તિથિઓ સૂર્યોદય વખતે વર્ત્તતી ન હોય કે બે સૂર્યોદયને પામેલી હોય તેવી પર્વતિથિઓને તો એ જૈની અપવાદસૂત્ર પણ સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની જૈનીતિથિ બનાવવા સમર્થ નથી.

(૭)–આથી [ પૂર્વોક્તરીત્યા લૌકિક ટિપ્પણામાં જૈની તિથિઓ નહિ હોવાથી જેમ તે ટિપ્પણામાં સૂર્યોદય વખતે વર્ત્તતી તિથિઓમાંથી એ–'**उदयंमि०**' વાળા અપવાદસૂત્રથી જ આપણામાં પૂર્ણ જૈની તિથિઓને પ્રાપ્ત કરવામાં આવે છે તેમ ] લૌકિક ટિપ્પણામાં સૂર્યોદય વખતે નહિ વર્ત્તતી તથા બે સૂર્યોદયને પામેલી પર્વતિથિઓને પૂર્ણ જૈની તિથિ તરીકે પ્રાપ્ત કરવા સારૂ લૌકિક ટિપ્પણામાંની તેવી ક્ષીણ–વૃદ્ધ પર્વતિથિઓને–એ '**उदयंमि०**' વાળા અપવાદસૂત્રના પણ અપવાદસૂત્ર તરીકે–પ્રાચીન પૂજ્ય જૈનાચાર્ય મહારાજે રચેલ '**क्षये पूर्वा तिथिः कार्या–वृद्धौ कार्या तथोत्तरा**' એ સૂત્ર લાગુ કરવા વડે તેમાંની ક્ષીણ તિથિને તે ક્ષીણ તિથિવાળા સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીની તથા બે સૂર્યોદયને પામેલી વૃદ્ધ તિથિને તેમાંની બીજા દિવસે પહોંચેલી તિથિવાળા બીજા સૂર્યોદયથી તે પછીના બીજા સૂર્યોદય સુધીની તિથિરૂપે જૈની તિથિઓ પ્રાપ્ત કરવામાં આવે છેઃ તેમ કરવામાં એ '**उदयंमि०**' અપવાદ, તે '**क्षये पूर्वा०**' અપવાદનો ઉત્સર્ગ પણ બને છે.

અત્ર એક વાત વધુ ખ્યાલમાં રાખવી આવશ્યક છે કે–આ બન્ને અપવાદો ટિપ્પણામાંની એકવડી પર્વતિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગને જ અનુલક્ષીને હોવાથી ટિપ્પણાની ૧૪×૧૫, ૧૪×૦)) અને ભા. શુ. ૪×૫ જેવી જોડીયા પર્વતિથિમાંની અંતિમ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે લાગુ કરવાના હોતા જ નથીઃ એકવડી પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે જ લાગુ કરવાના હોય છે. તેવા જોડીયા પર્વ પ્રસંગે તો– '**क्षये क्षये पूर्वा पूर्वा०, यावत्संभवस्तावद्विधिः**' ઈત્યાદિ સૂત્રોને અનુસરીને વર્ત્તતા શ્રી હીરપ્રશ્નના '**त्रयोदशीचतुर्दश्योः,**' સંવત ૧૬૬૫ના '**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?**' તથા શાસ્ત્રીય પૂરાવાઓમાંના '**त्रयोदश्या एव० तृतीयाया एव०**' ઈત્યાદિ પાઠો મુજબ તેરસ અને ત્રીજની જ ક્ષય–વૃદ્ધિ કરીને તે જોડીયાં પર્વો તો સંલગ્ન બે દિવસ જોડે જ રાખવાની અવિચ્છિન્ન પરંપરાને અનુસરવામાં આવે છે.

## એ હકીકતોથી રૂઢ સામાચારી આજે શાસ્ત્રોમાં પણ મોજુદ છે.

પૂર્વના આપણા પૂજ્ય આચાર્યપુંગવો આદિ સમસ્ત ગીતાર્થપુંગવોએ અવિચ્છિન્નપણે આચરેલી એ હકીકતોથી પરિપૂર્ણ શ્રીમત્તપાગચ્છીય સામાચારી પ્રતિ વિક્રમસંવત્ ૧૨૦૪ આદિથી નીકળેલા ખરતરાદિના આક્ષેપોનો પરિહાર કરવા પૂર્વક તે સામાચારીને [ભગવંત શ્રી સુધર્માસ્વામીજીની ૪૪મી પાટે વિક્રમની તેરમી શતાબ્દિની આદિમાં થએલા 'તપા' બિરૂદધારી પૂજ્ય આચાર્ય શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજીમ૦ની પાંચમી પાટે પંદરમી શતાબ્દિની આદિમાં થએલા સ્થાવર–જંગમવિષાપહારી શ્રી દેવસુંદરસૂરીશ્વરજી વિનેય જ્ઞાનસમુદ્ર પૂજ્ય જ્ઞાનસાગરસૂરીશ્વરજીમ૦ના સિદ્ધાંતાલાપકોદ્ધારક ગુરુબંધુ] પૂ. આચાર્યપ્રષ્ઠ શ્રીમાન્ કુલમંડન-

સૂરીશ્વરજી મહારાજે '**શ્રી વિચારામૃતસારસંગ્રહ**' નામના ગ્રન્થને વિષે, ૪૯મી પાટે થએલા તે પૂજ્ય આચાર્ય શ્રી દેવસુંદરસૂરીશ્વજીમ૦ની પાટે ગણના સ્વામી તરીકે નિયુક્ત થએલા પૂજ્ય શાસનધુરંધર આચાર્ય શ્રી સોમસુંદરસૂરીશ્વરજીમ૦ના સહસ્રાવધાની પ્રથમ શિષ્ય પૂ. આચાર્યપ્રવર શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે '**ગુર્વાવલી**' ને વિષે તથા તે પછીના પ્રાચીન ગીતાર્થપ્રવરોએ, '**પર્યુષણાસ્થિતિવિચાર**'–'**શાસ્ત્રીયપૂરાવા**' ગત અનેક પ્રતો અને '**શ્રી દેવસૂરપટ્ટક**' વગેરેને વિષે કષ્ટથી સંગૃહિત કરેલી અને શોધેલી મોજુદ છે. જો કે– આવી અવિચ્છિન્ન પ્રાચીન આચરણા, પોતે જ પ્રમાણિક લેખાતી હોવાથી તેને શાસ્ત્રાધારની અપેક્ષા જ રહેતી નથી; છતાં આ સામાચારી તો વિદ્યમાન શાસ્ત્રોથી પણ પ્રમાણ છે. અને તેથી આ સામાચારીને શાસ્ત્રશુદ્ધ નહિ હોવાને બ્હાને પણ ગાઢ મિથ્યાત્વી સિવાય કોઇ જ નિહ્નવી શકે તેમ નથી.

## આ ગ્રન્થના કર્ત્તાની અજોડ મહત્તા.

આમ છતાં પણ આ મૂલમુદ્રિતગ્રંથના ઉપક્રમ અનુસાર–" કાલક્રમે કરીને તેની પહેલાના તેમજ પછીના શ્રી જિનેશ્વર ભગવંતના શાસનના પ્રત્યનીકવાદીઓ, અનેક પ્રકારે કૂટ વાતો ઉપજાવી કાઢીને શ્રી જિનેશ્વરભગવંતના સત્ય ગણાતા શાસ્ત્રવચનોને પણ અસત્ય લેખાવતા થકા પોતાનાં ખોટા રૂપીયા જેવા જૂઠા અને અસંબદ્ધ વચનોને પણ આગમાદિનાં વચનો તરીકે જણાવતા હતા ! જો સત્તરમી શતાબ્દિમાં શ્રીમત્તપાગચ્છપ્રાસાદના સ્તંભ સમાન આ મહા સમર્થ શ્રીમન્મહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મહર્ષિ ન થયા હોત તો શ્રીમત્તપાગચ્છ કઈ જ દશાને પામ્યો હોત ? એ વાત વિવેકીહૃદયથી સમજવા જેવી છે. આ વાત અબુધજનોને સ્વપ્ને પણ સમજાય તેમ નથી. ×××"

## પૂ. મહોપાધ્યાયજીનાં વચનોની અવ્યાહતતા અંગે હાયવરાળ.

**શ્રીમાન્ મહોપાધ્યાય ધર્મસાગરજી મહર્ષિનાં** વચનોનું અવ્યાહતપણું હોવાથી જ= તેઓશ્રીનાં વચનો કોઈપણ ઉપાયે ખોટાં ઠરાવી શકાય તેમ નથી એમ લાગવાથી જ તેઓશ્રીને પ્રત્યુત્તર આપવાની અસમર્થતાને લીધે દ્વેષાગ્નિથી સળગતા અંતઃકરણે ઘરમાં જ ગાજીને નાચવાની કરૂણ સ્થિતિમાં મૂકાએલા કુપક્ષી ઘુવડોએ, પોતાના કબજામાંનાં તેઓશ્રીનાં વચનોને પોતાનાં સ્થાનમાં જ જળમાં નાખીને (વર્ત્તમાનવત્) પોકાર્યું કે–'તેમની ઉક્તિઓ જલશરણ કરી છે !' પરંતુ આજે પણ જોવાય છે કે–એ મહાપુરુષનાં સમસ્ત વચનો અને શાસન-પ્રદીપક કાર્યો, શ્રી શાસનસંઘમાં સૂર્યવત્ પ્રકાશમાન હોઈ પ્રતિપક્ષીઓને ચૂપ રહેવાની ફરજ પાડી રહેલ છે ! ઉદાહરણઃ–'**कुमताहिविषजांगुलीमन्त्रतिमिरतरणिः**' વગેરે.

## આ ગ્રન્થની રચના, ખરતરીય માન્યતાના નિરાસ અર્થે છે.

તેવા–પ્રભુશાસનને છિન્નભિન્ન કરનારા દરેક કુવાદીઓનાં મુખને નિરપવાદ બંધ કરવા

પૂર્વક પ્રભુકથિત વચનોને નિજ પ્રતિના તે પ્રાયઃ સાવદિક્ આક્રમણ સમયે પણ અજોડ નીડરતાથી ટકાવનારા આ તત્કાલીન વિદ્વચ્છેખર–શાસ્ત્રપ્રાણ–શાસનસ્તંભ પરમ **પૂજ્ય શ્રી ધર્મસાગરજી મહોપાધ્યાયજીએ**, તિથિવાદમાં ખરતરોને અર્ધજરતીય ન્યાય સ્વીકારતા જોઈને તેમની માન્યતાઓના નિરાસ અર્થે આકાશગંગાની જેમ નિર્દોષ સ્વરૂપ પદ્ધત્તિવાળી અને સ્વયં રચેલ વૃત્તિથી શોભતી એવી આ '**શ્રી તત્ત્વતરંગિણી**' મહાગ્રંથની અવ્યાહત વાકયરચના પૂર્વક ભવ્ય રચના કરેલી છે!

## 'પ્રવચનપરીક્ષાની મહત્તા' સંજ્ઞક પુસ્તક વાંચવું આવશ્યક છે.

**પૂજ્ય મહોપાધ્યાયજીએ આ શ્રી તત્ત્વતરંગિણી** ગ્રંથ, પોતે રચેલા **શ્રી પ્રવચન પરીક્ષા** ગ્રંથના મૂલસૂત્રો રચ્યા તે પછીથી અને તે સૂત્રોની પણ પોતે જ રચેલી દસ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ (દસ કુમતોનો સચોટ નિરાસ કરનારી) ભગીરથ અને ભવ્ય ટીકાની રચના પહેલાં રચેલ હોવાની વાત તો આ મૂલગ્રંથના પૃ. ૨૯ ઉપરની ૩૪ મી ગાથાની ટીકામાંના-'**विस्तरस्तु मत्कृतप्रतिदिवसातिथिसंविभागपौषधव्यवस्थापकस्थला-दवगंतव्यम्**' વગેરે આ ગ્રંથગત વચનોથી વિશેષ સ્ફૂટ છે. આ પૂજ્ય મહામહોપાધ્યાયજીએ, સેંકડો ગ્રંથો રચ્યા હોવાની વાત તો અતિ પ્રસિદ્ધ જ છે. આ પૂજ્ય શાસનસ્તંભ મહામહોપાધ્યાયજી મહર્ષિનો ચિત્તાકર્ષક સત્ય ઇતિહાસ વગેરે જાણવાની જિજ્ઞાસાવાળા વાચકવરોએ '**શ્રી પ્રવચનપરીક્ષા**' નામના ભગીરથ ગ્રંથના ઉપોદ્ઘાતમાં જણાવેલ '**પ્રવચનપરીક્ષાની મહત્તા**' નામનું ગૂર્જર ભાષામાં શોભતું પૂ. આગમોદ્ધારકશ્રી વિરચિત પુસ્તક વાંચવું અતિ આવશ્યક છે. કે–જેથી '**શ્રી વિજયતિલકસૂરિરાસાદિ**'માંનાં દ્વેષ અને અજ્ઞાન મૂલક કથનો વગેરે વડે આ મહાપુરુષના અદ્ભુત પ્રતાપને હીણુ ઓળખાવવાની સમાજ છેતરપીંડી કરનારા પામર આત્માઓ, સત્યના ખુલ્લા શત્રુઓ હોવા રૂપે તરત જ ભાસે તેમ છે.

## આ ગ્રન્થની સર્વોપરિતા

**આ કુમતવાદિકુંજરકેસરી**–પરમપૂજ્ય શ્રીમત્તપાગચ્છીય મહામહોપાધ્યાય શ્રીમાન્ ધર્મસાગરજી ગણિપ્રવરે આપણી શ્રીમત્તપાગચ્છીય પ્રાચીન સામાચારીને નવપલ્લવિત બનાવનારા આ ટંકશાળી ગ્રન્થરત્નની અદ્ભૂત રચના, વિક્રમ સંવત ૧૬૧૫માં કરેલી છે. આજની જેમ તેઓશ્રીના સમયે પણ લૌકિકટિપ્પણામાંથી આરાધનાને માટે તો [આ લખાણના અગ્રભાગે જણાવેલ કલમવાર સાત હકીકત મુજબ] ૬૦ ઘડી પ્રમાણવાળી જૈનીતિથિઓને જ પ્રાપ્ત કરવામાં આવતી હતી અને પછીથી જ તે તિથિઓની આરાધના કરવામાં આવતી હતી, એ વાતની આ પ્રૌઢતમ ગ્રન્થ, અતીવ સ્પષ્ટ સાબીતી આપે છે. આનું મુખ્ય કારણ એ છે કે–પૂજ્ય ગ્રંથકાર મહર્ષિએ, આ ગ્રંથમાં–"ટિપ્પણાની આઠમ×ચૌદશના ક્ષયે સાતમ અને તેરસનું નામ પણ લેવું બંધ કરીને આઠમ અને ચૌદશ જ કહેવી, એ વગેરે વર્ત્તમાન આચરણા મુજબ અતીવ સ્પષ્ટ કર્યું છે અને કહ્યું છે."

## ગ્રંથકારશ્રીના સમયે પણ ચાલુ આચરણા જ હોવાનું પ્રમાણ

આ ગ્રંથરત્નને વિષે એ પ્રકારે ખરતરાદિ સાથેના જ તિથિવાદાદિ સિવાય શ્રીમત્તપાગચ્છીય તિથિવાદાદિની તો ગંધ સરખીયે નહિ હોવાથી આ ગ્રન્થરત્નનું આમૂલચૂલ પરિશીલન કરી જનાર કોઈપણ મધ્યસ્થ વિદ્વાનને કબૂલ કરવું પડે તેમ છે કે–"આ પૂજ્ય ગ્રંથકારમહર્ષિના સમયે પણ આપણા શ્રીમત્તપાગચ્છમાં વિરાજતા તે વખતના સમસ્ત પૂ. ધુરંધરો, પર્વતિથિની આરાધના બાબતમાં તો આપણી વર્ત્તમાન પ્રાચીન આચરણા મુજબ ટિપ્પણાની તિથિઓ ઉપરથી આરાધનાને યોગ્ય ૬૦ ઘડીની આરાધ્ય જૈનીતિથિ બનાવીને જ પ્રવર્ત્તતા હતા."આ વાત '**अभिवड्ढिअ संवच्छरे जत्थ अहिअमासो०**' એ આગમવચનથી, સંવત ૧૫૮૭ના શ્રી આનંદવિમલસૂરીશ્વરજીમ૦ના પટ્ટકથી અને શ્રી વિજયહીરસૂરીશ્વરજીમ૦ના '**त्रयोदशीचतुर्दश्योः क्रियते**' પાઠ વગેરેથી પણ સાબીત છે. એટલું જ નહિ; પરંતુ આ ગ્રન્થકારમહર્ષિની હયાતિ બાદ તેર વરસે એટલે કે–સંવત ૧૬૬૫ વર્ષે ખરતરગચ્છીય શ્રી ગુણવિનયે રચેલ 'ઉત્સૂત્રખંડન' ગ્રંથમાંનું '**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?**'=એ પૂનમ–અમાસ વખતે પહેલી પૂનમ–અમાસે પાક્ષિક કરો છો, એ શું?' એ તપાગચ્છની આચરણા અંગે તપાગચ્છીયોને ખરતરે જણાવેલું આક્ષેપક વાકય પણ પૂરવાર કરી આપે છે કે–તે સમયે પણ તેવા પ્રસંગે શ્રી તપાગચ્છમાં આપણી વર્ત્તમાન બે તેરસવાળી આચરણા જ અવિચ્છિન્નપણે પ્રવર્ત્તતી હતી.

## નવો તિથિમત અને તેની આચરણા તો સંઘવંચના જ છે.

આ દરેક સ્પષ્ટીકરણ પ્રતિ બારીક લક્ષ્ય આપીને આ ગ્રન્થનું મનન કરવા પૂર્વક પરિશીલન કરવાથી સુજ્ઞ વાચકોને સ્પષ્ટતયા ખ્યાલમાં આવશે કે– "આ ભવ્યતર ગ્રંથમાં તપાગચ્છીય તિથિભેદની તો ગંધ પણ નહિ હોવા છતાં અને ટિપ્પણાગત તિથિની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે પણ આરાધનામાં તો આપણી પ્રાચીન અને અવિચ્છિન્ન આચરણા મુજબ મહિનામાં બાર પર્વતિથિને એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની જૈની તિથિ બનાવીને તે પછીથી જ તે તિથિઓને આરાધ્ય ગણવાનું સ્પષ્ટતર જણાવેલ હોવા છતાં સંવત ૧૯૯૨થી લૌકિક ટિપ્પણાની જ તિથિ માનવાનો સ્વેચ્છાએ નવો તિથિમત કાઢનાર વર્ત્તમાન તપાગચ્છીય આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી અને તેમને ગતાનુગતિએ અનુસરનારાઓએ, તે નિર્મૂલ મતને અને તે કપોલકલ્પિત મતાનુસારી પોતાની ઘર ઘર કલેશકારી આચરણાને સાચી લેખાવવામાં આધાર તરીકે મુખ્યત્વે–'આરાધનામાં તો જૈનીતિથિ જ માનવાનું સ્પષ્ટ કરી આપનારા'–આ ગ્રંથરત્નને જ અદ્યાપિપર્યંત આગલ કરે રાખેલ છે અને તેમ કરીને નિજના તે કલ્પિતમત આદિને જ તપાગચ્છીય મત અને આચરણા તરીકે લેખાવે રાખેલ છે તે, આ ગ્રંથગત પંક્તિઓના તદ્દન ખોટા અર્થો કરીને જ તેવું અઘટિત કાર્ય કરેલ છે, અને તેથી તેઓનું તે કાર્ય શ્રીમત્તપાગચ્છીય ચતુર્વિધ સંઘ સમસ્તની ખુલ્લી વંચનારૂપ જ છે."

## શ્રી જંબૂવિ૦ની તો વધારે સંઘવંચના ખ્યાલમાં આવશે !

તદુપરાંત–[ તે કલ્પિત તિથિમતને (આ પ્રસ્તાવનામાં દર્શાવેલ નં૦ ત્રણવાળી હકીકતમાં રજુ કરેલ સં૦ ૧૪૮૬ના શ્રી હર્ષભૂષણ ગણિકૃત '**શ્રી પર્યુષણાસ્થિતિ વિચાર**' ગ્રંથગત લખાણનો પણ આધાર હોવાનું લેખાવવા સારૂ ) શ્રી જંબૂસૂરિ (?) એ તો–વિ૦ સં૦ ૨૦૦૬ (?) માં બહાર પાડેલ–'**સપરિશિષ્ટ તત્ત્વતરંગિણીટીકાનુવાદ**' નામની બૂકના પેજ ૬૬ ઉપરની તે પર્યુષણાસ્થિતિવિચારમાંની ખરતરને જણાવેલી– "**जैनटिप्पनकं व्यवच्छिन्नं ततस्तत्प्रभृति खण्डित-स्फुटित-तदुपर्यष्टमीचतुर्दश्यादिकं करणे तानि सूत्रोक्तानि न भवन्ति॰**" એ છઠ્ઠી–સાતમી પંક્તિના થતા–"જૈનટિપ્પણું વ્યુચ્છિન્ન થયું તેથી ત્યારથી માંડીને જે તિથિ ક્ષય કે વૃદ્ધિ પામી હોય તેની ઉપર અષ્ટમી ચતુર્દશી વગેરે કરવામાં ( એટલે–ટિપ્પણાની સાતમે આઠમ અને તેરસે ચૌદશ આદિ કરવાને બદલે સાતમે રહેલી ક્ષીણ અષ્ટમી ઉપર આરાધનાની અષ્ટમી, અને તેરસ આદિમાં રહેલી ક્ષીણ ચૌદશાદિ ઉપર આરાધનાની ચૌદશાદિ તથા ટિપ્પણાની બે આઠમ બે ચૌદશ આદિમાંની પહેલી આઠમ ચૌદશાદિ ઉપર આરાધનાની આઠમ ચૌદશ આદિ કરવામાં ) તે તે તિથિઓ સંબંધિની દૈવસિક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ સૂત્રોક્ત બની શકતી નથી." એ સાચા અર્થને, પોતાની પ્રસ્તુત અનુવાદ બૂકના પેજ ૬૦ ઉપરના અંત્યવિભાગે–"જૈનટિપ્પણાનો વિચ્છેદ થએલો છે ત્યારથી તેમાં જે આઠમ–ચૌદશ આદિ ક્ષીણ અથવા વૃદ્ધતિથિઓ થએલ હોય ('તેની ઉપર' ને બદલે ) **તેને બદલી અન્ય કલ્પિત** આઠમ–ચૌદશ આદિનું કરવું તે નથી તો સૂત્રોકત થતું, તેમ નથી લોકોત્તર થતું." એ પ્રમાણે પોતાના ( પર્વતિથિની ક્ષય વૃદ્ધિ વખતે પણ પૂર્વતિથિને નહિ બદલવાના ) કુમત મુજબનો જૂઠો અર્થ ઉપજાવી કાઢવા વડે–શાસ્ત્રકારશ્રીને અન્યાયપ્રદ, અસંબદ્ધ, અસત્ય અને શુદ્ધ સામાચારીઘ્ન એવું કારમું પગલું ભરવામાં પણ સંકોચ નહિ રાખીને શ્રી ચતુર્વિધસંઘની બેધડક વંચના કરી છે ! ] એ ખ્યાલ પણ સ્પષ્ટ આવી જશે. **इति शम्** ॥

વિ. સં. ૨૦૧૯ ભાદરવા શુદિ ૧૦ બુધવાર.
તા. ૨૮–૮–૧૯૬૩–મોરબી જૈન ઉપાશ્રય.

મુનિ હંસસાગર ગણી



卐 णमो : णमो नाणदिवायरस्स 卐

# પરમગીતાર્થ પૂ. મહામહોપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજ-

# વિરચિત 'સ્વોપજ્ઞ' શ્રીતત્ત્વતરંગિણીગ્રંથરત્નમાંના

# સાક્ષી ગ્રંથોની યાદી.

૧-અનુયોગદ્વાર ચૂર્ણિ, ૨-અનુયોગદ્વારસૂત્ર, ૩-અનુયોગદ્વારસૂત્રવૃત્તિ, ૪-આવશ્યક બૃહદ્‌વૃત્તિ, ૫-આવશ્યકસૂત્ર, ૬-આવશ્યકસૂત્ર ચૂર્ણિ, ૭-ઉત્તરાધ્યયનસૂત્ર, ૮-ઉત્સૂત્રકંદ-કુદ્દાલ, ૯-ઉમાસ્વાતિ વાચકકૃત પ્રઘોષ, ૧૦-કલ્પસૂત્ર, ૧૧-કુમતકૌશિક સહસ્રકિરણ, ૧૨-જીવાભિગમસૂત્ર, ૧૩-તત્ત્વાર્થસૂત્રટીકા, ૧૪-તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય, ૧૫-તિલકાચાર્ય ટીકા, ૧૬-તીર્થોદ્‌ગાલિક પ્રકીર્ણક, ૧૭-દશવૈકાલિકસૂત્ર વૃત્તિ, ૧૮-દશવૈકાલિકસૂત્ર, ૧૯-નિશીથ ભાષ્ય, ૨૦-નિશીથસૂત્ર, ૨૧-નિશીથસૂત્ર-ચૂર્ણિ, ૨૨-નંદિસૂત્ર, ૨૩-નંદિસૂત્ર-ચૂર્ણિ, ૨૪-પાક્ષિકસૂત્ર ચૂર્ણિ, ૨૫-પૌષધવિધિ પ્રકરણ, ૨૬-પંચાશિકા ટીકા, ૨૭-પ્રતિષ્ઠાકલ્પ, ૨૮-પ્રમાણનય-તત્ત્વાલોકાલંકાર, ૨૯-બૃહત્કલ્પસૂત્ર-ચૂર્ણિ, ૩૦-ભગવતીજી સૂત્ર, ૩૧-મહા-નિશીથસૂત્ર, ૩૨-રત્નકોશ, ૩૩-લલિતવિસ્તરા-ટિપ્પણી, ૩૪-વિચારામૃતસંગ્રહ, ૩૫-વિજ્ઞપ્તિત્રિદશ-તરંગિણી, ૩૬-વિધિપ્રપા, ૩૭-વિશેષાવશ્યક-વૃત્તિ, ૩૮-વીરચરિત્ર, ૩૯-વ્યવહાર-ભાષ્ય, ૪૦-વ્યવહારસૂત્ર-ચૂર્ણિ, ૪૧-વ્યવહારસૂત્ર ટીકા, ૪૨-શત્રુંજય-માહાત્મ્ય, ૪૩-સમવાયાંગસૂત્ર, ૪૪-સૂત્રકૃતાંગનિર્યુક્તિ, ૪૫-સૂત્રકૃતાંગસૂત્ર, ૪૬-સ્થાનાંગસૂત્ર, ૪૭-સ્યાદ્વાદમંજરી.

## આ ટંકશાલી અનુવાદ ગ્રંથમાં અનુવાદક પૂ. શાસનકંટકોદ્ધારક શ્રી કૃત–ટીપ્પણીઓમાંના સાક્ષી ગ્રંથોની યાદી

૧–આગમોદ્ધારક કૃતિ સંદોહઃ, ૨–આચારોપદેશ, ૩–ઉત્સૂત્રખંડન, ૪–જૈનધર્મપ્રકાશ, ૫–દશાશ્રુતસ્કંધ–નિર્યુક્તિ, ૬–દેવસૂરિજી પટ્ટક, ૭–નિશીથચૂર્ણિ, ૮–પર્વતિથિ નિર્ણય, ૯–પૌષધ પરામર્શ, ૧૦–પૌષધ વિમર્શ, ૧૧–પ્રવચન પરીક્ષા, ૧૨–મહાનિશીથ સૂત્ર, ૧૩–યોગશાસ્ત્ર, ૧૪–વિચારસારપ્રકરણ, ૧૫–વ્યવહારપીઠિકાચૂર્ણિ, ૧૬–શાસ્ત્રીય પૂરાવા, ૧૭–શ્રાદ્ધવિધિ, ૧૮–સિદ્ધચક્ર, ૧૯–સૂત્રકૃતાંગસૂત્ર, ૨૦–સૂર્યપ્રજ્ઞપ્તિ, ૨૧–સેનપ્રશ્ન, ૨૨–સ્થાનાંગસૂત્ર, ૨૩–હીરપ્રશ્ન.

## આ અનુવાદ ગ્રંથને અંતે આપેલ પૂજ્ય શાસનકંટકોદ્ધારકશ્રી વિરચિત–'શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરી'માં આધારભૂત શાસ્ત્રાદિની યાદી.

૧–આચારપ્રકલ્પચૂર્ણિ, ૨–આચારદશા–ચૂર્ણિ, ૩–આચારોપદેશ, ૪–આવશ્યક–ચૂર્ણિ, ૫–ઉત્સૂત્રખંડન, ૬–ઉત્સૂત્ર–ઉદ્‌ઘાટન–કુલક, ૭–કમ્મપયડી, ૮–કલ્પકિરણાવલી, ૯–કાલલોકપ્રકાશ, ૧૦–કુમતાહિવિષ–જાંગુલીમંત્ર–તિમિર–તરણી, ૧૧–ચૈત્યવંદનભાષ્ય, ૧૨–જીતકલ્પભાષ્ય, ૧૩–જૈનતત્ત્વાદર્શ, ૧૪–જૈનધર્મ પ્રકાશ, ૧૫–જૈનપ્રવચન, ૧૬–જ્યોતિષ-કરંડક, ૧૭–જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ, ૧૮–તત્ત્વતરંગિણી, ૧૯–તિથિચર્ચાનો–ખાસ–અંક, ૨૦–તિથિચર્ચાનું–તારવણ, ૨૧–તિથિ–વિચાર [ વિ૦ સં૦ ૧૫૭૩], ૨૨–તિથિહાનિવૃદ્ધિ–વિચાર, ૨૩–તીર્થોદ્‌ગાલિકપયન્નો, ૨૪–દેવસૂર-પટ્ટક, ૨૫–દ્વાત્રિંશત્–દ્વાત્રિંશિકા, ૨૬–ધર્મરત્ન પ્રકરણ, ૨૭–ધર્મસંગ્રહ, ૨૮–નવામતનું સચોટ અને સરલ–નિરસન, ૨૯–પર્વતિથિ નિર્ણય, ૩૦–પર્વતિથિનો ઇતિહાસ, ૩૧–પ્રતાપસૂરિજીની પત્રિકા, ૩૨–પ્રવચન–સારોદ્ધાર, ૩૩–પ્રશ્નોત્તર-રત્ન ચિંતામણી, ૩૪–ભગવતીજી સૂત્ર, ૩૫–મહાનિશીથસૂત્ર, ૩૬–યોગશાસ્ત્ર, ૩૭–વિજ્ઞપ્તિ-ત્રિદશતરંગિણી, ૩૮–વિધિપ્રપા, ૩૯–વિષ્ણુપુરાણ, ૪૦–વ્યવહારસૂત્રની પીઠિકા, ૪૧–શાસન સુધાકર, ૪૨–શાસ્ત્રીય પૂરાવા, ૪૩–શ્રાદ્ધદિન કૃત્ય, ૪૪–શ્રાદ્ધવિધિ ૪૫–સયાજી વિજય, ૪૬–સાડાત્રણસો ગાથાનું સ્તવન, ૪૭–સિદ્ધચક્ર, ૪૮–સુબોધા સામાચારી, ૪૯–સૂર્ય પ્રજ્ઞપ્તિ, ૫૦–સેનપ્રશ્ન, ૫૧–સ્થાનાંગસૂત્ર, ૫૨–હીરપ્રશ્ન, ૫૩–ઉપદેશમાલ–દોઘટ્ટી ટીકા, ૫૪–કલ્પસૂત્ર, ૫૫–તપાગચ્છ શ્રમણવંશવૃક્ષ, ૫૬–તત્ત્વનિર્ણયપ્રાસાદ, ૫૭–દ્રવ્યસપ્તતિકા, ૫૮–પર્યુષણાસ્થિતિવિચાર, ૫૯–પ્રવચનપરીક્ષા, ૬૦–પ્રશમરતિપ્રકરણ, ૬૧–વ્યવહારસૂત્ર, ૬૩–શાસનસુધાકર.

ठलीयामंडन मूलनायक श्री आदिनाथाय नमो नमः

# मुद्रित श्री तत्त्वतरंगिणी ग्रन्थरत्नना पाठान्तरो.

## सं....शो....ध....कः–

पू. शासनकंटकोद्धारक शिष्यरत्न ज्योतिर्विद् पू. मुनि श्री नरेन्द्रसागरजी म.

| પૃષ્ઠ | પંક્તિ | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| १ | १ | श्रीस्याद्वादवादिने नमः | श्री स्याद्वादवादिनेऽर्हते नमः* |
| १ | ४ | तत्तरंगिणि जहासुत्तं | तत्तरंगिणिमहासुत्तं* |
| १ | ५ | तत्त्वतरंगिणी | तत्त्वतरंगिणीं× |
| १ | ८ | सा लक्ष्मीः तीर्थंकरपादसेवा तया राति | सां लक्ष्मीं तीर्थंकरपादसेवात आराति× |
| १ | ८ | एकार्थतया (च) | एकार्थतया वा* |
| २ | १० | केचित्पंचदश्यां पाक्षिकत्वेन | केचित्पंचदशीं पाक्षिकत्वेन* |
| ५ | ५ | युक्तमेव, चतुर्दशी ( अह चउद्दसी तो पक्खियं) पडिक्कमिय साहुविस्सामणं कुणइत्ति ( भवदाप्तोक्तेः ) | युक्तमेव। चतुर्दशीमन्तरेण तत्कृत्यस्य निषिद्धत्वात्। यदुक्तं पौषधविधिप्रकरणे। जइ तंमि दिणे चउद्दसी तो पक्खियं चाउम्मासियं अह न तो देवसियं संवच्छरियं पडिक्कमिय साहुविस्सामणं कुणइ त्ति ।* |
| ६ | २ | (वा) कनकरत्नज्ञानं भ्रान्तं | कनकरत्नज्ञानं वा भ्रान्तं* |
| ६ | ११ | युक्तिरिक्तत्वात् , न च | अत्र च युक्तिरिक्तत्वात् तव卐 |
| ६ | १२ | तत्स्थित्यै | तत्स्थितये* |
| ७ | ३ | यतस्तत्संबन्ध्यपि | यतस्तत्संबद्धमपि* |
| ७ | ६ | वेति गम्यं | चेति गम्यं* |
| ७ | ७ | एवं त्रुटिततिथिसंयुक्ता तिथिः | एवं त्रुटिता=तिथिसंयुक्ता तिथिः卐 |
| ८ | १ | तत्कार्यप्रसाधनाभावात्-तत्कार्य० | तत्कार्यप्रसाधनाभावात् रत्नकार्य०× |
| ९ | १ | सर्वस्यापि कारणं | सर्वस्यापि कार्यस्य कारणं× |
| ९ | २ | पूर्णिमाभावश्चतुर्दश्या | पूर्णिमा तावच्चतुर्दश्या× |
| ९ | १३ | तदाराधनं हि तावद्भवितु० | तदाराधनं हिताय भवितु०* |
| ९ | १३ | एवेत्यादिः लोकप्रसिद्धो | एवेत्यादिलोकप्रसिद्धो× |
| १० | ३ | राजलोकैरिति गम्यम् , | लोकैरिति गम्यम् ।* |
| १० | ४ | स्यादित्याद्यपि | स्यादित्यपि* |
| १० | ७ | पाक्षिककृत्यं | पाक्षिककृत्यं क× |
| १० | ८ | आज्ञायुक्तता चात्र | आज्ञा चात्र* |
| १० | १२ | इत्यन्वयव्यतिरेकहेतुगर्भितं | इत्यन्वयव्यतिरिक्ते हेतुगर्भितं卐 |
| ११ | ६ | किंतु किं पुनः | किन्तु पुनः* |
| ११ | ६ | चतुर्मास्यस्तिस्रः पौर्णमास्य | चतुर्मास्यास्तिस्रः पौर्णमास्य× |

| પૃષ્ઠ | પંક્તિ | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| १२ | ३ | एकादिन्यूनाधिक० | किंचिन्न्यूनाधिक०卐 |
| १२ | ३ | ०विंशत्युत्तरशतसाध्यारिका | ०विंशत्युत्तरशतसाधारिका* |
| १२ | १४ | 'क्षये पूर्वा तिथिर्ग्राह्या' तस्मिन्नेव | क्षये पूर्वा तिथिर्ग्राह्या। यतस्तस्मिन्नेव卐 |
| १३ | २ | अथ तद्विषये | अथैतद्विषये卐 |
| १३ | ५ | तत्संबंधिनि | तत्संबंधिनि च* |
| १३ | ११ | जेणं पुरोऽवि | जण्णं पुरा वि卐 |
| १३ | १२ | अद्यः पूर्णा तिथिर्यत्रैवंविध० | अद्य पूर्णा तिथिर्यत्रैवंविधो* |
| १४ | २ | तिथेराधिक्य ? | तिथेराधिक्यं ?* |
| १४ | १० | भास्वन्त एव | तावन्त एव* |
| १५ | ८ | विषानुषंगेणैव | विषानुषंग्येव* |
| १५ | ९ | चतुर्मासकं युक्तं, | चतुर्मासकरणं युक्तम्卐 |
| १५ | ९ | त्रयोदश्यां तद्व्यपदेशाभावेन | त्रयोदश्यां, तु तदादेशाभावेन* |
| १५ | १० | श्रोत्रपथ्यभवद्भवान् | श्रोत्रपथोऽभवद्भवान्* |
| १५ | १३ | भो विद्वद्वरै ! यत्तावदुक्तं 'क्षीणायां प्राचीना तिथिर्ग्राह्या' ननु तथैव, | भो ! विद्वद्वरैर्यत्तावदुक्तं क्षीणायां प्राचीना तिथिर्ग्राह्या तत्तु तथैव* |
| १६ | ५ | विराधकत्वापत्तेः | विराधकत्वापत्तिः卐 |
| १७ | १० | कालचूला युग० | कालचूला युगे* |
| १८ | ५ | पर्युषणा ( दि ) पर्वसंबंधिन्यः | पर्युषणादिपर्वसंबंधिन्यः卐 |
| १८ | ६ | सांवत्सरिकं पर्युषणा० | सांवत्सरिकं च पर्युषणा०× |
| १८ | ७ | पौरुष्यादिप्रमाणचिन्ता | पौरुष्यादिप्रमाणचिंता चिन्त्या।× |
| १९ | १० | बारह मास चउवीस पक्ख | बारह मासं चउवीसं पक्खं* |
| २० | ६ | युक्तमिति | युक्तमिति भ्रान्तिर्भवत्विति* |
| २० | ७ | तं सच्चं | तं सव्वं* |
| २० | ९ | दिनैरभिगृहीतं-गृहीतं | दिनैरभिगृहीतं× |
| २० | १३ | अवस्थानलक्षणाभिग्रहणे | अवस्थानलक्षणाभिग्रहग्रहणे* |
| २१ | ४ | अप्पणो | अप्पणा* |
| २१ | ९ | गिहिनातं करिंति ? | गिहिनातं करिंति आरतो न करिंति卐 |
| २१ | १३ | अनभिग्गहिते | अभिग्गहिते* |
| २२ | ११ | न च खरतरीयाणामेषां | न च खरतरीयाणामेषा* |
| २२ | १४ | विधिप्रपाग्रन्थकर्त्राप्युदा० | विधिप्रपाग्रन्थकर्त्रैवोदा०卐 |
| २३ | १ | ०विशेषणविशिष्टं | ०विशेषेण विशिष्टं卐 |
| २३ | २ | यतनः | यत्ने× |
| २३ | ३ | साषाढपौर्णमासी | साषाढपौर्णमास्याः× |
| २४ | १४ | जं वायणंतरं पुण | जं वायणंतरे पुण* |
| २५ | ५/६ | इत्यादितीर्थोद्‌गारादिषु भणितमित्यादिसंमत्या | इत्यादितीर्थोद्‌गारादिसंमत्या卐 |

| પૃષ્ઠ-પંક્તિ | | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| २६ | १ | न तु कृत्यस्येति, | न तु तत्कृत्यस्येति* |
| २६ | ५ | तत्तपः | यत्तपः× |
| २७ | ११ | प्रतिनियतदिवसशब्दस्याप्यनेनैव ग्रहणं ? एवमपि तवाकूतासिद्धेः, | प्रतिनियतदिवसशब्दस्य कोऽर्थ इति चर्च्यते। न तावच्चतुःपर्व्येव, कल्याणकतिथीनामग्रहण-प्रसंगात्। नापि कल्याणकतिथयश्चतुष्पर्वी चेत्यु-भयं, पर्युषणातिथेरग्रहणप्रसंगात्। नापि पर्युष-णादिवसशब्दस्याप्यनेनैव ग्रहणं, एवमपि तवा-कूतासिद्धेः।* |
| २८ | १ | पौषधत्रयकारित्वेन | पौषधत्रयकारित्वस्य卐 |
| २८ | ३ | अगृह्यवचनत्वात् | अग्राह्यवचनत्वात् * |
| २८ | ६ | तव का क्षतिः ? | न काचित्क्षतिः* |
| २८ | ६ | यतस्तवानिष्टमिति | यतस्तवानिष्टं इष्टं चास्माकमिति卐 |
| २८ | ११ | एवादिदिवसे | एव दिवसे× |
| २८ | १२ | न गृह्णन्ति | न ग्राह्यन्ते* |
| २८ | १४ | अधिकमप्यतस्तदर्थव्यवस्थापकं वचनं निशामय | अधिकमप्येतदर्थव्यवस्थापकं वचनं निशामय* |
| २९ | ४ | सिद्धान्तः, विस्तरस्तु | सिद्धान्तविस्तरस्तु× |
| २९ | ५ | भवत्वेवकार० | भवत्वेवमेवकार०× |
| ३० | ८ | वक्ष्यमाणलक्षणं ज्ञेयमिति | वक्ष्यमाणलक्षणं भवतीति ज्ञेयमिति* |
| ३० | ८ | आस्तामिह (पर) लोकेऽपि | आस्तामिहलोके परलोकेऽपि* |
| ३० | १० | अस्मज्ज्ञानादिहितेभ्यः | अस्मज्ज्ञानादिहीनेभ्यः× |
| ३० | १३ | कुर्वन्तीति | ब्रुवन्तीति× |
| ३१ | १ | गच्छालंबनभूताः सोऽस्माकमेष गच्छोऽपीति | गच्छालंबनभूताः स्मोऽस्माकं च एष गच्छोऽ-पि एवं卐 |
| ३२ | ३ | निशामयत | निशमयत× |
| ३२ | १३ | प्राणदेशं | घ्राणदेशं* |
| ३३ | ३ | सेऽवि पुण | से वि य णं* |
| ३३ | ७ | तद्दिवसं केसिंचि निव्वीयं | तद्दिवसं केसिंचि अभत्तट्ठो भवइ केसिंचि आयंबिलं केसिंचि निव्वीयं* |
| ३३ | १० | यद्भाद्रपदशुद्ध० | यद्भाद्रपदशुक्ल०卐 |
| ३४ | ६ | गच्छान्तरीया संस्था | गच्छान्तरीयाः सभ्याः* |
| ३४ | ७ | स्थापिते | व्यवस्थापिते× |
| ३४ | ७ | समानसामाचारी० | सम्मतसामाचारी०× |
| ३५ | २ | छिन्नः (श्रुतोदितः) | छिन्नः प्ररूपितः* |
| ३५ | ४ | सप्तमविश्रामे-राकौष्ट्रिकौ बहिस्संस्थौ | सप्तमविश्रामेऽपि-राकौष्ट्रिकौ बहिस्संघात् * |

| પૃષ્ઠ-પંક્તિ | | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| ૩૫ | ૫ | विज्ञप्तितरंगिण्यां | विज्ञप्तित्रिदशतरंगिण्यां* |
| ૩૫ | ૮ | वक्तुमप्यशक्यं | वक्तुमप्यशक्तेः× |
| ૩૫ | ૧૩ | पौषधप्रकरणादिषु | पौषधविधिप्रकरणादिषु× |
| ૩૫ | ૧૪ | विधिप्रपायां च तत्कर्त्ता | विधिप्रपायां卐 |
| ૩૬ | ૩ | पर्वतिथिव्यतिरिक्ततिथिषु | पर्वतिथिव्यतिरिक्ततिथिषु पौषधादिप्रतिषेधपरायणेन* |
| ૩૬ | ૩ | पौषधनिषेधप्रसंगभीत्या | पर्युषणापर्वपौषधनिषेधप्रसंगभीत्या× |
| ૩૬ | ૫ | एवं सामायिकपौषधादिविध्योस्त्रि० | एवं सामायिकपौषधादिविधौ त्रि०* |
| ૩૬ | ૯ | ०णादिरुक्तः, | ०णादिविधिरुक्तः* |
| ૩૬ | ૧૦ | क्वचिदनल्पप्रसिद्धदोषपोषितानि | क्वचिदनल्पप्रसिद्धदूषणदूषितानि* |
| ૩૬ | ૧૧ | तत्र प्रभावत्यादिस्त्रीकृता० | तत्र यथा प्रभावत्यादिना च कृता०卐 |
| ૩૭ | ૮ | ०ति नियमात् | ०ति न्यायात्* |
| ૩૭ | ૮ | सामान्यमपि | सामायिकमपि× |
| ૩૭ | ૧૦ | पौर्णमासीरमावास्याश्च | पौर्णमासीरमावासीश्च* |
| ૩૭ | ૧૪ | भ्रातः ! | भोः !* |
| ૩૮ | ૪ | ऽन्यथादर्शनाच्च दृष्टप्रलाप० | ऽन्यथादर्शनाच्चादृष्टप्रलाप०* |
| ૩૮ | ૬ | तवाकृतत्राणस्य | तवाकृततृणस्य* |
| ૩૮ | ૮ | सामायिकक्रियात्वे | सामायिके सामायिकक्रियात्वे* |
| ૩૮ | ૮ | तस्यास्तत्क्रियात्वे प्रसंगः | तस्यास्तत्तत्क्रियात्वे प्रसंगः* |
| ૩૮ | ૯ | तावदीर्याप्रतिक्रान्तेः | तावदीर्याप्रतिक्रान्तिः* |
| ૩૯ | ૪ | शक्तोऽस्त्येव | शक्तोत्येव× |
| ૩૯ | ૫ | नञ्द्वयविशेषण० | नञ्द्वयसविशेषण०× |
| ૩૯ | ૧૨ | जइ कस्सति ण धरेति | जइवि अ केणइ समं विवाओ नत्थि जइ कस्सरि (वि) ण धरेति× |
| ૪૦ | ૧ | जहा साहूए | जहा साहू भासाए* |
| ૪૦ | ૭ | इति चेत् | इति चेन्न* |
| ૪૦ | ૭ | छलधीधनैस्तु | स्थूलधीधनैस्तु* |
| ૪૦ | ૧૧ | मुखमुद्रा | मूर्खमुखमुद्रा× |
| ૪૦ | ૧૧ | नमस्कृतिदर्शनेन | चैत्यनमस्कृतिदर्शनेन× |
| ૪૦ | ૧૨ | भवितुमर्हतीत्यवगच्छन् | भवितुमर्हतीत्यनवगच्छन्* |
| ૪૦ | ૧૪ | ०नध्याहारेणात्यन्तव्याकुल० | ०नध्याहारेणात्यन्तं व्याकुल०* |
| ૪૧ | ૧ | साधुसाक्षिकं | साधुसाक्षिकं यावत्* |
| ૪૧ | ૩ | वचावः | वदावः* |
| ૪૧ | ૪ | सामाचारीलक्षणसमाश्रित० | सामाचारीलक्षणक्षमाश्रित०× |
| ૪૧ | ૮ | ०दिनकृत्यधर्मरत्नप्रकरणरचयितृभिः | ०दिनकृत्यं धर्मरत्नप्रकरणं च विवृण्वद्भिः* |

| પૃષ્ઠ-પંક્તિ | | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| ४१ | १० | निबंधे चा ( भेदा ) भावात् | निबंधे बाधाभावात्* |
| ४१ | १० | तदनुष्ठाताऽध्येतव्यः | तदनुष्ठाताऽध्येष्टव्यः卐 |
| ४१ | १३ | चाचार्येणावश्यक० | चाचार्येणावश्यमावश्यक०× |
| ४१ | १३ | पंचाशिकातदावश्यक० | पंचाशिकासूत्रावश्यक०× |
| ४१ | १४ | सूत्रकृदभिप्रायेण कृताया | सूत्रकृदभिप्रायेण एव कृताया* |
| ४२ | १ | सामाचार्यासीदशुभकालाच्च | सामाचार्यासीदमुककालाच्च* |
| ४२ | २ | श्रीसुधर्म्मस्वामिनोऽ | श्रीसुधर्म्मस्वामितोऽ× |
| ४२ | ४ | सामायिक ठाहं ( संदि·क्षमा-इच्छा. सामा·लेउं ) | सामायिक संदिसावओ इच्छं क्षमा० इच्छा० सामायिक ठाहं* |
| ४२ | ९ | तद्व्यवच्छेदे | तद्व्यच्छेदे× |
| ४२ | १० | सत्कथं स्यात्तर्हि ?, | संकथं स्यात्तर्हि।× |
| ४२ | १३ | प्राक्युक्तिमादाय | प्रागुक्तयुक्तिमादाय* |
| ४३ | ३ | विधिः काप्युपलभ्यते इति, | विधिः परंपरागतगणे काप्युपलभ्यते इति* |
| ४३ | ४ | सर्वेषामप्यत्यन्तानीदृशत्वात् | सर्वेषामप्यत्यन्तानिष्टत्वात्* |
| ४३ | ५ | वा तं विधिं | वामुं विधिं× |
| ४३ | ११ | किंतु ईर्यादिविधिश्चूर्ण्याद्युक्तः क्रियते ( किंत्वीर्याविषयकश्चूर्ण्याद्युक्तः ) | किंत्वीर्याविषयकश्चूर्ण्याद्युक्तः* |
| ४४ | ४ | स्वयमुदरमामर्द्य | स्वयमुदरमामृद्य* |
| ४४ | ७/८ | ०नुसारेण सामाचारी० | ०नुसारेण वृद्धवादेन च सामाचारी०* |
| ४४ | १० | केन नाम्ना? जिनदत्तादेरेव | इति। यद्वा ईर्याद्वयमपि जिनदत्ताचार्यादेवावगंतव्यं पौषधविधिप्रकरणस्य त्वलीक (कं) तन्नाम्ना जिनदत्तादेरेव* |
| ४४ | १२ | ईर्याद्वयमपि जिनदत्ताचार्यादेरेवगंतव्यं | नथी* |
| ४४ | १४ | तद्वैरिणीव | तद्वैरिणि च* |
| ४५ | ६ | ०त्वेन विवादास्पदत्वं ब्रूमः | ०त्वेन विवादास्पदत्वात्कथं निर्णय इति चेत् न। प्रवचनाविरोधे कथंचिद्भेदसद्भावेपि विवादास्पदत्वाभावात्सुखेन निर्णयात्। न हि केवलं भेदमात्रेण विवादास्पदत्वं ब्रूमः* |
| ४५ | ७ | क्वापि सामाचारी | काचित् सामाचारी* |
| ४६ | १ | उपधानरहितादिविषये | उपधानवाहनादिविषये* |
| ४६ | ३ | ०भावात्, सिज्झंति चरणरहिआ | ०भावात् प्रवचनोपघातेन बोधिनाशप्रसंगाच्च। यद्यपि क्रियां कर्त्तुमशक्तास्तथापि बोधिस्तु रक्षणीयैव। यत उक्तं दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं। सिज्झंति चरणरहिआ* |

| પૃષ્ઠ-પંક્તિ | | મુદ્રિતપાઠ | હસ્તલિખિત પાઠ |
|---|---|---|---|
| ४६ | ५ | यतस्तदीयैश्चैवो० | यतस्तदीयैरेवो०* |
| ४६ | ७ | ननु भो एवं विचारे | ननु भो एवं 卐 |
| ४७ | ३ | तं दट्ठूण विरुद्धा | तं दट्ठूण वि रुद्धा卐 |
| ४७ | ४ | सुज्झए | जुज्झए* |
| ४७ | ४ | किं तहय कीरए तेहिं ? | किंचं कह कीरए तेहिं卐 |
| ४७ | ६ | यथा सिद्धान्तविरुद्धं | यथा सिद्धांतविरुद्धं× |
| ४७ | १० | करणानि च साधकतमानि | करणानि तत्साधकतमानि× |
| ४७ | १२ | किरिआकरणओ | किरिआकरणत्तणओ卐 |
| ४७ | १३ | केचित्पुनर्यथातथादर्शनेन | केचित्पुनर्ग्रन्थान्तरादर्शनेन* |
| ४८ | ६ | ग्रन्थविरोधमाह | विरोधमाह卐 |
| ४८ | ९ | ०चूर्णमिति क्षिपन् | ०चूर्णं विनिक्षिपन्* |
| ४८ | १० | कृताष्टापदे प्रतिष्ठेति गम्यं, भरतादिश्रावकैः | कृता प्रतिष्ठेति गम्यं। न भरतादिश्रावकैः* |
| ४८ | १४ | स निहन्ति | स मथ्नाति* |
| ४९ | १ | सप्तत्यधिकचतुःशत० | सप्तसप्तत्यधिकचतुःशत०* |
| ४९ | २ | ग्रन्थसंवादकपरंपरामाह | ग्रन्थसंवादिकां परंपरामाह* |
| ४९ | १० | संभवात्, प्रतिष्ठानन्तरमेव | संभवात्। यतः प्रतिष्ठानन्तरमेव卐 |
| ४९ | १३ | स्वर्णरत्नमयीः | स्वर्णरत्नमय्यो* |
| ५० | ८ | नो मन्यते स वर्ज्यः | नो मन्यते। नांगीकुरुते स त्याज्यः* |
| ५१ | ३ | एवं तव० तिहिआराहण० | एवं तव० वाइएडिवा० तिहिआराहण० बाण०* |
| ५१ | ११ | पदानि विभक्त्यन्त० | पदानि गूढविभक्त्यन्त०卐 |
| ५१ | १४ | ये, ते के ? | येऽनेके* |

* * *

મુદ્રિત તત્ત્વતરંગિણી ગ્રંથના સંશોધનમાં નિમ્નોક્ત હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરેલ છે.

**૧–સુરેન્દ્રનગર જૈનજ્ઞાનભંડાર** ડા. નં. ૧૭, પ્રત નં. ૩૪૧, પાના ૩૦

સત્તરમી શતાબ્દિના પૂર્વાર્દ્ધમાં અતિશુદ્ધ લખાએલી આ પ્રતના પાઠાંતરોની સંજ્ઞા 卐 રાખેલ છે.

**૨–ખંભાત વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર** પ્રત નં. ૧૦૯ પાના ૨૨

સત્તરમી શતાબ્દિના ઉત્તરાર્દ્ધમાં લખાએલી અને અશુદ્ધિ બહુલતાવાળી આ પ્રતના પાઠાંતરોની સંજ્ઞા × રાખેલ છે.

૩–ઉપરની બન્ને પ્રતોના સરખા પાઠોની સંજ્ઞા * રાખવામાં આવી છે.

૪–એ ઉપરાંત સુરત જૈનાનંદ પુ૦ની પ્રતના યોગ્ય પાઠાંતરોને પણ આ અનુવાદમાં યોજેલ છે.

* * *

## આ સુવિશુદ્ધ અનુવાદ ગ્રંથદ્વારા નવામતિના ખંડન કરવામાં આવેલા પુસ્તકોની યાદી. [ કે–જે પુસ્તકોમાંના લખાણો–પંચાંગી આગમ–શાસ્ત્રો અને પ્રાચીન પરંપરાથી વિપરીત છે.]

| નામ | લેખક વગેરે | પ્રકાશક | પ્રસિદ્ધિ કાળ |
|---|---|---|---|
| ૧ પર્વતિથિ પ્રકાશ | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર. ડભોઈ | વિ. સં. ૧૯૯૩ |
| ૨ પર્વતિથિ ચર્ચા–સંગ્રહઃ | પં. શ્રી કલ્યાણવિજયજી | ક. વિ. શાસ્ત્ર સમિતિ. જાલોર | વિ. સં. ૧૯૯૩ |
| ૩ સાંવત્સરિક પર્વતિથિ વિચારણા | શ્રી જનકવિજયજી | જૈન શ્વે. મૂ. પૂ. સંઘ. ભાભેર | વિ. સં. ૧૯૯૩ |
| ૪ હીર–પ્રશ્નોત્તરાણિ. | સં૦ શ્રી વિક્રમવિજયજી | લબ્ધિસૂરિજી જ્ઞાનમંદિર. છાણી | વિ. સં. ૧૯૯૪ |
| ૫ તિથિ સાહિત્ય દર્પણ. | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૧૯૯૬ |
| ૬ નિત્યનિયમો વિ. આ. ૧ લી | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૧૯૯૭ |
| ૭ પ્રશ્નોત્તર ત્હોંતેરી | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૧૯૯૮ |
| ૮ હીરપ્રશ્નોત્તરાનુવાદ. | શ્રી ચિદાનંદવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૧૯૯૯ |
| ૯ નિત્યનિયમો વિ. આ. ૨ જી | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૦૩ |
| ૧૦ તત્ત્વતરંગિણી બાલાવબોધ | ભા. ઉ. શ્રીજંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૦૫ |
| ૧૧ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૦૬ |
| ૧૨ તપા–ખરતર ભેદ | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૦૬ |
| ૧૩ આદર્શ જીવનની ચાવીઓ | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૧૧ |
| ૧૪ સત્યનું સ્પષ્ટીકરણ | સં. આ. શ્રી અમૃતસૂરિજી | હર્ષપુષ્પામૃત ગ્રંથમાલા લાખાબાવળ | વિ. સં. ૨૦૧૩ |
| ૧૫ પ્રશ્નોત્તર શત વિંશિકા | ઉ. શ્રી જંબૂવિજયજી | મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ | વિ. સં. ૨૦૧૨ |
| ૧૬ પર્વતિથિ શાસ્ત્રદર્પણ | સં. શ્રી જિનેન્દ્રવિજયજી | હર્ષપુષ્પામૃત ગ્રંથમાલા લાખાબાવળ | વિ. સં. ૨૦૧૪ |

**આ ગ્રંથરત્નદ્વારા** થતા ઉપરોક્ત ચોપડીયોના સચોટ ખંડનની સાથે આજ સુધીમાં નવામતવાળાઓ તરફથી પ્રસિદ્ધ થયેલા–અને તે મતની પુષ્ટિમાં પ્રસિદ્ધ થયેલા–પી. એલ. વૈદ્યનું લખાણ, અર્હત્તિથિભાસ્કર, પ્રકાશનાં કિરણો, વિધિસમયદર્પણ, સત્યના ભોગે શું સમાજ શાંતિ અપનાવાય ?, જૈનજાગૃતિલેખમાળાના પાંચ મણકા વગેરે ચોપડીયો તથા જૈન પ્રવચન, વીરશાસન, મહાવીરશાસન, વિ. છાપાઓમાં આવેલા લેખો તથા નવામતમાં શરમ ધર્મે ભળેલા આ. શ્રી લબ્ધિસૂરિજી, આ. શ્રી પ્રેમસૂરિજી, આ. શ્રી અમૃતસૂરિજી વિ. તથા બહુ મોડે ભળેલા આ. શ્રી સિદ્ધિસૂરિજી, આ. શ્રી ભદ્રસૂરિજી, આ. શ્રી કનકસૂરિજી વગેરે તરફથી તથા તેમના સમુદાયોના સાધુઓ વગેરે તરફથી પ્રગટનામે કે બોગસનામે રફતે–રફતે પ્રસિદ્ધ થયેલા નિવેદનો, પત્રો, હેન્ડબીલો, લેખો, પ્રસ્તાવનાઓ વગેરે તમામ પ્રકારોના નવા તિથિમતી લખાણોનું સચોટ ખંડન આપોઆપ જ થઈ જવા પામતું હોવાથી આ ગ્રંથરત્ન, માર્ગસ્થિત સુમુક્ષુઓને મિથ્યામત રૂપી અંધકારમાં મહાન પ્રદીપની ગરજ સારે તેમ છે.

પ્ર...કા...શ...ક.

# શ્રી તત્ત્વતરંગિણી અનુવાદ ગ્રંથરત્નની સંક્ષિપ્ત

## વિ...ષ...યા...નુ...ક્ર...મ...ણિ...કા


| નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જેકેટ તથા મુખપૃષ્ઠ ઉપર ગ્રંથરત્નનું નામાભિધાન વગેરે. | ૧ |
| ૨ | ગ્રંથકાર—અનુવાદક—દ્રવ્યસહાયક—પ્રાપ્તિસ્થાન વગેરે. | ૨ |
| ૩ | પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીને સમર્પણ. | ૩–૪ |
| ૪ | પૂ. ગચ્છાધિપતિ આ૦ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. શ્રીનું આભારદર્શન. | ૫ |
| ૫ | પ્ર...કા...શ...કી...ય—નિ...વે...દ...ન. | ૬–૭ |
| ૬ | પૂ. શાસનકંટકોદ્ધારકશ્રીએ સુધારેલા અનેક પ્રકાશકોના પુસ્તકોની યાદી. | ૮ |
| ૭ | પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રીની પ્રતિકૃતિ. | ૮–૯ વચ્ચે |
| ૮ | શ્રી તત્ત્વતરંગિણી અનુવાદગ્રંથરત્નની—પ્ર...સ્તા...વ...ના. | ૯થી ૧૫ |
| ૯ | શ્રી તત્ત્વતરંગિણી મૂલગ્રંથાંતર્ગત સાક્ષીગ્રંથોની—નામાવલી. | ૧૬ |
| ૧૦ | આ અનુવાદ ગ્રંથાંતર્ગત ટીપ્પણીઓમાંના સાક્ષીગ્રંથોની—નામાવલી. | ૧૭ |
| ૧૧ | શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરીમાંના આધારભૂત સાક્ષી ગ્રંથો આદિની યાદી. | ૧૭ |
| ૧૨ | મુદ્રિત શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નના પાઠાંતરોની—યાદી. | ૧૮થી ૨૩ |
| ૧૩ | આ ગ્રંથરત્નમાં ખંડન કરવામાં આવેલા નવામતવાળાના પુસ્તકોની યાદી. | ૨૪ |
| ૧૪ | આ અનુવાદ ગ્રંથરત્નના સમસ્ત વિષયોની સંક્ષિપ્ત વિષયાનુક્રમણિકા. | ૨૫ |
| ૧૫ | શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નના અનુવાદની વિષયાનુક્રમણિકા. | ૨૬થી ૨૯ |
| ૧૬ | 'ક્ષયે પૂર્વા૦'ની પૂ. આગમોદ્ધારકશ્રીએ કરેલો ઐદંપર્યાર્થ. | ૨૯ |
| ૧૭ | આ અનુવાદ ગ્રંથાંતર્ગત ટિપ્પણીઓનાં વિષયોની અનુક્રમણિકા. | ૩૦ થી ૩૩ |
| ૧૮ | શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરીના વિષયોની અનુક્રમણિકા. | ૩૪ થી ૩૮ |
| ૧૯ | શ્રી તત્ત્વતરંગિણી અનુવાદ ગ્રંથરત્નનું—શુ...દ્ધિ...પ...ત્ર...ક. | ૩૯–૪૦ |
| ૨૦ | શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નનો અક્ષરશઃ સુવિશુદ્ધ અનુવાદ. | ૧ થી ૯૨ |
| ૨૧ | શ્રી...પ...ર્વ...તિ...થિ...બો...ધ...ક...પ્ર...શ્નો...ત્ત...રી. | ૯૩ થી ૨૭૨ |
| ૨૨ | શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરીગત પ્રશ્નોત્તર ૧૮ની પૂરવણી. | ૨૭૩ |
| ૨૩ | પુંઠા તથા જેકેટ ઉપર પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રી વિ...ર...ચિ...ત—તથા—સં...ક...લિ...ત—ગ્રંથોની...નામાવલી. | |
| ૨૪ | ગ્રંથરત્ન મેળવવાનાં વિશેષ પ્રાપ્તિસ્થાનો. | ૨૭૪ |

સા...મા...ચા...રી...મં...ડ...ના...ત્મ...ક

# શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નના અનુવાદની

## વિષયાનુક્રમણિકા


વિષય — પૃષ્ઠ

**ગાથા ૧લી** — ૧ થી ૨

મંગલાચરણ અને વિષયકથન.

**ગાથા ૨જી**–પ્રાયશ્ચિત્ત પર્વીઓ. — ૨ થી ૩

(૧) અષ્ટમી–ચતુર્દશી અને જ્ઞાનપંચમીનો ઉપવાસ, ચોમાસીનો છટ્ઠ તથા સંવત્સરીનો અટ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત.

(૨) આગમમાં પક્ખી સંબંધીના કૃત્યો ચૌદશમાં જ જોવાય છે, પૂનમમાં નહિ.

**ગાથા ૩જી**–જિનેશ્વરો અવંદને પ્રાયશ્ચિત્ત. — ૩

એ જ પર્વતિથિઓમાં દેવ-ગુરુ અવંદને પણ પ્રાયશ્ચિત્ત.

**ગાથા ૪થી**–પર્વક્ષયે ઉભય સંમતપર્વતિથિ. — ૩ થી ૧૦

(૧) પર્વક્ષયે આરાધનામાં પૂર્વતિથિને અને પર્વ-વૃદ્ધિએ આરાધનામાં પછીની તિથિને જ પર્વતિથિ તરીકે ગ્રહણ કરવી.

(૨) ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી પ્રમાણ નથી.

(૩) અષ્ટમીના ક્ષયે સાતમના દિવસે આઠમ કરો છો તેમ ચૌદશના ક્ષયે તેરસના દિવસે ચૌદશ કરો, પણ ઉલટા ન વર્ત્તો.

**ગાથા ૫મી**–આરાધ્યનું બ્હાનુંય યુક્ત નથી. — ૧૦ થી ૨૨

(૧) ચૌદશના ક્ષયે–'તેરસ આરાધ્ય નથી અને પૂનમ આરાધ્ય છે.' એ ભ્રાંતિથી પણ પૂનમે ચૌદશ કરવી યુક્ત નથી.

(૨) તેવું ઉલટું વર્ત્તન કરવામાં રહેલી અનેક આપત્તિઓ.

(૩) આઠમના ક્ષયે સાતમને ફેરવીને આઠમ માનો છો તેમ ચૌદશના ક્ષયે વર્ત્તો.

**ગાથા ૬ઠ્ઠી**–ક્ષીણતિથિ, પૂર્વની તિથિએ જ કરાય. — ૨૨ થી ૨૪

(૧) શાસ્ત્રકારે ખરતરને પાંચમી ગાથામાં આપેલ ઔષધને પચાવવા સારૂ આ ગાથા દ્વારા આપેલું રસાયણ.

(૨) ચોથી ગાથામાં દર્શાવેલ–'ચૌદશના ક્ષયે આરાધનામાં તેરસને જ ચૌદશ કહેવી' એ સિદ્ધાંતના સમર્થનરૂપે ત્રાંબાદિથી મઢેલ કે વીંટાએલ રત્નનું દૃષ્ટાંત.

**ગાથા ૭મી**–એ વાતનું વિશેષ સમર્થન. — ૨૪ થી ૨૫

(૧) ચોથી ગાથામાં દર્શાવેલ–'ચૌદશ જ કહેવી' એ સિદ્ધાંત બદલ જણાવેલ યુક્તિના સામાન્ય ન્યાયનું અનુસરણ.

(૨) ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ જ કરવાના સિદ્ધાંતના સમર્થનમાં છટ્ઠી ગાથામાં જણાવેલ અન્યસંગી રત્નનાં દૃષ્ટાંતની જેમ આ ગાથામાં જણાવેલ–'ઇચ્છિત-વસ્તુનાં સ્વરૂપને અબાધક એવી અન્યવસ્તુથી મિશ્રિત કોઇપણ વસ્તુનું જણાવનારૂં' બીજું દૃષ્ટાંત.

**ગાથા ૮મી**–શંકા અને સમાધાન. — ૨૫

(૧) "ચૌદશના ક્ષયે તેરસને જ ચૌદશ કહેવામાં આપેલ એ બે દૃષ્ટાંતો, 'ઘી'નો અર્થી દૂધ ગ્રહણ કરતો હોવાથી નિશ્ચિત કેમ ગણાય?" એ શંકાનું–'ઘી'નો અર્થી દૂધ ગ્રહણ કરવા છતાં **દ્વાર** અથવા **ઉપચાર**થી 'ઘી' જ ગ્રહણ કરે છે' એ સમાધાન.

**વિષય** **પૃષ્ઠ**

**ગાથા ૯મી**–વિશેષ સ્પષ્ટીકરણ. **૨૫ થી ૨૬**

(૧) ગાથા ૮માં જણાવેલ દ્વાર અને ઉપચારની આ ગાથાગત મોક્ષાર્થીપણારૂપ **દ્વાર**ના તથા કાષ્ઠમાં પાલો એ **ઉપચાર**ના દૃષ્ટાંતે કરવામાં આવેલ સ્પષ્ટતા.

**ગાથા ૧૦મી**–કાલનું કારણપણું સંગત નથી. **૨૬**

(૧) પૂર્વોક્ત રીત્યા–'દ્વાર અને ઉપચારથી ક્ષીણ ચૌદશ તેરસે જ થાય' એમ સિદ્ધ થયું. એટલે ક્ષીણ ચૌદશને પૂનમે જ કરવાના આગ્રહીએ 'કાલ'ની શંકા ઉઠાવી! તો તે શંકાનો પણ નિરાસ.

**ગાથા ૧૧મી**–કારણનાં લક્ષણનો અભાવ. **૨૬**

(૧) કાર્યનું કારણ પૂર્વભાવી જ હોય છે.

**ગાથા ૧૨મી**–'તેરસે જ ચૌદશ'ની ચાલુ વાત. **૨૭**

(૧) ચોથી ગાથામાં–ચૌદશના ક્ષયે તેરસે જ ચૌદશ કરવાના જણાવેલ સિદ્ધાંતનું ક્રમે–રત્ન, દ્વાર અને ઉપચારાદિથી સમર્થન કર્યા બાદ આ ગાથા દ્વારા રાજાના દૃષ્ટાંતપૂર્વક તે જ સિદ્ધાંતનું ચાલુ અધિકારમાં યોજન.

**ગાથા ૧૩મી**–તે દૃષ્ટાંતની બીજી રીતે ઘટના. **૨૮**

(૧) રાજા હોય ત્યાં જ રાજપર્ષદા, તેમ તેરસે બનતી ચૌદશે જ ચૌદશનું કૃત્ય.

**ગાથા ૧૪મી**–આચરણામાં પક્ખી, પૂનમે કદી ન્હોતી. **૨૯**

**ગાથા ૧૫×૧૬**–ચૌદશના તપાદિ અને પૂનમની ચોમાસી **૨૯ થી ૩૧**

(૧) પક્ખીનું કૃત્ય, ચૌદશે જ કરવાનું સમર્થન.

(૨) આ વાતથી એ પણ નક્કી થાય છે કે–ચૌદશના ક્ષયે પાક્ષિકકૃત્ય જેમ અપાક્ષિક એવી પંચાંગની તેરસે થાય છે તેમ પૂનમ અને પાંચમના ક્ષયે પણ અપાક્ષિક અને બીનસંવત્સરી એવા તેરસ અને ત્રીજના દિવસે ('ક્ષયે ક્ષયે પૂર્વા પૂર્વા' વાળા તંત્રન્યાયથી ચૌદશ અને ચોથ કરીને) થાય છે.

**ક્ષીણતિથિની વ્યવસ્થા જણાવી, હવે વૃદ્ધિ બાબત વ્યવસ્થા જણાવે છે.**

**ગાથા ૧૭ મી**–વૃદ્ધિમાં ઉત્તરતિથિ જ પ્રમાણ. **૩૧ થી ૩૪**

(૧) વૃદ્ધિ વખતે સંપૂર્ણને બ્હાને પહેલી તિથિ ન જ લેવાય.

**ગાથા ૧૮મી**–લોકમાં પણ સમાપ્તિદિન જ પ્રમાણ મનાય છે. **૩૫ થી ૩૬**

(૧) વૃદ્ધિ વખતે વધારે અવયવને બ્હાને પૂર્વતિથિને માનનારથી તો પર્વતિથિના ક્ષય પ્રસંગે પણ પૂર્વતિથિના તે દિવસે ક્ષીણતિથિનો જ અવયવ વધારે હોવાથી તે ક્ષીણતિથિને ક્ષીણ જ માની નહિ શકાય.

**ગાથા ૧૯મી**–વૃદ્ધિમાં પહેલી તિથિને પૂર્ણ કહેવી તે અસત્ય વચન છે. **૩૭ થી ૩૮**

(૧) 'અલ્પની વિવક્ષા ન કરાય' એ ન્યાયનું બલાબલની અપેક્ષાએ જ થતું પ્રવર્ત્તન.

**ગાથા ૨૦×૨૧**–ચોમાસીની પક્ખીના ક્ષયે પણ પૂનમે ન જવાય. **૩૮ થી ૪૧**

(૧) ચોમાસીની પક્ખીના ક્ષયે પણ ચોથી ગાથાના અધિકારમાં જણાવ્યા મુજબ તેરસે જ ચૌદશ કરવાનું અને આગમને બ્હાને પણ પૂનમે તો નહિ જ કરવાનું વિધાન.

(૨) પ્હેલાં ચોથી ગાથામાં–'ચૌદશના ક્ષયે તેરસનું નામ જ નહિ લેવાનું અને તે તેરસને ચૌદશ જ કહેવાનું' નક્કી કર્યું હોવા છતાં ચૌદશના ક્ષયે તેરસને તેરસ જ કહે છે તેને આશ્ચર્યમાં ગણવું.

**ગાથા ૨૨મી**–માસવૃદ્ધિ વખતે પહેલો માસ નપુંસક. **૪૨ થી ૪૪**

(૧) અધિકમાસ, કાલની શિખારૂપ હોવાથી ચૂલાની જેમ ચોમાસી–સંવત્સરી આદિનું પ્રમાણ વિચારવામાં જુદો નહિ ગણાતો હોવાનું સ્પષ્ટીકરણ.

**ગાથા ૨૩મી**–અધિકમાસ, લૌકિકપર્વોમાં પણ અપ્રમાણ. **૪૪**

(૧) દીવાળી આદિથી દીવાળી આદિ સુધીના

**વિષય** **પૃષ્ઠ**

પ્રમાણવિચારમાં લૌકિકમાં પણ અધિકમાસની અપ્રમાણતા.

**ગાથા ૨૪×૨૫**–વૃદ્ધમાસ અપ્રમાણ બદલ લોકોત્તર વર્ત્તન. ૪૪

(૧) અટ્ઠાઈઓ, કલ્યાણકો, ત્રણેય ચોમાસી, પોરિસી આદિના પ્રમાણમાં તથા નવકલ્પી વિહારના નવ ભાગો વગેરેમાં અધિકમાસની નિષ્ફલતા.

**ગાથા ૨૬મી**–'गिहिणायं चेव मोत्तूणं' અપવાદનું સ્થલ. ૪૬ થી ૪૭

**ગાથા ૨૭મી**–તે પ્રમાણે નહિ વર્ત્તનારને અનિષ્ટ પ્રસંગ ૪૭

**ગાથા ૨૮-૨૯**–શ્રાવણમાં પર્યુષણાના ભ્રમનો નિરાસ. ૪૭ થી ૫૨

(૧) આગમમાંનું અભિવર્દ્ધિતવર્ષે વીસ દિવસે પર્યુષણાનું કથન, સ્વાભિગૃહીત અને ગૃહિજ્ઞાત = અવસ્થાનરૂપ પર્યુષણા અંગેનું જ હોવાની સ્પષ્ટતા.

(૨) અટ્ઠમાદિ તપ–ચૈત્યવંદન–ગુરુવંદન વગેરે ક્રિયાવાળી પર્યુષણા શ્રાવણમાસે કરનારને શ્રી કલ્પસૂત્રાદિના પાઠો લોપવાનો પ્રસંગ.

(૩) વિધિપ્રપાનાં સર્વવચનોને અપ્રમાણ માનવાનું કારણ.

(૪) ખરતરો પણ વિધિપ્રપાનો– 'जया य पक्खियाइ पव्वतिही पडइ०' પાઠ સ્વીકારતા નથી.

**ગાથા ૩૦મી**–કલ્પસૂત્રીય અપવાદ જોડે પંચક ક્રમની અસંગતતા ૫૨

**ગાથા ૩૧મી**–ચોથ-ચૌદશની સંવત્સરી–ચોમાસી, તે જિનાજ્ઞા. ૫૩

**ગાથા ૩૨મી**–આચરણા જિનાજ્ઞા જ ગણાય. ૫૩ થી ૫૬

(૧) આ ગાથાને તેની ટીકાસહિત શ્રીજંબૂવિ૦એ પોતાના પ્હેલા અનુવાદમાં અપ્રમાણ ગણાવીને બીજા અનુવાદમાં પ્રમાણ માની!

**વિષય** **પૃષ્ઠ**

(૨) પ્રભુની આજ્ઞા અને કરણી બન્નેયની ઉપાદેયતા.

(૩) વાદીએ અહિં પ્રમાણ તરીકે પ્રભુની કરણીને આગલ કરી એટલે જ 'આજ્ઞાનું જ પ્રમાણપણું છે' એમ કહેવું.

(તાત્પર્ય એ છે કે–પ્રમાણ આપવામાં વિધેય તરીકે–પ્રભુની આજ્ઞાને આગલ ધરાય; પરંતુ પ્રભુનાં કૃત્યને આગળ ન ધરાય.)

**ગાથા ૩૩મી**–તિથિવિચારનો ઉપસંહાર. ૫૬

(૧) ઉક્ત તિથિઓનો તપ, પ્રભુએ નિયમરૂપે અવશ્ય જણાવેલ હોવાનું અને શેષતિથિઓમાં ભજના હોવાનું સ્પષ્ટીકરણ.

**ગાથા ૩૪મી**–શેષતિથિઓમાં તપની ભજનાનું સ્પષ્ટીકરણ. ૫૭ થી ૬૩

(૧) અપર્વે પણ પૌષધનું પ્રતિપાદન. સુબાહુકુમારનું દૃષ્ટાન્ત.

**ગાથા ૩૫મી**–વિધિવાદથી પણ અપર્વે પૌષધનું પ્રતિપાદન, ૬૩

**ગાથા ૩૬મી**–અપર્વે પૌષધનો નિષેધ દુરાગ્રહરૂપ છે. ૬૪

**ગાથા ૩૭મી**–તેવા દુરાગ્રહીઓનું સ્વરૂપ. ૬૪

**ગાથા ૩૮મી**–તેવાઓના તે અભિપ્રાયની નિંદ્યતા. ૬૪

**ગાથા ૩૯મી**–તેવા તે દુરાગ્રહીઓના આશયનો અન્ય પ્રકાર. ૬૪

**ગાથા ૪૦મી**–તેવાઓનો એવો આશય શા કારણથી હોય છે? ૬૪

**ગાથા ૪૧મી**–તે આશયવાળા ભોળાઓને લાગતો દોષ. ૬૪

**ગાથા ૪૨મી**–તેવાઓ પોતાને દક્ષ મનાવવા શું કરે છે? ૬૪

**ગાથા ૪૩મી**–તેવા તે આશયવાળા જનોનો બીજી રીતે અભિપ્રાય. ૬૪

**ગાથા ૪૪મી**–તેવા આશયવાળા જનોની માન્યતા. ૬૪

**ગાથા ૪૫મી**–બધી સામાચારી અપ્રમાણિક ન મનાય. ૬૬

## ગ્રન્થના આધારભૂત ક્ષયે પૂર્વા૦ વાકયનો–
## પૂ૦ આગમોદ્ધારકશ્રી કૃત ઐદંપર્યાર્થ

"આ પ્રઘોષ તિથિશ્ચ૦ પ્રકરણમાં હોવાથી તિથિનો વિધાયક અને નિયામક છે. અને તેથી ટીપ્પણામાં જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે પ્રઘોષથી તે પર્વતિથિપણે પહેલાંની તિથિ કરવી એમ કહીને અપ્રાપ્ત પર્વતિથિનું વિધાન કરવા વડે એ પાઠ વિધાયક થાય છે.

અને તેવી જ રીતે ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે ટીપ્પણાની અપેક્ષાએ બન્ને દિવસ તિથિપણું આવવાથી પ્રઘોષના બીજા પાદ રૂપ બીજો પાઠ, નિયમ કરીને જણાવે છે કે–પર્વતિથિપણે ઉત્તરની તિથિ જ કરવી કે-લેવી, અર્થાત્ ટીપ્પણાની અપેક્ષાએ ઉભયમાં જ રહેતું અષ્ટમી આદિ પર્વતિથિપણું હતું, તેને **વૃદ્ધૌ કાર્યા તથોત્તરા**ના વાકયથી જ નિયમિત કરીને એ પ્રઘોષથી પહેલી તિથિમાંથી અષ્ટમી આદિપણું કાઢી નાખ્યું અને ટીપ્પણાની બીજી તિથિમાં જ પર્વતિથિપણું રાખ્યું.

એકાકી પર્વની હાનિ-વૃદ્ધિ પ્રસંગે જેમ આ વિધાયક અને નિયામક વાકયો પ્રવર્ત્તે છે, તેવી જ રીતે પર્વાનન્તર પર્વની તિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગે તે વાકયનું નિમિત્ત '**યસ્ય તુ વિધેર્નિમિત્તમસ્તિ**' એ નિયમથી પર્વતિથિની ન્યૂનાધિકતા ટાળવા માટે અને નિરંતરતા રાખવા માટે ફરી પણ તે વાકયોની પ્રવૃત્તિઓ કરવી પડે છે. અને તેથી જ શ્રી દેવસૂર તપાગચ્છમાં સદીઓથી ચાલતો આવેલો 'ટીપ્પણાની પર્વ કે પર્વાનન્તર તિથિના હાનિ-વૃદ્ધિના પ્રસંગે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની હાનિ-વૃદ્ધિ કરવાનો' રીવાજ શાસ્ત્રને અનુસરતો અને ઘણો જ વાજબી છે."
[ સિદ્ધચક્ર. વર્ષ ૦ અંક ૩ પૃષ્ઠ ૫૧ ]


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગાથા **૪૬મી**–સામાચારીના લક્ષણની વિશેષ સ્પષ્ટતા. | ૬૭ થી ૬૯ |
| ગાથા **૪૭મી**–અપ્રમાણ સામાચારી. | ૬૯ થી ૮૫ |
| (૧) ખરતરીય તરુણપ્રભે કલંકિત કરેલી સૂયગડાંગસૂત્રની ટીકા. | |
| (૨) ઇરિઆવહિપૂર્વક સામાયિક આદિ કૃત્યોની સિદ્ધિ. | |
| (૩) 'પચ્છા ઇરિઆવહિઆએ૦' પાઠનો સ્પષ્ટ અર્થ. | |
| ગાથા **૪૮મી**–હવે સામાચારી અશુદ્ધતાના ચિહ્નો. | ૮૫ થી ૮૯ |
| ગાથા **૪૯મી**–શાસ્ત્રમાં કહેલ હોવા છતાં 'કહ્યું જ નથી' એમ બોલવું. | |
| ગાથા **૫૦મી**–પર્વતિથિએ જ પૌષધાદિનો ઉપદેશ શા માટે? | ૮૫ |
| ગાથા **૫૧મી**–પ્રવચનનો અંશ પકડી વિપરીત કેમ પ્રરૂપે છે? | ૮૬ |
| ગાથા **૫૨ થી ૫૪**–સાધુને પ્રતિષ્ઠા કરવાની આજ્ઞા. | ૮૬ |
| ગાથા **૫૫મી**–સ્થાપનાચાર્યાદિની પ્રતિષ્ઠા તેઓ કેમ કરાવે છે? | ૮૬ |
| ગાથા **૫૬મી**–એથી શ્રાદ્ધો, આચાર્યો પાસે પ્રતિષ્ઠા કરાવે છે. | ૮૬ |
| ગાથા **૫૭મી**–આ ગ્રંથમાંના દોષો, સુજ્ઞપુરુષો જરૂર શોધે. | ૮૯ |
| ગાથા **૫૮મી**–આ ગ્રન્થરચનાને શુદ્ધ જાણે અને ન માને તથા જે માને તેની યોગ્યતાનું વર્ણન. | ૮૯ |
| ગાથા **૫૯ થી ૬૨**–ગ્રંથના ઉપસંહારરૂપ ચૂલિકા. | ૯૦ |
| (૧) ગ્રંથકર્તાની પ્રશસ્તિ. | |
| (૨) ગ્રંથ અનુવાદકની પ્રશસ્તિ. | |

# શ્રી તત્ત્વતરંગિણી અનુવાદ ગ્રંથાન્તર્ગત ટિપ્પણીઓની-

## વિષયાનુક્રમણિકા


| ટિપ્પણી નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | 'क्षये पूर्वा०' નો મૌલિક અર્થ. | ૪ |
| ૧ | क्षये पूर्वा० એ વિધિવાક્ય, 'उदयंमि०'નું અપવાદ વાક્ય છે. | ૪ |
| ૨ | 'वृद्धौ कार्या तथोत्तरा' એ નિયામકવાક્ય છે. | ૪ |
| ૩ | અષ્ટમીના ક્ષયે ખરતર પણ સાતમે આઠમ કરે છે. | ૪ |
| ૪ | ભોગની વાત, ખરતરને માત્ર આપત્તિ પૂરતી જ છે. | ૪ |
| | ક્ષીણપર્વતિથિનો ભોગ, પૂર્વના અપર્વને પર્વ બનાવી શકતો નથી. | ૪ |
| ૫ | પર્વક્ષયે એક દિવસે બે તિથિનું આરાધન અપ્રમાણ છે. | ૫ |
| ૬ | પર્વક્ષયે આરાધનામાં પૂર્વતિથિના ક્ષયનો વ્યવહાર. | ૫ |
| ૭ | 'अवरविद्ध अवरा वि०' નો વાસ્તવિક અર્થ. | ૫ |
| ૮ | પ્રાચીન 'अह जइ कहवि०' ગાથાનો વાસ્તવિક પરમાર્થ. | ૫ |
| | अह जइ० ગાથાની ટીકાની અસારતા. | ૬ |
| ૯ | 'अवरावि०' પદનો નવા વર્ગે કરેલો ભ્રામક અર્થ. | ૮ |
| ૧૦ | 'ચતુષ્પર્વી'ની નવા વર્ગે કરેલી વિપરીત વ્યાખ્યા. | ૮ |
| ૧૧ | ગૌણમુખ્યભેદે પણ ક્ષીણપર્વની જ મુખ્યતા. | ૯ |
| ૧૨ | પર્વક્ષયે પૂર્વની અપર્વતિથિનું તો નામ જ ન લેવાય. | ૯ |
| ૧૩ | ખરતરો પણ આઠમના ક્ષયે સાતમે આઠમ માને છે. | ૧૦ |
| ૧૪ | અહિં સાતમે 'અષ્ટમીનું કૃત્ય' નહિ પણ 'અષ્ટમી' કહી છે. | ૧૦ |
| ૧૫ | ત્રણ પૂનમ માનવાની વાત ચરિતાનુવાદ રૂપ છે. | ૧૦ |
| | સર્વ પૂર્ણિમાની આરાધ્યતા. | ૧૧ |
| ૧૬ | 'નોમમાં આઠમનું કૃત્ય' નહિ; પરંતુ 'આઠમ' કહી છે. | ૧૧ |
| ૧૭ | ક્ષીણ અષ્ટમીને ચતુષ્પર્વીમાંની આઠમ કહી છે. | ૧૨ |
| ૧૮ | ક્ષીણ ચૌદશને ચતુષ્પર્વીમાંની ચૌદશ કહી છે. | ૧૨ |
| ૧૯ | ચૌદશના ક્ષયે 'પૂનમે ચૌદશ' નહિ કહેતાં 'પૂનમ' જ કહેલ છે. | ૧૨ |
| ૨૦ | ભા. શુ. ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય ફલિત થાય છે. | ૧૩ |
| ૨૧ | નવા વર્ગે ખરતરીય માન્યતાને તપાગચ્છીય લેખાવી છે. | ૧૩ |
| ૨૨ | પૂનમ-અમાસ અને ભા. શુ. ૫ ના ક્ષયે તેનું કૃત્ય પૂર્વની તિથિમાં સમાતું હોવાની નવા-વર્ગની વાત કલ્પિત છે. | ૧૩ |
| ૨૩ | ચૌદશના ક્ષયે પૂનમે પકખી કરનાર વર્ગ પણ પૂનમે ચૌદશ અને પૂનમનાં બે પ્રતિક્રમણ થતા હોવાનું કહેતો નથી. | ૧૪ |
| ૨૪ | ચૌદશના ક્ષયે ચૌદશ-પૂનમને જોડે આરાધવાની છે. | ૧૪ |
| ૨૫ | પર્વક્ષયે ગ્રંથકારના સમયે પણ પૂર્વનો ક્ષય કરાતો હતો. | ૧૪ |
| ૨૬ | પૂનમના ક્ષયે ૧૪/૧૫ કહેવામાં એકપર્વનો લોપ. | ૧૫ |
| ૨૭ | પૂર્ણિમાના ક્ષયે ગ્રંથકારના સમયે પણ તેરશનો ક્ષય થતો હતો. | ૧૫ |

| ટિપ્પણી નં. | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૨૮ | 'तत्र द्वयोरपि विद्यमानत्वेन०' પાઠ, પૂર્ણિમાક્ષયે ચૌદશે ચૌદશ અને પૂનમ બંનેનું આરાધન થવાનું કહેતો જ નથી. | ૧૬ |
| | 'तस्या अपि आराधनं जातमेव 'નો વાસ્તવિક અર્થ. | ૧૬ |
| ૨૯ | શાસ્ત્રે જણાવેલ પૂનમના ભોગને ઉદય લેખાવનારૂં નવા વર્ગનું કૂટ. | ૧૭ |
| ૩૦ | પૂનમના ક્ષયે તેનું આરાધન ચૌદશે થઈ જવાનું કહેવું એ મૃષા છે. | ૧૭ |
| ૩૧ | ચૌદશના ક્ષયે તેરસે તેરસ–ચૌદશની જણાવેલી સમાપ્તિ, કેવલ ચૌદશને જ સાધવા માટે છે. | ૧૮ |
| ૩૨ | ક્ષીણતિથિ જે દિવસે સમાપ્ત થાય તે દિવસે તેની 'આરાધના' નહિ પણ તે 'તિથિ કરવાનું કથન. | ૧૮ |
| ૩૩ | એ પ્રશ્ન, ક્ષીણકલ્યાણકપર્વને પૂર્વની કલ્યાણક તિથિમાં સમાવવા રૂપે નથી, ઉદયાત્ બનાવવા રૂપે છે. | ૧૮ |
| ૩૪ | કલ્યાણકપર્વ, એ કાર્યપર્વ હોવાથી કાલપર્વીની જેમ એક દિવસે એક જ નહિ, ઘણાં પણ આરાધાય છે. | ૧૯ |
| ૩૫ | પૂનમે ચૌદશ કરનારને અને ચૌદશે પૂનમ કરનારને એક પર્વનો લોપ થાય છે તેમ એક દિવસે બે આદિ આવેલ કલ્યાણકપર્વમાંના પાછલા પર્વક્ષયે બનતું નથી. | ૧૯ |
| ૩૬ | (૧) જોડીયા પર્વમાંની આગલી તિથિના ક્ષયે પાછલી તિથિમાં બન્ને તિથિનું આરાધન થઈ જવાની કલ્પિત વાત. | ૨૦ |
| | (૨) બારપર્વીના ક્ષયની વાતમાં કલ્યાણકપર્વનાક્ષયની વાતને જોડાય નહિ. | ૨૦ |
| | (૩) કલ્યાણકપર્વી પૌષધથી આરાધવાની હોતી નથી. | ૨૦ |
| | (૪) કલ્યાણકો એક દિવસે ઘણાયે હોય. જ્યારે બારપર્વીમાંની પર્વી એક દિવસે બે પણ હોતી નથી. | ૨૦ |
| | (૫) એક દિવસે રહેલા ઘણા પણ કલ્યાણકોના તપનું પચ્ચક્ખાણ એક દિવસે લઈ શકાય છે; પરંતુ બારપર્વીમાંની એક પર્વીના દિવસે બે પૌષધાદિ લેવાતા નથી. | ૨૦ |
| | (૬) આ ચર્ચા મુખ્યત્વે પૂર્ણિમાના પૌષધ અંગે જ છે. | ૨૦ |
| | (૭) પૂનમના ક્ષયે ચૌદશે કેમેય પૂનમ થતી નહિ હોવાથી આધુનિકે ચતુષ્પર્વીમાં ગણાતી પૂનમને જ ઉડાડી દેવાનો કરેલો નિંદ્ય પ્રયાસ! | ૨૦ |
| ૩૭/૩૮ | આધુનિકે–નિજની માન્યતાને શાસ્ત્રીય લેખાવવા સારૂ તપાગચ્છને નામે ચઢાવી દીધેલી ખરતરીય છટ્ઠના અભિગ્રહની વાત. | ૨૦ |
| ૩૯ | 'अपरदिनमादायैव०' પાઠને મૌલિક કહેનારી આધુનિકની અશુભવૃત્તિ. | ૨૨ |
| ૪૦ | ચૌદશના ક્ષયે ત્રાંબા જેવી તેરસનો રત્ન જેવા ચૌદશ સાથે વ્યવહાર ન કરાય. | ૨૩ |
| ૪૧ | ક્ષીણચૌદશનો પૌષધ, તેરસના સૂર્યોદય પહેલાં લેવાનો વિધિ હોવાથી તે તેરસ આરાધનામાં તેરસ કહેવાય જ નહિ. પૌષધ ચૌદશનો જ કહેવાય. | ૨૩ |
| ૪૨ | મુક્તાબાઈ૦નો બાલાવબોધ, અપૂર્ણ અને સમજ–અસમજમિશ્ર છે. | ૨૩ |
| ૪૩ | ચૌદશના ક્ષયે આરાધનામાં ૧૩/૧૪ નહિ; પરંતુ ચૌદશ જ ગ્રહણ કરેલ છે. | ૨૫ |
| ૪૪ | પૂનમ, ચૌદશનું કારણ નહિ હોવાથી પૂનમે ચૌદશનું કાર્ય થઈ શકે નહિ. | ૨૬ |
| ૪૫ | ચૌદશના ક્ષયે આરાધનામાં ૧૩ કહેવી એ મૃષાભાષણ છે. | ૨૭ |
| ૪૬ | આધુનિકે, મુદ્રિતપાઠને અશુદ્ધ કહીને પાછો શુદ્ધ જણાવ્યો! | ૨૮ |
| ૪૭ | પૂનમીઆએ પૂનમે પાક્ષિક મનાવવા આગમમાં પણ ખોટું લખ્યું! | ૨૮ |
| ૪૮ | ચૌદશના ક્ષયે ખરતરો પણ 'પૂનમમાં ચૌદશ કરી' એમ કહેતા નથી. | ૨૮ |

| ટિપ્પણી નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૯ | નવા વર્ગે મુદ્રિત ઉપયોગી પાઠને નિરુપયોગી લેખાવ્યા બાદ અન્તે ઉપયોગી લેખાવ્યો ! | ૩૦ |
| ૫૦ | (૧) શ્રીજંબૂવિ૦નું બે તિથિઓની ૧૨૦ ઘડી ગણાવનારૂં ડહાપણ ! | ૩૧ |
| | (૨) બાલાવબોધકારની હેતુ અને સાધ્યની અવિવક્ષાને આધુનિકે સિદ્ધાંત લેખાવીને તે એક તિથિના ક્ષય પ્રસંગની વાતને જોડીયાપર્વની વાતમાં જોડી દેવાની કરેલ કળા ! | ૩૨ |
| ૫૧ | એકવડી પર્વતિથિની ક્ષય–વૃદ્ધિપ્રસંગે ખરતરને માત્ર આપત્તિરૂપે જણાવેલી સમાપ્તિસૂચક ઉદયની વાતને આધુનિકે જોડીયા પર્વમાંની અંતિમ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિવાળા પ્રસંગમાં જોડી દેવાની કરેલી ચેષ્ટા. | ૩૨ |
| ૫૨ | સમાપ્તિવાળી તિથિ માનવાનો ક્ષય–વૃદ્ધિપ્રસંગનો નિયમ, બધી જ તિથિને જોડવો તે ઇરાદાપૂર્વકનું અસત્ય છે. | ૩૩ |
| ૫૩ | બારપર્વીમાંની પણ એકવડી જ પર્વતિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગના તે સમાપ્તિના નિયમને આધુનિકે જોડીયાપર્વમાંની આગલી તિથિ આદિના ક્ષય–વૃદ્ધિવાળા ભળતા જ પ્રસંગ સાથે (પાઠનો અર્થ ઓળવીને પણ) જોડી દીધો ! | ૩૩ |
| ૫૪ | બારપર્વીમાંની પણ એકવડી પર્વતિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગે નક્કી તિથિ જણાવવા શાસ્ત્રકારે બાંધેલો–'જે તિથિ જે વારવાળા દિવસે સમાપ્ત થાય તે દિવસ તે તિથિ તરીકે સ્વીકારવો' એ નિયમ પણ ક્ષીણતિથિને 'क्षये पूर्वा०'ની જેમ ઉદયાત જ બનાવે છે. | ૩૩ |
| ૫૫ | 'क्षये पूर्वा०'નો અર્થ, પહેલાંથી જ એ પ્રમાણે થતો આવેલ છે. | ૩૪ |
| ૫૬ | પૂનમ–અમાસના ક્ષયે ચૌદશના એક જ દિવસે ૧૪×૧૫–૧૪×૦)) એ બંનેનું આરાધન થવાની પોતાની કલ્પિત વાતને આધુનિકે, આ ગ્રન્થકારના નામે ગોઠવી દેવાનો કરેલો છલપ્રપંચ ! | ૩૪ |
| ૫૭ | વૃદ્ધિમાં વધારે અવયવને બ્હાને પહેલી તિથિ માનનાર ખરતરને ક્ષય વખતે ક્ષય માનવો જ મુશ્કેલ છે. | ૩૫ |
| | (अ) 'एवं क्षीणतिथावपि' પાઠથી એક દિવસે બે તિથિનું આરાધન લેખાવવા સારૂ આધુનિકે ઉલટાવી નાખેલો તે પાઠનો અર્થ ! | ૩૫ |
| | (आ) 'સમાપ્તિવાળી તિથિને જ માનવી' એમ કહેનાર નવો વર્ગ, પૂનમ આદિના ક્ષય વખતે ઉદય અને સમાપ્તિ એ બન્નેવાળી ચૌદશ આદિનો તો લોપ જ કરે છે. | ૩૬ |
| | (आ) ૧૫×૦))ના ક્ષયે ચૌદશે મનસ્વીપણે જ બે તિથિનું આરાધન લેખાવવા સારૂ આધુનિકે, **'ક્ષીણતિથિ એટલે ભેગી થતી બે પર્વતિથિ'** એવો નિજને મૂર્ખશેખર લેખાવનારો કરેલો અર્થ ! | ૩૬ |
| | (इ) સંવત્ ૨૦૦૬માં ભૂલો સુધારીને 'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી–ટીકાનુવાદ' પ્રસિદ્ધ કર્યો ! છતાં 'एवं क्षीणतिथावपि०' પાઠના અર્થમાં તો ગઢવી ઘેરના ઘેર જ ! | ૩૬ |
| ૫૮ | (૧) આ ગ્રંથનો પાઠ અને મૂળ વાતને ઉડાવીને ઉલટી જ વાત રજુ કરવા વડે આધુનિકે કરેલી પગનાં આભૂષણને કંઠનું લેખાવવાની ચેષ્ટા. | ૩૯ |
| | (૨) ભૂલો સુધારીને બહાર પાડેલી 'સપરિશિષ્ટ તત્ત્વ૦'માં વળી એ ઉડાવેલ પાઠને પાછો લીધો ! અને 'अह जइ०'ની ઉલટી વ્યાખ્યામાંથી સમાપ્તિની વાત પણ રદ કરી : છતાં જંબૂવિ૦એ કૌંસમાં પણ તે વાતમાંની ઉભી રાખેલી શેષ અસદ્ વ્યાખ્યા. | ૪૦ |
| | (૩) સિદ્ધચક્રપાક્ષિકમાં જે વાત જ નથી તે વાત, આધુનિકે તેની સુધારેલી બૂકમાંના **'વિશેષ-વિચાર'** નં. ૮માં સિદ્ધચક્ર પાક્ષિકના નામે ચઢાવી દેવાની કરેલી તરકીબ ! | ૪૦ |

| ટિપ્પણી નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| (૪) | મતાગ્રહ ખાતર આધુનિકે આગમગ્રંથના પણ 'अतिरात्र' શબ્દનો કરેલો જુઠો અર્થ! | ૪૦ |
| ૫૯ (૧) | જોડીયાપર્વમાંની આગલી તિથિની વૃદ્ધિને આરાધનામાં પણ વૃદ્ધિરૂપે જ માનવાના નિજના કલ્પિતમતને આધુનિકે શાસ્ત્રથી સાચો લેખાવવા સારૂ 'પ્રવચનપરીક્ષા'ના પાઠના અર્થનો પણ રજુ કરેલો કલ્પિત અને ભ્રામક નીચોડ! | ૪૨ |
| (૨) | તેવો ભ્રામક નીચોડ રજુ કરવા સારૂ આધુનિકે શાસ્ત્રની પંક્તિમાંના 'तक्कज्जकर' શબ્દની જ કરેલી ઉપેક્ષા! | ૪૨ |
| (૩) | તે 'तक्कज्जकर' શબ્દમાં રહેલું–"અધિકમાસ, અધિક તિથિ, તેના નામ સિવાયના ચોમાસી છમાસી આદિ તપોમાં તેમજ સંસ્કાર પામીને આરાધનાની બનતી ચૌદશ, ભા. શુ. ૪, આચરણા મુજબ બનતી વૈ. શુ. ૩, ચૈ. શુ. ૧૩ વગેરેના કાર્યો કરવામાં તો સમર્થ જ છે." એ સ્પષ્ટીકરણ. | ૪૨ |
| (૪) | આધુનિકનું 'માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિને અંગે આરાધના માટેના નિયમોમાં સમાનતા હોવાનું' કથન, શાસ્ત્રવિરુદ્ધ હોવાનો ખુલાસો. | ૪૩ |
| (૫) | તિથિવૃદ્ધિનું કારણ, સૂર્યોદયની અધિકતા છે તેમ માસવૃદ્ધિનું કારણ સૂર્યોદયની અધિકતા નહિ હોવાનો ખુલાસો. | ૪૩ |
| (૬) | આધુનિકે સુધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ બૂકમાંના '**વિશેષવિચાર**' નં. ૯ માં ઉડાવી દીધેલી–તેમની માસવૃદ્ધિ–તિથિવૃદ્ધિ અંગેની આરાધનામાં સમાનતા જણાવનારી વાત! અને પ્રસિદ્ધ કરેલો સાચો અર્થ! | ૪૩ |
| ૬૦ | પર્વતિથિપ્રકાશમાંના અસત્ય લખાણોને–સુધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટ૰'માં ઉડાવી જ દેવાનું વાપરેલ ડહાપણ! | ૪૬ |
| ૬૧ | આ ગ્રંથકારના નામે ચઢાવેલી પોતાની માન્યતા! | ૪૬ |
| ૬૨ | સંવત્સરી માટે ભાદ્રપદમાસની જરૂરીઆત. | ૫૧ |
| ૬૩ | આ ગાથાને અપ્રમાણિક ગણાવવા આધુનિકે ટીકા સહિત ઉડાવી દઈને તેનાં સ્થાને નંબર વગરની ગાથાને તેની ટીકાસહિત પ્રમાણિક લેખાવવાનો કરેલો કૂટ પ્રયત્ન! | ૫૩ |
| ૬૪ | નવીને મૂળ પાઠમાં અને તેના અર્થમાં પણ વારંવાર કરેલો ફેરફાર! | ૫૪ |
| ૬૫ (૧) | પ્રમાણ કરેલ પાઠનો અર્થ પણ ઉડાવીને અન્ય પાઠ અને તેના અર્થનું ગોઠવવું! | ૫૫ |
| (૨) | નવાવર્ગે, પ્રભુની કરણી અને કથનીને ભિન્ન માનવાની કરેલી ભૂલને ડહાપણ મનાવવાની આ ગ્રંથના નામે પણ કરેલી ચાલબાજી! | ૫૫ |
| ૬૬ | આરાધ્યપણું તિથિનું હોવા છતાં તપનું લેખાવવું! | ૫૬ |
| ૬૭ | 'ક્ષીણપર્વતિથિને પૂર્વ પ્રબલ પર્વતિથિમાં સમાવવા'ની મનસ્વી વાતને અંતે પોતે જ ઉડાવી! | ૫૮ |
| ૬૮ | 'प्रतिनियतदिवसानुष्ठेयों०' પાઠ, અપર્વે પણ પૌષધ કરવાનું જણાવે છે. | ૫૯ |
| ૬૯ | આધુનિકે,–"૧૧ જ્ઞાનપંચમી, ૧૨–પૂનમ, ૧૨–અમાસ, ૧૪×૧૫નો છઠ્ઠ અને 'मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः' પાઠનો પણ કરેલો લોપ. | ૫૯ |
| ૭૦ | નવીને સૈદ્ધાંતિક ચતુષ્પર્વીનો કરેલો લોપ. | ૬૩ |
| ૭૧ (૧) | પૌષધવિચારથી વિરુદ્ધ વર્ત્તન કરનારા. ઓની અયોગ્યતા. | ૬૫ |
| (૨) | પરની એ અયોગ્યતાને તપાગચ્છીઓની અયોગ્યતા તરીકે લેખાવવાની નવીને કરેલી બાલીશતા! | ૬૫ |
| ૭૨ | નવામતરૂપી વિષનું સર્વાંગીણ પરિણમન. | ૬૭ |
| ૭૩ | તેનાં વચનશ્રવણથી પણ દૂર રહેવામાં કલ્યાણ. | ૬૮ |
| ૭૪ | નવીનોની આચરણાની પ્રવચનોપધાનકતા. | ૭૦ |
| ૭૫ | ચાલુ સામાચારી ઉપર પંદરમી શતાબ્દિની મહોરછાપ! | ૮૪ |

## શ્રી તત્ત્વતરંગિણી અનુવાદ ગ્રંથાન્તર્ગત શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરી

# વિષયાનુક્રમણિકા


| પ્રશ્ન નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શાસ્ત્રો સહુને માન્ય છતાં પર્વારાધનમાં મતભેદ કેમ? | ૯૩ |
| ૨ | આપણે આગમાનુસારીને બદલે પરંપરાનુસારી કેમ? | ૯૪ |
| ૩ | વર્ત્તમાન પ્રભુશાસનને અલ્પ જ માનવું રહે તેવું કેમ? | ૯૫ |
| ૪ | ગૌણ લેખાતા શાસ્ત્રોથી વ્યવહાર કેમ કરાય? | ૯૬ |
| ૫ | શાસ્ત્રથી શુદ્ધ કહેનારને તો શાસ્ત્રો બલવાન્ ખરાં ને? | ૯૮ |
| ૬ | જીતવ્યવહારનું સ્વરૂપ શું? | ૧૦૦ |
| ૭ | પરંપરા, 'શાસ્ત્રનિરપેક્ષ છે' ઇત્યાદિ વાત સર્વસંમત છે? | ૧૦૦ |
| ૮ | કેટલીક વર્ગ, પરંપરાની અવગણના કરે છે તેનું કેમ? | ૧૦૦ |
| ૯ | ચાલુ પ્રાચીનપરંપરાનો અપલાપ કરવાનો હેતુ શું? | ૧૦૧ |
| ૧૦ | નવોવર્ગ, શાસ્ત્રાધાર વિનાની પરંપરા માને છે? | ૧૦૧ |
| ૧૧ | તે વર્ગ, આટલી બધી શાસ્ત્રનિરપેક્ષ પરંપરાઓને કોની આજ્ઞા તરીકે માનતો હશે? | ૧૦૮ |
| ૧૨ | તે વર્ગને પરંપરાનું શાસ્ત્રીયલક્ષણ ખ્યાલમાં ન હોય એમ ન બને? | ૧૦૯ |
| ૧૩ | પરંપરાના કૃત્રિમલક્ષણના બચાવમાં આ શાસ્ત્રની ૪૬મી ગાથાનો અર્થ કર્યો છે તે સાચો છે? | ૧૧૦ |
| ૧૪ | તેવી દૂષિતસામાચારીનું કોઈ દૃષ્ટાંત છે? | ૧૧૨ |
| ૧૫ | સામાચારીને શુદ્ધ જાણે અને નિંદે તે આત્મા કેવો? | ૧૧૩ |
| ૧૬ | નવા વર્ગે શાસનને ફેંદી જ નાખવું ધાર્યું ન મનાય? | ૧૧૫ |
| ૧૭ | ઉત્સર્ગ–અપવાદના વિશેષસ્વરૂપથી વિશેષ લાભ નહિ? | ૧૧૬ |
| ૧૮ | ભા. શુ. ૫ની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિની પ્રવૃત્તિ નવી છે? | ૧૧૭ |
| ૧૯ | ઉદયતિથિનો નિયમ, ક્ષય–વૃદ્ધિમાં માનવાનો નથી? | ૧૨૦ |
| ૨૦ | ભોગ અને સમાપ્તિની ઉપેક્ષા, આ શાસ્ત્રને સંગત છે? | ૧૨૨ |
| ૨૧ | જૈનજ્યોતિષશાસ્ત્રો મુજબ તિથિની કદિ વૃદ્ધિ હોય? | ૧૨૫ |
| ૨૨ | નવા વર્ગને મળીને ચર્ચા કરવાનો માર્ગ યોગ્ય નહિ? | ૧૨૯ |
| ૨૩ | 'मिलन्ती'નો અર્થ 'જેમાં જે મળી જતી હોય' એ છે? | ૧૩૦ |
| ૨૪ | શ્રીહીરપ્રશ્નના પાઠના નવા વર્ગે કરેલા '૭' અર્થોમાં સાચો કયો? | ૧૩૧ |
| ૨૫ | ક્ષીણતિથિને આરાધના માટે ઉદયાત ન બનાવાય? | ૧૪૧ |
| ૨૬ | क्षये पूर्वा० 'ક્ષયે પૂર્વતિથિ કરવી' એ અર્થ, તે વર્ગાદિએ ક્યાંઈ લખ્યો છે? | ૧૪૨ |
| ૨૭ | નવા વર્ગની ત્રણેય બુકનાં લખાણોનો સાર, એક કેમ? | ૧૪૪ |
| ૨૮ | નવીનની નવી આચરણા તેના શિષ્યોને 'જીત' બને? | ૧૪૪ |
| ૨૯ | નવા વર્ગે 'तत्र त्रयोदशीति०' પાઠનો કરેલો અર્થ બરાબર છે? | ૧૪૬ |

| પ્રશ્ન નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૦ | તેમણે 'अह जइ कहवि०' ગાથાનો કરેલો અર્થ બરાબર છે? | ૧૪૭ |
| ૩૧ | નવા વર્ગે 'न च प्राक्०' પંક્તિનો કરેલો અર્થ બરાબર છે? | ૧૪૯ |
| ૩૨ | તે વર્ગ, સ્વમતના બચાવમાં તત્ત્વતરંગિણીના समाप्यन्त વાક્યોને આગળ કરે છે તેમાં કાંઈ તથ્ય ખરું? | ૧૫૦ |
| ૩૩ | તે વર્ગે એ પંક્તિનો અર્થ સંક્ષેપીને પ્રશ્નાર્થમાં મૂકવાનું શું પ્રયોજન હશે? | ૧૫૧ |
| ૩૪ | તે વર્ગે 'अथ तिथीनां हानौ वृद्धौ०' પંક્તિઓ વડે શાસ્ત્રકારે બાંધેલ લક્ષણનો કરેલો અર્થ બરાબર છે? | ૧૫૨ |
| ૩૫ | તે વર્ગે 'जं जा जंमि०' પંક્તિનો કરેલો અર્થ બરાબર છે? | ૧૫૩ |
| ૩૬ | તે વર્ગે 'ક્ષય કે વૃદ્ધિ વખતે–શાસ્ત્રકાર-નિર્દિષ્ટ લક્ષણને નામે-સમાપ્તિ જ જોવાની, પણ કોઈને બદલે કોઈની ક્ષય–વૃદ્ધિ નહિ કરવાનું જણાવેલ છે તે શાસ્ત્રસંગત છે? | ૧૫૩ |
| ૩૭ | તે વર્ગે 'तस्मिन्नेव दिवसे द्वयोरपि०' પાઠનો–'એક જ દિવસમાં ૧૪×૧૫ બંને તિથિનું આરાધન કરાય છે' એ પ્રમાણે કરેલ અર્થ શાસ્ત્ર અને પરંપરાને સંગત છે? | ૧૫૪ |
| ૩૮ | जं जा जम्मि०' પાઠમાં ૧૪×૧૫નું નામ નહિ હોવા છતાં તે વર્ગે તે પાઠના અર્થમાં તે તિથિનાં નામો કેમ જણાવ્યા હશે? | ૧૫૬ |
| ૩૯ | નવા વર્ગે 'एवं क्षीणतिथावपि' પાઠનો 'તે દિવસે તે તિથિ મનાય' એવો અર્થ કર્યો છે તથા 'એક જ દિવસે બેય તિથિ મનાય' એવોય અર્થ કર્યો છે! તો એક પાઠના તે બે અર્થ બરાબર છે? | ૧૫૭ |
| ૪૦ | "તિથિચર્ચામાં ન્હોતા પડયા ત્યારે પૂ૦ આગમોદ્ધારકશ્રી 'ક્ષયેપૂર્વા'નો અમારી જેમ જ અર્થ કરતા હતા." એ નવા વર્ગનું કથન સાચું છે? | ૧૫૮ |
| ૪૧ | 'ટિપ્પણાની પહેલી પાંચમે આરાધનાની ચોથ કરવાનું કહેવું તે ખરેખર જુઠ જ છે' એ નવાવર્ગનું કથન બરાબર છે? | ૧૬૪ |
| ૪૨ | નવા વર્ગે ચાલુ આચરણાને અગીતાર્થ શ્રીપૂજ્યોની કહીને અપ્રમાણ કહી છે તે બરાબર છે? | ૧૬૬ |
| ૪૩ | વૃદ્ધિમાં પૂર્વની વૃદ્ધિ કરવાના શાસ્ત્રાધારો બતાવ્યા નથી? | ૧૬૭ |
| ૪૪ | "તત્ત્વતરંગિણીમાં પાંચમની વૃદ્ધિએ ત્રીજની વૃદ્ધિ કરવાનો લેખ હોવાનું વચન હલાહલ જુઠું છે." એ કથન સાચું છે? | ૧૬૭ |
| ૪૫ | શ્રી આત્મારામજી મ૦ના નામે નવા વર્ગે એકવાર **પાંચમનો ક્ષય કરવાની** અને એકવાર **છઠનો ક્ષય કરવાની** વાત લખી છે તે શું બરાબર છે? | ૧૬૭ |
| ૪૬ | "શ્રી કલ્યાણવિજયજીકૃત–'પર્યુષણાપ્રશ્નોત્તર-શતક'માં ભાગ્યે જ કોઈ પ્રશ્નોત્તર સાચો હશે." એમ કહેવામાં કોઈ દોષ ખરો? | ૧૬૯ |
| ૪૭ | ચાલુ ૪૦મા સમાધાનની ૭મી કલમની અન્ત્ય કૌંસમાંની મોઘમ વાતનો વિસ્તરાર્થ શો છે? | ૧૬૯ |
| ૪૮ | 'તિથિસાહિત્યદર્પણ', પર્વતિથિપ્રકાશની પુનરાવૃત્તિ શી રીતે? | ૧૭૩ |
| ૪૯ | શ્રીજંબૂવિ૦એ, બીજાં ટાંકેલાં બે પ્રમાણો તો પ્રમાણિક છે ને? | ૧૭૬ |
| ૫૦ | શ્રીજંબૂવિ૦એ આ પ્રમાણ પણ ખોટું રજુ કર્યું છે? | ૧૭૬ |
| ૫૧ | શ્રીજંબૂવિ૦એ તે પ્રમાણ પણ કાપીકૂપીને રજુ કર્યું છે? | ૧૭૭ |
| ૫૨ | "પૂ૦આગમોદ્ધારકશ્રીએ નવા મતની સાત માન્યતાનો સ્વીકાર કર્યો છે" એ જંબૂવિ૦ના કથનમાં કાંઈ તથ્યાંશ ખરો? | ૧૭૭ |

| પ્રશ્ન નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૩ | 'પૂ૦આગમોદ્ધારકશ્રી, હવે પર્યુષણાની અટ્ઠાઈ, ચોથને બદલે પાંચમ સુધી સ્વીકારે છે.' એ જંબૂવિ૦નું કથન બરાબર છે? | ૧૮૨ |
| ૫૪ | 'ચૌદશની પ્રધાનતા સ્વીકારીને તેનાં સ્થાને પૂનમ-અમાસની પ્રધાનતા કરે છે' એ જંબૂવિ૦નું કથન સાચું છે? | ૧૮૬ |
| ૫૫ | જંબૂવિ૦એ 'ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ કરનારા પોતાના સદ્ગત સમસ્ત વડિલોને પણ 'શ્રીપૂજો' કેમ લેખાવ્યા? | ૧૮૬ |
| ૫૬ | 'પૂ૦આગમોદ્ધારકશ્રીએ પણ આરાધનામાં બે ચૌદશ-બે અમાસનો સ્વીકાર કર્યો છે' એ જંબૂવિ૦ની વાતમાં તથ્ય શું છે? | ૧૮૭ |
| ૫૭ | પૂ૦આગમોદ્ધારકશ્રીએ, ક્ષયે પૂર્વા૦નો નિયમ કલ્યાણકાદિ તિથિ માટેય સ્વીકારેલ છે' એ જંબૂવિ૦ની વાતમાં ખોટું શું છે? | ૧૮૮ |
| ૫૮ | શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૪માં છપાએલ લખાણનો જંબૂવિજયે કરેલો ઉપયોગ બરાબર છે? | ૧૮૯ |
| ૫૯ | શ્રીજંબૂવિ૦એ તેર બેસણાના લખાણ બદલ, માયામૃષાવાદીપણું નક્કી કર્યું અને 'શાસ્ત્રીયપૂરાવા' વગેરેને અપ્રમાણ કહ્યા તેમાં સત્ય શું છે? | ૧૯૦ |
| ૬૦ | 'એક જ દિવસે શું બે પૌષધ કરશો?' એ પ્રશ્નને જંબૂવિ૦એ જે રીતે અયોગ્ય કહ્યો છે તે રીત, શાસ્ત્ર અને પારંપરિક છે? | ૧૯૧ |
| ૬૧ | 'ક્ષીણ-વૃદ્ધતિથિમાં ભેગી તથા પહેલી બીજી બોલવાનો સ્વીકાર કર્યો હોવા છતાં પૂ. આગમોદ્ધારકશ્રી નકામો વિગ્રહ જગાડે છે' એ જંબૂવિ૦નું કહેવું વાજબી છે? | ૧૯૬ |
| ૬૨ | 'ચતુર્થ્યા ક્ષયે૦' પાઠ ઉપર પૂ. આગમોદ્ધારકશ્રીએ સં. ૧૯૯૩ સુધી ગોળા ગબડાવ્યા છે.' એ જંબૂવિ૦નું કથન સાચું છે? | ૧૯૯ |
| ૬૩ | શ્રીજંબૂવિ૦નો 'ઉદયંમિ૦'નો અર્થ બરાબર છે? | ૨૦૪ |
| ૬૪ | ક્ષય અને વૃદ્ધિ વખતે પણ 'ઉદયંમિ૦'ને માનવાનું કહેનાર નવો વર્ગ, અનુદયીને આરાધવાની અને ઉદયાત્ તિથિને નહિ આરાધવાની ભૂલ કેમ કરતો હશે? | ૨૦૪ |
| ૬૫ | ગ્રંથકારે અષ્ટમીના ક્ષયે-'સાતમે આઠમ કરી આઠમનું કાર્ય કરવું' તથા 'સાતમમાં આઠમનું કાર્ય કરવું' એમ બે વાત કેમ કરી હશે? | ૨૦૭ |
| ૬૬ | ટિપ્પણા મુજબ જ તિથિ માનવામાં સમકિત ખરૂં? | ૨૦૯ |
| ૬૭ | પૂર્વતિથિએ ક્ષીણતિથિ કરવાની છે, પછી સપ્તમ્યન્ત પ્રયોગો શું કામ? | ૨૧૧ |
| ૬૮ | બારપર્વીમાંની ક્ષીણતિથિની જેમ કલ્યાણકતિથિમાંની ક્ષીણ તિથિને ઉદયાત કેમ બનાવાતી નથી? | ૨૧૧ |
| ૬૯ | શ્રીજંબૂ૦એ કરેલો કલ્પકિરણાવલિના પાઠનો અર્થ બરાબર છે? | ૨૧૨ |
| ૭૦ | 'શ્રી સેનસૂરિજીએ પકખીની આરાધના ચોમાસીમાં સમાવી દીધી' એ જંબૂવિ૦નું કથન બરાબર છે? | ૨૧૨ |
| ૭૧ | 'ભોગ વગરની તિથિ લેવાનું શાસ્ત્રકારે કહ્યું જ નથી' એ નવાવર્ગનાં કથન બાબત ખુલાસો શો છે? | ૨૧૫ |
| ૭૨ | 'જો તિથિનો ભોગ પણ ન હોય તો આયુષ્યનો બંધ થવામાં વાંધો આવે' એ નવા વર્ગની વાત તથ્ય છે? | ૨૧૬ |
| ૭૩ | જંબૂવિ૦એ કરેલ આ શાસ્ત્રના પાઠનો અર્થ બરાબર છે? | ૨૧૭ |
| ૭૪ | 'વૃદ્ધિમાં પાછલી તિથિની વૃદ્ધિ કરવા વૃદ્ધતિથિની ઘડીઓ પાછલી તિથિમાં નાખવી' એ વગેરે, જાળ બીછાવવારૂપ છે? | ૨૨૦ |
| ૭૫ | 'ભા. શુ. ૫-પૂનમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજ અને તેરશે ચોથ-ચૌદશનો સંપૂર્ણ ભોગવટો નથી અને પહેલી પાંચમ-પૂનમે ચોથ- | |

| પ્રશ્ન નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ચૌદશના ભોગની ગંધ નથી, માટે તે દિવસે ચોથ-ચૌદશ માનવા યોગ્ય નથી.' એ જંબૂવિ૰ના કથનમાં ખોટું શું છે? | ૨૨૨ |
| ૭૬ | શ્રી જંબૂવિજયજીએ તે પંક્તિ કેમ ઉડાવી દીધી હશે? | ૨૨૪ |
| | **શ્રી વિજયયશોદેવસૂરિજીનો પત્ર અને પ્રશ્નોત્તરો.** | **૨૨૭ થી ૨૨૯** |
| | **તેઓશ્રીના પત્રનો ખુલાસો.** | **૨૨૯ થી ૨૩૩** |
| | **એ મૂલસૂત્ર નથી; પરંતુ બનાવટી પદ્ય છે.** | **૨૩૪-૩૫** |
| | **તેઓશ્રીએ માગેલા ૪ પ્રશ્નોત્તરોના નીચે મુજબ ૪ પ્રશ્નોત્તરરૂપે ખુલાસા** | **૨૩૫થી** |
| ૭૭ | 'અશાડ શુદ ૧૪નું પકખી અને પૂર્ણિમાનું ચોમાસી, એ બંને પ્રતિક્રમણ ભેગાં થતાં હતાં' એ ઉત્તર પ્રમાણિક છે ને? | ૨૩૫ |
| ૭૮ | 'મૂલ તથા અપવાદસૂત્રનો બાધ ટાળવા બંને પ્રતિક્રમણ ભેગાં કર્યાં, તે રીવાજ આજ ચાલુ છે નવો નથી.' એ ઉત્તર તો પ્રમાણિક છે ને? | ૨૩૮ |
| ૭૯ | પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ માનવી ચાલુ રાખીએ તો-" મૂલસૂત્ર-અપવાદસૂત્ર-'आणाए धम्मो' સૂત્ર-સમ્યક્ત્વ-પર્યુષણાસ્થિતિવિચારાદિ ગ્રંથો અને કલ્યાણકતિથિઓ વગેરેને બાધ પહોંચે છે" એ ઉત્તર તો પ્રમાણિક છે ને? | ૨૪૧ |
| ૮૦ | 'પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિવાળી આચરણાથી જિનેશ્વરની મૂળભૂત આજ્ઞાઓનો જ લોપ થાય છે' એમ હર્ષભૂષણગણિનો પાઠ પણ આપીને ઉત્તર આપેલ છે તે તો પ્રમાણિક છે ને? | ૨૪૨ |
| ૮૧ | શ્રીજંબૂવિ૰એ 'પકખી આરાધના શ્રીસેનસૂરિજીએ ચોમાસી આરાધનામાં સમાવી દીધી.' એમ જે શ્રીસેનપ્રશ્નનો પાઠ બતાવીને જણાવ્યું છે તે બરાબર છે? | ૨૪૩ |
| ૮૨ | શ્રીજંબૂવિ૰એ 'ચોમાસીછટ્ઠમાં ચૌદશ અવશ્ય લેવી અને ક્ષય-વૃદ્ધિના કારણે ચૌદશ સાથે પૂર્ણિમા સ્વતંત્ર ન આવે તો કલ્પિત ન લેવી' એમ લખ્યા પ્રમાણે વર્ત્તી તો શકતા નથી: તો પછી પર્વલોપક લખાણ કેમ કર્યું હશે? | ૨૪૫ |
| ૮૩ | ચતુષ્પર્વીમાંના પૂર્ણિમાપર્વનો શ્રીસેનસૂરિજીના નામે 'બાતલ' શબ્દથી તિરસ્કાર કરનાર વ્યક્તિમાં માર્ગાનુસારીપણુંય કેમ ગણાય? | ૨૪૬ |
| ૮૪ | શ્રીહીરપ્રશ્નના- पर्युषणोपवास०' પાઠનો અર્થ શ્રીજંબૂવિ૰એ વિપરીત કેમ કર્યો હશે? | ૨૪૬ |
| ૮૫ | જંબૂવિ૰એ આ ગ્રંથકારની '**पूर्वत्र०**' પંક્તિનો-'અર્થાત્ તેરસ ગ્રહણ કરવી' એમ કરેલો ઊલટો અર્થ જેમ શાસ્ત્રદ્રોહ ગણાય તેમ '**पूर्णिमायां च त्रूटितायां०**' પાઠનો કરેલો જુઠો અર્થ પણ શાસ્ત્રદ્રોહ ન ગણાય? | ૨૪૭ |
| ૮૬ | નવીને '**यदा चतुर्दश्यां०**' પાઠનો "૧૫-૦))ની ક્ષય-વૃદ્ધિમાં **ચોમાસી** કે કલ્પધરનો છટ્ઠ ચૌદશ સાચવીને ૧૩×૧૪ આદિનો કરવો, વચમાં પહેલી ૧૫ કે ૦)) આવે તો તેને ખાધાવાર રાખી બીજી પૂનમનો કે કલ્પધરનો ઉપવાસ કરવો, ૧૫×૦))ની અવશ્યનિયમિતતાનો આગ્રહ કરવો નહિ" એમ કરેલો અર્થ સાચો છે? | ૨૪૮ |
| ૮૭ | શાસ્ત્રાદિના શ્રદ્ધાલુ માટે જંબૂવિ૰એ "પૂનમ અમાસની ક્ષય-વૃદ્ધિએ છટ્ઠમાં ચૌદશ સાથે પૂનમની અવશ્ય નિયમિતતા રહેતી નથી." એવું સમજાવવા આપેલા પૂરાવા સબળ અને બસ હોવાનું જણાવ્યું તે બરાબર છે? | ૨૪૯ |
| ૮૮ | મતાગ્રહ ખાતર-લૌકિકતિથિઓને જૈની તિથિઓ તરીકે અને ખરતરની માન્યતાઓને તપાગચ્છની માન્યતા તરીકે લેખા- | |

| પ્રશ્ન નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | વનાર નવો વર્ગ, શુદ્ધ સામાચારી માટે યદ્વા તદ્વા બોલે તે સહજ ગણાય; પરંતુ–'ભા. શુ. ૫ની ક્ષય–વૃદ્ધિએ ત્રીજની ક્ષય–વૃદ્ધિ કરવાના ટેકામાં પૂ. આગમોદ્ધારકશ્રી પાસે તેરસની ક્ષય–વૃદ્ધિ કરવાની શ્રીપૂજ્યોની પ્રથા જ આધાર છે' એમ કહે તેમાં તથ્ય શું? | ૨૫૦ |
| ૮૯ | નવો વર્ગ, પહેલાં **ક્ષયે પૂર્વા**૦નો અર્થ–'ક્ષયમાં પૂર્વતિથિ કરવી' એમ કહેતો હતો અને સં. ૧૯૯૩થી 'ક્ષયે પૂર્વની તિથિમાં આરાધના કરવી' એમ કહેવા લાગેલ; પરંતુ માન્યતામાં તો તેણે પહેલો જ અર્થ રાખેલ છેઃ છતાં ક્ષયે **પૂર્વા**૦ના તે કલ્પિત અર્થને અવલંબીને બીજી બૂક કેમ ઉભી કરી હશે? | ૨૫૧ |
| ૯૦ | શ્રીજંબૂવિ૦ના શિષ્ય ચિદાનંદવિ૦ના નામે છપાએલ 'શ્રીહીરપ્રશ્નોત્તરાનુવાદ'માંના–આદિવચન, અનુવાદ અને ૭૫ ટિપ્પણો સંબંધમાં શો અભિપ્રાય છે? | ૨૫૨ |
| ૯૧ | તે 'આદિવચન'માંનું ચોથું લખાણ શી રીતે વાહિયાત મનાય? | ૨૫૮ |
| ૯૨ | તે 'આદિવચન' શીર્ષક લખાણના ૧૩મા પેજના ચોથા પેરાનું અને પાંચમા પેરાની શરૂઆતનું લખાણ જોતાં તે 'હીરપ્રશ્નોત્તરાનુવાદ'નું સમસ્ત લખાણ જંબૂવિ૦કૃત સંભવે છે; પરંતુ પાંચમા પેરામાં જે–'આ અનુવાદ શ્રીપ્રેમસૂરિજીએ પણ તપાસી આપ્યો છે. × × ×' તે જોતાં પ્રશ્ન થાય છે કે–શ્રી શ્રીપ્રેમસૂરિજીને પણ 'આદિવચન'માંની સાત અને અનુવાદમાંના પહેલા જ પ્રશ્નોત્તરમાંની પણ સાત ભૂલો સૂઝી નહિ! ત્યારે એ સિદ્ધાન્તમહોદધિપણું કેવું? | ૨૫૯ |
| ૯૩ | શ્રી શ્રાદ્ધવિધિગ્રંથમાંનાં સાર્થક '**सुअ**' પાઠને તે પાઠમાંના **अ** ની જોડે પદરનો (**द्द**) ઘુસાડીને–'**सुद्द**' લેખાવવાની ગરબડ કેમ કરી હશે? | ૨૬૦ |
| ૯૪ | શાસ્ત્રમાં શું બે પ્રકારની ચતુષ્પર્વી કહેલી છે? | ૨૬૦ |
| ૯૫ | બીજી ચતુષ્પર્વીને ઉપજાવી કાઢેલ કેમ કહેવાય? | ૨૬૧ |
| ૯૬ | નવીને–'આજે જેઓ કેવલ ૧૫–૦))ની ચતુષ્પર્વીના આગ્રહમાં અંધ બની ૮×૧૪ની ચતુષ્પર્વીનો અપલાપ કરે છે તેઓ પોતાના મિથ્યાભિનિવેશથી જૈનશાસનની મહા આશાતના જ કરે છે' એમ લખ્યું છે તે કેમ છે? | ૨૬૨ |
| ૯૭ | શ્રીહીરપ્રશ્નના–'**पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ०**' પ્રશ્નોત્તરનો અર્થ, તે 'હીરપ્રશ્નોત્તરાનુવાદ' બૂકમાં પદરની પંક્તિઓ ઘુસાડવા પૂર્વક વિપરીત કેમ કર્યો હશે? | ૨૬૨ |
| ૯૮ | નવાવર્ગે, ઉછામણી બોલીને ગુરુપૂજા કરવાનું હીરપ્રશ્નોત્તરના ત્રણ પાઠો પણ આપીને સિદ્ધ જણાવ્યું છે, જ્યારે શાસનપક્ષ તો તે રીતની ગુરુપૂજાને શાસ્ત્રવિરુદ્ધની જણાવે છે! તો તેનું પ્રમાણિક સમાધાન શું? | ૨૬૩ |
| ૯૯ | શાસનપક્ષ, કલ્યાણકોને પર્વતિથિમાંથી બાતલ ગણે છે? | ૨૬૪ |
| ૧૦૦ | 'સૂતકને વિષે ધર્મકરણીમાં અટકાયત કરનારી હાલની પ્રવૃત્તિને શાસ્ત્ર તેમજ પરંપરાનો મુદ્દલ ટેકો નથી.' એમ શ્રીહીરપ્રશ્નના પાઠના નામે લખીને નવા વર્ગે, શાસનપક્ષનો જે ઉન્મત્તની જેમ અવર્ણવાદી પ્રલાપ કરેલ છે, તેમાં કાંઈ તથ્ય ખરૂં? | ૨૬૫ |
| ૧૦૧ | જો શેઠશ્રી કસ્તુરભાઈ, એ રીતે અને એ પ્રકારે શ્રમણોપાસક સંઘવતી નિર્ણય જાહેર કરે તો તે બદલ આપનો શું અભિપ્રાય છે? વળી શ્રાવક સંઘનો કરેલો નિર્ણય શ્રી સંઘમાન્ય ગણાય? | ૨૭૦ |
| | **પ્રશ્નોત્તર ૧૮ની પૂરવણી** | ૨૭૩ |

# શુ....દ્ધિ....પ....ત્ર....ક

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૩ | ૦પ્રણીતા સ્વોપજ્ઞા– | પ્રણીત સ્વોપજ્ઞ– |
| ૩ | ૧૮ | नेव कयाइ | नेवं कयाइ |
| ૫ | ૨૦ | વ્યયવહાર | વ્યવહાર |
| ૫ | ૨૬ | પ્રેમાણે | પ્રમાણે |
| ૧૦ | ૧૫ | તો થાય છે ને? | તો આરાધ્ય પૂનમે થાય છે ને? |
| ૧૫ | ૧૩ | परावृत्त्यामन्यते | परावृत्त्यामिमन्यते |
| ૧૭ | ૨૮ | પણ શાસ્ત્રના | પણ આ શાસ્ત્રના |
| ૨૦ | ૧૧ | બધા તપનું | બધા તપનું |
| ૨૦ | ૩૫ | ર્ણિમાનો પૂ | પૂર્ણિમાનો |
| ૨૧ | ૧૬ | તેરસ અથવા ગ્રહણ | તેરસ અથવા વદ ૧ ગ્રહણ |
| ૨૧ | ૨૦ | ક્ષય પામતી આષાઢી | ક્ષય પામતી દ્વિતીય આષાઢી |
| ૨૨ | ૧૦ | સંબંધવાળું | સંબંધવાળું |
| ૨૪ | ૧ | (ચૌદશી આદિના) | (ચૌદશ આદિના) |
| ૨૭ | ૧૧ | નથ. | નથી. |
| ૩૨ | ૨૫ | એ જ તિથિની | એક જ તિથિની |
| ૩૨ | ૩૨ | સમાપ્તિસૂચક ભોગની | સમાપ્તિસૂચક ઉદયની |
| ૩૫ | ૨૭ | कि ना० | किं ना० |
| ૩૬ | ૨૯ | લેખાવીને એક વાક્ય | એક વાક્ય લેખાવીને |
| ૩૬ | ૩૩ | ઓછું ન ગણાય. | ઓછું ખેદજનક ન ગણાય. |
| ૪૦ | ૧૭ | તેમને | તેમણે |
| ૪૨ | ૧૬ | આરાધનામાં | આરાધનાના નિયમમાં |
| ૪૨ | ૩૧ | પામીને) | પામીને |
| ૪૩ | ૧૫ | શસ્ત્રકારે | શાસ્ત્રકારે |
| ૪૮ | ૧૯ | સાંવત્વરિકપર્વને | સાંવત્સરિકપર્વને |
| ૫૧ | ૧૯ | ચોમસી | ચોમાસી |
| ૫૩ | ૩૦ | ચેષ્ટા તો | ચેષ્ટા |

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૯ | ૧૧ | હોવાથી વિકલ્પમાં | હોવાથી યોગ્ય નથી. બીજા વિકલ્પમાં |
| ૬૦ | ૩૩ | નિજના | નિજની |
| ૬૧ | ૬ | તે વર્ગના | તે તે વર્ગના |
| ૬૩ | ૩૦ | શાસ્ત્રકાસ્ના | શાસ્ત્રકારના |
| ૭૭ | ૫ | ઇર્યામાં ઉપયોગ રાખતો થકો, સાધુભાષાએ | ઇર્યામાં સાધુની જેમ ઉપયોગ રાખતોથકો, ભાષાએ |
| ૭૯ | ૯ | ઉપાદેયપણું | ઉપાદેયપણું તો |
| ૭૯ | ૯ | હોય તો છે. | હોય છે. |
| ૮૧ | ૧૩ | સામયિકવિધિ, | સામાયિકવિધિ, |
| ૮૪ | ૨૮ | ચૌદમી | પંદરમી |
| ૮૪ | ૩૦ | નગુરો નવો વર્ગ, | નગુરા નવા વર્ગે, |
| ૮૪ | ૩૨ | કરે છે. | કરેલ છે. |
| ૮૬ | ૬ | लायविक्खाया | लोयविक्खाया |
| ૮૭ | ૩૦ | मुनि | मुनिः |
| ૯૮ | ૩ | સંપૂર્ણપરપરાગમવંત | સંપૂર્ણ પરંપરાગમવંત |
| ૧૦૧ | ૨૨ | લઘુશાંતિ | લઘુશાંતિ |
| ૧૦૨ | ૨૩ | પ્રણાણે | પ્રમાણે |
| ૧૦૨ | ૩૦ | પાર્શ્વનાથ | પાર્શ્વનાથ |
| ૧૦૫ | ૯ | શસ્ત્રોક્ત | શાસ્ત્રોક્ત |
| ૧૦૫ | ૨૩ | પ્રતિક | પ્રતીક |
| ૧૦૫ | ૨૬ | થાવકને | શ્રાવકને |
| ૧૦૬ | ૯ | उज्जित० | उज्जिंत० |
| ૧૦૮ | ૧૩ | પ્રતિક્રગણમાં | પ્રતિક્રમણમાં |
| ૧૦૮ | ૧૮ | પ્રધોષને | પ્રઘોષને |
| ૧૧૧ | ૨૫ | સમાચારીનું | સામાચારીનું |
| ૧૧૧ | ૨૭ | સમાચારી | સામાચારી |

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧૫ | ૪ | ૧૬૧૫માં | ૧૬૬૫માં |
| ૧૧૬ | ૧૯ | ઉત્સર્ગરૂપ 'उत्सर्गादपवादो बलीयान्' અંગસૂત્રોથી | ઉત્સર્ગરૂપ અંગસૂત્રોથી |
| ૧૧૬ | ૨૦ | એ ન્યાયે | 'उत्सर्गादपवादो बलीयान्' એ ન્યાયે |
| ૧૧૭ | ૨૮ | સમત | સમ્મત |
| ૧૨૮ | ૨૨ | થવું પડે છે' 'એ પ્રમાણે | થવું પડે છે" એ પ્રમાણે |
| ૧૩૩ | ૧૭ | तिथिस्त्रूटिता | तिथिस्त्रूटिता |
| ૧૩૮ | ૨ | પૂવોક્તરીત્યા | પૂર્વોક્તરીત્યા |
| ૧૪૭ | ૨૫ | लब्भति | लब्भंति |
| ૧૫૦ | ૧૨ | त्रयोदशीकृत्यं सप्तम्यां | × |
| ૧૫૦ | ૧૬ | તેરસનું કાર્ય સાતમમાં | × |
| ૧૫૧ | ૨૬ | વહેવાર | વ્યવહાર |
| ૧૫૫ | ૨૮ | एतत्संवादकं | एतत्संवादकं च |
| ૧૬૦ | ૧૪ | 'अमित्तड्ढिअ०' | 'अमित्तड्ढिअ०' |
| ૧૬૬ | ૧૬ | धृष्टता | धृष्टता |
| ૧૬૬ | ૧૭ | पढमतिहि' | पढमतिही' |
| ૧૬૬ | ૨૯ | उपदेयत्व | उपादेयत्वं |
| ૧૭૩ | ૧૩ | પ્રસિદ્ધ | પ્રસિદ્ધિ |
| ૧૭૪ | ૨ | रगविजयसत्क | रंगविजयसत्क |
| ૧૭૫ | ૭ | શાસ્ત્રિય | શાસ્ત્રીય |
| ૧૮૬ | ૨૨ | શીથિલાચારીઓના | શિથિલાચારીઓના |
| ૧૮૬ | ૨૫ | શીથિલાચારી | શિથિલાચારી |

| પૃ૦ | પં૦ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૮૯ | ૧૮ | તેરસની પણ | બારસની પણ |
| ૧૯૪ | ૩૦ | શ્રીસદ્ધાચલજીના | શ્રીસિદ્ધાચલજીના |
| ૧૯૬ | ૨૬ | વખ્યું છે. | લખ્યું છે. |
| ૧૯૭ | ૧૯ | પૂર્વત્તરતિથિની | પૂર્વતરતિથિની |
| ૧૯૭ | ૨૫ | પૂર્વત્તર | પૂર્વતર |
| ૨૦૬ | ૨૨ | 'उदयंमि०' जा तिही | 'उदयंमि जा तिही०' |
| ૨૧૮ | ૧ | તે જ દિવસે | તે જ દિવસ |
| ૨૨૪ | ૬ | तित्तिथित्वेन | तत्तिथित्वेन |
| ૨૩૧ | ૨૪ | આશયશુદ્ધિ જ ગણાય. | આશયશુદ્ધિ ન જ ગણાય. |
| ૨૩૪ | ૬ | લેખેલ છે! અને ચોથ | લખેલ છે! અને ચોથી |
| ૨૩૪ | ૧૧ | ભગવંતો પણ | ભગવંતોએ પણ |
| ૨૩૭ | ૪ | (उ) | (ऊ) |
| ૨૪૨ | ૨૧ | પાપ છે, | પાપ કર્યું છે, |
| ૨૪૨ | ૨૬ | ० ऽविरूद्धा | ० ऽविरुद्धा |
| ૨૪૫ | ૫ | 'चोमासीछट्ठं' | 'चोमासीए छट्ठं' |
| ૨૪૮ | ૩૧ | મુજબ અમાસનો. | મુજબ કલ્પધરનો નહિ પણ અમાસનો. |
| ૨૫૧ | ૮ | અને દ્ધિમાં | અને વૃદ્ધિમાં |
| ૨૫૫ | ૨૯ | त्त्वन्यत्यमेव | त्त्वन्यत्वमेत्र |
| ૨૫૮ | ૪ | ઇત્યાદિ | ઇત્યાદિ લખાણ, |
| ૨૫૮ | ૮ | બીજું | એ બીજું |
| ૨૬૯ | ૨૨ | તમણે જે- | તેમણે જે |
| ૨૭૨ | ૨૫ | આનંદસાગર- સુરિશ્વરજી | આનંદસાગર- સૂરીશ્વરજી |

## વિ....જ્ઞ....પ્તિ

વાચક વર્યોને જણાવવાનું કે–ઉપરોક્ત શુદ્ધિપત્રકને ધ્યાનમાં રાખીને આ ગ્રંથરત્નનું વાચન–મનન અને પરિશિલન કરવા વિનંતિ છે.

卐 સકલ મનોવાંછિતપૂરક શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથાય નમો નમઃ 卐

॥ ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

પરમપૂજ્ય મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીગણિપ્રણીતા સ્વોપજ્ઞા–

શ્રી

# તત્ત્વતરંગિણી ગ્રંથરત્નનો અદ્વિતીય-અક્ષરશઃ શુદ્ધ અનુવાદ

અ....નુ....વા....દ....ક

પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ

卐 श्री स्याद्वादवादिने नमः 卐

श्रीवर्द्धमानमानम्यानन्तविज्ञानभास्करम् ॥
अबाध्यवचनं दोषमुक्तं नाकिनमस्कृतम् ॥१॥
श्रीमद्विजयदानाह्वान् सूरीशान् प्रणिपत्य च ॥
वृत्तिं तत्त्वतरङ्गिण्याः स्वोपज्ञायास्तनोम्यहम् ॥२॥

**અર્થઃ**—કેવલજ્ઞાન અને કેવલદર્શન વડે સૂર્યસમાન–નિરાબાધ વચનવાળા–સમસ્ત દોષોથી મુક્ત અને દેવો વડે નમસ્કાર કરાએલા શ્રી વર્દ્ધમાનસ્વામીને ત્રિકરણયોગે નમસ્કાર કરીને અને શ્રીમદ્ વિજય દાન નામના સૂરીશ્વરજી મહારાજને આદરપૂર્વક પ્રણામ કરીને મ્હારી રચેલ તત્ત્વતરંગિણીની હું (મહોપાધ્યાયજી) વ્યાખ્યા કરું છું. ॥ ૧-૨ ॥ (આ પ્રથમ શ્લોકથી ગ્રન્થકાર મહાત્માએ પ્રભુના ચાર મૂલાતિશયોને વર્ણવેલા છે.)

**અવતરણિકાઃ**—આ ગ્રન્થના પ્રારંભમાં આ ઈચ્છિતગ્રન્થની સમાપ્તિ અર્થે વિઘ્ન-વિનાશક એવા ઈષ્ટદેવના નમસ્કારને કહે છેઃ—

मूलम्ः—नमिऊण वद्धमाणं तित्थयरं तस्स तित्थमवि सारं ॥
वुच्छामि तिहिविआरं, तत्ततरंगिणिमहासुत्तं ॥१॥

**મૂલાર્થઃ**—શ્રેષ્ઠ એવા શ્રી વર્દ્ધમાનસ્વામી તીર્થંકરને અને તે ભગવન્તના શ્રેષ્ઠ એવા તીર્થને પણ પ્રણામ કરીને જેમાં પર્વતિથિઓનો વિચાર રહેલ છે એવી તત્ત્વ-તરંગિણીને હું સૂત્રને અનુસારે કહીશ. ॥ ૧ ॥

**ટીકાર્થ:**—તીર્થંકર ભગવન્ત શ્રી વર્દ્ધમાનસ્વામીને અને તે ભગવન્તના તીર્થને નમસ્કાર કરીને શ્રી તત્ત્વતરંગિણી નામના પ્રકરણને હું કહીશ. શ્રી વર્દ્ધમાનસ્વામી અને તેઓશ્રીનું તીર્થ કેવું છે? તો કહે છે કે-'શ્રેષ્ઠ અને અદ્વિતીય છે, અથવા **તીર્થંકરપક્ષે**-જેઓ ચોત્રીશ અતિશય રૂપ લક્ષ્મી વડે શોભે છે, અથવા જેઓ આજ્ઞાતત્પરોને મોક્ષ રૂપ લક્ષ્મી આપે છે તે **सारं-प्रधानं** શ્રી મહાવીરસ્વામીને અને **તીર્થપક્ષે**-સિદ્ધિરૂપ લક્ષ્મી, તીર્થંકર પરમાત્માની ચરણસેવા વડે (ચતુર્વિધ સંઘરૂપ તીર્થ) પ્રાપ્ત કરે છે તે **सारं-प्रधानं** અસમાન એવા શ્રી મહાવીરસ્વામીનાં તીર્થને.' એ પ્રમાણે એ એકજ **'सार'** વિશેષણને ભિન્ન અર્થપણે અથવા એકાર્થપણે કહેવું : કેવી તત્ત્વતરંગિણીને કહેશો? તો કહે છે કે-'તિથિઓનો, આરાધ્યપણા વડે કરીને જેમાં વિચાર રહેલો છે એવી તે તત્ત્વતરંગિણીને જિનવચનનું ઉલ્લંઘન કર્યા વિના કહીશ.' અહિં નમસ્કાર કરેલ છે તે, ફલને બાધા ન પહોંચે તે પ્રકારના મન-વચન અને કાયાની એકાગ્રતા પૂર્વકનો જાણવો. વળી 'અહિં વિઘ્ન-વિનાશકપણું હોવાથી તીર્થંકર પ્રભુને જ નમસ્કાર કરવો યુક્ત છે; પરંતુ તે પ્રભુનાં તીર્થને પણ નમસ્કાર કરવો તે યુક્ત નથી.' એમ કહેવું નહિ. કારણકે-તે તીર્થનું પણ તીર્થંકર-માન્ય અને તીર્થંકરનમસ્કરણીયપણું હોવાથી તીર્થને વિષે નમસ્કરણીયપણું બાધા વગરનું છે અને વિઘ્નવિનાશકપણું છે. કારણકે-(શ્રીનંદિસૂત્રની ગાથા ૪ થી ૧૭ સુધીમાં શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘરૂપ તીર્થને) નગર-રથ-ચક્ર-પદ્મ વગેરેની અનેક ઉપમા વડે સ્તવના કરવા પૂર્વક નમસ્કાર કરેલ છે. તીર્થને કરેલો આ નમસ્કાર, વસ્તુતઃ તો તીર્થંકરને જ છે. આ સંબંધમાં બહુ યુક્તિઓ છે; પરંતુ ગ્રન્થ વધી જવાના ભયથી તે અહિં કહેતા નથી. ॥ ૧ ॥

**અવ૦**—કઈ તિથિ કયા વિધિથી આરાધ્ય છે તે કહે છેઃ—

## मू०—अट्ठमिचउद्दसीसुं, पच्छित्तं जइ अ न कुणइ चउत्थं ॥
## चउमासीए छट्ठं, तह अट्ठम वासपव्वम्मि ॥२॥

**મૂલાર્થ:**—જો દરેક અષ્ટમી, ચતુર્દશી અને **'च'** શબ્દથી જ્ઞાનપંચમીને વિષે ઉપવાસ, ચોમાસીનો છટ્ઠ અને સંવત્સરીનો અટ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત લાગે. ॥ ૨ ॥

**ટીકાર્થ:**—દરેક અષ્ટમી તથા ચતુર્દશીએ ઉપવાસ, ચોમાસીનો છટ્ઠ, [મૂલમાંના **'तह-तथा'** શબ્દનું લોલકના ન્યાયે બન્ને બાજુ સંબંધપણું હોવાથી] તથા સંવત્સરીનો અટ્ઠમ, અને (મૂલમાંનો **'अ-च'** શબ્દ સમુચ્ચય અર્થે તથા જ્ઞાનપંચમી ગ્રહણ કરવાને અર્થે છે તેથી) જ્ઞાનપંચમીનો ઉપવાસ છતી શક્તિએ કરે નહિ તેને પ્રાયશ્ચિત્ત લાગે. શ્રી મહા-નિશીથ સૂત્રમાં **"संते बले [बल]-वीरियपुरिसयारपरक्कमे०'** પાઠથી કહ્યું છે કે-'શારીરિકબલ, આત્મિકશક્તિ, આત્મીયાભિમાન અને આત્મિક વિષયમાં પ્રાપ્ત બલવીર્યનું સામર્થ્ય હોવા છતાં-**અષ્ટમી**, ચતુર્દશી અને જ્ઞાનપંચમીનો પ્રત્યેક ઉપવાસ, સંવત્સરીનો અટ્ઠમ અને ચોમાસીનો

છટ્ઠ ન કરે તેને પ્રાયશ્ચિત્ત લાગે." તેમ શ્રી વ્યવહારસૂત્રની પીઠિકાની ચૂર્ણિમાં–"**अट्ठमीए चउत्थं, पक्खीए चउत्थं, चउमासीए छट्ठं × × × न करोति पच्छित्तं**' પાઠથી કહ્યું છે કે–અષ્ટમીનો ઉપવાસ, પકખી–ચૌદશનો ઉપવાસ, ચોમાસીનો છટ્ઠ તથા સંવત્સરીનો અટ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત લાગે. અને '**च**' શબ્દથી–'**एएसु चेव × × × न वंदंति पच्छित्तं**' એ જ પર્વતિથિઓમાં જિનચૈત્યો–પ્રતિમાઓ '**वा**' અને અન્યની વસતિ–જગ્યામાં રહેલા મુનિરાજોને વંદન કરે નહિ તો પ્રાયશ્ચિત્ત લાગે:" તથા શ્રી વ્યવહારસૂત્રની પીઠિકાની ટીકામાં–"**एतेषु चाष्टम्यादिदिवसेषु × × × प्रत्येकं प्रायश्चित्तं**' પાઠથી કહ્યું છે કે–'તે અષ્ટમી આદિ પર્વદિવસોને વિષે શ્રી જિનપ્રતિમાઓને અને અન્ય વસતિમાં રહેલાં મુનિવરોને વંદન નહિ કરવામાં એકૈક પ્રતિ પ્રાયશ્ચિત્ત લાગે."

અહિં કેટલાક પૂર્ણિમાને પાક્ષિકપણે સ્થાપવા સારૂ વિપરીત બોલે છે તેઓને તેવું બોલતા બંધ કર્યા સમજવા. કારણકે–ઉપર જણાવેલા પ્રાયશ્ચિત્ત ગ્રંથોને વિષે કોઈપણ સ્થલે પૂર્ણિમાએ (ઉપવાસ ન કરે તો) પ્રાયશ્ચિત્ત જણાવેલ નથી. તથા આવશ્યક ચૂર્ણિમાંનો–'**अट्ठमीचउद्दसीसुं अरहंता साहुणो अ वंदेअव्वा**' પાઠ, પાક્ષિક ચૂર્ણિમાંનો–'**अट्ठमीचउद्दसीसुं उववासकरणं**' પાઠ, તેમજ નિશીથસૂત્રની તથા વ્યવહારસૂત્રની ચૂર્ણિમાંનો–'**अट्ठमछट्ठचउत्थं, संवच्छरचाउमासपक्खेसु। पोसहिअतवे भणिए, बितिअं असहू गिलाणेसु**' પાઠ વગેરેમાં–ચૈત્યપરિપાટી, સુસાધુવંદન અને ઉપવાસ વગેરે પકખી સંબંધીના જે જે વિશેષ કૃત્યો આગમને વિષે જણાવેલ છે તે તે ચૌદશમાં જ જોવાય છે; પરંતુ પૂર્ણિમામાં જોવાતા નથી: તેથી આ જ ગ્રંથમાં આગળ '**नेव कयाइ भूअं०**' એ પ્રમાણે (૧૪મી) ગાથામાં કહેવાશે તે જોઈને મૂંઝાવું નહિ. ॥ ૨ ॥

**मू०–जिणहरजिणबिंबाइं, सव्वाइं साहुणो य सव्वे वि ॥**
**नो वंदइ पच्छित्तं, पुव्वुद्दिट्ठेसु पव्वेसु ॥३॥**

**ટીકાર્થ:**—આ ગાથા તેના શબ્દો ઉપરથી જ સમજાય તેવી સુગમ જ છે. ॥ ૩ ॥

**અવ૦**—હવે તિથિઓના ક્ષય અને વૃદ્ધિ આવે ત્યારે (પરંપરાથી) કઈ તિથિ આરાધ્યપણે સંમત છે? તે પણ દેખાડે છે–બતાવે છે:—

**मू०–तिहिवाए पुव्वतिही, अहिआए उत्तरा य गहिअव्वा ॥**
**हीणं पि पक्खियं पुण, न पमाणं पुण्णिमादिवसे ॥४॥**

**મૂલાર્થ:**—તિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિ (પર્વતિથિ તરીકે) ગ્રહણ કરવી અને વૃદ્ધિ હોય ત્યારે પછીની તિથિ (પર્વતિથિ તરીકે) ગ્રહણ કરવી: પરંતુ ક્ષીણપાક્ષિક, પૂર્ણિમાને દિવસે પ્રમાણ નથી. ॥ ૪ ॥

**ટીકાર્થ:**—તિથિનો ક્ષય હોયે સતે પૂર્વની જ તિથિ ગ્રહણ કરવી અને તિથિની વૃદ્ધિ

હોયે સતે પછીની જ તિથિ ગ્રહણ કરવી. **उपादेया**–પર્વતિથિપણાના આદરપૂર્વક ગ્રહણ કરવી. [ ચૌદપૂર્વધર મહાજ્ઞાની ભગવંતોએ રચેલી નિર્યુક્તિઓ અને ચૂર્ણિઓ જેવા પ્રૌઢતર આગમગ્રન્થોમાંના–'**अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो** ( આષાઢી પૂનમનો ક્ષય હોવાથી ચૌદશને ) **आसाढपुण्णिमा** ( સંજ્ઞા આપી છે. ) **ओ वीसति राते गते भणति ठिआमो त्ति**' એ ધોરીમાર્ગસૂચક પાઠના આધારે ૧૭૦૦ થી વધુ વર્ષો પહેલાં દસ પૂર્વધર **શ્રી** ઉમાસ્વાતિમહારાજના ગણાતા પ્રઘોષ રૂપે] કહ્યું છે કે–'ક્ષય હોય ત્યારે પૂર્વતિથિ ગ્રહણ[1] કરવી, અને વૃદ્ધિ હોય ત્યારે [2]પછીની તિથિ ગ્રહણ કરવી : તથા શ્રી વીરવિભુનું (આસો વદિ ०)) નું ) નિર્વાણકલ્યાણક (દીવાળી) લોકને અનુસારે (અમાસ ઉદયાત્ હોવા છતાં લોક ચૌદશે દીવાળી કરે તો ચૌદશે) જાણવું.'

આ વાત આપણુ (તપાગચ્છ અને ખરતરગચ્છ) બંનેને પણ સંમત જ છે. એ પ્રમાણે સ્વીકારીને પણ હવે કોઈક, ભ્રમણાથી અને પોતાની મંદબુદ્ધિથી–'આઠમ વગેરે પર્વતિથિના ક્ષયે સાતમ[3] વગેરે પૂર્વતિથિને અને ચૌદશના ક્ષયે તેની પછીની પૂનમને ગ્રહણ કરવી.' એ પ્રકારે અર્ધજરતીયન્યાયને અનુસરે છે તેને જ આશ્રયીને ઉત્તરાર્દ્ધ કહ્યું છે કે–'ક્ષય પામેલી ચૌદશને પૂર્ણિમાને વિષે તેના [4]ભોગની ગંધનો પણ સંભવ નહિ હોવાથી પૂનમના

---

૧. અપ્રાપ્ત તિથિને પ્રાપ્ત કરવા માટેનું આ 'क्षये **पूर्वा०**' વિધિવાક્ય, 'उदयंमि जा तिही०' એ ઉત્સર્ગનું અપવાદવાક્ય છે. વાક્યમાં તિથિશબ્દને પ્રથમાવિભક્તિ કર્મણિપ્રયોગને લીધે હોવાથી આ પૂર્વાર્દ્ધનો કર્ત્તરિમાં ' તિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિને ( પર્વતિથિ ) કરવી. ' એ પ્રમાણે સ્પષ્ટ અર્થ છે. આ પૂર્વાર્દ્ધમાં 'तिथिः कार्या' તરીકેના પ્રસિદ્ધ વાક્યમાંના कार्या ક્રિયાપદમાંનો 'य' પ્રત્યય, '**कृत्य**' પ્રત્યય છે. અને તે कृत्य પ્રત્યય 'शक्य' અને 'अर्ह' એ બે અર્થમાં હોવાથી તે 'कार्या'નો પ્રવૃત્તિજન્ય અર્થ ' ગ્રહણ ' છે, એમ જણાવવા સારૂ અહિં ગ્રંથકારે તે 'कार्या'નો પર્યાય 'ग्राह्या' ( ગ્રહણ કરવી ) કરેલ છે. સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના પેજ ૧૬ તથા ૧૩૨ ઉપર આ क्षये पूर्वा०નો કરેલો '**પૂર્વની તિથિને પર્વતિથિ કરવી**' એ સાચો અર્થ પલટીને '**પૂર્વની તિથિએ ક્ષીણપર્વની આરાધના કરવી**' એમ ઉલટો અર્થ કરેલ છે તે મતાગ્રહમૂલક છે. પ્રથમ તિથિ અને પછી આરાધના હોવાથી તિથિનો જ્યારે ક્ષય હોય ત્યારે क्षये पूर्वा० અનુસાર પ્રથમ તિથિ જ નક્કી કરવાની છે. આથી તે જ બૂકના પેજ ૨૧ તથા ૧૧૫ ઉપર તો તે જ અનુવાદકજીને પણ સાચો જ અર્થ કરવો પડેલ છે.

૨. એક તિથિ ત્રણ વારને સ્પર્શીને બે સૂર્યોદયને પામે ત્યારે તે વૃદ્ધિ–બે તિથિ તરીકે ગણાય છે, તેથી તે બંને તિથિનું આરાધવાને યોગ્ય એવી એક તિથિ તરીકે નિયમન કરનારૂં આ '**वृद्धौ कार्या०**' નિયામક વાક્ય છે.

૩. 'તિથિક્ષયે પૂર્વની અપર્વતિથિને પર્વતિથિ જ કહેવી.' એમ જણાવનાર ગ્રન્થકાર મહર્ષિ, અહિં ખરતરને અંગે પણ–'આઠમના ક્ષયે સાતમમાં આઠમનું કૃત્ય કરે છે, એમ કહેતાં નથી; પરંતુ આઠમ વગેરે માટે સાતમ વગેરે તિથિજ લેતા હોવાનું કહે છે.

૪. આ ભોગની વાત, ખરતરગચ્છવાળાઓને પૂનમે પાક્ષિક કરવાની વ્યવસ્થા મળતી નથી અને આપણને તેરસે પાક્ષિક કરવાની વ્યવસ્થા મળે છે, એટલા પૂરતી જ છે : બાકી તેરસના દિને ચૌદશનો ભોગ છે તેટલા માત્રથી આરાધનામાં તે ઉદયાત્ તેરસનો ઉદય અને તેની ઘડીઓ, ચૌદશની બની જતી નથી: એ તો क्षये पूर्वा०નો સંસ્કાર થવાથી જ બને છે.

દિવસે [૫]પ્રમાણ કરવી નહિ. પરન્તુ તેરશના દિવસે જ પ્રમાણ કરવી.' આ સંબંધમાં દૃષ્ટાન્ત સહિત યુક્તિઓ આગળ કહેવાશે.

અહિં–'ઉદયાત્ તિથિનો સ્વીકાર અને અનુદયાત્ તિથિનો ત્યાગ કરવામાં કુશલ એવા આપણ બંનેને તેરશનો પણ ચૌદશ તરીકે સ્વીકાર કરવો તે શી રીતે યોગ્ય ગણાય?' એમ શંકા કરનાર ખરતરને ગ્રન્થકાર કહે છે કે–વાત ઠીક છે. (પંચાંગના ચૌદશના ક્ષયે) **तत्र**–તેરસે કરેલા ચૌદશના સ્વીકારમાં 'તેરસ' એમ કહેવાનો પણ સંભવ [૬]નથી; પરન્તુ–**प्रायश्चित्तादिविधौ**–પ્રાયશ્ચિત્તાદિ નિયત ધાર્મિક કાર્યોને વિષે 'ચૌદશ જ છે' એમ કહેવાય છે. કહ્યું છે કેઃ—

**संवच्छरचउमासे, पक्खे अट्ठाहियासु य तिहिसु ।**
**ताओ पमाणं भणिया, जाओ सूरो उदयमेइ ॥ १ ॥**
**अह जइ कहवि न लब्भंति, ताओ सूरुग्गमेण जुत्ताओ ।**
**ता अवरविद्ध अवरावि हुज्ज न हु पुव्वतव्विद्धा ॥ २ ॥**

**અર્થઃ**—સંવત્સરી, ચોમાસી, પકખી અને અટ્ઠાઈ વગેરે તિથિઓમાં તે તિથિ પ્રમાણ કહેલ છે કે–જે તિથિ સૂર્યોદયને પામેલી હોય. ॥ ૧ ॥ હવે જો કોઈપણ રીતે તે તિથિઓ સૂર્યોદયવાળી પ્રાપ્ત ન થાય તો **अवरविद्ध**=ક્ષીણ એવી બીજ આદિથી વીંધાએલી (એકમ[૭] આદિ) તિથિઓ **अवरावि**=બીજ આદિ તિથિઓ પણ **हुज्ज-भवेयुः**=થાય, પરન્તુ **तव्विद्धा**=બીજ

---

૫. ચૌદશના ક્ષયે ખરતરગચ્છવાળાઓ, પૂનમના દિવસે પૂનમ માને છે અને ચૌદશ કહે છે, તે બદલ ગ્રંથકાર મહર્ષિએ અહિં પૂનમના દિવસે ક્ષીણ ચૌદશને પૂનમની ભેળી માનવી તે અપ્રમાણ કહેલ છે.

૬. આ વાક્ય, લૌકિક ટીપણામાં તિથિનો ક્ષય હોય ત્યારે આરાધનાના પંચાંગમાં પૂર્વની અપર્વ-તિથિનો ક્ષય કરવાનો વ્યવહાર છે, એમ જણાવે છે.

૭. અહિં ચૌદશના ક્ષયની વાત ચાલતી હોવાથી 'अवरविद्ध' પાઠનો–'ચૌદશથી વીંધાએલી' એમ વિશેષ અર્થ કહેવો રહે; પરંતુ તે સિવાય તે પાઠનો સર્વસામાન્ય અર્થ તો–'બીજ આદિથી વીંધાએલી કોઈ પણ તિથિ' એ પ્રમાણે જ કરવો રહે છે. અર્થાત્ ગ્રંથકારે અહિં 'अवरविद्ध' એ પ્રમાણે ઓઘિક જ પાઠ જણાવેલ હોવાથી તે પાઠનો અર્થ, 'ચૌદશથી વીંધાએલી તેરશ કે–બીજ આદિથી વીંધાએલી એકમ આદિ' એવો અર્થ ન લેવાયઃ એટલે કે–તેરસ કે એકમ આદિ નામ ન લેવાય; પરંતુ 'બીજ આદિથી વીંધાએલી કોઈ પણ તિથિ' એ પ્રમાણે જ અર્થ લેવાય. કારણ કે–તિથિનું એકમ આદિ નામ તો તે 'अवरविद्ध' પાઠ પછીના 'अवरावि' પાઠમાંના 'अपि' શબ્દથી લેવાનું છે.

આ વસ્તુ ભૂલીને જો તે 'अवरविद्ध' પાઠનો 'ક્ષીણ ચૌદશથી વીંધાએલી તેરસ' એમ અર્થ કરવામાં આવે તો તેમાં અતિવ્યાપ્તિ થવા સાથે ગ્રંથકારના આશયથી વિરુદ્ધ જવાનો પણ દોષ લાગે તેમ છે. કારણ કે– 'अवरविद्ध'નો અર્થ, 'ક્ષીણ તિથિથી વીંધાએલી' એમ જ થાય છે અને ચૌદશના ક્ષયે તેરસના દિને તેરસની હયાતિ કબૂલ નહિ હોવાથી ગ્રંથકારને તેરસનું નામ પણ ઇષ્ટ નથી, તે નામ લેવાનું બને છે.

આદિથી વીંધાએલી **पूर्वा**=(એકમ આદિ) તિથિઓ **न हु-नैव**=^૮ ન જ થાય. ॥ ૨ ॥

૮. આ બન્ને પ્રાચીન ગાથાનો અર્થ, આજથી સાડાત્રણસો વર્ષ પહેલાના પ્રાચીન બાલાવબોધમાં પણ આ પ્રમાણે જ છે, અને તે અર્થને સં. ૨૦૦૬ના પ્રથમ આષાઢ માસે (સં. ૨૦૦૫ છપાઈને) પ્રસિદ્ધ થએલ **'શ્રી તત્ત્વતરંગિણીબાલાવબોધ'** નામની બૂકના છઠ્ઠા પેજ ઉપર–'जउ सूर्यनइं उदईं करी सहित तिथि पामीइं नहिं तउ अवरा कहिता बीजी आगली तिथि तीणइ वींधी पूर्वेली तिथि आगली ज जाणवी । पणि आगलीं तिथिइं वींधी हुती पूर्विली कहिइ नहिं' એ પ્રમાણે મૂલ બાલાવબોધ તરીકે નવા વર્ગે પણ પ્રસિદ્ધ કરેલ છે. એટલું જ નહિ પણ તે બૂકના સાતમા પેજ ઉપર તે જ નવા વર્ગે તે બાલાવબોધનો–"જો સૂર્યને ઉદયે કરી સહિત તિથિ પામીએ નહિ તો 'अवरा' કહેતાં બીજી આગલી તિથિ તેને (તેણે) વીંધી પૂર્વની તિથિ (તેરસ) આગલી (ચૌદશ) જ જાણવી, પણ આગલી તિથિએ (ચૌદશે) વીંધી પૂર્વની (તેરસ) કહીએ નહિ." એ પ્રમાણે પોતે ગૂર્જરાનુવાદ કરીને આ બે મૂલ ગાથાના **'ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેવી નહિ, પરંતુ ચૌદશ જ કહેવી.'** એ અર્થને જ સાચા અર્થ તરીકે સ્વીકારેલ છે.

આમ છતાં તે વર્ગે, તે 'શ્રી તત્ત્વતરંગિણીબાલાવબોધ' બૂકના તે જ સાતમા પેજ ઉપર તે **સ્વીકૃત અર્થની નીચેની સ્ફુટનોટમાં આ બંને ગાથાના તે સ્વીકૃત અર્થને પણ** [ પૂર્વે કોઈએ, મતિ મુજબ ટીપ્પણી તરીકે લખેલ હોય અને તે પ્રતને કોઈએ પુનઃ લખાવતી વખતે તે ટિપ્પણી, લેખકના હાથે મૂલ ટીકા સાથે જોડાઈ જવા પામેલ હોવાની સંભાવનાવાળી ( કારણ કે–તે લખાણ સર્વ લિખિત પ્રતમાં નથી. ) તે બે ગાથાની–'अत्र च प्रथमगाथायाः सुगमत्वेन द्वितीयगाथार्थो यथा–अथ यदि कथमपि 'ताः' पूर्वोक्ताः 'सूर्योद्गमेन युक्ताः' अवाप्तसूर्योदया इति यावत् , न लभ्यंते 'ता' तर्हि 'अवरविद्ध' त्ति अपरविद्धा–क्षीणतिथिभिर्विद्धा–अर्थात्प्राचीना तिथयः 'अपरा अपि' क्षीणतिथिसंज्ञिका अपि, प्राकृतत्वाद्बह्वर्थे एकवचनं, 'हुज्ज' त्ति भवेयुः । व्यतिरेकमाह–'नहु' त्ति हुरेवार्थे व्यवहितः संबध्यते, तद्विद्धाः सत्यो न पूर्वा एव भवेयुः किन्तु उत्तरसंज्ञिका अपीति भावः ।' એ મુજબની ] અવ્યવસ્થિત ટિપ્પણીને આધારે **અસત્ય લેખાવવાનો પ્રયત્ન કરેલ છે તે,** દિવસને રાત્રિ મનાવવા જેવો છે.

તે ટિપ્પણીગત અર્થને સાચો લેખાવવા સારૂ નવા વર્ગે તે ટિપ્પણીને સં. ૧૯૯૩ થી ગ્રન્થકારની ટીકા તરીકે પણ પ્રચારવાની હિમ્મત કરેલ છે! પરંતુ **સુરત જૈનાનન્દ પુસ્તકાલયની** લિખિત પ્રતમાં તેમજ તેમણે પ્રસિદ્ધ કરેલ **'શ્રી તત્ત્વતરંગિણીબાલાવબોધ'** આદિ અનેક સ્થલની લિખિત પ્રતમાં તે ટિપ્પણી નહિ હોવાથી તે પ્રચાર ક્રમે ક્રમે અસત્ય ઠરેલ છે.

મુખ્ય વાત એ છે કે–"આ 'संवच्छरचाउमासे०' અને 'अह जइ कहवि०' એ બંને ગાથાઓ મૂલ નથી; પરંતુ સાક્ષી ગાથા છે અને કોઈ પણ ગ્રન્થકાર સાક્ષી ગાથા; પોતાના આશયથી વિરુદ્ધની આપે નહિ તેમજ સાક્ષી ગાથાની ટીકા રચે નહિઃ ક્વચિત્ કઠીન શબ્દનો અર્થ કે પર્યાય કરે એ અલગ વાત છે. આ જ ગ્રન્થમાં આ બે સાક્ષી ગાથા કરતાંયે કઠીન એવી અનેક સાક્ષી ગાથાઓ છેઃ કે–જેની આ ગ્રન્થકારે ટીકા કરી નથી." એ વાત જાણવા છતાં નવા વર્ગે તે બાલાવબોધમાં તે બંને સાક્ષી ગાથાની (ગ્રન્થકારના આશયથી ઉલટો અર્થ જણાવનાર) તે અબોધમૂલ ટિપ્પણીને નિજના નિરાધાર મતની સિદ્ધિ અર્થે સિદ્ધાંત તરીકે રજુ કરી દેવાની કુયુક્તિનું શરણ લીધું છે તે શોચનીય છે.

## તે ટિપ્પણી અબોધમૂલ હોવાનાં કારણો.

(अ) ગ્રન્થકારે, ચૌદશના ક્ષયે તેરસે તેરસ કહેવાતી નથી, એ વાતના સમર્થન અર્થે જ તે બંને સાક્ષી ગાથા આપેલી હોવાથી આ ગાથાનો અર્થ, ગ્રન્થકારની તે વાતને જ અનુરૂપ હોય' એટલો વિચાર તે

અહિ શંકા કરનાર ખરતરને ગ્રન્થકાર કહે છે કે:–'પહેલાં તમે ચૌદશ જ કહેવાય,

ટિપ્પણીકારે ધરાવ્યો હોત તો પોતે તે ટિપ્પણી દ્વારા 'ચૌદશના ક્ષયે તેરસે તેરસ પણ કહેવાય.' એવો (ગ્રન્થકારના નિરૂપણથી સદંતર વિરુદ્ધ) અર્થ ઘડી કાઢવાની ગંભીર ભૂલ કરેલ છે તે ભૂલ ન જ થવા પામી હોત.

(आ) ટિપ્પણીકારે કરેલ તે કહેવાતી ટીકાની શરૂઆતમાં–'अत्र प्रथमगाथायाः सुगमत्वेन' કહીને જો પ્રથમ સાક્ષી ગાથાની ટીકા કરવી છોડી દીધી છે, તો બીજી સાક્ષી ગાથાનું પૂર્વાર્દ્ધ પણ એટલું જ સુગમ હોવાથી તેની પણ ટીકા તેમણે સુગમ કહીને છોડી જ દેવી ઘટતી હતી; છતાં તે છોડી નથી ! એવા તદ્દન સુગમ પૂર્વાર્દ્ધની પણ કરેલી તે ટીકા–'अथ यदि कथमपि 'ताः' पूर्वोक्ताः પર્યન્ત' હજુ પણ ઠીક, પરન્તુ તે પછીનો 'सूर्योद्गमेन युक्ताः' શબ્દ શું કઠીન હતો ? કે–જેથી તે સહેલા શબ્દનો પણ 'अवाप्तसूर्योदयाः' તરીકે કઠીન પર્યાયાર્થ કરવાનો નિરર્થક પ્રયાસ વ્યાજબી માન્યો ! વળી તે 'अवाप्तसूर्योदयाः' પર્યાય પછી પણ 'इति यावत्' વાક્ય લખીને તે પર્યાયના પણ બહુપર્યાયાર્થ જણાવવા શેષ રહે છે, એવો તે પર્યાય કઠીન છે' એમ જણાવનારો પ્રયોજન શૂન્ય વાગ્વિલાસ કરેલ છે.

(इ) તેવા સમજુ તે ટિપ્પણીકારે તે પછીથી તે બીજી સાક્ષી ગાથાના ઉત્તરાર્દ્ધની ટીકામાંના–'क्षीणतिथिभिर्विद्धा–अर्थात्प्राचीनातिथयः' વાકયમાં 'अर्थात्' શબ્દ નિરર્થક ગોઠવેલ છે. એ પછી આગળ જતાં મૂળ શબ્દ 'अवरावि'ને બદલે તે મૂલ શબ્દના સંસ્કૃતમાં થતા 'अपरा अपि' વાકયને મૂલ તરીકે બતાવેલ છે અને તે 'अपरा अपि' વાકયના તેમણે કરેલા 'क्षीणसंज्ञिका अपि' પર્યાયાર્થમાંના 'अपि' શબ્દનો અર્થ 'अन्या' જણાવવો આવશ્યક હતો તે તો જણાવેલ જ નથી ! વિશેષ વિચારણીય તો એ છે કે–તે પછી તે ટિપ્પણીકારે તે 'अवरावि' પાઠમાંના अवरा' શબ્દને તે પાઠમાંના 'भवेयुः' ક્રિયાપદના યોગે પણ બહુવચનાંત તરીકે નહિ જાણી શકવાથી તે બહુવચનરૂપ अवरा' શબ્દને એકવચન કહી દેવાની ભૂલ કરી છે, અને તે ભૂલ પરંપરાને લીધે તે ઉત્તરાર્દ્ધ ગાથાના' ઉપર જણાવેલા સત્ય અર્થને જ હણી નાખવાની ગંભીર ભૂલ થવા પામી છે.

(ई) તે અનર્થ કર્યા પછી તે ટિપ્પણીકારે આગળ જે व्यतिरेकमाह' લખેલ છે, તે તો તદ્દન અજ્ઞાન–મૂલક છે. મૂળ ગાથામાં 'अपि' શબ્દ હોવાથી જ્યાં અન્વય જ નથી ત્યાં વ્યતિરેક હોય જ કયાંથી ?

(उ) તે પ્રકારના વિદ્વાન્ તે ટિપ્પણીકારે આગળ જતાં લખેલ 'नहु' त्ति हुरेवार्थे व्यवहितः संबध्यते' પંક્તિમાં રહેલ 'हु' અવ્યયને વિભક્તિનો વિસર્ગ યોજી રાખેલ છે તે વિસર્ગવાળા 'हुः' પ્રયોગને નવા વર્ગે સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ કરેલ **'પર્વતિથિપ્રકાશ'** બૂકના ૨૩મા પેજ ઉપર છાપીને સાચો લેખાવેલ છે; પરંતુ પોતાની તે બૂકમાંની ભૂલોના મનોભીષ્ટ સુધારારૂપે સં. ૨૦૦૬માં તે વર્ગને પુનઃ પ્રસિદ્ધ કરવી પડલ **'સપરિશિષ્ટ-શ્રી તત્ત્વતરંગિણી–ટીકાનુવાદ'** નામક બૂકના પાંચમા પેજ ઉપર તે 'हुः'નો हु' બનાવી દેવારૂપે તે ટિપ્પણીકારના સાગ્રીતનું કાર્ય કરવું પડેલ છે !

(ऊ) ટિપ્પણીમાંના તે 'हुरेवार्थे' વાકય પછી તે ટિપ્પણીકારે તે ટિપ્પણીમાં 'મૂળગાથામાંના 'न' અવ્યયની જોડેના તે 'हु' અવ્યયના 'एव' અર્થને તે 'न' અવ્યયથી મનસ્વીપણે જ જૂદા સ્થળે યોજવાનું કહેનારૂં 'व्यवहितः संबध्यते' વાકય ગોઠવી દેવાની ભૂલ કરી છે અને તે ભૂલના યોગે તેમને' તે પછીથી લખવા પડેલા–'तद्विद्धाः सत्यो न पूर्वा एव-पूर्वतिथिनाम्न्य एव भवेयुः' એ કલ્પિત વાકય વડે 'ક્ષીણ એવી બીજ આદિ તિથિઓ એકમ આદિ નામવાળી જ ન રહે; બીજ આદિ નામવાળી પણ બને છે.' એ પ્રમાણે ગ્રંથકારની 'ચૌદશના ક્ષયે તેરસે તેરસ કહેવાતી જ નથી' એ વાતથી સદંતર અવળા જ અર્થને જન્મ આપવાની ગંભીર ભૂલના ભાજન બનવું પડેલ છે. અર્થાત્ ગ્રંથકાર મહાત્માએ પોતાની તે વાતના સમર્થન અર્થેજ જણાવેલી તે મૂળ સાક્ષીગાથામાંના તે 'न'ની જોડે જ રહેલા 'हु'વાળા તે 'न हु पुव्वतव्विद्धा'

એમ કહ્યું અને અહિં તો '**अवराऽवि**' શબ્દમાંના '**अपि**' શબ્દથી તેરસની[૯] સંજ્ઞા પણ ગ્રહણ કરાય છે તેથી વિરોધ કેમ નહિ?' એમ બોલવું નહિ : કારણકે-**प्रायश्चित्तादिविधौ**-પ્રથમ જણાવેલ ચતુષ્પર્વી[૧૦] આદિ તિથિનિયત તપ-ચૈત્યવંદન-સાધુવંદન વગેરે વિધિ-

તરીકેના સીધા વાકયનો '**तद्विद्धा पूर्वा नैव**'-બીજ આદિથી વીંધાએલી એકમ આદિ ન જ કહેવી, એ પ્રમાણે જે સીધો અર્થ હતો='ચૌદશના ક્ષયે તેરસને તેરસ ન જ કહેવી' એમ સીધો અર્થ હતો તેને બદલે તે ટિપ્પણીકારે તે કલ્પિત ટિપ્પણ લખવા વડે 'ચૌદશના ક્ષયે તેરસે તેરસ પણ કહેવી' એ પ્રમાણે સદંતર વિપરીત અર્થ ખડો કરવાની ભૂલ કરી છે તે અજ્ઞાનતાના યોગે ગ્રન્થકારશ્રીના આશયને મૂલમાંથી જ હણી નાખવાની ગંભીર ભૂલ થવા પામી છે.

(ऋ) તેવા વિદ્વાન્ (?) તે ટિપ્પણીકારે લખેલી તે તે પ્રકારના અનવસ્થિત આદિ દોષના ભંડારસમી તે ટિપ્પણીરૂપ ટીકાનું-'**किंतु उत्तरसंज्ञिका अपि भवेयुः**' એ અંતિમ વાકય તો તદ્દન પ્રયોજનશૂન્ય છેઃ કારણ કે એ વાકયની પૂર્વે તેમણે લખેલા '**न पूर्वा एव भवेयुः**' વાકયથી તેના હિસાબે ચૌદશના ક્ષયે તેરસ તો રહેતી જ હતી, એટલે આ અંતિમ વાકયમાંના '**अपि**' શબ્દથી ચૌદશના ક્ષયે તેરસે તેરસ રહેતી હોવાનું પુનઃ જણાવવું રહેતું જ નહોતું. આથી તે ટિપ્પણીકારનો આ અંતિમ પ્રયાસ તો સદંતર નિરર્થક છે.

"ટિપ્પણીકારની આવા અનેક દોષોથી ભરેલી તે ટિપ્પણીરૂપ ટીકા કયાં? અને ગ્રંથકારશ્રીની સુસંબદ્ધ-તાત્ત્વિક-પ્રૌઢ-સાત્ત્વિક-અર્થગંભીર અને નિર્દોષ વાકયપદ્ધતિથી ઝળહળતી આ મનોરમ ટીકા કયાં?" એ પ્રકારની વિચારણા જ કર્યા વિના તે અસ્તવ્યસ્ત વાકયનર્તનમયી અને અસત્ય અર્થને સર્જનારી તે ટિપ્પણીરૂપ ટીકાને પોતાના મતને અનુરૂપ જાણીને નવા વર્ગે, એ રીતે આ ગ્રન્થકારની ટીકાના નામે પ્રચારીને સત્ય સિદ્ધાંતને હણી નાખવાનું કાર્ય કરવું ઘટતું નહોતું.

૯. સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના ૨૪ મા પેજ ઉપર આ '**अवरा वि**' પદનો '**ક્ષીણતિથિ (ચૌદશ)ની સંજ્ઞાવાળી પણ**' એમ અર્થ લખેલ છે તે મતાગ્રહમૂલક છે અને તે બૂકમાંની તેવી અનેક ગરબડ ખુલ્લી થયા પછી સં. ૨૦૦૬માં તે વર્ગે પુનઃ છપાવવી પડેલ-'**સપરિશિષ્ટ-તત્ત્વતરંગિણી-ટીકાનુવાદ**'ના પેજ ૬ ઉપર '**अवराऽवि**' પદને શબ્દ કહેવાની ભૂલ કરીને અને તે પદના તે સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકમાં લખેલા તે અર્થને '**અન્ય (તેરસની) સંજ્ઞા પણ જણાવી**' એ પ્રમાણે સદંતર પલટીને જે અર્થ લખેલ છે તે અર્થ પણ ભ્રામક છે: કારણ કે તે અર્થમાં તે '**अवराऽवि**' પદમાંના '**अवरा**' અને '**अपि**' એ બે શબ્દના અનુક્રમે '**अपरा**'થી જે ચૌદશ અને '**अपि**'થી તેરસ, એમ બે અર્થ થાય છે તેમાંના એક 'ચૌદશ' અર્થને ઇરાદાપૂર્વક છૂપાવવામાં આવેલ છે.

૧૦. યોગશાસ્ત્ર પૃ. ૧૭૮ ઉપર આ '**चतुष्पर्वी**' શબ્દની વ્યાખ્યામાં-'આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ' એ ચાર પર્વીને ચતુષ્પર્વી કહેલ છે. આ ચતુષ્પર્વીમાં ૧૪-૧૫ અને ૧૪-૦)) એ બે જોડીયાં પર્વો છે. પૂનમ અને અમાસની ક્ષય-વૃદ્ધિ વખતે નવા મત અનુસાર તે પર્વો ખંડિત થતા હોવાથી તેમજ જોડે રહેતા નહિ હોવાથી તે ચતુષ્પર્વીમાં ગણાતી પૂનમ અને અમાસ એ બે પર્વીને નકામી મનાવવા સારૂ નવા વર્ગે તે શાસ્ત્રીય ચતુષ્પર્વીમાંની પૂનમ અને અમાસને પર્વની ગણત્રીમાંથી જ ઉડાવી દઈને તથા તે શાસ્ત્રીય ચતુષ્પર્વીમાંની એક આઠમ અને એક ચૌદશને બે આઠમ અને બે ચૌદશ એમ ચાર પર્વીને મનસ્વીપણે જ ચતુષ્પર્વી ગણાવીને સં. ૧૯૯૩ની પોતાની 'પર્વતિથિપ્રકાશ' બૂકના પાંચમા પેજ ઉપર તે બે આઠમ અને બે ચૌદશની કૃત્રિમ ચતુષ્પર્વી ઉભી કરવી પડેલ છે. અને તે પોતે બનાવેલી ચતુષ્પર્વીને **જૈનદર્શનની ચતુષ્પર્વી** ગણાવવાની હદે જવું પડેલ છે તે શોચનીય છે.

વિધાનોમાં 'ચૌદશ જ કહેવાય', એમ કહેલું હોવાથી અથવા 'ગૌણ[11] અને મુખ્ય ભેદથી મુખ્યપણે ચૌદશનો જ વ્યપદેશ–વ્યવહાર (ધારો) છે તે યુક્ત છે' એ અભિપ્રાયથી 'ચૌદશ જ કહેવાય' કહેલું હોવાથી વિરોધ નથી. અને–(પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિના દિવસે પર્વતિથિ જ કહેવી) એ વાત તો તમે પણ સ્વીકારેલી જ છે: આમ છતાં તે રીતે અપર્વે પર્વ જ નહિ કરો તો સાતમના[12] દિવસે કરાતું ક્ષીણઅષ્ટમીનું કૃત્ય, 'અષ્ટમીનું છે' એવા વ્યપદેશને=વ્યવહારને પામે નહિ. **'न चेष्टापत्तिः'**=અષ્ટમીનો વ્યવહાર ન પામો, પણ આઠમના પૌષધની તો પ્રાપ્તિ છે ને? એમ પણ ન કહેવું. કારણકે–"બાલકથી માંડીને ભૂપતિ સુધી પ્રસિદ્ધ જ છે કે–'આજે અમારે આઠમનો પૌષધ છે' એ વચન બોલનાર પુરુષવડે પાલન કરાતા અનુષ્ઠાનનો અપલાપ કરનાર–અનુષ્ઠાનને ઓળવનાર થવાતું હોવાથી ગાંડા ગણાવાનો પ્રસંગ છે."

**હવે જો એમ કહો કે**—'આઠમનો ક્ષય હોયે સતે આઠમનું કાર્ય પણ નાશ પામ્યું.' તો અહો, તમારી અમર્યાદ પંડિતાઈ! કારણકે–(તેવું બોલવામાં તો તમે) પોતે આઠમનું કાર્ય કરીને પણ અપલાપ કરતા હોવાથી 'મારો પિતા બાલબ્રહ્મચારી છે!' એ ન્યાયને અનુસરો છો. **હવે જો**–'(ટિપ્પણામાંની સાતમે રહેલી આઠમને લોક, આઠમ ગણે છે તે) લોકવ્યવહારનો (સાતમે આઠમનું કાર્ય ન કરીએ તો) ભંગ થતો હોવાના ભયથી સાતમે

૧૧. **"गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः"**- इति न्यायः–ગૌણ અને મુખ્ય એ બે ભેદમાંથી મુખ્ય ભેદને વિષે કાર્યનો નિશ્ચય કરવો, એમ ન્યાય છે.–भुवनेशलौकिकन्यायसाहस्री पृ ३६, सूत्र ६९ तट्टीकायांच–**'गौणे ह्यर्थे शब्दः प्रयुज्यमानो मुख्यार्थारोपणैव प्रवर्त्तते**–ગૌણ અર્થમાં જ શબ્દપ્રયોગ કરાતો (ગૌણશબ્દ) મુખ્ય અર્થના (જે આરોપ કરાય તે) આરોપથી જ પ્રવર્તે છે.' તથા– **ગોધૂમાંકુરમાં**–પૃથ્વી, પાણી, હવા એ ગૌણ કારણ હોવાથી અને મુખ્ય કારણ ગોધૂમ હોવાથી 'પૃથ્વ્યંકુર–જલાંકુર–પવનાંકુર' કહેવાતો નથી, પરંતુ 'ગોધૂમાંકુર' જ કહેવાય છે:" તેમ ચૌદશના ક્ષયે તેરસે મુખ્યપણે ચૌદશ હોવાથી ચૌદશ જ કહેવાય. ગૌણનો તો વ્યવહાર જ થતો નથી. " **પ્રતિમાને વિષે** પત્થર મૂળ છે, પરંતુ તે ગૌણ લેખાતો હોવાથી મુખ્ય ગણાતી પ્રતિમાનો જ વ્યવહાર કરાય છે અને તે વ્યવહારમાં કદિ 'પ્રતિમા પણ છે અને પત્થર પણ છે' એમ બોલાતું જ નથી. **માતાને વિષે પણ**–માતામાં રહેલું સ્ત્રીત્વ ગૌણ હોવાથી 'એ માતા પણ છે અને સ્ત્રી પણ છે' એમ બોલાતું જ નથી." તેમ ચૌદશના ક્ષયે ગૌણ ગણાતી તેરસને દિવસે 'મુખ્યના હિસાબે ચૌદશ કરાય છે તેમાં' 'આજે ચૌદશ પણ છે અને તેરસ પણ છે' એમ શ્રી સંઘમાં કહેવાતું જ નથી; એમ ગ્રંથકારશ્રી, અહિં આ **'गौणमुख्यभेदात्०'** પાઠથી સ્પષ્ટ કરે છે. અર્થાત્–શાસ્ત્રકારે તે પાઠ વડે 'ગૌણ અને મુખ્ય એ બે ભેદ પ્રવર્ત્તતા હોય ત્યાં તે પ્રકારે મુખ્યનો જ વ્યવહાર પ્રવર્ત્તતો હોય છે,' એમ સ્પષ્ટ કર્યું છે.

૧૨. આ **'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां०'** એટલું ખંડ વાક્ય પકડીને ૭/૮ કહેવા તથા લખવા માંડેલ નવો વર્ગ, આઠમના ક્ષયે 'क्षये पूर्वा०'થી સાતમની બનતી આઠમે સાતમની પણ હયાતિ આ ગ્રન્થકારશ્રીના નામે લેખાવે છે તે ખોટું છે. કારણ કે–આ અધિકાર, પૌષધનો ચાલતો હોવાથી તથા (પૌષધ ઉચ્ચરવાનો કાળ સૂર્યોદય પહેલાં જ છે, અને ગ્રન્થકારે તે વખતથી જ આઠમ ગણી છે એ વાત,) તે પંક્તિની જોડે જ લખેલી બે પંક્તિ દ્વારા 'આઠમના પૌષધને આઠમનો નહિ કહે તો ગાંડા ગણાવાનો પ્રસંગ આવશે' એમ ગ્રંથકારે ખરતરને સ્પષ્ટ જણાવેલ હોવાથી સ્પષ્ટ છે. માનીએ છીએ કે–નવા વર્ગે 'પર્વતિથિપ્રકાશ'માં આ પંક્તિઓનો અર્થ એથી જ છૂપાવ્યો હોય.

કરાતું પણ આઠમનું કાર્ય દોષકારક નથી' એમ કહો, તો સુંદર વાત છે. તો **તન્નીત્યૈવ**-(ટિપ્પણામાંની તેરસે રહેલી ચૌદશને જ લોક, ચૌદશ માને છે) તે લોકવ્યવહારનો ભંગ થતો હોવાના ભયથી જ ચૌદશનું કૃત્ય પણ તેરસે કરો. કારણકે-**ઉચ્છિન્નત્વેઽપિ**-ચૌદશના ક્ષયે તેનું કાર્ય નાશ પામતું હોવાનું કહો તો તેમાં પણ, લોકવ્યવહારના ભંગનો ભય તો તે બંનેય વાતમાં સમાન છે : અર્થાત્-જેમ આઠમના ક્ષયે સાતમમાં લોકભીતિથી જાવ છો તેમ તે લોકભીતિથી ચૌદશના ક્ષયે તેરસે જવું જોઈએ; પરંતુ પૂનમે ન જવું જોઈએ. કારણકે-લોકવ્યવહારભંગનો ભય તે બંનેય વાતમાં સમાન છે. ॥ ૪ ॥

**અવતરણિકા:**—હવે ખરતરના-"ચૌદશના ક્ષયે તેરસે રહેલી ચૌદશ પછી આરાધ્યપણે સમીપમાં રહેલી પૂર્ણિમા, ચતુષ્પર્વીમાંની તિથિ હોવાથી પાક્ષિકકૃત્ય (તેરસે યુક્ત નથી, પરંતુ) પૂનમે યુક્ત છે અને (તેની જેમ આઠમનું કાર્ય નોમે કરતા નથી તેનું કારણ-) નવમીમાં તો ચતુષ્પર્વીપણાનો અભાવ છે તેથી અષ્ટમીનું અનુષ્ઠાન[૧૩] સાતમમાં જ ઈષ્ટ છે." એ શંકાજ્વરના નાશ માટે ઉત્તમ ઔષધ સમાન ગાથા કહે છે:—

## મૂ॰—नाराहणभंतीए पक्खिअकज्जं च पुण्णिमादिवसे ॥
## हीणट्ठमि कल्लाणग—नवमीए जेण न पमाणं ॥५॥

**મૂલાર્થ:**—'ચૌદશનો ભોગ ભલે ન હોય; પરંતુ ચૌદશની આરાધના તો થાય છે ને?' એ ભ્રાંતિથી પાક્ષિક-કૃત્ય-ચૌદશનું કાર્ય, પૂનમે કરવું યુક્ત નથી : કારણકે-ક્ષય પામેલી [૧૪]અષ્ટમી, કલ્યાણકવાળી નોમમાં પ્રમાણ કરતા નથી. ॥ ૫ ॥

**ટીકાર્થ:**—જો કે આગમને વિષે (ત્રણ) ચોમાસી સંબંધીની ત્રણ પૂનમો અને મહા-કલ્યાણકના સંબંધ વડે પુણ્યતિથિ તરીકે પ્રસિદ્ધ ગણાતી અમાવાસ્યાઓ આરાધ્ય કહેલી છે, **तथापि क्वापि**=તો પણ કોઈક સ્થળે શ્રાવકોને કેવલ પૌષધવ્રતને જ આશ્રયીને **सामान्येन**-સર્વ પૂનમ ગ્રહણ કરેલી જોવાય[૧૫] છે. આથી તે સામાન્યની અપેક્ષાએ યુક્તિઓ જણાવાય

૧૩. ખરતરને તે ક્ષીણ અષ્ટમીના સાતમે કરતા અનુષ્ઠાનને પહેલાં આઠમનું કબૂલ કરાવ્યા પછી જ ગ્રંથકારે, ખરતરને અહિં સાતમમાં આઠમનું અનુષ્ઠાન કરવાનું કહેલ છે. તેથી શાસ્ત્રકારે એ વાક્ય, અમોને 'સૂર્યોદય પહેલાં લેવાતા અષ્ટમીના પૌષધની અપેક્ષાએ ઉદયવાળી સાતમને ઉદયવાળી આઠમ ગણીને કહેલ છે.' એમ ખરતરને પણ માન્ય છે, એમ જાણવા છતાં નવો વર્ગ, આ વાક્યને પોતાની ૭/૮ની માન્યતામાં ખેંચે છે તે અયુક્ત છે.

૧૪. અહિં પણ શાસ્ત્રકારે પોતાના ધ્યેય અનુસાર ખરતરને 'ક્ષીણ અષ્ટમીનું કૃત્ય' કહેલ નથી: પરન્તુ 'નોમમાં ક્ષીણ અષ્ટમી' કહેલ છે. છતાં **'પર્વતિથિપ્રકાશ'** પેજ ૨૬ તથા **'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'**ના પેજ ૭ ઉપર નવાવર્ગે આ આઠમનો અર્થ, **'આઠમનું કાર્ય'** એમ કરેલ છે, તે અષ્ટમીના ક્ષયે **'क्षये पूर्वा॰'**થી સાતમે થતી આઠમને યેનકેન ૭/૮ લેખાવવાની વૃત્તિને આભારી છે. કે-જે માન્યતા ખરતરની પણ નથી.

૧૫. શ્રી સેનપ્રશ્ન પૃષ્ઠ ૪૪ ઉપરના 'अथ च-'चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्ण' मित्यस्य व्याख्या-

છે તે, આ પ્રમાણેઃ-આરાધનાની ભ્રાંતિથી પાક્ષિક-ચૌદશનું કાર્ય પૂનમના દિવસે કરવું યુક્ત નથી : આ વાતને પછીના અર્ધા શ્લોકથી દૃષ્ટાંત વડે સિદ્ધ કરે છે કે-'કલ્યાણકની નોમ આરાધ્ય તરીકે આપણ બંનેને સમ્મત હોવા છતાં પણ તે નવમીમાં ક્ષીણ[૧૬] આઠમ

चतुर्दश्यष्टम्यौ प्रतीते,उद्दिष्टासु-महाकल्याणकसंबंधितया पुण्यतिथित्वेन प्रख्यातासु, पौर्णमासीषु तिसृषु चातुर्मासिकसम्बन्धिनीष्विति सूत्रकृतांगद्वितीयश्रुतस्कंधसूत्रवृत्तौ लेपश्रावकाधिकारे इत्येतदाराधनं चरितानुवादरूपं, शतवारं पंचमश्राद्धप्रतिमावाहककार्त्तिकश्रेष्ठिवत्न तु विधिवादरूपं,-એ પાઠ મુજબ આગમને વિષે આરાધ્યપણે જે ચોમાસીની ત્રણ જ પૂનમ જણાવેલ છે તે, તો કોઈ એકાદ વ્યક્તિએ, આચરેલ અનુષ્ઠાન તરીકે ચરિતાનુવાદ રૂપ વિશેષ વાત છે અને કાર્તિકશેઠની જેમ વર્ષની બારેય પૂનમને આરાધ્યપણે માનીને આરાધવી તે વિધિવાદરૂપ સામાન્ય વાત છે."

તદનુસાર અહિં ગ્રન્થકારે સામાન્યપણે-વર્ષની બારેય પૂનમને આરાધ્ય કહેલી છે. એમ જાણવા છતાં, અન્ય અનેક લિખિતપ્રતોમાં પણ આ પ્રમાણે 'तथापि क्वापि' જ પાઠ હોવા છતાં અને ટીકામાં 'यद्यपि' તેમજ 'तथापि' શબ્દોથી આ જ અર્થ સંગત હોવા છતાં [ આ શાસ્ત્રીય વાત, **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પાંચમા પેજ ઉપર ચતુષ્પર્વીમાંથી પૂનમને ઉડાવી દઈને બે આઠમ અને બે ચૌદશની કલ્પિત ચતુષ્પર્વી ગોઠવનાર આ નવા વર્ગને બહુધા બાધક હોવાથી ] તેમણે, આ શાસ્ત્રીય વાતનો-કોઈ અશુદ્ધપ્રતમાંના 'तथापि न क्वापि, એ અસંગત પાઠને આગલ કરીને પોતાની તે 'પર્વતિથિપ્રકાશ' બૂકના ૨૬મા પેજ ઉપર 'તો પણ શ્રાવકોના કેવળ પૌષધવ્રતને આશ્રયીને જ તે સામાન્યપણે ગ્રહણ કરેલી ક્યાંય જોવામાં આવતી નથી.' એ પ્રમાણે સદંતર અસંગત-અસંબદ્ધ અને વિપરીત અર્થ કરીને તે અર્થને આ ગ્રન્થકારશ્રીના નામે ચઢાવી દેવાની ગરબડ કરેલ છે, પરન્તુ શાસનસંઘના પ્રયાસથી તે ગરબડ જ્યારે ઉઘાડી પડી જવા પામી ત્યારે તે ગરબડનો તેર વર્ષ બાદ તે નવીને પુનઃ પ્રસિદ્ધ કરેલ- 'सपरिशिष्ट तत्त्वतरंगिणी टीकानुवाद' બૂકના સાતમા પેજ ઉપર ( કૌંસમાં યદ્વા તદ્વા વાતો લખવાપૂર્વક ) 'તે વાત તો મેં સાધુઓને આશ્રયીને લખેલ છે.' એ ભાવનું લખાણ કરીને જે બચાવ કરેલ છે તે તેમનો બચાવ પણ ભ્રામક છે. કારણ કે-'ગ્રન્થકારે અહિં તે વાત સાધુને આશ્રયીને તો જણાવેલી છે જ નહિ; પરંતુ શ્રાવકોના પણ કેવલ પૌષધવ્રતને આશ્રયીને જ જણાવેલ છે.' આ વાત, આ મુદ્રિતગ્રંથના- 'श्रावकाणां केवलं पौषधव्रतमेवाश्रित्य' એ પાઠથી જ નહિ; પરંતુ તે **'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'**ના ૪૦ મા પેજ ઉપર તે નવીને જ જણાવેલા-(શ્રી પ્રવચન પરીક્ષા પત્રાંક ૪૧૪ ઉપરના)-"अत्र च चातुर्मासिकव्यतिरिक्तपूर्णिमा अमावास्या च श्रावकाणामेव 'चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा विहरंती'ति प्रवचनवचनात् पौषधव्रतमात्रमंगीकृत्याराध्यत्वेनाभिमता, न पुनः क्वापि साधूनामपीयममुकविधिनाऽऽराध्येति" એ પાઠથી પણ હકીકતરૂપે સિદ્ધ છે. અર્થાત્ તે વર્ગે પણ અહિં-' ચોમાસી સિવાયની પૂનમો અને અમાવાસ્યાઓ આગમવચનથી શ્રાવકોને જ પૌષધમાત્ર આશ્રયીને કહે છે.' એ મુજબ સ્વયં લખીને ચોમાસીની ત્રણ પૂનમો સિવાયની બીજી પૂનમોને પણ આરાધ્ય તરીકે સ્વીકારેલ છે. **'શ્રી હીરપ્રશ્ન'** પૃ. ૬ ઉપરનો 'सर्वा अपि पूर्णिमा पर्वत्वेन मान्या' એ પાઠ પણ સર્વ પૂર્ણિમાને આરાધ્ય જણાવે છે.

૧૬. ગ્રંથકારે અહિં પણ 'નોમમાં આઠમનું કૃત્ય' એમ કહેલ નથી; પરંતુ 'નોમમાં ક્ષીણ આઠમ' કહેલ છે. માટે અષ્ટમીના ક્ષયે આ ગ્રંથના નામે ૭/૮ બોલવી તે આ ગ્રંથનો ભારી દુરુપયોગ કરવારૂપ ઠરે છે. આ ગ્રંથકારશ્રીના સમય સુધી અને ત્યારબાદ સં. ૧૯૯૨ સુધી જૈનસમાજમાં અષ્ટમી આદિના ક્ષયે આરાધનાના માર્ગમાં ૭/૮ આદિ આચરવાની તો નહિ જ; પરંતુ બોલવાની પણ ગંધ હતી નહિ.

પ્રમાણ કરતા નથી એ વાત નક્કી છે.' અહિં–'કલ્યાણક સંબંધીની નોમનું ચતુષ્પર્વીરૂપે આરાધ્યપણું નહિ હોવાથી પૂનમની સાથે તે નોમની સમાનતા શી રીતે?' એમ ન કહેવું. કારણકે–'(ક્ષીણ આઠમ તમો સપ્તમીએ કરો છો તે) સાતમની અપેક્ષાએ કલ્યાણકવાળી નવમીને વિષે આરાધ્યપણાને લીધે અધિકપણું હોવામાં કશો વિરોધ નથી.' તમે તો (તેરસ કરતાં) પૂર્ણિમાનું 'આરાધ્યપણાને લીધે અધિકપણું જ છે' એમ મતિકલ્પનાએ પોકારો છો, તેને ચતુષ્પર્વીમાંની હોવા તરીકે હવે બચાવ માટે આગળ કરો છો, માટે (તે પોકાર બંધ કરીને) હળવે હળવે જ બોલવું.

**વળી પ્રશ્ન છે કે**–ક્ષીણ અષ્ટમીયુક્ત સાતમ ચતુષ્પર્વીની અંદરની ગણો છો કે બહારની[૧૭]? **જો**–ચતુષ્પર્વીની અંદરની ગણો છો તો ક્ષીણ ચૌદશથી યુક્ત તેરસ પણ ચતુષ્પર્વીની[૧૮] અંદરની તિથિ કેમ નહિ? **તથા જો**–'ક્ષીણ અષ્ટમીયુક્તા સપ્તમી, ચતુષ્પર્વીની બહારની તિથિ છે' એમ કહેશો તો (ક્ષીણ અષ્ટમીનું અનુષ્ઠાન તમારે સાતમે જ થતું હોઈને) તમોને જ અનિષ્ટ છે! કારણકે–પર્વતિથિ સિવાયની તિથિઓમાં તો તમે પૌષધ માનતા નથી.

**વળી** ચતુષ્પર્વીને એકરૂપે આરાધ્યપણાનો=ચારેય પર્વીનું એક જ પ્રકારે આરાધન હોવાનો અભાવ હોવાથી પૂનમ, ચૌદશપણે કેવી રીતે સ્વીકારી શકાય? (ચૌદશના ક્ષયે) પાક્ષિકની અપેક્ષાએ તમારે જેમ તેરસ (અપર્વ) છે, તેમ પૂનમ[૧૯] પણ (અપર્વ) છે. આ

---

માત્ર ખરતરગચ્છવાળાઓ, અષ્ટમીના ક્ષયે સાતમે આઠમ કરવારૂપે અને ચતુર્દશીના ક્ષયે પૂર્ણિમાએ ચૌદશ કરવારૂપે અર્ધજરતીયન્યાય આચરતા હોવાથી—તે માર્ગ નથી; પરંતુ 'સાતમે આઠમ કરવી અને તેરસે ચૌદશ કરવી તે જ માર્ગ છે' એમ જણાવવા આ ગ્રંથની આજથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે રચના થએલ છે; સં. ૧૯૯૨ થી જ શરૂ થએલા નવામતને સાચો લેખાવવા થએલ નથી. આથી જ આ ગ્રંથના આધારે તે નવો મત સાબિત કરવામાં નવા વર્ગને જે જે સ્થલે મુશીબતો જણાયેલ છે તે તે સ્થલે તેમણે આ પ્રમાણે પાઠોના અવળા અર્થો કરીને જ ચાલવું પડેલ છે.

૧૭. ગ્રંથકારે, આઠમના ક્ષયે ક્ષીણ અષ્ટમીયુક્ત સાતમને ( પૂર્વે ક્ષયે પૂર્વા૦ પ્રઘોષાદિ અનુસાર જે) આઠમ જ કહેવાનું જણાવેલ છે તે આઠમને અહિં ચતુષ્પર્વીની પણ આઠમ કહેલ છે: આથી આઠમના ક્ષયે આ જ ગ્રંથના નામે ૭/૮ બોલનારા લખનારા અને માનનારાઓ, સાફ સાફ કલ્પિતમતીઓ ઠરે છે.

૧૮. પ્રથમ–ચૌદશના ક્ષયે ક્ષીણ ચૌદશયુક્ત તેરસને ચૌદશ જ કહેવાનું જણાવ્યા બાદ અહિં તો ગ્રન્થકાર, તે ચૌદશને ચતુષ્પર્વીની ચૌદશ કહે છે. આ રીતે ગ્રન્થકારે પૂર્વે 'ચૌદશના ક્ષયે પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તેરસના દિવસે ચૌદશ જ કહેવાય.' ઇત્યાદિ જણાવેલી વાતને આ ગ્રન્થમાં સૈદ્ધાંતિક શૈલીથી પદે પદે સિદ્ધ કરેલ હોવાથી જેઓ બીજ આદિ પર્વના ક્ષય–વૃદ્ધિ પ્રસંગે આરાધનામાં આ ગ્રંથના નામે જે– "૧/૨, ૪/૫, ૭/૮, ૧૦/૧૧, ૧૩/૧૪, ૧૪/૧૫, ૧૪/૦)),–૧૪–૧૫–૧૫, ૧૪–૦))–૦))" બનતા હોવાની વાતો કરે છે તે વાતો કેવલ આકાશકુસુમ અથવા શશશૃંગની જેમ કલ્પિત ઠરે છે:

૧૯. ધ્યાન રાખવું કે– ગ્રંથકાર, અહિં પણ નવામતીની માફક ચૌદશના ક્ષયે–'પૂનમે ચૌદશ' કે— 'પર્વાપર્વ' કહેતા નથી: પરંતુ 'પૂનમ' કહે છે.

વસ્તુ નહિ સમજો તો-'પાક્ષિકકૃત્યની (ચૌદશે જ કરવારૂપ) વ્યવસ્થાના ભંગનો પ્રસંગ છે. અને (પૂનમ ચતુષ્પર્વીમાંની હોવા છતાં) આરાધ્યપણામાં પૂનમ અને કલ્યાણકતિથિને વિષે તફાવત પણ નથી' એમ પોતે જ વિચારી લેવાનું છે.

**કિઞ્ચ**—આમ છતાં (ચૌદશના ક્ષયે તેરસને બદલે પૂનમે જવાની હઠ નહિ તજો તો) પર્યુષણાની ભાદ્રપદ શુકલ ચતુર્થીના ક્ષયે (પણ ત્રીજે જવાનું છોડીને) પાંચમ[૨૦] સ્વીકારવાનો= શ્રી કાલિકાચાર્યે સંવત્સરી તરીકે ત્યજેલી ભાદ્રપદ શુકલપંચમીએ પર્યુષણા કરવા જવાનો પ્રસંગ આવી પડશે. તે વખતે (વળી પાછો) વ્યાકુલ થઈશ, એમ જાણવું.

**વળી** (ખરતરને ગ્રંથકાર કહે છે કે)-ચૌદશ[૨૧] સિવાય ચૌદશના કાર્યનું નિષિદ્ધપણું હોવાથી[૨૨] ચૌદશનું કૃત્ય પૂનમે (કરો છો તે) યુક્ત જ નથી. **પૌષધવિધિપ્રકરણમાં**

---

૨૦. ગ્રન્થકારનાં આ વચનથી ભાદ્રપદ શુકલા ૪ના ક્ષયે ત્રીજનો ક્ષય ઠરતો હોવા સાથે [ સંલગ્નપણે આરાધવાના ૧૪-૧૫, ૧૪-૦)) રૂપ જોડીયા પર્વમાંની ૧૫ કે ૦))ના ક્ષયે ( શ્રી હીરપ્રશ્નમાંના- 'त्रयोदशी-चतुर्दश्योः' પાઠ તથા શ્રી વિજય દેવસૂરિજી મહારાજના પટ્ટક આદિ અનુસારે ) કરાતા તેરસના ક્ષયની પ્રાચીન પ્રણાલિકા મુજબ ] આ ભાદરવા શુદિ ૪-૫ રૂપ જોડીયાપર્વમાંની પંચમીના ક્ષયે ત્રીજનો જ ક્ષય ફલિત થાય છે. અહિં પણ ગ્રંથકાર, ખરતરને ( આજે નવો વર્ગ કહે છે તેમ ) 'ચોથ-પાંચમ ભેળી હોય તે પ્રસંગે' એમ કહેતા નથી; પરંતુ 'પાંચમ' કહે છે, અને તેથી-'ભા. શુ. ૪ પછીનું પંચમીપર્વ તે ચતુર્થીમાં સમાઈ જતું નથી; પરંતુ તે ચોથની જેમ તે ચોથ પછીનું પંચમીપર્વ પણ બીજા દિવસે સ્વતંત્ર જોઈએ જ.' એ વાત નક્કી થાય છે. કારણ કે—"ગ્રંથકારે અહિં ખરતરને જણાવેલી-'ચૌદશના ક્ષયે પર્વના બ્હાને પૂનમે જતા હોવાથી તમારે ભા. શુ. ૪ના ક્ષયે પંચમીએ જવું પડશે.' એ આપત્તિથી પાંચમ સ્વતંત્ર ધ્વનિત થાય છે." શ્રી હીરસૂરિજી મહારાજે પણ તેથી જ 'येन शुक्लपंचमी उच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः' એ વચનદ્વારા-પંચમી કરનારને સંવત્સરીનો અટ્ઠમ, મુખ્યતાએ ભા. શુ. ત્રીજથી જ કરવાનું જણાવેલ હોવાથી સિદ્ધ છે કે-ભા. શુ. ૫ ના ક્ષયે ભા. શુ. ૪ પછી તે પંચમીને બીજા દિવસે સ્વતંત્ર પર્વ તરીકે અખંડ જ રાખવી જોઈએ. પંચમીના ક્ષયે ચોથ=પાંચમ ભેળા ગણાઈ જતા હોત તો શ્રી હીરપ્રશ્નમાં છઠ કરવાની શક્તિએ તે પાંચમનો ઉપવાસ કરવાનું જણાવાયું જ ન હોત.

૨૧. નવા વર્ગે પોતાની તે 'પર્વતિથિ પ્રકાશ' બૂકના પેજ ૨૮ ની નોટમાં મુદ્રિત પ્રતમાંના તે શ્રી દેવસૂરતપાગચ્છીય આચરણાની પુષ્ટિ કરતો ત્રૂટક સાક્ષીપાઠ અને તે પાઠની સાથે પાંચ પંક્તિવાળો ખરતરીય આખો પાઠ પણ પ્રસિદ્ધ કરીને તે પાઠોની નીચે "સુજ્ઞવાચકો એ બંને પાઠોનું અંતર સ્વયં માપી લેશે." એમ લખવાવડે જે મધ્યસ્થતા બતાવેલ છે તે માધ્યસ્થ્ય, માધ્યસ્થ્ય નથી; પરંતુ-ખરતરગચ્છવાળાની તે માન્યતાને ( પોતાના મતને અનુકૂળ દેખીને ) તપાગચ્છની માન્યતા તરીકે લેખાવવાની ચાલબાજી છે. આ વાત, તે બૂકના તે પછીના ૨૯ મા પેજ ઉપર તેમણે તે ખરતરીય પાઠનો—"આમાં ચોકખું લખ્યું છે કે-(૧) પકખીના દિવસે જ × × × (૨) સંવત્સરીના દિવસે જ × × × (૩) પકખી અથવા સંવત્સરીની × × × એ પ્રમાણે કદી કરી શકાય નહિ." એ પ્રમાણે અર્થ લખીને તે અર્થને= ખરતરગચ્છવાળાઓની માન્યતાને શ્રી દેવસૂરતપાગચ્છની માન્યતા તરીકે લેખાવેલ છે તે જોવાથી સ્પષ્ટ સમજાય તેમ છે.

૨૨. આ પંક્તિથી એ વાત સિદ્ધ છે કે—"નવામતનું 'પૂનમ, અમાસ અને ભા. શુ. ૫ ના ક્ષયે

કહ્યું છે કે–'જો તે દિવસે ચૌદશ હોય તો પકખી કે–ચોમાસી પડિક્કમે અને જો ચૌદશ ન હોય તો તેવા[૨૩] દિવસે દૈવસિક કે સંવત્સરી પ્રતિક્રમણ કરીને સાધુની સેવાભક્તિ કરવી.'

વળી–'ચૌદશ અને પૂનમ' એમ વ્યક્ત્યા તે બંને પણ તિથિ આરાધ્યપણે સંમત[૨૪] છે. તેથી જો તમારી કહેલી (ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ કરવાની) રીતિ ગ્રહણ કરાય તો પૂનમની જ આરાધના થઈ અને ચૌદશની આરાધનાને તો જલાંજલિ જ આપવા જેવું થાય. વળી જો–ચૌદશના ક્ષયે તેનું આરાધન ગયું જ (એમ કહો) તો મિત્રભાવે પૂછું છું કે–" આઠમે તમને ખાનગી રીતે કાંઈપણ આપ્યું છે ? કે–જેથી ક્ષીણ અષ્ટમીને [૨૫]**परावृत्त्य**–

---

પૂર્વની પર્વતિથિમાં તે ક્ષીણપર્વનું પણ આરાધન થઈ જાય છે.' એ કથન પણ આમૂલચૂલ કલ્પિત છે. તેમજ ક્ષીણ પર્વતિથિઓને ક્ષયે પૂર્વા૦ વાળા વિધિસૂત્રવડે ઉદયાત્ તરીકે સ્વતંત્ર સ્થાપ્યા સિવાય તે તે ક્ષીણપર્વનું આરાધન થતું જ નથી."

૨૩. ખરતરીય આપ્તપુરુષનાં આ વચનાનુસાર, ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ કરવા જનાર ખરતરને પણ પૂનમે (પૂનમ અને ચૌદશ એ બે પર્વનાં બન્ને પ્રતિક્રમણ રહેતાં નથી; પરંતુ) એક દૈવસિક જ રહે છે.

૨૪. આ વાત, ચૌદશ અને પૂનમ એ બંને પર્વને સ્વતંત્ર આરાધવાની સખત ભલામણ કરે છે. આથી 'ચૌદશ કે આઠમના ક્ષયે તે તે તિથિને ખરતરગચ્છીઓ, પૂનમે કે કલ્યાણકની નવમીએ ગણે એટલે કે=બંને પર્વને એક દિવસે કલ્પે તો તેમાં તેઓને જેમ એક પર્વનું આરાધન ત્રુટે છે તેમ પૂનમે કે (કાર્યપર્વીઓ હોવાને લીધે મરજીયાત આરાધ્ય ગણાતી કલ્યાણક તિથિઓને કાલપર્વી હોવાને લીધે ફરજીયાત આરાધ્ય ગણાતી અષ્ટમી આદિ બારપર્વી જેવી કલ્પીને) કલ્યાણક નવમી આદિના ક્ષયે તે ક્ષીણ પૂનમ કે ક્ષીણ નવમી આદિ કલ્યાણકપર્વને ચૌદશ કે આઠમ આદિમાં કલ્પે તેમાં નવાવર્ગને પણ એકેકતિથિનું આરાધન ત્રુટે છે.' એ હકીકત છે. અને તેથી પૂનમ કે નવમી આદિના ક્ષયે ૧૪/૧૫–૮/૯ આદિ કહેવું તે, કપોલ કલ્પિત ઠરે છે.

૨૫. આ વાતથી ગ્રંથકારની વખતે પણ પર્વક્ષયે તેની આરાધના કરવા સારૂ પૂર્વ અપર્વનો ક્ષય કરી તેનાં સ્થાને તે ક્ષીણ પર્વતિથિને ઉદયાત્ તરીકે સ્થાપવામાં આવતી હતી એ વાત નક્કી થાય છે. **'પર્વતિથિપ્રકાશ'** ના પેજ ૨૯ ઉપર નવા વર્ગે, આ–**'परावृत्त्याऽभिमन्यते'** પાઠનો અર્થ, પ્રથમ તો–'આઠમને તમે ફેરવીને માનો છો' એ પ્રમાણે સાચો જ કર્યો હતો; પરંતુ તે અર્થ, તેમને પાછળથી તેમના (અષ્ટમીના ક્ષયે ૭/૮ કરવાના) કલ્પિતમતને બાધક જણાવાથી તેમણે પુનઃ છપાવેલ–**'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'** બૂકના પેજ ૮ ઉપર તે સાચા અર્થને 'ક્ષીણ આઠમને સાતમમાં માનો છો.' એ પ્રમાણે અસત્ય અર્થમાં પલટાવી દીધેલ છે તે શોચનીય છે. 'નવા તિથિમત બદ્દલ નવા વર્ગ તરફથી વાતવાતમાં ગવાતી શાસ્ત્રાનુસારિતા આ પ્રકારની જ છે.' એમ સુજ્ઞજનોએ તેમણે કરેલા આ ગ્રંથના ફરતા-ફરતા અનુવાદોમાં સર્વત્ર ધ્યાન રાખવા જેવું છે.

આ રીતે–આઠમના ક્ષયે આરાધનામાં આ શાસ્ત્રથી થતી ઉદયવાળી આઠમને આ શાસ્ત્રના જ નામે પોતાના મતની કલ્પિત ૭/૮ લેખાવતા રહેવા સારૂ તો "નવા વર્ગે, સં. ૧૯૯૩ની–**પર્વતિથિપ્રકાશ** બૂકના પેજ ૨૫ ઉપર **મુદ્રિત તત્ત્વતરંગિણી** પત્ર ૪ ઉપરના–**'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत'** એ અષ્ટમીક્ષયે સપ્તમીને અષ્ટમી કહેનારા પાઠનો આખો અનુવાદ જ ઉડાવી દીધેલ છે! આ બીના ખુલ્લી થઈ જતાં સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ કરેલ—**'તિથિ સાહિત્યદર્પણ'** બૂકના પેજ ૧૦૦ ઉપર તેમણે તે પાઠનો અનુવાદ આપવો જરૂરી માન્યો હોવા છતાં તે સ્થળે પણ તે

સાતમને પલટીને–સાતમનો ક્ષય કરીને માનો છો અને પકખીએ તમારો શો અપરાધ કર્યો છે? કે–જેથી (ચૌદશના ભોગની ગંધ પણ જેમાં નથી તે પૂનમે પૂનમ માનીને માત્ર ક્રિયા પકખીની કરો છો તેમાં) પકખીનું નામ[૨૬] પણ સહન કરતા નથી = પકખીને તો રાખતા જ નથી!"

તે વાત બદલ ખરતર શંકા કરે છે કે–"તો પછી એ પ્રમાણે પૂનમના ક્ષયે તમારી પણ શું સ્થિતિ થશે? અર્થાત્ પૂનમના ક્ષયે તમે પકખીનું પકખી નામ નહિ રાખતાં પકખીને પૂનમ કરો તેમાં (ટીપણાની) ચૌદશે તમારે પણ પકખીનું નામ નહિ[૨૭] રહે, ત્યાં

---

પાઠમાંનો પાછલો–'अष्टमीकृत्यव्यपदेशं न लभेत' પાઠ છૂપાવીને તે પાઠમાંનો શરૂઆતનો–'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं' એટલા ત્રુટક પાઠનો જ અનુવાદ આપેલ છે! (કારણ એક જ કે–તે અધુરા પાઠનો 'સાતમમાં કરાતું આઠમનું કૃત્ય' એ પ્રમાણે મનોવાંછિત અર્થ થઈ શકતો હતો.) એ પ્રમાણે ત્યાં ખંડિત કરેલા પાઠનો અર્થ છાપીને તે ત્રુટક અર્થને આ ગ્રંથમાંના પૂર્વોક્ત પૂર્ણ પાઠના પૂર્ણ અર્થ તરીકે લેખાવેલ છે!" એ ઉપરથી પણ તે વર્ગની શાસ્ત્રાનુસારિતાનાં મૂલ્યાંકન થઈ શકે છે. તે વર્ગને શાસ્ત્રના પાઠોમાં અને તે તે પાઠોના અર્થોમાં પણ આ રીતે ગરબડ કરીને ચાલવું પડેલ છે, તે જોતાં આ 'परावृत्त्यामन्यते' પાઠ અને 'अष्टमीकृत्यव्यपदेशं न लभेत' પાઠથી 'અષ્ટમીના ક્ષયે સાતમને આઠમ જ કહેવી રહે છે' એમ નવો વર્ગ પણ સમજે જ છે એ વાત નક્કી છે.

આ ગરબડની જેમ સં. ૧૯૯૯ માં વૈદ્યને નિર્ણય અર્થે આપેલા લખાણમાં પણ નવા વર્ગે, આ ગ્રંથના–'किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येव०' એ મૂલ પાઠમાંનો અંતિમ 'एव'કાર (ચૌદશના ક્ષયે પોતાના $\frac{13}{14}$ વાળા કથનને બાધક થતો હોવાથી) ઉડાવી દીધાની ગરબડ (કે–જે **'પર્વતિથિપ્રકાશ'** પેજ ૨૩ ઉપર મોજુદ છે.) પણ અત્યંત પ્રસિદ્ધ થઈ જવા પામેલ: પરિણામે તે વર્ગે, સં. ૨૦૦૬માં પુનઃ પ્રસિદ્ધ કરવી પડેલ **'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'** બૂકના પાંચમા પેજ ઉપર તે મૂલપાઠમાં તે 'एव'કારને ફરી યોજી દેવો પડેલ છે, અને તે સાથે તે 'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत' પાઠ પણ આખો પ્રસિદ્ધ કરવો પડેલ છે! તે શાસનનું સદ્‌ભાગ્ય છે. આ ગ્રંથને પોતાના મતને અનુસરતો લેખાવવા સારૂ નવામતીને ઉપર જણાવ્યા પ્રમાણે આ ગ્રંથના અનેક પાઠો અને તેના અર્થોનો અનેક સ્થલે ફેરફાર કરવો પડેલ છે: આ વસ્તુથી એ સિદ્ધ છે કે–'આ ગ્રંથને અને અદ્યતનીય તે નવા મતને કશો જ સંબંધ નથી' એમ નવો વર્ગ પોતે પણ સમજે જ છે. એમ અહિં પુનઃ કહેવામાં 'द्विर्बद्धं सुबद्धं भवति' એ જ દૃષ્ટિ હોવાથી પુનરુક્તિનો દોષ લેખવો રહેતો નથી.

૨૬. ગ્રંથકારે ખરતરને જણાવેલી આ વાતથી—'આ ગ્રંથકારના સમયે પણ શ્રી તપાગચ્છમાં પૂનમના ક્ષયે ચૌદશના એક દિને $\frac{14}{15}$ એમ બે તિથિ ગણવામાં એક પર્વનો લોપ ગણાતો હતો.' એ વાત નક્કી થાય છે અને તે સાથે એ રીતે ચૌદશના ક્ષયે ૧૩/૧૪ કહીને ઉદયાત્ તેરસે ચૌદશનું કાર્ય થતું હોવાનું કહેનાર નવો વર્ગ પણ તેરસે ચૌદશનું નામ સહન કરતો નથી તે સ્પષ્ટ ખોટું જ છે, એમ પણ સિદ્ધ થાય છે.

૨૭. આ પાઠથી એ વાત સ્પષ્ટ છે કે—"આ ગ્રંથકારના સમયે પણ પૂનમના ક્ષયે આરાધનામાં (એક દિવસે ૧૪/૧૫ બંનેનું આરાધન થઈ જતું હોવાની આધુનિક નવામતની વાવદૂકતાની તો શ્રી સંઘમાં ગંધ જ નહોતી; પરંતુ) ક્ષયે **પૂર્વા૦** થી તે ક્ષીણપૂનમને ઉદયાત્ બનાવીને સ્વતંત્ર ઉભી રખાતી હતી અને તેમ સંસ્કાર કરતાં ટિપ્પણાની ઉદયાત્ ચૌદશના ક્ષયનો પ્રસંગ ઉભો થવાથી તે ચૌદશને પણ સ્વતંત્ર ઉભી

શું કરશો ?" તે બદલ ગ્રંથકાર કહે છે કે–અહો, વિચાર ચતુરાઈ! કે–જેથી–'ટિપ્પણાની ચૌદશે (ઉદયથી ચૌદશ અને ભોગથી પૂનમ, એમ) ચૌદશ અને પૂનમ બંને તિથિનું વિદ્યમાનપણું હોવાથી ક્ષીણપૂનમનું પણ આરાધન[૨૮] થએલું જ છે.' એમ જાણવા છતાં **પુનઃ**

---

રાખવા સારૂ '**यावत् संभवस्तावद्विधिः**' વચનાદિ તથા શ્રી હીરપ્રશ્નના '**त्रयोदशीचतुर्दश्योः** પાઠ મુજબ શ્રીમત્તપાગચ્છમાં તેરસનો ક્ષય થતો હતો. અર્થાત્ સં. ૧૬૧૫માં રચાએલ આ ગ્રંથ ઉપર પ્રમાણિકતાની છાપ મારનાર આ. શ્રી વિજયહીરસૂરિજીમ૦ના ગુરુશ્રી દાનસૂરિજીમ૦ની પણ પહેલાંથી શ્રી તપાગચ્છમાં પૂનમના ક્ષયે તેરસનો જ ક્ષય કરવાની આચરણા છે, એ વાત આથી સ્પષ્ટ થાય છે."

આ રીતે–"તપાગચ્છમાં પૂનમ અને અમાસની વૃદ્ધિ વખતે પણ તેરસની વૃદ્ધિ થતી હતી." એમ સંવત્ ૧૬૬૫માં રચાએલ '**ઉત્સૂત્રખંડન**'માં ખરતરીય શ્રી ગુણવિનયે તપાગચ્છીઓને આપેલી '**अन्यच्च–वृद्धौ (आद्यपूर्णिमामात्रास्योः) पाक्षिकं क्रियते इदं किम् ?**' એ આપત્તિ પણ ખાત્રી આપે છે. આ સ્પષ્ટીકરણ બાદ લાગે છે કે–શ્રી દેવસૂરતપાગચ્છમાં વર્ત્તમાનમાં પણ તેમજ પ્રવર્ત્તતી આ (પૂર્વના અનેક સંવિગ્નગીતાર્થાચીર્ણ) આચરણાને જેઓ ગોરજીની અને જતિઓની આચરણા કહી દેવાની પણ હદે ગએલા છે તેઓને વિદ્વાનો, માર્ગાનુસારી જોવામાં પણ સંકોચ અનુભવશે.

૨૮. આ પાઠનો–'પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ–પૂનમ બંનેનું આરાધન થાય છે' એવો અર્થ નહિ જ થતો હોવા છતાં નવો વર્ગ તેવો અર્થ કરે છે તે ઇરાદાપૂર્વકનું જુઠાણું છે. કારણકે–આ પાઠમાં પૂનમના ક્ષયે ચૌદશ–પૂનમ બન્નેનું નહિ; પરંતુ એક ક્ષીણ પૂનમનું જ આરાધન પ્રાપ્ત કરવાની વાત છે. ક્ષીણપૂનમનું આરાધન પ્રાપ્ત કરવામાં ગ્રંથકારે, આ પાઠમાં–'**द्वयोरपि विद्यमानत्वेन**' એ હેતુ જણાવેલ છે અને તે પછી [તે હેતુથી 'સાધ્ય તરીકે પૂનમ છે' એમ જણાવનારો]–'**तस्या अपि = क्षीणाया अपि**' પાઠ, એકવચનમાં (નહિ કે–'**तयोरपि**' તરીકે દ્વિવચનમાં) જણાવવા વડે ખરતરને એમ જણાવેલ છે કે–"તમારે ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ કરવા જવામાં તે ક્ષીણ ચૌદશ, પૂનમમાં વિદ્યમાન નહિ હોવાથી તે ક્ષીણ એવી ચૌદશનું આરાધન ગયું તેમ અમારે પૂનમના ક્ષયે ચૌદશે પૂનમ કરવા જવામાં તે ક્ષીણ પૂનમનું આરાધન જતું નથી; કારણ કે–અમારે તો તે ક્ષીણ પૂનમ, ચૌદશમાં વિદ્યમાન હોવાથી (ક્ષયે **પૂર્વા**૦ના હિસાબે) તે ક્ષીણ પૂનમનું પણ આરાધન થાય જ છે."

**અહિં** ક્ષય પામેલી 'પૂનમ' તરીકેની એકજ તિથિને સાધવાનો અધિકાર ચાલતો હોઈને ગ્રંથકારે સાધ્યમાં '**तयोरप्याराधनं जातमेव**' એ પ્રમાણે દ્વિવચનનો પ્રયોગ કરેલ જ નહિ હોવા છતાં અને '**तस्या अप्याराधनं जातमेव**' એ પ્રમાણે સ્પષ્ટ એકવચનનો જ પ્રયોગ કર્યો હોવા છતાં તેમ જ ચૌદશે પૂનમ કર્યા બાદ (પંચાંગમાં ચૌદશે બીજા હેતુ તરીકે રહેલી) ક્ષીણ થતી ચૌદશનું [**अत्ररविद्ध अवरात्रि०** પાઠમાંના **अपि** શબ્દની જેમ] તે પ્રસ્તુત પાઠમાંના '**अपि**' શબ્દથી ક્ષીણ ચૌદશનું આરાધન તેરસે સૂચવેલું હોવા છતાં આ પાઠોક્ત તે **तस्या** રૂપ એકવચનગત પૂનમરૂપ સાધ્યનો ચૌદશ–પૂનમરૂપે મનસ્વીપણે જ દ્વિવચનમાં અર્થ કરે છે અને કરાતા તે અવળા અર્થ દ્વારા પોતાની 'આવા પ્રસંગે એક દિવસે ચૌદશ–પૂનમ બંને તિથિનું આરાધન થઈ જાય છે.' એ કલ્પિત માન્યતાને આ પાઠની ઓથે શાસ્ત્રાનુસારી લેખાવે છે તે જૈનસમાજની નિર્ઘૃણ વંચના છે. આ '**तस्या अपि**' પાઠથી પૂનમ જ લેવાને બદલે ચૌદશ–પૂનમ પકડવામાં તે વર્ગ જો ઈરાદાપૂર્વક ભૂલ ન કરતો હોય તો તેણે શ્રી પ્રવચન-પરીક્ષા ભાગ પહેલાના ૪૧૦મા પેજની પંક્તિ ૯ થી શરૂ થતા– '**यत्कृत्यं प्रतिमासनामग्राहं नियतकृत्यं तत्तस्मिन्नेव मासे विधेयं, नान्यत्रेति, विवक्षया तिथिवन्न्यूनाधिकमासोऽप्युपेक्षणीयः अन्यत्र तु गम्यतेऽपि, तथाहि–**

બોલાવો છો !" એમ ન કહેવું કે–' ચૌદશમાં આરોપી થકી પૂનમ આરાધાય છે.' કારણ કે– ક્ષય પામેલી હોવાથી પૂનમની ચૌદશમાં વાસ્તવિક પૂનમની[૨૯] જેવી સ્થિતિ છે. યુક્તિ તો તેમાં કહેલી છે અને આગલ ક્ષીણતિથિ તથા વૃદ્ધિતિથિનું સાધારણ લક્ષણ જણાવતી વખતે કહેવાશે. તમે તો ક્ષીણ ચૌદશને પૂનમમાં પોતાની બુદ્ધિએ આરોપીને આરાધો છો ! કારણકે–તે પૂનમમાં ચૌદશના ભોગની ગંધનો પણ અભાવ હોવા છતાં ચૌદશ તરીકે સ્વીકારો છો ! આરોપ તો મિથ્યાજ્ઞાન છેઃ શ્રીપ્રમાણનયતત્ત્વાલોકાલંકારગ્રંથમાં શ્રીદેવસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે કે–"તે વસ્તુ ન હોય છતાં 'તે વસ્તુ છે' એમ નિશ્ચય કરવો તે આરોપ કહેવાયઃ જેમ કે–છીપને વિષે 'આ રૂપું છે' એમ કહેવું."

**વળી**–' પૂનમના દિવસે કરાતા ક્ષીણ પાક્ષિક ( ચૌદશ )નાં અનુષ્ઠાનને તમે ( ખરતરો ) પૂનમનું અનુષ્ઠાન કહો છો કે—પાક્ષિકનું અનુષ્ઠાન કહો છે ?' જો–પૂનમનું અનુષ્ઠાન કહો છો તો પાક્ષિકનાં અનુષ્ઠાનનો વિલોપ થાય છે તે આપત્તિ છે, અને પાક્ષિકનું અનુષ્ઠાન કહો છો તો પૂનમને જ ચૌદશ તરીકે કહો છો તેથી સ્પષ્ટ મૃષાભાષણ[૩૦] જ છેઃ–અર્થાત્ તમે ચૌદશના ક્ષયે પૂનમનો ક્ષય તો માનતા નહિ હોવાથી પૂનમના દિવસે માનો પૂનમ, અને તે પૂનમે અનુષ્ઠાન કરો ચૌદશનું ! તેથી સ્પષ્ટ મૃષાભાષણ જ થાય છે.

**એમ** ન કહેવું કે–' ચૌદશના ક્ષયે તેરસે ચૌદશનું જ્ઞાન આરોપરૂપ થશે.' કારણકે–

---

विवक्षितं हि पाक्षिकप्रतिक्रमणं तच्चतुर्दश्यां नियतं, सा च यद्यभिवर्द्धिता तदा प्रथमां परित्यज्य द्वितीयापि कर्त्तव्या' એ પાઠના અંતિમ 'द्वितीयाऽपि कर्त्तव्या' એ વાક્યમાંના 'अपि' શબ્દથી વૃદ્ધિ વખતે આરાધનામાં પહેલી ચૌદશને પણ ચૌદશ તરીકે જ ગણવાનું રાખ્યું હોત. અને તેથી જ તે વર્ગે 'સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ' બૂકના ૫૪ મા પેજ ઉપર આ 'द्वितीयापि कर्त्तव्या' પાઠનો 'બીજી જ કરવી' એ પ્રમાણે સ્પષ્ટ અર્થ કરેલ છે તે મુજબ આ 'तस्या अपि' પાઠનો 'ચૌદશ–પૂનમ કરવી' એવો મનસ્વી અર્થ છોડીને 'પૂનમ જ કરવી' એમ સાચો અર્થ સ્વીકારવો રહે છે. પૂનમના ક્ષયે 'क्षये पूर्वा०' સૂત્રથી ચૌદશે પૂનમ બની એટલે તે ચૌદશનો સૂર્યોદય જ ( આ ગ્રંથની ૧૭ મી ગાથાની વ્યાખ્યા મુજબ ) પૂનમનો સૂર્યોદય ગણાતો હોવાથી તે આખો દિવસ ગણાતી પૂનમે ચૌદશની આરાધના થઈ જ ક્યાંથી શકે ?

શંકિત વસ્તુમાંથી જ સાધ્યની સિદ્ધિ કરવા મથાય, એમ તેમણે સમજીને ચાલવું હોત તો આ રીતે આ પાઠમાંના તે એકવચનને દ્વિવચન ગણીને તેવો આમૂલચૂલ જુઠો અને ભ્રામક અર્થ કરવાની ગંભીર ભૂલ ન જ કરી હોત.

૨૯. નવા મતને શાસ્ત્રીય લેખાવવા નવા વર્ગે, પૂર્ણિમાના ક્ષયે ઉદયાત્ ચૌદશમાં રહેલા પૂનમના ભોગને પણ શાસ્ત્રના આધારે ઉદયાત્ પૂનમ તરીકે પણ લેખાવવાની વૃત્તિ થવાથી આ 'वास्तव्येव स्थितिः = वास्तव्या इव स्थितिः' પાઠનો જે 'વાસ્તવિક જેવી સ્થિતિ' એમ અર્થ છે તેને બદલે ( તે વર્ગે પોતાની તે તે બૂકોમાં ) 'પૂનમની વાસ્તવિક જ સ્થિતિ છે.' એમ સદંતર જુઠો અર્થ કરીને ચાલવું પડેલ છે તે પણ પોતાના મતને તેઓ પોતેય નિર્મૂલ માનતા હોવાના પ્રતીકરૂપ છે.

૩૦. એ જ મુજબ જેઓ, 'પૂનમના ક્ષયે ચૌદશે પૂનમનું અનુષ્ઠાન થઈ જાય છે' એમ કહે છે તે પણ મૃષાભાષણ જ છે.

ત્યાં આરોપનાં [ **अतस्मिंस्तदध्यवसायः** એ ] લક્ષણનો સંભવ નથી. જે ભૂમિ પર ઘટ અને પટ બન્ને રહેલા હોય તે જમીન ઉપર ઘટ અને પટ બન્ને હોવાનું જ્ઞાન અથવા રત્નજડિત-સુવર્ણનાં કુંડલને વિષે સુવર્ણ અને રત્ન એ બંને હોવાનું જ્ઞાન ભ્રમ થવાને યોગ્ય જ નથી. એ પ્રમાણે (ચૌદશના ક્ષયે) રવિ આદિ વારના લક્ષણવાલા એક જ દિવસે (તેરસ–ચૌદશ) બંને તિથિઓની સમાપ્તિપણે વિદ્યમાનતા હોવાથી[૩૧] (તેરસે ચૌદશનું જ્ઞાન) આરોપરૂપ ક્યાંથી થશે ? આથી જ આ પ્રકરણમાં **'संपुण्णत्ति अ काउं'**એ (૧૭મી) ગાથાને વિષે–'જે તિથિ જે રવિ આદિ વારના દિવસે સમાપ્ત થઈ હોય તે દિવસ[૩૨] જ તે તિથિ તરીકે સ્વીકારવો.' ઇત્યાદિ પ્રકારે જણાવવામાં આવશે તે અર્થમાં વ્યામોહ કરવો નહિ–મુંઝાવું નહિ.

"બે ત્રણ આદિ કલ્યાણકતિથિ જોડે આવે ત્યારે (ક્ષીણતિથિને) શું એ પ્રમાણે સ્વીકારો છો ? અર્થાત્ આગલી તિથિના ક્ષયે પાછલી તિથિના દિવસે જ તે ક્ષીણતિથિ[૩૩] કરો છો ?" એમ કહેનાર ખરતરગચ્છીને ગ્રંથકાર કહે છે કે–"શું તમારૂં ડહાપણ ? કે–જેથી પોતાના

૩૧. ધ્યાન રાખવું કે–અહિં એક દિવસે જે તેરસ ચૌદશ બંને તિથિની સમાપ્તિ જણાવેલ છે તે, હેતુ તરીકે છે અને તે હેતુમાં સાધ્ય તરીકે તો ચૌદશ જ છે. આ પાઠને આગલ કરીને નવો વર્ગ, એક દિવસે તેરસ ચૌદશ બંને માનવાનું કહે છે, તેમાં તેઓ હેતુ અને સાધ્ય એ બંનેને ઇરાદાપૂર્વક એક લેખાવે છે અને તેના પરિણામે તે દિવસે પૌષધવેળાથી જ ચૌદશ માનતા હોવાથી તેઓ ઉદયાત્ તેરસનેય (માનવાનું કહે છે છતાં) માની તો શકતા જ નહિ હોવાની દુઃસ્થિતિના ભાજન બનવું પડે છે.

૩૨. શાસ્ત્રકારે, નવા વર્ગની જેમ અહિં 'તે દિવસે ક્ષીણ તિથિનું અનુષ્ઠાન કરવું = આરાધના કરવી' એમ કહેલ નથી; પરંતુ 'તે દિવસે તે તિથિ કરવી' એમ કહેલ છે. આ ઉપરથી 'આરાધના છે માટે તિથિ' નહિ; પરંતુ 'તિથિ છે માટે આરાધના છે' એ વાત ફલિત થાય છે.

૩૩. ચૌદશના ક્ષયે તેરસના દિવસે ચૌદશ જ કરવાનું જણાવનારા આ ચાલુ અધિકારમાં અહિં ક્ષીણ એવી **કલ્યાણક તિથિને ઉદયાત્ બનાવવાનો જ પ્રશ્ન** હોવા છતાં નવા વર્ગે આ ગ્રન્થના અનુવાદની બૂકોમાં આ વાતનો અર્થ, **'ભેગી આરાધના'** એમ જણાવેલ છે તે ભ્રામક છેઃ વળી અહિં એક દિવસે બંને તિથિની તો નહિ જ; પરંતુ એક તિથિની **આરાધનાની** પણ વાત નથી. અહિં તો બે ત્રણ આદિ કલ્યાણક તિથિઓ જોડે આવે ત્યારે પણ તેમાંની એક **ક્ષીણ તિથિને જ** ઉદયાત્ બનાવવાની વાત છે. તિથિ ઉદયાત્ બન્યા વિના તે તિથિની સૂર્યોદયથી જ ગણાતી આરાધના બને પણ ક્યાંથી ? આ રીતે પર્વતિથિની જ મહત્તા હોવાથી તો પૂર્વપુરુષોએ ક્ષીણ તિથિને જ ઉદયાત્ બનાવવા સારૂ જેમ **क्षये पूर्वा०** શાસ્ત્ર સૂચવ્યું તેમ આરાધનાની વ્યવસ્થા સારૂ કોઈ જ સૂત્ર સૂચવ્યું નથી. આથી જ તિથિના ક્ષયે પ્રથમ તો તિથિને જ ઉદયાત્ બનાવવાની આચરણા શ્રીમત્ તપાગચ્છમાં અવિચ્છિન્નપણે વર્તમાનમાં પણ પ્રવર્ત્તે છે, અને બે ત્રણ આદિ કલ્યાણકપર્વો જોડે આવે તેવા પ્રસંગે તેના તપ માટે શાસ્ત્રકારે અહિં જણાવેલા **'द्वित्र्यादि॰'** પાઠ મુજબ વર્તન કરાય છેઃ' એ જ આ વાતનો સારાંશ છે. અર્થાત્ કલ્યાણકતિથિના તપ માટે **'શાસ્ત્રીય પૂરાવા'** પેજ ૮ ઉપરની ૨૭ મી પંક્તિમાંના **'चतुर्थदिनं यावदपि तपःपूर्त्तिः कार्यते'** = ચાર દિવસ સુધી પણ તપપૂર્ત્તિ કરાય.' એ પાઠ મુજબ પણ કલ્યાણકનો તપ કરવા તો ચાર દિવસ સુધી પણ પાછલ જઈ શકાય છે.

વિનાશને માટે પોતાનું શસ્ત્ર પાણીદાર બનાવીને અમારા હાથમાં આપો છો! કારણકે-અમારે (તો) આગલની કલ્યાણકતિથિના ક્ષયે તે ક્ષીણ તિથિની પહેલાની તિથિમાં (ક્ષીણ તિથિની પહેલાંની તિથિ અને ક્ષીણ તિથિ એમ) બન્ને તિથિનું વિદ્યમાનપણું હોવાથી (અમોને તો તેમાં) ઇષ્ટ[૩૪] આપત્તિ જ છે, એ જ (તેનો તમોને) ઉત્તર છે." તમારે તો પાછળની અને આગળની એમ બન્ને તિથિના ક્ષય પ્રસંગે આગળ જવામાં અને પાછળ જવામાં (ચૌદશના ક્ષયે પૂનમે અને આઠમના ક્ષયે સાતમે જાવ પણ કલ્યાણક નવમીએ ન જાવ, એ હિસાબે) બંધન હોવાથી આકાશ સામું જ જોવું રહે છેઃ અર્થાત્ ૮-૯ અને ૧૦ એમ ત્રણ તિથિના જોડાજોડ ત્રણ કલ્યાણક હોય તેવા પ્રસંગે તમારે તો તેમાંની આગલી તિથિ દશમના ક્ષયે નવમીએ તે ક્ષીણ દશમી કરવા જવાય તેમ નથી, દશમની પાછલી તિથિ નોમના ક્ષયે (આઠમની જેમ તે ચતુષ્પર્વીમાંની પર્વતિથિ નહિ હોવાથી પણ) આઠમે તે ક્ષીણ નોમ કરવા જવાય તેમ નથી, અને નોમની પણ પાછલની તિથિ અષ્ટમીના ક્ષયે પણ (સાતમે અષ્ટમીપર્વ કરતા હોવાથી) સાતમે આઠમનું કલ્યાણક કરવા જવાય તેમ નથી, તેમજ તેની આગળની નોમ ચતુષ્પર્વીની તિથિ નહિ હોવાથી નોમેય આઠમ કરવા જવાય તેમ નથી. એમ બન્ને બાજુ બંધન હોવાથી તમારે તો આકાશ સામું જ જોવું રહે છે."

**હવે જો** એમ કહો કે-(એ રીતે આગલની ક્ષીણ કલ્યાણક તિથિને પણ પાછલી તિથિએ કરો છો) "તો તમે કલ્યાણકતિથિનો તપ, બીજા દિવસે તથા આવતા વર્ષની કલ્યાણકતિથિના દિવસે જુદો કેમ કરો છો?" તેનું સમાધાન એ છે કે-કલ્યાણકતિથિનો આરાધક પ્રાયઃ તપવિશેષ કરવાના અભિગ્રહવાળો હોય[૩૫] છે, અને તે અભિગ્રહી બે પ્રકારે

૩૪. (કલ્યાણક તિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવો, પૂર્વની તે તિથિ પણ પર્વતિથિ હોય તો તેને પણ ઉદયાત્ બનાવવા સારૂ પૂર્વતર તિથિનો ક્ષય કરવો, અને તે પૂર્વતર તિથિ પણ કલ્યાણક તિથિ હોય તો તે કલ્યાણકતિથિની પણ પૂર્વેની અપર્વતિથિનો ક્ષય કરવો, એમ 'શાસ્ત્રીયપૂરાવા' પેજ ૮ પંક્તિ ૨૬માં જણાવ્યા મુજબ) "એકૈકતિથિ પાછલ ખસેડીને પણ અમારે તો ક્ષીણ પર્વનું આરાધન થઈ શકે છે. તેથી તમે જે આપત્તિ જણાવી તે તો અમારે ઇષ્ટાપત્તિ જ છે." એમ અહિં શાસ્ત્રકારે ખરતરને જણાવેલ છે. એકૈક દિવસે અનેક કલ્યાણકો આવે તો તે બધાં કલ્યાણકોનો તપ, **'શ્રી વિચારસારપ્રકરણ'** પૃ. ૯૯ શ્લોક ૪૫૧માં તથા **'શ્રી આચારોપદેશ'** ગ્રંથના પાંચમા સર્ગમાં જણાવ્યા પ્રમાણે એક દિવસે ભેળો પણ કરાય; પરંતુ બારપર્વીમાંની પર્વતિથિની જેમ કલ્યાણકપર્વી માટે પર્વદીઠ દિવસ લઈને જ પૃથક્ પૃથક્ તપ કરવો એમ એકાંત નથી. બારપર્વી અને કલ્યાણકપર્વીમાં એ વગેરે બહુ તફાવત છે. કારણ-આગળ સ્ફુટ-નોટમાં જણાવેલ છે કે-તે કલ્યાણક તિથિઓ અષ્ટમી આદિ બાર પર્વીની જેમ કાલપર્વી નથી; પરન્તુ કાર્યપર્વી છે=પ્રભુનાં કલ્યાણકોની પહેલાં નહિ પ્રવર્ત્તતી પર્વી છે.

૩૫. આથી "ખરતરગચ્છીયને ચૌદશના ક્ષયે પૂનમે ચૌદશ કરવામાં તથા નવા વર્ગને પૂનમના ક્ષયે ચૌદશની સાથે પૂનમ કરવામાં એકપર્વીના પૌષધનો લોપ થતો હોવાની જે આપત્તિ છે તે આપત્તિ કલ્યાણક તિથિઓમાં એક દિવસે બે પર્વમાંના આગલા પર્વના ક્ષય પ્રસંગે આવતી નથી, અને તેથી પણ બારપર્વી જેવી કલ્યાણક પર્વીઓ નથી," એ વાત આથી સ્પષ્ટ થાય છે.

હોય છે. એક નિરન્તર (વર્ષમાં જેટલાં કલ્યાણક આવે તેટલાં કલ્યાણકનો) તપ કરવાના અભિગ્રહવાળો હોય છે અને બીજો આંતરે (આ વર્ષે અમુક જ પ્રભુનાં કલ્યાણકનો) તપ કરવાના અભિગ્રહવાળો હોય છે. તેમાં પ્રથમનો અભિગ્રહી એક દિવસે બંને પણ કલ્યાણક-તિથિઓનું વિદ્યમાનપણું હોવાને લીધે તે બંને તિથિઓનો આરાધક પણ રહેતો થકો તેની આગલનો [૩૬]બીજો દિવસ ગ્રહણ કરીને જ તેમાંની બીજી તિથિના તપને પૂર્ણ કરનાર થાય છે; એ સિવાય નહિઃ જેમ (તમારે ત્યાં) પૂર્ણિમાના ક્ષયે પાક્ષિક[૩૭] અને ચોમાસીના

૩૬. આથી યુગલપર્વીમાંની આગલી પર્વીના ક્ષય પ્રસંગે પાછલની પર્વીના એક દિવસે એ પર્વતિથિનું આરાધન થઈ જતું હોવાની પોતાની માન્યતાને જેઓ શાસ્ત્રના નામે આગલ કરે છે તે અપ્રમાણ ઠરે છે, તેમજ બારપર્વીમાંની પર્વતિથિના ક્ષયને પ્રસંગે કલ્યાણક તિથિના ક્ષયનો પ્રસંગ આગલ કરે છે તે પણ ભ્રામક ઠરે છે. બારપર્વીની જેમ કલ્યાણકપર્વીને અંગે પૌષધ હોતો નથી; માત્ર તપ જ હોય છે. અને કલ્યાણકપર્વો એક દિવસે ઘણા હોય તો પણ તે બધા તપનું પચ્ચક્ખાણ એક દિવસે લઈશકાય છે, જ્યારે બારપર્વીમાંની એકપર્વીના દિવસે એ આદિ પૌષધનાં પચ્ચક્ખાણ સાથે લેવાતાં નથી; આ રીતે કલ્યાણકપ-ર્વીઓ અને બારપર્વીઓમાં આરાધનાભેદે વિવિધ ભેદ હોવાથી કલ્યાણકપર્વી, બારપર્વીની સમાન લેખાતી નથી. અહિં એ પણ ખાસ ધ્યાન રાખવાનું છે કે-"તત્ત્વતરંગિણીના આ શ્લોકની ટીકામાં ચાલેલી ચર્ચા પૂર્ણિમાના પૌષધને અંગે જ છે, અને તે-'પૂનમના ક્ષયે ચૌદશની સાથે પૂનમ થઈ જાય છે' એમ કહેનાર આધુનિકમતને બાધક હોવાથી આ મુદ્રિત ચાલુ ટીકાની શરૂઆતની બીજી પંક્તિમાંના- **तथापि क्वापि श्रावकाणां**' પાઠમાં '**न**'કાર નથી તે જ વાજબી છે' એમ જાણવા છતાં અને આ ટીકાની પહેલી પંક્તિમાંના આદ્ય '**यद्यपि**' તથા તેની બીજી પંક્તિમાંના '**तथापि**' શબ્દો, તે '**न**'કારનો સ્પષ્ટ નિષેધ કરતા હોવા છતાં પોતાની લિખિત પ્રતમાંના તે બીનજરૂરી '**न**'કારને '**तथापि क्वापि**' પાઠની વચ્ચે ઇરાદાપૂર્વક જરૂરી લેખાવીને તે શુદ્ધપાઠને અશુદ્ધ લેખાવવાની અને તે અશુદ્ધ પાઠનો અર્થ, સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકના ૨૬મા પેજ ઉપર આ ગ્રન્થકારના નામે ચઢાવવાની ગરબડ કરવી પડેલ છે, એ બીના, તે નવામતીને માટે 'આવી ગરબડ એ જ આધાર' હોવાની જ્ઞાપક છે.

૩૭. **क्षये पूर्वा**૦ને નહિ અનુસરનાર ખરતરગચ્છીઓ પાક્ષિક (ચૌદશ)ના ક્ષયે પૂનમે પાક્ષિક કરે છે તેથી તેઓને પાક્ષિકના ક્ષય પ્રસંગે ચોમાસીનો પ્રાયશ્ચિત્ત તરીકેનો શાસ્ત્રોક્ત છટ્ઠ કરવા સારૂ એક ઉપવાસ પૂનમનો કરીને જોડેનો બીજો ઉપવાસ કરવા અપર્વી એવી વદિ એકમે જવું પડે છે અને પૂનમના ક્ષયે પણ તેઓને એક ઉપવાસ પાક્ષિકનો કરીને જોડેનો બીજો ઉપવાસ કરવા સારૂ તે અપર્વી એકમે જવું પડે છે; પરિણામે તેઓને પાક્ષિકે કે ચોમાસીએ પ્રાયશ્ચિત તરીકેનો શાસ્ત્રીય છટ્ઠ સચવાતો નથી. આથી તેઓને = ખરતરગચ્છવાળા-ઓને પાક્ષિક કે પૂર્ણિમાના ક્ષયે પૂનમ તથા એકમનો અથવા ચૌદશ-એકમનો છટ્ઠ કરવાનો અભિગ્રહ કરવો પડે છેઃ ખરતરની તે માન્યતાને અનુલક્ષીને જ (જુઓ-'શાસ્ત્રીયપૂરાવા' પૃ. ૨૦) શાસ્ત્રકારે અહિં- **यथा पूर्णिमापाते पाक्षिकचातुर्मासिकषष्ठतपोऽभिग्रहीति**' એ દષ્ટાંત આપેલ હોવાથી એ દષ્ટાંતવાળી પંક્તિમાં પડેલો '**पाक्षिक**' શબ્દ, સંગત જ છે, એમ જાણવા છતાં નવા વર્ગે આ સ્થળે (પૂનમના ક્ષયે ચૌદશે તે ક્ષીણ પૂર્ણિમાનું પણ આરાધન થઈ જતું હોવાની નિજની માન્યતાને શાસ્ત્રીય લેખાવવા સારૂ) પોતાની તે અશુદ્ધ લિખિતપ્રતના પાઠને સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકના ૩૩મા પેજ ઉપર રજુ કરીને તે પાઠદ્વારા મુદ્રિતપ્રતમાંના સુસંગત એવા તે '**पाक्षिक**' શબ્દને જ નકામો લેખવાની અજબ તરકીબ રચવી પડેલ છે! તે શોચનીય છે. તે તરકીબ એ છે કે-"**જેવી રીતે ર્ણિમાનોપૂ ક્ષય હોય ત્યારે ચોમાસીના છકુતપના નિયમવાળો ચૌદશની**

છટ્ઠતપનો અભિગ્રહી[૩૮] (એ પ્રમાણે જ તપ પૂર્ણ કરે[૩૯] છે.), બીજો અભિગ્રહી, (એક

**સાથે તેરસે જ અથવા તો એકમે જ ઉપવાસ કરીને છટ્ઠનો નિયમ પૂરો કરે છે."** તે નવી માન્યતાને ચાલુ વાતમાં ગ્રન્થકારના નામે ગોઠવી દીધી છે! અને તે પછી તે કૂટ લખાણને માથે ૩૨ નંબર લખીને નીચે સ્ફુટનોટમાં કરેલા તે નંબરવાળા ટિપ્પણમાં તે 'पाक्षिक' શબ્દના અભાવવાળા અશુદ્ધ પાઠને રજુ કરી દઈને મુદ્રિતગ્રંથમાંના તે 'पाक्षिक' શબ્દવાળા આખા પાઠને જ ત્રુટક, અશુદ્ધ અને અસંગત લેખાવવા સારૂ-વાચક, 'કયું સાચું અને કયું ખોટું?' એમ નક્કી કરવાની વિમાસણમાં પડી જાય એવી એટલી બધી કપોલકલ્પિત કલ્પનાઓનો (તે બૂકના તે ૩૩મા પેજથી ૯૭ પેજ સુધી ભરી ભરીને) ગંજ ખડકી દીધો છે! અને તે પણ આ ગ્રન્થના નામે!!! કે-જે લખાણમાં તે બૂકના ૫૫ મા પેજ ઉપર તો શ્રી હીરપ્રશ્નના 'त्रयोदशीचतुर्दश्योः' પાઠનો અર્થ પણ અસત્ય કરવામાં સંકોચ અનુભવેલ નથી.

જો કે-સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થએલ તે બૂક, અને સં. ૨૦૦૬ માં પ્રસિદ્ધ થએલ (હોવા છતાં સં. ૨૦૦૫ છાપેલ) 'શ્રી તત્ત્વતરંગિણી બાલાવબોધ' બૂક આદિમાં તે વર્ગના હાથે પ્રસિદ્ધ થવા પામેલ તેવા અનેક પ્રપંચી લખાણો સમાજમાં તદ્દન ખુલ્લા પડી જવાથી તે વર્ગને **સં. ૨૦૦૬**માં પુનઃ પ્રસિદ્ધ કરવી પડેલી આ શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદની- 'सपरिशिष्ट श्री तत्त्वतरंगिणि-टीकानुवाद' નામક બૂકના ૧૦ મા પેજ ઉપર ગ્રન્થકારના નામે ગોઠવી દીધેલી પોતાની તે વાતને તથા તે વાતને સૈદ્ધાંતિક મનાવવા સારૂ પોતે ઉપજાવી કાઢેલ તે ૬૪ પેજ પ્રમાણ લખાણને તો તે વર્ગે જ જલાંજલી આપવી પડેલ હોવા છતાં ત્યાં પણ પોતાની-'પૂનમના ક્ષયે ચૌદશ સાથે તેરસ અથવા ગ્રહણ કરી છટ્ઠ પૂરો કરવાની' મનસ્વી માન્યતાને કૌંસમાં રજુ કરેલ છે તે તો શોચનીય જ છે.

૩૮. "ચૌદપૂર્વધર ગુંફિત શ્રી દશાશ્રુતસ્કંધ વગેરે આગમ ગ્રંથોની નિર્યુક્તિઓ અને શ્રી નિશીથચૂર્ણિ વગેરે ચૂર્ણિઓ જેવા પ્રૌઢતર આગમગ્રંથરત્નોમાંના- '**अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमाओ वीसति राते गते भणति ठिआमोत्ति**' એ પાઠ દ્વારા યુગને અંતે ક્ષય પામતી આષાઢી પૂર્ણિમાને આરાધનામાં તો તે ચૌદપૂર્વધરોએ પણ પૂનમની જ સંજ્ઞા આપેલી છે અને તેમ કરીને તે ક્ષીણ પૂનમના આખા દિવસને પૂનમનો જ દિવસ ગણાવેલ છે." આ વાતને અનુલક્ષીને દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજે પણ પૂનમના ક્ષયે '**क्षये पूर्वा०**' દ્વારા એ જ વ્યવસ્થા કરી આપેલ છે, અને તેવા પ્રસંગે તપાગચ્છમાં તો તે જ વ્યવસ્થા સેંકડો વર્ષથી પ્રચલિત છે: એમ શ્રી હીરપ્રશ્નમાંનો-'**त्रयोदशीचतुर्दश्योः**' પાઠ ખાત્રી આપે છે.

આથી કલમ ૩૭માં જણાવ્યા મુજબ શ્રી તપાગચ્છીયને તો શાસ્ત્ર મુજબ પકખીના ઉપવાસનો નિયમ પકખીએ જ સચવાય છે અને છટ્ઠનો નિયમ જે ચોમાસીનો છે તે, પાક્ષિકે અને પૂનમે જ સચવાય છે: અને તેથી તપાગચ્છવાળાઓને તો પાક્ષિકના ક્ષયે પૂનમ-પડવે અને પૂનમના ક્ષયે ચૌદશ-પડવે છટ્ઠ કરવાનો અભિગ્રહ કરવાની જરૂર જ રહેતી નથી.

માત્ર ખરતરગચ્છવાળાઓ જ (**क्षये पूर्वा०** પ્રઘોષને અને તેના અર્થને અવગણીને) પંચમીના ક્ષયે પહેલાંની ચોથે (પાંચમ કરવાને બદલે) તે ક્ષીણ પંચમીનો તપ જ કરે છે અને પૂર્ણિમાના ક્ષયે વળી તે ક્ષીણ પૂનમની પછીની વદિ એકમે તે ક્ષીણ પૂનમનો તપ કરે છે, (કે-જેને અનુલક્ષીને જ થએલ શ્રી હીરપ્રશ્નમાંના-'**पंचमीतिथिस्त्रुटिता भवति०**' એ પ્રશ્નના ઉત્તરમાં તિથિને છોડીને કેવલ તપનો જ ઉત્તર આપવો પડેલ છે.) તેથી શાસ્ત્રકારે અહિં પોતાની વાતના સમર્થનમાં રજુ કરેલું આ '**यथा पूर्णिमापाते०**' દૃષ્ટાંત, ખરતરની જ માન્યતાસૂચક છે; એમ નવો વર્ગ સારી રીતે સમજતો હોવા છતાં અને ગ્રંથકારે જણાવેલ

દિવસે બે તિથિ હોય અને તેમાં જે પ્રભુનાં કલ્યાણકો આરાધતો હોય તે કલ્યાણકની તિથિ આગલી હોય ત્યારે) આવતા વર્ષનો તે કલ્યાણકતિથિવાળો દિવસ લઈને જ તે તપ પૂર્ણ કરે છે. એમ હોવાથી એમાં શંકાને અવકાશ નથી: અહિં તમારૂં યુક્તિશૂન્યપણું હોવાથી (તમોએ ઉઠાવાતી દરેક શંકામાં આ રીતે) તમારે આકાશ સામે જોવાપણું રાખવું તે જ શંકારૂપી જ્વરના નાશની ઔષધિ છે. ॥ ૫ ॥

**અવતરણિકા :—** હવે (પાંચમી ગાથામાં) આપેલી ઔષધિનું વામીટ ન થાઓ, એ અભિપ્રાયથી તે ઔષધિના સ્થિરીકરણાર્થે રસાયણરૂપ ગાથા કહે છે :—

**મૂ૦–जह अन्नसंगिरयणं, रयणत्थी गिण्हइ य न कणगाई ॥**
**न य पुण तम्बाईणं, हेउविसेसं विणा मुल्लं ॥६॥**

**મૂલાર્થ:—**'જેમ રત્નનો અર્થીજન, બીજી વસ્તુના સંબંધવાળું રત્ન ગ્રહણ કરે છે અને સુવર્ણ વગેરે ગ્રહણ કરતો નથી, તથા (જેમાં તે રત્ન જડાયેલું હોય તે) ત્રાંબુ વગેરેનું હેતુવિશેષ વિના મૂલ્ય નથી ॥ ૬ ॥

**ટીકાર્થ:—**'એકલું છૂટું રત્ન પડી ન જાવ' એ અભિપ્રાયવંત પુરુષે ત્રાંબા વગેરેમાં જડેલ કે પડી જવાના ભયથી કપડે બાંધેલ રત્ન, અન્યસંગી=બીજી વસ્તુના સંબંધવાળું કહેવાય. અને તેમ હોય ત્યારે જેમ કોઈ રત્નનો અર્થી (હોવા છતાં) અન્યના સંબંધવાળા એટલે કે-કપડાથી બાંધેલ કે ત્રાંબા વગેરેથી મઢેલા પણ રત્નને ગ્રહણ કરે છે. કારણકે–

---

તે ખરતરીય માન્યતાવાળા દૃષ્ટાંતમાંની છઠ્ઠના અભિગ્રહવાળી વાતમાં (ચૌદશના ક્ષયે પૂનમ તથા પડવે અને પૂનમના ક્ષયે ચૌદશ તથા એકમે છઠ્ઠના અભિગ્રહની વાત સિવાય) તેરસ ચૌદશે છઠ્ઠનો અભિગ્રહ કરવાની વાતની ગંધ પણ નહિ હોવા છતાં [તેમ જ કલમ ૩૭માં જણાવ્યા મુજબ સં. ૧૯૯૩ની **'પર્વતિથિપ્રકાશ'** માંનું તે સંબંધીનું પોતાનું (૩૩ થી ૯૭ સુધીના ૬૪ પેજ પ્રમાણ) મનસ્વી લખાણ, સં. ૨૦૦૬ ની અનુવાદ બૂકમાં પોતાના હાથે જ રદ કરવું પડેલ હોવા છતાં] તે સં. ૨૦૦૬ની **'सपरिशिष्टश्रीतत्त्वतरंगिणी टीकानुवाद'** બૂકના ૧૦ મા પેજ ઉપર **'પૂનમના ક્ષયે ચૌદશ સાથે તેરસ અથવા પડવો ગ્રહણ કરી છઠ્ઠનો અભિગ્રહ પૂરો કરવો.'** એ કલ્પિત માન્યતાને ગૌણ તરીકે કૌંસમાં સ્થાપીનેય આ ગ્રન્થકાર-શ્રીના નામે ચઢાવી રાખેલ છે તે, પૂનમના ક્ષયે તે પૂનમ પર્વતિથિને જ ઉડાવી દેનારા સદંતર નિરાધાર અને નિર્મૂળ ઠરેલા નિજના મતના અત્યાગ્રહનું મૂર્તિમંત પ્રતિબિંબ છે.

૩૯. "કૌંસમાં જણાવેલી તે વાત, મૂલ ગ્રંથમાંની આ 'यथा **पूर्णिमापाते०**' પંક્તિની પહેલાંની જ પંક્તિમાં જણાવેલી 'अनंतरोत्तरदिनमादायैव तपःपूरको भवति' એ પંક્તિના આધારે અહિં અર્થાપત્તિથી આવી જ જતી હોવાથી મુદ્રિત ગ્રન્થમાં આ સ્થલે તે વાત અધ્યાહાર રાખેલ છે" એમ સમજવા છતાં નવા વર્ગે, અહિં પણ પોતાની પાસેની લિખિત પ્રતમાંના (મુદ્રિતપ્રતમાંના **'यथा पूर्णिमापाते × × × अभिग्रही'** એ પાઠ પછી પણ) અધ્યાહાર સમજી લેવાતા 'अपरदिनमादायैव तपःपूरकः' એ વધારાના પાઠને મૌલિક પાઠ તરીકે રજુ કરીને તે પાઠના બ્હાને આ મુદ્રિત શુદ્ધ પાઠને ત્રુટક, અશુદ્ધ અને અસંગત કહેલ છે તે આ ગ્રન્થના મુદ્રિત પાઠોને યેનકેનાપિ અશુદ્ધ લેખાવવાની નિષ્ઠાનું પ્રતીક ગણાય.

વસ્ત્રની સાથે બાંધેલ કે ત્રાંબાની સાથે જડેલ હોવા છતાં પણ રત્ને પોતાનું સ્વરૂપ તજેલું નહિ હોવાથી પોતાનું કાર્ય કરવા સમર્થ જ છે. જો તે કપડા કે ત્રાંબાના સંગથી તે સામર્થ્ય રહેતું ન હોત તો તે રત્ન, તથાપ્રકારનું=તેનું હોય તેટલું મૂલ્ય (પામે છે તે) ન જ પામી શકત:[૪૦] તેવી રીતે (રત્નની જેમ)–'કોઈ રત્નાથીં વસ્ત્રે બાંધેલા કે ત્રાંબાથી જડેલાં રત્નનાં સ્થાને પ્રિય એવા પણ સુવર્ણ (વગેરે)ને ગ્રહણ કરતું નથી.' એ ભિન્ન ઉક્તિ અધ્યાહારથી જણાવી: કારણ કે તે સુવર્ણાદિથી રત્નનું કાર્ય બની શકતું નથી.

હવે (ચૌદશના ક્ષય પ્રસંગે) કારણવિશેષ વિના તેરસે 'તેરસ' એવા નામની શંકા પણ ન કરવી,[૪૧] એમ જણાવવા સારૂ શ્લોકના ઉત્તરાર્દ્ધવડે દૃષ્ટાંત જણાવે છે કે–'વળી ત્રાંબા વગેરેનું મૂલ્ય કોઈ આપતું નથી અથવા કોઈ લેતું નથી. કારણકે–તેનું હોવાને લીધે તે મૂલ્યનો રત્નના મૂલ્યમાં સમાવેશ થાય છે. કેવી રીતે? તો કહે છે કે–'હેતુ=કારણ વિશેષ વિના.' આ કહ્યું તેનો અર્થ શો? તો કહે છે કે–'ત્રાંબાથી મઢેલ કે કપડે બાંધેલ રત્નનો તોલ કરવાના અવસરે તો તે ત્રાંબું વગેરેને પણ જુદાં ગણવામાં આવે છે.' એ પ્રમાણે ક્ષય પામેલી તિથિ જે તિથિમાં રહેલી હોય તે (ઉદયાત્) તિથિ, કારણવિશેષે[૪૨]

૪૦. રત્ન અને ત્રાંબાદિના આ દૃષ્ટાંતથી શાસ્ત્રકારે, અહિં—ચૌદશના ક્ષયે તેરસે–'તેરસને ત્રાંબા અને વસ્ત્રસમાન અને ચૌદશને રત્નસમાન કહેલ છે; અને તે સાથે 'રત્નનું મૂલ્ય કરતી વખતે જેમ ત્રાંબા અને વસ્ત્રનું મૂલ્ય હિસાબમાં લેખાતું જ નથી, તેમ રત્નતુલ્ય ચૌદશના મૂલ્ય વખતે લૌકિકપંચાંગગત તેરસનું મૂલ્ય અલગ લેખાતું જ નથી = ચૌદશની અંતર્ગત જ થાય છે" એમ નક્કી કરી આપ્યું છે: એટલે કે–'આરાધનામાં તો ચૌદશના ક્ષયે તેરસે ચૌદશનો જ વ્યવહાર થાય; પરંતુ ત્રાંબાદિ તુલ્ય તેરસનો વ્યવહાર તો ન જ કરાય' એમ નક્કી કરી આપ્યું છે. શાસ્ત્રકારે આથી જ આ ગ્રંથમાં પૂર્વે **'प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति'** કહેવા દ્વારા 'આરાધનામાં તેરસને ચૌદશ જ કહેલ છે.' આમ છતાં જેઓ ચૌદશના ક્ષયે આ ગ્રંથના નામે તેરસ–ચૌદશ ભેળી ગણાવે છે તેઓ આ ગ્રંથના પાઠોનો ઇરાદાપૂર્વક અવળો અર્થ કરનારા ઠરે છે = રત્નની સાથેના ત્રાંબા અને કપડાને પણ રત્ન લેખાવનારા ઠરે છે.

૪૧. આથી શાસ્ત્રકાર સ્પષ્ટપણે જણાવે છે કે–"કોઈ મુહૂર્ત્તાદિક વિશેષ–મોટું કારણ ન હોય તો ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેવાની શંકા પણ ન કરવી: અર્થાત્ લૌકિકપંચાંગમાં ભલે તેરસ કહેવાય; પરંતુ આરાધનાના પંચાંગમાં તો–(આ ગ્રંથમાં પ્રથમ જણાવેલા **'चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** પાઠાદિ અનુસારે) તેરસનો ક્ષય જ કરીને તેનાં સ્થાને ચૌદશ જ કરવી." આ પાઠથી સ્પષ્ટ છે કે–આરાધનામાં સમ્યગ્દૃષ્ટિને તેરસ–ચૌદશ ભેળા માનવા પાલવે જ નહિ. કારણ કે–પર્વતિથિ સૂર્યોદયથી જ ગણાતી હોવાથી અને ચૌદશના ક્ષયે ચૌદશનો પૌષધ તેરસના સૂર્યોદય પહેલાં લેવાનો વિધિ હોઈને તે પૌષધને ચૌદશનો પૌષધ કહેવાતો હોવાથી તે દિવસે તેરસ ગણત્રીમાં રહેતી જ નથી.

૪૨. સં. ૨૦૦૬ના પ્રથમ આષાઢવદિમાં **ડભોઈ મુક્તાબાઈ જ્ઞાનમંદિરે** (પ્રસિદ્ધિકાલ સ. ૨૦૦૫ છાપીને) પ્રસિદ્ધ કરેલ **'श्रीतत्त्वतरंगिणीबालावबोध'** નામક બૂક કે–જેમાં તેના કર્ત્તાનું નામ અને લેખનકાલ જણાવેલ નથી, અર્ધા ગ્રંથનો પણ બાલાવબોધ નથી, કુલ ૬૧માંથી ૨૫ ગાથાનો જ બાલાવબોધ છે અને તે પણ ખંડખંડ છે અને ક્રમસર તો નથી જ! એટલે કે–તે બાલાવબોધ, મૂલ ગ્રંથની ૨૫ ગાથાઓની ટીકામાંની પણ અનેક પંક્તિઓ તથા અનેક પાઠોને છોડી દીધેલ એવો ત્રુટક–અસંબદ્ધ અને કોઈ સ્થલે સમજ, કોઈસ્થલે અધૂરી સમજ અને કોઈ સ્થલે અણસમજ જ્ઞાપક છે, તેવા તે બાલાવબોધને તે

જ ઉપયોગી થતી હોવા છતાં બલવાન (ચૌદશી આદિના) કાર્યને છોડીને પોતાના કાર્યને માટે જ ઉપયોગી થતી નથી. પરીક્ષા વગરનાં ચોર વગેરે સિવાયના બીજા કોઈના હાથમાં રહેલું રત્નયુક્ત ત્રાંબું, ત્રાંબાના મૂલ્યથી જ પ્રાપ્ત થતું નથી, ચોર વગેરેના હાથમાં રહેલું તો ત્રાંબાના મૂલ્યે મળી પણ જાય. **શ્રી લલિતવિસ્તરા** ગ્રન્થની ટિપ્પણીમાં કહ્યું છે કે-જે દેશમાં પરીક્ષક ન હોય તે દેશમાં સમુદ્રમાંથી નીપજેલાં રત્નો કિમ્મત પામતા નથી. ભરવાડના ઝુંપડામાં (રહેલા) ચન્દ્રકાન્તમણિને ગોવાળીઆઓ ખરેખર ત્રણ કોડી બોલે છે. ॥ ૬ ॥

**અવતરણિકાઃ—**હવે પ્રથમ જણાવેલી યુક્તિના સામાન્ય ન્યાયને અનુસરતા થકા ગાથા કહે છે:—

**मू०—जो जस्स अट्ठी सो तं, अविणासयसंजुअं पि गिण्हेइ ॥**
**न य पुण तओ वि अन्नं, तक्कज्जसाहणाभावा ॥७॥**

**મૂલાર્થઃ—**જે જેનો અર્થી હોય તે, તેને અવિનાશક પદાર્થ યુક્ત હોય તો પણ ગ્રહણ કરે છે; પરંતુ તે વસ્તુથી પણ અન્ય-બીજી વસ્તુને કાંઈ ગ્રહણ કરે નહિ: કારણકે-તે અન્ય-બીજી અન્ય વસ્તુથી ઇષ્ટવસ્તુનું કાર્યસાધન થતું નથી. ॥ ૭ ॥

---

બૂકના પ્રકાશકે-"આ આખા ગ્રંથનો બાલાવબોધ લેખાવનારૂં **'श्रीतत्त्वतरंगिणी-बालावबोध'** એવું આખું નામ આપેલ છે, તેના અજ્ઞાતનામા (મુનિ-જતિ કે ગૃહસ્થ પંડિત) લેખકને પ્રાચીન અને મહામુનિ લેખાવનારૂં **'चिरंतनमहत्तममुनि'** તરીકે કલ્પિત ઉપનામ આપેલ છે, તે બાલાવબોધમાં તેનો લેખનકાલ જણાવેલ જ નહિ હોવા છતાં આ ગ્રંથકારની નજીકનો સમય લેખાવવા સારૂ તે બૂકમાં તે બાલાવબોધનો લેખનકાલ કલ્પિત રીતે જ **'સત્તરમા સૈકાનો પૂર્વાર્દ્ધ'** જણાવેલ છે, અને તે બાલાવબોધને શાસનમાં સાર્વદિક્ અપ્રમાણ ઠરેલી-**'પર્વતિથિપ્રકાશ'** તથા **'તિથિસાહિત્યદર્પણ'** જેવી બૂકોમાંના કેવળ કલ્પિત લખાણનો સ્થાને સ્થાને પુષ્કળ પટ આપવામાં આવેલ છે!!!"

તે પ્રકારે અસત્યના પિંડરૂપે તૈયાર કરીને સમાજમાં અતિપ્રમાણિક તરીકે પ્રચારવામાં આવેલા તે-**'श्रीतत्त्वतरंगिणीबालावबोध'** નામની બૂકના ૧૦ મા પેજ ઉપર આ (નં. ૪૨ વાળા) **'कारणविशेष'** પાઠનો બાલાવબોધ જે-**'कोइ एकनइ कल्याणकादिकनुं तेरसिइं उपवास कीधो जोईइ एहवुं कारण छतइं चतुर्दशी संघातइ मिली तेरसी अलगी लेखवी'** એ પ્રમાણે પ્રસિદ્ધ થએલ છે તે સદંતર અબોધમૂલક છે. કારણકે-તે બાલાવબોધ, બાલાવબોધકારને "(A)-કલ્યાણક, એ કારણવિશેષ નથી; પણ આરાધ્ય પર્વ છે, (B) એકકલ્યાણકનો તપ ઉપવાસ નહિ પણ એકાશન છે, (C)-આ ગ્રન્થમાં પૂર્વે જણાવ્યું છે તેમ કલ્યાણકનો તપ બીજે દિવસ લઈને પણ કરી શકાતો હોવાથી કલ્યાણકનો તપ કરવા તેરસને ચૌદશથી જુદી ગણવાની આવશ્યકતા રહેતી નથી, તદુપરાંત (D)-આ ગ્રંથકારશ્રીએ ચોથી ગાથાની ટીકામાં ચૌદશના ક્ષયે-**'तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** એ પાઠદ્વારા 'તેરસે તેરસ એવા નામનો પણ સંભવ નથી અને આરાધનામાં ચૌદશ જ કહેવી' એમ સ્પષ્ટ જણાવેલ હોવાથી ચૌદશના ક્ષયે કલ્યાણકના બ્હાને તેરસને ચૌદશથી અલગ લેખવાનું કહેવું તે શાસ્ત્રનુસારી નથી; પરંતુ તે તેરસને ચૌદશની અંતર્ગત જ લેખવાનું કહેવું તે શાસ્ત્રાનુસારી છે." એ ચાર ચાર બાબતના બોધનો સદંતર અભાવ સૂચવે છે.

**ટીકાર્થ :—** જે જેનો અર્થી-અભિલાષી હોય તે જેમ શુદ્ધ વસ્તુને ગ્રહણ કરે છે, તેમ તે વસ્તુનો વિનાશ નહિ કરનારી એવી બીજી વસ્તુથી તે વસ્તુ, સંયુક્ત-મિશ્ર હોય તો પણ તે ગ્રહણ કરે છે. અહિં અવિનાશકપણું એ લેવાનું છે કે-' જે વસ્તુમાં અભિલષિત-ઇચ્છિત વસ્તુનાં સ્વરૂપને પ્રતિબંધકતા-બાધકતા ન હોય, અથવા જે વસ્તુમાં ઇચ્છિત વસ્તુથી જે કાર્ય સાધ્ય હોય તે કાર્યને પ્રતિબંધક-બાધક થવાપણું ન હોય.' તેથી .મરણાદિ પ્રસંગ વિશેષ પામીને કોઈ વિષમિશ્રિત ક્ષીરાદિ ગ્રહણ કરે અને બીજી વસ્તુ ગ્રહણ ન કરે તો પણ દોષ-બાધા નથી; અને વળી ઇચ્છિતવસ્તુ સિવાયની અન્યવસ્તુને ગ્રહણ કરતો પણ નથી:[૪૩] એ પ્રમાણે લાલાઘંટા ન્યાય વડે અહિં પણ સંબંધ કરાય. ( બીજી વસ્તુ ) કેમ ગ્રહણ કરતો નથી ? તો કહે છે કે-તેનું=રત્નનું કાર્ય સાધી આપવા માટે તે અન્ય વસ્તુ અસમર્થ છે: એ પ્રમાણે એનું રહસ્ય છે. ॥૭॥

**અવતરણિકા:**—હવે 'ઘી'ના અર્થીજનોનું દૂધ વગેરેનું ગ્રાહકપણું હોવાથી આ ( ઉપર જણાવેલ ) નિયમ ન રહ્યો; એ શંકાને દૂર કરવા સારૂ કહે છે:-

## मू०—जं दुद्धाइग्गहणं, घयाभिलासेण तत्थ न हु दोसो ॥
## तद्दारेण तयट्ठी, अहवा कज्जोवयारेणं ॥८॥

**મૂલાર્થ:**—જે દૂધ વગેરેનું ગ્રહણ, 'ઘી'ની અભિલાષાથી કરે તેમાં દોષ જ નથી, તે દ્વાર વડે 'ઘી'નો અર્થી છે અથવા ( દૂધના ) કાર્યરૂપ 'ઘી'ના ઉપચારથી ( દુગ્ધાદિને ) ગ્રહણ કરતો 'ઘી'નો અર્થી છે. ॥૮॥

**ટીકાર્થ:**—'ઘી'ની અભિલાષાથી જે દૂધ આદિનું ગ્રહણ કરે. 'આદિ' શબ્દથી ચાંદી વગેરેનું પણ ગ્રહણ કરવું. તેમાં વ્યાપ્તિનો ભંગ થવા રૂપ દોષ થતો જ નથી. કારણ કે- 'ઘી'ના અર્થીપણારૂપ **દ્વાર** વડે દૂધને ગ્રહણ કરતો દૂધનો અર્થી પણ-'આ ઘીનો અર્થી છે,' એમ કહેવાય છે: અથવા **કારણ**માં કાર્યનો ઉપચાર હોવાથી દૂધને ગ્રહણ કરતો સતો પણ 'ઘી'ને જ ગ્રહણ કરતો કહેવાય છે, નહિ કે-દૂધને ગ્રહણ કરતો કહેવાય છે. ॥૮॥

**અવ૦**—હવે **'દ્વાર'** અને **'ઉપચાર'** એ બન્નેને દૃષ્ટાન્ત વડે સ્પષ્ટ કરે છે:—

## मू०—जह सिद्धट्ठी दिक्खं, गिण्हंतो तहय पत्थओ दारुं ॥
## न य तं कारणभावं, मोत्तूण संभवइ उभयं ॥९॥

**મૂલાર્થ:**—જેમ દીક્ષા ગ્રહણ કરતો મુક્તિનો અર્થી કહેવાય છે, તેમ કાષ્ટને ગ્રહણ કરતો પાલાને ગ્રહણ કરતો કહેવાય છે. કારણભાવ વિના આ બન્ને વાત સંભવતી નથી. ॥૯॥

---

૪૩. આથી શાસ્ત્રકારે ખરતરગચ્છીઓ પાસે એ વાત સિદ્ધ કરી છે કે-ચૌદશનો અર્થી, ચૌદશના ક્ષયે ચૌદશ, તેરસ મિશ્રિત હોવા છતાં ચૌદશને જ ગ્રહણ કરે છે અને તેરસને આરાધનાની વાતમાં તેરસ તરીકે ગણતો નથી.

**टीकार्थः—**જેમ મુક્તિનો અભિલાષી, મુક્તિના અર્થીપણા દ્વારા દીક્ષાને ગ્રહણ કરતો દીક્ષાર્થી પણ કહેવાય છે. કારણકે-કાર્યની ઇચ્છાવાળાઓમાં કારણની ઇચ્છાનો નિયમ છે જ: **દ્વાર** વડે ઇચ્છાપણું જણાવીને હવે **ઉપચાર** જણાવે છે. જેમ કે-કાષ્ટમાં પ્રસ્થક=પાલાનો વ્યપદેશ થાય છે. કહેવાનો ભાવ એ છે કે-હાથમાં (કોઈ) લાકડું લઈને જતો હોય તો પણ 'પાલો લઈને જાય છે' એમ કહેવાય છે: એ પ્રમાણે 'દુગ્ધ ગ્રહણ કરતો પુરુષ પણ ઘી ગ્રહણ કરે છે' એમ કહેવાય છે. હવે હેતુનો વ્યતિરેક એટલે હેતુના અભાવને દેખાડે છે કે-પ્રથમ કહેલ દ્વાર અને ઉપચાર બન્ને સંભવતા નથી: કેમ સંભવતા નથી? તો કહે છે કે-કારણભાવને છોડીને: એટલે કે-તે દ્વાર અને ઉપચાર એ બંનેમાં જો કારણભાવને માનવામાં ન આવે તો તે દ્વાર અને ઉપચાર બંને સંભવતા નથી. કારણ-પદ ઉપલક્ષણવાળું છે. તેથી કાર્યકારણભાવને છોડીને તે દ્વાર અને ઉપચાર સંભવતા નથી એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૯॥

**અવ૦—**હવે કાલનું કાર્યમાત્ર પ્રતિ કારણપણું હોવાથી પૂર્ણિમાને વિષે પણ ચતુર્દશીરૂપ કાર્યનો ઉપચાર કેમ ન થાય? એ પ્રકારની શંકાને દૂર કરે છે:—

**मू०—जइवि हु जिणसमयंमि अ, कालं सव्वस्स कारणं भणिओ ॥**
**तहवि अ चउद्दसीए, नो जुज्जइ पुण्णिमा हेऊ ॥१०॥**

**મૂલાર્થઃ—**જો કે જૈનશાસનમાં કાલને સર્વનું કારણ કહેલ છે, તો પણ પૂર્ણિમા, ચૌદશના હેતુ તરીકે ઘટતી નથી. ॥૧૦॥

**ટીકાર્થઃ—**જો કે-જૈનશાસનમાં સ્વભાવ આદિ ચાર કારણો સહિત કાલ પણ સર્વકાર્યનું કારણ કહેલ જ છે, તો પણ કારણનાં લક્ષણનો અભાવ હોવાથી પૂર્ણિમા, ચૌદશનું કારણ ઘટતું જ નથી[૪૪]=બની શકતું જ નથી. ॥૧૦॥

**અવ૦—**હવે કારણના લક્ષણના અભાવને જ દેખાડે છે:—

**मू०—कज्जस्स पुव्वभावी, नियमेण कारणं जओ भणियं ॥**
**तल्लक्खणरहिआ वि य, भणाहि कह पुण्णिमा हेऊ ॥११॥**

**મૂલાર્થઃ—**કારણ કે-કાર્યનાં કારણને નિશ્ચયે કરીને પૂર્વભાવી=પૂર્વે હોનારૂં કહેલ છે. આ લક્ષણથી રહિત હોવા છતાં પણ પૂર્ણિમા, (ચૌદશનું) કારણ શી રીતે બને? તે કહો. ॥૧૧॥

૪૪. અહિં ખાસ ધ્યાન રાખવું કે-શાસ્ત્રકારે ખુલાસામાં ઉપચારને અયોગ્ય ન જણાવતાં 'પૂનમ, એ ચૌદશનું કારણ બનતી નથી, કારણકે-તે તો પૂનમ આવ્યા પહેલાં કાર્ય બનીને પણ નષ્ટ થએલ હોવાથી તેવા પૂર્વના નષ્ટ કાર્યને પછીની પૂનમે કરવાનું કહો છો તે (ચૌદશના) કાર્યમાં ઉપચાર ન જ થાય' એમ જણાવ્યું છે.

**ટીકાર્થ**:—નિશ્ચયે કરીને કાર્યની પહેલાં જે થનારૂં હોય તે કારણ કહેલ છે. આ **લક્ષણથી**=પૂર્વભાવિપણાથી રહિત હોવા છતાં એટલે કે-ચતુર્દશીની પહેલાં પૂર્ણિમા નહિ હોવા છતાં પણ પૂર્ણિમા, ચતુર્દશીનું કારણ શી રીતે બને? તે મને કહો: જો વિનષ્ટ-અતીત-કાર્યનું પણ **भाविकारणं**—ભાવિકારણ=ભવિષ્યમાં થનારૂં કારણ બને તો જગતની વ્યવસ્થામાં વિપ્લવ-ઉલ્કાપાત ઉભો થવા પામે. ॥૧૧॥

**અવ૦**—એ પ્રમાણે સામાન્ય ન્યાયનું પણ સમર્થન કરીને (તેને) ચાલુ અધિકારમાં યોજે છે:—

## मू०—एवं हीणचउद्दसी, तेरसिजुत्ता न दोसमावहइ ॥
## सरणं गओ वि राया, लोआणं होइ जह पुज्जो ॥१२॥

**મૂલાર્થ**:—એ પ્રમાણે ક્ષીણચતુર્દશી તેરસ સહિત ગ્રહણ કરવી તે દોષને પામતી નથી. જેમ શરણે ગએલો પણ રાજા લોકોને પૂજ્ય હોય છે. ॥૧૨॥

**ટીકાર્થ**:—એ પ્રમાણે પૂર્વે કહેલી યુક્તિવડે ક્ષીણચતુર્દશી, તેરસ સહિત પણ ગ્રહણ કરાતી દોષને[૪૫] પામતી નથી, એ પ્રમાણે શ્લોકના પ્રથમના અર્દ્ધ ભાગનો અર્થ છે. હવે (એ વાતનું) દૃષ્ટાન્તથી સમર્થન કરેલ હોવા છતાં પણ 'બે વાર બાંધેલું વધારે મજબૂત બને છે' એ ન્યાય હોવાથી (તે વાતના વધારે સમર્થનાર્થે) ફરીથી પણ દૃષ્ટાંતની બહુ-લતા દેખાડે છે=વધારે દૃષ્ટાંત જણાવે છે. મહાન્ પુરુષોને પણ આપત્તિનો સંભવ હોવાથી કોઈ વખત આપત્તિમાં આવી પડેલ રાજાને જે મહેલ કે કિલ્લો વગેરે શરણ બને છે, તે શરણમાં રહેલો પણ રાજા, લોકોને પૂજ્ય-સેવનીય હોય છે. આ કહેવાનો ભાવાર્થ એ છે કે-"રાજા, કિલ્લા વગેરેમાં રહેલો પણ સેવ્ય-આરાધ્ય છે. (એટલું જ નહિ; પરંતુ રાજા જે સ્થાને રહેલ હોય) તે સ્થાન પણ યત્નથી રક્ષણ કરવા યોગ્ય છે; પરન્તુ રાજા સહિ-તના પણ તે સ્થાનને મૂલમાંથી નષ્ટ કરીને ક્યારેય પણ શરણ ન બની શકે તેવા અરણ્ય-જંગલ વગેરેમાં અથવા મંત્રીના ઘરે કે-જે તે સ્થાનમાં રાજાને સ્વબુદ્ધિથી આરોપીને તેનું આરાધન હિતને માટે થઈ શકતું નથી. એટલે કે-'ચતુર્દશીના ક્ષયે રાજારૂપ ચતુર્દશી, તેરસરૂપ કિલ્લામાં રહેવાની સ્થિતિમાં આવી પડેલ હોય તે પ્રસંગે તે ચતુર્દશીને તેરસના સ્થાને પણ ચતુર્દશી જ માનવાને બદલે રાજારૂપ તે ચતુર્દશીને અને તે ચૌદશના શરણરૂપ તેરસને પણ ઉડાવી દઈને તે ચૌદશને માટે અશરણ અરણ્યાદિરૂપ પૂર્ણિમાને વિષે તે ચતુર્દશીને સ્વબુદ્ધિથી સ્થાપીને તે પૂર્ણિમાને દિને તે ક્ષીણચતુર્દશીનું આરાધન થઈ શકતું નથી.' અથવા-'માત્ર સભામાં બેઠેલો જ રાજા પૂજ્ય = ઉદયાત્ ચૌદશ જ પૂજ્ય-આરાધ્ય.'

૪૫. અહિં શાસ્ત્રકારે ચૌદશના ક્ષયે તેરસ સહિતની ચૌદશને તેરસ-ચૌદશ તરીકે ગ્રહણ કરવાનું કહ્યું નથી, પરન્તુ ચૌદશ તરીકે જ ગ્રહણ કરવાનું કહેલ હોવાથી 'તેરસ-ચૌદશ' કહેવું એ મૃષાભાષણ ઠરે છે.

એમ પણ નથી. ઇત્યાદિ લોકપ્રસિદ્ધ દૃષ્ટાન્ત, સૂત્રના એક દેશ ભાગવડે = ટુકડાવડે બુદ્ધિથી અધ્યાહાર સમજવું[૪૬] ॥૧૨॥

**અવ૦**—હવે ફરીથી પણ બીજા પ્રકારે દૃષ્ટાન્ત આપી સમર્થન કરે છે:—

**મૂ૦—अहवा जत्थ वि राया, चिट्ठइ अमच्चाइसंजुओ ससुहं ॥**
**तत्थेव रायपरिसा, ठिय त्ति वुच्चइ न अन्नत्थ ॥१३॥**

**મૂલાર્થ:**—અથવા રાજા, પ્રધાનાદિસહિત સુખપૂર્વક જ્યાં પણ રહેલ હોય ત્યાં જ રાજપર્ષદા રહેલી છે એમ કહેવાય છે, પણ બીજે નહિ ॥૧૩॥

**ટીકાર્થ:**—અથવા બીજા પ્રકારે:-જે કોઈપણ સ્થળે રાજા, પ્રધાનાદિ સહિત સુખ-પૂર્વક રહેલ હોય તે જ સ્થાને રાજપર્ષદા રહેલ છે, એમ લોકો કહે છે. પરન્તુ રાજા સિવાય, બીજે સ્થાને = રાજમાન્ય એવા અમાત્ય વગેરેના ગૃહાદિમાં રહેલી પર્ષદાને રાજપર્ષદા કહેવાતી નથી. ॥૧૩॥

**અવ૦**—હવે 'પહેલાં પૂર્ણિમાએ પાક્ષિક કૃત્ય હતું, અને શ્રી કાલિકાચાર્યમ૦ના આદેશથી હાલમાં[૪૭] ચૌદશે થયેલ છે તેથી ચૌદશના ક્ષયે પૂર્ણિમા[૪૮] જ લેવી તે યુક્તિ-યુક્ત છે' એમ પણ કોઈક ભ્રાંતને ભ્રાંતિ થાય તે દૂર કરવા સારૂ ગાથા કહે છે:—

૪૬. '**लोकप्रसिद्धो दृष्टान्तः सूत्रैकदेशेनैव बुद्धया गम्य इति**' એ મુદ્રિત પાઠના આ શુદ્ધ અર્થને (પર્વ-તિથિપ્રકાશના પૃ. ૧૦૫ની ૫૧ મી ટિપ્પણીમાં '**लोकसिद्धो दृष्टान्तः। दार्ष्टान्तिकयोजना त्वेवं चतुर्दशी राजा यस्मिन्दिने वर्त्तते स एव दिवसस्तत्तिथित्वेन प्रमाणमित्यादि कार्येति।**' એ પ્રમાણે કોઈ લિખિત પ્રતના પાઠના અશુદ્ધ અર્થને એ મુદ્રિત પાઠના અનુવાદમાં જોડી દઈને તે અશુદ્ધ અર્થદ્વારા) ખોટો ઠરાવવા નવાવર્ગે ભારી પ્રયાસ કરેલ, પરંતુ 'તે પ્રયાસ નિરર્થક હતો,' એમ એ જ ટિપ્પણીકારે સં. ૨૦૦૬ માં પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટતત્ત્વતરંગિણી ટીકાનુવાદ' નામની બૂકના ૧૪ મા પેજ ઉપર (તે મુદ્રિત પાઠનો જ સ્વીકાર કરીને, પોતાની અશુદ્ધ પ્રતમાંના તે વધારાના પાઠને કૌંસમાં દાખલ કરીને અને તેમની લિખિતપ્રતમાં તે પાઠ નહિ હોવાથી તે લિખિત પાઠને અશુદ્ધ તરીકે કબૂલીને) પોતાની તે **પર્વતિથિપ્રકાશ** નામની બૂકને તેમ જ તે લિખિતપ્રતને પોતે પણ અશુદ્ધ માનેલ છે તે સંતોષની વાત છે. બારમી ગાથાના આ અર્થ ઉપરાંત (તે બૂકના ૧૪ મા પેજ ઉપર) કૌંસમાં જણાવેલા પાઠમાંની દાર્ષ્ટાંતિક યોજના, (શાસ્ત્રકારે જણાવેલા તે પૂર્ણ અર્થ પછીથી) એ પ્રમાણે પોતાની બુદ્ધિથી કરવાની રહેતી જ નથી; કારણકે-તે યોજના, શાસ્ત્રકારે પોતે જ ૧૭ મી ગાથાની ટીકામાં જણાવેલી જ છે.

૪૭. આ વાતને શાસ્ત્રીય મનાવવા સારૂ પૂનમે પાક્ષિકના આગ્રહવાળા પૂનમીયાગચ્છીએ શ્રીઠાણાંગ-સૂત્રની કોઈક ટીકામાં '**तव्वसेण पक्खियाणि चउद्दसीए**' પાઠ પણ પદરનો ઉમેરી દેવાની ગરબડ કરેલ છે! જુઓ-આ જ ગ્રંથકારશ્રી કૃત **પ્રવચનપરીક્ષાગ્રંથ** પત્રાંક ૧૭૬-**यत्तु क्वापि ठाणांगवृत्तौ०**' એ પાઠ.

૪૮. અહિં ધ્યાન રાખવાનું છે કે-ચૌદશના ક્ષયે તેરસમાં ચૌદશ કરવાનું કહેનાર નવા વર્ગની જેમ 'પૂનમમાં ચૌદશ કરવી' એમ ખરતરો પણ કહેતા નથી. અર્થાત્ ચૌદશના ક્ષયે તે ક્ષીણ ચૌદશને પૂનમે કરનારા ખરતરોએ પણ અહિં-'તે ચૌદશ માટે પૂનમ જ લેવી' એમ પ્રથમા એકવચન વાપરેલ છે; પરંતુ 'પૂનમમાં ચૌદશ લેવી' એ તરીકે સપ્તમી વાપરેલ નથી. અર્થાત્ **पौर्णमास्यां** એમ કહેલ નથી.

**मू०–नेवं कयाइ भूयं, भवइ भविस्सं च पुण्णिमादिवसे ॥**
**पक्खिअकिच्चं आणा-जुत्ताणं मोहमुत्ताणं ॥१४॥**

**મૂલાર્થ:**—મોહથી રહિત એવા આજ્ઞાયુકતજનોને પાક્ષિકનું કાર્ય પૂર્ણિમાને દિવસે કદિપણ બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ ॥૧૪॥

**ટીકાર્થ:**—એ પ્રમાણે 'કદિ પણ થયું નથી, થતું નથી અને થશે નહિ' એ મુજબ ત્રણેય કાલમાં નિષેધ છે. શું થયું નથી ? તો કહે છે કે–'પાક્ષિકનું કાર્ય, કયાં ? પૂર્ણિમાને દિવસે': કોને એમ બન્યું નથી ? તો કહે છે કે–'આજ્ઞાયુકતજનોને.' અહિં આજ્ઞા તીર્થંકરોની જ સમજવી. તેવા જનોને તીર્થંકરોની આજ્ઞાયુક્તપણું કેમ હોય છે ? તે જણાવવા સારૂ વિશેષણ દ્વારા હેતુ કહે છે કે–'તેઓ આભિનિવેશિક મિથ્યાત્વમોહરહિતવાળા હોઈને મોહમુક્ત છે માટે' એમ ન કહેવું કે–'આ ત્રણેય કાલમાં નિષેધ જણાવનારું વચન, વચનમાત્ર હોવાથી પોતાના ઘરમાં જ બોલાતું સુંદર છે.' કારણ કે–'ઉપવાસ, ચૈત્યપરિપાટી અને સાધુઓને વંદના વગેરે લક્ષણવાળુ તે પાક્ષિકકૃત્ય ચૌદશે જ કહેલું છે,' એમ પૂર્વે બીજી ગાથાની ટીકામાં જ બીજા ગ્રન્થોની સમ્મતિ વગેરે પૂર્વક ચર્ચેલું છે અને આ પછીની (૧૫–૧૬ મી) ગાથામાં વિસ્તારથી જણાવાશે. ॥૧૪॥

**અવ૦**—હવે 'ત્રણે ય કાલમાં નિષેધ કેમ ?' એ ખ્યાલ આપવા સારૂ અન્વય સિવાયમાં હેતુથી ગર્ભિત એવી અન્ય ગ્રન્થમાં કહેલ અર્થસહિતની બે ગાથાઓ કહે છે :—

**मू०–जेणं चउद्दसीए, तवचेइअसाहुवंदणाऽकरणे ॥**
**पच्छित्तं जिणकहिअं, महानिसीहाइगन्थेसु ॥१५॥**
**न हु तह पन्नरसीए, पक्खिअकज्जं जिणेण उवइट्ठं ॥**
**किं तु पुणो बीअंगे, चउमासि तिपुण्णिमा गहिआ ॥१६॥**

**મૂલાર્થ:**—કેમકે–ચૌદશે તપ–ચૈત્યપરિપાટી–સાધુવંદન ન કરે તો મહાનિશીથ વગેરે ગ્રન્થોને વિષે જિનેશ્વરોએ પ્રાયશ્ચિત્ત જણાવેલ છે, તેમ જિનેશ્વરે પાક્ષિકકાર્ય પૂર્ણિમાએ કરવાનું જણાવેલ નથી; પરન્તુ બીજા અંગસૂત્ર શ્રીસૂત્રકૃતાંગમાં ત્રણ પૂર્ણિમાઓ ચોમાસીની ગ્રહણ કરેલી છે. ॥૧૫–૧૬॥

**ટીકાર્થ:**—જેમ શ્રી મહાનિશીથ વગેરે ગ્રન્થોને વિષે ચૌદશે જ ઉપવાસ–ચૈત્યપરિપાટી અને બીજી વસતિમાં રહેલા મુનિરાજોને પણ વંદન ન કરે તો શ્રી જિનેશ્વરોએ પ્રાયશ્ચિત્ત કહેલ છે તે પ્રકારે (તે સર્વ) પાક્ષિકકૃત્ય, શ્રી જિનેશ્વરે પૂનમે નિશ્ચયથી=નિયમ તરીકે ઉપદિશ્યું જ નથી. નહિ તો (ચૌદશ અને પૂનમ) બંને દિવસ ઉપવાસનો નિયમ

થયે સતે ચોમાસીની ( ત્રણ પૂનમની ) માફક ( દરેક ૧૪×૧૫ નો ) છઠ્ઠ તપ જ કહેલ હોત; પરંતુ તે તો કહેલ નથી.

એ પ્રમાણે પાક્ષિકકૃત્ય, શાસ્ત્રોક્તયુક્તિથી યુક્તપણે ચૌદશે સ્થાપેલ હોવા છતાં પૂર્ણિમાએ પાક્ષિકકૃત્ય કરવાનું કહેવું તે તો ( શાસ્ત્રથી નહિ, પણ ) સોગનથી મનાવવા જેવું જ છે. હવે–'પૂનમને પાક્ષિક તરીકે ન સ્વીકારવી.' એમ કહેવામાં સૂત્રની સમ્મતિ જણાવનારૂં ઉત્તરાર્દ્ધ કહે છે :—'પૂર્ણિમાએ પકખી કહેલી નથી, એટલું જ નહિ; પરંતુ શ્રી સૂયગડાંગસૂત્ર નામના બીજા અંગસૂત્રના બીજા સ્કંધમાંના લેપશ્રાવકના વર્ણનમાં ચોમાસીની ત્રણ જ પૂર્ણિમાને આરાધ્ય તરીકે ગ્રહણ કરેલી છે.' અને તે આ પ્રમાણે :—

"લેપ નામનો ગાથાપતિ શ્રાવક' ચૌદશ–આઠમ વગેરે તિથિઓને વિષે, મહાકલ્યાણકના સંબંધને લીધે પુણ્યતિથિ તરીકે પ્રસિદ્ધ એવી અમાવાસ્યાઓને વિષે અને ચોમાસીની ત્રણેય પૂનમોને વિષેઃ એવા પ્રકારના ધર્મદિવસોને વિષે અતિશયથી પ્રતિપૂર્ણ એવો વ્રતના અભિગ્રહ વિશેષરૂપ પૌષધ, આહાર–શરીર–બ્રહ્મચર્ય અને અવ્યાપારરૂપ પ્રતિપૂર્ણ પૌષધને સેવતો સંપૂર્ણ શ્રાવકધર્મનું પાલન કરે છે." આથી વિચારવું કે–'જો પૂર્ણિમાએ પાક્ષિક હોત તો શાસ્ત્રકારે ( વર્ષની ૧૨ પૂર્ણિમામાંથી ) ત્રણ જ પૂર્ણિમા કેમ ગ્રહણ કરી ?'

અને તે પ્રમાણે શ્રી શત્રુંજયમાહાત્મ્યના ત્રીજા સર્ગના આઠમા તથા નવમા શતકને વિષે ( નહિ, પરંતુ છઠ્ઠા સર્ગને વિષે) કહ્યું છે કે–"તે ( આદિત્યયશા રાજા ) અષ્ટમી અને ચતુર્દશીને જીંદગીપર્યન્ત પચ્ચક્ખાણ અને પૌષધ વગેરે તપવડે વિશેષપ્રકારે આરાધતો હતો. ॥૬૫॥ (૧૪૯)' 'અને તે રાજા અષ્ટમી અને ચતુર્દશીપર્વના તપના નિશ્ચયમાંથી ( ચલિત કરવાનો ) યત્ન કરનારા દેવતાઓથી પણ ક્યારેય ચલાયમાન કરી શકાતો ન હતો. ॥૭૬॥ (૧૫૯)' 'રાજાએ પણ કહ્યું કે–હે રંભા ! સાંભળ. પિતાએ ( ઋષભદેવ પ્રભુએ ) કહેલું આઠમ અને ચૌદશનું પર્વ, અમારે મહા=મોટું વ્રત છે. ॥૩૨॥ ( ૨૧૭)' 'હે ભામિનિ ! આ પટહની ઘોષણા, તેરસે અને સાતમે લોકોને ( તે પર્વને અગાઉથી ) જણાવવા સારૂ મારા આદેશથી થાય છે. ॥૩૩॥ (૨૨૩) હે દેવિ ! ત્રણેય લોકને વિષે દુર્લભ એવા ચૌદશ-આઠમપર્વને જે મનુષ્ય, ભક્તિથી કરે છે–આરાધે છે તે મોક્ષપદને પામે છે. ॥૩૪॥ ( ૨૨૪ )' 'અરિહંતના ધર્મથી વાસિત થએલા હરણ (**सिंहादि**) સિંહ અને સર્પ વગેરે તિર્યંચનાં બચ્ચાં પણ અષ્ટમી અને પાક્ષિકના કૃત્યમાં આહાર ગ્રહણ કરતા નથી. ॥૪૪॥ (૨૩૪)' '(**चतुर्दश्यष्टमीपर्व दृष्टशर्म्म**) જેમાં સુખ દીઠેલું છે, એવા ચૌદશ અને અષ્ટમીપર્વનું તે ધર્મી રાજા, શ્રી યુગાદિજિનેશ્વરનાં ચરણની જેમ નિત્ય આરાધન કરતા હતા. ॥૯૦॥ (૨૮૦)'

તેથી આગમના અવિરોધે કરીને 'ચૌદશે પાક્ષિકકૃત્ય' દેખાય છે,[૪૯] નહિ કે–'પૂનમે

૪૯. અહિંથી મુદ્રિત ગ્રંથમાં શરૂ થતા દોઢ પંક્તિપ્રમાણ આખા પાઠને સં. ૧૯૯૩ની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પેજ ૧૧૦ ઉપર [ પોતાની લિખિત પ્રતમાંના–'**इत्येवं यत्र पाक्षिकस्तत्र** × × × **पर्यालोचनमान्तरलोचनस्यामृतांजनमिति**' એ ( **इत्येवं** અને **अमृत** જેવા અનાવશ્યક શબ્દોવાળા ) ભિન્નપાઠના સ્વીકૃત

પાક્ષિકકૃત્ય આગમના અવિરોધવાળું છે.' આ વચન, 'તમારા આન્તરચક્ષુને ખોલનારું અંજન જ છે' એમ મારા જેવા મિત્રના વચનથી આ અંજન વડે આન્તરચક્ષુને કેમ અલંકૃત કરતા નથી? આ અંજન આંજીને આંતરચક્ષુ કેમ ખોલતા નથી? એમ અતિવિસ્તારથી સર્યું. ॥૧૫-૧૬॥

**અવ૦**—(ક્ષયતિથિની વ્યવસ્થા જણાવી) અને હવે વૃદ્ધિ વખતે જે તિથિ આરાધ્ય ગણાય છે તે તિથિને જણાવે છે:—

**मू०—संपुण्ण त्ति अ काउं, वुड्ढीए घिप्पई न पुव्वतिही ॥**
**जं जा जम्मि हु दिवसे, समप्पई सा पमाणं ति ॥१७॥**

**મૂલાર્થ**:—તિથિની વૃદ્ધિમાં 'સંપૂર્ણ છે' એમ કરીને પૂર્વની તિથિ ન લેવી. કારણ કે-જે તિથિ જે દિવસે સમાપ્ત થતી હોય તે તિથિ પ્રમાણ છે. ॥૧૭॥

**ટીકાર્થ**:—તિથિનું પ્રકરણ હોવાથી-તિથિની વૃદ્ધિ હોયે સતે પણ 'આજે સંપૂર્ણ તિથિ છે.' એવી ભ્રાન્તિ વડે કરીને આરાધ્યપણે પૂર્વતિથિ ગ્રહણ કરાતી નથી; પરંતુ ઉત્તર તિથિ જ ગ્રહણ કરાય છે. કારણ કે-તિથિનું આ વધવાપણું એટલે શું?-'તિથિનું બમણું સ્વરૂપ પામવાપણું? કે-અધિક સૂર્યોદય પામવાપણું? કે-બે સૂર્યોદય પામવાપણું? કે-બીજા સૂર્યોદયને પામીને સમાપ્ત થવાપણું?'

પહેલો વિકલ્પ અસંભવિત છે. કારણકે-(તે વિકલ્પમાં) તિથિનું પ્રમાણ, કાંઈક ન્યૂન એવી ૧૨૦[૫૦] ઘડી માનવાનો પ્રસંગ આવે! બાકીના ત્રણેય વિકલ્પોમાં શેષ=૬૦ ઘડીના દિવસથી પણ વધેલી તિથિની અપેક્ષાએ એક જ તિથિમાં એકાદિ ઘડીની અધિકતા

અનુવાદ દ્વારા] નિરુપયોગી લેખાવવા સારૂ નવા વર્ગને મુદ્રિત પ્રતમાંના તે મૂળ પાઠમાં શાસ્ત્રકારે, જે (પ્રથમ જણાવેલ સૂત્રકૃતાંગસૂત્રના લેપ શ્રાવકના અધિકારવાળા) આગમવચનને જ આંતરલોચનનું અંજન લેખાવેલ છે તે, નિશ્ચિત વાતનો લોપ કરવો પડેલ હોવાથી તે ભિન્ન પાઠને તથા તેના અર્થને અહિં બીન જરૂરી માનીને લીધેલ નથી. તે વર્ગે પણ તે સં. ૧૯૯૩ના અનુવાદને સુધારીને પુનઃ સં. ૨૦૦૬ માં છપાવેલ '**सपरिशिष्टश्रीतत्त्वतरंगिणीटीकानुवाद**' નામની બૂકના ૧૮ મા પેજ ઉપર (૧૩ વર્ષ પહેલાં) તે નિરુપયોગી લેખાવેલ દોઢ પંક્તિ પ્રમાણ પાઠમાંના-'**न तु पुनः पंचदश्याम्**' પાઠનો તો અનુવાદ દ્વારા સ્વીકાર કરેલ જ છે. કે-જે પાઠ તેમની જણાવાતી લિખિત પ્રતમાં નથી.

૫૦. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ પૃ. ૧૪૯ ના '**अहोरात्रस्य द्वाषष्ठिभागप्रविभक्तस्य०**' પાઠ મુજબ-તિથિ ૬૧/૬૨ અંશમાન જ હોવાથી ૬૦ ઘડીના દિવસ પ્રમાણ હોતી નથી; પરંતુ દિવસ કરતાં એક ઘડી જેટલી ઓછી હોય છે. આ વાતને અનુસરીને શાસ્ત્રકારે અહિં-'**आद्योऽसंभवी, एकादिन्यूनाधिकविंशत्युत्तरशतसाध्यारिकामानप्रसंगात्**' એ પંક્તિદ્વારા-"તિથિવૃદ્ધિનો 'એકતિથિ બમણી' એમ અર્થ કરો તો એક તિથિનું પ્રમાણ, ૫૯ ઘડીને બદલે લગભગ ૧૧૮ ઘડી માનવું પડે. તેથી તે વિકલ્પનો સંભવ નથી." એ પ્રમાણે સ્પષ્ટ અર્થ જણાવેલ છે.

આમ છતાં નવા વર્ગે સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકના ૧૧૨ મા પેજ ઉપર તે મૂલપંક્તિનો

સૂચવી છે. અને જ્યારે એમ જ છે ત્યારે **'જે સૂર્યોદયને પામીને જે તિથિ સમાપ્ત થતી હોય તે તિથિનો તે જ સૂર્યોદય પ્રમાણ છે.'** ક્ષય-વૃદ્ધિ સિવાયની તિથિઓની જેમઃ આ વાતનો અનુમાન પ્રયોગ તો આ પ્રમાણે છે કે-**'બે સૂર્યોદયને પામવાના લક્ષણવાળી તિથિનો સમાપ્તિસૂચક ઉદય[૫૧] પ્રમાણ છે.'** કારણ કે-તે સૂર્યોદય,

---

અર્થ, 'એવડું સ્વરૂપ પામવું એટલે તે તિથિનું પ્રમાણ **૧૨૦ ઘડી** થવું' એ મુજબ કરેલ છે તે તિથિના પ્રમાણનું જ્ઞાન નહિ હોવાનું સૂચક છે. નવા વર્ગે તે 'પર્વતિથિપ્રકાશ'માં આ શાસ્ત્રનો અનુવાદ આ રીતે વિવિધ દોષોથી પરિપૂર્ણ હોવાનું તે સં. ૧૯૯૩થી સર્વત્ર પ્રસિદ્ધ થઈ જવાથી તે વર્ગે સં. ૨૦૦૫ માં પ્રસિદ્ધ કરેલ **'શ્રી તત્ત્વતરંગિણી બાલાવબોધ'** બૂકના પેજ ૨૧ ઉપરની ૧૩મી **મહાપ્રપંચી સ્ફુટનોટ દ્વારા** તે અનુવાદને તદ્દન સાચો કહેવા પૂર્વક તેનો બચાવ કરેલ છે તે હિમ્મતની બલિહારી છેઃ "અમારી આ પૂર્વેની અનેક સ્ફુટનોટમાં જણાવાયું છે તેમ તે 'પર્વતિથિપ્રકાશ' બૂકમાંના જાહેર થઈ ગએલા અનેક અવળા **અર્થોને** તો એ પછીથી તેઓએ સં. ૨૦૦૬માં પ્રસિદ્ધ કરેલ-'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી-ટીકાનુવાદ' નામની બૂકમાં પોતે સુધારી લેવા પડેલ છે અને તે સાથે તે બૂકના ૧૭ મા પેજ ઉપર પ્રસ્તુત **૧૨૦ ઘડીવાળી** ભૂલને પણ-'કેમકે-તિથિનું પ્રમાણ **એકાદિન્યૂન ૧૨૦ ઘડી'** એમ લખીને સુધારી લીધેલ છે તે સારૂં કર્યું છે."

'શ્રી તત્ત્વતરંગિણી-બાલાવબોધ' ના ૨૧ મા પેજની તે ૧૩ મી સ્ફુટનોટમાં **મહાપ્રપંચ** એ છે કે 'આ ગ્રંથની આ ચાલુ ૧૭ મી ગાથાની ટીકાને અન્તે-**'तस्मिन्नेत्र दिवसे द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात्'** પંક્તિદ્વારા ગ્રંથકારે જણાવેલા-'ક્ષીણ તિથિવાળા તે દિવસે જ બંને પણ તિથિનું સમાપ્તિપણું હોવા વડે = હોવા પૂર્વક તે ક્ષીણતિથિની પણ સમાપ્તિ છે.' એ અર્થનો તે બાલાવબોધકારે (તે બૂકના તે પેજ **૨૧** ઉપર) 'जेतला **भणी पूर्विला** ज वारनई विषइ बिहइ तिथि **पूरी** छइ' એ પ્રમાણે અને એટલો જ અર્થ કરવામાં 'હેતુ'ને 'સાધ્ય' તરીકે લેખાવવાની અને તે પંક્તિનો અધૂરો જ અર્થ કરવાની જે ભૂલ કરેલ છે તે, ભૂલને ભૂલરૂપે જાણવા છતાં નવાવર્ગે તે ભૂલને તે સ્થલની ૧૩ નંબરની ટિપ્પણીદ્વારા પોતાની માન્યતાને સિદ્ધાંતરૂપે લેખાવવા આ ગ્રન્થકારના નામે ભ્રામક કળા કરી છે = તે ભૂલને તે ટિપ્પણીમાં ગ્રંથકારના નામે સિદ્ધાંતરૂપે આગળ કરીને પોતે તે 'પર્વતિથિપ્રકાશ' બૂકના પેજ ૨૧ તથા ૧૧૫ ઉપર **'क्षये पूर्वा०'** ના કરેલા **'તિથિ ગ્રહણ કરવી'** એ સાચા અર્થને **'પૂર્વતિથિમાં આરાધના કરવી'** એ પ્રમાણે અસત્ય બનાવી દેવાની તથા એકવડા પર્વના ક્ષય-વૃદ્ધિ વખતે ગ્રહણ કરવાની આગલી એજ તિથિની સમાપ્તિ જણાવનારી ગ્રન્થકારની આ વાતને ( તે બૂકના ૧૮૨મા પેજ ઉપર ભ્રામક વાતદ્વારા ) ભા. શુ. ૪-૫, ૧૪-૧૫, ૧૪-૦)) જેવા જોડીયા પર્વની આરાધનાની વાત તરીકે ઓળખાવવાની આત્મહિતઘાતક કળા કરી છે !!! તે, હૈયું શાસ્ત્રાનુસારી હોય તો ન બની શકે.

૫૧. અહિં સાર એ છે કે-'તિથિની વૃદ્ધિમાં પૂર્વના દિવસને તે તિથિ તરીકે ન જ સ્વીકારવો.' અહિં પુનઃ ધ્યાન આપવું કે-'વૃદ્ધિ વખતની આ વાત એકવડી પર્વતિથિની વ્યવસ્થાને જ આશ્રયીને છે.' આથી નવો વર્ગ પંચાંગની ૧૪ પછીની પૂનમની વૃદ્ધિ વખતે આરાધનામાં પણ બે પૂનમ લેખાવવા સારૂ ચૌદશ-પૂનમ આદિ જોડીયા પર્વને વિષે પણ આ વાતમાંના સમાપ્તિસૂચક ભોગની વાત આગળ કરે છે તે, શાસ્ત્રની ઉક્તિને પોતાના મતમાં બળાત્કારે ઘસડી જવાની ચેષ્ટામાત્ર જ છે. અહિં તો-પૂનમ આદિની વૃદ્ધિ વખતે કેવલ એક પૂનમ નક્કી કરવાની વાત છે, '૧૪-૧૫ આદિરૂપ જોડીયા પર્વની વ્યવસ્થા કેમ કરવી ?' તે વાત જ અહિં નથી. તેમ જ ભા. શુ. ૫ અને ચૌદશ પછીની પૂનમ કે અમાસના ક્ષયમાં પણ ઉદય

ગ્રહણ કરવાની તિથિનો સમાપ્તિસૂચક છે. જેમ ક્ષય–વૃદ્ધિ સિવાયની તિથિઓનો ઉદય[૫૨] (તે તિથિઓનો સમાપ્તિસૂચક) છે. (આ અન્વયમાં) વ્યતિરેકે=સાધ્યના અભાવે સાધનના અભાવમાં દૃષ્ટાંત આકાશકુસુમ છે.

હવે તિથિની[૫૩] વૃદ્ધિ વખતે અને ક્ષય વખતે કઈ તિથિ સ્વીકારવી? એ પ્રશ્ન બદ્દલ અહિં બંને તિથિનું સાધારણ લક્ષણ=ક્ષય વૃદ્ધિ વખતે ગ્રહણ કરવા માટેનું બન્ને તિથિનું લક્ષણ ઉત્તરાર્દ્ધથી જણાવે છે. **'જેથી[૫૪] કરીને જે તિથિ જે રવિવાર વગેરે લક્ષણ-**

---

સિવાયની એકલી સમાપ્તિની અહિં ગંધ પણ નથી. ટુંકમાં–'એકવડી તિથિની જ વ્યવસ્થાની વાત ચાલતી હોવાથી અહિં ક્ષયમાં એટલે 'બીજી સામાન્ય પર્વ તિથિનો ક્ષય' ધ્યાનમાં રાખવાનો છેઃ જોડીયા પર્વમાંની આગલી તિથિના ક્ષય વખતની વ્યવસ્થાની વાત નથી.'

૫૨. અહિં ખાસ ધ્યાન રાખવું કે–સમાપ્તિનો આ નિયમ (પ્રકરણ ક્ષય–વૃદ્ધિનું ચાલતું હોઈને) ક્ષય અને વૃદ્ધિપ્રસંગને અનુલક્ષીને શાસ્ત્રકારે જણાવેલ છે. અન્યથા–**'उदयंमि जा तिही सा पमाणं'** એ ઉદયનો નિયમ તો સમાપ્તિના અભાવમાં પણ ખાસ આવશ્યક છે. કારણ કે–જો એમ ન મનાય તો એક દિવસમાં બે–ત્રણ તિથિઓ આવે તે પ્રસંગે તેમાંની કઈ સમાપ્તિવાળી તિથિને આજે તિથિરૂપે માનવી? તેનો જબ્બર વાંધો પડે છે. અને તેવો વાંધો ન પડે એ સારૂ તો **क्षये पूर्वा०**નો પ્રઘોષ છે તેમજ શ્રી શ્રાદ્ધવિધિમાં– **'प्रत्याख्यानवेलायां या स्तोकापि स्यात् सा प्रमाणं'** એમ જ સાફ જણાવ્યું છે. આથી આ શાસ્ત્રકારે જણાવેલા ક્ષયવૃદ્ધિ પ્રસંગના સમાપ્તિવાળા આ નિયમને પકડીને જેઓ ક્ષય–વૃદ્ધિ સિવાયની તિથિઓ માટે પણ 'જે દિવસે તે તિથિ સમાપ્ત થતી હોય તે પ્રમાણ કરવી' એમ અર્થ કરે છે તે ઇરાદાપૂર્વકનું અસત્ય છે.

૫૩. નવાવર્ગે, સં. ૧૯૯૩ની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પેજ ૧૧૧ થી ૧૧૩ ઉપર આ ૧૭મી ગાથાની ટીકાનો અનુવાદ શરૂ કર્યા બાદ તે ટીકાનો બાકીનો અનુવાદ તે બૂકના પેજ ૧૮૧ ઉપર કરેલ છે અને ત્યાં તે અનુવાદના અવતરણમાં તેમણે ગ્રંથકારના–'**अथ तिथीनां हानौ–वृद्धौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः** સાધારણ૦' એટલા પાઠનો અનુવાદ ઇરાદાપૂર્વક છોડી દીધેલ છે! એટલે કે–શાસ્ત્રકારે જણાવેલો બારપર્વીમાંની પણ એકવડી તિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગનો સમાપ્તિનો આ નિયમ, ભા. શુ. ૪–૫, ૧૪–૧૫ અને ૧૪–૦)) આદિ બેવડી તિથિઓને તેમજ કલ્યાણકતિથિઓને પણ મનસ્વીપણે લાગુ કરવાના ઇરાદાથી તે પંક્તિનો અનુવાદ છોડી દીધેલ છે!' તે વર્ગની આ ગરબડ અત્યંત જાહેર થઈ જવાથી તેમણે તેર વર્ષ બાદ **'सपरिशिष्ट श्रीतत्त्वतरंगिणी-टीकानुवाद'** નામની બૂકના પેજ ૧૯ ઉપર તે ગરબડને સુધારી લીધેલ છે તે સારૂં કર્યું છે.

૫૪. સૂર્યોદયથી જ વાર મનાતો હોવાથી તેને જ આશ્રયીને શાસ્ત્રકાર અહિં કહે છે કે–સૂર્યોદયવાળો જે વાર હોય તે આખો વાર તે દિને જે તિથિ સમાપ્ત થતી હોય તે તિથિ માટે પ્રમાણ ગણવોઃ આ વાતથી અહિં ક્ષય વખતે તે આખો વાર ઉદય અને સમાપ્તિ બંને વાળી તિથિ માટેજ ગ્રહણ કરેલ છે. અત્ર પુનઃપુનઃ પ્રેરણાપ્રદાનની જરૂર પડે છે કે–'આ આખોયે પાઠ, બારપર્વીમાંની પણ એકવડી પર્વતિથિનાં જ ક્ષય–વૃદ્ધિ થયા હોય ત્યારે તે ક્ષીણ એકવડી તિથિની જ વ્યવસ્થા માટેનો છેઃ નહિ કે–ભા. શુ. ૪–૫ કે કોઈપણ ૧૪–૧૫ કે ૧૪–૦)) જેવાં જોડીયાપર્વની વ્યવસ્થા માટેનો છે. આથી જ શાસ્ત્રકારે અહિં–**'तत्तिथित्वेन स्वीकार्यः'** એમ કહ્યું છે; પરંતુ **'तयोः'** એમ દ્વિવચનનો પ્રયોગ કરેલ નથી.

**વાળા દિવસે સમાપ્ત થાય તે જ વારલક્ષણવાળો દિવસ પ્રમાણ કરવો=તે તિથિ તરીકે જ સ્વીકારવો.'** અહિં (મૂલ ગાથામાંનો) **'हु'** શબ્દ એવકાર અર્થમાં જાણવો. તિથિના ક્ષય-વૃદ્ધિ વખતે ગ્રહણ કરવાની તિથિનું સામાન્ય લક્ષણ એ હોવાથી જ **'क्षये पूर्वा तिथिर्ग्राह्या'**[૫૫]-તિથિના ક્ષયે પૂર્વની તિથિ ગ્રહણ કરવી. (એમ ચોથી ગાથામાં કહેલું છે.) કારણ કે-તે ક્ષીણતિથિના દિવસે જ બન્ને તિથિનું સમાપ્તપણું હોવાથી તે ક્ષીણતિથિનું પણ સમાપ્તપણું[૫૬] છે, અને તે વાતને મળતી વાત **'तिहिवाए पुव्वतिहो०'** (એ ચોથી) ગાથાની વ્યાખ્યા અવસરે વિસ્તારથી જણાવેલ છે. એ પ્રમાણે ગાથાનો અર્થ છે. ॥૧૭॥

**અવ૦**—હવે આ બાબતમાં લૌકિકદૃષ્ટાંતયુક્ત ગાથા કહે છે :—

---

૫૫. આ– 'क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा' પ્રઘોષનો અર્થ, ભાવનગરથી પ્રસિદ્ધ થતા **જૈનધર્મપ્રકાશ** માસિકના ૪૦મા પુસ્તકના બીજા અંકમાં એટલે કે-સં. ૧૯૮૦ના વૈશાખમાસના અંકમાં પેજ ૫૧ ઉપર-"જો બારતિથિ પૈકીની કોઈપણ તિથિનો ક્ષય પચાંગમાં હોય તો તે તિથિનો ક્ષય ન કરતાં તેની પૂર્વેની તિથિનો ક્ષય કરવો. (પૂનમનો કે અમાસનો ક્ષય હોય તો તેની પૂર્વે ચૌદશ પણ તિથિ હોવાથી તેરસનો ક્ષય કરવો.) અને જો તિથિની વૃદ્ધિ હોય તો પાળવા માટે એ પૈકી બીજી (ઉત્તર) તિથિ પાળવાની ઠરાવવી અને પ્રથમની તિથિનો ત્યાર અગાઉની તિથિ એ ઠરાવવામાં ઉપયોગ કરવો." એ પ્રમાણે આજથી ૩૭ વર્ષ પૂર્વે ચાલુ પ્રાચીન આચરણા મુજબ પ્રસિદ્ધ થએલ છે. એટલે કે-સં. ૧૯૯૩થી એ પ્રઘોષનો અર્થ, '(૧) ક્ષય વખતે પૂર્વની તિથિમાં તે તિથિ કરવી (૨) પૂર્વની તિથિમાં ક્ષીણતિથિની આરાધના કરવી અને (૩) વૃદ્ધિ વખતે તિથિને તથાવત્ ઉભી રાખીને બીજી તિથિને આરાધવી.' એ પ્રમાણે જણાવનારા નવામતની હયાતિ પહેલાં તેર વર્ષે પ્રસિદ્ધ થએલ છે; અને સં. ૧૯૯૩ સુધી નવો વર્ગ પણ **'क्षये पूर्वा०'**ના તે જ અર્થને સ્વીકારીને પ્રવર્તેલ છે. કે-જે અર્થને નવા વર્ગ સિવાયનો ભારતભરનો સમસ્ત જૈનસમાજ આજે પણ અક્ષરશઃ અનુસરે છે. આ 'क्षये पूर्वा०'નો પ્રઘોષ 'કલ્યાણકપર્વીના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે પ્રાયઃ લગાડવાનો નથી.' એ વાતને પણ એ અર્થમાંનું 'બારતિથિ પૈકીની' એ વાક્ય સ્પષ્ટ જણાવે છેઃ આ વસ્તુ ધ્યાનમાં લેવાથી પણ નવો વર્ગ, નવો જ અને નિરાધાર ઠરે છે અને ચાલુ પ્રણાલિકાગત વર્ગ જ પ્રાચીન અને સાધાર જણાઈ આવે તેમ છે.

૫૬. કોઈપણ એકવડી તિથિના ક્ષયપ્રસંગે વ્યવસ્થા જણાવનારા આ અર્થને નવા વર્ગે ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' નામની બૂકના ૧૮૨મા પાને આ શાસ્ત્રમાં અહિં છે જ નહિ, તેવી મનસ્વી શબ્દરચના વડે ફેરવીને-"કેમકે-ચૌદશ પૂનમ આદિ જ્યાં બે પર્વતિથિઓ સાથે આવી હોય અને તેમાં પૂનમ વગેરેનો ક્ષય હોય, ત્યારે એકજ દિવસમાં ચૌદશ-પૂનમ બન્ને તિથિઓ સંપૂર્ણ થાય છે; તેથી બેય તિથિઓનું આરાધન કરાય છે." એ પ્રમાણે જોડીયા પર્વની વાતમાં ગોઠવી દેવાનું છળ કરેલ છે તે ભા. શુ. ૪-૫, ૧૪-૧૫ અને ૧૪-૦)) જેવાં જોડીયાં પર્વમાંની આગલી તિથિના ક્ષયે સમાપ્તિના બ્હાને તે ક્ષીણતિથિને મનસ્વી પણેજ પૂર્વતિથિમાં ભેળવીને ક્ષીણતિથિનું આરાધન ઉડાવી દેવાના સ્વમતાગ્રહને આભારી છે. શાસ્ત્રકારે સમાપ્તિવાળી તિથિ લેવાનું બાંધેલું એ લક્ષણ, એકવડી તિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગનું છે. જોડીઆ પર્વની આગલી તિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગનું નથીઃ તેવા પ્રસંગે તો 'त्रयोदशीचतुर्दश्योः' પાઠ જેવા અનેક પ્રમાણિક પાઠો અને આધારો મુજબ જ વર્ત્તવાનું છે, અને તે વર્ત્તન, વર્ત્તમાન શ્રીદેવસૂરતપાગચ્છીય સમસ્ત સંઘમાં આજે પણ અવિચ્છિન્ન પણે પ્રવર્તે જ છે.

# મૂ૦—લોએવિ अ जं कज्जं, गन्थप्पमुहंपि दीसए सव्वं ॥
# तं चेव जम्मि दिवसे, पुण्णं खलु होइ स पमाणं ॥१८॥

**મૂલાર્થ:**—લોકમાં પણ જે ગ્રન્થ પ્રમુખ સર્વ કાર્ય દેખાય છે તે કાર્ય જે દિવસે પૂર્ણ થયું હોય તે જ દિવસ નિશ્ચયે પ્રમાણ થાય છે. ા૧૮ા

**ટીકાર્થ:**—વળી લોકમાં પણ જે ગ્રન્થ પ્રમુખ સર્વ કાર્ય દેખાય છે તે કાર્ય જે દિવસે પૂર્ણ થયું હોય તે જ દિવસ નિશ્ચયે પ્રમાણ થાય છે. જેમ કે–'અમુકવર્ષે અને તે વર્ષના અમુક માસે અને તે મહિનાના અમુક દિવસે આ ગ્રન્થ કર્યો છે અથવા લખ્યો છે.' જો કે તે દિવસે શ્લોકમાત્ર પણ કર્યો હોય અથવા લખ્યો હોય તો પણ તે જ દિવસ પ્રમાણ મનાય છે; પરંતુ ઉદયથી આરંભીને અસ્ત પર્યંતના પ્રયાસવાળો હોવા છતાં પૂર્વ દિવસ પુસ્તકને અંતે બોલાતો નથી અને લખાતો નથી. વળી જો પોતાની બુદ્ધિથી તિથિના અવયવોની ન્યૂન અને અધિક એવી કલ્પના કરશો તો તમારે આખી જીંદગી પર્યંત વ્યાકુલિત ચિત્તવાળા થવું પડશે, તે તો તમે પોતે જ કેમ વિચારતા નથી? વૃદ્ધિ પ્રસંગની આ વાત મુજબ ક્ષીણતિથિમાં પણ સમજવું[૫૭], આજે મેં બે કાર્ય કર્યાં ઇત્યાદિ

૫૭. આથી શાસ્ત્રકારે ખરતરગચ્છવાળાને એમ જણાવ્યું છે કે–"ક્ષય પ્રસંગે પણ તે દિવસે પૂર્વતિથિમાં ક્ષીણ તિથિનો જ અવયવ વધારે હોવાથી તમારે તો તે દિવસે વધારે અવયવવાળી તે ક્ષીણતિથિને જ માનવી રહેશે, અને તેમ માનવા જતાં તે દિવસે તે તિથિનો ક્ષય માનવો જ મુશ્કેલ થશે અને તેથી વૃદ્ધિ પામતી તિથિપ્રસંગે જેમ મતિકલ્પનાથી વધારે અવયવવાળી (પહેલી) તિથિ માનવામાં આખી જીંદગી તમારે વ્યાકુલિતચિત્તવાળા બનવું પડે છે, તેમ આ ક્ષીણતિથિ પ્રસંગે પણ આજન્મ=જીવન પર્યંત વ્યાકુલિત-ચિત્તવાળા બનવું પડશે એમ સમજવું."

**(अ)**–શાસ્ત્રકારે 'एवं क्षीणतिथावपि' પાઠદ્વારા ખરતરગચ્છીયને ઉપર જણાવ્યા મુજબ વધારે **અવયવ-વાળી તિથિ** માનવામાં આપત્તિ જણાવી છે. આમ છતાં–એક દિવસે બે પર્વનું આરાધન થતું હોવાની પોતાની કલ્પિતમાન્યતામાં શાસ્ત્રનો કોઈ આધાર નહિ હોવાથી નવા વર્ગે આ 'एवं क्षीणतिथावपि', પાઠને શ્રીતપાગચ્છની માન્યતારૂપે આગલ કરીને આ પાઠગત વધારે **અવયવવાળી વાતને** તદ્દન ઉલટાવીને ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' નામની બૂકના ૧૮૫મા પેજ ઉપર કેટલીક મનસ્વી વાતો વડે વિરૂપ આપીને તે વિરૂપતાને આ ગ્રંથાનુસારી શ્રીતપાગચ્છીય **સમાપ્તિની વાત** તરીકે ઓળખાવેલ છે, અને તે રીતે ઉભી કરેલી તે પોતાના–ક્ષય વખતે એક દિવસે બે તિથિનું આરાધન કરવાના મતની બનાવટી વાતને શાસ્ત્રીય લેખવવા સારૂ તે સ્થલે તે વર્ગે, यदि **च स्वमत्या** तिथेर्न्यूनाधिककल्पनां करिष्यसि × × × **किमना-लोचयसि ?'** એ પહેલી મૂલપંક્તિનો અનુવાદ, તે મૂલપંક્તિ પછીની एवं क्षीणतिथावपि, **कार्यद्वयमद्य कृतवानहम्'** એ મૂલપંક્તિના અનુવાદની પછી રજુ કરવાનું અને તે પંક્તિની પછીની તે 'एवं क्षीणतिथावपि०' પંક્તિનો અનુવાદ, '**यदि च स्वमत्या०**' એ પંક્તિના અનુવાદની પહેલાં રજુ કરી દેવાનું શાસ્ત્રની બેવફા જણાવનારૂં છળ કરેલ છે! નવાવર્ગને પોતાની માન્યતાને સાચી લેખાવવા આ રીતે શાસ્ત્રમાં ગોલમાલ કરવી પડેલ છે તેથી પણ સિદ્ધ છે કે–'એક દિવસે બે પર્વનું આરાધન થઈ જતું હોવાની નવા વર્ગની માન્યતામાં નવાવર્ગ પાસે કોઈ શાસ્ત્રાધાર તો છે જ નહિ.' નિજના મંતવ્યમાં શાસ્ત્રાધાર ધરાવનારને

દૃષ્ટાન્તો (વૃદ્ધિપ્રસંગે બીજી તિથિને જ પ્રમાણ માનવામાં) સ્વયં વિચારવા. ॥૧૮॥

શાસ્ત્રના પાઠોનો આ રીતે વ્યત્યય કરવો પડેજ નહિ–શાસ્ત્રના અર્થોને અને પાઠોને આ રીતે પલટી નાખવાનો દુષ્પ્રયત્ન કરવો પડે જ નહિ.

(**आ**)–આ ગ્રન્થની ગાથા ૧૭માં ક્ષયવૃદ્ધિપ્રસંગે સૂચવેલો તે સમાપ્તિનો નિયમ, '**उदयंमि जा तिही०–क्षये पूर्वा०–वृद्धौ तथोत्तरा–प्रातः प्रत्याख्यानवेलायां०**' વગેરે શાસ્ત્રીય નિયમોને તો અલ્પય બાધક ન નીવડે એ લક્ષ્યથી પરિપૂર્ણ છે. આ સ્થિતિમાં જો તે '**उदयंमि०**' આદિ શાસ્ત્રીય નિયમોની ઉપેક્ષા કરીને તે સમાપ્તિનો નિયમ માનવામાં આવે તો તો '**समाप्तिर्मानं**' એવો તે તે સર્વશાસ્ત્રીય નિયમોને બાધક નવો જ નિયમ બાંધવો પડે, અને જો તેવો નિયમ બાંધીને તે '**समाप्तिर्मानं**' નિયમ માનવામાં આવે તો પર્વતિથિના ક્ષય પ્રસંગે ક્ષીણતિથિવાળા દિવસે ક્ષયતિથિની તો કેવલ સમાપ્તિ જ હોવા છતાં અને ઉદયાત્ તિથિના તો ઉદય અને સમાપ્તિ બંને હોવા છતાં કેવલ સમાપ્તિવાળી જ તિથિને માનવામાં ઉદય અને સમાપ્તિવાળી તિથિનો લોપ કરવાની આપત્તિ આવે. (આ બદલ વિશેષ ખુલાસો '**श्रीसिद्धचक्र**' પાક્ષિક–વર્ષ ૫ અંક ત્રીજો પૃ. ૬૦ કોલમ પહેલીમાં જોવો) '**समाप्ता तिथिर्मानं**' સૂત્ર માનવા જતાં ક્ષય અને વૃદ્ધિ વખતે પણ એવી અનેક આપત્તિઓ ખડી થાય છે, એમ સં. ૧૯૯૨માં વીરશાસનપત્રમાં પ્રથમ તે ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકમાંનો અનુવાદ છપાવા માંડ્યો હતો તે વખતે નવા વર્ગને ઘણું ઘણું સમજાવવામાં આવેલ; પરન્તુ તેમણે તો નિજના નિરાધાર તિથિમતને ચલાવવાના ધ્યેયને વળગી રહીને તે સર્વાંગશુદ્ધ આપ્તસલાહને ગણકારી જ નહિ, અને ગ્રંથકારના એકવડી તિથિના જ ક્ષય–વૃદ્ધિવાળા પ્રસંગના આ સમાપ્તિવાળા નિયમને જોડીયા પર્વતિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગે પણ લગાડવાનું ચાલુ રાખીને જોડીયા પર્વની આગલી તિથિના ક્ષય પ્રસંગે 'પૂર્વની તિથિના એક દિવસે બંન્ને પર્વતિથિનું આરાધન થઈ જ જાય છે!' એમ મનસ્વીપણે પ્રચાર્યે જ રાખ્યું! પરિણામે તે મનસ્વી માન્યતાને કૃત્રિમ રીતે શાસ્ત્રના આધારવાળી લેખાવવા સારૂ તે વર્ગે, આ '**क्षीणतिथावपि**', પાઠની (ઉપર જણાવ્યા મુજબ) વધારે અવયવવાળી વાતને સમાપ્તિની વાત તરીકે રજુ કરવાનું અને આ '**क्षीणतिथावपि**', પાઠવાળી આગલી પંક્તિના અનુવાદને પાછલી પંક્તિના અનુવાદની પહેલાં ગોઠવી દેવા વડે શાસ્ત્રનો અર્થ ખોટો કરવાનું તથા ઉલટોસુલટો દેખાડવાનું અપકૃત્ય કરવું પડેલ છે!!! એટલું જ નહિ; પરંતુ તેમની તે સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના ૧૮૫મા પેજ ઉપર તે વર્ગે તે '**क्षीणतिथावपि**' અને '**कार्यद्वयमद्य कृतवानहम्**' એ બંને પાઠના જુદા જુદા બે અર્થ જણાવ્યા છે તે અર્થો પણ પાછળથી તે બૂકની પ્રસ્તાવનાના પાંચમા પેજ ઉપર (તે બંને પાઠોનાં બે વાક્યને એક વાક્ય તરીકે લેખાવીને) એક અર્થ બનાવી દેવાની માયા રચીને તે બંને પાઠોનો–'એક દિવસમાં બે ભેગી તિથિનું અનુષ્ઠાન પણ થઈ શકે છે.' એ પ્રમાણે તદ્દન અસત્ય અર્થ કરવો પડેલ છે અને તે અસત્ય અર્થને ગંભીર સિદ્ધાંતવાળો ઠસાવવા માટે તે વર્ગે સં. ૧૯૯૬ની '**તિથિસાહિત્યદર્પણ**' બૂકના પેજ ૧૧૫ ઉપર તો તે બંને મૂલવાક્યોનું લેખાવીને એક વાક્ય તેનો 'એ જ પ્રમાણે **ક્ષીણતિથિ** એટલે **ભેગી થતી બે પર્વતિથિના** પ્રસંગે પણ 'આજે મેં બે કાર્ય કર્યાં'' એ પ્રમાણે નિરક્ષર જનને પણ સ્વીકાર્ય ન બને તેવો અસત્યના પહાડ સમો અર્થ કરીને ચાલવું પડેલ છે!!! આમ એક દિવસે બે તિથિનું આરાધન માનવાના રસમાં તે વર્ગને '**ક્ષીણતિથિ** એટલે **ભેગી થતી બે પર્વતિથિ**,' એ અર્થ પાગલ દુનિયા પણ માન્ય કરશે કે નહિ? તે પણ વિચારવા થોભવું જરૂરી મનાએલ નથી, તે ઓછું ન ગણાય.

(**इ**)–નવો વર્ગ, નિજના કેવલ કલ્પિતમતના આગ્રહવશાત્ શાસ્ત્રની પંક્તિઓને આ રીતે પલટી નાખીને તથા પલટેલી પંક્તિઓના પણ અર્થોને આમ બેધડકપણે અસત્યરૂપકો આપીને સમાજમાં નકામો જ ભ્રમ ફેલાવી રહેલ છે, એમ સમાજમાં સ્પષ્ટ થઈ જવાથી તે વર્ગે, પોતાનાં તે તે અસત્ય લખાણોના

**અવ૦**—હવે તિથિની વૃદ્ધિ હોયે સતે–'પૂર્વની તિથિ પૂર્ણ છે, ઉત્તર તિથિ પૂર્ણ નથી.' એ પ્રમાણે કોઈ અવિચારિત વચનરચનામાં કુશલજનો છટાદાર બોલવા તૈયાર હોય છે તેમનું મૃષાભાષણ ખુલ્લું કરે છે:—

**मू०-तं पुण असच्चवयणं, जं भण्णइ अज्ज पुण्णतिहिदिवसो ॥**
**जे (जं) णं पुरोवि दुगतिग-घडिया वट्टंति तीसे य ॥१९॥**

**મૂલાર્થ:**—'આજે પૂર્ણ તિથિવાળો દિવસ છે' એમ જે કહે છે તે અસત્યવચન છે: કારણકે–તે તિથિની બે–ત્રણ ઘડીયો બીજે દિવસે પણ વર્ત્તે છે. ॥૧૯॥

**ટીકાર્થ:**—વળી જે એમ કહેવાય છે કે–'આજે પૂર્ણ તિથિ છે,' જેમાં પૂર્વે લક્ષણ બાંધેલ છે એ પ્રમાણે 'વાર' લક્ષણવાળો દિવસ છે.' તે અસત્યવચન છે. કેવી રીતે? તો કહે છે કે–'આગલે દિવસે પણ બે ત્રણ ઉપલક્ષણથી ઓછી વધુ પણ ગ્રહણ કરવાની ઘડીઓ છે.' કઈ તિથિની? તો કહે છે કે–'તે પૂર્વની તિથિની જ.' જો–તે ઘડીઓ પૂર્વની તિથિની જ છે, એમ કેમ કહેવાય? એમ કહો તો ઉપર જ નિરૂપણ કર્યું છે કે–'તિથિનું આ અધિકપણું એટલે શું? એક જ તિથિનું બે સૂર્યોદયને સ્પર્શવાપણું? વગેરે.' તે તમારા ધ્યાનમાં શું નથી આવ્યું? ધ્યાનમાં આવ્યું જ છે, તો કેમ પૂછો છો? 'સ્પષ્ટ કરવા માટે પૂછીએ છીએ.' એમ જો કહેતા હો તો સાંભળો:—જ્યારે પહેલી તિથિ પૂર્વ દિવસે સાઠ ઘડી પ્રમાણ

સુધારા–વધારા સાથે સં. ૨૦૦૬માં 'सपरिशिष्ट श्री तत्त्वतरंगिणी–टीकानुवाद' નામની બૂક પુનઃ પ્રસિદ્ધ કરવી પડી, અને તે બૂકના પેજ ૨૦ ઉપર આ–'**एवं क्षीणतिथावपि, कार्यद्वयमद्य कृतवानहम्**' એ [બંને વાકયનું એક વાકય દર્શાવવાની ભૂલ તો હજુ પણ ચાલુ રાખેલ હોવા છતાં] બંને વાકયનો–'એજ પ્રમાણે ક્ષીણતિથિમાં પણ આજે મેં બે કાર્ય કર્યાં' એ પ્રમાણે અર્થ રજુ કરીને **તિથિસાહિત્યદર્પણમાં** તેમણે જણાવેલા–'એજ પ્રમાણે ક્ષીણતિથિ એટલે ભેગી થતી બે પર્વતિથિ' એ અર્થને તો પોતાના હાથેજ ઉડાવી દેનારો સુધારો કરેલ છે તેટલું તો સારું જ કર્યું છે. આ ઉપરથી માનવું થાય છે કે–"તે વર્ગની સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' નામક બૂકના ૧૮૫મા પેજ ઉપર તે વર્ગે જેમ તે બંને વાકયમાંના પહેલા '**क्षीणतिथावपि**' વાકયનો–'એવી જ રીતે ક્ષીણતિથિમાં પણ સમાપ્તિ પૂર્વતિથિને દિવસે થયેલી હોવાથી તે તિથિ તે દિવસે માનવામાં આવે છે.' એ પ્રમાણે અલગ અર્થ કરેલ છે અને બીજા '**कार्यद्वयमद्य कृतवानहम्**' વાકયનો પણ 'આજે મેં બે કાર્ય કર્યાં' એ મુજબ જેમ અલગ અર્થ કરેલ છે, તેમ તે વર્ગને જ્યારે સદ્બુદ્ધિ સૂઝશે ત્યારે તે બંને વાકયોને એક વાકય તરીકે લેખાવતા બંધ થઈને વળી પાછા તે બે વાકયના એક લેખાવેલ વાકયને પણ બે વાકય તરીકે લેખાવતા થશે, તે સાથે **પર્વતિથિપ્રકાશમાં** તે બે વાકયોના જણાવેલા એ અર્થમાં તેમણે જે વધારે અવયવવાળી વાતને સમાપ્તિની વાત તરીકે લેખાવવાની ભૂલ કરેલ છે તે ભૂલનો પણ સુધારો કરશે અને આ બંને મૂલ-વાકયોનો '**તિથિસાહિત્યદર્પણ'માં** રજુ કરેલા–'**ક્ષીણતિથિ** એટલે **ભેગી થતી બે પર્વતિથિ**'એ અસત્યના પહાડ સમા અર્થને પણ તે વર્ગે જ ઉપર જણાવેલા–'ક્ષીણતિથિમાં પણ ××× તે તિથિ (નહિં કે બંને તિથિ) તે દિવસે માનવામાં આવે છે.' એ સાચા અર્થરૂપે જરૂર સ્વીકારતા થઈ જશે." ૨૦૦૬માં સુધારો વધારો કરીને પુનઃ પ્રસિદ્ધ કરેલ તે–'**सपरिशिष्ट श्रीतत्त्वतरंगिणी टीकानुवाद**'ના ૪૫મા પેજ ઉપર તો તે બે વાકયમાંના–'આજે મેં બે કાર્ય કર્યાં' એમ લખીને તે '**कार्यद्वयं०**' એક વાકયને તે વર્ગે આજથી જ જુદા વાકય તરીકે જણાવેલ પણ છે.

હોય, અને તે પછીની બીજી તિથિ એકાદિ અધિક સાઠ ઘડી પ્રમાણ હોય, ત્યારે (તેમાંથી) સાઠ ઘડી પ્રમાણનો 'વાર' લક્ષણવાળો દિવસ ગયો અને બાકી રહેતી જે એક વગેરે ઘડીઓ છે તે ઘડીઓ આગલા 'વાર' લક્ષણવાળા દિવસે હોય છે તેથી વૃદ્ધિ કહેવાય છે. તે વધેલી એકાદિ ઘડીઓ, પ્રથમ દિવસે રહેલી સાઠ ઘડી પ્રમાણ તિથિથી જુદી છે અને 'વધી છે' તેમ નથી. એટલે તે વધેલી ઘડીઓ પૂર્વ દિવસે રહેલી તિથિનો જ બાકી રહેતો અંશ છે. અને બાકી રહેતા તે અંશ વિના 'આજે પૂર્ણ તિથિ છે' એમ કહેવું શી રીતે યોગ્ય ગણાય? અસંખ્યાત પ્રદેશવાળા આત્માના એક આત્મપ્રદેશનો પણ કલ્પનાથી અપહાર કરે સતે તે એક પ્રદેશ સિવાયના સમસ્ત આત્મપ્રદેશવાળો પણ આત્મા, જીવસંજ્ઞા પામતો જ નથી: તે પ્રદેશ તેમાં નાખે સતે તો જીવસંજ્ઞા પામે જ છે: એમ સ્વયં કેમ વિચારતા નથી? વળી (તે શેષ ઘડીઓ પૂર્વ દિને રહેલી ૬૦ ઘડીની અપેક્ષાએ) 'અલ્પ હોવાથી વિવક્ષા નથી કરાતી;' એમ ન કહેવું. કારણ કે-તેમ કહેવામાં એક આદિ ઘડીયુક્ત દિવસે પણ 'આજે અમૂક તિથિ છે.' એ પ્રમાણે સમસ્તલોકપ્રસિદ્ધ વ્યવહારના વિલોપની આપત્તિ છે. અને તેમ થતાં અત્યંત ગૂંચ ઉભી થશે. "તો પછી 'અલ્પ હોવાથી વિવક્ષા ન કરાય,' એ પ્રમાણે ન્યાય છે તે ક્યાં યોજવો? અર્થાત્ એ ન્યાય ખોટોને?" એમ ન કહેવું: કારણ કે-તે ન્યાયનું બલાબલભાવની અપેક્ષાએ જ પ્રવર્ત્તન છે. જેમ કે-એક જ શેરડીના રસના ભરેલા ઘડામાં પાણીનાં બે ત્રણ નાંખેલા બિન્દુ, એ અલ્પ હોવાથી વિવક્ષા થતી નથી; (કેમકે-તે નિર્બલ છે,) જ્યારે તેટલા જ તાજા ઝેરનાં બિન્દુઓની તો વિવક્ષા થાય છે. (કારણ કે-તે બલવાન છે.) ઇત્યાદિ અનેક દૃષ્ટાન્તો બુદ્ધિગમ્ય છે. એ પ્રમાણે ગાથાનો અર્થ છે. ॥૧૯॥

**અવ૦**—હવે 'ચોમાસીની ચૌદશનો ક્ષય હોય તે પ્રસંગે (ચૌદશે ચોમાસી તો શ્રી કાલિકસૂરિજી મહારાજે કરેલી હોવાથી, અને) આગમમાં (તો પૂનમે જ ચોમાસી) કહેલી હોવાથી પૂનમ જ કરવી યુક્ત છે, બીજી નહિ' એવી ગુરુકુલની ઉપાસના નહિ પામેલા કોઈક ભ્રાંતજનની ભ્રાંતિને દૂર કરવા સારૂ બે ગાથાઓ કહે છે:—

**मू०—चउमासपक्खिअं पुण, कयाइ जइ पडइ तत्थ पुव्वुव्व ॥**
**सुत्तुत्तं ति अ काउं, न पुण्णमासी वि घेत्तव्वा ॥२०॥**
**जं णं आणायरणा-भंगो अणवत्थमाइणो दोसा ॥**
**जेसिं जुगप्पहाणा, सिरिकालिगसूरिणोऽभिमया ॥२१॥**

**મૂલાર્થ:**—વળી જો કોઈ વખતે ચોમાસી ચૌદશનો ક્ષય આવે તે પ્રસંગે પૂર્વે કહ્યા મુજબ અનુસરવું=પૂર્વની તેરસને ચૌદશ જ કરવી; પરંતુ 'સૂત્રમાં (પૂનમ) કહી છે' એમ કરીને પૂર્ણિમા ન લેવી: કારણ કે-એમ કરવાથી જેઓને યુગપ્રધાન શ્રી કાલિકા-

ચાર્ય સંમત છે તેઓને આજ્ઞા અને આચરણા એ બંનેનો ભંગ થાય છે તથા અનવસ્થા= વ્યવસ્થા ભંગ વગેરે દોષો લાગે છે. ॥૨૦-૨૧॥

**ટીકાર્થઃ**—જો કદાચિત્ ચોમાસીની ચૌદશનો ક્ષય આવે ત્યારે તે બાબતમાં પૂર્વની જેમ બીજી (ચોમાસી સીવાયની) ચૌદશના ક્ષયે જે (તેરસને ચૌદશ જ કરવાની) રીતિ છે તે રીતિ જ અનુસરવી; પણ 'સૂત્રમાં કહેલ છે' એ ભ્રાંતિવડે કરીને પૂનમ ગ્રહણ કરવી નહિ. તે શાથી? તે જણાવવા સારૂ (એકવીસમી) હેતુગર્ભિત ગાથા કહે છે કે–જે કારણથી આજ્ઞા અને આચરણા એ બંનેનો ભંગ થાય છે, તથા વ્યવસ્થાભંગ આદિ દોષો લાગે છેઃ આદિ શબ્દથી–'પ્રમાણિક પર્ષદામાં હું પેસવાને યોગ્ય નથી' એમ જણાવવું પડે એ વગેરે દોષો જાણવા. હવે તે દોષો કોને લાગે? તો કહે છે કે–આજ્ઞામાં તત્પર એવા જે પુરુષોને યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય મહારાજ પ્રમાણ તરીકે સ્વીકાર્ય હોય છે તેઓને, બીજાઓને નહિ. 'તે દોષો બીજાઓને દોષો નથી થતા–નથી બનતા?' તો કહે છે કે–એમ નહિ; પરંતુ બીજાને થાય છે છતાં પણ કાળા કપડામાં મેશના ડાઘની જેમ તેની વ્યાખ્યા કરતા નથી–ઉપેક્ષા કરીએ છીએ. કારણ કે–તે સ્વાભાવિક રીતે પોતાનામાં રહેલા દોષોથી જ દુષ્ટ છે. ઝેર છે તે બીજા ઝેરના પ્રસંગથી જ 'ઝેર' સંજ્ઞા પામતું નથી. વળી અરે! જો 'કાલિકાચાર્યનાં વચનથી ચૌદશે અને આગમના આદેશથી પૂનમે પણ ચોમાસી કરવી યોગ્ય છે, તેરસે તે ચોમાસીના આદેશનો અભાવ હોવાના યોગે શ્રી કાલિકાચાર્ય અને આગમ એ બંનેના વિરાધક થતા હોવાથી પૂર્વે કહેલા તે દોષો તમને જ લાગવાના છે, અમને લાગવાના નથી.' એમ કહો તો–આશ્ચર્યની વાત છે કે–'પહેલાં (ગાથા ૪ ની ટીકામાં–આરાધનામાં તેરસનું નામ જ નહિ લેવાનો અને તે તેરસને ચૌદશ જ કહેવાનો વ્યવહાર છે, એમ) વિસ્તારથી સમજાવ્યું છે તે અવસરે તમે શું કાનમાં આંગળી ઘાલી હતી? કે–જેથી આવી રીતે દાંડી પીટીને કહેવાયું હોવા છતાં પણ હજુએ તમે (ચૌદશના ક્ષયે) તેરસને[૫૮] તેરસ જ કહો છો?' અથવા તો–'જે મૂર્ખજન સાથે ભાષણ કરવું તે–રણમાં

૫૮. ચૌદશના ક્ષયે આરાધનામાં પણ નવો વર્ગ, તેરસના દિવસે 'તેરસ ચૌદશ' કહે છે, તે વાતને શાસ્ત્રાનુસારી લેખાવવા સારુ તેમણે પોતાની (૧૯૯૩ની) **'પર્વતિથિપ્રકાશ'** બૂકના ૧૯૦મા પેજ ઉપર શાસ્ત્રકારના **'अद्यापि त्रयोदशीमेव वदसि?'** એ વાકયનો 'હજુ પણ તેરસને તેરસ જ કહો છો?' એ અખંડ અર્થ છોડીને 'હજુ પણ તમે તેરસને તેરસ કહો છો?' એ પ્રમાણે (પાઠમાંનો 'एव'કાર પણ ઉડાવી દેવા પૂર્વક) ખંડિત અર્થ કરેલ છે, અને શાસ્ત્રકારની "કે–જેથી (તેરસ કહેવી જ નહિ અને ચૌદશ જ કહેવી) એ પ્રમાણે સ્પષ્ટ જણાવેલું પણ હોવા છતાં યાદ રાખતા નથી?" એ મૂળ વાતને તે સ્થળેથી ઉડાવી દઈને તેને બદલે "નહિ તો પૂર્વે ગાથા ૪ માં **'अह जइ कहवि॰'** ગાથાના વ્યાખ્યાનમાં 'એક દિવસે બે તિથિ સમાપ્ત થઈ હોય, ત્યારે મુખ્ય–ગૌણના નિયમ પ્રમાણે તે દિવસે મુખ્ય તિથિનો વ્યવહાર કરાય છે.' એ ખુલાસો કરી ગયા છતાં યાદ ન રાખો તે બનવાજોગ નથી." એ પ્રમાણે ઉલટી રીતે રજુ કરેલ છે તે પગનાં આભૂષણને કંઠનું આભૂષણ લેખાવવાની ચેષ્ટારૂપ છે. તે **'अह जइ कहवि॰'** ગાથા શાસ્ત્રકારની નથી; પરંતુ શાસ્ત્રકારે પોતે જણાવેલી 'તેરસ કહેવી જ નહિ, પણ ચૌદશ જ કહેવી'

રુદન કર્યું, શબના શરીરને નવરાવ્યું, શ્વાનની પૂંછડીને નમાવી, બ્હેરાના કાનમાં જાપ કર્યો, ઉખર જમીનમાં કમલ રોપ્યું, ખારી જમીનમાં વરસ્યું, આંધળાના મુખને શણગાર્યું.' એ કાવ્ય કવિજનોએ તમોને આશ્રયીને કર્યું છે: કે–જેથી ( તેરસ કહેવી જ નહિ અને ચૌદશ જ કહેવી ) એ પ્રમાણે સ્પષ્ટ જણાવેલું પણ હોવા છતાં યાદ રાખતા નથી !

વળી હે ભાઈ! "વિદ્વદ્વરોએ જે ક્ષીણતિથિ પ્રસંગે પૂર્વની તિથિ તિથિ તરીકે ગ્રહણ કરવી' એમ કહ્યું છે તે, ખરેખર તેમ જ સ્વીકારીએ; પરંતુ આગમોક્ત હોવાથી કોઈ વખત ચોમાસીની ચૌદશના ક્ષયે પૂનમ ગ્રહણ કરાય તે વખતે કેમ બાધક ગણાય?" એમ તું કહે, તો ઠીક છે; પરંતુ તો પ્રશ્ન છે કે–'દરેક ચૌદશના ક્ષયે એ પ્રમાણે કેમ ન કરાય?' જો એમ કહો કે–'ચૌદશે પક્ખી કરવાનું કાલિકાચાર્યનું વચન હોવાથી સર્વ ચૌદશના ક્ષયે પૂનમ ગ્રહણ કરતા નથી.' તો પ્રશ્ન છે કે–શું કાલિકસૂરિજીનું વચન અને આગમ એ બંનેમાં સરખાપણું છે કે ન્યૂનાધિકપણું છે? જો–'તે બંનેમાં સરખાપણું છે' એમ કહો તો–'ચોમાસી ચૌદશનો ક્ષય ન હોય ત્યારે કાલિકસૂરિજીનું વચન માનવું અને ચોમાસી ચૌદશનો ક્ષય હોય ત્યારે આગમવચન માનવું, એમ' અર્ધજરતીયન્યાયના સ્વીકાર કરવાવડે શું?

---

એ વાત ઉપરની અન્યગ્રંથની સાક્ષીગાથા છે, અને તે ગાથા પણ 'એક દિવસે બે તિથિની સમાપ્તિના અધિકારવાળી નથી; પરંતુ પર્વતિથિના ક્ષય વખતે તે ક્ષીણ તિથિને ઉદયાત્ બનાવવાના અધિકારવાળી છે.

પોતાનો નિરાધાર મત, આ શાસ્ત્ર મુજબનો છે, એમ લેખાવવા સારુ નવા વર્ગે આ શાસ્ત્રના અર્થોમાં આ રીતે કરેલી પુષ્કળ ગરબડોની જેમ આ ગરબડ પણ ખુલ્લી થઈ જવા પછી તેમને સં. ૨૦૦૬માં સુધારી–વધારીને પુનઃ પ્રસિદ્ધ કરવી પડેલ 'સપરિશિષ્ટ શ્રીતત્ત્વતરંગિણીટીકાનુવાદ' બૂકના ૨૩મા પેજ ઉપર સં. ૧૯૯૩ની તે 'પર્વતિથિપ્રકાશ' બૂકમાંનો તે અર્થ રદ કરેલ છે, શાસ્ત્રકારના **'अद्यापि त्रयोदशीमेव वदसि ?'** તે વાક્યના અર્થમાંથી પ્રથમ ઉડાવી દીધેલ 'एव'કારનો પણ અર્થ કરીને **'હજુ તેરસને તેરસ જ કહો છો?'** એ પ્રમાણે અખંડ અર્થ કરેલ છે, અને ૧૯૯૩ની તે બૂકમાં જે **'अह जइ कहवि०'** સાક્ષી ગાથાની આ શાસ્ત્રકારના નામે ચડાવી દીધેલી તે ઊલટી વ્યાખ્યામાંથી સમાપ્તિની વાત રદ કરી છે તે સારું કર્યું છે, પરંતુ તે વાતમાંની શેષ વ્યાખ્યાને "તેરસને તેરસ પણ કહેવાય, તે સામે આ બાધ નથી; પણ 'ચૌદશ ન જ કહેવાય' તે માનનાર સામે આ બાધ છે." એ પ્રમાણે અસદ્ અર્થમાં રજુ કરીને તે અર્થની જોડે હજુ ( ) કૌંસમાં પણ જાળવી છે તે મતાગ્રહમૂલક છે.

સુધારી વધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ તે 'સપરિશિષ્ટ શ્રીતત્ત્વતરંગિણીટીકાનુવાદ'ના પેજ ૪૮ થી ૪૯ ઉપર પણ નવા વર્ગે આ એ ગાથાની ટીકાના ભાવાર્થરૂપે જે આઠ નંબરનો 'વિશેષ વિચાર' પ્રસિદ્ધ કરેલ છે તે તો પોતાની તેવી માન્યતાને આ શાસ્ત્રકારના તથા **શ્રીસિદ્ધચક્રપાક્ષિકના** નામે ચઢાવી દેવાની ફૂટ તરકીબ માત્ર જ છે. આ શાસ્ત્રમાં તેમજ **શ્રીસિદ્ધચક્રના દસમા વર્ષના તે ૯/૧૦મા** અંકના ૧૧૮મા પેજમાં તેવી વાત જ નથી.

તે લખાણને અંતે તેમણે લખેલી–'આ પ્રમાણે અતિરાત્ર=તિથિવૃદ્ધિ પણ કર્મમાસની અપેક્ષાએ છે.' એ વાત તો આગમશાસ્ત્રથી પણ વિરુદ્ધ હોઈને કેવળ કપોલકલ્પિત જ છે!!! શ્રીસ્થાનાંગસૂત્ર સટીક પૃ. ૩૭૦ ઉપરના **'अइरत्ता=अतिरात्रं–अधिकदिनं–दिनवृद्धिरिति यावत्'** એ પાઠ, 'અતિરાત્ર' શબ્દનો અર્થ 'તિથિવૃદ્ધિ' નહિ; પરંતુ 'દિનવૃદ્ધિ' જ જણાવે છે.

આગમમાં સદાને માટે જ પૂનમે ચોમાસી કહેલી હોવાથી ( ચૌદશનો ક્ષય ન હોય ત્યારે પણ ) પૂનમે જ ચોમાસી કરવાનું રાખો, અને ન્યૂનાધિકપણાવાળા બીજા વિકલ્પને વિષે જો "આગમવચન કરતાં કાલિકાચાર્યનું વચન ન્યૂન માનો તો તે જ દોષ છેઃ ( એટલે કે–તેમનાં વચનને આગમવચન કરતાં ન્યૂન ગણવા છતાં ચૌદશનો ક્ષય ન હોય ત્યારે તો ચૌદશે જ ચોમાસી કરવામાં તેમનાં જ વચનોનો આદર કરો છો તે જ દોષ છે. ) અને 'શ્રી કાલિકાચાર્યનું વચન, આગમવચન કરતાં અધિક છે' એમ કહો તો તે આગમને અનુસારે અધિક કહો છો કે–પોતાની મતિકલ્પનાએ અધિક કહો છો ?" જો મતિકલ્પનાથી કહેતા હો તો તેની કાંઈ કિંમત નથી, અને આગમાનુસારે કહેતા હો તો તો શ્રી કાલિકાચાર્યના વચનનું તે અધિકપણું, ઔત્સર્ગિક આગમવચનની અપેક્ષાએ આપવાદિક આગમવચનનું અનુયાયી હોવાથી સંભવે છે. અને એ રીતે શ્રી કાલિકાચાર્યનું તે વચન આગમવચનને અનુસરતું છે એટલે 'ઉત્સર્ગ કરતાં અપવાદ બળવાન છે.' એ ન્યાયથી અમારૂં વાંછિત સિદ્ધ થયું. કારણકે–તમે જે આજ્ઞા અને આચરણા એ બન્નેના પણ વિરાધકપણાની અમોને આપત્તિ આપેલ છે, તે આપત્તિ, શ્રી કાલિકાચાર્ય મહારાજના તે વચનને નહિ કરવામાં=માનવામાં છે.

વળી તિથિનું ક્ષીણપણું એટલે શું ? '૧–પોતાનું સ્વરૂપ નહિ પામવાપણું ? કે–૨–તિથિ હોવા છતાં સૂર્યોદયને નહિ સ્પર્શવાપણું ? કે ૩–સૂર્યોદયને પામ્યા વિના સમાપ્ત થવા પણું ? કે–૪–પહેલાં સૂર્યોદયનો સ્પર્શ નહિ કરે સતે પછીના સૂર્યોદયને નહિ પામવાપણું ?' તેમાં પહેલો વિકલ્પ અસંભવિત હોવાથી શુદ્ધ નથીઃ કારણકે–આત્મસ્વરૂપને નહિ પામેલી તિથિ આકાશના ગુમડાની જેમ ગણનાની પંક્તિમાં સ્થાપી શકાતી જ નથી. અને આ તો ગણનાની પંક્તિમાં સ્થપાય છેઃ એથી ક્ષીણતિથિ એટલે–'આત્મસ્વરૂપને નહિ પામેલી તિથિ' એ પહેલો વિકલ્પ ન રહ્યો. બાકીના–શબ્દથી ભિન્ન સ્વરૂપવાળા હોવા છતાં પણ અર્થથી અભિન્ન એવા–ત્રણેય વિકલ્પોમાં તિથિનું હોવાપણું સિદ્ધ હોયે સતે તે તિથિનું હોવાપણું ક્ષીણ એવી પૂર્વની તિથિમાં છે કે પછીની તિથિમાં ? જો–પૂર્વની તિથિમાં છે તો તમને માન્ય એવી તે ક્ષીણ એવી પૂર્વતિથિને છોડીને બીજી તિથિને ગ્રહણ કરવાનો પ્રયાસ કેમ કરાય છે ? અંધ સિવાય કોઈપણ માણસ, પોતાને માન્ય વસ્તુને તજી દઇને તે વસ્તુની બુદ્ધિથી અન્ય વસ્તુ લેવાનો પ્રયાસ કરતો જ નથી. બીજો વિકલ્પ જે–'ક્ષીણતિથિનું ઉત્તરતિથિમાં હોવું' તે તો અસંભવિત છે, એમ તમે પણ જાણો છો. જો ન જાણતા હો તો તિથિઓ છપાય છે તે ટિપ્પણું જોવું અથવા તો તે ટિપ્પણાના જાણકારને પૂછવું, અને તે પછી પોતાની બુદ્ધિથી વિચારીને–'વર્ત્તમાનમાં પૂનમ ચોમાસી તરીકે માન્ય નથી.' એ પ્રમાણે મારૂં આગમાનુસારી અને યુક્તિયુક્ત વચન સ્વીકારવું : જો ન સ્વીકારો તો તમને જ આગમ અને આચરણા એ બંનેના પણ વિરાધકપણાની આપત્તિ છે. વળી આ 'ચૌદશ સિવાય ચોમાસી પ્રતિક્રમણ ન કરવું' એ પ્રમાણે વચન ( તમારા–ખરતરીય ) પૌષધવિધિપ્રકરણમાં પણ સ્પષ્ટ દીઠું છે, અને કાલિકાચાર્યનું યુગપ્રધાનપણું આગમોક્ત છે એમ આગળ દર્શાવશું. ॥૨૦–૨૧॥

**અવ૦**—હવે પ્રસંગે આવેલ માસવૃદ્ધિ વખતે જે કરવા યોગ્ય છે તે જ કહે છે:—

**मू०—मासस्स वि वुड्ढीए, पढमो मासो पमाण नो भणिओ ॥**
**लोउत्तरम्मि लोइय-पहम्मि न पहू नपुंस त्ति ॥२२॥**

**મૂલાર્થ:**—માસની વૃદ્ધિ હોયે સતે લોકોત્તર માર્ગમાં અને લૌકિકમાર્ગમાં પહેલો માસ (શુભકાર્યોમાં) નપુંસક છે માટે સમર્થ નથી. ॥૨૨॥

**ટીકાર્થ:**—જૈન જ્યોતિષશાસ્ત્રના હિસાબે પૌષ અને આષાઢ એ બે માસની વૃદ્ધિ આવે છે તે બે માસમાંથી કોઇપણ એક માસની–લૌકિકજ્યોતિષશાસ્ત્ર પ્રમાણે તો ચૈત્ર આદિ કોઈપણ માસની વૃદ્ધિ હોયે સતે લૌકિક અને લોકોત્તર શાસ્ત્રકારોએ પ્રથમ માસ પ્રમાણ કહેલ નથી. કયાં પ્રમાણ કહ્યો નથી? તો કહે છે કે–'લૌકિક માર્ગમાં અને લોકોત્તર માર્ગમાં–આગમમાં.' અને તેમાં લોકને વિષે શુદ્ધ બાર માસની અંદર થનારા–દીવાળી, અક્ષયતૃતીયા, ભૂમિદોહ વગેરે પર્વોને વિષે અધિક માસ ગણાતો નથી. તે શાથી? તો કહે છે કે–તેનો હેતુ વિશેષણ દ્વારા સૂત્રમાં જ=આ મૂળ ગાથામાં જ જણાવેલ છે કે–**'न पहू'**=સમર્થ[૫૯]

૫૯. **સિદ્ધચક્ર વર્ષ ૧૦ ના સંયુક્ત અંક ૫ થી ૧૨ ના** ૧૦૭ મા પેજથી શરૂ થએલ **શ્રી પ્રવચનપરીક્ષાગ્રંથની**–'वुड्ढे पढमोऽवयवो, नपुंसओ निययकज्जेसु । जण्णं तक्कज्जकरो, इयरो सव्वुत्तमे सुमओ' એ ૨૦૮ મી ગાથાની ટીકાના સારાંશરૂપે ૧૦૮ મા પેજ ઉપર નવા વર્ગે કરેલો અર્થ પ્રસિદ્ધ થએલ છે. તે અર્થનો તે વર્ગે, ત્યાં જે–"આ વગેરે બાબતોથી 'માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિ અંગે આરાધનામાં સમાનતા છે' એ વાત સિદ્ધ થઈ જાય છે." એ પ્રમાણે કલ્પિત નીચોડ રજુ કરેલ છે તે નીચોડ, ચૌદશ–પૂનમ, ચૌદશ–અમાસ અને ભાદ્રપદ શુદિ ચોથ–પાંચમ આદિ જોડીયા પર્વમાંની આગલી તિથિની વૃદ્ધિ વખતે પહેલી પહેલી નપુંસકતિથિના સંસ્કાર બાદ થતી ચૌદશ અને ચોથને પણ મનસ્વીપણે જ નપુંસક લેખાવનારો, તેને પૂનમ–અમાસ અને પાંચમથી તરંગીપણે જ જુદા પાડી દેનારો અને તેમ કરીને શાસ્ત્ર તથા અવિચ્છિન્ન પરંપરાથી પ્રચલિત એવી તે તે જોડીયા પર્વની વ્યવસ્થાને ઉડાવી દેનારો ભ્રામક છે.

તે વર્ગનો તે પ્રકારનો તે નીચોડ, ભ્રામક હોવાનું મુખ્ય કારણ આ છે કે–**શ્રી પ્રવચનપરીક્ષાગ્રંથની** તે ગાથાટીકાના અર્થનો નીચોડ, તે વર્ગે ગાથા–ટીકામાં રહેલા 'तक्कज्जकर=तत्कार्यकर' શબ્દની ઉપેક્ષા કરવા પૂર્વક તે શબ્દના અર્થને ઉડાવી દઈને રજુ કરેલ છે!' આ વસ્તુ શાસ્ત્રનો ખુલ્લો અનાદર સૂચવે છે.

તે ગાથા–ટીકામાંનો તે 'तत्कार्यकर' શબ્દ, આ વાતને સ્પષ્ટ કરે છે કે–'વૃદ્ધિ પામેલ પ્રથમ માસ કે પ્રથમ તિથિ, **તેના નામથી અંકિત ગણાતા કાર્યો કરવામાં જ અસમર્થ** છે. તે માસ કે–તે તિથિના નામ સિવાયના અન્યમાસ, અન્યતિથિ કે અન્ય શુભ કાર્યો કરવામાં અસમર્થ નથી.' અર્થાત્–"એ માસ–એ પૂનમ–એ અમાસ કે ભા. શુ. એ પાંચમ આદિ હોય તેવા પ્રસંગે તેમાંનો પહેલો માસ–પહેલી પૂનમ–પહેલી અમાસ કે પહેલી પાંચમ વગેરે, તે માસ કે તે તિથિના નામે ગણાતા નિયત કાર્યો કરવા સમર્થ નથી; પરંતુ તે તે પ્રથમ માસ અને પ્રથમ તિથિ, તેના નામ સિવાયના ચોમાસીતપ–છમાસીતપ–વર્ષીતપ આદિ સંજ્ઞાવાળા સંલગ્ન તપોમાં તેમજ ('वृद्धौ कार्या तथोत्तरा' એ નિયામક વાક્યનો સંસ્કાર પામીને) તે પહેલી પૂનમ–અમાસ અને ભા. શુ. પાંચમ આદિ =વૈ. શુ. ૩, ચૈ. શુ. ૧૩ વગેરે પ્રસિદ્ધ પર્વો આદિ) અનુક્રમે ચૌદશ અને ચોથ આદિ બને છે ત્યારે તો તે ચોમાસી–છ માસી આદિ તપનું તેમ જ તે ચૌદશ અને ચોથ આદિનું કાર્ય કરવાને સમર્થ છે જ."

થતો નથી. કારણકે-(તે મહિનાના નામે) જણાવાએલા શુભકાર્ય વગેરેમાં ઉપયોગી નથી. શાથી અનુપયોગી છે? તે કારણ જણાવે છે કે-'તે માસ (તેના નામનાં કાર્યો કરવામાં) નપુંસક કહેવાય છે' **રત્નકોશ** નામના જ્યોતિષશાસ્ત્રમાં કહ્યું છે કે-'યાત્રા-વિવાહ-શણગાર અને બીજાં પણ સર્વ શુભકાર્યોને વિદ્વાનોએ નપુંસકમાસમાં તજી દેવાં' અને લોકોત્તર-શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે-"પાંચ વર્ષના ગણાતા એક 'યુગ'માંના ત્રીજા અને પાંચમા વર્ષે જે આ અધિકમાસ આવે છે તે અધિકમાસ, ચોમાસી-સાંવત્સરિક (વાર્ષિક) વગેરેનું પ્રમાણ વિચારવામાં, 'આષાઢમાસે બે પગલાં' એ વગેરે પૌરુષીના પ્રમાણની વિચારણામાં, છ માસ રૂપ અયનના પ્રમાણની વિચારણામાં, વર્ષની અંદર હોનારા **શ્રીજિનેશ્વર** ભગવંતોના જન્મ આદિ કલ્યાણકોને વિષે અને વૃદ્ધાવસ્થાને લીધે એકસ્થાને રહેલા સ્થવિર વડે ક્ષેત્રની નવ વિભાગે કરાતી કલ્પનાને વિષે ગણાતો નથી." કારણ કે-તે માસ, કાળની શિખારૂપે હોઈ (કાલથી ભિન્ન નથી.) [આ બાબત] **શ્રી નિશીથસૂત્રમાં** અને **શ્રી દશવૈકાલિકસૂત્રમાં**

---

આ સંબંધમાં સિદ્ધચક્ર વર્ષ ૧૦ ના સંયુકત ૫ થી ૧૨ અંકના ૧૨૪ મા પેજ ઉપર નવા વર્ગના 'માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા છે કે નહિ?' એ પ્રશ્નની સમાલોચનામાં નક્કર સમાધાન અપાએલ છે કે-**તિથિને માટે 'क्षये पूर्वा० वृद्धौ तथोत्तरा' એ વિધિ અને નિયામક વાકયો છે, તેવાં વાક્યો માસને અંગે શાસ્ત્રકારે કોઇ સ્થળે કહ્યા નથી, તેમજ માસ અનુષ્ઠાન તિથિની માફક પરિસંખ્યાત નથી.** (શ્રાદ્ધવિધિ આદિમાં) તિથિનું પ્રકરણ શરૂ કરીને શાસ્ત્રકારોએ 'क्षये पूर्वा०' વગેરે કહ્યું છે, માટે તે નિયમ તિથિને જ લાગુ કરી શકાય. માસને માટે તો જો તેણે મહિનાને નામે નિયમો લીધા હોય તો તે બંને મહિના પાળવા પડે. કેમકે-ચોમાસી, છમાસી અને વાર્ષિક-તપમાં અધિક મહિનામાં તપસ્યા કરવી જ પડે છે. વધેલા મહિનામાં સ્વીકૃત નિયમ, ન પાળે તો તપ તૂટ્યો જ ગણાય; પરંતુ લીધેલ નિયમ, અધિક તિથિમાં ન પાળે તો તૂટ્યો ન ગણાય. (આથી-માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિને અંગે આરાધનાના નિયમમાં સમાનતા હોવાનું નવા વર્ગનું કથન, કલ્પિત ઠરે છે.) **સંવત્સરી પર્વ, એ મહિનારૂપ નથી પણ મહિનામાંની તિથિરૂપ છે.**

'તિથિવૃદ્ધિનાં કારણ તરીકે સૂર્યોદયની અધિકતા છે અને માસવૃદ્ધિનાં કારણ તરીકે કાળની અધિકતા છે' એ વાત ખ્યાલમાં લેવાથી પણ નવા વર્ગની 'માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિ અંગે આરાધનામાં સમાનતા છે' એ વાત ભ્રામક તરીકે સ્પષ્ટ જણાઈ આવે તેમ છે.

બાર માસની સંક્રાંતિઓ બાર છે અને માસવૃદ્ધિ વખતે મહિના ૧૩ છે: તેથી બાર સંક્રાંતિમાં તેર માસ સમાય છે; આથી સિદ્ધ છે કે-માસવૃદ્ધિ વખતે સૂર્યનો ઉદય ઓછો છે. જ્યારે તિથિવૃદ્ધિ વખતે તો એક તિથિને બે સૂર્યોદય સ્પર્શતા હોવાથી સૂર્યનો ઉદય વધે છે. આથી માસવૃદ્ધિનો નિયમ તિથિવૃદ્ધિને લાગુ થતો જ નથી. આથી જ નવા વર્ગને પણ સં. ૨૦૦૬માં સુધારી વધારીને પુનઃ છપાવવી પડેલી 'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ' બૂકના પેજ ૪૯ ઉપર આ ૨૨ મી ગાથા સંબંધીની પોતાની તે માન્યતાને 'વિશેષ વિચાર નં. ૯'માં સ્થાન જ નહિ આપવાની અને પેજ ૫૩ ઉપર શ્રી પ્રવચનપરીક્ષાની તે ૨૦૮ મી ગાથા-ટીકાનો સાચો અર્થ રજુ કરી દેવાની શાણપત વસાવવી પડી છે.

આ બાબત અર્થીજનોએ વિશેષ તરીકે શ્રી સિદ્ધચક્રપાક્ષિક વર્ષ ૧૦ના સંયુક્ત અંક ૫ થી ૧૨ ના ૧૫૪ થી ૧૫૬ પેજ ઉપર વિસ્તારથી પ્રસિદ્ધ થયેલું હૃદયંગમ સ્પષ્ટીકરણ જોવું ખાસ જરૂરી છે.

આ પ્રમાણે કહ્યું છે કે–"દ્રવ્યાદિના ભેદથી ચૂલાઓ (શિખાઓ) ચાર પ્રકારની છે. (૧) કુકડાના માથે રહેલી ચૂલા (કલગી) વગેરે દ્રવ્ય ચૂલા કહેવાય છે, (૨)–લાખ યોજનના મેરુપર્વતની ઉપર ચાલીશ યોજન પ્રમાણ ચૂલા (ચૂલિકા) એ ક્ષેત્રચૂલા કહેવાય છે, (૩) એક યુગના ત્રીજા અને પાંચમા વર્ષે આવતો અધિકમાસ એ કાલચૂલા કહેવાય છે અને (૪) [ શ્રી સીમંધર સ્વામી પાસેથી શ્રી સ્થૂલિભદ્રજીના બ્હેન સાધ્વીજી યક્ષાએ આણેલી ] શ્રી દશવૈકાલિકસૂત્રની બે ચૂલાઓ (ચૂલિકાઓ) એ ભાવચૂલા કહેવાય છે." અને પ્રમાણની વિચારણામાં આ ચૂલાઓ, ચૂલાવાન્થી જુદી ગણાતી નથી. જેમકે–લાખ યોજનના મેરુના એ માપની વિચારણામાં તેની ૪૦ યોજનની ચૂલાનું માપ (કોઇ વધારે કહે તો તે) પ્રમાણ ગણાતું નથી. ॥૨૨॥

**અવ૦**—હવે પહેલાં કહેલી બીનાને સૂત્રને વિષે જ બતાવતા થકા પ્રથમ લૌકિક દૃષ્ટાંત સૂચક ગાથા કહે છે:—

**मू०–लोए पमाणचिंता-करणे दीवुच्छवंमि भूदोहे ॥**
**चिंतिज्जइ नो अहिओ, अक्खयतइयाइपव्वेसु ॥२३॥**

**મૂલાર્થ:**—લોકમાં દીપોત્સવી–ભૂમિદોહ–અક્ષયતૃતીયા વગેરે પર્વોને વિષે પ્રમાણનો કાલના માપનો વિચાર કરવામાં અધિક માસ ગણાતો નથી. ॥૨૩॥

**ટીકાર્થ:**—લોકને વિષે–'દીવાળી વગેરે પર્વથી દીવાળી વગેરે પર્વો કેટલા દિવસે થાય છે?' એ પ્રકારે પ્રમાણનો વિચાર કરવારૂપ અધિકાર ચાલતો હોયે સતે–દીવાળીમાં, ભૂમિદોહમાં અને અક્ષયતૃતીયા વગેરે પર્વોમાં અધિક માસ ગણાતો નથી. ॥૨૩॥

**અવ૦**—હવે લોકોત્તર દૃષ્ટાન્ત સૂચક બે ગાથા કહે છે:—

**मू०–लोउत्तर अट्ठाहिय-कल्लाणगचाउमासवासेसु ॥**
**आसाढे दुपयाई, दाहिणअयणाइमाणेसु ॥२४॥**
**वुड्ढावासट्ठियाणं, नवखित्तविभागकरणमाईसु ॥**
**विहलो अहिओ मासो, गिहिणायं चेव मोत्तूणं ॥२५॥**

**મૂલાર્થ:**—લોકોત્તર માર્ગમાં (સાધુએ ચાતુર્માસની સ્થિરતા કરવામાં ગૃહસ્થને જણાવવાનો જે વિધિ છે, તે વિધિમાર્ગને છોડીને) દરેક અટ્ઠાઈ, કલ્યાણક, ચોમાસી, સંવત્સરીપર્વ, 'આષાઢમાસમાં બે પગલાં' ઇત્યાદિ છાયાપ્રમાણ–દક્ષિણ અયનાદિ પ્રમાણ અને વૃદ્ધાવસ્થાને લીધે એક સ્થાને રહેલાઓનું તે ક્ષેત્રના નવ ભાગ કરવાપણું એ વગેરેમાં અધિક માસ નિષ્ફલ જાણવો. ॥૨૪–૨૫॥

**ટીકાર્થ:**—લોકોત્તરમાર્ગમાં એટલે શ્રી જિનપ્રવચનમાં પર્યુષણપર્વાદિ સંબંધીની અટ્ઠાઈઓ, શ્રી જિનજન્મ વગેરે કલ્યાણકો, ત્રણેય ચોમાસી અને તેમાં 'આષાઢમાસે બે

પગલા પ્રમાણ છાયા હોય' ઇત્યાદિ શાસ્ત્રમાં કહેલ પોરસી વગેરેના માપની વિચારણા, દક્ષિણઅયન-ઉત્તરઅયનની વિચારણા તથા વૃદ્ધાવસ્થાને લીધે એક સ્થાને રહેલ સાધુઓનું તે ક્ષેત્રના નવ વિભાગો કરવાપણું એ વગેરેમાં અધિકમાસ નિષ્ફળ જાણવો. આ બાબતમાં થોડી યુક્તિઓ આગલ બતાવશું. હવે તે ઉત્સર્ગમાર્ગ જણાવીને અપવાદમાર્ગ કહે છે કે 'પરંતુ ગૃહિજ્ઞાત (રૂપ વિધિમાર્ગ) ને છોડીને જ.' કહેવાનું તાત્પર્ય આ છે કે-જો કે અધિકમાસ, અટ્ઠાઈઓ વગેરેમાં પ્રમાણ નથી; તો પણ પોતે રહેવાની ધારણા કરેલ હોય તથા 'પોતે રહ્યા જ છે' એમ ગૃહસ્થને જણાવવું હોય તે અવસરે પ્રમાણ જ છે. ॥૨૪-૨૫॥

**અવ૦**—હવે ઉપર જણાવેલી પચીશમી ગાથાના ચોથા પાદમાં જણાવેલ **'गिहिणायं चेव मोत्तूणं'** એ અપવાદને જણાવનાર (જે ગ્રન્થ છે તે) ગ્રન્થને જણાવનારી ગાથા કહે છે :—

**मू०-तइअंमि य उद्देसे, जं भणिअं वुड्ढकप्पचुण्णीए ॥**
**दसमम्मि य उद्देसे, निसीहचुण्णीइ तह भणिअं ॥२६॥**

**મૂલાર્થ:**—કારણ કે શ્રી બૃહત્કલ્પસૂત્રની ચૂર્ણિના ત્રીજા ઉદ્દેશામાં તેમજ શ્રી નિશીથસૂત્રની ચૂર્ણિના દસમા ઉદ્દેશામાં તે પ્રમાણે કહેલું છે. ॥૨૬॥

**ટીકાર્થ:**—કારણકે (ગૃહિજ્ઞાતાવસ્થાનમાં અધિકમાસ ગણવો એ અપવાદ) શ્રી બૃહત્કલ્પસૂત્રની ચૂર્ણિના ત્રીજા ઉદ્દેશામાં જણાવેલ છે કે-"જો અધિકમાસ પડ્યો હોય તો વીસ રાત્રિદિવસવાળો ગૃહિજ્ઞાત અવસ્થાનવિધિ ન કરવો. શું કારણ? તો કહે છે કે-અહિં અધિકમાસ, માસ પણ ગણાય છે અને તે માસ બીજા માસના વીસ દિવસની સાથે મળીને 'વીસ અહોરાત્ર સહિતનો માસ' એમ પણ કહેવાય છે: તેવી જ રીતે શ્રી નિશીથચૂર્ણિના દસમા ઉદ્દેશામાં પણ કહ્યું છે કે-**'जम्हा अभिवड्ढिअवरिसे०'**-કારણકે અભિવર્દ્ધિતવર્ષમાં તે અધિકમાસ ગ્રીષ્મઋતુમાં ગયો છે તેથી વીસ દિવસ (તે અધિકમાસ સહિત પચાસ દિવસ) સુધી અનભિગૃહીત કરવું=સંદિગ્ધ રાખવું." આ બંને પાઠોને વિષે શ્રી બૃહત્કલ્પસૂત્રચૂર્ણિકાર અને શ્રી નિશીથસૂત્રચૂર્ણિકાર એ બંનેય શાસ્ત્રકારોએ **स्वाभिगृहीत**=પોતે રહેવાની ધારણા કરી રાખવી તે તથા **गृहस्थज्ञात**=પોતે રહ્યા જ છે એ પ્રમાણે ગૃહસ્થને જણાવવું તે મળીને બંને અવસ્થાન સિવાયના બાકીના કોઈપણ કાર્યોમાં અધિકમાસ નામ લઈને પ્રમાણભૂત ગણાવ્યો જણાતો નથી. અને એ પ્રમાણે 'આ અધિકમાસનાં અપ્રામાણ્યમાં-તેને પ્રમાણ નહિ કરવામાં દૈવસિક અને પાક્ષિક અનુષ્ઠાન વગેરેમાં પણ અનુપયોગીપણું હોવાથી અતિપ્રસંગદોષ છે,' એમ ન કહેવું. કારણકે-'તે માસ પોતાની કુક્ષિમાં* સ્થાપેલા નિયત અનુષ્ઠાનમાં પણ અનુપયોગી બનવાને અશક્ત卐 છે. લોકમાં વિવાહાદિ કાર્યોમાં અનુપયોગી

---

* સં. ૨૦૦૬માં સુધારી વધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલા 'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'ના ૨૬ મા પેજ ઉપર નવા વર્ગે અહિંના મૂળ **'कुक्षिनिक्षिप्त'** શબ્દનો અર્થ, 'કુક્ષિમાં પડેલા' અને 卐 આ સ્થાને રહેલા મૂળ **'भवितुमशक्तत्वात्'** વાક્યનો અર્થ-'બનવું અશક્ય છે.' એ પ્રમાણે કરેલ છે તે અનુવાદકના અવળા બોધનું માપક છે.

થતો હોવા છતાં પણ ભોજનાદિ કાર્યોમાં અનુપયોગી થવાને સમર્થ જ નથી.' અથવા નપુંસક હોવા છતાં પણ–સજાતીયસંતતિની ઉત્પત્તિમાં કારણરૂપ નહિ હોવા છતાં પણ 'તે બધા જ કાર્યમાં અનુપયોગી છે' એમ બોલી શકાતું નથી એમ પોતે વિચારવું.[૬૦]

વળી પ્રશ્ન છે કે–"જૈનટિપ્પણાનુસારે[૬૧] અધિકમાસ, પ્રમાણની વિચારણામાં સર્વત્ર ઉપયોગી છે કે નહિ?' જો ઉપયોગી છે, તો **'चउण्हं मासाणं–बारसण्हं मासाणं'** એમ ઉચ્ચાર છે એમાં (તમારે) **'पंचण्हं मासाणं–तेरसण्हं मासाणं'** એ પ્રમાણે જ ઉચ્ચાર કરવો રહે છે: અને એમ ઉચ્ચાર કરવો તે અત્યંત ગેરવાજબી છે. કારણકે–(પાંચ વર્ષ પ્રમાણ ગણાતા) એક યુગમાંના પ્હેલા અને ચોથા એ બે વર્ષમાં અગીઆર માસ શુદ્ધ મળે છે, બીજા અને પાંચમા એ બે વર્ષમાં તેર માસ શુદ્ધ મળે છે. જ્યારે ત્રીજા વર્ષમાં તો બાર માસ શુદ્ધ મળે છે: અને એમ હોયે સતે 'બાર માસ–ચોવીશ પક્ષ' એમ જેની આદિમાં છે એવો ખામણાનો આલાવો યુગના પાંચેય સંવત્સરીપર્વમાં સાચો ન ઠરે, પણ (ત્રીજા) એક સંવત્સરી પર્વમાં જ સાચો ઠરે!"

વળી–'અધિકમાસ પર્યુષણાપર્વને ઉદ્દેશીને ઉપયોગી છે પણ બીજા સ્થાને નહિ' એમ ન કહેવું: કારણકે–એમ જણાવનારૂં કોઈ પ્રમાણ નથી. વળી (આ બદલ) 'અભિવ-

---

૬૦. આ ગ્રંથની ૨૨ થી ૨૬ મી ગાથા–ટીકામાં માસવૃદ્ધિ પ્રસંગની જ વાત હોવા છતાં અને તિથિ-વૃદ્ધિ પ્રસંગનો તો નામનિર્દેશ પણ નહિ હોવા છતાં નવા વર્ગે, સં. ૧૯૯૩ માં પ્રસિદ્ધ કરેલ 'પર્વતિથિ-પ્રકાશ' બૂકના ૨૦૩ પેજ ઉપર આ 'એમ પોતે વિચારવું' વાત પછી **'એ પ્રમાણે વૃદ્ધિતિથિમાં પણ પહેલી તિથિ માટે સમજી લેવું.'** એમ આ ગ્રંથકારના નામે (અને તે પણ બ્લેકટાઇપમાં) રજુ કરતાં સંકોચ અનુભવેલ નથી તે, માસવૃદ્ધિ અને તિથિવૃદ્ધિ અંગે આરાધનામાં (અસમાનતા જ હોવા છતાં મનસ્વીપણે જ) સમાનતા લેખાવનારા નિજના નવામતના દુરાગ્રહની કારમીતાનું દ્યોતક છે; એમ સમાજના ખ્યાલ પર આવી જવાથી તે વર્ગે, સં. ૨૦૦૬માં 'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ' એ નામે પુનઃ છપાવેલા આ શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદની બૂકના પેજ ૨૬ ઉપર રજુ કરેલા આ ગાથા–ટીકાના અનુવાદમાંથી અને પેજ ૨૯ ઉપર રજુ કરેલા ૯ નંબરના **'વિશેષ વિચાર'**માંથી પણ [ગ્રંથકારને નામે ચઢાવી દીધેલી પોતાની 'એ પ્રમાણે વૃદ્ધિતિથિમાં પણ પહેલી તિથિ માટે સમજી લેવું.' એ તેર વર્ષ સુધી હાંકે જ રાખેલી મનસ્વી વાત] આમૂલચૂલ ઉડાવી દેવાનું ડહાપણ કર્યું છે તે અનુમોદનીય છે.

૬૧. જૈન જ્યોતિષશાસ્ત્રો મુજબ વર્ષમાં છ તિથિનો ક્ષય હોય અને એકેય તિથિની વૃદ્ધિ તો હોય જ નહિ' એ આગમસિદ્ધ વાતની પણ અવગણના કરીને નવા વર્ગે, આ ગ્રંથના નામે પણ જે એમ પ્રચાર જારી રાખેલ છે કે–"આ ગ્રંથમાં પણ તિથિમાં ક્ષય–વૃદ્ધિ તો જણાવેલ જ છે, માટે 'જૈનશાસ્ત્રોમાં તિથિનો ક્ષય આવે પણ વૃદ્ધિ ન આવે.' એમ કહેનારા ખોટા છે." તે તેમનો ભદ્રિકજનોને ભ્રમમાં પાડવાના ઇરાદા-પૂર્વકનો અસત્ય પ્રચાર છે. આ વગેરે જૈન ગ્રંથોમાં ગ્રંથકારોએ જે જે સ્થલે તિથિક્ષય–વૃદ્ધિની બીના જણાવી છે તે જૈન સમાજે 'ક્ષયે પૂર્વા૦' અનુસારે સંસ્કાર આપવા સારૂ સેંકડો વર્ષોથી લૌકિક અનેક ટિપ્પણામાંના એક ટિપ્પણાની જ તિથિઓ ગ્રહણ કરવાના રાખેલા સર્વમાન્ય રીવાજને અનુલક્ષીને જણાવેલી લૌકિક ટિપ્પણાગત તિથિની ક્ષય–વૃદ્ધિની વાત જણાવી છે. જૈનશાસ્ત્રોના આધારે સંસ્કાર આપીને તૈયાર કરાતા આરાધના માટેના જૈનપંચાંગ મુજબ તે તિથિઓની ક્ષય–વૃદ્ધિ જણાવેલી જ નથી, એમ જાણવા છતાં તે વર્ગે તેવો અસત્ય પ્રચાર કરેલ છે તે શોચનીય છે.

દ્ધિંતમાં વીસ' એમ પાક્ષિકચૂર્ણિમાં કહેલું હોવાથી આગમ જ પ્રમાણ છે, એમ ન કહેવું. કારણકે–તે આગમવચન, ગૃહિજ્ઞાત અવસ્થાનના અભિપ્રાયથી કહેલું છે, સંવત્સરીપર્વને અંગે જણાવેલું નથીઃ અર્થાત્ તે વાત, સંવત્સરીપર્વને અંગે છે જ નહિ; એમ એ પ્રકારે આ **(अभिवड्ढिअ०)** સૂત્રમાં જ વિસ્તારથી કહ્યું છે. વિસ્તાર જાણવાની ઇચ્છાવાળાઓએ શ્રીકુલમંડનસૂરિવિરચિત 'શ્રી વિચારામૃતસંગ્રહ' નામનો ગ્રંથ જોવો. અને જો (પ્રમાણ-ચિંતામાં અધિકમાસ) 'અનુપયોગી છે' એમ કહો, તો વિવાદથી સર્યું=તમે અમારી માન્યતામાં જ આવી ગયા એટલે વિરોધ જ મટી ગયો. ॥૨૬॥

**અવ૦**—હવે એ પ્રમાણે નહિ સ્વીકારવામાં જે અનિષ્ટ પ્રસંગમાં મૂકાવુ પડે છે તે અનિષ્ટ પ્રસંગદ્વારા દોષ આપવાને માટે કહે છે:—

**मू०-अन्नह सावणमासे, पज्जोसवण त्ति पव्व करणिज्जं ॥**
**न य तं कस्सवि इट्ठं, उवइट्ठं जेण भद्दवए ॥२७॥**

**મૂલાર્થ:**—જો એમ ન હોત તો (અભિવર્દ્ધિત પ્રસંગે) પર્યુષણા પર્વ શ્રાવણમાસે કરણીય હોત; પરન્તુ તે કોઈને ઇષ્ટ નથીઃ કારણકે–ભાદરવા માસમાં કરવાનું જણાવ્યું છે. ॥૨૭॥

**ટીકાર્થ:**—(તે બંને આગમગ્રંથની ચૂર્ણિઓમાંના ઉલ્લેખો મુજબ ગૃહિજ્ઞાત અવસ્થાનમાં જ પ્રમાણ માનવાને બદલે) જો અધિકમાસને સાંવત્સરિક–પર્યુષણાપર્વને વિષે પણ પ્રમાણ ગણવામાં આવે તો અભિવર્દ્ધિતવર્ષમાં–'પર્યુષણા' એ પ્રમાણે કહેવાને ઇચ્છેલું વાર્ષિક સંજ્ઞાવાળું પર્વ શ્રાવણ માસે જ કર્ત્તવ્ય બને. જો તે આપત્તિને ઇષ્ટ આપત્તિ કહો કહો તો તે ઇષ્ટ આપત્તિને દોષ આપવાને માટે શ્લોકનું ઉત્તરાર્દ્ધ કહે છે કે–'શ્રાવણમાસે પર્યુષણા પર્વ કરવું, તે વાત કોઈને પણ સંમત નથી.' નહિ સંમત હોવામાં હેતુ જણાવે છે કે–'શ્રી જિનેશ્વરોએ, ભાદ્રપદમાસે તે માસની શુકલપંચમીના દિવસે અને શ્રી કાલિકા-ચાર્ય મહારાજના આદેશથી ભાદ્રપદ શુકલ ચતુર્થીના દિવસે તે પર્વ ઉપદિશ્યું છે.' ॥૨૭॥

**અવ૦**—હવે કોઈક ભ્રાન્તને 'શ્રી નિશીથભાષ્યના અનુસારે શ્રાવણમાસમાં પણ (પર્યુષણા) યુક્ત છે.' એમ ભ્રમ થાય છે તેથી તે દૂર કરાવા સારૂ બે ગાથા કહે છે:—

**मू०-जं अभिवड्ढिअवासे, निसीहभासे य वीसइ दिणेहिं ॥**
**तं सच्चं [व्वं] गिहिनायाभिग्गहभिप्पायओ णेयं ॥२८॥**
**न य तं संवच्छरिए, पव्वंमि अ तस्स चुण्णिवण्णेहिं ॥**
**अन्नह सवीसइ त्ति, कप्पपाढो विलुम्पेज्जा ॥२९॥**

**મૂલાર્થ:**—શ્રી નિશીથભાષ્યમાં અભિવર્દ્ધિતવર્ષે જે વીસ દિવસે (પર્યુષણા કરવાનું) જણાવ્યું છે તે સર્વ પોતે કરી રાખવાના અભિગ્રહ = સ્વાભિગૃહીત અને ગૃહિજ્ઞાત (અવસ્થાનરૂપ પર્યુષણા)ના અભિપ્રાયથી કહેલું જાણવું; પરંતુ તે (નિશીથભાષ્યની તે વાત) સંવત્સરી પર્વને

આશ્રયીને કહેલી નથી. અને તે વાત તે બંને ગાથાની ચૂર્ણિના અક્ષરોથી સ્પષ્ટ છે. અન્યથા 'પચાસ દિવસે પર્યુષણા' એ પ્રમાણેના શ્રી કલ્પસૂત્રના પાઠનો લોપ થવા પામે. ॥૨૮-૨૯॥

**ટીકાર્થ:**—'શ્રીનિશીથભાષ્યમાં અભિવર્દ્ધિતવર્ષે પોતે રહેવાની ધારણા કરી રાખવી અને "તે **गृहीत**=ધારણા, 'પોતે રહ્યા જ છે' એ પ્રમાણે ગૃહસ્થને જણાવવી." એ પ્રમાણે જે કહ્યું છે તે, સઘળું ગૃહિજ્ઞાત (અવસ્થાનરૂપ પર્યુષણા)ના અભિપ્રાયથી જાણવું. શ્રી નિશીથભાષ્યના દસમા ઉદ્દેશામાં જણાવેલી "**इत्थ उ अणभिग्गहिअं**=અધિક માસ હોય ત્યારે પૂછનાર ગૃહસ્થને આષાઢ શુદિ પૂનમથી વીસ દિવસ સુધી અને અધિકમાસ ન હોય ત્યારે (સંવત્સરી પર્યંતના) પચાસ દિવસ સુધી '**अनभिगृहीत**' રાખવું એટલે કે- 'અહિં રહ્યા જ છીએ' એમ નક્કી ન જણાવવું, પરંતુ 'અહિં રહીએ અથવા બીજા સ્થાને રહીએ' એમ સંદિગ્ધ જણાવવું; અને તે પછીથી '**अभिगृहीतं गृहिज्ञातं**' એટલે કે- તે ધારણા, યાવત્ કાર્તિક શુદિ ૧૫ સુધીની સ્થિરતાને માટે ગૃહસ્થને જણાવવી. ॥ ૧ ॥ અભિવર્દ્ધિતમાસમાં આ વીસ દિવસની અને ચંદ્રમાસમાં અભિગૃહીત ગૃહિજ્ઞાત મર્યાદા, અશિવાદિ કારણોને લીધે અથવા તો વૃષ્ટિ પુષ્કલ ન થઈ હોય તેને અંગે છે. ॥ ૨ ॥" એ પ્રકારની બે ગાથા જોવા (માત્ર)થી 'શ્રાવણમાસે પણ પર્યુષણા હોઈ શકે.' એવી સંભાવના કરવી નહિ. કારણકે- તે બંને ગાથા અન્ય અધિકાર સાથે સંબંધ ધરાવે છે. એટલે કે-તે બંને ગાથા, વર્ષાકાલની સ્થિરતારૂપ પર્યુષણાને આશ્રયીને રહેવારૂપ અભિગ્રહ કરવાના અને તે અભિગ્રહ, ગૃહસ્થને જણાવવાના અધિકારથી પ્રતિબદ્ધ છે. ॥ ૨૮ ॥

હવે-'એ બે ગાથા, સાંવત્સરિકની ક્રિયામાં સંબંધવાળી હશે' એ પ્રકારની શંકા દૂર કરે છે કે-(નિશીથભાષ્યની) "તે બંને ગાથા, સાંવત્વરિકપર્વને વિષે સાંવત્સરિકપર્વની '૧-સર્વચૈત્યપરિપાટી, ૨-સર્વસાધુઓને વંદન, ૩-આલોચના દેવી, ૪-અષ્ટમતપ કરવો, અને ૫-સાંવત્સરિકપ્રતિક્રમણ' એ પાંચ અનુષ્ઠાનરૂપ ક્રિયાને વિષે સંબંધ ધરાવનારી નથી: કારણ કે-તે બન્ને ગાથાની ચૂર્ણિમાંના સ્થિરતા કરવારૂપ પર્યુષણાના અધિકારમાં સાંવત્સરિક-પર્વનાં અનુષ્ઠાન સંબંધી એક પણ અનુષ્ઠાન સંભળાતું નથી." તે તમે કેવી રીતે જાણ્યું? તો કહે છે કે-'શ્રી નિશીથભાષ્યની તે બંને ગાથાની ચૂર્ણિના અક્ષરોથી જાણ્યું' અને તે ચૂર્ણિના દસમા ઉદ્દેશામાં તે અક્ષરો આ પ્રમાણે છે કે-"**इत्थ त्ति**=આષાઢપૂર્ણિમાએ અથવા (તે આષાઢ શુદિ પૂનમથી પંચક પંચકવૃદ્ધિના હિસાબે શાસ્ત્રીય) શ્રાવણ એટલે લૌકિક આષાઢવદ પાંચમે પર્યુષણા કર્યે સતે-રહે સતે 'અહિં પર્યુષણાં કરવી=રહેવું' એમ પોતે નક્કી ન ધારવું અથવા 'હે આર્યો! તમારે અહિં વર્ષાકલ્પની-ચોમાસાની સ્થિરતા છે ને?' એમ પૂછનાર ગૃહસ્થને 'અહિં રહેવું કે અન્યત્ર? એ હજુ સુધી નિશ્ચય થતો નથી.' એમ સંદિગ્ધ જણાવવું. એવું સંદિગ્ધ કેટલા વખત સુધી બોલવું? તો કહે છે કે-(ભા. શુ. ૫ ...ન્તના) પચાસ દિવસ સુધી. આમાં પણ જો સૂર્યમાસને આશ્રયીને થતા અભિવર્દ્ધિત-...ટે હોય તો (પહેલા અશાડ શુદિ ૧૫ થી બીજા અશાડ શુદિ ૧૫ સુધીના એક

માસ પછીના) વીસ દિવસ સુધી એ પ્રમાણે સંદિગ્ધ બોલવું, અને જો ચંદ્રવર્ષ હોય તો પચાસ દિવસ સુધી **अनभिगृहीत**=સંદિગ્ધ બોલવાનું હોય છે. તે કાલ-નિયમ પછીથી પોતાના નિર્ણયાત્મક વચન વડે જે ગ્રહણ કરેલું છે તે, 'અહિં રહ્યા' એમ અભિગૃહીત થાય, અને પૂછતા ગૃહસ્થોને 'અમે અહિં વર્ષાકાલ રહ્યા છીએ' એમ કહે. ॥ ૧ ॥ 'વીસ દિવસે અથવા પચાસ દિવસે પોતે અભિગૃહીત કરેલું ગૃહસ્થને જણાવે તે પહેલા નહિ તેનું શું કારણ ? તો કહે છે કે-'**असिवादि०**'-કદાચિત્ ઉપદ્રવ થયો હોય, '**आदि**' શબ્દથી-રાજા દ્વેષી થયો હોય ઇત્યાદિ, અથવા વરસાદ સારો વરસ્યો ન હોય ઇત્યાદિ કારણે જો રહે તો અધિકરણાદિ (છાપરાં, ઘર આદિને ગૃહસ્થો ઘઠારે-મઠારે ઇત્યાદિ) દોષો લાગે. હવે (તે નિયમ અગાઉથી ગૃહસ્થને પોતે રહેવાનું કહ્યું હોય અને) જો ન રહે તો ગૃહસ્થો કહે કે-"આ સર્વજ્ઞપુત્રો કાંઈ જાણતા નથી અને મૃષા બોલે છે. કારણકે-'અમે અહિં રહ્યા છીએ, એમ કહીને વિહાર કરી ગયા.' અથવા લોકો કહે કે-'સાધુઓ અહિં ચાતુર્માસ રહ્યા એટલે અવશ્ય વદસાદ થશે. તેથી ધાન્ય વેચી નાખે, લોકો ઘર વગેરે સમારાવે, હળ વગેરે કર્મો ખેડે-ચલાવે.' જેથી કરીને (તે વીસ અથવા પચાસ દિવસના નિયમ) પહેલાં પોતે રહેવાની ધારણા અને તે ધારણા મુજબ ગૃહસ્થને જણાવવાનો નિયમ પહેલાં કરવામાં આવે તો ઉપર જણાવ્યા છે તે વગેરે અધિકરણ દોષો લાગે. એ દોષો ન લાગે એ હેતુથી (પાંચ વર્ષના ૧ યુગના બે) અભિવર્દ્ધિત વર્ષમાં (અશાડ શુદિ ૧૫ થી સંવત્સરી સુધીના) પચાસ દિવસ પછી ગૃહિજ્ઞાત કરે='અમે અહિં રહ્યા છીએ' એમ ગૃહસ્થને જણાવે. ॥ ૨ ॥"

આ (શ્રી નિશીથભાષ્યની ચૂર્ણિના અક્ષરો પણ જણાવવામાં) અભિપ્રાય આ છે કે-'અઠ્ઠમ વગેરે તપ, ચૈત્યવંદન, સાધુવંદન વગેરે ક્રિયાવાળું પર્યુષણાપર્વ શ્રાવણમાસે કર્ત્તવ્યરૂપ નથી.' આ પર્યુષણાપર્વ શ્રાવણમાસે કરવામાં દોષ જણાવે છે કે-"આમ શાસ્ત્રાધાર આપીને એ વાત સ્પષ્ટ કરી છે, છતાં ન માનો અને શ્રાવણમાસના વીસ દિવસ ગયે સતે (તે ગૃહિજ્ઞાતપર્યુષણાને બદલે) અટ્ઠમ તપાદિ જણાવેલ ક્રિયાવાળું પર્યુષણાપર્વ કરો તો તેમાં '**सवीसइराए मासे**=પચાસ દિવસે' ઇત્યાદિ જણાવનાર શ્રી કલ્પસૂત્રનો પાઠ પણ લોપવાનો પ્રસંગ આવે."

જો એમ કહો કે-"શ્રાવણ અને ભાદ્રપદની વૃદ્ધિ પ્રસંગે અમે તે પર્યુષણા પચાસ દિવસે જ કરીએ છીએ તો શ્રી કલ્પસૂત્રના તે પાઠનો અમારે વિલોપ કેમ થાય ?" તો સમજવું કે-"(ગૃહિજ્ઞાત અવસ્થાનનો ૨૦ દિવસનો નિયમ અભિવર્દ્ધિતવર્ષમાં આવતી આષાઢમાસની જ વૃદ્ધિ વખતનો હોવાથી અધિક-પહેલો આષાઢ ત્યાં જ પ્રમાણ કહેલ છે; પરંતુ) ગૃહિજ્ઞાત અવસ્થાન (માટેના આષાઢ) સિવાયના (શ્રાવણ અને ભાદ્રપદ આદિ) માસની વૃદ્ધિમાં અધિક માસ પ્રમાણ ગણેલ નથી, છતાં તમે ત્યાં (અધિકમાસને પ્રમાણ ગણો છો તેથી) શ્રી કલ્પસૂત્રના પાઠનો તમારે વિલોપ થાય છે."

**प्रामाण्ये च०** અને એમ (અધિકમાસને મનસ્વીપણે) પ્રમાણ ગણવામાં (શ્રાવણ

શુદિ ચોથે અને પ્રથમ ભા. શુ. ચોથે સંવત્સરી કરવી પડતી હોવાથી) તમારે સંવત્સરીથી (સીત્તેરને બદલે) એક સો દિવસે ચોમાસું બદલવું પડે અને તેમ કરવાથી શ્રી સમવાયાંગ-સૂત્રના–**'समणे भगवं महावीरे सवीसईराए मासे वइक्कंते सत्तरि राइदिवसेहिं सेसेहिं वासावासं पज्जोसवेंति**=શ્રમણભગવાન્ મહાવીર વર્ષાકાલના ૫૦ દિવસ ગયા પછી સીત્તેર દિવસ બાકી રહે સતે વર્ષાવાસરૂપ પર્યુષણા કરે છે.' એ પાઠનો વિલોપ થાય છે.

એમ ન કહેવું કે–'પર્યુષણાની પહેલાં અધિકમાસ આવે તો તે પ્રમાણ ગણાય અને પછી આવે તો અપ્રમાણ ગણાય.' કારણ કે–એ પ્રમાણે જણાવનાર પ્રમાણનો અભાવ હોવાથી **इति**=(પૃ. ૧૯ પંક્તિ ચોથીમાં **स्वाभिगृहीतगृहस्थज्ञातावस्थानव्यतिरिक्तशेषकार्येषु केष्वप्य-धिकमासो नामग्राहं न प्रमाणीकृतो दृश्यते**) એ પ્રમાણે કહેલું છે. અને આવતા વર્ષની પર્યુષણાને આશ્રયીને તે ઉદીચીનમાં (તે ગતસંવત્સરીને માટે) અર્વાચીનપણાનો પણ સંભવ છે. વળી ખરતરીય વિધિપ્રપામાંનો–"**संवच्छरियं पुण आसाढचउमासयाओ** ××× **'सवीसइराए मासे वइक्कंते पज्जोसवेंति'त्तिवयणाउ**=વળી સંવત્સરીપર્વ, આષાઢ પૂનમથી નિયમા પચાસમે દિવસે કરવું, નહિ કે=એકાવનમે. એવો પાઠ છે. વળી લૌકિકટિપ્પણાનુસારે જ્યારે પણ બે શ્રાવણ, બે ભાદ્રપદ થાય ત્યારે પણ પચાસમે દિવસે કરવું; પરંતુ (તપાગચ્છવાળાઓ બે શ્રાવણ અને બે ભાદ્રપદ પ્રસંગે આષાઢ શુદ પૂનમથી સંવત્સરી સુધીના પચાસ દિવસ પ્રથમ શ્રાવણ અને પ્રથમ ભાદ્રપદને કાલચૂલા કહીને ગણાવે છે, તેમ) કાલચૂલાની વિવક્ષાએ એંશીમા દિવસે પર્યુષણા કરે છે, એમ ન કરવું. કારણ કે–**'सवीसइराए मासे वइक्कंते पज्जोसवेंति**=પચાસ દિવસે પર્યુષણા કરવી.' એવો ચોકખો પાઠ છે." એ લખાણ દ્વારા આષાઢી પૂનમથી આરંભીને સંવત્સરી સુધી અધિકમાસને પ્રમાણ ગણેલ હોવાથી (અમારે તો) 'વિધિપ્રપા' એ જ પ્રમાણ છે, એમ પણ બોલશો નહિ. કારણ કે–વિધિપ્રપાનું એ વચન અને તેમાંના બીજા પણ વચનો આગમબાધિત હોવાથી અને પરંપરાથી આવેલા નહિ હોવાથી તેમજ યુક્તિયુક્ત નહિ હોવાથી (તે વિધિપ્રપામાંના) સર્વ પણ વચનોને=તમામ વચનોને અમે પ્રમાણિક માનતા નથી.

વળી ખરતરગચ્છવાળાઓને પણ તે વિધિપ્રપા પ્રમાણ નથી. વિધિપ્રપાના તે દરેક વચનોમાંથી પણ–"**जया य पक्खियाई पव्वतिही पडइ तया पुव्वतिही चेव तब्भुत्तिबहुला पच्चक्खाणपूयाईसु घिप्पइ, न उत्तरा; तब्भोगगंधस्सवि अभावाउ**=જ્યારે પક્ખી આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પચ્ચક્ખાણ–પૂજા વગેરેમાં તેના બહુભોગવાળી પૂર્વતિથિ ગ્રહણ કરવી, પણ ઉત્તરતિથિ (પૂનમ આદિ) ગ્રહણ ન કરવી: કારણકે–ઉત્તરતિથિમાં તે ક્ષીણ ચૌદશ આદિના ભોગની ગંધનો પણ અભાવ છે." એ વચન (તમે ખરતરો પણ) નહિ સ્વીકારતા હોવાથી તે વિધિપ્રપાના કર્ત્તાને (તો) તમે (પણ) અનાપ્તપણે સ્વીકારેલ હોવાથી તે અનાપ્તની કૃતિ અપ્રમાણ ગણાતી હોઈને તે વિધિપ્રપા અપ્રમાણ જ છે. અને તેથી જ કહેવાશે તે સભ્યની આશંકાના નિરાકરણવાદમાં વિધિપ્રપાગ્રંથના કર્ત્તા જ ઉદાહરણ

છે. વળી 'આગમને વિષે કયાંય પણ ભાદ્રપદમાસ છોડીને સાંવત્સરિક અતિચારની આલોચનાદિ વિશેષ વડે કરીને વિશિષ્ટ પર્યુષણાપર્વ શ્રાવણમાસે પણ કરવું' એમ કહ્યું નથી: ઇત્યાદિ ઘણું કહેવાનું છે તે ગ્રંથ વધી જવાના ભયથી વિસ્તારાતું નથી.

હવે કોઈ જે–"પર્યુષણા, **ગૃહિજ્ઞાત** અને **ગૃહિઅજ્ઞાત** એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થોથી અજાણ પર્યુષણા, કે જેમાં વર્ષાને યોગ્ય બાજોઠ–પાટીયાં વગેરે મેળવવાના યત્નમાં જે કલ્પ (બૃહત્કલ્પસૂત્ર)માં જણાવેલ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ અને ભાવની સ્થાપના કરાય છે; તે આષાઢમાસની પૂનમથી પાંચ–પાંચદિવસની વૃદ્ધિ વડે યાવત્ ભાદ્રપદ શુદ્ઘ પાંચમમાં છે, તે આષાઢ માસની પૂનમ, (તે પાંચ પાંચ દિનવૃદ્ધિવાળા ૧૧ ટુકડારૂપ) અગીઆર પર્વતિથિમાં કરાય છે; જ્યારે **ગૃહિજ્ઞાતપર્યુષણા** તો—'જેમાં સાંવત્સરિક અતિચારનું આલોચન, સંવત્સરી પર્વ, કલ્પસૂત્રવાંચન, ચૈત્યપરિપાટી, અટ્ઠમ અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરાય છે, અને જે ગૃહિજ્ઞાત પર્યુષણા વડે દીક્ષાપર્યાયના વર્ષો ગણાય છે; તે ભાદ્રપદ શુદિ પંચમીને વિષે અને શ્રીકાલિકાચાર્યમહારાજના આદેશથી ચોથમાં પણ જનપ્રકટ કરવી.' એવા શ્રી કલ્પસૂત્રની ટીકાના વચનને અનુસારે સાંવત્સરિક અતિચાર આલોચના વગેરે ગૃહિજ્ઞાતપર્યુષણામાં કરણીય[૬૨] છે." એમ કહે છે તે પણ યોગ્ય નથી. કારણકે–'શ્રીકલ્પસૂત્રની વૃત્તિનું તે વચન, ભાદ્રપદ શુકલ પંચમી અથવા ચતુર્થીને આશ્રયીને જ કહેલું છે. નહિ કે–ગૃહિજ્ઞાત અવસ્થાનમાત્રને આશ્રયીને પણ કહેલું છે.' સાંવત્સરિક અતિચાર આલોચનાને આશ્રયીને તે વચન માનવું તે તો અત્યંત અયુક્ત છે. અને તે આ પ્રમાણે કે–તેમ કરે સતે (શ્રી કલ્પસૂત્રના) **'सवीसइमासे०'** સૂત્રનાં–'આષાઢી પૂનમથી એક મહિનો અને વીસ દિવસે પર્યુષણા' અને 'પર્યુષણાથી સીત્તેર દિવસે (કાર્ત્તિકી) ચોમસી પ્રતિક્રમણ' ઇત્યાદિ વચનોનો લોપ થાય છે.

વળી જે એમ કહેવાય છે કે, (પર્યુષણા પછી તે) 'સિત્તેર દિવસ કહ્યા છે તે તો જઘન્યથી છે. તે સિવાય–સિત્તેરથી વધુ દિવસ હોય તો પણ દોષ નથી.' તે તો ઉન્મત્તની ક્રીડા જેવું છે. કારણ કે–સ્થિતિને (અવસ્થાનને) આશ્રયીને જઘન્ય આદિ વિચાર છે, નહિ કે–ચાતુર્માસિક પ્રતિક્રમણ આદિને આશ્રયીને પણ તે વિચાર છે.' આમ છતાં પણ જો 'ચોમાસીપ્રતિક્રમણ આદિને આશ્રયીને તે વિચાર છે' એમ માનો તો શ્રી સ્થાનાંગસૂત્ર આદિમાં–'જઘન્યથી ૭૦ દિવસ, મધ્યમથી ચાર માસ અને ઉત્કૃષ્ટથી છ માસ' એમ કહેલું છે; પરંતુ કોઈપણ સ્થલે ૧૦૦ દિવસ તો દીઠા કે સાંભળ્યા નથી, તે તમને કયાંથી લાગુ થયા?

વળી–'આષાઢપૂર્ણિમાએ પર્યુષણા કરવી તે ઉત્સર્ગમાર્ગ છે, અને (એ સિવાયનો)

૬૨. આ આખી વાત કરનાર, શ્રીકલ્પસૂત્રની વૃત્તિમાંના તે આખા પાઠમાંની 'ભા. શુ. પાંચમને વિષે અથવા ચોથને વિષે પર્યુષણા કરવી' એ વાતને ઉડાવી દઈને તે પાઠમાંના માત્ર 'गृहिज्ञात' અને 'जनप्रकट' શબ્દોને જ પકડવા દ્વારા–"સંવત્સરી માટે ભાદ્રપદમાસની જરૂર નથી, માત્ર 'ગૃહિને જણાવવું' એટલું જ જરૂરી છે." એમ કહેવા માગે છે. તેથી તેનું તે કથન પણ યોગ્ય નથી, એમ શાસ્ત્રકાર એ વાતના ઉત્તરરૂપે આ પછીથી જણાવે છે.

સર્વ શેષકાલ પર્યુષણા કરનારને અપવાદમાર્ગ છે; એ અપવાદમાર્ગે પચાસ દિવસે પર્યુષણા કરે અને શ્રી કલ્પસૂત્ર વાંચે, એ પ્રમાણેનું શ્રીનિશીથસૂત્રનું વચન કલ્પપાઠનું આપવાદિક વચન હોવાથી અન્યત્ર (આષાઢીપૂનમ પછી બીજા દિવસોએ) પણ પર્યુષણા કરાય તે કેમ યુક્ત ન ગણાય?' એમ ન કહેવું. કારણ કે-'શ્રી નિશીથસૂત્રમાં તે અપવાદવચન સ્વાભિગૃહીત અભિગ્રહના અભિપ્રાયથી કહેલું છે અને તે અપવાદવચન, હવે શ્રી કાલિકસૂરિજી મહારાજના વચનથી નષ્ટ થયું છે.' શ્રી તીર્થોદ્ગાર આદિમાં કહ્યું છે કે-'**वीसहिं दिणेहिं कप्पो, पंचगहाणीइ कप्पठवणा य। नवसयतेणउएहिं, वुच्छिन्ना संघआणाए** = વીસ દિવસે કલ્પસૂત્ર વાંચવું, અને પાંચ પાંચ દિવસની હાનિના ક્રમે શ્રી કલ્પસૂત્રમાં કહેલી દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવની સ્થાપના, શ્રી સંઘની આજ્ઞાથી (વીરસંવત્) ૯૯૩ વર્ષે વ્યુચ્છિન્ન થએલ છે. ॥ ૧ ॥' (એટલે કે-શ્રી નિશીથસૂત્રનું તે અપવાદવચન સ્વાભિગૃહીત અભિપ્રાયથી કહ્યું છે.) નહિ કે પર્યુષણા પર્વના અભિપ્રાયથી પણ તે વચન કહ્યું છે. જો 'પર્યુષણા પર્વના અભિપ્રાયે તે કથન છે' એમ કહેતા હો, તો પર્યુષણા પર્વનું અનિયત (કવચિત્ શ્રાવણ શુદ પાંચમે અને કવચિત્ ભાદ્રપદ શુદ પાંચમે કરવા) પણું થાય અને તેમ થયે સતે અટ્ઠાઈ પર્વનું પણ અનિયતપણું થાય, અને એમ અટ્ઠાઈઓ પણ અનિયત થયે સતે પ્રસિદ્ધ એવી સાંવત્સરિકપર્વની અષ્ટાહ્નિકા, શ્રી જીવાભિગમસૂત્રના-'**तत्थ णं बहवे भवणवइ०**' વચન મુજબ દેવો વગેરે પણ ક્યારે અટ્ઠાઈઓ કરે? આ સંબંધમાં વિસ્તાર તો 'શ્રી વિચારામૃતસારસંગ્રહ' નામક ગ્રંથથી જાણવો. ॥૨૯॥

**અવ૦**—હવે 'પાંચ દિવસની હાનિના ક્રમે પર્યુષણા હતી, તે શ્રી કલ્પસૂત્રના અપવાદવાળા પાઠની સાથે કેવી રીતે વિરોધવાળી છે?' ઇત્યાદિ પહેલાં ટીકામાં જણાવેલ છે તે સૂત્રથી કહે છે:—

## मू०-जं पुण पज्जोसवणं, पंचगहाणिं करिंसु मुणिवसहा ॥
## तं पि य साभिग्गहियं, अण्णह अट्टाहियाऽणियमो ॥३०॥

**મૂલાર્થ:**—વળી મુનિવૃષભો જે પંચકહાનિ વડે પર્યુષણા કરતા હતા તે પણ સ્વાભિગૃહીતપર્યુષણા જાણવી. જો સાંવત્સરિક પર્યુષણા લેવામાં આવે તો તેની અષ્ટાહ્નિકાનો નિયમ રહે નહિ. ॥૩૦॥

**ટીકાર્થ:**—વળી મુનિવૃષભો (પૂર્વે) જે પાંચ દિવસની હાનિના ક્રમે પર્યુષણા પર્વ કરતા હતા તે પર્યુષણા પર્વ પણ સ્વાભિગૃહીતલક્ષણ પર્યુષણા જાણવું. પણ સંવત્સરી પર્યુષણાપર્વ ન જાણવું. જો (તેને) સંવત્સરી પર્વ તરીકે લેવામાં આવે તો (તે સંવત્સરીની) અટ્ઠાઈનો નિયમ રહે નહિ-અટ્ઠાઈનું મર્યાદારહિતપણું થઈ જવા પામે. ભાવાર્થ તો આ પહેલાંની ગાથામાં વિસ્તારથી જણાવેલ છે. આ ગાથામાં (**करिंसु** તરીકે) ભૂતકાળનો પ્રયોગ કરવા વડે 'આ કાલના સાધુઓને પંચકહાનિ વડે પર્યુષણા કલ્પ વ્યુચ્છિન્ન થએલ

હોવાથી યુક્ત નથી' ઇત્યાદિ પણ જણાવ્યું છે. ॥૩૦॥

**અવ૦**—હવે સિંહાવલોકનન્યાયે, '**चउमासितिपुण्णिमा गहिआ**' એ (૧૬ મી ગાથામાં જણાવેલું) વચન યાદ કરતા થકા 'શ્રી સૂયગડાંગસૂત્રગત વ્યાખ્યાને અનુસારે ચોમાસી ચૌદશે કરવી એ જિનાજ્ઞા કે નહિ?' એ શંકાને દૂર કરવા સારૂ કહે છે:—

**मू०–तं पि अ तित्थयराणं, आणा तह जीअपालणं च भवे ॥**
**पज्जोसवणचउत्थी, पक्खियदिवसे चउम्मासं ॥३१॥**

**ટીકાર્થ:**—ચતુર્થીને વિષે જે પર્યુષણાકૃત્ય અને પાક્ષિક દિવસે ચોમાસી, તે પણ તીર્થંકરોની આજ્ઞા તથા જીતવ્યવહારનું પણ પાલન બને. ॥૩૧॥

**અવ૦**—હવે આ સંબંધમાં બીજા ગ્રંથની સમ્મતિ જણાવનારી ગાથા કહે છે:—

**मू०–जं वायणंतरे पुण, इच्चाइअकप्पसुत्तमाईसु ॥**
**तव्वित्तीए वि फुडो, तस्सत्थो वण्णिओ निउणो**[૬૩] **॥३२॥**

**મૂલાર્થ:**—કારણકે- શ્રી કલ્પસૂત્ર વગેરે ગ્રંથોમાં '**वायणंतरे पुण**' ઇત્યાદિ કહેલ છે

૬૩. નવા વર્ગે સં. ૧૯૯૩માં પોતાના નવામતને અનુસરતા અર્થો ઉપજાવીને 'પર્વતિથિપ્રકાશ' નામની જે શાસ્ત્રવિરુદ્ધ બૂક પ્રસિદ્ધ કરેલ છે. તે બૂકમાં તે વર્ગે, (જેમ શાસ્ત્ર અને પ્રચલિત આચરણાને સર્વત્ર યેનકેનાપિ અપ્રમાણ જણાવતાં સંકોચ રાખેલ નથી તેમ) ૨૧૩મા પેજ ઉપર આ ગાથાને જ અનુક્રમે પ્રાપ્ત થતો નંબર ૩૨ આપેલ હોવા છતાં આ ૩૨ નંબરની મૂળ ગાથાને નાના ટાઈપમાં છપાવીને ૧૦૦ નંબરની સ્કુટનોટમાં દાખલ કરેલ છે અને ત્યાં આ ગાથાની સંલગ્નટીકા છાપીને તે ટીકાનો અનુવાદ જ નહિ કરવારૂપે આ ગાથાટીકાને અપ્રમાણ લેખવવાનો પ્રયત્ન કરેલ છે અને તેમને મળેલ લિખિતપ્રતમાંની આ બત્રીસમા નંબર વિનાની-'**जं णं कालगसूरी, जुगपवरो वण्णिओ अ चुण्णीसु । तस्साणा जिणआणा, भिण्णा णो दंसिया समये ॥**' એ ગાથાને તે બૂકના ૨૧૪મા પેજ ઉપર (તેનો નંબર છાપ્યા વિના જ) મોટા ટાઈપે છપાવીને તથા તે નિર્નંબરી ગાથાની ટીકાને પણ ત્યાં સંલગ્ન છાપીને તે નિર્નંબરી ગાથાટીકાનોજ અનુવાદ રજુ કરવા વડે આ નિર્નંબરી ગાથાટીકાને જ પ્રમાણિક લેખાવવાનો માત્ર મતાગ્રહ ખાતર જ કૂટ પ્રયત્ન કરેલ છે! તે વર્ગને તે પ્રયત્ન સુધારી લેવાનું અનેક વખત સૂચવ્યા છતાં તે કૂટતા સુધારેલ નહિ: છેવટે તેર વર્ષ બાદ તેજ વર્ગે તે 'પર્વતિથિપ્રકાશ'ના અનુવાદને સુધારી-વધારીને સં. ૨૦૦૬માં પુનઃ પ્રસિદ્ધ કરેલ-'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ' બૂકના ૨૮-૨૯મા પેજ ઉપર '**टीकालेश**' સંજ્ઞક કૃત્રિમ (૧૭ પંક્તિની ટીકામાંથી ૧૦ પંક્તિ તો છાપી જ નથી.) હાલતળે તે કૂટ પ્રયત્નને-'તે નિર્નંબરી ગાથાની ટીકાના પૂર્વમુદ્રિત અર્થને રદ કરવા પૂર્વક મુખ્યત્વે આ મુદ્રિત ૩૨ નંબરની ગાથાટીકાને જ ગ્રહણ કરીને તથા આ મુદ્રિતટીકાનો જ અનુવાદ રજુ કરી દેવા વડે' સુધારી લીધેલ છે તે આનંદનો વિષય છે. જો કે—તે સપરિશિષ્ટતત્ત્વતરંગિણીમાં પણ તે વર્ગે લીધેલ આં મુદ્રિતટીકામાં કોઈ કોઈ સ્થળે તેમની પાસેની લિખિત ટીકાના પલ્લવોને તો દાખલ કરવાની ચેષ્ટા તો કરેલ જ છે; પરંતુ તે કૌંસમાં સ્થાપવા વડે ગૌણ લેખાવીને અને મૂળ મુદ્રિત ટીકાના અનુવાદની જોડે તે લિખિતટીકાના પલ્લવોનો અનુવાદ તો બહુધા તજી જ દઈને તે ટીકાપલ્લવોને તો અત્ર તે વર્ગે જ નિરુપયોગી લેખાવેલ હોવાથી તે વર્ગનો તે પ્રયાસ તો સ્વયં બાલીશ હોવાથી ઉપેક્ષણીય છે.

તે પાઠની ટીકામાં પણ તેનો સ્પષ્ટ એવો સરસ અર્થ વર્ણવેલ છે. ॥૩૨॥

**ટીકાર્થઃ**—કારણકે–શ્રી કલ્પસૂત્ર વગેરે ગ્રંથોમાં **'वायणंतरे पुण'** ઇત્યાદિ કહેલ છે તે કથનનો અર્થ તેની (સંદેહવિષૌષધિ નામની) ટીકામાં ('સંવત્સરી ભા. શુ. ચોથે અને ચોમાસી ચૌદશે' એ પ્રકારે) કહેલ છે. તથા તે કહેલા અર્થને મળતું કથન, ગ્રન્થાન્તર (શ્રી કલ્પસૂત્ર, તીર્થોદ્ગારપ્રકીર્ણક આદિ)માં રહેલું જ છે. તે કલ્પસૂત્રગત પાઠ આ પ્રમાણે—**'वायणंतरे पुण०**=વળી વાચનાંતરે ૯૯૩માં સંવત્સરનો આ કાલ જાય છે એમ જણાય છે.' અને કલ્પસૂત્રના તે પાઠની (શ્રી કલ્પકિરણાવલિની પહેલાંની કોઈ) ટીકા, **'त्रिनवतियुतनवशतवर्षपक्षे त्वियता कालेन पंचम्याश्चतुर्थ्यां पर्युषणापर्व प्रवृत्ते=** (૯૮૦ વર્ષના પક્ષે નહિ; પરંતુ) ૯૯૩ વર્ષના પક્ષે તો–૯૯૩ વર્ષે પંચમીનું પર્યુષણાપર્વ ચોથે પ્રવર્ત્યું.' ઇત્યાદિ પ્રકારે છે. તે જ ટીકામાં જણાવ્યું છે કે– **'सालाहणेण रण्णा संघापसेण कारिओ भयवं। पज्जोसवणचउत्थी चाउम्मासं चउद्दसीए॥१॥ चउमासगपडिक्कमणं, पक्खियदिवसंमि चउव्विहो संघो। नवसयतेणउएहिं आयरणं तं पमाणं ति ॥२॥** શાતવાહનરાજાની વિનતિથી શ્રી કાલિકાચાર્યમહારાજે પંચમીની પર્યુષણા ચોથે કરી (અને ત્યારથી) શ્રી સંઘના આદેશથી ચોથે સંવત્સરી અને પક્ખીએ ચોમાસી પ્રવર્ત્તી. ॥૧॥ ચોમાસીનું પ્રતિક્રમણ શ્રી ચતુર્વિધસંઘે ૯૯૩ વર્ષની પક્ખીના દિવસે આચર્યું તે કારણથી આચરણા પ્રમાણ છે. ॥૨॥' ઇત્યાદિ શ્રી તીર્થોદ્ગાર પયન્નો વગેરે ગ્રંથો અને શ્રી નિશીથચૂર્ણિ વગેરે ગ્રંથોની સંમતિ વડે સમ્યક્ કથન દર્શાવ્યું.

વળી 'શ્રી કાલિકાચાર્ય મહારાજે પ્રવર્ત્તાવેલ હોવાથી ચતુર્થી આદિ પ્રમાણ ન ગણાય' એમ જો કોઈ કહે તો તે અયુક્ત છે. કારણ કે–તથાપ્રકારના આચાર્યમહારાજની આજ્ઞા શ્રીજિનાજ્ઞાથી જુદી નથી; પરંતુ શ્રી જિનાજ્ઞા જ છે. શ્રીનંદિસૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે– **'आणत्ति**=પંચવિધ આચારનું પાલન કરવામાં તત્પર એવા ગુરુનું હિતોપદેશમય વચન તે આજ્ઞા, આ આજ્ઞાનો અનાદર કરવાવાળાને–તે આજ્ઞાથી અન્યથા આચરણ કરનારને ગણિપિટક–શ્રીદ્વાદશાંગી વિરાધવાનું બને છે.

વળી ચોથને અપ્રમાણ કરવાથી તમારે દશવિધ ચક્રવાલ સામાચારી સમ્યગ્ આરાધિત નહિ બને. કારણ–શ્રી આવશ્યકગ્રંથમાં કહ્યું છે કે–'કલ્પ્ય અને અકલ્પ્યના જ્ઞાનમાં કુશળ, પાંચ (આચારના) સ્થાનમાં રહેલા અને સંયમ તથા તપમાં વર્ત્તનારા[૬૪] આચાર્યના વચનને નિઃસંશયપણે સ્વીકારવું.' તેવી જ રીતે શ્રી સૂયગડાંગસૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કે–'આચાર્યમહારાજની પરંપરાથી આવેલ (સૂત્રવ્યવહારી અભિપ્રાય)ને જે (સ્વમતી)

૬૪. આ સ્થળે મુદ્રિતટીકામાં 'संजमतववट्टगस्स' પાઠને બદલે संजमतवट्टगस्स' પાઠ છપાવા પામેલ છે, એ સમજના અભાવે નવા વર્ગે, તેમની ૧૯૯૩ની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના ૨૧૪–૨૧૫મા પેજ ઉપર તે અશુદ્ધ પાઠને મનસ્વીપણે જ 'संजमतवद्गस्स' રૂપ આપીને અર્થશૂન્ય બનાવી દીધેલ હોવાથી તે વર્ગે તે બૂકના પેજ ૨૧૬ની છઠ્ઠી પંક્તિમાં પ્રસ્તુત પાઠનો અનુવાદ જ ઉડાવી દેવામાં આરાધકભાવ

પોતાને તીક્ષ્ણબુદ્ધિ માનીને દૂષિત કરે છે તે સર્વજ્ઞમતલોપક, જમાલી નિહ્નવની જેમ નાશ પામે છે=અરહટ્ટઘટીન્યાયે સંસારચક્રમાં ભમે છે.'

વળી એમ ન કહેવું કે–'અમારી પણ (શ્રાવણે સંવત્સરી અને ચૌદશના ક્ષયે પૂનમે પકખી કરવી, તે) આચાર્ય પરંપરા છે. તેથી તેને કેમ ફેરવાય? કારણકે–આગમના અવિરોધ વડે જ આચાર્યની પરંપરાની ઉપાદેયતા છે. શ્રી વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે–'જે આચરણા દોષયુક્ત હોય તે આચરણાનો 'જીત' તરીકે વ્યવહાર થતો નથીઃ જે આચરણા દોષરહિત હોય તે જ આચરણાનો **જીત** તરીકે વ્યવહાર થાય છે. નહિં તો પાસત્થા વગેરેએ કલ્પેલી સમાચારી પણ પ્રમાણપણાને ભજવા તલસશે.

વળી જે સમાચારી પ્રમાણ ગણાય તે આગલ બતાવીશું. એમ ન કહેવું કે–'શ્રી તીર્થંકરોએ એ પ્રમાણે (ચોથે સંવત્સરી અને પકખીએ ચોમાસી) કરેલ નથી તેથી અમો પણ એ પ્રમાણે કરતા[૬૫] નથી.' કારણ કે–શ્રી તીર્થંકર ભગવંતોની આજ્ઞાનું જ પ્રમાણપણું છે. નહિ કે–તેઓશ્રીએ કરેલનું પણ પ્રમાણપણું છે. જો એમ ન માનો તો (તમારે) રજોહરણ–મુહપત્તી–પ્રતિક્રમણ–પ્રતિલેખન વગેરે ક્રિયાઓનો વિલોપ થવાની આપત્તિ છે. ગ્રન્થાદિમાં

માનવો પડેલ છે! એ પછી તેર વર્ષ બાદ સં. ૧૯૯૩ની તે અનુવાદ બૂકમાંના સેંકડો લખાણોને પોતાના હાથે જ રદ કરીને અને શેષ લખાણોને સુધારી વધારીને સં. ૨૦૦૬માં પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટ શ્રીતત્ત્વતરંગિણી ટીકાનુવાદ' બૂકના ૨૮મા પેજ ઉપર ઉપજાવી કાઢેલા તે '**संजमतवद्दगस्स**' પાઠને પુનઃ મનસ્વીપણે જ '**संजमतवड्ढगस्स**' તરીકે નવું રૂપ આપી દીધું છે, અને તે પાઠનો ૨૯મા પેજ ઉપર–'સંજમતપની ઋદ્ધિવાળા' એ પ્રમાણે અર્થ પણ ઉપજાવી કાઢ્યો છે, તે શોચનીય છે. અન્ય લિખિતપ્રતમાં '**संजमतववड्ढगस्स**' પાઠ તો જોયો પણ છે; પરંતુ '**संजमतवड्ढगस्स** પાઠ દીઠો નથી. વળી તે બનાવટી પાઠનો અર્થ પણ '**संयमतपाढयक = સંયમતપથી યુક્ત**' એ પ્રમાણે થાય; પણ '**संयमतपर्द्धिक = સંજમતપની ઋદ્ધિવાળા**' એવો અર્થ તો થાય જ નહિં, છતાં કર્યો છે તે આગમપ્રજ્ઞતા, વિચિત્ર હોવાનું પ્રતીક છે.

૬૫. નવા વર્ગે, એ રીતે ૧૩ વર્ષ બાદ સુધારી વધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ તે 'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'ના ૨૮મા પેજ ઉપર (સં. ૧૯૯૩માં અપ્રમાણિક લેખાવેલ) આ મુદ્રિત ટીકાનો પ્રમાણિક તરીકે સ્વીકાર કર્યો હોવા છતાં અહિં તે પ્રમાણીકૃતટીકામાંના પણ '**न च तीर्थकृद्भिरेवं न कृतमित्यस्माभिरप्येव न क्रियते**' એ પાઠના આ (૬૫ નંબરવાળા) પ્રમાણિત અર્થને તો તે ૨૦૦૬ની બૂકના ૨૯મા પેજ પર રજુ કરેલા અનુવાદમાંથી પણ ઉડાવી જ દીધો છે અને તેનાં સ્થાને (પોતે સં. ૧૯૯૩ની તે લિખિત ટીકામાંના પણ '**तीर्थकृद्भिः पंचम्यादिदिवसेष्वेव पर्युषणादि कृतमस्माभिरपि तथैव क्रियमाणे को दोषः?**' એ કૌંસમાં સ્થાપેલા પાઠનો–'તીર્થંકરોએ પંચમ્યાદિ દિવસે જ પર્યુષણા કરી છે તો અમને પણ તેમ કરતાં શું દોષ છે?' એ પ્રમાણે અર્થ ગોઠવી દીધો છે તે, તે વર્ગે સં. ૧૯૮૮થી '**आणाए धम्मो**'એ સામાન્ય કથનને વિશેષરૂપ આપીને પ્રભુજીની કરણી અને કથનીને સમાન નહિ માનવાની અને કથની=આજ્ઞાને માનવાની કરેલી સ્વચ્છંદી ભૂલને સિદ્ધાંત લેખાવવાની હાથ ધરેલ ચાલબાજીરૂપ છે. 'કરણી અને કથની નાટકીઆની ભિન્ન હોય, તીર્થંકરની ભિન્ન ન હોય. માટે 'પ્રભુજીની આજ્ઞાથી ધર્મ છે' એ સામાન્ય વાત તો સહુને શિરસાવંદ્ય છે જ; પરંતુ શાસ્ત્રોમાંની–'પ્રભુજીએ જે

પણ પ્રધાનતા આજ્ઞાની જ કહેલી છે; નહિ કે-તેમનાં કૃત્યનું પણઃ શ્રી કાલિકાચાર્યનું વચન પણ જિનાજ્ઞા જ છે. તેઓશ્રી, જ્ઞાનાદિ પાંચ આચારને આચરવાના સ્વભાવવાળા હતા અને તેથી કરીને શ્રી નિશીથચૂર્ણિકાર વગેરે શાસ્ત્રકારોએ તેઓશ્રીને યુગપ્રધાનત્વાદિ ગુણે કરીને વિશિષ્ઠ કહેલ છે; તેથી તેઓશ્રીનું વચન અંગીકાર નહિં કરવામાં જિનાજ્ઞાનો ભંગ છે, એમ આગ્રહ તજીને સમ્યક્પ્રકારે વિચારવું. ॥ ૩૨ ॥

**અવ૦**—હવે તિથિવિચારનો ઉપસંહાર કહે છે :—

## मू०—एवं तिहितवनियमो, कहिओ नियमेण वीअरागेण ॥
## सेसतिहीसु अ भयणा, जिणवयणविऊहिं नायव्वा ॥३३॥

**મૂલાર્થ**:—એ પ્રકારે તિથિઓના તપનો નિયમ શ્રી વીતરાગ પરમાત્માએ અવશ્ય કહેલ છે. બાકીની તિથિઓમાં કરે અથવા ન કરે, એમ શ્રી જિનેશ્વરભગવંતના વચનના જાણપુરુષોએ જાણવું. ॥૩૩॥

**ટીકાર્થ**:—એ પ્રકારે પાક્ષિક-ચોમાસી અને સંવત્સરીરૂપ તિથિઓનું આરાધ્યપણું[૬૬]

કર્યું તે પણ અનુકરણીયતાને ભજે જ છે.' એ વિશેષ વાતને પણ જો તે વર્ગ વફાદાર રહેલ હોત તો તે વર્ગને આ સંબંધમાં પણ આવી ચાલબાજી કરવી ન પડત. તે વર્ગને સં. ૧૯૮૯ના **શ્રીસિદ્ધચક્ર-પાક્ષિક**ના પહેલા અંકના પેજ ૧૮ થી ૨૧ સુધીના લખાણમાં આ સમજ પૂ. આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રીએ, અનેક શાસ્ત્રોના પાઠો આપવા પૂર્વક પણ ખ્યાલ આપેલ છે. છતાં તે વર્ગને બોલ્યું તે ફેરવવું તો નહિ જ; પરંતુ આ રીતે પણ પ્રસંગ મેળવીને પોતાની આવી પ્રકટ શાસ્ત્રવિરુદ્ધ વાતને પણ આ રીતે સિદ્ધાંતનું જ સ્વરૂપ આપવા મથવું એ જ ઈષ્ટ છે, ત્યાં નિરુપાય. બાકી ખરી વાત એ છે કે- '**आणाए धम्मो**' વાક્યને જ પકડી રાખીને પ્રભુની કરણીને અધર્મ માનવામાં-પ્રભુની દીક્ષા, વીશસ્થાનક-તપ, છમાસીતપ, વર્ષીતપ, વિહારઆદિ, પાત્રમાં વહોરવું, અચિત્તતલાવ-તલ આદિનો ત્યાગ વગેરે પ્રભુની કરણીને અધર્મ અને અકરણીય લેખાવવાના દોષના ભાજન બનવું પડે છે. શાસ્ત્રોમાં આચાર્યને પ્રભુનું અનુકરણ કરનારા જણાવ્યા જ છેઃ આ બાબત બૃહત્કલ્પસૂત્ર ભાગ બીજો, પૃ. ૩૧૩ ગાથા ૯૯૫-૯૬ની ટીકામાં પણ વિશદ સ્પષ્ટીકરણ હોવા છતાં શાસ્ત્રવચન કરતાં પણ જેઓને પોતાનાં જ વચનની કિંમત વધુ હોય ત્યાં નિરુપાય.

૬૬. અહિં શાસ્ત્રકારે 'તપનું નહિ; પરંતુ પર્વતિથિનું જ આરાધ્યપણું છે' એમ સ્પષ્ટ કર્યું હોવા છતાં નવા વર્ગે, **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પૃ. ૨૨૦ ઉપર આ સંસ્કૃત ટીકાપંક્તિનો **'તિથિઓના ઉપવાસાદિ આરાધ્યતપની'** એ પ્રમાણે અસત્ય અર્થ ઉભો કરીને તિથિઓને બદલે તપને મનસ્વીપણે જ આરાધ્ય લેખાવેલ છે તે તેમણે સં. ૧૯૯૩થી શરૂ કરેલા 'પર્વતિથિના ક્ષયે (તે તિથિને **क्षये पूर्वा०** નો સંસ્કાર આપીને પૂર્વની અપર્વતિથિનાં સ્થાને ઉદયાત બનાવ્યા વિના) તે ક્ષીણતિથિનો માત્ર તપ જ પૂર્વની અપર્વતિથિમાં કરવો.' એ પ્રકારના કપોલકલ્પિતમતને આભારી છે. 'તે મતને શાસ્ત્ર કે પરંપરાનો એક પણ આધાર નહિ હોવાથી તે વર્ગને આ પ્રૌઢગ્રંથના અનુવાદમાં પણ આ રીતે સ્થલે સ્થલે અર્થોના અનર્થો નીપજાવવા પડેલ છે.' એ વાત સમાજમાં જ્યારે ખૂબ જ પ્રસિદ્ધિમાં આવી જવા પામી એટલે કે-'તે વર્ગ, તિથિના આરાધ્યપણાને બદલે મનસ્વીપણે તપનું આરાધ્યપણું લેખાવે છે તેથી જ તે વર્ગને

હોવાથી તેનો ઉપવાસ આદિ લક્ષણવાળો તપ અને ઉપલક્ષણથી તે તે તિથિઓને વિષે કરવાના બીજા પણ નિયત અનુષ્ઠાનનો નિયમ–મર્યાદા શ્રી જિનેશ્વરદેવે તે તે તિથિઓમાં અવશ્ય કરવારૂપે જણાવેલ છે, નહિ કે–વિકલ્પે જણાવેલ છે; અને બાકીની તિથિઓમાં ભજના છે. એટલે કે–શેષ તિથિઓમાં પણ કરે તો સારૂં છે; પરંતુ 'કરે જ' એવો નિયમ નથી. શેષ તિથિઓમાં તે તપ આદિ ન કરે તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત જણાવેલ નહિ હોવાથી શ્રીજિનવચનના જાણકારોએ એ પ્રમાણે ભજના જાણવી. આથી 'પર્વતિથિ સિવાયની તિથિઓમાં પૌષધનું અનુષ્ઠાન કરવું નહિ.' એ પ્રમાણેનો નિષેધ કરનારનું ગ્રથિલપણું દૂર કર્યું જાણવું. ॥૩૩॥

**અવ૦**—હવે તે ભજનાને જ સ્પષ્ટ કરે છે:—

## मू०–अन्नह करणपमाए, पच्छित्तपरूवणा कया होइ ॥
## पडिसिद्धकरणओ पुण, तं चेव हविज्ज महसद्दं ॥३४॥

**મૂલાર્થ:**—અપર્વતિથિઓમાં પૌષધાદિની ભજના સ્વીકારવાને બદલે જો નિયમ સ્વીકારવાનો હોત તો શાસ્ત્રમાં કૃત્યના નહિ કરવામાં પ્રાયશ્ચિતની પ્રરૂપણા કરી હોત: અને પ્રતિષિદ્ધના કરવાથી તો તે જ પ્રાયશ્ચિત્તને શાસ્ત્રમાં 'મહા' શબ્દ યોજીને મહાપ્રાયશ્ચિત્ત તરીકે જણાવેલું હોત. ॥૩૪॥

**ટીકાર્થ:**—જો ભજના ન હોત તો અર્થાત્ અપર્વે પૌષધ કરવાનો નિયમ હોત તો અપર્વે પૌષધ કરવામાં પ્રમાદ થયે સતે (અપર્વનો) તે પૌષધ નહિ કરવામાં જેમ 'પક્ખીનો ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત' તેમ (અવશ્યકર્ત્તવ્ય નહિ કરવાની અપેક્ષાએ) પ્રાયાશ્ચિત્તની પ્રરૂપણા કરી હોત. વળી (પર્વ સિવાયની તિથિએ પૌષધ કરવાનો શાસ્ત્રમાં નિષેધ હોત તો તે) પ્રતિષિદ્ધ વસ્તુના કરવાથી (પર્વનિયત અનુષ્ઠાન ન કરવાથી શાસ્ત્રકારોએ) પહેલાં જે પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે તે જ પ્રાયશ્ચિત્ત, શાસ્ત્રમાં 'મહા' શબ્દના વિશેષણપૂર્વક–મહા-પ્રાયશ્ચિત્ત બને, અથવા તો (અપર્વે પૌષધ કરવાથી મહાપ્રાયશ્ચિત્ત લાગે, એમ) અનેક-ગ્રંથોને વિષે જેમ બને તેમ બાઢસ્વરે પોકારીને કહ્યું હોત. (પરંતુ તેમ તો કોઇપણ ગ્રંથમાં કહ્યું નથી.)

જો એમ કહો કે–'નિષિદ્ધક્રિયામાં ઉદ્યમવાળાને અવશ્યકર્ત્તવ્ય નહિ કરવામાં કહેલ પ્રાયશ્ચિત્તની અપેક્ષાએ મહાપ્રાયશ્ચિત્ત કેવી રીતે?' તો સાંભળો. કારણ કે–ઘણાભાગે અવ-શ્યકર્ત્તવ્યને નહિ કરનારો તો પોતાના પ્રમાદથી બને છે, જ્યારે નિષિદ્ધ કરેલી એવી

શાસ્ત્રપાઠોના આ રીતે અસત્ય અર્થો ઉભા કરવા પડે છે.' એમ સમાજની સમજમાં આવી જવા પામ્યું; એટલે તે વર્ગે, તેર વર્ષ બાદ તે '**પર્વતિથિપ્રકાશ**' બૂકમાંના આ અસત્ય અર્થને સં. ૨૦૦૬માં સુધારી વધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ '**સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ**' બૂકના પેજ ૨૯ ઉપર '**તિથિઓનો તપ નિયમ અવશ્ય કરવાનો૦**' એ પ્રમાણે સુધારી લીધેલ છે એટલે કે–તિથિઓને બદલે કેવળ તેના તપને આરાધ્ય લેખાવવાનું બંધ કરેલ છે તે આનંદનો વિષય છે.

અધિક ક્રિયાને કરનારો તો જાણીબુઝીને પ્રાયઃ કરીને શેષ સમુદાયની હીલના કરતો હોવાના અને શ્રી તીર્થંકરનાં વચનનો વિલોપ કરતો હોવાના અભિપ્રાયે મહા આશાતનાકારી હોવાથી મહાપાતકી કહેવાય: (અથાત્-શાસ્ત્રમાં તેવું કહ્યું હોત તો તો બીજ આદિની જેમ અપર્વે પણ પૌષધ કરવારૂપ અધિક ક્રિયા કરનારા અમો મહાપાતકી બનીએ; પરંતુ કોઈપણ શાસ્ત્રમાં અપર્વે પૌષધનો નિષેધ છે જ નહિ.) વળી અધિક ક્રિયાને વિષે પ્રવૃત્તિ તો શ્રી જિનેશ્વરે કહેલ વચનને વિષે અશ્રદ્ધાવાળાને જ હોય, શ્રદ્ધાવાળાને ન હોય. "કોઇ થાકેલા માણસને કોઈ દયાળુ માણસે 'આ માર્ગે જા, તો નગર નજીક છે' એ પ્રમાણે સાંભળીને તે વચન ઉપર શ્રદ્ધા ધરાવતો હોવા છતાં પણ કોઇપણ ભૂખ તરત અને પરિશ્રમાદિથી પીડા પામેલ શરીરી (તે દયાળુ જને બતાવેલ છે તે સિવાયના) બીજા માર્ગે કેટલોક માર્ગ પરિભ્રમણ કરીને નગરમાં પ્રવેશ કરવાને ઇચ્છતો[૬૭] જ નથી." એ લોકપ્રસિદ્ધ દૃષ્ટાન્ત પોતે જ વિચારો: બહુ પ્રશ્નપ્રયાસથી શું?

વળી જે "શ્રી હરિભદ્રસૂરિજી પ્રણીત આવશ્યક બૃહદ્વૃત્તિમાં જણાવેલ 'પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ તો પ્રતિનિયતદિવસે કરવાના છે, પ્રતિદિવસ આચરવાના **નથી.**' એ વચનાનુસારે નિષેધનું વિદ્યમાનપણું હોવાથી શેષ તિથિને વિષે ભજના કેવી રીતે?" (એમ કહો) તો તે અભિપ્રાય સમજ્યા વિનાનું હોવાથી અયુક્ત છે. કારણકે-સાંપ્રદાયિક અભિપ્રાય વડે 'પ્રતિનિયતદિવસ' શબ્દથી ચતુષ્પર્વી આદિ આરાધ્યતિથિ ગ્રહણ કરેલ છે. તેમજ આ વચન, અપર્વે પૌષધનું નિષેધસૂચક છે જ નહિ; પરંતુ તે વચનમાંનું **'प्रतिनियतदिवसानुष्ठेयौ'** એ પહેલું વાકય, પર્વે પૌષધ કરવાનો નિયમ=વિધિ સૂચક છે અને **'न प्रतिदिवसाचरणीयौ'** એ બીજું વાકય, તે નિયમ=વિધિનો નિષેધ સૂચક છે. અર્થાત્ 'પ્રતિદિવસ આચરવાના છે એમ નિયમ નહિ' એમ સૂચવે છે. આ નિયમ અને નિષેધ, તે બંને વાકયોને અંતે અધ્યાહાર્ય **'एव'**કાર છે તેથી પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે- 'પ્રતિનિયતદિવસ કરવાના જ છે, નહિ કે-પ્રતિદિવસ આચરવાના જ છે' એમ સમજવાનું છે. 'સર્વ વાકયને વિદ્વાનો નિશ્ચયાત્મક-એવકારાત્મક જ માને છે-કહે છે' એવો ન્યાય હોવાથી, સ્યાદ્વાદમંજરીમાં **'स्वतोऽनुवृत्तिव्यतिवृत्ति०'** એ કાવ્યની વ્યાખ્યા કરતાં કહેલ હોવાથી, (તેમજ) તે જ ગ્રંથમાં બીજા ગ્રંથની સંમતિથી પણ સપ્તભંગીવિચારમાં "તે 'એવ'કારનો પ્રયોગ કરેલ નહિ હોવા છતાં પણ તેના જાણકાર વિદ્વાનો વડે અર્થથી સર્વત્ર જણાય છે, અને **'यथैवकारो व्यवच्छेदप्रयोजनः'** એમ પણ કહેલ હોવાથી એમ ન

---

૬૭. આ દૃષ્ટાંત પછીથી નવા વર્ગે 'પર્વતિથિપ્રકાશ' પૃ. ૨૨૧ ઉપર શાસ્ત્રના નામે-'શાસ્ત્ર જ્યારે ક્ષીણપર્વતિથિને પૂર્વ પ્રબલ પર્વતિથિમાં સમાવી દેવાનું કહે છે ××× એ ચોકખું સમજી શકાય તેવું છે.' એ સાત પંક્તિપ્રમાણ કરેલું લખાણ, શાસ્ત્ર-પરંપરા અને તદનુસારી વર્ત્તમાન આચરણાથી ઇરાદાપૂર્વકનું વિરુદ્ધ એવું સદંતર કપોલકલ્પિત ઠરવાથી તેર વર્ષ બાદ તે વર્ગે સુધારીને પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટ શ્રીતત્ત્વતરંગિણીટીકાનુવાદ'ના પેજ ૩૦ ઉપર તે લખાણને તદ્દન રદ કરેલ છે તે આનંદનો વિષય છે.

કહેવું કે–આ અધ્યાહાર્ય લેવાતો '**एव**'કાર કલ્પિત[૬૮] છે.

વળી 'અપર્વતિથિઓને વિષે પૌષધનો નિષેધ કરનારા તમારા અભિપ્રાયથી 'એવ'કાર અધ્યાહાર નહિ લેવામાં **प्रतिनियतदिवस'** શબ્દનો અર્થ શું ? એ વિચારીએ. 'પ્રતિનિયત દિવસ' શબ્દથી કેવલ 'ચતુષ્પર્વી' જ ગ્રહણ ન થઇ શકે. કારણ કે–કલ્યાણકતિથિઓ રહી જાય છે, 'કલ્યાણકતિથિઓ અને ચતુષ્પર્વી' એ બંનેનું પણ ગ્રહણ ન થઈ શકે. કારણકે–તેમ કરવામાં પર્યુષણાની તિથિ રહી જાય છે. એમ કહીશ કે–'પર્યુષણાદિવસ' શબ્દને પણ તે પ્રતિનિયતદિવસ શબ્દથી ગ્રહણ કરવો.' તો તેમ કરવામાં પણ તારો અભિપ્રાય સિદ્ધ થતો નહિ હોવાથી તારા આશયરૂપી તૃણના વિનાશને માટે બેધારી તલવાર જેવા બે વિકલ્પો ઉત્પન્ન થાય છે. અને તે આ પ્રમાણે :–'પર્યુષણામાં અઠ્ઠમનો તપ પૌષધ લઇને કરે કે–પૌષધ લીધા વિના જ કરે ?' તેમાંનો પહેલો વિકલ્પ તમારા 'અપર્વે પૌષધ નહિ કરવાના' આશયની વિરૂદ્ધ હોવાથી વિકલ્પમાં પ્રશ્ન છે કે—તમારો તે વિકલ્પ '**સૂત્રોક્ત છે** કે–**સ્વકપોલકલ્પિત** છે ?' જો સૂત્રોક્ત કહો તો તે તમારો પક્ષ નિર્દોષ નથી=દોષ યુક્ત છે. કારણકે–'અપૌષધિક જ અઠ્ઠમ કરે, અથવા બે દિવસ અપૌષધિક રહે અને ત્રીજા (સંવત્સરીના) દિવસે પૌષધ કરે' ઇત્યાદિ વચનનું સૂત્ર–વૃત્તિ કે ચૂર્ણિ વગેરેમાં કયાંઇ પણ દર્શન થતું નથી; બીજો સ્વમતિ કલ્પિત વિકલ્પ પણ 'યુક્તિને સહન કરે તેવો છે કે–સહન ન કરે તેવો છે ?' તેમાં **પૂર્વપક્ષ છે તે** આગમબાધિતપણા વડે યુક્તિને સહન કરવાના અભાવવાળો હોવાથી યુક્ત નથી અને શ્રી વિપાકસૂત્ર વગેરેમાં શ્રી સુબાહુકુમાર વગેરેએ ત્રણ પૌષધ કરેલ હોવાનું પ્રસિદ્ધ હોવાથી તે પૂર્વપક્ષનું આગમબાધિતપણું છે. તેમ જ તમે પણ પર્વતિથિ સિવાયની તિથિઓમાં પૌષધ સ્વીકારેલ છેઃ એમ ન કહેવું કે–'આ (તમે પણ પર્વતિથિ સિવાયની તિથિઓમાં પૌષધ સ્વીકારેલ છે એવો) બીજો હેતુ આપેલ છે તેનો સ્વીકાર કરેલ નથી.' કારણ કે–ક્ષીણ અષ્ટમીના પૌષધને અપર્વરૂપી સપ્તમીને વિષે કરાતો[૬૯] હોવાથી તે સ્વીકારનો અપલાપ કરવાની શક્તિ નથી. 'યુક્તિને

૬૮. આ સંબંધમાં વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓઃ–સં. ૨૦૧૬માં પ્રસિદ્ધ થએલ 'आगमोद्धारककृतिसंदोह' પૃ. ૧૫૬ થી ૧૭૬. 'पौषधपरामर्श' (૨૮) તથા 'पौषधविमर्श' (૨૯) નામની પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીની કૃતિઓ.

૬૯. શાસ્ત્રકારની આ પંક્તિમાંથી નવા વર્ગે પ્રથમ અર્ધી જ પંક્તિનો અર્થ કર્યો અને તે અર્ધા અર્થનો પણ અસ્તવ્યસ્ત જ અર્થ કરીને તે કરેલા અર્થના આધારે સં. ૧૯૯૩ની પોતાની 'પર્વતિથિપ્રકાશ' બૂકના પેજ ૨૨ ઉપર–"હાલમાં જેઓ આ શાસ્ત્રકારના ××××× અને સત્ય વસ્તુનો વિરોધ કરવાનું પાપ પણ વહોરવું ન પડે." એ મુજબનું જે ૧૩ પંક્તિ પ્રમાણ લખાણ કરેલું છે તે લખાણ સમાજમાં બેવજુદ ઠરવાથી (તે બૂકમાંના સંખ્યાબંધ લખાણોને રદ કરીને તેમજ વિરૂપ આપીને) તે વર્ગે સં. ૨૦૦૬માં પુનઃ પ્રસિદ્ધ કરેલ–'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ' બૂકના પેજ ૪૯–૫૦ ઉપર તે લખાણને પણ રદ કર્યું છે તે તો સારૂં જ કર્યું છે; પરંતુ તે રદ્દી લખાણનાં સ્થાને તે વર્ગે અહિં વળી–"આ. સાગરાનંદસૂરિજી અન્ય પાંચમો, પૂનમ, અમાસો આદિ તિથિઓ માટે વધારે ચિંતા

**સહન કરે તેવો નથી' એ બીજો પક્ષ છે. તેમાં તો–" ઉઠ–ઉઠ આ પ્રામાણિક પર્ષદામાં પ્રવેશ નહિ. કારણકે–અગ્રાહ્ય–વચન છે. તારા જેવી સભામાં કે તું જે બોલે તે 'જી–જી'**

કરે છે, પણ તેમનું એ કૃત્ય ગાથા ૩૪ અને તેની ટીકા સાથે મેળવતાં શ્રી તીર્થંકરમહારાજના વચનનો લોપ કરવાના અભિપ્રાયથી મહા આશાતના કારક છે. અત્રે એ ધ્યાનમાં રાખવું કે–શાસ્ત્રે આઠમ, ચૌદશ, ચોમાસી સંવત્સરી અને ઉપલક્ષણથી જ્ઞાનપંચમીમાં **તે તિથિઓનું કૃત્ય નહિ કરનારને** પ્રાયશ્ચિત ફરમાવ્યું છે તેવું અન્ય તિથિઓ માટે ફરમાવ્યું નથી." એ પ્રમાણે શાસ્ત્રકારના નામે સદંતર કલ્પિત લખાણ ચઢાવી દીધું છે, તે તો શાસ્ત્રની શ્રદ્ધાનો જ અભાવ સૂચક છે. કારણ કે–તે લખાણ 'કા. શુ. પાંચમ સિવાયની સર્વ આરાધ્ય પંચમીને જ્ઞાનપંચમી ગણવાનો નિષેધ કરનારૂં છે, પૂર્ણિમા અને અમાવાસ્યા જેવી ચતુષ્પર્વીમાંની મહાપર્વીઓને અપર્વી લેખાવનારૂં છે, સેંકડો વર્ષથી ચૌદશે જ કરાતી ચોમાસીને ચૌદશથી જુદી લેખાવનારૂં છે, શાસ્ત્રોમાં ફરમાવેલ ૧૩ × ૧૪ કે ૧૪ × ૧૫ના છટ્ઠનો લોપ કરનારૂં છે તેમજ મુખ્યવૃત્તિએ ભા. શુ. ૨–૩ અને ચોથે કરવાના અઠ્ઠમનો અપલાપ કરનારૂં ઉન્માર્ગી છે.'

વિદ્વદ્વર્યોને સુવિદિત છે કે–"શ્રી યોગશાસ્ત્ર પૃ. ૧૭૮ ઉપરના–'**चतुष्पर्वी=अष्टमी–चतुर्दशी–पूर्णिमा–अमावास्यालक्षणा,** चतुर्णां पर्वाणां समाहारश्चतुष्पर्वी' એ પાઠ તથા શ્રીસેનપ્રશ્ન ત્રીજો ઉલ્લાસ પૃ, ૪૩–'**श्रावकाश्चतुष्पर्व्यां चतुर्थादिकं कुर्वन्ति, सा का चतुष्पर्वी ?**' એ આઠમા પ્રશ્નના ઉત્તરમાં જણાવાએલ પાઠ વગેરે અનેક પાઠોથી સિદ્ધ છે કે–'પૂર્ણિમા અને અમાવાસ્યા, ચતુષ્પર્વીગત મહાપર્વતિથિઓ છે, અને તે પાઠોના નિષ્કર્ષ તરીકે શ્રી સેનસૂરિજીમહારાજે પૃ. ૪૪ની પહેલી પુઠીમાં ફરમાવેલી–**इत्यादिग्रंथानुसारेणा-विच्छिन्नपरंपरया च सर्वा अपि अमावास्यापूर्णिमादितिथयः पर्वत्वेनाराध्या एव**' એ આજ્ઞાદિ મુજબ વર્ષની બારેય પૂર્ણિમા અને બારેય અમાસ પર્વ તરીકે જ આરાધ્ય છે, તથા તત્રસ્થ–'**बीआ दुविहे धम्मे, पंचमी नाणेसु अट्ठमी कम्मे । एगारसी अंगाणं, चउद्दसी चउद पुव्वाणं ॥३॥**' एवं पंचपर्वी **पूर्णिमामावास्याभ्यां षट्पर्वी च प्रतिपक्षमुत्कृष्टतः स्यात्**' એ પાઠ મુજબ વર્ષની પંચમી પણ પર્વ તરીકે ચોવીશેય આરાધ્ય છે. અને આ પ્રૌઢ મહાગ્રંથના બીજા પાને બીજી ગાથાની ટીકામાં જણાવેલ–'**अट्ठमीचउद्दसीनाणपंचमीपज्जोसवणाचाउमासीए चउत्थट्ठमछट्ठं न करेइ पच्छित्तं**' એ શ્રી મહાનિશીથસૂત્રનો પાઠ તથા '**अट्ठमीए चउत्थं चउमासीए छट्ठं संवच्छरीए अट्ठमं न करोति पच्छित्तं**' એ શ્રી વ્યવહારપીઠિકાચૂર્ણિનો પાઠ વગેરે શાસ્ત્રપાઠો, નવાવર્ગની જેમ '**ચોમાસી અને સંવત્સરી એ બે તિથિનું કૃત્ય ન કરે તો પ્રાયશ્ચિત્ત**' એમ જણાવતા નથી; પરંતુ '**ચોમાસીએ ૧૩–૧૪ કે ૧૪–૧૫નો છઠ્ઠ અને સંવત્સરીએ** શ્રી હીરપ્રશ્નના પાઠ મુજબ મુખ્યવૃત્ત્યા '**ભા. શુ. ૨–૩ અને ચોથ એ ત્રણ દિવસનો અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત**' એમ જ સાફ જણાવે છે.

આથી એ વાત સિદ્ધ થાય છે કે–"શાસ્ત્રોમાં એ પ્રમાણે–'સર્વ પૂનમ–અમાસ અને પાંચમને પર્વ તરીકે ગ્રહણ કરવાનું અને ચોમાસીનું કૃત્ય ૧૩ × ૧૪ કે ૧૪ × ૧૫ એ બે દિવસ તેમજ સંવત્સરીનું કૃત્ય ભા. શુ. ૨–૩–૪ એ ત્રણ દિવસ ન કરે તો પ્રાયશ્ચિત્ત એમ સ્પષ્ટ જણાવેલું હોવા છતાં નવા વર્ગે, તે 'સપરિશિષ્ટ તત્વતરંગિણીટીકાનુવાદ' બૂકના પેજ ૪૯–૫૦ ઉપર–સર્વપાંચમ, પૂનમ અને અમાસોને શાસ્ત્રાનુસારે જ પર્વતિથિ તરીકે દર્શાવનારા પૂ. આગમોદ્ધારક આ. મ.શ્રી ના સુપ્રયાસને શ્રી તીર્થંકરમહારાજના વચનનો લોપ કરવાના પ્રયાસ તરીકે ઓળખાવેલ છે તે, નિજના નિરાધાર મતાગ્રહજન્ય ભ્રામકતા જ છે. તે સ્થળે આગળ વધીને તે વર્ગે, શાસ્ત્રકારના પણ નામે જે–આઠમ, ચૌદશ, ચોમાસી, સંવત્સરી અને જ્ઞાનપંચમી (એ પાંચ તિથિઓ)માં તે તિથિઓનું કૃત્ય ન કરે તો શાસ્ત્રકારે પ્રાયશ્ચિત્ત ફરમાવ્યું છે તેવું અન્ય તિથિઓ

કરતી હોય તેવી તારે યોગ્ય સભામાં મરજીમાં આવે તેમ બોલ, બીજે બોલીશ નહિ.” એ મારા જેવા મિત્રના વચનમાં શ્રદ્ધા કર.

હવે જો ‘એમ મારો તિરસ્કાર કરો નહિ, હું મિત્ર ભાવે પૂછું છું કે–આ પદનો અર્થ શું?’ એમ પૂછતો હો તો “બેસ–બેસ અને બેસીને સાવધાનતા પૂર્વક કાન દઈને સાંભળ, કે–સંપ્રદાયવાળાઓ, ‘પ્રતિનિયતદિવસ’ શબ્દથી ‘ચતુષ્પર્વી વગેરે આરાધ્ય પર્વતિથિ

માટે ફરમાવ્યું નથી.’ એમ કહેવાનું સાહસ કરેલ છે, તે વર્ગના નવા તિથિમતમાં ભરેલું–‘આઠમ–ચૌદશ–પૂનમ અને અમાસરૂપ શાસ્ત્રીય ચતુષ્પર્વીમાંથી પૂનમ અને અમાસ એ બંને મહાપર્વીઓને ઉડાવી દેનારૂં, કા. શુ. ૫ સિવાયની વર્ષની ૧૧ પાંચમને જ્ઞાનપાંચમ તરીકે નહિ લેખાવવાની દુવાઈ ફેરવનારૂં, ચૌદશથી ચોમાસીને જુદી લેખાવનારૂં, ચોમાસીના ૧૩ × ૧૪ કે ૧૪ × ૧૫ એ બે દિવસનું કૃત્ય તેમણે ચૌદશથી જુદી બતાવેલી કલ્પિત ચોમાસીના એક દિવસે ગણાવનારૂં અને સંવત્સરીના ૨–૩ અને ચોથ મળીને ત્રણ દિવસના કૃત્યને પણ સંવત્સરીના એક દિવસે જણાવનારૂં મહામિથ્યાત્વ છે અને તે સાથે શાસ્ત્રમાં ‘चतुर्थ्यां पौषधप्रतिमायां चतुरो मासान् अष्टमीचतुर्दशीपूर्णिमामावास्यासु नियमेन सर्वतोऽपि पौषधः कार्यः’ એ પાઠથી પૂનમ અને અમાસનો પણ પૌષધ નિશ્ચયે કરવાનું ફરમાવ્યું હોવાથી નવા વર્ગનું **‘આઠમ–ચૌદશ–ચોમાસી–સંવત્સરી અને જ્ઞાનપંચમી, આ પાંચ તિથિઓ માટે પ્રાયશ્ચિત્ત ફરમાવ્યું છે તેવું અન્યતિથિઓ માટે ફરમાવ્યું નથી’** એ કથન શાસ્ત્રની ખુલ્લી પ્રત્યનીકતા સ્વરૂપ પણ છે.”

**આ સ્પષ્ટીકરણથી સ્પષ્ટ છે** કે–નવો વર્ગ, લૌકિકટિપ્પણામાં પૂનમ કે અમાસની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે જે ઉદયાત્ ચૌદશે પૂનમ કે અમાસ બંને તિથિનું આરાધન થઈ જતું હોવાનું કહે છે તે જેમ પરંપરાથી વિરુદ્ધ છે તેમ શાસ્ત્રથી પણ વિરુદ્ધ છે. કારણ કે–પૂર્વોક્ત અંતિમ પાઠમાં શાસ્ત્રકારે ચૌદશ પછીની પૂનમ કે અમાસનો પૌષધ ચૌદશના વળતા દિવસે જ સ્વતંત્ર કરવાનું જણાવેલ છે. પૂ. હીરસૂરિજીમ૦નું ‘त्रयोदशीचतुर्दश्योः क्रियते’ વચન પણ પૂનમ કે અમાસની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે ૧૪–૧૫ કે ૧૪–૦))ની સંલગ્ન આરાધના માટે છે. એમ હોવાથી જ ટિપ્પણાની પૂનમ કે અમાસની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે આરાધનાના જૈન ભીંતીયાં પંચાંગોમાં સો વર્ષ પહેલાં થયેલી તે પંચાંગોની શરૂઆતથી તેરસની ક્ષય–વૃદ્ધિ કરીને ૧૪–૧૫ કે ૧૪–૦))રૂપ જોડીયું પર્વ જોડે જ બતાવવામાં આવે છે.

**આ સ્ફુટનોંધના નં. ૬૯ વાળી શાસ્ત્રકારની**–‘ક્ષીણાષ્ટમીનો પૌષધ, અપર્વરૂપી સપ્તમીને વિષે કરાતો હોવાથી તે સ્વીકારનો અપલાપ કરવાની શક્તિ નથી.’ એ વાતને ‘સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી-ટીકાનુવાદ’ બૂકના પેજ ૫૦ની ચોથી પંક્તિથી નવા વર્ગે જે–“આઠમના ક્ષયે સાતમ અપર્વમાં પૌષધ સ્વીકાર્યાની શાસ્ત્રકારે વાદીને જે આપત્તિ આપી છે તે પણ પૂરવાર કરે છે કે–‘તિથિના ક્ષય વગેરેમાં તેની આરાધના જ પૂર્વતિથિ વગેરેમાં લેવાની છે, પરંતુ તેનો ક્ષય વગેરે કરવાનો નથી.” એ પ્રમાણે વિપરીત રૂપે રજુ કરેલ છે તે ભ્રામક છે. શાસ્ત્રકારે ખરતરને આપેલી તે આપત્તિ તપાગચ્છની માન્યતા રૂપે નથી: પરંતુ ખરતરની માન્યતા રૂપે છે. અને એ રીતે આઠમના ક્ષયે ક્ષયે पूर्वा૦થી સાતમનો આઠમ રૂપે સંસ્કાર કર્યા વિના જ ક્ષીણાષ્ટમીનો પૌષધ કરવાનું કહેનાર ખરતરને શાસ્ત્રકારે તો આ ગ્રંથના પેજ ૪ ઉપર ચોથી ગાથાની ટીકામાં–‘अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत’૦ ઇત્યાદિ વચનો જણાવીને કરાતા અનુષ્ઠાનનો અપલાપ કહેલ છેઃ આથી–શાસ્ત્રકાર, ‘તિથિના ક્ષય વગેરેમાં પ્રથમ તો પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરીને તેનાં સ્થાને ક્ષીણપર્વતિથિને સ્થાપવાનું કહે છે, અને તે પછી જ તે ઉદયાત્ બનેલી પર્વતિથિને આરાધવાનું કહે છે.’ એ વાત દીવા જેવી સ્પષ્ટ હોવા છતાં નવા વર્ગે, શાસ્ત્રકારની આ વાતને શાસ્ત્રકારના નામે જ ‘તિથિના ક્ષયે તેની આરાધના જ પૂર્વની તિથિમાં લેવાની છે; પરંતુ

જ' એમ અર્થ કરે છે; પરંતુ 'એવ'કાર અધ્યાહાર લેવાય તેમાં તને અનિષ્ટ હોય અને અમને ઇષ્ટ હોય એવી કોઇ ક્ષતિ નથી. અમે તો 'પ્રતિનિયતદિવસ' શબ્દથી 'ચતુષ્પર્વી' વગેરે આરાધ્ય તિથિઓ જ ગ્રહણ કરવી' એમ નહિ; પરંતુ 'પૌષધાદિ કરવાની ઇચ્છાએ પોતાને જે દિવસ ઇષ્ટ હોય તે દિવસ ગ્રહણ કરવો' એમ કહીએ છીએ. અને તે પોતાને ઇષ્ટ દિવસ એ કે–'પૌષધ ન કરવામાં દોષ લાગે છે એ પ્રસંગથી ચતુષ્પર્વી આદિ (આરાધ્ય-પર્વાઓ)નો દિવસ, નિયતપણે પૌષધ કરવાનો અને તે સિવાયનો દિવસ, અનિયતપણે પૌષધ કરવાનો;' અને એમ કરતાં તે આચરેલું અનુષ્ઠાન, ચારિત્ર ઉચ્ચરવાની જેમ અથવા પ્રભુપ્રતિષ્ઠાની જેમ અંત વગરનું ( કાયમિક ) ન થાય એ અભિપ્રાયે કાલનો નિયમ કરવાને માટે તે બંને અનુષ્ઠાનો, 'પ્રતિદિવસ આચરવાના નથી' એમ (હરિભદ્રસૂરિજી મ૦) કહે છે. કહેવાનું તાત્પર્ય આ છે કે–'ચારિત્રની જેમ એકવાર ઉચ્ચરેલ પૌષધ, **प्रतिदिवस** = બીજા આદિ દિવસે ચાલુ રહેવાને યોગ્ય બનતો નથી. તેમજ એકવાર કરેલ અતિથિસંવિભાગ પણ શ્રી જિનપ્રતિમાની પ્રતિષ્ઠાની જેમ **प्रतिदिवस** = રોજે રોજ ચાલુ રહેતો નથી; પરંતુ તે કરવાને ઇચ્છનારાઓને યથાશક્તિ દરરોજ કરવાના જ છે = ગુરુ ઉચ્ચરાવે છે તે રૂપે ફરી ફરી આચરવાના છે. જો એમ ન હોય તો ઉપધાન વહન કરાવવાં વગેરે વિધિમાં ઉપધાનની શરૂઆતના–અઢારીયાના પહેલા જ દિવસે શ્રાવકોને (એકી સાથે) અઢાર આદિ પૌષધો કેમ લેવડાવતા નથી? એ પ્રમાણે આ રહસ્યને તારા ચિત્તમાં જ સ્થાપવું; પરંતુ અજ્ઞાનજનોની સભામાં જ્યાં ત્યાં બોલ–બોલ ન કરવું; કારણકે–'આ વિચારનું ગૂઢ અભિપ્રાય-પણું હોવાથી ( એવકાર વાચક આ વિચાર ) પ્રામાણિક જનોને ગમ્ય છે. **तथाविधपर्षदि तु**– અહિં 'એવ' કાર જોઈએ જ એમ સમજનારા પ્રામાણિક પુરુષોની પર્ષદામાં તો–પહેલાં કહેલ અહિં 'એવ'કારઘટિત વર્ણન બોલવું. જો કે–અબુધ કે વિદ્વાનોની પર્ષદામાં બોલો તેમાં પરમાર્થથી ભેદ નથી, તો પણ મારું આ મિત્ર તરીકેનું વચન ઉલ્લંઘન કરવા જેવું નથી." વળી એ અર્થનું એથી પણ અધિક વ્યવસ્થાપક વચન સાંભળ કે–જો 'પ્રતિનિયત' શબ્દથી ચતુષ્પર્વી જ ગ્રહણ કરાય તો અતિથિસંવિભાગ પણ અષ્ટમી આદિ પર્વતિથિને વિષે જ કર્ત્તવ્યરૂપે થશે; પરંતુ નવમી વગેરે અપર્વને વિષે કર્ત્તવ્યપણે નહિ થાય. જો ( **गंगायां घोषः**– ગંગા કિનારે રહેલી ઝુંપડી ગંગાની સમીપવર્ત્તી હોવાથી ગંગામાં કહેવાય, એ ન્યાયે ) એમ કહો કે 'સમીપે વર્ત્તતી નવમી આદિ ગ્રહણ કરાય છે.' તો અષ્ટમી આદિ પર્વતિથિને

તેનો ક્ષય કરવાનો નથી.' એમ તદ્દન નિર્ભયપણે જ ઉલટા અર્થમાં રજુ કરેલ છે તે તેમના શાસ્ત્રપ્રેમના અભાવનું અને પોતાના કલ્પિતમતના અતિ–આગ્રહનું માપક છે. ધ્યાન રાખવું કે–પૌષધ, સૂર્યોદય પહેલાં લેવાનો હોય છે. આથી આઠમના ક્ષયે તેનો પૌષધ જો સાતમે કરે તો પણ તે આઠમના પૌષધને સાતમનો નથી કહેતા અને આઠમનો જ કહે છે તે મૃષાવાદ છે. આઠમ સિવાય આઠમનો પૌષધ કહેવાય જ કેમ? આ મુંઝવણથી ખરતરો પણ ક્ષીણ અષ્ટમીનો પૌષધ સાતમે કરતા હોવાનું કહે છે તેમાં પણ તેઓ સાતમને આઠમ જ માને છે, એ વાત આ જ ગ્રંથના પેજ પાંચની આઠમી પંક્તિમાંના **'परावृत्त्याभिमन्यते'** એ પાઠથી સિદ્ધ છે.

વિષે તેનું અકર્ત્તવ્યપણું ઠરે, એ આપત્તિ છે. જો એમ કહો કે-'એ તો ઇષ્ટ આપત્તિ છે.' તો (અષ્ટમી આદિમાં અતિથિસંવિભાગ ન કરવો) તે અપસિદ્ધાંત હોવાથી તે આપત્તિ, તમારે ઇષ્ટ આપત્તિ નથી. કારણ કે-'અષ્ટમી આદિને વિષે પૌષધ કરનારો યથાશક્તિ અતિથિ સંવિભાગ આપીને રાગ-દ્વેષરહિતપણે જમે.' એ અર્થનું પૌષધવિધિપ્રકરણમાં પ્રાકૃતભાષાથી નિરૂપણ કરેલું હોવાથી પૌષધ ગ્રહણ કરનારાઓને (પૌષધમાં) ભોજન પણ તે નિરૂપણથી જ જાણવું, એ પ્રમાણેનો પૂર્વપક્ષપૂર્વકનો સિદ્ધાંતવિસ્તાર તો મેં કરેલ 'પ્રતિદિવસ અતિથિસંવિભાગપૌષધ વ્યવસ્થાપક' સ્થલેથી જાણવો. એટલે અતિ વિસ્તારથી સર્યું. ॥૩૪॥

**અવ૦**—હવે "એવકારને યોજવા પૂર્વક વ્યાખ્યા કરવા વડે પર્વ સિવાયની તિથિઓને વિષે પૌષધ કરવાના નિષેધનો અભાવ હો; પરંતુ 'પડવા આદિ અપર્વતિથિઓને વિષે પૌષધ કર્ત્તવ્યરૂપે છે' એમ (જે તમે કહ્યું છે તે કોઈ) વિધિવાદથી કહેલ નથી;" (અર્થાત્ સુબાહુકુમારાદિ કૃત ત્રણ દિવસના પૌષધના દૃષ્ટાંતથી કહેલું હોઇને પ્રવર્ત્તક-નિવર્ત્તક તરીકે નહિ લેખાતા ચરિતાનુવાદ રૂપ છે, પણ તે કથન વિધિવાદરૂપે નથી.) એવી આશંકાથી તપેલાં આંતરલોચનને અમૃતાંજન જેવી ગાથા કહે છે:—

**મૂ૦—नत्थित्थं पडिसेहो, कहिअं तत्तत्थभासमाईसु ॥**
**पडिवाइसुं अनियमा-भावेण करिज्ज आणत्ति ॥३५॥**

**મૂલાર્થ:**—ઉપર જણાવ્યા પ્રમાણે (અપર્વે પૌષધ કરવાનો) નિષેધ નથી; પરંતુ તત્ત્વાર્થભાષ્યાદિમાં કહેલું છે કે-'પડવા વગેરે અપર્વતિથિઓમાં અનિયમાભાવથી=વિકલ્પે પૌષધ કરવો.' એમ તીર્થંકરની આજ્ઞા છે. ॥૩૫॥

**ટીકાર્થ:**—પ્રથમ જણાવ્યું તે પ્રમાણે શેષ તિથિઓમાં (પૌષધ કરવાનો) નિષેધ નથી. હવે જો એમ કહેશો કે-"આ સંબંધમાં (વિધિ તો જણાવતા નથી, અને) 'નિષેધ નથી' એમ જ કેમ જણાવો છો?" તો કહે છે કે-"તત્ત્વાર્થ- (અ. ૭ સૂત્ર ૧૬) ભાષ્ય અને તેની ટીકા વગેરેમાં-'પ્રતિપદ વગેરે અપર્વતિથિઓમાં (પૌષધ) અનિયમે-વિકલ્પે કરવો' એમ કહેલું છે." એ મુજબના ઉલ્લેખથી તે-પૌષધ અને અતિથિસંવિભાગ એ બન્ને ગ્રંથોક્ત હોવાથી અથવા નિષેધ નહિ કરેલ હોવાથી શ્રી જિનાજ્ઞા છે એમ જાણવું.[૭૦] ॥૩૫॥

૭૦. શાસ્ત્રકારની પૌષધ સંબંધની આ વાત ઉપરથી નવા વર્ગે સં. ૧૯૯૩ની **'પર્વતિથિપ્રકાશ'**ના પેજ ૨૨૪ ઉપર જે-"આ ઉપરથી માલુમ પડશે કે-શેષ દિવસે પૌષધાદિ કરવાનો નિયમ નથી-એટલું જ નહિ પણ કરવો હોય તો કરવાનો વિધિ પણ છે." એ પ્રમાણે સાર જણાવેલ છે તે તો બરાબર છે; પરંતુ તે પછીથી તરત જ જે-"નિયમ ચતુષ્પર્વી માટે જ છે. અને તેથી પૂનમે પૌષધની અવશ્યકર્ત્તવ્યતા શાસ્ત્રકારે માની નથી, આથી પૂનમના ક્ષયને ચૌદશમાં સમાવી દેવાના સિદ્ધાંતને તલમાત્ર બાધ આવતો નથી." એ પ્રમાણે શાસ્ત્રકારના અને સિદ્ધાંતના નામે જે સાર જણાવેલ છે તે, તે વર્ગે નવામતના આગ્રહવશાત્ એ જ બૂકના પેજ ૫ ઉપર (આઠમ-ચૌદશ-પૂનમ અને અમાસની શાસ્ત્રોક્ત ચતુષ્પર્વીને

**અવ૦**—હવે ' કહ્યા પ્રમાણે (અપર્વે પૌષધનો નિષેધ કરવો તે) આગમવિરુદ્ધ છે એમ જાણીને પણ પોતે સ્વીકારેલ છે તે કદાગ્રહથી મૂક્ત થતા નથી' ઈત્યાદિ સ્વરૂપદર્શક નવ ગાથા જણાવે છે :—

**मू०—इत्थं जिणवयणेहिं, विरुद्धमवि जाणिऊण दुच्चरियं ॥**
**नो परिचयंति पावा, तेसि सरूवं इमं होइ ॥३६॥**
**जा तेसिं अम्हाणं, आयरियाणं गई वि परलोए ॥**
**सा अम्हाणवि हुज्जा, अहिआ धम्मा ममाउ जओ ॥३७॥**
**ते अप्पाणं रयणं, मुणंति कुप्पत्थरा वि हीणयरं ॥**
**उस्सुत्तभासगाओ, जं अत्तं हीणमवि बिंति ॥३८॥**
**अहवाऽवलंबिऊणं, सामायारिंति बिंति केइ जणा ॥**
**आगमविरुद्धमवि जइ दोसो नत्थि त्ति अम्हाणं ॥३९॥**
**गच्छायारो एसो, पण्णत्तो पुव्वसूरिणा जेण ॥**
**जाणंतेण जणाणं, सुहमसुहं होइ तस्सेव ॥४०॥**
**ते खलु जलंतगेहे, अप्पाहूतिं कुणंति अहवा वि ॥**
**अच्छी निमीलिऊणं, खिवंति कंठे विसहरं ति ॥४१॥**
**मन्निज्जइ सो निउणो, घोसिज्जइ जेण निउणमति इत्थं ॥**
**पाइस्सइ विसमम्हे, मरणं तस्सेव नो अम्हं ॥४२॥**
**अम्हे गणआलंबण-भूआ अम्हाण एस गच्छो वि ॥**
**मोहंधयारअन्धा, एवं मुणिऊण चिट्ठन्ति ॥४३॥**

---

પણ લોપી નાખીને) બે આઠમ અને બે ચૌદશની કૃત્રિમ ચતુષ્પર્વી સ્વમતિથી જ નીપજાવવા પૂર્વક તે કલ્પિત ચતુષ્પર્વીને શાસ્ત્રીય ગણાવનારૂં અને તે કૃત્રિમ ચતુષ્પર્વીના બ્હાને પોતે ઉભી કરેલી પૂનમના ક્ષયે પૂનમને ચૌદશમાં સમાવી દેવાની કલ્પિત વાતને સૈદ્ધાંતિક વાત તરીકે લેખાવવાની ચાલબાજી દાખવનારૂં મહામાયામૃષા છે. નવો મત કાઢવા જતાં તે વર્ગને સેવવો પડેલ આ મહામાયામૃષાવાદ પણ સમાજમાં ખુલ્લો પડી જવાથી તે વર્ગે તે ભૂકને સુધારીને સં. ૨૦૦૬માં પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટ શ્રી 'તત્ત્વતરંગિણીટીકાનુવાદ'ના ૩૦મા તથા ૫૦મા પેજ ઉપર તે મહામાયામૃષાવાદને પણ આમૂલચૂલ રદ કરેલ છે તે તો સારૂં કર્યું છે; પરંતુ તે સુધારા મુજબ તે વર્ગ પોતાનું વર્તન તો હજુ પણ સુધારતો જ નથી! તે આશ્ચર્યજનક છે.

**ते पल्लिं पालंता, चोराणं रायलच्छिहरगाणं ॥**
**अप्पाणं च कयत्थं, मुणंति मोहेण गयसन्ना ॥४४॥**

**ટીકાર્થ**:—ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી જિનેશ્વરભગવંતનાં વચનોથી વિરુદ્ધ છે એમ જાણીને પણ જે પાપાત્માઓ પોતાનું દુરાચરણ તજતા નથી તેઓનું સ્વરૂપ આ પ્રકારનું હોય છે એમ જાણવું.[૭૧] ॥૩૬॥ તેઓનો અભિપ્રાય એ છે કે-અમારા આચાર્યોની આ લોકમાં જ નહિ; પરંતુ પરલોકમાં પણ જે ગતિ થઈ તે અમારી=સાધુ અને ગૃહસ્થોની પણ થાવઃ કારણકે-અમારા જે જ્ઞાનાદિ હિતકારક ધર્મો છે તેનાથી ધર્મ વડે તેઓ અધિક પૂજ્ય છે. ॥૩૭॥ **હવે (શાસ્ત્રકાર) તેવા અભિપ્રાયનું નિંદ્યપણું જણાવવા સારૂ કહે છે કે**:-તે પ્રથમ જણાવેલ આશયવાળા પુરુષો, આત્મારૂપી રત્નને નિંદ્યવસ્તુથી ખરડાએલ પત્થર કરતાં પણ હીનતર માને છેઃ કારણ કે-પોતાના આત્માને ઉત્સૂત્રભાષકોથી પણ હીન કહે છે. ॥૩૮॥ **હવે તેવાઓનો આશય બીજા પ્રકારે જણાવે છે કે**-અથવા કેટલાક અવિવેકી જનો પોતાના ગચ્છની સામાચારીનું આલંબન લઈને એમ બોલે છે કે-જો આગમથી વિરુદ્ધ હોય કે અવિરુદ્ધ હોય તો પણ એમાં અમોને દોષ નથી.

૭૧. આ ગ્રંથની ૩૨ ગાથા સુધીમાં શાસ્ત્રકારે તિથિવિચાર સમાપ્ત કરેલ છે. તેત્રીસમી ગાથાદ્વારા તે તિથિવિચારનો ઉપસંહાર કરેલ છે અને તે પછીની ૩૪મી તથા ૩૫મી ગાથાદ્વારા પૌષધવિચાર દર્શાવેલ છે. અર્થાત્ તે બંને ગાથામાં તિથિવિચાર નથી; પરંતુ પૌષધવિચાર જ છે. તે બંને ગાથાગત પૌષધવિચારને જેઓ પ્રમાણિક માનતા હોવા છતાં તે વ્યાખ્યાથી વિપરીત વર્તન રાખે છે તેઓની જ ઓળખ, શાસ્ત્રકારે તે ૩૪-૩૫ પછીની આ ૩૬ થી ૪૪ ગાથાદ્વારા કરાવેલી છે = અર્થાત્ આ ગ્રંથની તે ૩૪ અને ૩૫મી ગાથામાં તિથિવિચારની તો ગંધ પણ ન હોઈને તે પછીની ૩૬ થી ૪૪ ગાથામાં શાસ્ત્રકારે આપેલ ઓળખ, અપર્વે પૌષધ નહિ માનનારાઓને આશ્રયીને છે; પરંતુ ૩૨ ગાથા સુધીમાં દર્શાવેલા તિથિવિચારને નહિ માનનારાઓને આશ્રયીને નથી.

આ વાત જાણવા છતાં નવા વર્ગે, આ ગાથા ૩૬ થી ૪૪ સુધીની ટીકાના કરેલા અનુવાદના સાર તરીકે તેમની સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકના પેજ ૨૨૪ થી ૨૩૦ સુધીમાં વિષયાંતર થઈને મનસ્વીપણે રજુ કરેલા તિથિવિચારના ઓઠે તે ૩૬ થી ૪૪ ગાથામાં દર્શાવેલી અપર્વે પૌષધ નહિ માનનારની અયોગ્યતાને શાસ્ત્ર અને પરંપરાનુસારી શાસનરસિક પુરુષોના શિરે ઓઢાડવાની જે કુટિલતા દાખવી છે તે, 'શાસ્ત્ર-પ્રામાણિક આચરણા-શાસનરસિકોની પ્રમાણપુરસ્સરની રજુઆતો અને નિજનું આત્મકલ્યાણ આદિ સર્વસ્વના ભોગે પણ પોતાના નિર્મૂળ અને નિરાધાર એવા નવા તિથિમતને યેનકેનાપિ સમૂલ અને સાધાર લેખાવવાના નાટક રૂપ છે.' એમ સમાજની જાણમાં આવવાથી તે વર્ગે, (તે બૂકને સુધારીને તેર વર્ષ બાદ પુનઃ પ્રસિદ્ધ કરેલ 'સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગિણી ટીકાનુવાદ'ના પેજ ૫૦ ઉપર) તે ૪૦ પંક્તિ પ્રમાણના વિષયાંતર અને મનસ્વી તિથિવિચારને-'(ग) કલ્પિત તિથિપરાવૃત્તિ કરનારાઓનો પક્ષ આજ્ઞાવિરુદ્ધ સામાચારીને વળગેલો હોવાથી ગાથા ૩૬ થી ૪૪માં શાસ્ત્રકારે વર્ણવેલું સ્વરૂપ તેઓએ ખૂબ જ વિચારણીય છે.' એ પ્રમાણે બે પંક્તિમાં સંક્ષેપી નાખવો પડેલ છે. આમ છતાં સાસ્વાદનસમકિતની જેમ તે વર્ગે તે કૂટનીતિના આસ્વાદનથી તો તે સુધારાને ય મૂક્ત રહેવા દીધો નથી, તે પ્રકટ મિથ્યાત્ત્વ છે.

એવો (અમારો) આશય છે. ॥૩૯॥ **હવે 'અમોને તેમાં દોષ નથી' એવો અમારો આશય શાથી છે? તો (તેઓ) જણાવે છે** કે–"જે પૂર્વસૂરિએ, 'સમ્યગ્ ગુરુવચન સ્પર્શે નહિ એવા' કાણા કાનવાળા માણસોની આગળ આ ગચ્છાચાર આગમવિરુદ્ધ છે એમ જાણવા છતાં પ્રકાશેલ છે તે આચાર્યનું જ શુભ કે અશુભ થાય; પરંતુ તે સિવાયના અમારી જેવા ભોળાજનનું ન થાય:" મતલબ એ કે–'(તે સામાચારીને અનુસરીએ તેમાં) અમો અજ્ઞાનીને કોઈ દોષ લાગતો નથી, દોષ તો જ્ઞાનીઓને જ લાગે છે.' (તેવાના તે અભિપ્રાય બદલ શાસ્ત્રકાર કહે છે કે–) 'એ પ્રકારના અભિપ્રાયનું આલંબન લઇને ધૃષ્ટતાનો આશ્રય કરે છે.' ॥૪૦॥ **હવે એ આશયવાળાને જે દોષ છે તે જણાવે છે** કે–તે આશયવાળા લોકો, 'આ અમારૂં ઘર છે' એવી બુદ્ધિથી અગ્નિથી સળગતા ઘરમાં પોતાના આત્માની આહૂતિ કરે છે, અથવા બન્ને આંખો મીંચીને પોતાના કંઠમાં વિષધરને નાંખે છે. ॥૪૧॥ **હવે 'અમને દોષ નથી' તેવા આશયવાળાની હાસ્યપાત્રતા જણાવે છે કે–** તેવા અભિપ્રાયવાળા તે પુરુષને લોકો દક્ષ માને તે હેતુથી લોકોને ડહાપણભર્યું બોલતો હોવા તરીકે બાઢ સ્વરથી આ પ્રકારે ઘોષણા કરે છે કે–'હે લોકો! અમોને જે ઝેર પાશે, તો તે (પાનાર)નું જ મરણ થશે, અમારું નહિ થાય.' (આ બદલ શાસ્ત્રકાર કહે છે કે–) 'એવું તો તે જ બોલી શકે; બીજો કોઈ સુજ્ઞ જન એવું બોલી શકે નહિ.' એ પ્રકારે આ ઉપહાસ્ય છે. ॥૪૨॥ **હવે તેવા જનોનો બીજી રીતે અભિપ્રાય જણાવે છે કે–** 'અમે ગચ્છના આલંબનભૂત છીએ અને આ ગચ્છ પણ અમારે આલંબનભૂત છે' એ પ્રમાણે જાણીને મોહ–અજ્ઞાનરૂપી અન્ધકારથી અન્ધ બનેલાઓ (અપસિદ્ધાંતને) વળગી રહે છે. ॥૪૩॥ **હવે એવા આશયવાળાઓને દોષ જણાવે છે** કે–તે પૂર્વે જણાવેલા આશયવાળા જનો, રાજલક્ષ્મીને હરનારા ચોર લોકોની પલ્લીનું રક્ષણ કરતા થકા પોતાના આત્માને કૃતાર્થ માને છે. આ સ્થિતિમાં વર્ત્તતા તેઓ કેવા છે? તો કહે છે કે–સંજ્ઞાહીન છે. શાથી? તો કે—અભિનિવેશમિથ્યાત્વને લીધેઃ રાજાથી ભવિષ્યમાં પ્રાપ્ત થનારા મૃત્યુ આદિ સંકટને દેખતા નથી માટે: અહિં રાજાના સ્થાને તીર્થંકર અને તેની પ્રવચન અર્થરૂપ લક્ષ્મીને હરનારા (ચોરના સ્થાને) ઉત્સૂત્રભાષકો, ઇત્યાદિ સ્વયં યોજવું. ॥૪૪॥

**અવ૦**—હવે ગચ્છના ભેદને લીધે કોઈ કોઈ સામાચારીઓ જુદી પણ જોવામાં આવે છે, તેમાં બધી અપ્રમાણ ન થાય એ આશયથી પ્રમાણિક–અપ્રમાણિકપણાનો (ક્ષીરનીરન્યાયે) વિવેક બતાવતું લક્ષણ તપાસવા સારૂ કહે છેઃ—

**મૂ૦–सामायारी वि पुणो, पमाणमिह होइ तन्निसामेह ॥**
**असढेण समाइण्णा, अण्णेसिं अणुमया होइ ॥४५॥**

**મૂલાર્થ:**—વળી સામાચારી પણ કઈ પ્રમાણ થાય છે? તે સાંભળો કે–જે અશઠ-પુરુષે આચરેલી હોય અને બીજાઓએ અનુમતિ આપેલી હોય. ॥૪૫॥

**ટીકાર્થ:**—શ્રી જિનશાસનમાં જે સામાચારી પ્રમાણ છે તે સામાચારીનું સ્વરૂપ કહે છે:— રાગદ્વેષ રહિત આચાર્યે આચરેલી હોયે સતે જે સામાચારી તે તે કાલના બહુશ્રુતપુરુષોને સત્ય તરીકે સમ્મત હોય તે જ સામાચારી પ્રમાણ છે. ॥૪૫॥

**અવ૦**—હવે જો કે-(સામાચારીનું) સ્વરૂપ જણાવે સતે તેનું લક્ષણ પણ લક્ષમાં આવી જાય છે છતાં પણ સ્પષ્ટતા સારૂ તેનું લક્ષણ જણાવે છે:—

**मू०—तल्लक्खणं तु आयरिय-पारंपरएण आगया संती ॥**
**सिद्धन्तदोसलेसं, दंसेइ न अत्तदोसेण ॥४६॥**

**મૂલાર્થ:**—વળી તે સામાચારીનું લક્ષણ એ છે કે-જે આચાર્યની પરંપરાએ આવી હોયે સતે પોતાના દોષ વડે સિદ્ધાંતનો લેશ પણ દોષ બતાવતી ન હોય. ॥૪૬॥

**ટીકાર્થ:**—વળી તે સામાચારીનું લક્ષણ શું? તો કહે છે કે-'જે સામાચારી આચાર્યની પરંપરાથી આવી હોય તો પણ પોતાના દોષને લીધે સિદ્ધાંતનો લેશ પણ દોષ દર્શાવનારી ન હોય.' તાત્પર્ય આ છે કે-જે(સામાચારીમાં) આચાર્યની પરંપરાગતપણું હોયે સતે પોતાના દોષને લીધે સિદ્ધાંતનો દોષ દર્શાવવાપણું ન હોય તે સામાચારીનું પ્રમાણપણું છે. મૂલમાં '**अत्तदोसेण**=પોતાના દોષને લીધે' એ પદ-સિદ્ધાંતનું શુદ્ધપણું જણાવવા માટે છે, '**पारंपरएण आगया संती**=પરંપરાથી આવેલી હોયે સતે' એ વિશેષણ, આધુનિક કાલના સ્વલ્પ સિદ્ધાન્તને અનુસારે સ્વમતિકલ્પિત સામાચારીની પ્રમાણિકતાના નિષેધને માટે સપ્તમી-વિભક્તિમાં જણાવ્યું[૭૨] છે. '**सिद्धान्तदोषादर्शकत्वम्**=સિદ્ધાંતનો દોષ બતાવવાપણું ન હોય' એ વિશેષણ, નિહ્નવની પરંપરાએ આવેલી નિહ્નવની સામાચારીના નિષેધ માટે સ્થાપેલ છે. કારણ કે-નિહ્નવની સામાચારી તો સિદ્ધાંતમાં દોષ બતાવે જ અને '**લેસ=સ્વલ્પ**' એ પદ

૭૨. જેમાં પ્રાયઃ સર્વ પ્રશ્નોત્તરી પણ કૂટ રજુ કરવામાં વિદ્વત્તા માનવામાં આવેલ છે તે '**પર્વતિથિ-પ્રકાશ**'ના ૨૩૧મા પેજ ઉપરના આ અનુવાદ પછી નવા વર્ગે, શાસ્ત્રકારની આ વાતને અનુસરીને જે–"હાલમાં પૂનમ અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની કહેવાતી સામાચારી પણ એવી જ હોવાથી શાસ્ત્રકારે આપેલા વિશેષણથી તેનો નિરાસ થઈ જાય છે." એ પ્રમાણે લખાણ કરેલ છે તે લખાણ, તે જ બૂકના પેજ ૨૩૭ ઉપર તે વર્ગે જ કરેલા-'હાલમાં પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની ચાલતી પ્રવૃત્તિ કયા પ્રમાણિક પુરુષથી શરૂ થઈ તેનો જ પત્તો નથી." એ લખાણ વડે તે વર્ગના જ હાથે સદંતર કપોલકલ્પિત ઠરે છે. કારણ કે-પ્હેલા લખાણમાં તે વર્ગ, જે ચાલુ સામાચારીને કલ્પિત કહે છે, તે જ સમાચારીને બીજા લખાણ વડે અનાદિની જણાવે છે! પૂનમ અને અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ, એ મુજબ અવિચ્છિન્ન પરંપરાથી કરાય છે, એવી સાબિતી આપનારા અનેક શાસ્ત્રપાઠો પણ આ નવા વર્ગને તેમણે વૈદ્યને આપેલા ત્રીજા પૂરાવા બદલ (જૂઓ '**સિદ્ધચક્ર**' વર્ષ ૧૦ના પેજ ૧૩૩ થી ૧૪૧) સ્પષ્ટ જણાવ્યા જ છે, અને વિક્રમ સં. ૧૯૯૨ સુધી તો પોતે પણ એ સામાચારીને આચરેલી છે. છતાં તે આચરણાને નવા વર્ગે જૂઠ લખાણો દ્વારા આધુનિક લેખાવવાની ચેષ્ટા કરી છે તે નવામતરૂપી વિષનું સર્વાંગીણ પરિણમન સૂચવે છે.

(જે સામાચારી, પોતાના દોષને લીધે આગમની સાથે) મોટો વિરોધ દર્શાવવારૂપ દોષથી દૂષિતપણું તો બાજુએ રહો; પરંતુ આગમનો સ્વલ્પ પણ વિરોધ દર્શાવવારૂપ દોષથી દૂષિત હોય તે સામાચારી પ્રમાણ નથી, એમ જણાવવાને માટે મૂકેલ છે.

ઉપર જણાવ્યા મુજબ લેશમાત્ર દોષવાળી સામાચારી પ્રમાણિક લેખાતી નહિ હોવાથી જ જેઓ એવો અભિપ્રાય ધરાવે છે કે-'અમારી સામાચારીનો આગમની સાથે મોટો વિરોધ નથી; પરંતુ બે ત્રણ આદિ વિચારોની સાથે જ વિરોધ છે, અને તે અલ્પ ગણાતો હોવાથી દોષ નથી.' તે અભિપ્રાયનું શુભપણું દૂર થયું. ઘ્રાણદેશને પ્રાપ્ત થયું સતું મૃત્યુ પમાડનાર સ્વલ્પ પણ હાલાહલ-ઉત્કટ ઝેરનું કંઠના રંધ્રપ્રદેશને પામીને મૃત્યુદાયકપણું નિશ્ચયે છે. તાત્પર્ય આ છે કે-આગમમાં રહેલા એક વચનનો પણ અપલાપ કરનારનું વચનમાત્ર સાંભળવામાં તેમજ તેની સમીપે રહેવામાં આત્મા અનંતા જન્મ-મરણ પામે છે, ત્યાં વળી તેની આચરેલી સામાચારીનું પાલન કરવાથી શું ન પામે ?[73]

એમ ન કહેવું કે-'આ વચન આગમિક નથી.' કારણ કે-શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે-'જે સાધુ-સાધ્વી-શ્રાવક કે શ્રાવિકા, લૌકિક તાપસ વગેરે વ્રતીઓની પ્રશંસા કરે તેમજ જે નિહ્નવોને ફાવતું બોલે તેમજ જે નિહ્નવોના ગ્રંથ-શાસ્ત્ર કે તેમાંના એક પદના અક્ષરની પ્રરૂપણા કરે અને તે નિહ્નવોનાં કાયકલેશાદિ તપ અથવા જ્ઞાન અથવા વિજ્ઞાન અથવા શ્રુત અથવા પંડિતપણાની પરિમિત બોલનાર વિદ્વજ્જનોની સભામાં પ્રશંસા કરે તે પણ પરમાધાર્મિકને વિષે ઉત્પન્ન થાય.

આ 'પરપાખંડી' પદથી 'અન્યતીર્થિકોના ગ્રન્થ ભણવાનો પણ નિષેધ છે' એમ ન જાણવું. કારણ કે-ઉપરના શ્રી મહાનિશીથસૂત્રના પાઠમાં પરપાખંડીની પ્રશંસાનો જ નિષેધ જણાવેલ છે, અને **'ससमयपरसमयविऊ'** એ શ્રી અનુયોગદ્વારસૂત્રની વૃત્તિને અનુસારે પરતીર્થિકના ગ્રન્થ ભણવાની તો આજ્ઞા છે. (શ્રી હેમચંદ્રાચાર્યમ૦ કૃત અન્યયોગવ્યવચ્છેદ-ગ્રન્થની શ્રી મલ્લિષેણસૂરિકૃતા) શ્રી સ્યાદ્વાદમંજરીમાં તો અન્યતીર્થિકના ગ્રંથો ભણવાનું સાક્ષાત્ કહ્યું છે. એથી જ નિહ્નવ અને અન્યતીર્થિક એ બન્નેમાં ઘણો તફાવત જાણવો.

એ પ્રકારનાં લક્ષણવાળી સામાચારીઓ જો અન્યગચ્છની હોય તો પણ તેમાં અપ્રામાણિકપણાની શંકા ન કરવી. કારણ-કહ્યું છે કે- **जं दिवसे०** જે દિવસે ઉપસ્થાપના=વડીદીક્ષા કરે છે તે દિવસે કોઈ ઉપવાસ, કોઈ આયંબિલ, કોઈ નીવી કરાવે છે અને કોઈ કાંઈ કરાવતા નથી, અથવા જેને જે છઠ્ઠ-અટ્ઠમ વગેરે આચાર્યની પરંપરાથી આવેલ હોય તે કરાવાય છે. મંડલીસંભોગ અર્થે=આહારાદિ માંડલીમાં વાપરવા માટે કોઈ સાત આયંબિલ

૭૩. આગમ, શાસ્ત્ર અને અવિચ્છિન્ન પરંપરાને સં. ૧૯૯૨થી સ્વચ્છંદે ઉત્થાપીને કેવલ અહમિન્દ્રપણે જ કલ્પિત તિથિમત કાઢનાર નવા વર્ગના વચનનું શ્રવણ તો આ જોતાં કેટલાં જન્મ-મરણનો હેતુ ગણાય ? એ વિચારીને કલ્યાણકામીજનોએ નવા વર્ગના સંસર્ગથી પણ દૂર રહેવું એ જ હિતાવહ છે.

તો કોઈ સાત નીવી કરાવે છે. **जस्स वा जं परंपरागयं** અથવા જેને જે પરંપરાથી આવેલ હોય તે મુજબ કરાવે છે. શ્રી નિશીથચૂર્ણિ ઉદ્દેશ ૧૧"

અમે 'આચાર્ય પરંપરાથી આવેલ હોય' એ વગેરે પ્રથમ જે પ્રામાણિક સામાચારીનું લક્ષણ જણાવ્યું છે તે લક્ષણ કાલ્પનિક નથી. કારણ કે–"શ્રી કલ્પવૃત્તિના ત્રીજા ઉદ્દેશાગત ત્રીજા ખંડમાં ૧૩ મા પાને 'કાલિકાચાર્યની જેમ રાગદ્વેષરહિત એવા પ્રમાણિક ઉત્તમ-પુરુષે ભાદ્રપદ શુદ ચોથની પર્યુષણાની જેમ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ આદિમાં કારણે=પુષ્ટ આલંબન હોયે સતે મૂલ અને ઉત્તરગુણની આરાધનાને સ્વાભાવિક રીતે અબાધક એવું જે કાંઈ આચર્યું હોય અને તે કાળના તેવા જ પ્રકારના બીજા બહુશ્રુત પુરૂષોએ નિવાર્યું ન હોય; બલ્કે બહુ બુધજનોએ સમ્મતિ આપેલી હોય તે આચરણા કહેવાય છે." તથા શ્રી ભગવતીસૂત્રમાં–'**अत्थि णं भंते ! समणा वि निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति ?**' એ આલાવામાં રહેલા '**पावयणंतरेहिं**' એ સૂત્રલેશની વૃત્તિમાં "પ્રવચન ભણે અથવા જાણે તે પ્રાવચન એટલે કાલની અપેક્ષાએ જેને બહુ આગમ ઉપસ્થિત હોય તેવો પુરુષ. તેમાં–તેવા પુરુષોમાં 'એક પ્રાવચનિક આ પ્રમાણે કરતા હોય અને બીજો પ્રાવચનિક આ પ્રમાણે કરે છે ! એમાં તત્ત્વ શું સમજવું?' એનું (કાંક્ષા–મિથ્યાત્વમોહનીયનો ઉદય: ક્ષાયોપશમિક સમ્યકત્વીને આ શંકા પ્રદેશોદયે હોઈ શકે છે તે શંકાનું) સમાધાન એ છે 'કે–(પ્રવૃત્તિધર્મને આશ્રયીને) ચારિત્રમોહનીયના ક્ષયોપશમ વિશેષને લીધે ઉત્સર્ગ–અપવાદાદિથી વાસિતપણા વડે પ્રાવચનિકોની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ હોય છે, તે સર્વથા પ્રમાણ ગણાતી નથીઃ કારણ કે–જે પ્રવૃત્તિ આગમથી અવિરુદ્ધ હોય તે જ પ્રમાણ છે." ॥૪૬॥

**અવ૦**—હવે સામાચારીનું જે લક્ષણ જણાવ્યું છે, તેમાં અપ્રમાણભૂત સામાચારી જણાવે છે:—

## मू०–इहरा पसत्थनामा वि, पंडिआणं पमाणमिह न जओ ॥
## विसमिस्सपायसं व, तिविहं तिविहेण वज्जिज्जा ॥४७॥

**મૂલાર્થ:**—જે સામાચારી ઉપર જણાવેલ લક્ષણથી રહિત હોય તે સુંદર નામવાળી હોય તો પણ તે આ શ્રી જિનશાસનમાં પંડિતોને પ્રમાણ નથી. આથી વિષમિશ્રિત દૂધની જેમ (તેવી સામાચારીને) ત્રિવિધ ત્રિવિધે વર્જવી. ॥૪૭॥

**ટીકાર્થ:**—પૂર્વોક્ત ગાથામાં જણાવેલ લક્ષણથી રહિત સામાચારી સુંદર નામવાળી હોય તો પણ સ્વીકારવી નહિ. શા માટે સ્વીકારવી નહિ ? તો કહે છે કે–'શ્રી જિનશાસનને વિષે તેવી સામાચારી પંડિતોને પ્રમાણ થતી નથી.' તો પછી શું કરવું ? તે બદલ ઉત્તરાર્દ્ધથી જણાવે છે કે–તેવી આગમવિરુદ્ધ સામાચારીને વિષમિશ્રિત દૂધની જેમ મન–વચન અને કાયાથી કરવા–કરાવવા અને અનુમોદવા વડે ('**वर्जयेत् यथागमबाधितापि नाममात्रेणागमिकसामाचारीति, अत्र केचित्सम्भ्रा**' એ પ્રમાણે સુરત–શ્રી જૈનાનન્દપુસ્તકાલય, હસ્તલિખિત

તત્ત્વતરંગિણી નં. ૨૨૨૫ પાનું ૧૧ પંક્તિ ૧૦ માં જણાવેલ પાઠ મુજબ ) વર્જવી. જેમ કે-આગમથી વિરુદ્ધ હોવા છતાં નામમાત્રથી 'આગમિક સામાચારી' કહેવાય છે. અહિં કેટલાક સભ્યો અમોને એમ પ્રેરણા કરે છે કે-'આ બાબત આપણે બે ખાનગીમાં વિચારીએ કે-'ગચ્છાંતરીય સામાચારી પણ જો આગમથી અવિરુદ્ધ હોય તો પ્રમાણ છે.' એમ વ્યવસ્થાપન કરે સતે આપણ બન્નેને ( બીજી બીજી હસ્તલિખિતપ્રતસ્થિત **'सम्मत'** પાઠ મુજબ ) સમ્મત સામાચારીનો આશ્રય કરનાર કોઈપણ દૂષિત ન થાય.' તેને કહે છે કે **न**=એમ બને નહિ, દૂષિત થાય જ.' તો પછી શું-'અપર્વતિથિએ પૌષધાદિક અનુષ્ઠાનનો નિષેધ કરનાર પુરુષની આચરેલી સામાચારી ઇચ્છવા યોગ્ય નથી ?' તો કહે છે કે-'તે સામાચારી ઇચ્છવા યોગ્ય નથી જ.' તે સામાચારી કયા કારણે ઇચ્છવા યોગ્ય નથી ? તો કહે છે કે-'ઔષ્ટ્રિકમતની સામાચારીની જેમ તે સામાચારી અગીતાર્થપુરુષે આચરેલી હોવાને લીધે સાવદ્ય હોવાથી પ્રવચનનો ઉપઘાત કરનારી[૭૪] છે.' વળી જો-'તે સામાચારી જ અમારા અભિપ્રાયનો વિષય છે' એમ જો કહેતા હો તો-તે સામાચારીનું તો-'પ્રવચનમાં જણાવેલ અર્થનો અપલાપ અને નહિ જણાવેલા અર્થનો પ્રલાપ કરતી હોવા વડે કરીને'—તેવાપણું પ્રકટ જ છે. અને તે યથાસ્થાને કાંઇક આ જ પ્રકરણને વિષે ચર્ચેલું છે, તેમ જ **'સ્વોપજ્ઞકુમતકૌશિકસહસ્રકિરણ'** ગ્રન્થની ટીકામાં વિસ્તારથી ચર્ચીશું.

'જો તે સામાચારી પ્રવચનોપઘાતિની છે તો અમારા આચાર્યોએ આંચલિક વગેરે સામાચારીનો જેમ નિષેધ કર્યો છે તેમ તેનો પણ નિષેધ કેમ ન કર્યો. ?' એમ ન કહેવું. કારણ કે-પૂર્વાચાર્યોએ તે સામાચારીને પ્રવચનોપઘાતિની લેખવાની અપેક્ષાએ મહાન્ નિબંધ લખવા વડે તે સામાચારીનો નિષેધ કરેલ છે. **ગુરુતત્ત્વપ્રદીપ-અપર નામ ઉત્સૂત્રકંદ-કુદ્દાલ ગ્રંથકારે** તે ગ્રંથના પ્રથમ વિશ્રામમાં કહ્યું છે કે-"દુષ્ષમાકાલના ભ્રમથી અત્યંત ભ્રમિત ચિત્તવાળા આ પાંચ ઉત્સૂત્ર પ્રરૂપકો પોતાના કર્મ વડે પ્રવચન બાહ્ય થએલા છે. ॥૧॥ તે પાંચેય પક્ષો આ પ્રમાણે-(૧) સં. ૧૧૫૯માં પૂર્ણિમાગચ્છ, (૨) સં. ૧૨૦૪ માં ખરતર-ગચ્છ (૩) સં. ૧૨૧૪માં અંચલગચ્છ, (૪) સં. ૧૨૩૬માં સાર્દ્ધપૂનમીયાગચ્છ અને (૫) સં. ૧૨૫૦માં ( અગ્રપૂરીયક અને તગ્રપૂરીયક એ ) બે મતવાળો ત્રણ થોઇનો મત

૭૪. આ પ્રમાણે (સં. ૧૯૯૨માં નીકળેલ નવા તિથિમતને શતશઃ સબલ પ્રમાણો રજુ કરવાપૂર્વક નિર્મૂળ ઠરાવનાર 'શ્રી જૈનધર્મ પ્રભાવક સમાજ' અમદાવાદે સં. ૨૦૦૧માં પ્રસિદ્ધ કરેલ **'પર્વતિથિનિર્ણય'** નામના મહાગ્રંથમાંના આદ્ય પરિશિષ્ટના બીજા પેજની ૨૬મી પંક્તિગત લખાણ મુજબ ) પોતે દેવસૂર-ગચ્છના હોવા તરીકે કબૂલીને પણ દેવસૂરગચ્છની પોતે અને પોતાના વડિલોએ આચરેલી અવિચ્છિન્ન સામાચારીને ઉત્થાપનારો નિરાધાર તિથિમત ફૂટ પ્રચાર વડે તપાગચ્છના મોટા નામે ગાનાર નવાવર્ગની કહેવાતી સામાચારી પણ અગીતાર્થ પુરુષે આચરેલી હોવાને લીધે સાવદ્ય હોવાથી પ્રવચનોપઘાતિની છે. અને તેથી જ સં. ૨૦૧૪ના વૈશાખ માસે રાજનગરમાં થયેલા મુનિસંમેલનમાં એકત્રિત થયેલા ૩૫ સમુદાયે તે મતના સખત અનાદરરૂપે શ્રી દેવસૂરતપાગચ્છની જ અવિચ્છિન્ન પ્રાચીન આચરણાને સર્વાનુમતે કરેલા ઠરાવ દ્વારા શુદ્ધ તરીકે જૈન સમાજમાં સર્વત્ર જાહેર કરી દીધી હતી.

નીકળ્યો. ॥૨॥ એ પાંચેય કુપાક્ષિકોને વિષે અનવસ્થિત ઉત્સૂત્રરૂપ યથાચ્છંદપણું નથી; તેથી અવસ્થિત ઉત્સૂત્રરૂપ નિહ્નવપણું ઘટે છે. ॥૩॥" તથા તે ગ્રંથના પાંચમા વિશ્રામમાં પણ કહ્યું છે કે–"(ઔષ્ટ્રિક હોવા છતાં) નામે ખરતર કહેવડાવનારાઓએ શ્રુતાદિમાં માસકલ્પ કહેલો દેખતા હોવા છતાં જાણે અંધ હોય તેમ માસકલ્પ વ્યુચ્છિન્ન થયેલ છે એમ પ્રરૂપેલ છે, અહો ઉત્સૂત્રની સાહસિકતા! ॥૧॥ જેઓ, નારીઓ જાણે જિનરાજની શત્રુ ન હોય, તેમ નારીઓને જિનપૂજાનો નિષેધ કરે છે! તેઓને પ્રભુ-પૂજાના અંતરાયનું ફલ કહેવાને (અમે સમર્થ નથી) પ્રભુ સમર્થ છે. ॥૨॥" તથા તે ગ્રંથના સાતમા વિશ્રામમાં પણ–"પૌર્ણમિકઅને ઔષ્ટ્રિક એ બન્ને પ્રવચન બાહ્ય છે, સાર્દ્ધ-પૌર્ણમિક અને અંચલ એ બંને (પૌર્ણમીયક મતથી પણ) બાહ્ય છે અને તું ત્રિસ્તુતિક, પૌર્ણમિક અને અંચલથી બાહ્ય થયેલ છે. તેથી તારે પૂજ્યમાં પૂજા નથી, ॥૧॥" ઇત્યાદિ જણાવેલ છે. તથા **વિજ્ઞપ્તિત્રિદશતરંગિણીમાં** શ્રી સોમસુંદર (પટ્ટપ્રભુ શ્રી મુનિસુંદર) સૂરિજી મહારાજે પણ જણાવ્યું છે કે–"(અંચલે ઉપધાન ઉત્થાપ્યાં તે) આજ્ઞાભંગ અને (ખરતરે સ્ત્રીને પૂજાનો નિષેધ કર્યો તે) અંતરાયને લીધે થતા અનંત સંસારના ભય વગરના પાશ્ચાત્યોએ=પછીથી થએલાઓએ ઇચ્છા મુજબ સામાચારીઓ પ્રવર્ત્તાવી છે ॥૧॥ દુષમાકાલના દોષથી પ્રમાદીજનોને પ્રિય એવા ઉપધાન, પ્રતિક્રાંતિ=પ્રતિક્રમણ અને સ્ત્રીપૂજાના નિષેધથી સામાચારીઓ પણ ઘણું કરીને સ્વચ્છંદે=સ્વેચ્છાએ ન્યૂન કરી છે. ॥૨॥"

'એ પ્રમાણે પૂર્વપુરુષોએ તેવી સામાચારીનો તિરસ્કાર કરે સતે આપના તિરસ્કારથી સર્યું" એમ ન કહેવું. કારણ કે–'શિષ્ટપુરુષોના તે આચારનું પાલન કરવું તે જ કલ્યાણ (કલ્યાણકર) છે.' એવો ન્યાય હોવાથી–તેવી સામાચારીઓનો તિરસ્કાર કરનારા આચાર્યોના અમો સંતાનીયાઓએ (તેઓએ તિરસ્કાર કર્યો એટલે) 'સર્યું" એમ બોલવું પણ અશકય છે. વળી અમારા પૂર્વજોએ તે સામાચારી તિરસ્કારેલી હોવા છતાં પણ અમારા વડે તે સામાચારીના તિરસ્કારની આવશ્યકતા છે. કારણ કે–તે પૂર્વાચાર્યોએ જે ઉત્સૂત્રને લીધે તે સામાચારીનો તિરસ્કાર કરેલ છે તે જ ઉત્સૂત્રની અપેક્ષાએ હાલમાં ઘણાં ઉત્સૂત્રોની આનુપૂર્વી વડે વૃદ્ધિ થએલી જણાય છે.

(અહિં વાદી કહે છે કે–'તે વાતમાં ખાત્રી શું?' તે બદલ જણાવે છે કે–) આનુ-પૂર્વી વડે વૃદ્ધિ તો–તે મતમાં ઉત્પન્ન થએલા પ્રાચીન આચાર્યોએ રચેલા પ્રકરણોને વિષે જે પ્રવચન વિરુદ્ધ અર્થો છે તે અર્થોમાંના પણ કેટલાક અર્થોને તે ગચ્છના પછીના આચા-ર્યોએ રચેલા પ્રકરણોને વિષે ગુંથેલા હોવાથી અને એકબીજાના પ્રકરણોમાં પણ પરસ્પર વિરુદ્ધતા હોવાથી–સારી રીતે ઘટે જ છે=ઘટાવી શકાય તેમ છે જ. અને તે આ પ્રમાણે "પ્રવચનમાં કહેલા ૧– ઇર્યાવહી પડિક્કમવાપૂર્વક સામાયિક લેવાનું, ૨–સાધુ–સાધ્વીનો સાથે વિહાર અને ૩–પર્વતિથિ સિવાયની તિથિ સહિત અનિયત પૌષધોપવાસ તેમ જ અતિથિસંવિભાગ આદિનો–તે મતપ્રવર્ત્તકના નજીકના કાળમાં થએલા તે ગચ્છના આચાર્યે

(જિનવલ્લભે) રચેલા **પૌષધવિધિપ્રકરણ** આદિને વિષે–નિષેધ દેખાતો નથી અને (ખરતરીય) તરણિ (તરૂણ) પ્રભે રચેલા **બાલાવબોધ** તથા **બાલપ્રલાપ** વગેરેમાં નિષેધ દેખાય છે. તેમ જ વળી તે પૌષધવિધિ પ્રકરણમાં જ 'ચતુર્દશી સિવાય પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ'નો નિષેધ હોવા છતાં વિધિપ્રપાને વિષે 'ચૌદશના ક્ષયે પાક્ષિક પ્રતિક્રમણ તેરસે અને ચાતુર્માસિક પ્રતિક્રમણ પૂનમે જ કરવું' એમ વિભાગ કરીને 'શ્રમણ ભગવાન મહાવીરે પચાસ દિવસ ગયે સતે બાકી સીત્તેર દિવસ રહ્યા ત્યારે વર્ષાવાસ કર્યો' એ પ્રમાણે સિદ્ધાંતનું રહસ્ય જાણનાર હું જ છું એમ પોતાને માનતા થકા અશ્વને શીંગડા મનાવવાની જેમ શ્રાવણમાસે પણ પર્યુષણાની વ્યવસ્થાને સ્થાપતાં તે દોઢ ચતુર કેમ ન ગણાય? અને–

(ખરતરીય) તરણિ (તરૂણ) પ્રભની વચનચાતુરી તો અમારી વાણીનો વિષય થવાને પણ લાયક નથી. કેમ નથી? તો કે–" (આઠમ–ચૌદશ–પૂનમ અને અમાસ એ ચાર) પર્વતિથિ સિવાયની તિથિઓમાં પૌષધ આદિનો નિષેધ કરવામાં તત્પર એવા જે મહાનુભાવે 'ભા. શુ. ચોથે પૌષધ કેમ કરો છો?' એમ પૂછનારને સમાધાન આપવું મુશ્કેલ હોવાના ભયથી શ્રી સૂયગડાંગ સૂત્રમાંના આ **'चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु'** સૂત્રલેશને પોતાની બુદ્ધિથી પર્યુષણાપર્વની અંતર્ગત હોવા તરીકે વર્ણવવાને માટે (પ્રવચનપરીક્ષા વિશ્રામ ૪ પૃ૦ ૩૫૮માં જણાવ્યા મુજબ–**'पूर्णिमासु च तिसृष्वपि चतुर्मासकतिथिषु'** નો અર્થ, **पूर्णिमासु च तिसृष्वपि चतुर्मासकपर्युषणातिथिषु'** એમ મનસ્વીપણે લખીને) 'શ્રી સૂયગડાંગ સૂત્રની ટીકામાં એ પ્રમાણે કહ્યું છે' એવો જૂઠો આરોપ મૂકવા પૂર્વક શ્રી સૂયગડાંગ સૂત્રની ટીકાને પણ કલંકિત કરી છે!" એ પ્રમાણે સામાયિક અને પૌષધાદિ વિધિમાં ત્રણ નવકાર પૂર્વક ત્રણ વખત સામાયિક પૌષધાદિ દંડક ઉચ્ચરવાનું તથા શ્રાવક–શ્રાવિકાને બે જ દ્રવ્યથી આયંબિલ કરવાનું એ વગેરે પણ (ખરતરોનાં) પ્રાચીન પ્રકરણોમાં જણાવ્યું નહિ હોવા છતાં આધુનિક પ્રકરણોમાં ગોઠવી દેવાયું છે!

આ જાણીને અમોને–'પ્રાચીન પ્રકરણો (તો તમારે) પ્રમાણ તરીકે સ્વીકાર્ય બને છે.' એમ ન કહેવું; કારણ કે–તે પ્રાચીન પ્રકરણોમાં પણ કેટલુંક આગમ બાહ્ય હોવાને લીધે વિષમિશ્રિત દૂધની જેમ અસ્વીકાર્યપણું હોવાથી (તેમનાં તે તે પ્રાચીન પ્રકરણોનું પણ) અપ્રમાણપણું છે. તેનું આગમ બાહ્યત્વ એ છે કે–'રાત્રિનો પૌષધ લેનારાઓને સવાર સુધી પૌષધની સાથે રહેલું સામાયિક હોવા છતાં પણ રાત્રિના છેલ્લા પહોરે સામાયિક લેવા પૂર્વક સ્વાધ્યાય–પ્રતિક્રમણ વગેરે વિધિ કહેલ છે!' અને તે વિધિ અયુક્ત છે: કારણ કે– **'जाव पोसहं पज्जुवासामि'** એ સામાયિક સૂત્રથી વિરુદ્ધ છે. એ પ્રમાણે તે મતની સામાચારીમાં ગોઠવેલાં બીજાં પણ પ્રકરણો, કોઈ સ્થલે ઘણા દૂષણોથી દૂષિત છે અને કોઈ સ્થળે અલ્પ અને અપ્રસિદ્ધ દોષોને પોષનારાં છે એમ જાણવું.

હવે શાસ્ત્રકારને મતાંતરીય કહે છે કે–"તમે 'પ્રવચનમાં–ઇર્યાવહી કરવા પૂર્વક સામાયિક લેવાનું, સાધુ–સાધ્વીઓએ સાથે વિહાર' ઇત્યાદિ જે કહી ગયા છો તેમાં જેમ પ્રભાવતી

આદિ સ્ત્રીઓએ કરેલી શ્રી જિનરાજની પૂજાની વાત શ્રી ઉત્તરાધ્યયન આદિ પ્રવચનોક્ત હોવાથી અને પ્રવચનમાં કોઈપણ સ્થલે સ્ત્રીપૂજાનો નિષેધ નહિ હોવાથી શ્રી અર્હત્પૂજાનો અંતરાય કરનાર (સ્ત્રીને માટે અર્હત્પૂજાનો નિષેધ કરનાર) મહાપાતકી છે, તેમ સાધુ-સાધ્વીઓએ સાથે વિહાર કરવાનો નિષેધ પણ શ્રી સ્થાનાંગસૂત્ર વગેરેનો વિરોધી હોવાથી તે નિષેધ કરનાર પણ તેવો જ છે એમ તો અમોને પણ સંમત છે; પરંતુ તમે જે— ઈર્યાવહી કરવા પૂર્વક સામાયિક કરવાનું કહ્યું તે તો પરંપરાથી જ જણાય છે, છતાં તેને તમે જે પ્રવચનોક્ત લેખાવ્યું છે તે અયુક્ત છે." એમ જો કહેતા હો તો એમ નથી. કારણ કે-'હે ગૌતમ! ઈરિયાવહિઆ કર્યા સિવાય ચૈત્યવંદન સજ્ઝાય-ધ્યાન વગેરે કાંઈ પણ કરવું કલ્પે નહિ.' એ પ્રમાણે શ્રી મહાનિશીથ સૂત્રનાં વચનથી તેમજ 'ઈર્યાપથપ્રતિક્રમણ કર્યા સિવાય બીજું કાંઈ પણ ન કરવું, કારણકે-અશુદ્ધતાનો દોષ છે.' એ પ્રમાણે શ્રી હારિભદ્રીય દશવૈકાલિકવૃત્તિનાં વચનથી (અમે જે-'ઈર્યાવહી કરીને સામાયિક કરવું' એમ જે કહ્યું છે તે પણ પરંપરાથી જ છે, એમ નહિ; પરંતુ) પ્રવચનોક્ત જ છે. વળી—

'શ્રી મહાનિશીથસૂત્રમાં (પ્રથમ ઈરિયાવહીવાળું તે વચન) સર્વ કાર્યને આશ્રયીને સામાન્યપણે કહ્યું છે.' એમ ન કહેવું. કારણકે-શ્રી મહાનિશીથસૂત્રનાં તે વચનમાં રહેલા કાર્યમાત્રવાચક **'किंचिदपि'** એ સામાન્ય શબ્દના વિશેષણસ્વરૂપ એવા 'ચૈત્યવંદન-સ્વાધ્યાય વગેરે' એ પદ વડે-'ઈરિયાવહી કર્યા વિના ન થઈ શકે તેવા કાર્યમાત્રને કહેનારા કાર્યવિશેષને જ' ગ્રહણ કરવાનું છેઃ એ અર્થથી=આ કહેવા વડે **'नमुक्कारेण जहन्ना'**-નમસ્કાર કરવા વડે જઘન્ય ચૈત્યવંદના' એટલે- **'नमस्तुभ्यं'** ઇત્યાદિ અલ્પકાલીન ચૈત્યવંદન-સ્વાધ્યાય-ધ્યાન વગેરેમાં પ્રથમ ઈર્યાવહી નહિ દેખવાથી પણ દોષ નથીઃ કારણકે-તેવાં અલ્પકાલીન ધર્મકાર્યો, ઈર્યાવહી પડિકમ્યા વિના નહિ થનારા ધર્મકાર્યોની બહારનાં છે. અન્યથા ઈર્યાવહીની પણ ઇર્યાવહી કરવાની અપેક્ષા લેવાથી અનવસ્થાદોષ લાગે. અહિં "તેવા ધર્મકાર્યોનું પણ પ્રથમ ઇર્યાવહી સૂચક કાર્યોથી બહાર ગણાવવા વડે સરખાપણું સ્વીકારીને પણ (પછી ઇરિયાવહી કરવાનું) રાખો અને સામાયિકમાં તે અભિપ્રાયથી **व्यत्ययलक्षणः**=પછી ઇરિયાવહિયા કરવી, એવો કોઈ વિશેષ સમજો." એમ ન કહેવું. કારણકે-તેમ સમજવામાં પોતે આરૂઢ થયેલ શાખાને ભાંગવા રૂપ ન્યાય ઉતરવાનો પ્રસંગ આવવા રૂપ વ્યાઘાત છે, અને તે આ પ્રમાણેઃ—

ઇરિઆવહી કર્યા વિના કાર્ય ન થાય, એ અર્થ ઉપરથી ઇર્યાવહીનું સામાયિક રૂપ કાર્યમાં કારણપણું હોવાથી=ઇર્યાવહી એ સામાયિકનું કારણ છે એમ અર્થ થયો, અને તેથી ઇર્યાવહી સહિતપણું એ જ ઇર્યાવહી વિના ન થવાપણું=ઇર્યાવહીનું સામાયિકની પૂર્વે થવાપણું એ સામાન્ય સ્વરૂપ સિદ્ધ થયું. (ઇર્યાવહી સિવાય સામાયિક નહિ એ નિયમ થયો.) અને તેમ નિયમ થયે સતે 'સામાન્યને સ્પર્શ્યા વિનાનો વિશેષ ન હોય=જ્યાં જ્યાં સામાન્ય છે ત્યાં ત્યાં વિશેષ છે.' એવો ન્યાય હોવાથી સામાયિક પણ સામાન્ય સ્વરૂપને નહિ છોડતું

થકું જ વિશેષને ભજવાવાળું છે એમ તમારે કહેવું. જેમ કે-" શ્રી ઠાણાંગસૂત્ર વગેરેમાં 'ચતુર્દશી-અષ્ટમી-અમાવાસ્યા-પૂર્ણિમાઓને વિષે' એ સૂત્રલેશની વ્યાખ્યા કરતા આચાર્ય-મહારાજે સામાન્યપણે ગ્રહણ કરેલ પૂનમ-અમાવાસ્યાને પણ શ્રી સૂયગડાંગ સૂત્રની વ્યાખ્યા કરનારે સ્વરૂપ નહિ છોડવા વડે જ-' ચોમાસીની ત્રણ પૂનમો અને મહાકલ્યાણકતિથિ તરીકે પ્રસિદ્ધ એવી અમાવાસ્યા' એ પ્રમાણે વિશેષથી ગ્રહણ કરેલ છે." આ પ્રકારનો વિશેષ તો સામાયિકને વિષે વિપર્યય વડે એટલે કે સામાયિક લીધા પછી ઇર્યાવહી કરવા વડે (ઇરિયાવહિયા કર્યા સિવાય સામાયિક લેવાય જ નહિ, એ સામાયિકનું) સ્વરૂપ ત્યાગી દીધા સિવાય કહેવાને શક્તિમાન નથી.

આમ છતાં પણ જો અભિનિવેશથી (પ્રથમ સામાયિક અને પછી ઇરિયાવહિયારૂપ) વ્યત્યયને વિશેષ કહેતા રહીને તે વિશેષનું અવશ્ય સ્વીકાર કરવાપણું (ચાલુ જ રાખવું) હોય તો સામાયિક લેવામાં 'સામાયિકની પહેલાં અને પછી' એ પ્રમાણે બે ઇર્યાવહી કરવા રૂપ વિશેષ બોલવાથી તેનું મ્હોઢું શું વાંકું થાય છે? એમ (તારે) તેને (ખરતરને) જણાવવું. (ખાનગીમાં બેઠેલા તે મિત્રને શાસ્ત્રકાર કહે છે કે-) જો તું-" એમ જણાવતાં તો વળી તે કદાચ-' સામાયિકરૂપ જે કાર્ય છે તેને ઇર્યાવહી વિના ન થનારા કાર્યોથી બહાર જ રહેવા દો.' એમ કહે તો તેનો શો ખુલાસો જણાવવો?" એમ કહે, તો તારે તેને એમ કહેવું કે- હે ખરતર! એ વાત અત્યંત અસંગત છે. કારણકે-સામાયિક લીધા પછી ઇર્યાવહી કરવાનું કોઈ કારણ નહિ હોવાથી પાણીને લપડાક મારવાની જેમ નિરર્થક પ્રયાસ-રૂપ આપત્તિ છે.'

વળી 'પછી કરાતી ઇર્યાવહી, સામાયિકની ક્રિયા હોવાથી નિરર્થક પ્રયાસ રૂપ નથી' એમ ન કહેવું, કારણ કે-'એમ કહેવામાં તમારે પૌષધ સંબંધી સામાયિકમાં પણ (સામાયિક ઉચ્ચર્યા પછી) ઇર્યાવહી કરવાનો પ્રસંગ આવશેઃ' એમ પણ ન કહેવું કે-' સામાયિક-ક્રિયા એટલે પૌષધ સિવાયની એકલા સામાયિકની ક્રિયા હોવાથી તેમાં (પછી ઇરિયાવહિયા કરવામાં) દોષ નથી.' કારણકે-પૌષધના સામાયિકમાં પછી ઇર્યાવહી ન કરવી અને છૂટા સામાયિકમાં પછી ઇર્યાવહી કરવી એ પ્રમાણે જણાવનાર પ્રમાણનો અભાવ હોવાથી અર્ધ-જરતીયન્યાયનો પ્રસંગ આવશે, અને સામાયિકની ક્રિયાને કરતાં જ ઇર્યાવહી કરવાનો પ્રસંગ આવશેઃ એમ ન કહેવું કે-' સામાયિકની ક્રિયાની વચ્ચે તે ઇર્યાવહી કરતાં તમોએ આપેલો એ બીજો હેતુ ઇષ્ટાપત્તિ જ છે.' કારણ કે-" આગમને વિષે ક્યાંય પણ-' સામાયિકની ક્રિયાની વચ્ચે ઇર્યાવહી પડિક્કમે કે સામાયિકની ક્રિયા કરતાં ઇર્યાવહી પડિક્કમે' ઇત્યાદિ ઉલ્લેખથી જોવામાં આવતું નથી. અને શ્રી મહાનિશીથ સૂત્રને વિષે એથી ઉલટું (પ્રથમ ઇર્યાવહી પડિક્કમે, એમ) જોવામાં આવે છે, તેથી અદૃષ્ટનો પ્રલાપ અને દૃષ્ટનો અપલાપ કરવાનો પ્રસંગ આવશે.

વળી (સામાયિક લીધા પછી ઇરિયાવહિયા કરો તેમાં તો) તે ઇર્યાવહીનું પણ

સામાયિકની ક્રિયાપણું હોવાથી સામાયિકનું ઇર્યાવહી વિના ન થવાપણું જ સિદ્ધ થાય છે, અને તેમ નક્કી થયે સતે 'પ્રથમ ઇર્યાવહી કર્યા વિના સામાયિક થાય' એમ કહેવામાં (બોલતો જાય અને) 'હું મૌન છું' ઇત્યાદિની જેમ તને જ વ્યાઘાત છે, અને 'સામાયિક કરીને ઇર્યાવહી કરે' એ વાત કોઈનાય રક્ષણ વગરના એવા તારે નિરાશ્રયતારૂપ આપત્તિ છે. 'અર્હત્‌ની પૂજા કરીને સાધુઓને અતિથિસંવિભાગ કરીને વિધિપૂર્વક જમે.' એમ જણાવે સતે ભોજનક્રિયા પણ અર્હત્‌પૂજાની અંદર આવી શકતી જ નથી, એમ પોતે જ કેમ વિચારતો નથી?

વળી ઇર્યાવહીનું સામાયિકમાં સામાયિકનું ક્રિયાપણું હોય સતે બાકીની બીજી (પૌષધ-પ્રતિક્રમણાદિ) ક્રિયાઓમાં પણ તે ઇર્યાવહીનો તે તે ક્રિયાપણાનો પ્રસંગ છે, અને એ પ્રમાણે સ્વીકારે સતે 'સામાન્ય વચનમાં જે પ્રસિદ્ધ=વ્યવહારમાં રૂઢ હોય તેને અનુસરવું.' એ ન્યાયથી પૌષધ વગેરેની ક્રિયાઓમાં ઇર્યાવહીનું પૌષધ વગેરેની ક્રિયાપણું મનાયે સતે પણ 'આદિમાં જ ઇર્યાવહી હોય' એ પ્રમાણે સર્વજનપ્રસિદ્ધ છે તે જ "સકલ સામાયિકની ક્રિયાને જણાવનારા (ચૂર્ણિ તથા આવશ્યક સૂત્રમાંના **'सामाइयं काऊण-कृत्वा'** એ પાઠગત) 'કૃત્વા' પ્રત્યયવાળા પ્રયોગથી એટલે કે-**'सामायिकं कृत्वा'** એટલા પાઠમાત્રથી" સામાન્ય વચનમાં અનુસરવું રહે છે. લોકમાં પણ 'આ માણસ સર્વાલંકાર વિભૂષિત છે' એ પ્રમાણેનાં સામાન્ય વચનમાં અલંકારોનું **यथास्थानं**=મુગટ મુગટનાં સ્થાને, હાર હારનાં સ્થાને ઇત્યાદિ પ્રસિદ્ધ વ્યવહારને જ અનુસરવાનું જોવાય છે. જો એ રીતે પ્રસિદ્ધ વ્યવહારને અનુસરવામાં ન આવે તો પગ, ઉદર, છાતી, ડોક, કમ્મર વગેરેનાં આભરણોનો પુરુષવિશેષને આશ્રયીને જે પ્રસિદ્ધ વ્યવહાર છે તેનું ઉલ્લંઘન કરવામાં 'પગનાં આભરણ મોજડી વગેરેને મસ્તકે અને મસ્તક વગેરેનાં આભરણ મુગટ આદિને પગ વગેરેમાં' એમ વિપરીતપણે સ્થાપવાથી બાલકથી માંડીને સ્ત્રીઓ પર્યંતના સર્વ કોઈ જનોને હાંસીનું પાત્ર બનવાનો પ્રસંગ આવશે.

વળી તે ખરતર મને (ગચ્છાંતરીય મિત્રને) મિત્રભાવે પૂછે છે કે-" ચૂર્ણિમાં **'पच्छा इरिआवहिआए पडिक्कमिअ'** એમ કહેલ છે તે, 'પછીની ઇરિયાવહિયા શું નિમિત્તે કરવાની છે?' ત્યારે તેને શું કહેવું?" (તેનો ઉત્તર શાસ્ત્રકાર આપે છે કે-) જો એમ હોય તો તે ઠીક છે. (તેવું પૂછનારને કહેવું કે-) તે ઇરિયાવહી, ચાલુ કાર્યમાં વચ્ચે કરવા પડેલ બીજા કાર્યને માટે છે, અને તે કાર્ય સમ્યગ્ બુદ્ધિ રૂપી ધનવંતોને શ્રી આવશ્યકચૂર્ણિમાં જ 'હથેલીમાં પડેલ આમળાની જેમ' પ્રત્યક્ષ છે એમ જાણવું, અને તે **पच्छा०** ઇર્યાવચનને સામાયિક સંબંધીનું માનવામાં **'काऊण-कृत्वा'**માંના 'કૃત્વા' પ્રત્યયવાળા પ્રયોગનો સંભવ જ નથી, એમ વધારામાં જાણવું. આ 'ક્ત્વા' પ્રત્યયાન્ત પ્રયોગવાળા કથનથી 'મહાનિશીથમાં (પહેલાં ઇર્યાવહી સૂચક જે) ઉત્સર્ગ કહેલ છે તે ઉત્સર્ગ, અપવાદથી તો નિષ્કારણ=નકામો પણ થશે.' એવી અધમ શંકા પણ દૂર કરી.

'હે ગૌતમ! ઇર્યાવહી પડિક્કમ્યા વિના ચૈત્યવંદન–સ્વાધ્યાય–ધ્યાન આદિ કાંઈપણ કરવું કલ્પે નહિ' એ પ્રકારના વ્યતિરેક (**यदभावे यदभावो** એ ન્યાયના) વાક્યથી (ઇરિયાવહિયા પૂર્વક સામાયિક લીધા બાદ દેરાસરે જવાનું થયે સતે ચૈત્યવંદન કરવાનું હોય–વાચના લેતી વખતે ગુરુવંદન કરવાનું હોય–સ્વાધ્યાયાદિ બીજું જે કાંઈ અનુષ્ઠાન કરવાનું હોય તે અનુષ્ઠાન સંબંધીની) 'ઇર્યાવહી કરીને જ ચૈત્યવંદન–સ્વાધ્યાય–ધ્યાનાદિક કરવું કલ્પે.' એ અન્વયદ્વારા સમજનારા બુદ્ધિમાનોને તેવી શંકાનો સંભવ નથી. 'કેવલજ્ઞાન થયું ન હોયે સતે પુરુષ કે સ્ત્રી વગેરે કોઈ પણ મોક્ષમહેલમાં આરૂઢ થવાને શક્તિમાન નથી.' એ પ્રકારના વાક્યથી કોઈપણ સંદેહવાળો દેખાતો નથી, તેની જેમ '**अपडिक्कंताए ईरियावहियाए न किंचि वि कुणइ**'એ વાક્યમાં નિષેધ વાચક જે બે 'ન'કાર છે, તે બે 'ન'કારના વિશેષણવાળા–'કિંચિત્' શબ્દ, 'એવ'કાર અને 'અપિ'કાર વગેરે નિષેધક શબ્દોનું પણ નિરર્થકપણું થઈ જાય.

વળી ઉત્સર્ગનો પરિહાર, હેતુવાળો છે=ઉત્સર્ગનો પરિહાર પણ તેવો કોઈ હેતુ હોય તો થઈ શકે છે.' એ ન્યાયથી (હેતુ વિના શ્રીમહાનિશીથમાંના તે ઉત્સર્ગવચનનો પરિહાર થઈ શકે નહિ.) જે કોઈ પણ અનુષ્ઠાનોમાં નિયમે ઇર્યા પ્રતિક્રાંતિ જણાવી હોય ત્યાં તે સર્વ અનુષ્ઠાનોની શરૂઆતમાં જ ઇર્યાવહી નિશ્ચયરૂપે દીઠી છે. વળી–'સામાયિક છે તે અમુક હેતુથી બીજી રીતે=વ્યત્યયથી કરાય' એમ તમારે બોલવું અશક્ય હોવાથી સામાયિકમાં પણ ઇર્યાવહી શરુઆતમાં જ કરવી, એમ પૂરવાર થયું.

વળી (ઉભા ઉભા ક્રિયા કરવાની હોય તે બેઠા બેઠા કરે એમ બને; પણ) ક્રિયાના વ્યત્યયે કરીને=આગળની ક્રિયા પાછળ અને પાછળની ક્રિયા આગળ કરવાથી તે ઉત્સર્ગ અને અપવાદ પણ ન બનેઃ પ્રતિક્રમણાદિ ક્રિયાનો પણ કયારેક વ્યત્યય કલ્પવાનું બને સતે સર્વ પણ ક્રિયાઓને આગમોક્ત મર્યાદા વગરની લેખાવવાનો પ્રસંગ આવે. (માટે એમ ક્રિયાના વ્યત્યયથી નહિ;) પરંતુ સદ્ભાવ અને અસદ્ભાવથી જ ઉત્સર્ગ અને અપવાદ એ બન્ને બને, એ પ્રમાણેનું રહસ્ય જાણવું. (મતલબ કે–ક્રિયા હો અથવા ન હો, કે–ચૌદશનો ઉપવાસ કરે અથવા ન કરે તેમ બને પણ વ્યત્યય ન થાય='પક્ખીનું ચૈત્યવંદન, પક્ખી-પ્રતિક્રમણ પછી કરવું' એમ ન બને.)

હવે શાસ્ત્રકારને ખાનગીમાં બેઠેલ અન્યગચ્છીય કહે છે કે–"આવશ્યક ચૂર્ણિમાંના–શ્રાવક, ઋદ્ધિમાન્ અને ઋદ્ધિહીન એમ બે પ્રકારે હોયઃ તેમાં જે ઋદ્ધિહીન હોય તે ચૈત્યે અથવા સાધુ પાસે અથવા ઘરે અથવા પૌષધશાલાએ એ ચાર સ્થાને નિયમા કરે, તેમાં જ્યારે સાધુ પાસે કરે તેમાં શો વિધિ છે? તે કહે છે કે–જો પરંપરાએ કોઈનો ભય ન હોય, કોઈની સાથેનો વિવાદ=ઝઘડો ન હોય, કોઈનો દેવાદાર હોય અને તેથી લેણદાર આવીને હાથ પકડીને ખેંચાખેંચ ન કરે, કે–જેથી સામાયિક ભાંગે નહિ અને (પોતે) આદરેલા કાર્યની પહેલ કરવાનું છોડી દે, કે–જેથી પાછલ પોતે કરેલા કાર્યની પરંપરા ન ચાલે,

એ વગેરે કાંઈ જોવું રહે નહિ. અગ્નિ પણ જ્યારે અન્ય ગૃહસ્થો ઉદ્દીપન કરે ત્યારે–તે પછી ઉદ્દીપન કરે, ઘરેથી ગાયો પણ પહેલી ચારવા છોડે નહિ, હળ પણ પહેલું ચલાવે નહિ. અને જો વ્યવસાય ન કરતો હોય ત્યારે ઘરે જ સામાયિક કરીને, જીવવિનાશના કાર્યોથી મુક્ત થઈને સચિત્ત દ્રવ્યથી રહિત થયો થકો ( સાધુ પાસે ) જાય. એ પ્રમાણે સાધુની જેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાચવવા પૂર્વક ઈર્યામાં ઉપયોગ રાખતો થકો, સાધુભાષાએ કરીને સાવદ્યને પરિહરતો, એષણામાં કાષ્ટ કે કાંકરાને યાચીને–પડિલેહણ કરીને–પ્રમાર્જીને, એ પ્રમાણે તે તે વસ્તુ ગ્રહણ કરવામાં અને મૂકવામાં વર્તીને શ્લેષ્મ બળખો ફેંકે નહિ અથવા પૂજી પ્રમાર્જીને ભૂમિ પર ફેંકે, અથવા બેઠો હોય ત્યાં ગુપ્તિનો નિરોધ કરેઃ એ વિધિથી જઈને સાધુઓને ત્રિવિધે નમસ્કાર કરીને પછી સાધુની સાક્ષીએ **'करेमि भंते ! सामाइयं० दुविहं तिविहेणं यावत् साधून् पर्युपास्यामि'** કરીને જો ચૈત્યાદિ હોય તો તે ચૈત્યાદિને પહેલાં વંદન કરે. સાધુના પાસેથી ચરવળો અથવા આસન માગે. જો ઘરે કરે તો તેને ઔપગ્રહિક ચરવળો હોય છે, તે ન હોય તો વસ્ત્રના છેડાથી ( ઉઠતી બેસતી વખતે પૂજવા–પ્રમાર્જવાનું રાખે. ) પછી ઈર્યાવહી પડિક્કમે. પછી ( આવતાં લાગ્યા હોય તે દોષોની ) ગુરુ પાસે આલોચના કરીને આચાર્ય આદિ ગુરુને યથાપર્યાયે વંદન કરે. ફરી પણ ગુરુને વાંદીને–ભૂમિ પ્રમાર્જીને બેઠો થકો ગુરુને અર્થ પૂછે અથવા ભણે.' એ પ્રમાણેના દસ્કતોનું શરણ લઈને ( પહેલાં કરવાને બદલે ) પછી ઈર્યાવહિયા કરે તેનો કેવી રીતે તિરસ્કાર કરવો ?"

તેને શાસ્ત્રકાર કહે છે કે–એમ જો કહેતા હો તો–" વિદ્વાનો સમજી શકે તેવા તિરસ્કારનો પ્રકાર પહેલાં જ કહી ગયા છીએ; પરંતુ '(૧) ઘરે કરેલ સામાયિકવાળાને સાધુની સાક્ષીએ સામાયિકનું ગ્રહણ છે, (૨) અને સાધુની સાક્ષીએ સામાયિક કરનારને ચૈત્યવંદન, ઈર્યાવહી પડિક્કમ્યા વિના કેમ શુદ્ધ થાય ? (૩) 'ઘરે જ સામાયિક કરીને' એ પ્રમાણેના **क्त्वा** પ્રત્યયાંત પ્રયોગથી સમસ્ત પણ સામાયિકવિધિ સૂચવ્યો છે કે નહિ ? (૪) ઈર્યાવહી પડિક્કમવી તે સામાયિકનું કારણ છે કે કાર્ય ?' ઇત્યાદિ વિચારમાં જે અંધ અને બધિર હોય છે તે ઉપેક્ષા વડે જ તિરસ્કાર્ય છે. તે કારણથી–સ્થૂલબુદ્ધિવાળાની સાથે વિવાદનું અનુચિતપણું છે. ( અર્થાત્ તેવાઓની ઉપેક્ષા કરવી એ જ તેના તિરસ્કારનો પ્રકાર છે. ) આમ છતાં–એ પ્રમાણે ઉપેક્ષા કરવા છતાં તે અતિ આગ્રહ કરે='કહો કહો' એમ કહ્યા જ કરે તો જવાબમાં–'સામાયિક અને તે **पच्छा ईरि०** એ બન્ને વચ્ચે પડેલો ચૈત્યવંદનનો પાઠ જ તે મૂર્ખની મુખમુદ્રા–મ્હોં બંધ કરનાર જાણવો."

એમ જવાબ આપવા છતાં પણ જે ખરતર, ( સામાયિક અને પછીની તે ઈર્યાવહીની વાતની વચમાં પડેલો તે ) ચૈત્યનમસ્કૃતિનો પાઠ જોઈને 'જે પાઠનું શરણ લીધું તે પાઠથી જ ભય પેદા થયો' એમ વિચારીને 'ન્યાયમાં જ તત્પર બુદ્ધિ છે જેની એવો રાજા, ચોરોનું શરણ બનવાને યોગ્ય નથી.' એમ નહિ જાણતો થકો ચૂર્ણિને તજીને તેની વૃત્તિનું શરણ કરે છે તે વૃત્તિ, ચૂર્ણિ સાથે વિસંવાદવાળી નહિ હોવાથી તે વૃત્તિ વડે પણ તે

ખરતર તિરસ્કાર્ય જ બને છે. ચૈત્યનમસ્કાર અધ્યાહાર લેવાનો છે, તેથી ટીકાનો ચૂર્ણિ સાથે વિસંવાદ નથી.

વળી 'બીજે સ્થલે કહેલું હોય તે બીજે સ્થલે અધ્યાહાર તરીકે લેવું યોગ્ય નથી' એમ ન કહેવું. કારણકે–મુહપત્તિ, પડિલેહણ વગેરે ચૂર્ણિમાં જણાવેલ નથી તેથી જો તું તે બધું અધ્યાહાર નહિ લે તો તને અત્યંત આકુલ–વ્યાકુલ બની જવાનો પ્રસંગ આવશે. વળી (તેઓ ચૂર્ણિ–ચૂર્ણિ કરે છે પણ) ચૂર્ણિ વગેરેમાં કહેલ સમાચારીથી પણ (ચૂર્ણિમાં કહેલો સઘળો વિધિ તો કરતા નથી તેથી) પરાઙ્મુખ હોવાથી મૂળથી જ તિરસ્કારને યોગ્ય છે.

(ખાનગીમાં બેઠેલા અન્યગચ્છીયને શાસ્ત્રકાર કહે છે કે–) "ઘરે જ સામાયિક કરીને સાધુની જેમ સાધુ પાસે આવીને–સાધુને નમસ્કાર કરીને–સાધુસાક્ષીએ યાવત્ **'साधून् पर्युपासे'** એ પ્રમાણેનો ઉચ્ચાર કરવા પૂર્વક સામાયિક કરીને–ચૈત્યોને નમસ્કાર કરીને–ઇર્યાવહી પડિક્કમીને–માર્ગમાં લાગેલા દોષો આલોચીને–આચાર્યાદિને વંદન કરીને બેસે–પૂછે અને ભણે," એ પ્રકારના શાસ્ત્રોક્તવિધિ વડે ખરતર કે બીજો કોઈ પણ સામાયિક કરતો જોવામાં આવતો નથી. તો તેમાં આપણ બન્નેને પણ એ દોષ કેમ ન લાગે? એવી શંકા ન કરવી: કારણકે–આપણે 'અમે ચૂર્ણિ વગેરેમાં કહેલી સામાચારીને આશ્રયીને પ્રવર્ત્તીએ છીએ,' એમ કહેતા નથી; પરંતુ–"ચૂર્ણિ વગેરેએ કહેલી સામાચારી રૂપ પૃથ્વીનો જેણે આશ્રય કરેલ છે તેવા સમુદાયરૂપ દેશના નાયક=આચાર્યરૂપી રાજાની આજ્ઞાનું પાલન કરનારાઓનું કલ્યાણ છે; પણ ચૂર્ણિ વગેરેમાં કહેલી સામાચારી, 'ચૂર્ણિમાં કહેલ છે તે મુજબ કરો' એમ કહેવામાં આવે તો તે આજ્ઞા ઝીલે તેવો કોઈ હાલમાં આજ્ઞેય નથી. તેમજ તેવી આજ્ઞા કરે તેવો કોઈ આજ્ઞાપક પણ નથી, તેથી (તે ચૂર્ણિગત સામાચારી) ઉજ્જડભૂમિ જેવી જ જોવામાં આવે છે." (એમ કહીએ છીએ.)

તે દુરાત્મા તો–'ચૂર્ણિ વગેરેમાં કહેલ સામાચારી મુજબ હું પ્રવર્ત્તું છું' એમ કહીને પણ તેનાથી સર્વથા નિવર્ત્તે છે! એથી તેનું જ ચૂર્ણિ વગેરેની આજ્ઞાથી પરાઙ્મુખપણું છે, બીજાનું નહિ એમ જાણવું: આ સ્પષ્ટીકરણથી 'એ સામાચારીનો આશ્રય આપણે કેમ કરતા નથી?' એ શંકા દૂર કરી. બહુપરિચિત, સ્વજનવર્ગ, સુરાજાથી યુક્ત, સારી વાડ–કિલ્લા-વાળા અને પરંપરાથી આવેલ ઘરોવાળા દેશને છોડીને નિર્જન ભૂમિપ્રદેશમાં ચોર સિવાય કોઈ પણ રહેવાને ઇચ્છે નહિ. આ સ્પષ્ટીકરણ વડે–'તપાગચ્છીય આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ સ્વોપજ્ઞ શ્રાદ્ધદિનકૃત્ય અને ધર્મરત્નપ્રકરણના રચયિતા (વાદિવેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજી) આચાર્યમહારાજે પોતાના ગ્રંથમાં પોતે ચૂર્ણિ મુજબ કરતા નથી છતાં પણ ચૂર્ણિમાં કહેલ સામાચારી કેમ જણાવી?' એ પ્રકારની શંકા પણ દૂર કરી. કારણકે– 'ગ્રન્થકર્ત્તા, જેનું જેવું સ્થાન હોય ત્યાં તેવા સ્થાનને અનુકૂળ પ્રયોગ કરે, એ ન્યાય હોવાથી આચરતા હોય કે–ન આચરતા હોય તેની રચના કરવામાં બાધા છે જ નહિ. લોકમાં પણ– 'કાવ્ય વગેરેમાં પોતે રહેતા હોય તે જ ભૂમિનું વર્ણન કરે' એવું છે જ નહિ: અથવા

લેખકને-તેણે લખ્યું હોય તે પ્રમાણે આચરનાર તરીકે સમજવો નહિ. ઉકેશગચ્છીય આચાર્ય શ્રી કક્કસૂરિજીએ રચેલ શ્રી નવપદ પ્રકરણની ટીકા કરનાર તેમના શ્રી જિનચંદ્ર નામના શિષ્યે, તે ટીકામાં પોતે ચૂર્ણિ મુજબ આચરણ કરતા નહિ હોવા છતાં પણ ચૂર્ણિકારે લખેલી જ સામાચારી લખી છે. એ પ્રમાણે શ્રી અભયદેવસૂરિજી મહારાજે રચેલી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કૃત પંચાશિકાની ટીકામાં પણ જાણવું.

વળી શ્રી હરિભદ્રસૂરિજી કૃત (તે) પંચાશિકાની ટીકા કરનાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે આવશ્યકબૃહદ્દવૃત્તિને જ અનુસરવું રહે છેઃ કારણકે-શ્રી પંચાશિકાસૂત્ર અને આવશ્યકબૃહદ્દવૃત્તિ, તે બંનેના કર્ત્તા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ હોવાથી તે બંને ગ્રંથનું એક કર્તૃત્વ છે. ટીકાનું ઉપાદેયપણું સૂત્રકારના અભિપ્રાયે જ કરી હોય તો છે. એમ ન કરી હોય તો પૂર્વાપરના વિરોધનો પ્રસંગ આવે અને એ પ્રમાણે (કહેવામાં) 'શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ, ચૂર્ણિમાં જણાવેલ સામાચારીના પ્રવર્ત્તક ઠરશે' એમ શંકા ન કરવી. કારણકે 'શ્રી હરિભદ્રસૂરિજીમ૦ના કાળે ચૂર્ણિમાં કહેલી સામાચારી (પાલનમાં) હતી અને અમુક કાલથી વિચ્છેદ ગઈ,' એમ પ્રકરણ-ટીકા વગેરેમાં કહેલું ક્યાંય પણ જોવામાં આવતું નથી. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ વગેરેની જેમ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની પણ માત્ર લખવા પૂરતી જ પ્રવૃત્તિ સંભવે છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જે વિધિ કરતા હતા તે વિધિ તો શ્રી સુધર્માસ્વામીથી અવિચ્છિન્ન પરંપરાગત લિખિત સમાચારીથી જાણવો. (અર્થાત્ તેઓશ્રીએ લખ્યું તે પ્રમાણે તેઓ કરતા હતા એમ ન સમજવું; પણ પાટપરંપરાગતવિધિ પ્રમાણે તેઓશ્રી કરતા હતા એમ સમજવું.) અને તે વિધિ આ પ્રમાણેઃ-"ઇર્યાવહી પડિક્કમીને-ખમાસમણું દઈને-'ઇચ્છા૦ સંદિ૦ ભગવન્! સામાયિક મુહપત્તિ પડિલેહું?' એમ કહેતો મુહપત્તિ પડીલેહે. તે પછી ખમાસમણું દઈને-'ઇચ્છા-સંદિ-ભગવન્! સામાયિક સંદિસાહુ?' ઇચ્છં. પછી ખમાસમણું દઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક ઠાહં?' એમ કહીને એક નવકાર ગણવા પૂર્વક સામાયિક દંડક ઉચ્ચરે, તે આ પ્રમાણેઃ-' કરેમિ ભંતે! સામાઇઅં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ૦ ઇત્યાદિ' તે પછી ખમાસમણું દઈને સામાન્યથી, 'બેસણે સંદિસાહું' કહે. તેમાં વિશેષથી વર્ષાઋતુમાં કાષ્ઠાસને, ઋતુબદ્ધ (શેષ) કાલે પ્રાદુંછનક (ગરમટુકડો) સંદિસાવઉં. પછી ખમાસમણું દઈને (ઇચ્છા૦ સંદિ૦ ભ.) 'બેસણે ઠાહં.' ત્યાર પછી ખમાસમણું દઈને (ઇ. સં. ભ.) 'સજ્ઝાય સંદિસાવઉં?' પછી ખમાસમણું દઈને (ઇ. સં. ભ.) 'સજ્ઝાય કરઉં?' એમ કહીને ત્રણ નવકાર ભણે. ત્યાર પછી જઘન્યથી પણ બે ઘડી સુધી સ્વાધ્યાય કરે ઇત્યાદિ."

એમ ન કહેવું કે-'સુધર્માસ્વામીથી અવિચ્છિન્નવિધિ, ચૂર્ણિ વગેરેમાં કહેલ છે તે જ છે અને હમણા કહી ગયા તે વિધિ તો તમારા પ્રાચીન આચાર્યની કલ્પેલ છેઃ' કારણકે-"એમાં હમણાં કહી ગયા તે વિધિનું કલ્પિતપણું માને સતે અને ચૂર્ણિ વગેરેમાં કહેલ

વિધિનું (આજે પણ ગ્રંથમાં તો વિદ્યમાનપણું હોવા છતાં) હાલમાં કોઈના પણ વડે કર્ત્તવ્ય તરીકે વિદ્યમાનપણું નહિ હોયે સતે સામાયિકના વિધિનું વિચ્છેદપણું પ્રાપ્ત થાય અને એમ સામાયિકવિધિનો વિચ્છેદ–નાશ થયે સતે ઉભયસંધ્યાનું જે આવશ્યક કૃત્ય (પ્રતિક્રમણ) છે તે પણ વિચ્છેદ પામ્યું હોત, અને તેમ બન્યું હોત તો હાલ ઉભયટંક જે આવશ્યક કૃત્ય થઈ રહ્યું છે તે કયાંથી હોય? સામાયિકવિધિ સિવાય પૌષધ વગેરે બને નહિ. તેથી પૌષધાદિ ક્રિયાઓનો પણ વિચ્છેદ માનવો પડે અને ક્રિયાઓનો વિચ્છેદ માને સતે ક્રિયા નહિ કરવાપણું પ્રાપ્ત થવાથી શ્રાવક–શ્રાવિકા રૂપ અર્ધું તીર્થ વિચ્છેદ થયું એમ માનવું પડે અને તેમ માનવું થયે સતે અત્યંત અયોગ્ય થશે."

'તો પછી ખરતરો વડે કરાતો સામાયિકનો વિધિ, અખંડિત રહો–તેનું ખંડન ન કરો.' એમ ન કહેવું. કારણ કે–ખરતરો વડે કરાતા સામાયિકવિધિના ખંડનનું શ્રી મહાનિશીથાદિસૂત્રના વિરોધ વડે આગમપ્રમાણથી સિદ્ધપણું છે: 'તો પછી ચૂર્ણિ વગેરેમાં કહેલો સામાયિકવિધિ, કોઈના પણ વડે કરાતો હતો કે નહિ?' એમ જો તું પૂછતો હોય તો એ પ્રમાણે પૂછીશ નહિ. કારણકે–તથાપ્રકારના વિચારનું બહુશ્રુતગમ્યપણું હોવાને લીધે તે અમારા વિચારના વિષયને યોગ્ય જ નહિ હોવાથી એ વિસ્તારથી સર્યું.

(અન્યગચ્છીયને કહે છે કે–આ ખુલાસા પછી) તું જો એમ કહે કે–"બહુશ્રુતગમ્ય એવી તે પૂર્વે કહેલી યુક્તિને લઈને–સ્વીકારીને પ્રામાણિક પર્ષદામાં પ્રવેશ કરતો ઉલટે માર્ગે રહેલો, નામ જેવા ગુણવાળો=યથાર્થ નામવાળો કોઈ (ખરતર) '**पच्छा ईरिआवहिआए पडिक्कमिअ**–પછી ઇર્યાવહી પડિક્કમીને.' એ પદ પકડીને–ખરસ્વરે કરીને મૂર્ખની પર્ષદાને સંભળાવતો પોકાર કરે, તેને શાણો કેવી રીતે બનાવવો?" તો તે બદલ પહેલાં તો તેને જ પૂછવું કે–"હે દેવાનાંપ્રિય! મૂર્ખશિરોમણિ! તારા વડે કરાતો સામાયિકવિધિ, પરંપરાગત છે? કે–ચૂર્ણિમાં કહેલો છે તે છે? જો પરંપરાગત છે, તો તે સુધર્મસ્વામીની પરંપરાથી આવેલ છે? કે–તારા મતને પ્રવર્ત્તાવવાવાળા પુરુષથી પરંપરાગત છે? જો 'સુધર્મ-સ્વામીથી પરંપરાગત છે' એમ કહે તો તે અસંભવિત છે. કારણકે–પરંપરાગત હોવાની સાક્ષી આપનારા બીજા ગચ્છમાં કરાતા વિધિનો (તારા મતવાળા તે સમુદાયમાં) અભાવ છે. એવા પ્રકારનો વિપરીત વિધિ, પરંપરાગત ગચ્છમાં કોઈપણ સ્થલે જાણવામાં આવતો નથી: બીજા વિકલ્પમાં એટલે કે–'તારા મતના પ્રવર્ત્તક પુરુષથી પરંપરાગત છે' એમ કહે તો તે બાબતમાં પાપી પાર્શ્વચંદ્રે પ્રકાશેલ વિધિની જેમ (તારો તે વિધિ) સર્વ ગચ્છ-વાસીઓને પણ અત્યંત અનિષ્ટ હોવાથી તારા પોતાના સ્થાનમાં જ શોભનીય છે.' અથવા જો બીજા વિકલ્પ મુજબ 'તારો સામાયિકવિધિ ચૂર્ણિમાં કહેલ છે તે છે' એમ કહે તો પ્રત્યક્ષનો અપલાપ કરતો હોવાથી સ્પષ્ટ જ અનિષ્ટભાષી છો. કારણકે–ખરતર કે બીજો કોઈ તે વિધિને કરતો જોવાતો જ નથી, એમ પહેલાં કહ્યું છે. આમ છતાં તેવો વિધિ કરે છે તેમાં–'આગમઅવિરોધી એવા પરંપરાગત વિધિને તજીને અને ચૂર્ણિ વગેરેમાં

કહ્યા મુજબ વિધિને ન કરતાં ’ એવા તે ‘ ધ્વનિથી ઉત્પન્ન થએલી પ્રીતિ એ જ માત્ર ફલ છે જેનું ( નહિ કે–વર્ષાફલક–વરસાદના ફળવાળા ) એવા મેઘના ધ્વનિને સાંભળીને જલથી ભરેલો કુંભ ઢાળીને પોતાને કૃતાર્થ માનનારી ( અને કુંભના જળથી તેમજ મેઘના જળથી ભ્રષ્ટ થએલી એવી ) પનિહારીને સગી બ્હેન કરી. ’ કારણકે– **‘पच्छा ईरिआवहिआए’** એવું આશા માત્ર સુખજનક પદ સાંભળીને ઉંચા કાન કરનારો ( પ્રાચીન સામાચારી અને ચૂર્ણિકથિત સામાચારી એ ) બંનેથી પણ ભ્રષ્ટ એવો તું પોતે જ પોતાને પંડિત માને છે.

વળી–“**पच्छा ईरिआवहिआए** પદ વડે ‘ પાછળ પણ ઇર્યાવહી કરવાનું સ્થાપીશ. ’ એવા ખરાબ આશયવાળા તારા મતના પ્રવર્ત્તક આચાર્યે આચરાતી આગમાનુસારી એવા સુધર્મસ્વામીથી આવેલ સામાયિકવિધિને નવો મત પ્રવર્ત્તાવવાની બુદ્ધિથી તજી દીધો, ‘ સામાયિક લીધા પછી ઇર્યાવહી કરવી. ’ એ ઇર્યા પણ પ્રથમ જણાવેલ યુક્તિથી સિદ્ધ થઈ નહિ. એટલે તેને તો ‘ શીલનો નાશ કર્યો અને કામ શાંત થયો નહિ ’ એ પ્રકારનો ન્યાય સિદ્ધ થયો. ”

હવે જો–‘ અમે આખો સામયિકવિધિ, ચૂર્ણિ વગેરેમાં કહેલો કરતા નથી; પરંતુ ઇર્યાવહી પૂરતો જ વિધિ ચૂર્ણિ આદિમાં કહ્યા પ્રમાણે કરીએ છીએ અને ( ઇર્યાવહી સિવાયનો ) બાકીનો વિધિ ( ચૂર્ણિમાં કહ્યા મુજબ કરતા નથી; પરંતુ ) પરંપરાગત કરીએ છીએ ’ એમ ખરતર કહે તો પૂછવું કે–‘ તે ઇર્યાવહીના વિધિ સિવાયનો ચૂર્ણિમાંનો બાકીનો વિધિ, સત્ય માને છે કે અસત્ય ? ’ જો ‘ સત્ય છે. ’ એમ કહે તો પછી ‘ ચૂર્ણિમાંના ( ઇર્યા સિવાયના ) તે બાકીના વિધિને છોડીને તેમાંની ( ચૂર્ણિમાંના ) તે ઇર્યાવિધિ સાથે તારા પરંપરાગત-વિધિના ટુકડાને જોડવા વડે આત્માને કલેશ કેમ પમાડે છે ? ’ અર્થાત્ ચૂર્ણિમાં કહેલ બધા જ વિધિ મુજબ પ્રવર્ત્તન કેમ કરતો નથી ? કોઈ મૂર્ખશિરોમણિ પણ ઉત્તમ એવા બે વસ્ત્રને એકેકના બે ત્રણ અને અનેક વખત ટુકડા કરીને એક ટુકડો બીજા ટુકડાને જોડીને પહેલાંના જેવું આખું કરવાને ઇચ્છતો નથીઃ અને ચૂર્ણિમાંનો **पच्छा ईरिया०** સિવાયનો બાકીનો બધો વિધિ જો ‘ અસત્ય છે. ’ ( આથી અમે તેનો ત્યાગ કર્યો છે ) એમ કહે તો કહેવું કે–‘ તેની જેમ ચૂર્ણિમાંનો તે **पच्छा ईरिआवहिआए** પાઠ ’ પણ તમારે અસત્ય હો.

એ પ્રમાણે પરંપરાગત એવો શેષ વિધિ અથવા **पच्छा० ईरिआ०**નો વિધિ, ‘ સત્ય છે કે અસત્ય છે ? ’ એમ બે વિકલ્પથી દૂષિત કરવો. વળી– ‘ ઇર્યાવહી પડિક્કમવાની બાબતમાં ( અમારૂં અને ખરતરનું ) અસમાનપણું હોવાથી ( ખરતરો વડે ) ચૂર્ણિનો આશ્રય લેવાય છે ’ એમ પણ ન કહેવુંઃ કારણકે–‘ ઇર્યાવહી સિવાયના ( ખરતરે આચરાતા ) બાકીના વિધિનું પણ અસમાનપણું જ હોવાથી તેને ચૂર્ણિમાં કહેલા ( સર્વ ) વિધિનો જ આશ્રય કરવાનો પ્રસંગ આવશે. ’ એ પ્રમાણે તેને શાણો કરવો.

( આ સ્પષ્ટીકરણ સાંભળીને ગચ્છાંતરીય ફરી પૂછે છે કે– ) ‘ એ પ્રમાણે શાણો કરવા છતાં પણ સ્વાભાવિક સ્વભાવ હોવાથી તે ફરી પાછો ઉલટો થવા ઉત્સાહ કરે ત્યારે તેને

તે દિશાથી કેવી રીતે રોકવો?' એને શાસ્ત્રકાર કહે છે કે–તારૂં કહેવું ઠીક છે. ત્યારે તેને જ આ પ્રમાણે પ્રેરણા કરવી કે–હે ઔષ્ટ્રિક! 'ઇર્યાવહી કરવા પૂર્વક સામાયિક લેવું,' એ વાત આગમિક છે કે અનાગમિક? જો 'આગમિક છે' એમ કહે તો તેને કહેવું કે– "તો પછી તે જ પ્રમાણે સામાયિક કરવામાં શું તારો કાન પાકી જાય છે? કે–જેથી પરંપરાથી આવેલા સર્વ ગચ્છોથી વિપરીત આચરણા કરવા વડે પોતાનું પેટ ચોળીને શૂલ ઉભું કરે છે?" અને જો 'અનાગમિક છે' એમ કહે તો તેને સભામાં રહેલા જનોએ જ એમ કહેવું કે–"હે દેવાનાંપ્રિય! ત્રણ–પાંચ–સાત આદિ વિષમ સંખ્યાવાળા જનોમાંથી એક પણ વધુ જન જેનો પક્ષપાતી હોય તે જ પક્ષ જયવંત ગણાય છે; પરંતુ બીજો પક્ષ જયવંત ગણાતો નથી, તો (પછી) બધા જ ગચ્છો, 'પહેલી ઇર્યાવહી કરવી' એ જ પક્ષમાં હોયે સતે તું ઉલટો ચાલવાને સમર્થ ક્યાંથી થઈશ?" એ પ્રમાણે શબ્દમાત્રથી પણ તેને તે દિશાથી રોકવાનું બનશે.

વળી–'આ તિરસ્કરણીય મત કયા પુરુષથી માંડીને છે?' એમ જો પૂછતા હો તો–અહો સભ્યો! પ્રવચનવિરુદ્ધની સામાચારીને પ્રવર્તાવનાર પુરુષથી માંડીને તે મત પેદા થયો છે, એમ શું તમે પોતે જ જાણતા નથી? છતાં (તમે કહો ને કહો જ એમ) અતિ આગ્રહ કરો છો તો તેમાં સમજો કે–"પૌષધવિધિ પ્રકરણ અનુસારે અને વૃદ્ધપરંપરાનુસારે (પ્રાચીન) સામાચારીનો **परावर्त्तक**=ફેરફાર કરનાર જિનવલ્લભ જ છે; પરંતુ તે પૌષધવિધિ પ્રકરણનો શેષ ભાગ, તેના આયુષ્યના અતિ અંતભાગે–છેલ્લી સ્થિતિમાં (કોઈએ ગોઠવ્યો એમ) સંભવે છે. નહિં તો તે પૌષધવિધિપ્રકરણની જેમ પિંડવિશુદ્ધિ પ્રકરણની પણ અમાન્યતા–અનુપાદેયતા થાત. એટલે કે–જિનવલ્લભે રચેલ પિંડવિશુદ્ધિ પ્રકરણ (તેમાં ફેરફારી નહિ થએલી હોવાથી) માન્ય થયું અને પૌષધવિધિપ્રકરણ માન્ય ન થયું તે બન્યું ન હોત; 'ખરતર' એવું બિરુદ કાઢનાર તો જિનદત્તાચાર્ય જ છે. અર્થાત્ ખરતરમત (જિનવલ્લભથી નહિ; પરંતુ) જિનદત્તથી શરૂ થયો છેઃ **ગુરુતત્ત્વપ્રદીપ** (ઉત્સૂત્રકંદકુદ્દાલ)માં કહ્યું છે કે–'હે જિનદત્ત! જિનેશ્વરે દીધેલી પૂજા માસકલ્પ વગેરે ક્રિયારૂપ કોશનો જે છેદ કર્યો, તેથી સંઘબાહિરની વાતના ભયથી તારે ઊંટ ઉપર ચઢીને પલાયન થવાનું બન્યું.' અથવા એ ઇર્યાવહી પણ જિનદત્તાચાર્યથી જ શરૂ થએલ છે એમ જાણવું. પૌષધવિધિપ્રકરણનું તો તે અલીક (જુઠાણું) તેના (જિનવલ્લભના) નામથી જિનદત્તાદિની જ કૃતિ સંભવે છે. (અર્થાત્ પૌષધવિધિપ્રકરણમાંની તે શેષ રચના જિનવલ્લભના નામે જિનદત્તાચાર્યાદિની જ બનાવેલી સંભવે છે.) અને એ પ્રમાણે બનવું અસંભવિત નથીઃ કારણકે–ઘણા ભાગે ખરતરના મતમાં તરણિપ્રભની જેમ તેવી પ્રવૃત્તિનું પણ સુલભપણું છે, અને તેવું ફેરફારી=ઘાલમેલ કરવાપણું અનેક વખત સહસ્રકિરણ ટીકા (પ્રવચનપરીક્ષા)માં સ્પષ્ટ કરીશું."

વળી આ પ્રમાણે–'તેના મતનો તિરસ્કાર કરે સતે શ્રી સુધર્મસ્વામીથી ચાલ્યા આવતા જે ગચ્છમાંથી એ મતની ઉત્પત્તિ થએલ છે તે ગણ–ગચ્છવર્ત્તી પ્રાચીન આચાર્યોનો

તિરસ્કાર થશે કે નહિ?' એવી લેશમાત્ર શંકા ન કરવી. કારણકે-જે ગચ્છની આજ્ઞાના જે વૈરીઓ હોય તેનો તિરસ્કાર કરે સતે તે ગચ્છ જ સ્તવ્યો કહેવાય, એવો ન્યાય હોવાથી (તેના તિરસ્કારમાં તો) ઉલટી જમાલિના તિરસ્કારમાં પ્રભુ મહાવીરની સ્તુતિની જેમ પ્રાચીન આચાર્યોની સ્તુતિનો સદ્‌ભાવ છે. કહ્યું છે કે-'સ્વામીને જે પ્રિય હોય તેમાં પ્રિયતા, અને તેના વૈરીઓને વિષે વૈરિતા એ પ્રમાણે સેવકે હંમેશાં સ્વામીના જ અવિરોધપણે વર્ત્તવું જોઈએ.' વળી એમ પણ ન કહેવું કે-'પ્રાચીન ગચ્છોની સ્તુતિમાં ખરતરના મતની સ્તુતિ છે.' કારણકે-પ્રભુ મહાવીરની સ્તુતિમાં જમાલિની સ્તુતિ માનવાનો પ્રસંગ આવશેઃ આ હકીકતથી-'સાધુ-સજ્જનનાં સંતાન સજ્જન જ હોય' એ નિયમનો પણ અભાવ જાણવો. નહિ તો તપાગચ્છમાંથી નીકળીને બન્ને બાજુ ફાંસારૂપ મતના પ્રકાશક પાપી પાર્શ્વચંદ્ર પણ અસાધુ ન થાતઃ અથવા સમસ્ત સુર-અસુર અને નૃપતિએ પૂજેલ શ્રી અર્હત્પ્રતિમાની અવજ્ઞા કરવામાં તત્પર એવા લુંપાકમતનો આશ્રય કરનાર સંઘપતિના પુત્રને પણ સંઘ બહાર કરવાનું ન બનત. લોકમાં પણ ઉત્પત્તિસ્થાનને જોઈને વસ્તુ, સ્વીકાર કરવાને કે તજી દેવાને યોગ્ય બનતી નથી. કારણ કે-શ્રી શત્રુંજયતીર્થે ઉત્પન્ન થએલ આકડાનું દૂધ અને ખારા જળવાળા સમુદ્રમાં ઉત્પન્ન થતા રત્નની જાતિમાં ઉલટાપણું દેખાય છે. અર્થાત્ તીર્થસ્થાને ઉત્પન્ન થવા છતાં આકડાનું દૂધ પેય નથી. તેમજ ખારા જળવાળા હીન સ્થાનમાં ઉત્પન્ન થવા છતાં રત્ન હેય નથીઃ

વળી જો-"સામાચારીઓનું વિવિધપણું હોવાથી (**पच्छा ईरिआ०**વાળી ખરતરની) એવી પણ કોઈ એક સામાચારી હો, નહિ તો આપણ બંનેને અને બીજાઓને પણ પરસ્પર કોઈ કોઈ પ્રકારે ભેદ હોવાથી '**विवादास्पदत्वात्, कथं निर्णयः? इति चेत्, न, प्रवचनाविरोधे कथंचिद्भेदसद्भावेऽपि विवादास्पदत्वाभावात् सुखेन निर्णयात्, न हि वयं केवलं भेदमात्रेण' (इति जैनानंदपु० सुरत लिखितप्रतौ पाठस्याधिकत्वं)**= વિવાદનું સ્થાન છે તો તેનો નિર્ણય કેમ થાય?" એમ જો કહેતો હોય તો-એમ નથી. કારણકે-'પ્રવચનનો વિરોધ ન હોય તેવા કોઈ કોઈ ભેદનો સદ્‌ભાવ હોવા છતાં પણ વિવાદના સ્થાનનો અભાવ હોવાથી તેવા ભેદનો નિર્ણય સુખપૂર્વક થઈ શકે છે. વળી અમે કેવલ ભેદમાત્રથી (ખરતરીય સામાચારીને) વિવાદનું સ્થાન કહેતા નથી; પરંતુ પ્રવચનનો વિરોધ હોવાથી વિવાદાસ્પદ કહીએ છીએ જો (ખાનગીમાં બેઠેલ અન્યગચ્છીય અને શાસ્ત્રકાર) આપણા બન્નેમાં પણ એ પ્રકારનો ભેદ હોય તો વિવાદ થાય જ, અને વિવાદમાં આગમપક્ષે રહેલ હોય તે પક્ષ, નિપુણ કહેવાય; પરંતુ બીજો નહિઃ વળી જે-'સામાચારીઓની વિવિધતા હોવાથી આવી (ખરતરના જેવી) પણ કોઈ સામાચારી હો.' એમ કહ્યું તે તો ન વિચારવું જ સારૂં છે. કારણ કે-પ્રથમ જણાવ્યા પ્રમાણે અનેક પ્રકારે પ્રવચનવિરોધી સામાચારીનો પણ સ્વીકાર કરવામાં આવે તો કઈ સામાચારીનો અસ્વીકાર કરવો?

(આ સાંભળીને અન્યગચ્છીય કહે છે કે-) 'આપને અમે તે (ખરતરની) સામા-

ચારી સાચી છે અને 'તેને રાખો' એમ કહેતા નથી; પરંતુ 'બીજા પ્રકારે છે=સત્યાસત્ય છે' એમ માનો અને તેને રાખો, એમ કહીએ છીએ. તેને કહેવાય છે કે–જો તું એમ કહેતો હોય તો અમે પણ એ પ્રમાણે જ સમર્થન કરીએ છીએ. વળી (આ–ખરતરમત-સંબંધે) એક આશ્ચર્યકારી ચરિત્ર સાંભળો કે–જે અનેક સારા નરસા સ્થાને પડેલા અનેક વસ્ત્રના ટુકડાથી બનાવેલી અને હજુ પણ પૂર્ણ નહિ થએલી ગોદડી જેવી સામાચારીને ડોકમાં ભરાવીને ગુણનિષ્પન્ન (ખરતર) નામવાળો હોવા છતાં પણ પોતે ગર્વ વહે છે! અને પ્રવચનવિરોધી અનેક પ્રવૃત્તિનું ભેળસેળપણું હોવાથી તેમજ પ્રવચનાનુસારી પરંપરાથી આવેલી સામાચારીથી ઉલટાપણું હોવાથી તે સામાચારીનું તેવી કંથા–ગોદડી સદૃશપણું છે, અને પ્રવચનના અવિસંવાદ વડે કરીને અમારી (તપાગચ્છીય) સામાચારીનું નિપુણ શિલ્પિએ કરેલા–બનાવેલા અર્હંત્ પ્રાસાદના મુગટ સમાન શિખર ઉપર રહેલી ઉત્તમ પતાકા સદૃશપણું પ્રકટ જ છે. (આ. શ્રી સોમસુંદરસૂરિજી શિષ્ય કૃત) શ્રી વિજ્ઞપ્તિત્રિદશતરંગિણી (ગત ગુર્વાવલિવિભાગ)માં '**या श्रीवीरसुधर्म्माद्यैः०**' ઇત્યાદિ ગાથા વડે કહ્યું છે કે–" આ (તપા) ગચ્છની જે સામાચારી છે તે સામાચારી તો શ્રી વીરપ્રભુ અને શ્રી સુધર્મસ્વામી આદિ પરમતારક મહાપુરુષોએ પ્રરૂપેલી, પોતાના આગમને અનુસારી અને સ્થવિરોએ આચરેલી કાલને અનુરૂપ યતનાને આશ્રયીને રહેલી એવી શુદ્ધ છે, તે જ સામાચારી અખંડિત છે, પરંપરાગત છે અને સર્વ ગચ્છોમાં રહેલી સામાચારીથી શ્રેષ્ઠ[૭૫] છે."

વળી (હે સભ્યો!) –'ઉપધાન વહેવડાવવાં વગેરેના વિવાદ વડે કેટલાક ગચ્છોની સાથે આપને પણ વિવાદનો સંભવ હોવાથી આપની સામાચારી, સંવાદિકા કેમ કહેવાય?' એમ ન કહેવું: કારણ કે–ઉપધાનવાહન વગેરે વિષયમાં વિવાદનો લેશ પણ સંભવ નથી. કારણ કે–જેઓએ શ્રી મહાનિશીથાદિમાં જણાવેલ યોગવહન કરેલા હોય તેઓએ જ ઉપધાન વહન કરાવવાં આદિ યુક્ત છે, બીજાએ નહિ. કારણ કે–આજ્ઞા-ભંગાદિ દોષો વડે સંસાર પરિભ્રમણનો પ્રસંગ છે. એમ હોવાથી અને તથાપ્રકારની સામગ્રીવશાત્ ક્રિયામાં શિથીલ એવા પણ તેમના (અંચલગચ્છાદિના) પ્રાચીન આચાર્યો, 'કે–જે પાપભીરુ જ હતા.' તેઓએ વિચાર્યું કે–" અમારે ઉપધાન વહેવડાવવાં વગેરે ઉચિત નથી. કારણ કે–ઉપધાનના હેતુભૂત યોગવહન કરેલ નથી. '**प्रवचनोपघातेन बोधिनाशप्रसंगाच्च, यद्यपि क्रियां कर्त्तुमशक्तः [ क्ताः ] तथापि बोधिस्तु रक्षणीयैव, यत उक्तं**' (**जैनानंदपुस्तकालय सुरतलिखितप्रतौ**) [**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि णिव्वाणं**] **इति पाठाधिक्यं**

**૭૫.** ચૌદમી શતાબ્દિમાં થયેલા શ્રીમત્તપાગચ્છગગનદિનમણિ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ પણ શ્રીમત્તપાગચ્છની જે ચાલુ અવિચ્છિન્ન પરંપરાને આવી ટંકશાલિની હોવાનું જણાવે છે તે જ ચાલુ અવિચ્છિન્ન આચરણાની સં. ૧૯૯૨થી કેવલ મતિકલ્પનાથી પેદા થએલ નગુરો નવો વર્ગ, પોતાના તે સાર્વદિક્ નિરાધાર અને આરાધ્યતિથિઘાતક ઠરેલા નવા મતના નશાથી **પર્વતિથિપ્રકાશ** બૂકના પાના ૨૩૨ થી ૨૩૭ સુધીમાં અને અન્યત્ર પણ ઠેકડી–ક્રૂર મશ્કરી કરે છે તે દયાપાત્ર જ છે.

सुरेन्द्रनगरभांडागारीयलिखितप्रतौ )–( અને ઉપધાન કરાવીએ તો તેમાં ) આગમવચનનો લોપ થતો હોવાથી બોધિનાશનો પ્રસંગ છે. જો કે–અમે ( યોગની ) ક્રિયા કરવા અશક્ત છીએ ( અને તેથી યોગ કર્યા નથી ) તો પણ સમ્યકત્વ તો સાચવવું જ: કહ્યું છે કે– દર્શન–સમ્યકત્વથી ભ્રષ્ટ તે ભ્રષ્ટ છે, દર્શનથી ભ્રષ્ટ થએલાને નિર્વાણ–મોક્ષ નથી; ચારિત્રહીન મોક્ષ પામે છે, પરંતુ દર્શનહીન મોક્ષ પામતા નથી." ઇત્યાદિ વિચારીને તેમના તે પ્રાચીન આચાર્યોએ કહ્યું કે– "અમારા ગચ્છમાં કોઈએ પણ ઉપધાન વહેવડાવવાં વગેરે ન કરવું, વળી તે ન કરવું તે ઉપધાનની અશ્રદ્ધાથી નહિ=અર્થાત્ ઉપધાનની શ્રદ્ધા રાખીને જ ઉપધાનાદિ ન કરાવવાં" આટલાથી સામાચારીમાં વિવાદ પ્રાપ્ત થતો નથી: વળી તે ગચ્છના આધુનિકો, જે–ઉપધાન વગેરેનો સર્વથા મૂલથી નિષેધ કરે છે, તે તો ન વિચારવું જ સારૂં છે. કારણ કે– 'તેઓ તથા અમો એમ બન્નેને સંમત એવા તેઓના જ પ્રાચીન આચાર્યોએ કોઈપણ ગ્રંથમાં નિષેધ કરેલ નથી અને ( આધુનિકો જે સર્વથા નિષેધ કરે છે તે ) આગમ-વિરુદ્ધ છે. આગમવિરોધ કેવી રીતે ? તો કહે છે કે– **'काले विणए बहुमाणे उवहाणे'** એ આગમવચનથી આગમવિરોધ છે. ( **'आगमविरोधेन तु संवादकत्वाभावोऽभीष्ट एवेति रहस्यं'** એટલો જૈનાનંદ પુસ્તકાલય લિખિતપ્રતમાંનો પાઠ મુદ્રિત પ્રતમાં છૂટી ગએલ છે ) 'આગમ-વિરોધ વડે તો સંવાદકપણાનો અભાવ છે અને તે ઇષ્ટ જ છે.' એ પ્રમાણે રહસ્ય છે. વળી જો–' એ પ્રકારના વિચારમાં વિચારહીન એવા તેને રોષ નહિ થાય ?' એમ તમે કહેતા હો તો જાણવું કે– 'પહેલાં કહ્યું છે તે હિતશિક્ષા રૂપ હોવાથી પ્રાયઃ રોષ થશે નહિ એમ સંભવે છે. છતાં થશે તો પણ શું ?' જો એમ કહો કે– 'એ વિચાર જણાવ્યો છે તેમાં તેને વિકલ્પે પણ ક્રોધનો સંભવ છે તો તેમ થવા દેવામાં આપને શું લાભ થશે ?' તો હે સભ્યો ! શ્રી જિનવચનને કેમ સંભારતા નથી ? કારણ કહ્યું છે કે–'સ્હામો જન રોષ કરો કે ન કરો અથવા ઝેર પીવો (તે તેની ખુશીની વાત છે;) પરંતુ સ્વ–આત્મપક્ષને ગુણ કરનારી એવી હિતની ભાષા બોલવી જોઈએ.' એ પ્રમાણે સભ્યોની શંકાને દૂર કરવાના વાદ સહિત ગાથાનો અર્થ પૂર્ણ થયો. ॥ ૪૭ ॥

**अवतरणिका**:–હવે સિદ્ધાંત વિરુદ્ધની સામાચારી જણાવવા સારૂ નવ ગાથા જણાવે છે—

**मू०–जह सिद्धन्तविरुद्धं, करिज्जमाणं पि जेण चिन्धेण ॥**
**जाणिज्जइ तं चिन्धं, सुयाणुसारेण वुच्छामि ॥४८॥**
**अणुओगसुत्तवित्ति-चुण्णिप्पमुहेसु पुत्तिरयहरणं ॥**
**सड्ढाणं सड्ढीणं-जिणकहियं बिंति णो कहियं ॥४९॥**
**केइ पुणो मइमूढा, सड्ढाणं साहुउवएसं ॥**
**पोसहमतिहिसुदाणं, पव्वेसुं चेव चरियव्वं ॥५०॥**

गन्थन्तरेहिं गन्थं, संवाएउं विचेअणा जे उ ॥
पवयणदेसं गहिउं, विवरीयं ते परूवेन्ति ॥५१॥
जिणपडिमाण पइट्ठा, पइट्ठकप्पंमि साहुसंदिट्ठा ॥
वीरचरिए कया वि य, चुण्णेणं कविलकेवलिणा ॥५२॥
सत्तुंजयमाहप्पे, दिट्ठा सिरिणाभसूरिसामिकया ॥
तह सूरिपरंपरएण आगया लोयविक्खाया ॥५३॥
तं दट्ठूण विरुद्धा [ट्ठा] पुट्ठा मोहेण बिंति साहूणं ॥
नो जुत्तं किंतु पुणो, गिहत्थकिच्चं मुणेयव्वं ॥५४॥
तेसिं ठवणायरिय-ट्ठवणंपि न सु(जु)ज्झए य अन्नंपि ॥
सूरिपयाइ य ठवणा, किं तह य [किच्चं कह] कीरए तेहिं ? ॥५५॥
एवं वियाणिऊणं, सूरीहिं जिणिंदपडिमसुपइट्ठा ॥
कारिज्जइ सुहहेऊ, जिणवयणविऊहिं सड्ढेहिं ॥५६॥

**મૂલાર્થ:**—જે પ્રમાણે સામાચારીથી સિદ્ધાંતવિરુદ્ધ કરાતું પણ જે ચિહ્નથી જાણી શકાય તે ચિહ્નને શાસ્ત્રાનુસારે કહું છું. ॥૪૮॥ શ્રી અનુયોગદ્વારસૂત્રની, વૃત્તિ અને ચૂર્ણિ વગેરેમાં શ્રાવક–શ્રાવિકાઓને મુહપત્તિ અને ચરવળો જિનેશ્વરે કહેલ હોવા છતાં પણ 'જિનેશ્વરોએ કહ્યું નથી' એમ બોલે છે ! ॥ ૪૯ ॥ વળી કોઈક મંદબુદ્ધિ આત્માઓ, શ્રાવકને ઠીક–સારું લાગે તેમ ઉપદેશ આપે છે કે–પૌષધ અને અતિથિસંવિભાગ, પર્વતિથિએ જ આચરવાનાં છે. ॥ ૫૦ ॥ કે–'જેઓ પોતે સ્વીકારેલા ગ્રંથને બીજા ગ્રંથોથી સંગત કરવામાં ચેતના વગરના છે,' એવા તેઓ પ્રવચનનો એક અંશ ભાગ પકડીને વિપરીત પ્રરૂપણા કરે છે. ॥ ૫૧ ॥ સાધુને શ્રીજિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની શ્રીપ્રતિષ્ઠાકલ્પમાં આજ્ઞા છે, શ્રી વીરચરિત્રમાં 'કપિલ કેવલીએ પ્રતિષ્ઠા કરી' એમ દસ્કત પણ છે, તેમજ શ્રી શત્રુંજય-મહાત્મ્યમાં શ્રીનાભસૂરિસ્વામીએ કરેલી પ્રતિષ્ઠા પ્રત્યક્ષ છે, તે જ પ્રમાણે આચાર્ય પરંપરાથી (પ્રતિષ્ઠા સાધુના જ હાથે કરાતી) આવેલી લોકપ્રસિદ્ધ છે. ॥ ૫૨–૫૩ ॥ એ દેખીને પણ કોપ્યા થકા મોહથી પુષ્ટ થએલાઓ બોલે છે કે–'સાધુઓને તે યોગ્ય નથી; પરંતુ તે કૃત્ય તો ગૃહસ્થનું જાણવું !' ॥ ૫૪ ॥ તેવાઓને સ્થાપનાચાર્યની (પ્રતિષ્ઠા કરાવે છે તે) પ્રતિષ્ઠા કરાવવી પણ કલ્પે નહિ. અને વળી 'સૂરિપદ' વગેરેની સ્થાપના=પ્રતિષ્ઠાકૃત્ય તેઓ કેમ

કરાવે છે ? ॥ ૫૫ ॥ એ બધો પ્રકાર જાણીને શ્રાવકો, સુખના હેતુરૂપ એવી શ્રી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી જિનવચનના જાણ એવા આચાર્યો પાસે કરાવે છે. ॥ ૫૬ ॥

**ટીકાર્થ:**— જે પ્રમાણે સમાચારીથી સિદ્ધાંતવિરુદ્ધ કરાતું હોય તે પણ જે ચિહ્નથી જાણી શકાય તેમ છે તે ચિહ્નને શાસ્ત્રાનુસારે કહીએ છીએ. ॥ ૪૮ ॥ અનુયોગદ્વાર સૂત્ર, તે સૂત્રની ટીકા અને તેની ચૂર્ણિ વગેરે ગ્રન્થોને વિષે શ્રાવકો અને શ્રાવિકાઓને મુહપત્તિ તથા ચરવાળો રાખવાનું શ્રી જિનેશ્વરોએ કહેલું હોવા છતાં પણ 'જિનેશ્વરોએ કહેલ નથી' એમ બોલે છે ! (એ સિદ્ધાંતવિરુદ્ધનું ચિહ્ન છે.) તે શ્રી અનુયોગદ્વારસૂત્રનો પાઠ–'**किं तं लोउत्तरियं भावावस्सयं ? जण्णं समणो वा समणी वा सावओ वा साविआ वा तच्चित्ते तम्मणे ××× तदप्पिअकरणे०**' એ પ્રમાણે છે, તે સૂત્રની ટીકામાં તે પાઠમાંના '**तदप्पिअकरणे०**' શબ્દનો ટીકાર્થ,—'તે આવશ્યકને વિષે આવશ્યકને સારી રીતે સાધી આપનારા એવા શરીર–રજોહરણ–મુહપત્તિ વગેરેને યથોચિતકાર્યમાં વાપરવા સારુ આપેલાં છે=યોજેલાં છે જેણે એવો શ્રાવકઃ એટલે કે–ઉપકરણોને યથાસ્થાને સમ્યક્ પ્રકારે સ્થાપેલ શ્રાવક.' એ પ્રમાણે છે, અને તે શ્રી અનુયોગદ્વારચૂર્ણિનો '**तस्साहणे०**' પાઠાર્થ–'જે શરીર–રજોહરણ–મુહપત્તિ વગેરેદ્રવ્યો છે તે ક્રિયા કરવાપણા વડે કરીને યોજેલા (હોય).' એ પ્રમાણે છે. ॥ ૪૯ ॥

હવે ૫૦મી ગાથા દ્વારા મતાંતર વડે ગ્રંથનો વિરોધ જણાવે છે કે–"વળી કોઈ બીજા ગ્રન્થો જોયા સિવાય ગ્રન્થના એક દેશભાગને પકડીને વિપરીતભાવને પામેલા મતિમૂઢ આત્માઓ, શ્રાવકોની આગળ તેઓને ગમે=સારો લાગે એ પ્રકારનો ઉપદેશ આપે છે કે–પૌષધ તથા સુસાધુઓને પ્રાસુક–એષણીય અને સુંદર એવા વિપુલ આહારાદિકનું સુદાન કરવારૂપ અતિથિસંવિભાગ, અષ્ટમી–ચતુર્દશી–પૂર્ણિમા અને અમાવાસ્યા એ ચાર પર્વતિથિને વિષે જ કરવા યોગ્ય છે, અન્ય તિથિઓને વિષે નહિ. ॥ ૫૦ ॥" તેવો ઉપદેશ આપનારાઓ જેવા હોય છે તેવા આ ગાથા દ્વારા જણાવે છે કે–"જેઓ ગ્રન્થના પોતે સ્વીકારેલા ભ્રમ પેદા કરનારા એક દેશભાગને બીજા ગ્રન્થોથી સંગત કરવાને–યોજવાને માટે બુદ્ધિ વગરના હોય છે, અને વળી તે પુરુષો પર્યાયભાવને પકડીને જેમ બૌદ્ધો વિપરીત પ્રરૂપણા કરે છે તેમ આગમના એક દેશભાગને પકડીને વિપરીત પ્રરૂપણા કરે છે." ભાવાર્થ તો પ્રથમ જ વિસ્તારથી જણાવેલ છે તેથી અહિં કહેવાનો પ્રસંગ આવ્યો હોવા છતાં પણ પીસેલું જ પીસવાનો ન્યાય લાગુ થવાની ભીતિથી અહિં જણાવેલ નથી. ॥ ૫૧ ॥ વળી પણ મતાંતર વડે ગ્રંથનો વિરોધ જણાવે છે કે–"શ્રી પ્રતિષ્ઠાકલ્પમાં 'શ્રી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા સાધુઓએ કરવી' એ પ્રમાણેના ઉલ્લેખ વડે સાધુઓને પ્રતિષ્ઠા કરવાની શ્રીતીર્થંકરોએ આજ્ઞા આપી છે, નહિ કે–ગૃહસ્થોને પણ તેવી આજ્ઞા છે." શ્રી વીરચરિત્રમાંના–'**ततश्चावन्तिनाथेन, प्रार्थितः कपिलो मुनि । प्रत्यष्ठात्प्रतिमां मंत्र-पूतचूर्णमिति [ चूर्णं विनि ] क्षिपन् ॥**' એ ઉલ્લેખાનુસાર શ્રી કપિલકેવલીએ સુગંધીચૂર્ણથી પ્રતિષ્ઠા કરી પણ છે. ॥ ૫૨ ॥ ફરી પણ તે વાતની સંમતિસૂચક એવી ૫૩મી ગાથા કહે છે કે–"શ્રી શત્રુંજયમાહાત્મ્યમાં [ **श्रीनाभ-**

**सूरिस्वामिभिः कृता प्रतिष्ठेति गम्यं, न भरतादिश्रावकैः** ] શ્રીનાભસૂરિસ્વામીએ પ્રતિષ્ઠા કરી છે; પણ ભરતાદિ શ્રાવકોએ નથી કરી એ પ્રમાણે જાણવું. તે ગ્રંથના ૨૪ મા પત્ર ઉપર ત્રીજા સર્ગના ૩૧૦ તેમજ ૩૧૧ મા શ્લોકમાં જણાવ્યું છે કે–'ભરતમહારાજે દેવોએ આણેલાં સર્વતીર્થોનાં જળ તથા સર્વ ઔષધિથી વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવી અને આચાર્ય-મહારાજે સૂરિમંત્રથી મંત્રીને પવિત્ર કરેલ વાસચૂર્ણ તથા અક્ષતો, ચૈત્યગત પ્રતિમાઓ–દંડ અને ધ્વજાઓ ઉપર નાખ્યા.' વળી તે જ ગ્રંથના ૩૦ મા પત્ર પર શ્રી અષ્ટાપદ તીર્થ ઉપર કરેલ પ્રતિમાજીની પ્રતિષ્ઠાના અધિકારગત ૬૯ (૬૮) મા શ્લોકમાં જણાવ્યું છે કે–'એ પ્રમાણે શ્રી ભરતમહારાજે સિંહનિષદ્યા નામનો પ્રાસાદ કરાવીને અને જિનબિમ્બોને સ્થાપીને તે પછી પૂજા કરી.' વળી તે જ ગ્રન્થના છઠ્ઠા (દસમા) સર્ગના ૩૨૬–૨૭ (૩૫૮–૫૯) મા શ્લોકમાં જણાવ્યું છે કે–"જે માણસ, માટીનું–સુવર્ણનું કે રત્નનું જિન-બિમ્બ કરાવે છે તે માણસ ભવાંતરમાં કુકર્મોનું [**मथ्नाति**] મંથન કરી નાખે છે. અર્થાત્ છેદી ભેદી નાખે છે; એ વાત સાંભળીને સાગરદત્તે સુવર્ણનું જિનબિંબ કરાવીને પોતાના ગૃહમંદિરમાં સાધુઓ દ્વારા પ્રતિષ્ઠા કરાવીઃ" એમ ન કહેવું કે–'આ શ્રી શત્રુંજયમાહાત્મ્ય ગ્રન્થ, આધુનિક હોઈને સ્વીકાર્ય નથી.' કારણ કે–તે ગ્રંથ, વિક્રમ સંવત ૪૭૦ [ **सप्तसप्तत्यधिकचतुःशतसंवत्सर** ૪૭૭ ] માં થએલા શ્રી ધનેશ્વરસૂરિએ રચેલ હોવાથી (આધુનિક નથી; પરન્તુ) પ્રાચીન છે અને સર્વ ગચ્છોને પ્રમાણ તરીકે સુપ્રસિદ્ધ છે. હવે '**तह०**' એ ઉત્તરાર્દ્ધ ગાથા દ્વારા ગ્રન્થ અને પરંપરાનું અન્યોન્યસંગતપણું હોવાથી ગ્રન્થસંવાદિકા પરં-પરાને જણાવે છે કે–'સૂત્રમાં જેવી રીતે પ્રતિષ્ઠા (સાધુના હાથે જ કરવાની) કહેલી છે તેવી રીતે સૂરિપરંપરાથી પણ (સાધુના હાથે જ કરાતી) આવેલી છે એમ સમસ્ત લોકમાં પ્રસિદ્ધ છે.' ॥ ૫૩ ॥

હવે પ્રતિષ્ઠા સંબંધીની આ પ્રસિદ્ધ વાતથી વિપરીત વર્ત્તનારાઓનું સ્વરૂપ જણાવે છે કેઃ–તે દેખીને એટલે કે–પહેલાં કહેલાં આચાર્યો વડે કરાતા પ્રતિષ્ઠાકૃત્યને જાણીને કોપ્યા થકા મિથ્યાત્વમોહનીય વડે પુષ્ટ થએલાઓ=સન્માર્ગથી ખસેલાઓ બોલે છે કે–'પ્રથમ જણા-વેલું પ્રતિષ્ઠાકૃત્ય, સાધુઓને યોગ્ય નથી; પરન્તુ તે કૃત્ય તો ગૃહસ્થનું જાણવું.' ॥ ૫૪ ॥ હવે ૫૫ મી ગાથા દ્વારા તેઓને અતિપ્રસંગ=અમાન્યને માનવાનો પ્રસંગ જણાવે છે કે–તેઓને આચાર્યના હાથે સ્થાપનાચાર્યનું સ્થાપન=પ્રતિષ્ઠાપન, કરાવવું પણ યોગ્ય નથી. વળી તેઓ આચાર્યના હાથે બીજું પણ જે સૂરિપદ આદિ પ્રતિષ્ઠાકૃત્ય છે તે કેમ કરાવે છે? ॥ ૫૫ એ પ્રકારે પ્રવચનવિરુદ્ધ વર્ત્તવામાં દોષો છે, તો શું કરવું? તે ૫૬ મી ગાથા દ્વારા જણાવે છે કે–"એ પ્રમાણે પ્રથમ કહેલું છે તે જાણીને શ્રાવકો, સુખના હેતુરૂપ શ્રી જિને-ન્દ્રપ્રતિમાની સુપ્રતિષ્ઠા જિનવચનના જાણ એવા આચાર્યોની પાસે કરાવે છે." વળી–'શ્રી મહાનિશીથ આદિમાં સાધુઓને દ્રવ્યપૂજાનો નિષેધ જણાવેલ હોવાથી પ્રતિષ્ઠાકૃત્ય કેમ યુક્ત ગણાય?' એમ જો કહેતા હો તો તે યોગ્ય નથી. કારણ કે– 'દ્રવ્યપૂજાનો સંભવ તો

પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમાઓની પૂજા કરવાના અભિપ્રાયે પુષ્પ વગેરેથી કરાતી ક્રિયામાં છે.' કારણકે-ભાવપૂજાનો સંભવ પણ પ્રતિષ્ઠા પછી તરતજ છે. એમ ન હોય તો શ્રી કપિલકેવલી વગેરે પણ પ્રતિષ્ઠા કેમ કરે ?

વળી જો-" ભલે પ્રતિષ્ઠા એ સાધુનું કૃત્ય હો, તો પણ-કોઈ શ્રાવક, ' જિનપ્રતિમાનું પ્રતિષ્ઠાપન કરે'-એ પ્રમાણે શાસ્ત્રવચન હોવાથી શ્રાવકને પણ યુક્ત છે." એમ કહેતા હોતો-અહો ભ્રમિત ! તે વચનમાંના ' પ્રતિષ્ઠાપન ' શબ્દમાં રહેલો **'णिग्'** પ્રત્યય, પ્રેરકનો હોવાથી તે શબ્દનો અર્થ, ' પ્રતિષ્ઠા કરાવે ' એમ થાય; પરંતુ ' પ્રતિષ્ઠા કરે ' એમ થતો નથી. વળી જે "તિલકાચાર્યે કરેલી ટીકામાં-' વાર્ધકી રત્નથી જિનમંદિર કરાવ્યું અને તેમાં સુવર્ણ તથા રત્નની શાસ્ત્રોકત વર્ણ અને પ્રમાણની ચોવીસ જિનેશ્વરોની પ્રતિમાઓને ભરતમહારાજે પોતે પ્રતિષ્ઠિત કરી.' એ પ્રમાણે વચન હોવાથી શ્રાવકને પણ તે પ્રતિષ્ઠાકૃત્ય યુક્ત છે." એમ કહેવામાં આવે છે તે અયુક્ત છેઃ કારણ કે-તે વચનમાં રહેલા **'प्रतिष्ठितवान्'** પદનો અર્થ, બૃહદ્‌વૃત્તિના અભિપ્રાય મુજબ **'स्थापितवान्' यावत् 'कृतवान्'** થાય છે. અર્થાત્ તે શબ્દનો અર્થ, ભરતમહારાજે પ્રતિમાઓ ' સ્થાપી ' એટલે ' કરાવી=ભરાવી ' એવો થાય છે; પરંતુ ' પ્રતિષ્ઠા કરી ' એવો થતો નથી. તાત્પર્ય આ છે કે-' પ્રાસાદ કરાવીને તેમાં પ્રતિમાઓ પણ ભરતમહારાજે જ ભરાવી છે=સ્થાપી છે, બીજા કોઇએ નહિ.' આ વિચારીને પ્રતિષ્ઠાનું દ્રવ્યપૂજાપણું ધારવું નહિ. અથવા પ્રતિષ્ઠા કૃત્ય, ગૃહસ્થો પાસે કરાવવું નહિ; પરંતુ સુસાધુ હોય કે આચાર્ય હોય તેઓની પાસે કરાવવું." ॥ ૫૬ ॥

**અવતરણિકાઃ**—હવે (અન્તમાં આ ગ્રન્થ રચતાં છદ્મસ્થતાના યોગે કોઈ ભૂલ થવા પામી હોય તો તે) પોતાનો દોષ દૂર કરવાને માટે ગ્રન્થકાર, ગાથાયુગ્મ જણાવે છેઃ—

**મૂ૦—इह सिद्धन्तविरुद्धं, जं किंचिवि हुज्ज तं पि नाऊणं ॥**
**मज्झत्थो गीयत्थो, जो अ न सोहेइ से दोसो ॥५७॥**
**जो पुण आगमसंगय-मवि मुणिऊणंपि मच्छरंधमणो ॥**
**नो मन्नइ सो वज्जो, मन्नइ सो तिहुअणे पुज्जो ॥५८॥**

**મૂલાર્થઃ**—આ શાસ્ત્રરચનામાં જે કાંઈ પણ સિદ્ધાન્તવિરુદ્ધ હોય તેને જાણીને પણ જે મધ્યસ્થ અને ગીતાર્થ શુદ્ધ કરે નહિ તો તેને દોષ છે. ॥૫૭॥ વળી જે-મત્સરથી અંધ મનવાળો, આ આગમસંગત એવી પણ શાસ્ત્રરચનાને જાણવા છતાં પણ માને નહિ તે વર્જ્ય છે, અને જે માને છે તે ત્રણ ભુવનને વિષે પૂજ્ય છે. ॥૫૮॥

**ટીકાર્થઃ**—આ શ્રી તત્ત્વતરંગિણીશાસ્ત્રમાં જે કાંઈપણ સિદ્ધાંતવિરુદ્ધ હોય તે જાણવા છતાં પણ જે-રાગદ્વેષ રહિત એવા મધ્યસ્થ અને આ શાસ્ત્રમાં દર્શાવેલા વિચારગત અભિ-

પ્રાયને જાણવાની સૂક્ષ્મબુદ્ધિવાળા એવા ગીતાર્થ, શુદ્ધ કરે નહિ તો તેને જ દોષ લાગશે, અમોને નહિ: કહેવાનું તાત્પર્ય આ છે કે-આ તત્ત્વતરંગિણી, રાગ-દ્વેષ રહિત એવા પંડિત-પુરુષે જ મારી ઉપર અનુકંપા કરીને શુદ્ધ કરવી; નહિ કે-જે તે અર્થશૂન્ય બોલનારા ઉત્સૂત્ર-ભાષીઓએ પણ શુદ્ધ કરવી. ॥૫૭॥ વળી જે આ તત્ત્વતરંગિણીને, આગમસંગત એવી સિદ્ધાંતાનુસારી જાણીને પણ 'આનાથી અમારે શું પ્રયોજન ?' એ પ્રકારે ઇર્ષ્યાથી અંધ મનવાળા માને નહિ-[ **नांगीकुरुते स त्याज्यः** ] અંગીકાર કરે નહિ તે સિદ્ધાંતજ્ઞો દ્વારા વર્જ્ય છે-તજી દેવા યોગ્ય છે. વળી જે-આ તત્ત્વતરંગિણીને માને છે તે કેવલ સિદ્ધાંતજ્ઞોને જ પૂજ્ય નહિ; પરંતુ ત્રણ ભુવનને પણ પૂજ્ય છે. ॥૫૮॥

**અવતરણિકા:**—હવે ગ્રન્થના ઉપસંહારરૂપ ચૂલિકા કહે છે:—

**મૂ૦—एवं तवगणगयणे, दिणयरसिरिविजयदाणसूरिपया ॥**
**लहिऊण णाणलेसं, रइया गम्भीरनिग्घोसा ॥५९॥**

**वाइपडिवाइकूला, पवयणदहनिग्गयाऽऽणुपुव्वीए ॥**
**पुव्वुत्तरपयवुड्ढा, अणुमाणोगाढगूढदहा ॥६०॥**

**तिहिआराहणसंका-तपतविआणेगभविअपीइकरी ॥**
**गाहासंगइवलणा, बुहजणमइतुंबितरणिज्जा ॥६१॥**

**बाणरयणीसरसभूमिअ-विक्कमवच्छरंमि महुमासे ॥**
**जिणजणियधम्मसायर-रइ तत्ततरंगिणी जयउ ॥६२॥**

**इति तत्त्वतरंगिणीसूत्रम् ॥**

**મૂલાર્થ:**—એ પ્રમાણે શ્રીમત્તપાગચ્છરૂપી ગગનને વિષે સૂર્યસમાન આચાર્ય પ્રવરશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પ્રસાદથી જ્ઞાનલેશ પામીને ગંભીર નિર્ઘોષવાળી=ઉદાત્ત શબ્દોવાળી, વાદી અને પ્રતિવાદી રૂપ બે કૂળ=કાંઠાવાળી, પ્રવચનરૂપી દ્રહમાંથી નીકળેલી, આનુપૂર્વીએ=અનુક્રમે પૂર્વ અને ઉત્તરપય=પદથી વૃદ્ધિવાળી, અનુમાનરૂપી જે અવગાહ છે તે રૂપી જ ગૂઢ દ્રહવાળી, તિથિનાં આરાધનને વિષે શંકારૂપી આતપ=તાપથી તપેલા અનેક ભવ્યજનોને પ્રીતિ કરવાવાળી, ગાથાઓની સંગતિ કરવારૂપે વલના=વળાંક વાળી, બુધજનની મતિરૂપ તુંબિકાથી તરી શકાય એવી અને જિનરાજથી ઉત્પન્ન થએલા ધર્મરૂપી સાગરને વિષે રતિવાળી એવી વિક્રમ સં. ૧૬૧૫ના ચૈત્ર માસે રચેલી શ્રી તત્ત્વતરંગિણી=તત્ત્વનદી જયવંતી વર્તો. ॥ ૫૯ થી ૬૨ ॥

**ટીકાર્થઃ**—એ પ્રમાણે શ્રીમત્તપાગચ્છરૂપી ગગનને વિષે સૂર્યસમાન આચાર્યપ્રવર શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પ્રસાદથી જ્ઞાનલેશ પામીને (મહામહોપાધ્યાયજી) શ્રી ધર્મસાગરજી (ગણિવર્યશ્રી)એ વિ. સં. ૧૬૧૫ના ચૈત્ર માસે રચેલી આ શ્રી તત્ત્વતરંગિણી જયવંતી વર્તો. 'તત્ત્વોના=આરાધ્યસ્વરૂપી તિથિઓનાં સ્વરૂપ રૂપી તરંગો=કલ્લોલો રહેલા છે જેને વિષે' એ પ્રમાણે 'તત્ત્વતરંગિણી' શબ્દનો વ્યવચ્છેદાર્થ હોવાથી તરંગિણી એટલે લોકપ્રસિદ્ધ નદીની સાથે સામ્યતા બતાવવાની ઇચ્છાએ વિશેષણસમૂહ દર્શાવે છે. અર્થાત્ આ ગ્રંથના નામ સાથે નદીની ઉપમા યોજેલ હોવાથી મૂળ ગાથામાં જણાવેલા વિશેષણ દ્વારા આ ગ્રન્થનદીની અને લોકપ્રસિદ્ધ નદીની સામ્યતા દર્શાવે છે કે—

જેમ પ્રવાહગત નદી, જલનાં આસ્ફોટનથી=અફળાવાથી પેદા થતા નિર્ઘોષ=શબ્દોથી (ખળખળાટ રૂપે) વ્યાપ્ત હોય છે તેમ આ તત્ત્વની તરંગિણી=નદી પણ શ્રોતાઓને પ્રીતિપ્રદ એવા ગંભીરનિર્ઘોષ=ઉદાત્તશબ્દોથી વ્યાપ્ત છે!

જેમ લોકપ્રસિદ્ધ નદી, બે કાંઠાવાળી હોય છે તેમ આ તત્ત્વતરંગિણી=તત્ત્વનદી પણ વાદી અને પ્રતિવાદીરૂપ બે કાંઠાવાળી છે! જેમ બીજી નદી, દ્રહમાંથી નીકળી હોય છે તેમ આ તત્ત્વની નદી પણ જૈન પ્રવચન=સિદ્ધાંતરૂપી દ્રહમાંથી નીકળેલ છે! વળી પણ જેમ લોકપ્રસિદ્ધ નદી, પોતાના વહેતા પૂર્વ જલને અન્ય નદીઓનું જે ઉત્તર જલ, તે ઉત્તર જલ સાથે જોડીને અનુક્રમે વૃદ્ધિ પામતી જાય છે. તેમ તત્ત્વની આ તરંગિણી પણ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ=સિદ્ધાંત, તેના પય=ગૂઢ વિભકત્યંતરૂપ પદો અને ઉપલક્ષણથી વાકયો તે પદો વડે અનુક્રમે વૃદ્ધિ પામેલી છે! વળી જેમ લોકપ્રસિદ્ધ નદી પણ વહેતા જળથી ઢંકાએલ હોવાથી કોઈ કોઈ સ્થળે ગૂઢ=અગોચર દ્રહવાળી હોય છે તેમ આ તત્ત્વની તરંગિણી પણ–કોઈ કોઈ સ્થળે માત્ર હેતુ જણાવેલ હોવાથી તે હેતુના જ આધારે કરવા રહેતા અનુમાનો રૂપી ગૂઢ=અલક્ષ્ય દ્રહોવાળી છે!

જેમ લોકપ્રસિદ્ધ પણ નદી, સૂર્યાદિના આતપ=તાપથી તપેલા મનુષ્યોને પ્રીતિપ્રદ હોય છે તેમ આ તત્ત્વની તરંગિણી પણ (લૌકિક ટિપ્પણામાં) તિથિ–પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે 'કઈ તિથિ उपादेया=પર્વતિથિના આદરપૂર્વક ગ્રહણ કરવી? અને કઈ તિથિ તજી દેવી?' એ પ્રકારની જે શંકા થાય તે શંકા રૂપી આતપ=તાપથી જે અનેક ભવ્યાત્માઓ તપેલા હોય–શંકારૂપી તાપથી સંતપ્ત થએલા હોય તે ભવ્યાત્માઓને તે શંકારૂપી તાપાદિના નાશનું કારણ હોવાથી પ્રીતિપ્રદ છે! તેમજ જેમ લોકપ્રસિદ્ધ પણ નદી, ભૂમિવિશેષને પામીને અહિં તહિં કાંઈક વળાંક લઈને સરળ માર્ગે જાય છે તેમ આ તત્ત્વતરંગિણી=તત્ત્વનદી પણ કાંઈક ગાથાઓની અન્યોન્યસંગતિ કરવારૂપ વળાંક લઈને સરલ=સમ્યગ્ માર્ગગામિની છે! વળી પણ જેમ લોકપ્રસિદ્ધ નદી, તુંબિકા આદિથી તરવા યોગ્ય છે, તેમ આ તત્ત્વની નદી પણ ગુરુકુલ સેવેલા વિદ્વાનજનોની શાસ્ત્રાવગાહિની બુદ્ધિરૂપી તુંબિકાથી જ

તરવા યોગ્ય છે, ( પરંતુ નવા વર્ગની જેમ ) મૂર્ખ મનુષ્યની બુદ્ધિરૂપી શિલા વગેરેથી તરી શકાય તેવી નથી. વળી લોકપ્રસિદ્ધ નદી પણ સમુદ્રગામી હોવાથી જેમ ( ગર્ત્તારતિકા નહિ; પરંતુ) સમુદ્રરતિકા છે તેમ આ તત્ત્વતરંગિણી=તત્ત્વનદી પણ ( નવા તિથિમત રૂપ ચર્મ-કુંડરતિકા નહિ; પરંતુ ) શ્રી જિનેશ્વર ભગવંતે વાણી દ્વારા પ્રકટાવેલ દાન આદિ **ધર્મરૂપ** સમુદ્ર=**ધર્મસાગર** રતિકા છે. ॥ ૫૯ થી ૬૨ ॥

॥ इति श्रीस्वोपज्ञतत्त्वतरंगिणीवृत्तिग्रन्थानुवादः ॥

**इति श्रीमत्तपागणसौधस्तम्भायमान-वाचकचक्रचूडामणि-महामहोपाध्यायश्रीमद्धर्मसागरगणिपुंगवप्रणीतस्वोपज्ञश्रीतत्त्वतरंगिणीवृत्त्याः पूज्य-बहुश्रुतगीतार्थसार्वभौमागमोद्धारकाचार्यप्रष्ठ-ध्यानस्थस्वर्गतसूरिपुरंदरानन्द-सागरसूरीश्वरदर्शिताधिकृतशास्त्रार्थोपयुक्त-गम्भीरार्थप्रकाशकपञ्चसप्ततिटिप्पनकयुतो ऽ यमनुवादः पूज्यागमोद्धारकपट्टधरगच्छाधिपतिश्रीमन्माणिक्य-सागरसूरीश्वरप्रसादितवाचनासहाय्याद्यथाक्षयोपशमं ऽव्यरचि पूज्यागमोद्धारकपट्टप्रभावक-व्याकरणन्यायविशारदाचार्यश्रीमच्चन्द्रसागरसूरिविनेय-शासनकण्टकोद्धारकमुनिहंससागरगणिना श्रीसुरेन्द्रनगरेऽष्टादशाधिकद्वि-सहस्रप्रमिते वैक्रमीयाब्दे मौनैकादश्यां भौमवासरे ॥ चिरं नन्दतात् ॥**

**यावल्लवणसमुद्रो, यावन्नक्षत्रमण्डितो मेरुः ॥**
**यावच्चन्द्रादित्यौ, तावदिदं पुस्तकं जयतु ॥१॥**

# બારપર્વી-કલ્યાણકપર્વી-યુગલપર્વી-પ્રસિદ્ધપર્વી અને પર્વક્ષય-વૃદ્ધિ પ્રસંગે-શાસ્ત્ર અને પરંપરાશુદ્ધ મનાતી પર્વતિથિજ્ઞાપક તાત્ત્વિક પ્રશ્નોત્તરી

**પ્રશ્ન ૧ :**—આપણા શ્રી દેવસૂર તપાગચ્છીય પૂ. સર્વ મુનિસંપ્રદાયોને આપણાં શાસ્ત્રો સર્વસંમત છે, સર્વસંપ્રદાયોમાં વિદ્વાન્ મુનિવરો પણ છે અને તેમાંના કેટલાક વિદ્વાનો તો પ્રભુશાસન પ્રતિની પોતાની વફાદારી **'आज्ञाराद्धा विराद्धा च०'** સૂક્તને વારંવાર પણ આગલ કરતા રહેવા પૂર્વક બતાવતા જણાય છે: છતાં આપણામાં આજે પર્વારાધન સંબંધમાં તીવ્ર મતભેદ કેમ પ્રવર્તે છે ?

**ઉત્તર :**—આપણા પૂજ્ય સર્વ મુનિસંપ્રદાયો, પરંપરાગમિક હોવાથી તેઓશ્રીનો વિદ્યમાન શાસ્ત્રાવબોધ અને ધર્માચાર શાસ્ત્રપ્રધાન નથી; પરંતુ પરંપરાપ્રધાન છે. સંપૂર્ણ શાસ્ત્રોરૂપ દ્વાદશાંગીથી પણ સિદ્ધ નહિ થઈ શકતા શ્રીચતુર્વિધસંઘરૂપ પ્રવચનહિતકારી કાર્યો અશઠ ગીતાર્થાચરિત પરંપરાથી સિદ્ધ થતાં હોઈને પ્રભુશાસન સદાને માટે મુખ્યત્વે પરંપરાથી અવિભાજ્ય રહેતું હોવાથી શ્રીપ્રવચનપરીક્ષા આદિ પ્રૌઢતર ગ્રંથોને વિષે પરંપરાને શાસ્ત્રોક્ત જિનાજ્ઞા કરતાં બલવાન્ જિનાજ્ઞા કહેલ છે.

**પર્વતિથિના નિર્ણયસંબંધે પણ**–લૌકિક પંચાંગમાં જૈનમાન્ય મુખ્યત્વે બાર પર્વતિથિમાંની કોઈપણ પર્વતિથિ જ્હાય તે વારે બેઠી હોય અને જ્હાય તેટલી ઘડી-પળવાળી હોય: છતાં તે પર્વતિથિ, જૈનોને આરાધનાને માટે જોઈતી આજના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીના ચોવીશ કલાક પ્રમાણની નહિ હોવાથી જૈનોમાં જૈનીપર્વતિથિ ગણાતી નથી. આથી આપણા **પૂજ્ય** સર્વ મુનિસંપ્રદાયો, તે લૌકિકપંચાંગસ્થ પર્વતિથિના તે લૌકિકપંચાંગમાં દર્શાવેલા-વાર-તિથિ બેસવાનો ટાઈમ અને ઘડી પળને જૈની આરાધનાને માટે નિરુપયોગી ગણે છે. અને તે લૌકિકપંચાંગમાંની પર્વતિથિ, તેમાં બેઠી હોય તે દિવસ પછીના બીજા દિવસના સૂર્યોદય પછીથી અલ્પ જ અવશેષ હોય તો પણ જૈન આચાર્યના **'उदयंमि जा तिही सा पमाणं** એ' વચનના આધારે આરાધનાની સવળતા માટે આરાધનાના જૈની ભીંતીયાં પંચાંગમાં તે તિથ્યંશને જ તેના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીની ૬૦ ઘડી=ચોવીશ કલાક પ્રમાણની પૂર્ણતિથિ બતાવે છે.

તેવી જ રીતે જો તે લૌકિકપંચાંગમાં પર્વતિથિનો ક્ષય આવ્યો હોય તો તે ક્ષીણતિથિને પણ **'क्षये पूर्वा०'** વાળા વિધિવાકયથી સંસ્કાર આપીને (આચારપ્રકલ્પ ચૂર્ણિ ઉદ્દેશો ૧૦ તથા આચારદશાચૂર્ણિ અધ્યયન ૮ માંના **'अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो**

**आसाढ पुण्णिमाओ** [ અહિં પાંચ વર્ષના ગણાતા એક યુગને અન્તે બીજા આષાઢ માસની પૂર્ણિમાનો જ્યોતિષના હિસાબે ક્ષય હોવા છતાં આરાધનામાં તો તેને પૂનમ જ કહી છે. ] **वीसति राते गते भणति ठिआमो त्ति**' એ આગમવચન મુજબ ) આરાધનાના જૈન ભીંતીયાં પંચાંગમાં તે દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીની ૬૦ ઘડી=૨૪ કલાક પ્રમાણની ઔદયિકી તિથિ બતાવે છે.

અને તે લૌકિકપંચાંગમાં જો એક પર્વતિથિ બે સૂર્યોદયને પામેલી હોય તો તે વૃદ્ધ ગણાતી તિથિમાંની પહેલા સૂર્યોદયને અંગે ગણાતી પહેલી પર્વતિથિને '**वृद्धौ कार्या तथोत्तरा**' એ નિયામકસૂત્રના આધારે અપર્વતિથિ તરીકે બતાવવા પૂર્વક ( બીજા સૂર્યોદયને પામવાને અંગે ગણાતી ) તે બીજી તિથિ બીજા સૂર્યોદય વખતે એકાદ બે ઘડી પ્રમાણ જ હોય તો પણ આરાધનાના જૈન ભીંતીયાં પંચાંગમાં ( શ્રી હીરપ્રશ્ન અને શ્રી સેનપ્રશ્ન ગ્રંથમાના 'ઔદયિકી' શબ્દો મુજબ ) તે અલ્પતિથિને પણ તેના સૂર્યોદયથી તેની પણ પછીના અપર્વતિથિના સૂર્યોદય સુધીની ૬૦ ઘડી=૨૪ કલાક પ્રમાણની ઔદયિકી બતાવે છે. લૌકિકપંચાંગમાંની અધૂરી અને અસ્તવ્યસ્ત આરાધ્યતિથિને સંપૂર્ણ પર્વતિથિ તરીકે પ્રાપ્ત કરવાની આ જૈની પ્રક્રિયા, મુખ્યત્વે ૨૪૦૦ થી પણ વધુ વર્ષો પ્રાચીન હોવાને લીધે સંપૂર્ણ શ્રુતને પૂર્વાપર અબાધિત એવી પરંપરાના આધારે કરવામાં આવી છે.

લૌકિકપંચાંગમાંથી આરાધના માટે આ રીતે જ બારે માસની જૈનતિથિઓ નક્કી કરીને આપણા પૂજ્ય સર્વ મુનિસંપ્રદાયો, સંવત્ ૧૯૯૨ના આષાઢ માસ સુધી તે નિર્ણય મુજબની જ પર્વતિથિઓને આરાધ્ય તરીકે ભીંતીયાં પંચાંગોમાં છપાવતા અને માનતા-મનાવતા હતા. પર્વતિથિની આરાધના માટે પ્રથમ પર્વતિથિ નક્કી કરવાની આ સેંકડો વર્ષોની પ્રાચીન પ્રણાલિકાને ( ત્યાં સુધી પોતાનાં પણ ભીંતીયાં પંચાંગો એ જ પ્રમાણે છપાવનાર ) આ૦ શ્રી રામચંદ્રસૂરિજીએ તે વિક્રમ સંવત્ ૧૯૯૨ ના શ્રાવણ માસે આપણા શ્રી દેવસૂર તપાગચ્છના કોઈપણ ગચ્છ કે મુનિ સાથે ચાલના કર્યા વિના એકાએક પલટો મારવા પૂર્વક તજી દીધી ! અને લૌકિકપંચાંગમાંની ( આરાધના માટે અધૂરી અને અસ્તવ્યસ્ત ) પર્વતિથિઓને જૈની તિથિ લેખાવવા માંડી ! આથી આપણા જૈનસંઘોમાં તેઓ સામે પ્રબલ વિરોધ જાગ્યો હતોઃ છતાં તે વિરોધની દરકાર કર્યા વિના પોતાના અનુયાયી વર્ગ સહિત મુખ્યત્વે તેઓશ્રીએ જ વાત વાતમાં તે '**आज्ञाराद्धा विराद्धा च०**' સૂત્રનો ભદ્રિકજનોમાં 'શાસન પ્રતિની વફાદારી પોતાને જ છે' એમ ઠસાવવામાં નિરાધાર ઉપયોગ કરવા માંડયો હતો. તેને બદલે પોતાની તે શ્રી સંઘવિપ્લવકારી સ્ખલના ( સુધારી હોત તો સારૂં હતું; પરન્તુ ) હરગીજ સુધારી નહિ ! તેથી અને તેને જ અંગે આપણામાં આજે પર્વારાધન સંબંધમાં તીવ્ર મતભેદ પ્રવર્તે છે.

**પ્રશ્ન ૨ :**—આપણા પૂ૦ મુનિસંપ્રદાયો, આગમાનુસારીને બદલે પરંપરાગમાનુસારી શી રીતે ?

**ઉત્તર :**—આગમ ત્રણ પ્રકારે છેઃ આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમ. તેમાં શ્રી તીર્થંકરભગવન્તોને આત્માગમ હોય છે, શ્રી ગણધરભગવંતોને અનંતરાગમ હોય છે અને પ્રભુશાસનના અન્ત સુધીનીં શ્રી ગણધરદેવની પાટપરંપરાના સર્વ શ્રમણભગવંતોને પરંપરાગમ હોય છે. તેથી આપણા પૂજ્ય સર્વ મુનિસંપ્રદાયો પરંપરાગમાનુસારી છે.

**પ્રશ્ન ૩ :**—આ જોતાં તો શ્રીતીર્થંકરદેવના અનંત અભિલાપ્ય રૂપ આત્માગમની અપેક્ષાએ શ્રી ગણધરદેવનું દ્વાદશાંગીપ્રમાણ અભિલાપ્યરૂપ અનંતરાગમ તો અલ્પ શ્રુત જ લેખાય અને તે અનંતરાગમરૂપ દ્વાદશાંગીની અપેક્ષાએ વર્ત્તમાનમાં પરંપરાગમરૂપ જે હસ્તલિખિત અને મુદ્રિત શ્રુત વિદ્યમાન છે તે તો કિંચિત્ માત્ર જ લેખાય! વસ્તુસ્થિતિ જો એમ જ છે તો અનંત અભિલાપ્ય શ્રુતરૂપ આત્માગમના સ્વામી શ્રી તીર્થંકરદેવના સદ્ભાવમાં તે સંપૂર્ણ શ્રુતના બળે પ્રવર્ત્તતું પ્રભુશાસન વર્ત્તમાનકાલીન કિંચિત્ માત્ર પરંપરાગમ શ્રુતને લીધે વર્ત્તમાનમાં તો કિંચિત્ માત્ર જ પ્રવર્ત્તતું માનવું રહે તેનું કેમ?

**ઉત્તર :**—આત્માગમશ્રુતની અપેક્ષાએ અનંતરાગમરૂપ દ્વાદશાંગી પ્રમાણ શ્રુત અલ્પ ખરું; પરંતુ શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધસંઘરૂપ તીર્થને મુક્તિપ્રદ સર્વ ધર્મવ્યવહારોનું ઉદ્ગમ સ્થાન તે શ્રી દ્વાદશાંગી રૂપ અલ્પ શ્રુત જ હોવાથી શ્રી સંઘને માટે તે અલ્પ અનંતરાગમ જ સંપૂર્ણ શ્રુત છે. આ શ્રી દ્વાદશાંગી પ્રમાણ સંપૂર્ણ શ્રુત શ્રી ગણધર ભગવંતની પાટ-પરંપરાપ્રભાવક શ્રી ચૌદપૂર્વધર મહર્ષીઓને પરંપરાગમરૂપે કંઠસ્થ હોય છે. તે પછીથી કાલાદિ દોષે ક્રમે દસ આદિ પૂર્વધરોમાં તથાપ્રકારના ક્ષયોપશમ સામર્થ્યાદિના અભાવે તે શ્રી દ્વાદશાંગી પ્રમાણ શ્રુત વિસરાતું વિસરાતું અંતે એક પૂર્વધર સુધીના મહર્ષીઓને તેમાંનું પણ અલ્પશ્રુત કંઠસ્થ રહ્યું હોય છે. એટલે કે–તે શ્રુત તો પૂર્ણશ્રુતરૂપ પરંપરાગમિક દ્વાદશાંગીના અલ્પ ભાગરૂપે જ હોય છેઃ અર્થાત્ તે અરસામાં તો દરેક અંગસૂત્રોમાંનાં ઘણાં પદો વ્યુચ્છેદ પણ પામીને તે બારેય અંગસૂત્રોના પદોનું પ્રમાણ તે એક પૂર્વધરને અલ્પ-પરંપરાગમ જેટલું જ કંઠસ્થ હોય છે. છતાં તે સાથે તે વખતે તે એક પૂર્વધર મહર્ષી-ઓમાં પણ ચૌદ પૂર્વધર મહાપુરુષોથી અવિચ્છિન્ન પરંપરારૂપે ચાલી આવેલી આચરણાઓ તો પ્રવર્ત્તતી જ હોવાથી તે વખતે પણ મુખ્યત્વે તે આચરણાઓના બલે પ્રભુનું શાસન, તે અલ્પ પરંપરાગમદ્વારા પણ સંપૂર્ણ શ્રુતવત્ પ્રવર્ત્તે છે.

એટલું જ નહિ; પરંતુ તે એક પૂર્વધર મહર્ષીને ભાવિ મહર્ષીઓમાં કાલાદિ દોષે તેટલું શ્રુત પણ યાદ રહેવું અસંભવિત જણાય છે ત્યારે નિજના તે અલ્પ પરંપરાગમના ટકાવ અર્થે તે મહાપુરુષ, તત્કાલીન સમગ્ર શ્રુતધરોને એકત્ર કરીને તે અલ્પ પરંપરાગમને દેવાનીત તાડપત્રો પર લિપિબદ્ધ કરે–કરાવે છે.

આ રીતે આત્માગમિક શ્રી વીરપ્રભુના શાસનમાં પ્રભુના કૈવલ્ય બાદ ૧૦૨૪ વર્ષે શ્રી ગણધરદેવના દ્વાદશાંગીરૂપ અનંતરાગમિક શ્રુતમય પૂર્ણપરંપરાગમશ્રુતમાંથી ક્રમે વિસરાતું

એક પૂર્વધર મહર્ષીને જે અલ્પપરંપરાગમ શ્રુત જે રીતે કંઠસ્થ રહ્યું હોય છે તેટલું જ શ્રુત પંચાંગી પરંપરાગમરૂપે લિપિબદ્ધ થવા પામ્યું હોય છે.

તે લિપિબદ્ધ અલ્પ પરંપરાગમ શ્રુતમાંનો પણ કેટલોક ભાગ ઈસ્લામી આદિ રાજ્યકાલે નષ્ટ થઇને હજારો હસ્તલિખિત અલભ્ય પણ પ્રતિઓ યતિવર્ગાદિ દ્વારા પાશ્ચાત્યોને હાથ પડીને અને હજારો હસ્તલિખિત અલભ્ય પણ પ્રાચીન પ્રતિઓ કોઇને પણ નહિ બતાવવાની જીદવાલા શ્રાવકો હસ્તકના અનેક જ્ઞાનભંડારોમાંજ સડી જઇને ભૂકો થઈ જવા પૂર્વક નષ્ટ થએલ હોવાથી આજે શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ પાસે જે કાંઇ હસ્તલિખિત અને મુદ્રિત પરંપરાગમ શ્રુત વિદ્યમાન છે તે શ્રુત તો તે અલ્પપરંપરાગમ શ્રુતમાંનો પણ અલ્પાતિ-અલ્પ પરંપરાગમવિભાગ જ વિદ્યમાન છે.

આમ છતાં પણ તે અલ્પાતિઅલ્પ પરંપરાગમને–વર્ત્તમાનકાલીન પૂ૦ મુનિસંપ્રદાયોમાં પણ તે શ્રી ચૌદ પૂર્વધર મહર્ષીઓ આદિથી અવિચ્છિન્ન પરંપરારૂપે ચાલી આવેલી આચરણાઓનું બળ, સંપૂર્ણ પરંપરાગમપણું બક્ષે છે અને તેથી આજે પણ મુખ્યત્વે તે અવિચ્છિન્ન પરંપરાગત આચરણાઓના બળે પ્રભુનું શાસન, આ અલ્પાતિઅલ્પ પરંપરારૂપ ૪૫ આગમ પંચાંગી દ્વારા પણ સંપૂર્ણ શ્રુતવત્ પ્રવર્તે છે.

શ્રી તીર્થોદ્ગાલિક પયન્નાની–'**वासाण सहस्सेण य-पक्कवीसाए इह भारहे वासे** × × × × × **अणुओगदारनंदी, अव्वोच्छिन्ना उ जा तित्थं** ॥' એ ૫૦ થી ૫૩ ગાથા મુજબ પ્રભુશાસનના ૨૧૦૦૦ વર્ષના અંતિમ સૈકામાં અંતિમ એકાવતારી મહર્ષી શ્રી દુપ્પસહસૂરીશ્વરજીમ૦ની વખતે તો આ પંચાંગીયુક્ત ૪૫ આગમરૂપ અલ્પાતિઅલ્પ પરંપરાગમમાંથી પણ ક્રમે નષ્ટ થતું શ્રી દશવૈકાલિક સૂત્ર–શ્રી આવશ્યકસૂત્ર–શ્રી અનુયોગદ્વારસૂત્ર અને શ્રી નંદીસૂત્ર મળીને એ ચાર આગમગ્રંથો જેટલું અત્યંત અલ્પજ પરંપરાગમશ્રુત રહેવાનું હોવા છતાં તે વખતે પણ તે અત્યંત અલ્પ પરંપરાગમ દ્વારા પ્રભુશાસન, કિંચિન્માત્ર નહિ; પરંતુ સંપૂર્ણ શ્રુતની વિદ્યમાનતામાં પ્રવર્ત્તતું તેમ સર્વાંગસંપૂર્ણ જ પ્રવર્ત્તવાનું છે, તે તે વખતે પણ મુખ્યત્વે પ્રવર્ત્તવાની અવિચ્છિન્ન પરંપરાના બળે જ સંપૂર્ણ પ્રવર્ત્તવાનું છે.

**પ્રશ્ન ૪ :**–આ રીતે આજે અગાધજ્ઞાનીના વિરહકાલે પ્રભુનું શાસન મુખ્યત્વે જો ગીતાર્થાચરિત પરંપરાના આધારે પ્રવર્ત્તે છે તો પૂર્વની જેમ આજે પણ પ્રભુભાષિત સદ્ધર્મનો ઉપદેશ, આજ્ઞાઓ અને મુમુક્ષુજનોને જિજ્ઞાસાવૃત્તિએ થતી શંકાનાં સમાધાનો જણાવવામાં મુખ્યત્વે તે અલ્પાતિઅલ્પાગમ પંચાંગીશાસ્ત્રોનો આધાર લેવાતો હોઇને વિદ્યમાન શાસ્ત્રોના આધારે પ્રભુશાસન પ્રવર્ત્તતું અનુભવાય છે તે કેમ બને? તેમજ આજે પ્રભુશાસન પ્રવર્ત્તે છે તેમાં પરંપરાનો આધાર મુખ્ય ગણવાથી શાસ્ત્રનો આધાર ગૌણ બની જાય છે અને મૂલ નાયકની જેમ વ્યવહાર મુખ્યનો જ થતો હોવાથી ગૌણ લેખાવા પામતા વર્ત્તમાન શાસ્ત્રોના–શ્રુતના વ્યવહારથી તો આજે સર્વ ધર્મવ્યવહાર જોવાય છે! તો તે સંગત શી રીતે ગણાય? કારણકે–ગૌણનો તો વ્યવહાર જ હોઈ શકતો નથી.

**ઉત્તરઃ**—આ દૂષમકાલે જેમ તેવા જ્ઞાનીનો સદ્‌ભાવ નથી તેમ તેવા જ્ઞાનીગમ્ય અગાધ જ્ઞાનમય શાસ્ત્રોનો પણ પૂરો સદ્‌ભાવ નથી આથી સંપૂર્ણ શાસ્ત્રોના આધારે પ્રવર્ત્તનશીલ પ્રભુશાસન પ્રવર્ત્તવામાં આજે શાસ્ત્રોનું મુખ્યપણું તો યુક્તિથી પણ ઘટી શકતું નથી. આમ છતાં આજે પ્રભુશાસનને પ્રવર્ત્તવામાં રહેલી પરંપરાની મુખ્યતા શાસ્ત્રથી પણ સમજીએ. અને તે આ પ્રમાણેઃ—

**શ્રી સ્થાનાંગસૂત્રઃ**—નામના આગમગ્રંથના ૩૧૭ મા પૃષ્ઠ ઉપરના ૪૨૧મા સૂત્રમાં પ્રભુશાસન ચલાવવામાં અનુક્રમે મુખ્ય એવા-'આગમવ્યવહાર-શ્રુતવ્યવહાર-આજ્ઞાવ્યવહાર-ધારણાવ્યવહાર અને જીતવ્યવહાર.' એ પાંચ વ્યવહારો જણાવેલા છે અને તેનો ભાવાર્થ, તે સ્થલે-"(૧) જે શ્રુતજ્ઞાનની સ્વયં શરૂઆત કરે તે શ્રુત તે શરુઆત કરનારને આત્માગમ, તેના પાસેથી તે શ્રુત સીધું પ્રાપ્ત કરનાર (ગણધરદેવો)ને અનંતરાગમ અને તેઓ પાસેથી તે શ્રુત પ્રાપ્ત કરનારા (તેઓશ્રીની પાટપરંપરાગત ચૌદપૂર્વધર ભગવંતો)ને સંપૂર્ણ પરંપરાગમ હોય છે અને તેથી તેઓને પ્રભુનું શાસન ચલાવવામાં આગમથી વ્યવહાર કરવાનો (અને તે વ્યવહાર યાવત્ નવ પૂર્વધરો પર્યન્ત)-હોય છે. (૨) તે ચૌદ પૂર્વધર ભગવંતોની પાટ-પરંપરાના (આઠ પૂર્વધરથી માંડીને યાવત્ અર્ધપૂર્વધર પર્યન્તનો) પૂ. શ્રમણભગવંતોમાં જ્યારે જ્યારે ક્રમે જેટલું જેટલું શ્રુત હોય ત્યારે ત્યારે તેમણે તેટલા તેટલા શ્રુતથી અને તે સાથે (૩) તેવા વિશિષ્ટ આજ્ઞાકારક ભગવંતની આજ્ઞાથી (૪) તેની ગૌણતામાં તેવા વિશિષ્ટ (આજ્ઞાકારકોએ જણાવેલું ધારી રાખવાની શક્તિવાળા) શ્રમણભગવંતની ધારણાથી અને (૫) તેવા ધારણા શક્તિવંતની પણ ગૌણતામાં આજે મુખ્ય ગણાતા જીતથી=અશઠગીતાર્થ ભગવંત આચરિત આચરણાથી પ્રભુશાસન ચલાવવાનો વ્યવહાર કરવાનો હોય છે. એ પ્રમાણે પ્રભુનું શાસન ચલાવવામાં તે પાંચ વ્યવહારોનું અનુક્રમે પ્રધાન તરીકે સમ્યક્ પાલન કરતા શ્રમણભગવંતો પ્રભુની આજ્ઞાના આરાધક બને છે." એ પ્રમાણે જણાવેલ છે.

એ પ્રકારે પ્રભુશાસન પ્રવર્ત્તાવનારા તે પાંચ વ્યવહારોમાંનો સંપૂર્ણ પરંપરાગમ પર્યંતનો પહેલો જે આગમવ્યવહાર છે તે તો દ્વાદશાંગીના અભાવે આજે વિદ્યમાન જ નથી. એટલે ચૌદ પૂર્વધર ભગવંતોની અદ્યાપિ પર્યન્તની જ નહિ; પરંતુ આશાસન પાટપરંપરાગત પૂજ્ય સમસ્ત શ્રમણભગવંતોને તે આગમવ્યવહાર હોતો જ નથી અને તે આગમવ્યવહાર સિવાયના અનુક્રમે પ્રધાન ગણાતા-'શ્રુત-આજ્ઞા-ધારણા અને જીત' એ ચાર વ્યવહારો હોય છે. અને તેમાં પણ આજે મુખ્ય જીતવ્યવહાર હોય છે.

શ્રી સેનપ્રશ્નના બીજા ઉલ્લાસના ત્રીજા પ્રશ્નોત્તરમાં-'**श्रुतव्यवहारस्तु संपूर्णो नास्त्येव, कियान् वर्त्तते**' એ ઉલ્લેખ પણ જણાવે છે કે-આજે શ્રુતનો=શાસ્ત્રનો વ્યવહાર તો સંપૂર્ણ નથી જ, છે તે કેટલોક છે એટલે કે ગૌણ છે. આથી આજે મુખ્યત્વે જે શાસ્ત્રોના આધારે ધર્મોપદેશ-આજ્ઞાઓ અને સમાધાનો અપાતા જોવાય છે તે શાસ્ત્રવ્યવહાર તો સંપૂર્ણ

શ્રુતવ્યવહારનો કેટલોક ભાગ માત્ર જ હોઇને ગૌણ છે. (સંપૂર્ણ શ્રુતના આધારે જ સંપૂર્ણ પ્રવર્ત્તનશીલ પ્રભુશાસનને વિદ્યમાન અલ્પાતિઅલ્પ શ્રુતાધાર સંપૂર્ણપણે પ્રવર્ત્તાવી શકે પણ કેવી રીતે ?) અને પરંપરા તો–સંપૂણ પરપરાગમવંત શ્રી ચૌદ પૂર્વધર ભગવંતો આદિ વડે પણ આચીર્ણ હોઈને તેઓશ્રીની પ્રભુશાસનાન્ત પાટપરંપરાના પૂજ્ય સમસ્ત શ્રમણ સંપ્રદાયોમાં ક્રમે–યથાવત્ સંરક્ષણશીલ અને કાલાદિક કારણે પછી પછીના અનેક સંવિજ્ઞ-ગીતાર્થોદ્‌ભાવિત શાસનહિતકારી વિશિષ્ટ આચરણાઓથી પુષ્ટ થવાના સ્વભાવવાળી હોઈને પ્રભુશાસનને સાદ્યંત સંપૂર્ણપણે અવ્યાબાધ પ્રવર્ત્તાવનારી હોવાથી આજે પ્રભુશાસન ચલાવ-વામાં પરંપરા જ મુખ્ય છે. અને તેને જ લીધે પરંપરાથી આવેલા વર્તમાન અલ્પાતિઅલ્પ પરંપરાગમ શાસ્ત્રો, એ જેમ શ્રી જિનાજ્ઞા છે, તેમ પ્રભુનિદર્શિત મોક્ષમાર્ગ ટકાવવામાં તે શાસ્ત્રો કરતાં ઘણી સમર્થ લેખાતી પરંપરા=જીતવ્યવહાર એ પ્રબળ જિનાજ્ઞા છે.

**પ્રશ્ન ૫:**—એ રીતે જીતવ્યવહાર રૂપે ગણાતી પરંપરા પણ શ્રી જિનાજ્ઞા જ હોઈને પ્રભુશાસન પ્રવર્ત્તાવવામાં ભલે પરંપરાની મુખ્યતા ગણાય; પરંતુ તે પરંપરાની પણ શુદ્ધા-શુદ્ધતાનું માપ જેઓ વર્ત્તમાન શાસ્ત્રોથી જ કાઢવાનું કહે છે તેઓની અપેક્ષાએ તો પરંપરા કરતાં શાસ્ત્રો બલવાન્ ખરાં ને ?

**ઉત્તર:**—શાસ્ત્રોમાં ફરમાવેલી શ્રી જિનાજ્ઞાઓનું પાલન કરવાનું સતત ધ્યેય હોવા છતાં કાલાદિદોષે તે પ્રભુઆજ્ઞાઓના પાલનને અનુરૂપ આલંબનોના અભાવે જે મહર્ષીઓ, પ્રભુની તે તે શાસ્ત્રાજ્ઞાઓ રૂપ મોક્ષમાર્ગની સમ્યક્પ્રકારે આરાધના નથી કરી શકતા ત્યારે અશઠગીતાર્થ મહાપુરુષ, તે આરાધક મહર્ષીઓને પ્રભુનિદર્શિત મોક્ષમાર્ગની સુખે આરાધના કરી શકાય તેવો શાસ્ત્રને પૂર્વાપર અબાધાકારી માર્ગ કાઢી આપે છે તેને આચરણા કહેવાય છે. અને તે આચરણાને ત્રીજી પેઢી પછી જીતવ્યવહાર=પરંપરા કહેવામાં આવે છે. આ રીતે શાસ્ત્રો જે કાર્ય કરી શકતા નથી તે કાર્ય પરંપરા કરી શકતી હોવાથી પરંપરા કરતાં શાસ્ત્રો બલવત્તર ગણાતા નથી; પરંતુ શાસ્ત્રો કરતાં પરંપરા બલવાન ગણાય છે. આચરણા શાસ્ત્રોત્થિત હોતી નથી. જે વસ્તુ શાસ્ત્રોત્થિત નથી; પરન્તુ ગીતાર્થોત્થિત હોઈને શાસ્ત્રને પૂર્વાપર અબાધિતપણે શાસ્ત્રથી પર તરીકે સ્વતંત્ર છે તે વસ્તુની શુદ્ધાશુદ્ધતાનું માપ જેઓ તેનાથી નિર્બલ ગણાતા શાસ્ત્રોથી કાઢવાનું કહેતા હોય તેઓને અજ્ઞાની અને અશુભાશયી માનવા રહે છે. શાસ્ત્રના દસ્કતોથીએ ભિન્ન એવી આચરણા ગ્રાહ્ય બને છે; પરન્તુ શાસ્ત્ર જો આચરણાથી ભિન્ન હોય તો ગ્રાહ્ય બનતું નથી."

શ્રી ધર્મરત્ન પ્રકરણ પૃ. ૨૪૭ ઉપરની–'**अन्नह भणियंपि सुए, किंचि कालाइकारणा-वेक्खं × × × भोयणविहि अन्नत्तं पमाइ विविहमन्नंपि**' એ ૮૧ થી ૮૩ ગાથામાં જણાવ્યું છે કે–" શાસ્ત્રોને વિષે કોઈક બાબત જુદી રીતે જણાવેલી હોય છતાં પણ કાલાદિક કારણોને આશ્રયીને સંવિજ્ઞગીતાર્થોએ તે શાસ્ત્રોક્ત બાબતથી જુદી રીતે જ આચરેલી દેખાય છે. ॥૮૧॥ કપડો ખંભે રાખવાને બદલે પહેરવો, ચોલપટ્ટાના બે છેડાને કોણીએથી

દબાવીને રાખવાને બદલે કમરે વળ ચઢાવીને ભેરવવારૂપે ચોલપટ્ટાનો ફેરફાર કરવો, ગોચરીની ઝોળીના બે છેડાની એક ગાંઠ વાળીને કાંડા ઉપર લટકાવ્યા બાદ બીજા બે છેડા મુઠીમાં પકડી રાખવાને બદલે તે બીજા બે છેડાની પણ બીજી ગાંઠ વાળવી, ઔપગ્રહિક ઉપધિ રાખવી, કટાહક=ધાતુનાં વાસણ (?) ઉપયોગમાં લેવાં, તુંબડાને મોઢું કરવું અને તરપણી–લોટ–ચોળપટ્ટો વગેરેને દોરા બાંધવા વગેરે. ॥ ૮૨ ॥ પાત્રાં વગેરે ઉંચે રાખવા સારૂ શીકું બાંધવું, ભાદરવા શુદ પાંચમે સંવત્સરીને બદલે ચોથે સંવત્સરી કરવા રૂપે તથા ત્રણ ચોમાસી પૂનમને બદલે ચૌદશે કરવા રૂપે તિથિનું પરાવર્ત્તન કરવું, ગોચરીમાં ગમે તે અને ગમે તેટલાં દ્રવ્યો આવ્યા હોય તો કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય સાથે સંયોજન કર્યા વિના પૃથક્ પૃથક્ દ્રવ્ય વાપરવાના વિધિને બદલે પ્રચલિત ભોજનવિધિ કરવો : ઇત્યાદિ અનેક પ્રકારે બીજી પણ આચરણાઓ છે. ॥ ૮૩ ॥ ”

સાડાત્રણસો ગાથાના સ્તવનની ચૌદમી ઢાલમાં મહો૦ શ્રી યશોવિજયજી મહારાજે પણ કહ્યું છે કે–“ માર્ગ સમયની થિતિ તથા સંવિજ્ઞબુધની નીતિ ” એ દોય અનુસારે ક્રિયા, જે પાળે હો તે ન લહે ભીતિ–એટલે કે–આગમશાસ્ત્રોની મર્યાદા અને સંવિજ્ઞવિબુધની આચરણા એ બંને માર્ગ છે અને તે બંનેય માર્ગને અનુસરીને જે માણસ ક્રિયા કરે તે ભવપરંપરાને ન પામે. ॥ ૪ ॥ ” તેઓશ્રીએ તે સ્થલે આચરણા બાબત પણ પૂર્વોક્ત ધર્મરત્ન-પ્રકરણના પાઠ મુજબ જ કહ્યું છે કે–“ સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુ ગુણ જાણ, સંવિજ્ઞવિબુધે આચર્યું, કાંઈ દીજે હો કાલાદિ પ્રમાણ ॥ સાહેબજી સાચી તાહરી વાણ ॥૫॥ કલ્પનું ધરવું–ઝોલિકા, ભાજને દવરકદાન । તિથિ પજુસણની પાલટી, ભોજનવિધિ હો ઇત્યાદિ પ્રમાણ. ॥ સા૦ ૬ ॥ વ્યવહાર પાંચે ભાખીયા, અનુક્રમે જેહ પ્રધાન । **આજ તો તેમાં જીત છે,** તે તજીયે હો કેમ વગર નિદાન ? ॥ સા૦ ૭ ॥ ”

આ દરેક આધારોથી સિદ્ધ છે કે–શાસ્ત્રો, પરંપરા કરતાં બલવાન્ નથી; પરંતુ પરંપરા શાસ્ત્રો કરતાં બલવત્તર છે. બલવાન્‌ની શુદ્ધાશુદ્ધતાનું માપ નિર્બલથી કાઢવાની વાત જ વાહિયાત છે. પરંપરા શાસ્ત્રને સાધક હોય છે; પરંપરાનું સાધક શાસ્ત્ર હોતું નથી. કાલાદિ-કારણે શાસ્ત્ર નિજનું હિતચાહક છે અને પરંપરા તેને–શાસ્ત્રને હિતકારક છે. શાસ્ત્ર, પરંપરાનું હિત કદિ કરી શકતું નથી. આથી શાસ્ત્રથી પરંપરાને સાધવાનું કહેનાર અપૂર્વભૂત મૂર્ખ ઠરે છે. શાસ્ત્રથી કરાય તે શ્રુતવ્યવહાર અને પરંપરાથી કરાય તે જીતવ્યવહાર ગણાતો હોઈને શાસ્ત્ર અને પરંપરાને પ્રાયઃ સંબંધ જ હોતો નથી. શાસ્ત્રાજ્ઞા એ ઉત્સર્ગ માર્ગ છે અને પરંપરા એ અપવાદ માર્ગ છે. ઉત્સર્ગથી સિદ્ધ નહિ થઈ શકતા કાર્યો અપવાદ સિદ્ધ કરી આપતો હોવાથી અપવાદરૂપ પરંપરા કરતાં ઉત્સર્ગરૂપ શાસ્ત્રો બલવાન્ નથી, પરંતુ ઉત્સર્ગરૂપ શાસ્ત્રો કરતાં અપવાદ રૂપ પરંપરા જ બલવતી છે. આજે વિદ્યમાન છે તે પરં-પરાગમરૂપ શાસ્ત્રથી થતો શ્રુતવ્યવહાર અને પરંપરાથી થતો જીતવ્યવહાર એ બંને જિનાજ્ઞા હોવા છતાં ( ઉપર જણાવેલા મહોપાધ્યાયજીના ‘ વ્યવહાર પાંચે ભાખીયાં, અનુક્રમે જેહ

પ્રધાન; આજ તો તેહમાં જીત છે, તે તજીએ હો કેમ વગર નિદાન ?' એ ટંકશાલી વચનાનુસાર) આજે તો તે પરંપરારૂપ જીતવ્યવહારની મુખ્યતા હોવાથી તે બંને આજ્ઞામાં પણ પરંપરા એ પ્રબલ જિનાજ્ઞા છે. આવી પ્રબલ જિનાજ્ઞાને નિર્બલ લેખાવનારમાં જેઓ જૈનત્વ માનતા હોય તેઓમાં પણ જૈનત્વ માનવું એ સાહસ ગણાય. કારણ કે–તેઓ સહુ જાણે અજાણે પણ આજે મુખ્યત્વે જેના આધારે પ્રભુશાસન પ્રવર્તી રહ્યું છે એ શ્રી જીત-વ્યવહાર રૂપ શાસનના સબલ આધારને જ ઉડાવી દેવાની ઉંવાટે ચઢેલા સ્વપરહિતઘાતક અપમાર્ગીના પોષક ગણાય.

**પ્રશ્ન ૬:**—'વર્ત્તમાનમાં શ્રુતવ્યવહારની મુખ્યતા નથી અને જીતવ્યવહારની મુખ્યતા છે' એ શ્રી સેનસૂરિજી મહારાજે તથા પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે તે જીતવ્યવહારનું સ્વરૂપ શું ?

**ઉત્તર:**—અશઠગીતાર્થ મહાપુરુષે કારણે આચરેલી જે આચરણા ત્રણ પાટ પછીથી પણ અવિચ્છિન્નપણે ચાલે તેને જીતવ્યવહાર=રીવાજ કહેવામાં આવે છે. આ બદલ શ્રી **જીતકલ્પભાષ્ય** પત્ર ૫૯ ઉપર–'**वत्तणुवत्तपवत्तो, बहुसो आसेविओ महाजणेणं। एसो उ जीयकप्पो, पंचमओ होंति ववहारो** ॥ ૬૭૫ ॥' પાઠ છે. તે પાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે કે 'એક પાટ સુધી ચાલેલ આચરણાનો રીવાજ **वृत्त** કહેવાય છે, બે પાટ સુધી ચાલેલ હોય તે **अनुवृत्त** કહેવાય છે, ત્રણ પાટ સુધી ચાલેલ હોય તે **प्रवृत्त** કહેવાય છે અને મહા-પુરુષોએ બહુવાર સેવેલો તે રીવાજ જીતવ્યવહાર (પરંપરા) કહેવાય છે.'

**પ્રશ્ન ૭:**—ઉપરનાં સમાધાનોમાં જણાવેલું–'પરંપરા શાસ્ત્રનિરપેક્ષ હોઈ સ્વતંત્ર વસ્તુ છે, શાસ્ત્રવચનથી ભિન્ન પણ હોઇ શકે છે, શાસ્ત્ર કરતાં બલવાન્ છે, એ પણ જિનાજ્ઞા જ છે, પૂ૦ મહો૦ના 'આજ તો તેમાં જીત છે' એ વચનાનુસારે વર્ત્તમાનમાં શ્રુતવ્યવહારની નહિ; પરંતુ જીતવ્યવહાર–પરંપરાની પ્રાધાન્યતા હોવાથી પરંપરા એ પ્રબલ જિનાજ્ઞા છે અને આજે પ્રભુનું શાસન પ્રાયશ્ચિત્તાદિમાં મુખ્યત્વે શાસ્ત્રાધારે નહિ; પરંતુ પરંપરાના આધારે પ્રવર્ત્તે છે.' એ વિધાન આપણા પૂ. સર્વ મુનિસંપ્રદાયોને સંમત છે ખરું ?

**ઉત્તર:**—એ વિધાન આપણા પૂ૦ મુનિસંપ્રદાયોમાંથી એકાદ પણ સંપ્રદાયને અસંમત હોય તેવું જાણ્યું નથી.

**પ્રશ્ન ૮:**—જો એમ જ છે તો આપણા પૂ. મુનિસંપ્રદાયોમાંનો કેટલોક વર્ગ આજે તેવી પ્રબલ જિનાજ્ઞા સ્વરૂપ પરંપરા માટે પણ 'જો શાસ્ત્રથી શુદ્ધ હોય તો લાખ–લાખવાર માનવા તૈયાર છીએ.' એમ કહીને શાસ્ત્રના આધાર વિનાની પરંપરાની અવગણના કરતો તો પ્રત્યક્ષ જોવાય જ છે તેનું કેમ ?

**ઉત્તર:**—જે વર્ગ શાસ્ત્રના આધાર વિનાની પરંપરાને અશુદ્ધ કહીને પરંપરાની આજે અવગણના કરતો જોવાય છે તે વર્ગ પણ પરંપરાનું સં. ૧૯૯૨ સુધી તો પરંપરા

અંગેના પૂર્વોક્ત વિધાન મુજબ જ પાલન કરતો હતો. હવે તે વર્ગ, પોતે અને પોતાના સાત પેઢીના વડીલોએ પણ આચરેલી પરંપરાને માટે તેવું અયુક્ત બોલવા પૂર્વક પરંપરાની અવગણના કરતો જોવાય છે તે પણ સં. ૧૯૯૨ના શ્રાવણ માસથી શરૂ કરેલા મનસ્વી તિથિમત, સૂતક લોપક વિચાર અને તેને સાચા લેખાવવા રજુ કરેલા પોતાના મંતવ્યો, જે પરંપરા પાસે પ્રત્યક્ષ અસત્ય ઠરે છે તે પરંપરા બદલ જ બધી પરંપરાને માટે તેવું બોલીને પરંપરાની નિરર્થક જ અવગણના કરે છે. તે સિવાયની શાસ્ત્રથી શુદ્ધ ન હોય તેવી તો અનેક પરંપરાનું આજે પણ તે વર્ગ પ્રબલ જિનાજ્ઞારૂપે પાલન કરી રહેલ છે, અને તેમાં તે વર્ગ શાસ્ત્રીય શુદ્ધાશુદ્ધતા જોવા થોભતો પણ નથી.

**પ્રશ્ન ૯:**—શાસ્ત્રના આધાર વિનાની અનેક પરંપરાનું આજે પણ તે વર્ગ, તે રૂપે માનવા પૂર્વક પાલન કરતો હોવા છતાં તે વર્ગને પોતાના મત અને મંતવ્યોને બાધક થતી હોવા માત્રથી જ સં. ૧૯૯૨ સુધી પોતે અને પોતાના વડિલોએ પણ આચરેલી પરંપરા માટે તેવું અયુક્ત વદવાનો અને આચરવાનો હેતુ શું હોઇ શકે?

**ઉત્તર:**—ભદ્રિકજનોમાં પરંપરાના ભોગે પણ પોતાના મત અને મંતવ્યોને સિદ્ધાંત-રૂપે વસાવી દેવાથી નિજનું માન જળવાઈ રહે એ હેતુ છે.

**પ્રશ્ન ૧૦:**—એ રીતે–' શાસ્ત્રના આધાર વગરની ' કહીને પરંપરાની અવગણના કરનારો તે વર્ગ, સં. ૧૯૯૨ પછીથી શાસ્ત્રના આધાર વિનાની એકાદ પણ પરંપરાને અનુસરતો હોય તેવો કોઇ દાખલો છે?

**ઉત્તર:**—તે વર્ગ, શાસ્ત્રના આધાર વિનાની એકાદ નહિ પણ અનેક પરંપરાઓને આજે પણ અનુસરતો હોવાનો એક જ નહિ; પરંતુ અનેક દાખલાઓ છે. અને તે આ પ્રમાણેઃ–

## * તે વર્ગ આજે પણ માને જ છે તે શાસ્ત્રના આધાર વગરની પરંપરાઓ *

**(૧) પ્રથમ તો પ્રભુશાસનના મંડાણસ્વરૂપ ગણાતી આવશ્યકક્રિયામાં જુઓ કે**—દૈવસિક પ્રતિક્રમણને અંતે આજે તે વર્ગ પણ જે **લઘુશાંતિ** બોલે છે તે–બોલવાનું કોઇપણ શાસ્ત્રમાં કહેલું નહિ હોવાથી તે શાંતિ, તે શાંતિની રચના પૂર્વેના સંપ્રદાયોમાં બોલાતી ન્હોતી છતાં–પરંપરાથી બોલે છે.

(૨) રાત્રિક પ્રતિક્રમણને અંતે આજે તે વર્ગ પણ જે–'**સકલતીર્થ.**' બોલે છે તે જ તીર્થવંદન બોલવાનું કોઇપણ શાસ્ત્રમાં કથન નહિ હોવાથી તેની રચના પૂર્વેના સંપ્રદાયોમાં બોલાતું ન્હોતું છતાં તે જ બોલે છે તે, પરંપરાથી બોલાતું બોલે છે.

(૩) પકખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના પ્રારંભમાં આજે તે વર્ગ પણ છે–'**સકલાર્હત્**' ચૈત્યવંદન બોલે છે તે જ ચૈત્યવંદન બોલવાનું કોઇપણ શાસ્ત્રમાં કથન

નહિ હોવાથી તેની રચના પૂર્વેના સંપ્રદાયોમાં તે બોલાતું હોતું–છતાં–તે જ ચૈત્યવંદન બોલે છે તે પરંપરાથી બોલે છે.

(૪) તે ત્રણેય પ્રતિક્રમણમાં આજે તે વર્ગ પણ જે–'**સ્નાતસ્યા૦**'ની સ્તુતિ બોલે છે તેજ સ્તુતિ બોલવાનો શાસ્ત્રોલ્લેખ નહિ હોવાથી તેની રચના પૂર્વેના સંપ્રદાયોમાં તે બોલાતી હોતી, છતાં તે જ સ્તુતિ બોલે છે તે પરંપરાથી બોલે છે.

(૫) તે ત્રણેય પ્રતિક્રમણમાં આજે તે વર્ગ પણ જે–'**અજિતશાંતિ**' સ્તવન બોલે છે તે જ સ્તવન બોલવું એવો શાસ્ત્રોલ્લેખ નહિ હોવાથી તેની રચના પૂર્વેના સંપ્રદાયોમાં તે બોલાતું હોતું, છતાં તે જ સ્તવન બોલે છે તે પરંપરાથી બોલાતું બોલે છે.

(૬) તે ત્રણેય પ્રતિક્રમણને અંતે બોલાતા '**સંતિકરં**'ની પહેલાં આજે તે વર્ગ પણ જે 'બૃહત્શાંતિ' બોલે છે તે જ બોલવી એવો શાસ્ત્રોલ્લેખ નહિ હોવાથી તેની રચના પૂર્વેના સંપ્રદાયોમાં તે બોલાતી હોતી છતાં તે જ બૃહત્શાંતિ બોલે છે તે પરંપરાથી બોલાતી બોલે છે. આ સંબંધે શ્રી સેનપ્રશ્નના ૧૦૭મા પત્ર ઉપર ખુલાસો પણ છે કે–**'पाक्षिकप्रतिक्रमणे परंपरया शान्तिरवश्यं कथ्यते.'**

(૭) તે ત્રણેય પ્રતિક્રમણને અંતે સર્વ સંપ્રદાયોમાં બોલાતું '**સંતિકરં**' બોલવાનો કોઇ શાસ્ત્રોલ્લેખ નહિ હોવાથી તે સ્તવનની રચના પૂર્વેના સમુદાયમાં તે બોલાતું હોતું છતાં (એ બાબત આ૦ શ્રી લબ્ધિસૂરિજીએ કલ્યાણ માસિક વર્ષ ૧૨ના પહેલા–બીજા સંયુક્ત અંકના ૧૬મા પેજની બીજી કોલમમાં આપેલ સમાધાનનાં હાર્દથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે–) વડિલની ભૂલને પંપાળવા આજે વ્યવહારથી નહિ બોલતો તે વર્ગ પણ અંતરથી તો તે તે પ્રતિક્રમણોને અંતે સંતિકરં બોલવું વાજબીજ માને છે તે પણ પરંપરાને આભારી છે.

(૮) તે ત્રણેય પ્રતિક્રમણમાં '**અજિતશાંતિ**' બોલ્યા પછી કરવામાં આવતી સજ્ઝાય પ્રસંગે આજે તે નવો વર્ગ પણ જે **'सज्झाय संदिसाउं !', 'सज्झाय करुं !'** એ પ્રણાણે સજ્ઝાય બોલવાના માગેલ આદેશ મુજબ સજ્ઝાય તો બોલતો જ નથી અને સજ્ઝાયને બદલે (નવકાર, ઉવસગ્ગહર સ્તોત્ર અને સંસારદાવા૦ની સ્તુતિ બોલવાનો કોઈપણ શાસ્ત્રીય ઉલ્લેખ નહિ હોવા છતાં) નવકારાદિ બોલે છે તે પણ પરંપરાથી બોલાતું બોલે છે. શ્રી સેનપ્રશ્નના બીજા ઉલ્લાસમાં૪૧ મા પેજ ઉપર તે સંબંધી ખુલાસો પણ છે કે–**'पाक्षिकप्रतिक्रमण-प्रान्तस्वाध्याये स्तुतिस्तोत्रादिपठनं आवश्यकचूर्ण्यभिप्रायेण परम्परया विधीयत इति ॥ २०६ ॥'**

(૯) દરેક માસની તેરસ તથા ભા૦ શુ૦ ત્રીજના દિવસે કરાતા દૈવસિક પ્રતિક્રમણને આજે તે વર્ગ પણ જે માંગલિક પ્રતિક્રમણ તરીકે સંબોધે છે, તથા તે તે દિવસે પ્રતિક્રમણમાં–ચૈત્યવંદન પાર્શ્વનાથ પ્રભુનું જ બોલે છે અને તેમાં પણ 'ૐ નમઃ પાર્શ્વનાથાય૦' ચૈત્યવંદન જ બોલે છે, સ્તુતિ 'કલ્લાણ કંદં૦'ની જ બોલે છે અને સ્તવન 'સંતિકરં'નું

જ બોલે છે તે, ‘તે દિવસે તે જ ચૈત્યવંદનાદિ બોલવાં’ એમ શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં બોલે છે તે, પરંપરાથી બોલે છે.

**(૧૦)** શાસ્ત્રમાં નહિ જણાવ્યું હોવા છતાં આજે તે વર્ગ પણ સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા શુદ ચોથે કરે છે. તે યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય મહારાજે કરેલ આચરણજન્ય પરંપરાથી તેમ કરાતું હોવાથી કરે છે.

**(૧૧)** કાર્ત્તિક, ફાલ્ગુન અને આષાઢમાસનું ચોમાસીપર્વ અને ચોમાસી પ્રતિક્રમણ તે તે માસની શુદ ચૌદશે કરવાનો શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં તે વર્ગ પણ તે તે ચોમાસી અને તેનું પ્રતિક્રમણ તે તે માસની શુદ ચૌદશે જ કરે છે તે, પરંપરાથી કરાતું કરે છે.

**(૧૨)** તે ત્રણેય ચોમાસી તે રીતે તે તે માસની શુદિ ચૌદશે કરવામાં પકખીના દિવસે ચોમાસીનું પ્રતિક્રમણ કરવાને લીધે ત્રણ પાક્ષિક પ્રતિક્રમણ તૂટતાં હોવા છતાં તેને તે નવો વર્ગ પણ તૂટક તરીકે નથી માનતો તે પરંપરાથી તૂટક તરીકે નહિ મનાતા હોવાને લીધે પરંપરાથી જ તૂટક તરીકે માનતો નથી. આ સંબંધે શ્રી સેનપ્રશ્નના ચોથા ઉલ્લાસના ૧૧૫ મા પત્રની પહેલી પુઠીમાં ખુલાસો પણ છે કે– **‘प्रतिक्रमणानां न्यूनत्वेऽधिकत्वे वा न कोऽपि विशेषो, यतः पूर्वाचार्याणामाचरणैवात्र प्रमाणं, यथा कल्पसूत्रस्य श्रावणं श्राद्धानां पूर्वाचार्याचरणैव क्रियत इति.’**

**(૧૩) હવે તે આવશ્યક ક્રિયાઓ ઉપરાંત બીજી બીજી બાબતોમાં પણ જૂઓઃ** કે–શાસ્ત્રમાં શ્રી કલ્પસૂત્ર, શ્રાવકોને સંભળાવવાનું જણાવ્યું નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ પર્યુષણામાં શ્રાવકોને કલ્પસૂત્ર સંભળાવે છે તે પૂર્વાચાર્યની આચરણાજન્ય પરંપરાથી સંભળાવે છે.

**(૧૪)** શાસ્ત્રમાં અવસ્થાનલક્ષણ પર્યુષણા જઘન્યથી ૭૦ અને ઉત્કૃષ્ટથી ૧૨૦ દિવસ કરવાનું જણાવેલ હોવા છતાં આજે તે વર્ગ પણ ૧૨૦ દિવસની જ કરે છે તે પરંપરાથી કરે છે.

**(૧૫)** બેસતા વર્ષના માંગલિક તરીકેના સવારના પ્રથમ વ્યાખ્યાનમાં તે વર્ગ પણ જે સાત કે નવસ્મરણો અને શ્રી ગૌતમ સ્વામીના રાસનું શ્રવણ કરાવે છે તે સંભળાવવાનો કોઈપણ શાસ્ત્રમાં ઉલ્લેખ નહિ હોવાથી તે સ્મરણો તથા રાસની રચના પૂર્વેના સંપ્રદાયો તે સ્મરણો તથા રાસનું શ્રવણ કરાવતા ન્હોતા છતાં શ્રવણ કરાવે છે તે પરંપરાથી શ્રવણ કરાવે છે.

**(૧૬)** **‘अट्ठमि चउद्दसि पुण्णिमा य तहामावसा हवइ पव्वं। मासंमि पव्वछक्कं, तिन्नि अ पव्वाइं पक्खम्मि’** પાઠાનુસાર મહિનામાં–આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એમ ચતુષ્પર્વી, શુકલ તથા કૃષ્ણપક્ષની મળીને બે આઠમ, બે ચૌદશ, પૂનમ અને અમાસ એમ

ષટ્પર્વી અને પખવાડિઆમાં ત્રણપર્વી જણાવેલ હોવા છતાં **'बीया पंचमी अट्ठमी एगारसी चउद्दसी पण तिहीओ। एआओ सुअतिहीओ, गोयमगणहारिणा भणिआ॥'** એ શ્રી શ્રાદ્ધ-વિધિ આદિ પ્રકરણ ગ્રંથમાંના પાઠને અવલંબીને તે વર્ગ પણ આજે મહીનામાં જે–' બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ, ચૌદશ, પૂનમ તથા અમાસ મળીને સાત પર્વી, શુકલ તથા કૃષ્ણપક્ષની બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગીઆરસ, બે ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા મળીને બારપર્વી અને પખવાડીયામાં બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ, ચૌદશ અને પૂનમ અથવા અમાસ મળીને છ પર્વી ' જણાવે છે તે પણ તેવી પૂર્વાચાર્યની આચરણાજન્ય પરંપરાથી જણાવે છે. આ બદલ શ્રી હીરપ્રશ્ન પત્ર ૩ની પહેલી પુઠી ઉપર ૧૫ મા પ્રશ્નના ઉત્તરમાં ખુલાસો પણ છે કે– **'द्वितोयादिपंचपर्व्या उपादेयत्वं संविग्नगीतार्थाचीर्णतया संभाव्यते, अक्षराणि तु श्राद्धविधेरन्यत्र दृष्टानि न स्मरंति'**

**(૧૭)** પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં–' અતિચાર કહ્યા પહેલાં છીંક થાય તો ફરીથી પ્રતિક્રમણ પહેલેથી શરૂ કરવું ' એવો કોઈ શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ તે રીતે છીંક થાય તો ફરીથી પ્રતિક્રમણ શરૂ કરે છે તે પરંપરાથી કરે છે. જુઓ– ' શ્રી હીરપ્રશ્ન પત્ર ૧૩ ની પહેલી પુઠી ઉપરનો બીજો પ્રશ્નોત્તર. '

**(૧૮)** શાસ્ત્રમાં તેવો કોઈ ઉલ્લેખ નહિ હોવા છતાં પર્યુષણમાં તે વર્ગ પણ જે ચૌદ સ્વપ્ન ઉતરાવે છે, ઝુલાવરાવે છે, તેને પુષ્પમાલાદિ પહેરાવરાવે છે અને તેની ઉછામણી વગેરે બોલે છે તે પરપરાથી બોલે છે.

**(૧૯)** શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં તે વર્ગ પણ જે–પ્રભુપૂજા, આરતિ, મંગલદીવો, ગુરુને વાંચવા માટે વહોરાવાતાં પુસ્તકો અને પ્રતિક્રમણમાં તેના સૂત્રો વગેરેની ઉછામણી બોલે છે તે પરંપરાથી બોલે છે.

**(૨૦)** પ્રથમ જણાવેલ છે તેમ આગમશાસ્રોમાં મુનિને–ઓઘો, તરપણી, ચોલપટ્ટો. વગેરેને દોરો બાંધવાનો તથા તેવા દોરાઓને તેમજ ગોચરીની ઝોળીને ગાંઠ વાળવાનો નિષેધ હોવા છતાં આજે તે વર્ગ પણ તે તે વસ્તુઓને નિઃશંકપણે દોરા બાંધે છે અને ગાંઠ વાળે છે તે પરંપરાથી બાંધતો અને વાળતો હોઈને શાસ્ત્રીયજિનાજ્ઞા કરતાં પરંપરા-રૂપ જિનાજ્ઞાને પ્રબલ માનતો હોવાના પ્રતીકરૂપ છે.

**(૨૧)** શાસ્ત્રમાં મુનિને ધાતુને અડકવાનો નિષેધ હોવા છતાં આજે તે વર્ગ પણ– તાસ, તપેલા, થાળી, છીબાં, વાટકા અને ચશ્માની ફ્રેમો વગેરે ધાતુની ચીજોનો તો નિરપવાદ અને નિઃશંકપણે ઉપયોગ કરે છે તે પણ પરંપરાથી કરે છે.

**(૨૨)** ઓઘાને ઓઘારીયું વીંટચા પછી ઓઘાના મૂલ ભાગમાં દોરો વીંટવાનું ( શ્રી પ્રવચન સારોદ્ધારપત્ર ૧૧૧ ના ઉલ્લેખ મુજબ ) શાસ્ત્રમાં વિધાન નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ વીંટે છે તે પરંપરાથી વીંટે છે.

(૨૩) વર્તમાનમાં પ્રવર્ત્તતો શ્રાવકને સામાયિક લેવાનો વિધિ, આવશ્યકચૂર્ણિમાં જણાવેલ વિધિથી ભિન્ન હોવા છતાં તે વર્ગ પણ શ્રાવકોને વર્ત્તમાનવિધિથી જ સામાયિક કરાવે છે તે પરંપરાથી કરાવતો હોઈને શાસ્ત્રરૂપ જિનાજ્ઞા કરતાં પરંપરારૂપ જિનાજ્ઞાને પ્રબલ માનતો હોવાના પ્રતીકરૂપ છે.

(૨૪) **શ્રીવ્યવહારસૂત્ર** જેવા છેદસૂત્રરૂપ આગમગ્રંથની પીઠિકામાંના **जायमयसूयगाइ०'** એ સૂત્રથી શાસ્ત્રકારે જન્મ-મરણનું સૂતક ૧૦ દિવસનું કહેલ છે. છતાં સં૦ ૧૯૯૨ થી સૂતક લોપનાર આ૦ શ્રી દાનસૂ૦ના સમુદાય સિવાયનો તે (આ૦ શ્રી લબ્ધિસૂરિ, આ૦ શ્રી સિદ્ધિસૂ૦, ભદ્રસૂ૦, અમૃતસૂ૦, કનકસૂ૦, વગેરે નવાતિથિમતમાં દોરાઇ જવા પામેલ) વર્ગ આજે પણ જે કોઇ દેશમાં તે તે શસ્ત્રોક્ત ૧૦ દિવસ કરતાં વધારે દિવસ સુધી પાળવાનો લોક૦વ્યવહાર હોય તો તેવા દેશમાં તેટલા વધારે દિવસો સુધી પણ સૂતકી ઘરોને વર્જે છે તે પરંપરાથી વર્જતો હોઇને શાસ્ત્રરૂપ જિનાજ્ઞા કરતાં પરંપરારૂપ જિનાજ્ઞાને વધુ પ્રબલ માનતો હોવાનું પ્રતીક છે. શ્રી સેનપ્રશ્ન પત્ર ૧૮ ઉલ્લાસ ત્રીજાના ૨૦૧ મા પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્રકારે-**'यत्र देशे सूतकगृहे यावद्भिर्वासरैर्ब्राह्मणादयो भिक्षार्थं व्रजन्ति** तत्रात्म**भिरपि तथा विधेयमिति वृद्धव्यवहारः।'** એમ જણાવવા વડે-'સૂતકમાં દસ કે તેથી વધુ દિવસો વર્જવાના તે લોક૦વ્યવહારને **જૈન વૃદ્ધોનો વ્યવહાર** એટલે-પ્રબલ જિનાજ્ઞારૂપ જૈની પરંપરા કહેલી છે.'

(૨૫) **શ્રી આવશ્યકચૂર્ણિ** જેવા આગમગ્રંથને વિષે-'સાધુઓએ દૈવસિક, રાત્રિક, અને પાક્ષિક પ્રતિક્રમણમાં ત્રણ વડિલોને' ચોમાસી પ્રતિક્રમણમાં પાંચ વડિલોને અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં સાત વડિલોને અબ્ભુટ્ઠિઓ ખામવાનો ઉલ્લેખ હોવા છતાં આજે તે વર્ગ પણ-પાક્ષિક પ્રતિક્રમણમાં ત્રણને બદલે પાંચ અને ચોમાસી પ્રતિક્રમણમાં પાંચને બદલે સાત વડિલોને અબ્ભુટ્ઠિઓ ખામતો હોય તો તે (શ્રી પ્રવચનસારોદ્ધાર પત્ર ૪૩ના ઉલ્લેખ મુજબ) પરંપરાથી ખામતો હોઈને તે વર્ગ પણ શાસ્ત્રરૂપ જિનાજ્ઞા કરતાં પરંપરારૂપ જિનાજ્ઞાને પ્રબલ માનતો હોવાનું પ્રતિક છે.

(૨૬) **શ્રી મહાનિશીથ** નામક છેદ સૂત્ર રૂપ આગમગ્રંથને વિષે-ગૃહસ્થને ઉપધાન વહન કર્યા વિના સૂત્રો ભણવામાં પ્રાયઃ અનંતસંસારિતા જણાવેલ હોવા છતાં આજે તે વર્ગ પણ ઉપધાન નહિ કરેલા શ્રાવકને 'કરેમિભંતે' સૂત્રથી માંડીને શ્રી દશવૈકાલિકસૂત્રના ચાર અધ્યયન પર્યંત સૂત્રો ભણાવે છે તે, (શ્રી સેનપ્રશ્ન ઉલ્લાસ પહેલાના ૨૮મા પ્રશ્નોત્તરમાંના-**'तत्र च जीतव्यवहारः संप्रदायश्च प्रमाणं'** એ દસ્કત મુજબ) પરંપરાથી ભણાવતો હોઈને શાસ્ત્રરૂપ જિનાજ્ઞા કરતાં પરંપરા રૂપ જિનાજ્ઞાને પ્રબલ માનતો હોવાનું પ્રતીક છે.

(૨૭) **આગમગ્રંથોને વિષે** સગીરવય ૧૬ વર્ષ સુધી જણાવેલ હોવા છતાં આજે તે વર્ગ પણ દીક્ષાપ્રદાનમાં વિ. સં. ૧૯૯૦ના શ્રી રાજનગર મુનિ સંમેલને ઠરાવેલ ૧૮

વર્ષ સુધી સગીર વય માનીને પ્રવર્ત્તે છે તે શાસ્ત્રોક્ત જિનાજ્ઞા કરતાં જીતવ્યવહાર=પરંપરારૂપ જિનાજ્ઞાને પ્રબલ માનતો હોવાનું પ્રતીક છે.

(૨૮) શ્રી તીર્થંકર દેવોને કચ્છ હોવાનું શાસ્ત્રમાં કહેલું નહિ હોવાથી કચ્છ વિનાની પ્રતિમાઓ પણ આપણામાં મોજુદ છે: આમ છતાં તે વર્ગ પણ શ્રી જિનપ્રતિમાઓને કચ્છ અને અંચલની નિશાનીઓ બતાવે છે તે પરંપરાથી બતાવે છે.

(૨૯) ઇર્યાવહી કરીને પાંચ વાનાં પડિલેહ્યા બાદ શેષ ઉપધિના પડિલેહણ માટે બીજી ઇર્યાવહી કરવાના શાસ્ત્રાક્ષરો નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ બીજી ઇર્યાવહી કરીને શેષ ઉપધિનું પડિલેહણ કરે છે તે પરંપરાથી કરે છે.

(૩૦) શ્રી સિદ્ધસ્તવની અંદર ક્ષેપિત '**उज्जिंतसेलसिहरे०**' ગાથા, શાસ્ત્રોક્ત નહિ હોવા છતાં 'સિદ્ધાણં બુદ્ધાણં૦' સૂત્ર બોલતાં આજે તે વર્ગ પણ બોલે છે તે પરંપરાથી બોલે છે.

(૩૧) પ્રભુનાં સમવસરણમાં તથા કૃષ્ણમહારાજના દૃષ્ટાંતમાં પ્રભુ બિરાજમાન હોવા છતાં જોડેના સાધુઓને વંદન કરેલ હોવાનો અધિકાર, શ્રી જિનમંદિરમાં પ્રભુ સામે કરાતા ચૈત્યવંદનમાં આવતા '**जावंत केवि साहू०**' પાઠવાળો અધિકાર અને પ્રભુ સામે શ્રી નવપદજીના આરાધકોએ ભણાવાતી શ્રી નવપદજીની પૂજામાં આચાર્યાદિ ત્રણ પરમેષ્ઠીની પણ પૂજા ભણાવવા પૂર્વક તેઓને વંદન પણ કરવાનો તથા તેઓનાં ચૈત્યવંદનો કરવાનો અધિકાર જોતાં શ્રી જિનમંદિરમાં ગુરુને વંદન કરવું અનુચિત નહિ ગણાતું હોવા છતાં નંદીની ક્રિયા વખતે નાણમાં પધરાવેલા પ્રભુની સામે ગુરુવંદન કરતી વખતે પડદો કરવાની આચરણા હોવાને લીધે આજે તે વર્ગ પણ જિનમંદિરમાં ગુરુવંદનને ઉચિત ગણતો નથી તે, આચરણાથી ઉચિત ગણતો નથી.

(૩૨) શાસ્ત્રમાં મુનિને એકવીશ પ્રકારનાં પ્રાસુક જલ જણાવેલ હોવા છતાં આજે તે વર્ગ પણ મુખ્યતાએ ત્રણ ઉકાળાવાળું જલ લે છે તે પરંપરાથી લે છે.

(૩૩) '**आमासु अ पक्कासु अ०**' ગાથામાં તેમજ શ્રી યોગશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં કાચાં તથા પકાવેલાં માંસને વિષે નિગોદના=અનંતા જીવોની ઉત્પત્તિ કહેલી છે. છતાં આપણી જેમ આજે તે વર્ગ પણ તે 'અનન્તા' શબ્દનો અર્થ, 'બહુ જીવો' એમ કરે છે તે પરંપરાથી કરે છે.

(૩૪) શ્રી સેન પ્રશ્ન પત્ર ૭ મુજબ-તે વર્ગ પણ જે શ્રુતદેવતાને નમસ્કાર કરે છે તે પરંપરાથી કરે છે.

(૩૫) શાસ્ત્રમાં સાધુને ચઉસરણપયન્નાના અધ્યયનનો તેના યોગ વહ્યા સિવાય નિષેધ છે છતાં તે વર્ગ પણ તેના યોગોદ્વહનનો જેને અભાવ છે તે શ્રાવકોને તેનું અધ્યયન કરાવે છે તે (શ્રી સેનપ્રશ્ન પત્ર ૯૨ ઉ. ૩ના ૪૦૭મા પ્રશ્નોત્તર મુજબ) પરંપરાથી કરાવે છે.

(૩૬) છૂટા શ્રાવકો પચ્ચકખાણ ત્રણ નવકાર ગણીને પારે, એમ સૂચવતો કોઇપણ શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ છૂટા શ્રાવકોને તે પ્રમાણે પચ્ચકખાણ પરાવવાનું રાખે છે તે પરંપરાથી રાખે છે.

(૩૭) શ્રી જિનમંદિરમાં પ્રભુ સામે પચ્ચકખાણ પરાય, એમ જણાવતા દસ્કતો નહિ હોવા છતાં તે વર્ગ પણ તેમ પ્રવૃત્તિ રાખે છે, તે પરંપરાથી રાખે છે.

(૩૮) ચન્દ્રના પ્રકાશમાં ઉદ્યોતિકા–ઉજેહી ન લાગે, એમ આપણા કોઈપણ શાસ્ત્રમાં જણાવેલ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ તે પ્રમાણે વર્ત્તે છે તે પરંપરાથી વર્ત્તે છે.

(૩૯) કસેલ્લક (કસેલો) નાખેલું જલ અંતર્મુહૂર્ત્ત પછી અચિત્ત થતું હોવાનો શાસ્ત્રોલ્લેખ હોવા છતાં આજે તે વર્ગ પણ કારણેય તેવું જલ લેતો નથી, તે પરંપરાથી લેતો નથી.

(૪૦) શ્રી સેનપ્રશ્ન પત્ર ૨૨ ઉલ્લાસ બીજાના ૩૨મા પ્રશ્નોત્તર મુજબ–માલા સંબંધીનું સુવર્ણ, ચાંદી, સૂત્ર વગેરે દેવદ્રવ્ય કહેવાય એમ જણાવનારો શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ તે તે સર્વ વસ્તુને દેવદ્રવ્ય જ લેખાવે છે, તે પરંપરાથી લેખાવે છે.

(૪૧) પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં શરૂથી માંડીને શાંતિ સુધીમાં છીંક વર્જવી, એમ કોઇ શાસ્ત્રોલ્લેખ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ તેમજ વર્ત્તે છે તે પરંપરાથી વર્ત્તે છે.

(૪૨) સાધુને પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં આવતા '**पियं च मे जं भे०**' આદિ ચાર ખામણાનાં સ્થાને શ્રાવક, સાધુના અભાવે નવકાર કહે, એ કોઇ શાસ્ત્રોક્ત નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ શ્રાવકોને તેમ પ્રવર્ત્તાવે છે તે પરંપરાથી પ્રવર્ત્તાવે છે.

(૪૩) રાત્રિપ્રતિક્રમણ અંતે આપણા પૂ. સર્વ મુનિસંપ્રદાયોમાં બોલવામાં આવતા શ્રી સીમંધરસ્વામિ તથા શ્રી સિદ્ધાચલજીનાં ચૈત્યવંદન–સ્તવનો બોલવાનું કોઇપણ શાસ્ત્રમાં કહ્યું નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ બોલે છે તે પરંપરાથી બોલે છે.

(૪૪) પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં શ્રાવકો પકખીસૂત્રનાં સ્થાને જે 'વંદિત્તુ' બોલે છે તે બોલવાનું (શ્રી સેનપ્રશ્ન પત્ર ૩ પ્રશ્નોત્તર ૨૧ મુજબ) કોઇપણ શાસ્ત્રમાં જણાવેલ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ શ્રાવકોને તે મુજબ પ્રવર્ત્તાવે છે તે પરંપરાથી પ્રવર્ત્તાવે છે.

(૪૫) પૌષધવાળો શ્રાવક, બીજા દિવસે સવારના પ્રતિક્રમણમાં જેમ આગામી વિષયવાળું બેસણાદિનું પચ્ચકખાણ કરે છે તેમ આગામી વિષયવાળો દેશાવકાશિકનો નિયમ ન ધારે, એમ કોઇપણ શાસ્રીય આવશ્યકવિધિમાં કહ્યું નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ જે પ્રતિક્રમણમાં દેશાવકાશિક ધારવાનો નિષેધ કરે છે, તે નિષેધ પરંપરાથી કરે છે. (જુઓ–શ્રી સેનપ્રશ્ન પત્ર ૧૦ પ્રશ્નોત્તર ૭૩)

(૪૬) મીઠામાં નાખેલાં લીંબુ વગેરેનું લીલોત્રીપણું ગણાતું નથી એમ કોઈ શાસ્ત્રમાં કહ્યું નહિ હોવા છતાં આજે તે વર્ગ પણ લીલોત્રીપણું ગણતો નથી, તે પરંપરાથી ગણતો નથી. (જુઓ–સેનપ્રશ્ન પત્ર ૧૨ પ્રશ્નોત્તર ૮૭)

(૪૭) પહોર દિવસ ચઢયા પછી શ્રાવકને પૌષધ ઉચ્ચરાવવાના નિષેધ કાઇપણુ શાસ્ત્રોમાં નથીઃ છતાં આજે તે વર્ગ પણુ શ્રાવકને પહોર દિવસ ચઢયા બાદ પૌષધ ઉચ્ચરાવતા નથી, તે પરંપરાથી ઉચ્ચરાવતા નથી.

(૪૮) **'आमगोरससंपृक्तं०'** ગાથામાંના **'गोरस'** શબ્દના અર્થ 'દહી' કરવામાં તેની સાથે 'દૂધ અને છાશ' અર્થ પણુ કરવા એમ કાઇપણુ શાસ્રમાં કહ્યું નહિ હોવા છતાં આજે તે વર્ગ પણુ જે દહી સાથે 'દૂધ અને છાશ' અર્થ પણુ કરે છે તે પરંપરાથી કરે છે. (જુઓ સેનપ્રશ્ન ઉ. ૩ પત્ર ૮૩ પ્રશ્નોત્તર ૩૩૦)

(૪૯) 'રાત્રે પૌરુષી પછી ઉંચા સ્વરે ન બોલવું' એમ શાસ્ત્રવચન હોવા છતાં તપસ્યાદિ મહોત્સવમાં તે વર્ગ પણુ–શ્રાવકોએ ધામધૂમપૂર્વક ગાઈ વજાવીને કરાતા–રાત્રિજાગરણુના તો નિષેધ કરતો જ નથી તે તેવી પરંપરા હોવાથી નિષેધ કરતો નથી. (જુઓ શ્રી હીરપ્રશ્ન પત્ર ૩૧ ત્રીજો પ્રકાશ પ્રશ્નોત્તર ૧૧)

(૫૦) શ્રી સેનપ્રશ્ન પત્ર ૨ પ્રશ્નોત્તર ૮ માં જણુાવ્યા મુજબ સામાચારી વગેરે ગ્રંથોમાં સાંજના પ્રતિક્રમણુમાં બોલાતી સજ્ઝાય પૂર્ણ થયા પછી નવકાર બોલવાનું કહેલ નહિ હોવા છતાં આજે તે વર્ગ પણુ નવકાર બોલે છે તે (પાક્ષિક પ્રતિક્રમણાદિને અંતે બોલાતા સંતિકરંની જેમ વિધિમાં કહેલ નહિ હોવા છતાં) પરંપરાથી બોલે છે.

(૫૧) શ્રી સેનપ્રશ્ન પત્ર ૧૪ ઉ. ૧ના પ્રશ્નોત્તર ૧૦૨ મુજબ–**'उदयंमि जा तिही सा पमाणं इयरीए कीरमाणिए । आणाभंगऽणवत्था मिच्छत्तविराहणं पावे'** એ ગાથા તથા **'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।'** પ્રધોષને તે વર્ગ પણુ (તેના કર્ત્તાનો તેમજ તેની પ્રામાણિકતાનો નિર્ણય કરવા થોભ્યા વિના જ) પ્રમાણુ માને છે તે સુવિહિત અવિચ્છિન્ન પરંપરાથી પ્રમાણુ માને છે.

આ ઉપરાંત તે વર્ગ, પરંપરા પ્રમાણે વર્ત્તતો હોવાના બીજા પણુ અનેક ઉદાહરણો છે; પરંતુ વિસ્તારના ભયથી બીજા અહિં દર્શાવેલ નથી.

**પ્રશ્ન ૧૧ઃ**—'પરંપરાને શાસ્ત્રાધાર હોતો નથી, એમ માનીને તો તે વર્ગ, આટલી બધી શાસ્ત્રાધાર વિનાની પરંપરાઓને માને છે અને ત્યારેજ તેમના વડે કરાતી પ્રતિક્રમણાદિ આવશ્યકક્રિયાદિનો સર્વ ધર્મવ્યવહાર તે વર્ગ સંપૂર્ણ કરી શકે છે.' એ વાત તે વર્ગ વડે આજે પણુ મનાતી પરંપરાના આટલા બધા દૃષ્ટાંતો જોતાં દીવા જેવી સ્પષ્ટ હોવા છતાં તે વર્ગે, સં. ૧૯૯૩ની 'પર્વતિથિપ્રકાશ' બૂકના પૃ. ૮૭ ઉપર પરંપરાનું– "જે વસ્તુ શાસ્ત્રાધારથી દૂષિત છે તે વસ્તુની પરંપરા એ વાસ્તવિક પરંપરા જ નથી. અશઠગીતાર્થપુરુષોથી આચરાએલી, સ્વઅજ્ઞાનાદિ દોષોથી જેમાં સિદ્ધાંતનો લેશ પણુ વિરોધ આવતો ન હોય, તેવી શાસ્ત્રાધારવાળી પરંપરા તીર્થંકર મહારાજની આજ્ઞાવત્ માન્ય કરવા યોગ્ય છે. જેમ પંચમીની ચોથ વગેરે." એ પ્રમાણે લક્ષણુ રજુ કરીને આજે પોતાના વડે પણુ

એ રીતે શાસ્ત્રના આધાર વિનાની ઢગલાબંધ આચરાતી પરંપરાઓને વાસ્તવિક પરંપરા નહિ લેખનારી જબ્બર ભૂલ કેમ કરી હશે? વળી-'પોતાના અજ્ઞાનાદિ દોષોથી જેમાં સિદ્ધાંતનો લેશ પણ વિરોધ આવતો ન હોય અને શાસ્ત્રાધારવાળી હોય તેવી પરંપરાને તીર્થંકર મહારાજની આજ્ઞાવત્ માન્ય કરવા યોગ્ય છે' એમ કહે છે તો તે વર્ગ, આજે પણ ઉપર જણાવેલી શાસ્ત્રાધાર વગરની થોકબંધ પરંપરાઓનું પાલન કરી રહેલ છે તે પરંપરાઓનું કોની આજ્ઞાવત્ માન્ય કરીને પાલન કરતો હશે? અને પરંપરાના તે જણાવેલ લક્ષણ ઉપર જે ભા. શુ. પંચમીની ચોથનું દૃષ્ટાંત આપેલ છે તે દૃષ્ટાંત તો શાસ્ત્રમાં સંવત્સરી પાંચમની જણાવેલ હોઇને તે ચોથની પરંપરા, તેના હિસાબે તે શાસ્ત્રાધારવાળી નહિ હોવાથી તેને બીલકુલ સંગત નથી! છતાં તે વર્ગે ત્યાં પરંપરાના જણાવેલા તે લક્ષણ ઉપર તેવું દૃષ્ટાંત કેમ આપેલ હશે?

**ઉત્તરઃ**—તે વર્ગે તે સ્થલે પરંપરાનું તે લક્ષણ, તેમણે સં. ૧૯૯૨ થી શરૂ કરેલા કલ્પિત તિથિમતને પ્રત્યક્ષ અસાર ઠરાવનારી શાસ્ત્રોક્ત લક્ષણવાળી વિદ્યમાન પ્રાચીન પરંપરાને ખોટી લેખાવવા સારૂ કલ્પિત રજુ કરેલ છે, તેમ કરવા જતાં તે વર્ગને આજે પણ પોતાના વડે આચરાતી પૂર્વોક્ત શાસ્ત્રના આધાર વિનાની ૫૧ પરંપરાઓને વાસ્તવિક પરંપરા જ નહિ લેખવાની ભયંકર ભૂલના ભાજન બનવું પડયું છે, તે વર્ગ આજે પણ પૂર્વોક્ત જે એકાવન પરંપરાઓને પ્રભુની આજ્ઞાવત્ માનીને પાળી રહેલ છે તે પરંપરાઓને કોઈ અશ્રદ્ધેયની આજ્ઞાવત્ માન્ય કરીને પાળવાની કરુણ સ્થિતિમાં મૂકાવું પડયું છે અને તે વર્ગે પરંપરાનું તે કૃત્રિમ લક્ષણ રજુ કરીને તેના પર જે પંચમીની ચોથનું શાસ્ત્રીય લક્ષણવાળી પરંપરાનું અસંગત દૃષ્ટાન્ત રજુ કરેલ છે તે, તે વર્ગે ઉપજાવીને રજુ કરેલા પરંપરાના કલ્પિત લક્ષણને શાસ્ત્રીય લક્ષણરૂપે મનાવનારૂં કોઇ દૃષ્ટાન્ત જ નહિ હોવાથી તે વર્ગે, ત્યાં તે અસંગત દૃષ્ટાંતને પોતાનો ભ્રમ જાળવવા સારૂ રજુ કરવું પડેલ છેઃ સિવાય તે વર્ગની પરંપરા અંગેની તેમાંની એક પણ વાતમાં તથ્યનો લેશ પણ અંશ નથી. જે મતમાંજ તથ્યાંશ નથી, તે મતને સાચો લેખાવવા થતી આવી કલ્પિત વાતોમાં તથ્યાંશ હોય પણ કયાંથી?

**પ્રશ્ન ૧૨ઃ**—પરંપરાનું શાસ્ત્રીય લક્ષણ તે વર્ગના ખ્યાલમાં ન હોય અને મતાગ્રહને લીધે તેણે તેવું કૃત્રિમ લક્ષણ જણાવ્યું હોય તેમ ન બને?

**ઉત્તરઃ**—બનવા જોગ છે; પરંતુ તે વર્ગે તે લક્ષણ તો ઇરાદાપૂર્વક કૃત્રિમ જણાવ્યું છે એમ નિઃશંક માનવાને કારણ છે કે-"પરંપરાનું જે શાસ્ત્રીય લક્ષણ છે તે પણ તે વર્ગને સં. ૧૯૯૩ની તેમની '**પર્વતિથિપ્રકાશ**' નામની તે જ બૂકના પૃ. ૨૩૫ ઉપર શાસ્ત્રનો આધાર રજુ કરવાપૂર્વક ફરજીઆત રજુ કરવું પડેલ છે." તે વર્ગે તે સ્થલે પરંપરાનું શાસ્ત્રીય લક્ષણ આ પ્રમાણે અર્થસહિત રજુ કર્યું છે કે-'**असढेण, समाइण्णं जं कत्थइ कारणे असावज्जं। न निवारियमण्णेहि य, बहुमणुमयमेयमाइण्णं** = અશઠ ગીતાર્થ મહાપુરુષોએ જે કાંઈ

દ્રવ્યાદિ કારણોને આશ્રીને અસાવદ્ય પ્રવૃત્તિ આચરી હોય અને બીજાઓએ તેનું નિવારણ નહિ કરતાં બહુ માનેલી હોય તે આચરણા ગણાય છે." જુઓ-એ સત્ય અર્થમાં આચરણા શાસ્ત્રાધારથી દૂષિત ન હોય, શાસ્ત્રાધારવાળી હોય' ઇત્યાદિ તે વર્ગે બાંધેલા લક્ષણને સ્થાન છે? નહિ જ. તેમજ **'શ્રી ચૈત્યવંદન ભાષ્યની'**–**'असढाइण्णणवज्जं, गीयत्थअवारियं ति मज्झत्था। आयरणा वि हु आणत्ति, वयणओ सुबहु मन्नंति॥'** એ ૪૯મી ગાથા દ્વારા પણ શાસ્ત્રકારે આચરણાનું–'અશઠ મહાપુરુષે આચરેલી હોય, નિર્દોષ હોય, અન્યગીતાર્થોએ નીવારેલી ન હોય તે આચરણા કહેવાય છે અને તે આચરણા પણ 'જિનાજ્ઞા જ છે,' એ વચનથી રાગદ્વેષ વિનાના એવા મધ્યસ્થ ગીતાર્થો બહુ બહુ માને છે.' એ જ પ્રમાણે લક્ષણ જણાવેલ છે; પરન્તુ તે સાથે-'શાસ્ત્રાધારથી દૂષિત ન હોય, શાસ્ત્રાધારવાળી' હોય, ઇત્યાદિ જણાવેલ નથી. માટે સાચું લક્ષણ જાણે છે છતાં ઇરાદા પૂર્વક કૃત્રિમ લક્ષણ જણાવ્યું છે.

**પ્રશ્ન ૧૩:**—પરંપરાના તે શાસ્ત્રીયલક્ષણમાં તે વર્ગે પરંપરાનાં જણાવેલા લક્ષણમાંની–'પોતાના અજ્ઞાનાદિ દોષથી જેમાં સિદ્ધાંતનો લેશ પણ વિરોધ આવતો ન હોય અને શાસ્ત્રાધારવાળી હોય.' એ વાતની તો ગંધ પણ નહિ હોવાથી તે વર્ગે જણાવેલું પરંપરાનું લક્ષણ તો કૃત્રિમ માનવું જ રહે છે; છતાં પરંપરાના પોતે બાંધેલા તે કૃત્રિમ લક્ષણના બચાવમાં તે વર્ગે, **શ્રી તત્ત્વતરંગિણીગ્રંથ**ની–**तल्लक्खणं तु आयरिय-पारंपरएण आगया संती। सिद्धंतदोसलेसं, दंसेइ न अत्तदोसेणं॥** એ ૪૬ મી ગાથાનો–'આચાર્ય પરંપરાથી આવેલી હોય અને સ્વદોષે કરીને સિદ્ધાંતની સાથે જેનો લેશ માત્ર બાધ આવતો ન હોય એવું જે સામાચારીનું હોવું તે તેની પ્રમાણિકતાનું લક્ષણ છે.' એ પ્રમાણે અર્થ આગલ કરીને તે અર્થને સં. ૧૯૯૩ની તે **'પર્વતિથિપ્રકાશ'** બૂકના જ ૨૩૦ પેજ ઉપર પ્રકટ પણ કરેલો છે, તો શું તે અર્થ સાચો છે?

**ઉત્તર:—શ્રી ધર્મરત્નપ્રકરણગ્રંથ** પૃ૦ ૨૪૬ ની–**'मग्गो आगमनीई, अहवा संविग्गबहुजणाइण्णं,'** એ ૮૦મી ગાથાના પૂર્વાર્દ્ધ દ્વારા શાસ્ત્રકારે શ્રી જિનશાસનમાં મોક્ષનગરના સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ બે માર્ગ જણાવેલ છે, તેમાં એક માર્ગ તો શાસ્ત્રોક્ત આચાર અને બીજો માર્ગ સંવિગ્ન બહુજન આચરિત આચરણા: જૈનશાસનના આરાધક મોક્ષાભિલાષી પુણ્યાત્માઓએ તે બંને માર્ગને પરમારાધ્ય માનીને આરાધવાના હોય છે: કારણ કે–પ્રભુએ જણાવેલા આગમાદિ પાંચ વ્યવહારમાંના તે શ્રુતવ્યવહાર અને જીતવ્યવહાર એ બંનેય માર્ગ જિનાજ્ઞા જ છે. કેવલ શાસ્ત્રને પકડીને આચરણાને અવગણે કે કેવલ આચરણાને પકડીને શાસ્ત્રને અવગણે તેને જૈનશાસ્ત્ર, મોક્ષભિલાષી ગણવાનો નિષેધ કરે છે.

જ્યારે કલ્પિત તિથિમત કાઢવા જતાં ઉપર જણાવ્યું છે તેમ તે વર્ગને તો તે પરમારાધ્ય એવા બે મોક્ષમાર્ગમાંના અવિચ્છિન્ન આચરણારૂપ એક મોક્ષમાર્ગની તો અવગણના કરવી પડી છે અને હવે જણાવીએ છીએ તેમ તે મતના આગ્રહમાં તે અવગણનાને

પ્રમાણિકતાની છાપ બેસાડવા સારૂ શાસ્ત્રોના અર્થો પણ કલ્પિત ઉભા કરવા વડે શાસ્ત્રની પણ અવગણના કરવી પડી છે; ત્યારે તે વર્ગને કઈ વસ્તુનો અભિલાષી ગણવો? તે વિદ્વજ્જનોએ વિચારવાનું છે.

**શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની** તે ૪૯મી ગાથાનો અર્થ, નવા વર્ગે તેમની તે બૂકના તે ૨૩૦ મા પેજ ઉપર જે પ્રકટ કરેલ છે તે નથી; પરંતુ જુદો જ છે. તે વર્ગે તે અર્થ તો પોતે ઉપજાવેલી પરંપરાના તે કલ્પિત લક્ષણને શાસ્ત્રીય લક્ષણ લેખાવવા સારૂ કલ્પિત પ્રકટ કરેલ છે. તે ગાથાનો સાચો અર્થ :–"પરંપરાનું લક્ષણ તો એ છે કે–આચાર્યની પરંપરાથી આવેલી હોયે સતે પોતાના દોષ વડે સિદ્ધાંતનો લેશ પણ દોષ જણાવતી ન હોય." એ મુજબ છે. આ અર્થમાં તે વર્ગે કરેલા અર્થમાંની 'સિદ્ધાંતની સાથે જેનો લેશમાત્ર બાધ આવતો ન હોય' એ વાતની ગંધ પણ નથી.

સાચો અર્થ, 'પરંપરા પોતે એવી દોષવાળી ન જોઈએ કે–જેથી પોતાના દોષને લીધે તે, સિદ્ધાંતનો દોષ જણાવે.' એમ છે. જ્યારે નવા વર્ગે કરેલો અર્થ, 'પરંપરા એવી હોવી જોઈએ કે–જે સિદ્ધાંતને મળતી હોય.' એમ છે. કેટલો ફરક? અને ઉપરથી તે કલ્પિત અર્થને વધુ મજબૂત બનાવવા તે વર્ગે, તે અર્થની નીચે–"આમાં 'સ્વદોષે કરીને સિદ્ધાંતથી દૂષિત ન હોવી જોઈએ.' એમ કહ્યું છે." એમ અસત્ય ભાવાર્થ લખીને તે કલ્પિત અર્થનું પણ કલ્પિત રૂપાંતર કરી નાખેલ છે! એ રીતે તે સ્થળે તે વર્ગે, પરંપરાના કલ્પિત લક્ષણને શાસ્ત્રીય લક્ષણ મનાવવા સારૂ મૂલ ગાથાનો અર્થ, જેમ કલ્પિત રજુ કરેલ છે તેમ તે કલ્પિત અર્થને પણ તે સ્થલે અસત્યનો પાસ આપીને રૂપાંતરે રજુ કરેલા એ અર્થ પછીથી–

[**શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની** તે ૪૯ મી ગાથાની ટીકામાંની–'**या आचार्यपरंपरया आगता सती आत्मदोषेण सिद्धांतदोषलेशं न दर्शयति, अयं भावः–आचार्यपरंपरागतत्वे सत्यात्मदोषेण सिद्धांतदोषादर्शकत्वं सामाचार्याः प्रामाण्यमिति,**' એ શરુઆતની પંક્તિઓના "જે સામાચારી આચાર્યની પરંપરાથી આવી હોય તો પણ પોતાના દોષને લીધે સિદ્ધાંતનો લેશ પણ દોષ દર્શાવનારી ન હોય, તાત્પર્ય આ છે કે–(સામાચારીમાં) આચાર્યની પરંપરાગતપણું હોયે સતે પોતાના દોષને લીધે સિદ્ધાંતનો દોષ દર્શાવવાપણું ન હોય તે સમાચારીનું પ્રમાણપણું છે." તે સાચા અર્થને છૂપાવીને] રજુ કરેલો તે ટીકાપંક્તિનો–"એ કહેવાનું કારણ એ છે કે–સમાચારી સિદ્ધાંતની દૃષ્ટિએ પરિપૂર્ણ શુદ્ધ હોવી જોઈએ." એ ભાવ તો તે વર્ગે, તે મૂલગાથાના કરેલા તે પ્રથમ કલ્પિત અને પછી પાસિત અર્થને પણ વધુ પાસ આપીને શ્રી તત્ત્વતરંગિણી શાસ્ત્રની છડેચોક અવગણના કરવા રૂપે જ ઉપજાવી કાઢેલ છે, એમ ઉપર જણાવેલ તે ટીકા અને તે ટીકાના સાચા અર્થને જોનાર સુજ્ઞવાચકવરોને તરત ખ્યાલમાં આવી જાય તેમ છેઃ કારણકે–તે વર્ગે તે ટીકાના તારવીને રજુ કરેલા–'સામાચારી સિદ્ધાંતની દૃષ્ટિએ પરિપૂર્ણ હોવી જોઈએ' એ ભાવની તે ટીકામાં

અને તે ટીકાના અર્થમાં ગંધ સરખી પણ નથી. વળી જૈની પરંપરાનું તેવું લક્ષણ કોઈ પણ જૈનશાસ્ત્રમાં હોય પણ નહિ. જૈનશાસ્ત્રમાં તો આચરણા જ તેને કહેલ છે કે–'શાસ્ત્રમાં કહેલી હોય તે વાતથી ઓછું અથવા અધિક, પરંપરાથી આચરાતું હોય.' જુઓ ધર્મસંગ્રહ પત્ર ૨૪૭. ત્યાં ત્રીજી પંક્તિથી પાંચમા જીતવ્યવહારનું લક્ષણ જણાવ્યું છે કે–**'जीतं श्रुतोक्तादपि हीनमधिकं वा परंपरया आचीर्णं तेन व्यवहारो जीतव्यवहारः पंचमः, संप्रति मुख्यः।'** આથી સમજી શકાય તેમ છે કે તે વર્ગે, સામાચારીનું 'સામાચારી સિદ્ધાંતની દૃષ્ટિએ પરિપૂર્ણ હોવી જોઈએ.' એ લક્ષણ ઉપજાવી કાઢેલું જ છે.'

માટે 'પરંપરા એ સિદ્ધાંતની દૃષ્ટિએ પરિપૂર્ણ હોવી જોઈએ' એ જિનવચન નથી; પરંતુ પરવચન છે અને (પરંપરા એ સંવિજ્ઞવિબુધોથી સિદ્ધાંતને પૂર્વાપર અબાધક રીતે આચરાતી હોવાથી) 'પરંપરા એ આગમને બાધાકારી ન હોવી જોઈએ' એ જિનવચન છે. એ વચન મુજબની આચરણાના પાલનમાં આગમની લઘુતા નથી, પરંતુ પ્રતિષ્ઠા થાય છે. આ માટે જુઓ–**શ્રી ધર્મરત્નપ્રકરણ** પત્ર ૨૪૭: ત્યાં છઠ્ઠી પંક્તિથી જણાવ્યું છે કે–**'जीताचरितयोश्चानर्थांतरत्वात् आचरितस्य प्रमाणत्वे सुतरामागमस्य प्रतिष्ठासिद्धिः। तस्मादागमाविरुद्धमाचरितं प्रमाणमिति स्थितम्।'** **શ્રી તત્ત્વતરંગિણી**ની તે ૪૬ મી ગાથામાં પણ શાસ્ત્રકારે આ વાત જ જણાવેલી છે. કોઈપણ શાસ્ત્રમાં આચરણાને સિદ્ધાંતની દૃષ્ટિએ તપાસવાનું કહેલ નથી. તેવું કહેનાર તો તે વર્ગ એક જ છે! સિદ્ધાંતની દૃષ્ટિએ આચરણા તપાસાય પણ કેવી રીતે?

કારણ કે–**શ્રી ધર્મરત્ન પ્રકરણ** પૃ. ૨૪૮ પર જિનાજ્ઞા એ છે કે–'શ્રી આચારાંગ-સૂત્રનું શસ્ત્રપરિજ્ઞા અધ્યયન અને તેના અર્થોના જ્ઞાનવાળા સાધુને વડી દીક્ષા આપવી,' જ્યારે આચરણા એ છે કે–'શ્રી દશવૈકાલિકસૂત્રના ચોથા અધ્યયનના સૂત્રો તથા અર્થોના જ્ઞાનવાળા સાધુને વડી દીક્ષા આપવી.' આમાં સિદ્ધાંતની દૃષ્ટિએ આચરણા તપાસાય શી રીતે? તેવી જ રીતે શાસ્ત્રાજ્ઞા એ છે કે–(શ્રી આચારાંગસૂત્રનું) પિંડૈષણા અધ્યયન ભણાવ્યા બાદ ઉત્તરાધ્યયનના સૂત્રના અધ્યયનો ભણાવવાં.' જ્યારે આચરણામાં એમ છે કે–'શ્રી ઉત્તરાધ્યયનના અધ્યયનો ભણાવીને આચારાંગનો ઉદ્દેશો કરાવવો.' આમાં સિદ્ધાંતની દૃષ્ટિએ આચરણાની શુદ્ધાશુદ્ધતા તપાસાય જ શી રીતે? આથી સ્પષ્ટ છે કે–તે બૂકમાં રજુ કરેલું સિદ્ધાંતની દૃષ્ટિએ આચરણાની શુદ્ધાશુદ્ધતા તપાસવાનું લક્ષણ, તે વર્ગે સં. ૧૯૯૨ થી શરૂ કરેલા કલ્પિત તિથિમતને શાસ્ત્રનો આધાર હોવાનો ભ્રમ ફેલાવવા માટે કેવલ કપોલકલ્પિત જ ઉભું કરેલું છે.

**પ્રશ્ન ૧૪:—શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથ**ની તે ૪૬મી ગાથામાં જે 'પોતાના દોષને લીધે સિદ્ધાંતનો દોષ જણાવતી હોય તે સામાચારી પ્રમાણ નથી.' એમ જણાવ્યું છે, તો તેવી દૂષિત સામાચારી કોને કહેવી અને સિદ્ધાંત કોને માનવો? એ સમજવા તેવી કોઈ દૂષિત સામાચારીનું દૃષ્ટાંત છે?

**ઉત્તરઃ**—તેવી દૂષિત સામાચારીના–આ શ્રી તત્ત્વતરંગિણીગ્રંથની ગાથા ૪૮ થી **૫૬** સુધીમાં–આ ગ્રંથકારમહર્ષીએ જ અનેક દૃષ્ટાંતો સટીક જણાવેલા છે, તે ગાથાઓ અને તેની ટીકાનો અક્ષરશઃ અનુવાદ આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરેલ છે. તે ગાથાર્થ વાંચવાથી તેવી સામાચારી અને સિદ્ધાંતને વિશેષે સમજી શકો તેમ હોવા છતાં સામાન્યથી સમજો કે– 'શાસ્ત્રમાં જે વસ્તુ જણાવી હોય તે વસ્તુને જે સામાચારી 'શાસ્ત્રમાં નથી' એમ કહીને શાસ્ત્રોક્ત વસ્તુનો દોષ બતાવે તે સામાચારી દૂષિત કહેવાય છે.' અહિં ખાસ ખ્યાલ રાખવાનો છે કે–ગ્રંથકારમહર્ષીએ આ ગ્રંથમાં તે ૪૮ થી ૫૬ ગાથાદ્વારા તેવા લક્ષણવાળી જે દૂષિત સામાચારીના દૃષ્ટાંતો જણાવેલ છે, તે દરેક દૃષ્ટાંતો ખરતરગચ્છની સામાચારીના છે. આપણા શ્રી દેવસૂરતપાગચ્છમાં તેવી દૂષિત સામાચારી એક પણ આ ગ્રંથકારના સમયે પણ પ્રવર્તતી ન્હોતી તેનો આ સબલ પૂરાવો છે. કારણકે–જો તેમ હોત તો તે દૃષ્ટાંતોમાં આપણી પણ કોઇ તેવી સામાચારીનું દૃષ્ટાન્ત હોત.

**પ્રશ્ન ૧૫ઃ**—આ ગ્રંથકારે આ ગ્રંથમાં જણાવેલી દૂષિત સામાચારીઓને જણાવનારી તે ૪૮ થી ૫૬ સુધીની ગાથામાં (આપણા શ્રી દેવસૂરગચ્છમાં આજે પ્રવર્ત્તતી અને **'त्रयोदशीचतुर्दश्योः क्रियते'** એ શ્રી હીરપ્રશ્નગ્રંથના વચનાનુસાર તે શ્રી વિજયદેવસૂરિજીમ૦ ના દાદાગુરુ પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજી મહારાજે પણ પાલન કરેલી) આપણી શ્રી દેવસૂરગચ્છની સામાચારીને તો દૂષિત જણાવી જ નહિ હોવા છતાં અને તે વાત તો તે વર્ગ પણ જાણતો જ હોવા છતાં આપણી તે વિદ્યમાન સામાચારીની તે વર્ગ બેધડક અવગણના કરે છે! ત્યારે તે વર્ગનો આત્મા કેવો કહેવાય?

**ઉત્તરઃ**—**શ્રી તત્ત્વતરંગિણીમાં** જણાવેલી તે દૂષિત સામાચારીઓમાં **આપણી શ્રી દેવસૂરતપગચ્છીયા સામાચારીનું** નામ નથી, એટલે તો નવા તિથિમતના નેતાની પણ સાત પેઢીના વડિલોની જેમ તે નવા તિથિમતના નેતાને આજે અનુસરી રહેલ તે સમસ્ત વર્ગ, સં. ૧૯૯૨ સુધી તો પર્વતિથિઓનું આરાધન, આપણી શ્રી દેવસૂરગચ્છની વિદ્યમાન સામાચારી પ્રમાણે જ કરતો હતો.

આમ છતાં આજે તે વર્ગ, પોતે પણ વર્ષો સુધી આચરેલી અવિચ્છિન્ન સામાચારીને નિજના કેવલ કલ્પિત મતાગ્રહમાં પડી જઈને સમાચારીના ઉભા કરેલા બનાવટી લક્ષણના ઓઠે દૂષિત લેખાવવાની પાપઘેરી ઉંવાટે ચઢી જવા પામેલ છે તે ભારી ખેદજનક છે. **આપણી શ્રી દેવસૂરગચ્છીયા સામાચારીની** પ્રમાણિકતા બદલ લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે પણ આ **શ્રી તત્ત્વતરંગિણીકાર મહર્ષીએ,** આ ગ્રંથની ૪૭મી ગાથાની ટીકાના પૃ. ૪૫ ઉપરની ૧૧–૧૨ મી પંક્તિમાં (**श्री विज्ञप्तित्रिदशतरंगिणी** નામક પ્રૌઢગ્રંથરત્નમાંની **'या श्रीवीरसुधर्माद्यैः, प्रणीता स्वागमानुगा। आचीर्णा स्थविरैः काला–नुरूपयतनाश्रिता ॥१॥ सामाचारी गणेऽस्मिंस्तु, शुद्धा सैवास्त्यखंडिता। परंपरागता सर्व–गणान्तरगताधिका ॥२॥'** એ બે ગાથાની સાક્ષી આપવા પૂર્વક) **'संवादेन चास्मत्सामाचार्या निपुणशिल्पिकल्पिता**

**ह्रत्प्रासादावतंसशिखरस्थितोत्तमपताकाकल्पत्वं स्फुटमेव'** એ પ્રકારના સર્વોત્તમ બિરૂદ સમર્પક વચનોની અમીવૃષ્ટિ કરવા પૂર્વક પ્રમાણિકતાની મહોરછાપ મારેલ છે.

તેવી સજ્જડ મહોરછાપવાળી હોવાને લીધે આ ગ્રંથકારમહર્ષીએ પણ આચરેલી આપણી આ સેંકડો વર્ષો જુની અને અનેક પ્રસિદ્ધ પ્રમાણોને પણ ધરાવતી શ્રી દેવસૂરગચ્છીયા પરમતારક પ્રચલિત સામાચારીનો (સં. ૧૯૯૨ સુધી આસ્વાદ લઈને પણ) તે વર્ગ, એ રીતે આજે જ્યારે નિજના કેવલ નિષ્પ્રાણ તિથિમતને ઉભો રાખવા ખાતર જ અપલાપ કરે છે અને તે સામાચારીને યેનકેનાપિ અશુદ્ધ દેખાડવા સારૂ ઉભા કરેલા કલ્પિત લક્ષણના ઓઠે એ જૈન જીવનાધાર સમાચારીને માટે પોતાની તે **'પર્વતિથિપ્રકાશ'** નામની ભ્રામક બૂકમાં કૂડાં કલંકપ્રદ થોકબંધ યદ્વાતદ્વા લખાણો ચીતરી મૂકવામાં લેશ પણ સંકોચ રાખ્યા વિના તે બૂકના પૃ. ૮૭/૮૯ ઉપર તો **'એવી પરંપરાઓનો લોપ કરવામાં પાપ નથી; પણ એવા ઉપર જીવવામાં પાપ છે.'** ઇત્યાદિ ઘાતકવૃત્તિદર્શક વિષમય કુવચનોના કુઠારાઘાત પણ કરે છે ત્યારે તે વર્ગનો આત્મા, શાસ્ત્રદૃષ્ટિએ નિબિડ ભવાભિનંદી ગણી શકાય.

**અન્યથા**—[ તે વર્ગે, સં. ૧૯૯૨માં કાઢેલો તે તિથિમત, સં. ૧૯૯૩માં તો (પૂ. સૂરિસમ્રાટ્ તથા પૂ. આગમોદ્ધારકશ્રીના જામનગર–દેવબાગ લક્ષ્મીઆશ્રમના સંયુક્ત ચાતુર્માસ પ્રસંગે સં. ૧૯૯૩ના શ્રાવણમાસે જામનગરના જૈન ભાસ્કરોદય પ્રેસમાં મુદ્રિત થઈને રતલામ ઋષભદેવજી કેસરીમલજી જૈન શ્વેતાંબર સંસ્થાના નામે પ્રસિદ્ધ થએલ)– **'શાસ્ત્રીય પૂરાવા'** નામક બૂકમાં–પૃથક્ પૃથક્ આચાર્યાદિના જ્ઞાનભંડારોમાંની પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાંના જાહેર થએલા શાસ્ત્રીય દસ પૂરાવાઓ અને ગૂર્જર અનુવાદયુક્ત પ્રતાકારે ૮ પેજ પ્રમાણ પ્રસિદ્ધ થએલ **'શ્રી તિથિહાનિવૃદ્ધિવિચાર'** સંજ્ઞક **શ્રી વિજયદેવસૂરિપટ્ટક** દ્વારા પણ શ્રી જૈનસંઘમાં સદંતર કપોલકલ્પિત ઠર્યો હોવા છતાં,

**વળી તે પૂરાવાઓમાંના**—'પૂનમ અને અમાસની ક્ષય-વૃદ્ધિ પ્રસંગે તેરસની અને ભા. શુ. ૫ની ક્ષય-વૃદ્ધિ પ્રસંગે ભા. શુ. ૩ની ક્ષય-વૃદ્ધિ કરાય છે.' એમ સ્પષ્ટ જણાવનારા કેટલાક પાઠોને તો–તે સં. ૧૯૯૩માં રાજકોટ ચોમાસું સ્થિત–(પૂ. સૂરિસમ્રાટ્શ્રીના આજ્ઞાંકિત) પૂ. આ. શ્રી મોહનસૂરિજી મ૦ના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજે, રાજકોટથી એક વિશાલ પત્રિકા (કે–જે પત્રિકા સં. ૨૦૦૧માં અમદાવાદ 'જૈનધર્મ પ્રભાવક સમાજ' તરફથી પ્રસિદ્ધ થએલ 'પર્વતિથિનિર્ણય' નામક મહાકાય પુસ્તકના પૃ. ૮૭થી ૮૯ ઉપર અક્ષરશઃ છપાએલ છે, તે) દ્વારા પ્રસિદ્ધિ આપીને છેલ્લે–" **આ પ્રમાણે સેંકડો વર્ષોથી ચાલી આવતી શાસ્ત્રીય પ્રણાલિકા હોવા છતાં ઉપર જણાવેલા સ્પષ્ટદીવા જેવા પાઠો જાણવા છતાં પોતાના પરમગુરુદેવોની ભૂલો બતાવનાર તરીકે પોતાને ઓળખાવનાર, ચારસો વર્ષ પહેલાના પ્રામાણિકપાઠોને પણ પોતાનો મત સ્થાપવા માટે બનાવટી પાઠો કહેવા તૈયાર થએલા૦**" ઈત્યાદિ સ્પષ્ટ

હિતવચનો જણાવવાપૂર્વક તે વર્ગને-'તે વર્ગ પોતે પોતાને ઓળખી લે અને ઉંવાટેથી પાછો વળી માર્ગમાં આવી જાય' એ પ્રકારનો શુભાશય જણાવનારી લાલબત્તી પણ સમયસર ધરેલી હોવા છતાં,

**તે વર્ગના તે તિથિમતને**-ખરતરીય શ્રી ગુણવિનયે સં. ૧૬૧૫માં રચેલ 'ઉત્સૂત્ર-ખંડન'માંનો-'પૂનમ અમાસની વૃદ્ધિએ તમે પહેલી પૂનમે કે અમાસે પાક્ષિક કરો છો તે કેમ?' એમ આપણને પૂછનારો-'**अन्यच्च-वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?**' એ પરગચ્છીયનો 'તે વખતે પણ તપાગચ્છમાં પૂનમ-અમાસની વૃદ્ધિએ બે તેરસો થતી હતી' એમ સ્પષ્ટ જણાવનારો પાઠ પણ-**સાવમૂળ જુઠો ઠરાવતો હોવા છતાં,**

**સં. ૨૦૦૧ના તે વર્ગના**-અમદાવાદનાં ચાતુર્માસ દરમ્યાન અમદાવાદ જૈનધર્મ પ્રભાવકસમાજે, પ્રચલિત પરંપરાને સાર્વદિક્ પ્રમાણ ઠરાવનારા સચોટ મુદ્દાઓના દરીઆ સમાન '**શ્રી પર્વતિથિનિર્ણય**' નામના મહાકાય ગ્રંથને તે વર્ગની સામે જ પ્રસિદ્ધ કરતાં તે વર્ગના નેતાને ચૂપકીદી પકડીને અમદાવાદથી વહેલી સવારે વિહાર કરવો પડેલ હોવા છતાં,

**તે પ્રસંગને પામી જઈને** સં. ૨૦૦૧ થી સં. ૨૦૧૩ સુધીમાં તે નવામતના નેતાના ગુરુજી **આ. શ્રી પ્રેમસૂરિજી મહારાજે** આ લેખક આદિ અનેક મુમુક્ષુજનોને અનેકદ્વારા અને અનેક સન્મુખ પણ 'મારે નવો મત છોડીને મૂલ માર્ગમાં આવી જવું છે' એમ અનેક વખત જણાવવા વડે પ્રચલિત પ્રાચીન આચરણાનો સ્વીકાર કરવાની તમન્ના ધરાવવા પૂર્વક અનેક વખત તૈયારી બતાવી હોવા છતાં,

**અને તે વર્ગના નેતા આદિએ** સં. ૨૦૧૪ના અમદાવાદ મુનિસંમેલનને સફલ નહિ થવા દેવાથી શાસનપક્ષના પૂ. તેત્રીશેય સમુદાયે **પ્રચલિત આચરણાને પ્રમાણ તરીકે સર્વાનુમતે** જાહેર કર્યા પછીથી તો તે આ. શ્રી પ્રેમસૂરિજી મહારાજે મૂલમાર્ગમાં જોડાઇ જ જવાના પોતાના વિચારને અનુકૂલ લખીને તૈયાર કરેલું નિવેદન પણ પ્રસિદ્ધ થઇને જૈન જગતભરમાં વહેંચાઇ જવા પામ્યું હોવા છતાં,]

**તે વર્ગના નેતાના ગુરુ તે જ પ્રેમસૂરિજીમ૦**, તા. ૨૬-૫-૧૯૬૨ના અમદાવાદ 'જનસત્તા'માં, 'મુંબઈ સમાચાર'માં અને પોતાના તા. ૨-૬-૬૨ના 'દિવ્યદર્શન' પત્રમાં પણ છપાયેલા પોતાના નિવેદનમાં-'**તિથિચર્ચા બાબતમાં તિથિ આપણી જ સાચી છે, એમાં શક જેવું નથી.**' એવું પોતાનાં વચનો, વર્ત્તનો અને ભાવનાથી પણ સદંતર વિરુદ્ધ લખવા વડે પોતાને સમાજમાં **બીનજવાબદાર વ્યક્તિ** તરીકે બેધડક ઓળખાવે! તે કેમ બને?

**પ્રશ્ન ૧૬:**—આ જોતાં તો તે વર્ગે, પોતાનો કલ્પિતમત જૈનસંઘોને માથે યેનકેન ઠોકી બેસાડવા સારૂ જૈનશાસનને બોડી બામણીનું ખેતર માનીને ચોગરદમ ફેંદી જ નાખવું ધાર્યું છે એમ ન મનાય?

**ઉત્તરઃ—**શાસનપક્ષે તો–'તે વર્ગે, સં. ૧૯૯૩માં છપાવેલી તે '**પર્વતિથિપ્રકાશ**' **બૂકમાં**–શ્રી તત્ત્વતરંગિણીના કરેલા અસત્ય અનુવાદના લખાણ કરતાં ત્રણ ગણું કપોલ-કલ્પિત લખાણ શાસ્ત્ર અને પરંપરાના નામે ચઢાવીને અનેક પૂર્વ મહાપુરુષોના પ્રામાણિક અભિપ્રાયોને નિર્ધ્વંસ હૈયે ફેંદી નાખેલ હોવા છતાં તે બૂકની પ્રસ્તાવનાના આઠમા પેજ ઉપર–'**પૂર્વ મહાપુરુષોના અભિપ્રાયને યથાસ્થિત સ્પષ્ટ કરવા સિવાય અમોએ આ પુસ્તકમાં નવીન કાંઈ કરેલું નથી.**' એવું સદંતર જુઠું લખાણ (લેખકનું નામ છૂપાવીને) કરેલું જોયું,' ત્યારથીજ તે વર્ગ માટે તેવું જ માનેલું છે અને તેથી તે વર્ગને ત્યારથીજ 'રૂક જાવ'ની સખત તાકીદો પણ આપી છે.

**પ્રશ્ન ૧૭ઃ—**આ પ્રકરણ બાબત ઉત્સર્ગ અને અપવાદનું સ્વરૂપ વિશેષથી અને દૃષ્ટાંતપૂર્વક સમજાવાય તો અનેક ભદ્રિકજનોને તે વર્ગની **તેવી વિવિધ પ્રતારણાઓથી** સુમાહિતગાર બનીને બચી જવાનો વિશેષ લાભ થવાનો સંભવ ન ગણાય?

**ઉત્તરઃ—**ભદ્રિકજનોમાં ઉત્સર્ગ અને અપવાદની તેવી સહેલી ઢબની પણ સમજ ધરાવનાર વ્યક્તિ કવચિત્ હોય છેઃ છતાં જણાવીએ કે–પહેલાના અનેક સમાધાનોમાં જણાવ્યું છે તેમ ઉત્સર્ગ અને અપવાદ એ બંને મુક્તિના જ માર્ગરૂપે ભિન્ન માર્ગ છે. (શાસ્ત્રે સંવત્સરી કરવી કહી તો તે કારણે ફેરવી, છતાં 'સંવત્સરી કરવી' એ સિદ્ધાંત રાખ્યો તેમ) સિદ્ધાંતને અબાધક એવી અપવાદ રૂપે સ્વતંત્ર ગણાતી કે મહાપુરુષોએ આચરેલી પરંપરાને ઉત્સર્ગરૂપે સ્વતંત્ર ગણાતા શાસ્ત્રથી પ્રમાણ ઠરાવવાની હોતી નથી. અપવાદરૂપ ભા. શુ. ૪ની સંવત્સરીને ભા. સુ. ૫ની સંવત્સરી જણાવનારા ઉત્સર્ગરૂપ શાસ્ત્રથી પ્રમાણ ઠરાવી શકાય પણ નહિ. અપવાદરૂપ છેદ શાસ્ત્રોનું પ્રામાણ્ય ઉત્સર્ગરૂપ '**उत्सर्गादपवादो बलीयान्**' અંગ સૂત્રોથી ઠરાવી શકાય નહિ. એ ન્યાયે સિંહનું બળ કામધેનુથી માપી શકાય નહિ.

**ઉત્સર્ગમાર્ગરૂપ શાસ્ત્રો,** એ આરાધનાનો સરલ માર્ગ અને અપવાદરૂપ પરંપરા એ અસ્થિર બનેલ તે સરલ માર્ગને સ્થિર કરનાર સમર્થ માર્ગ: તેવા સમર્થ માર્ગને પ્રમાણિક–અપ્રમાણિક લેખાવવા તે સરલમાર્ગ અસમર્થ છે. જેમકે–રાજકાયદો એ પ્રજાકીય અવાજ રૂપે હોઈને પ્રજાને સદા સ્થિર રાખનાર સરલમાર્ગ અને તે જ રાજ્યનો 'માર્શલ લૉ,' એ પ્રજા બેકાબુ બને ત્યારે અસ્થિર બનતા તે રાજકાયદારૂપ સરલ માર્ગને સ્થિર કરનાર સમર્થ માર્ગ: એ 'માર્શલ લૉ' રૂપ અપવાદનું પ્રામાણ્ય ઉત્સર્ગરૂપ રાજકાયદાથી ઠરાવી શકાય નહિ. કારણ કે–'માર્શલ લૉ' રૂપ અપવાદનું પ્રામાણ્ય ઠરાવવા રાજકાયદો અસમથ છે. આથી સમર્થના બળનું માપ અસમર્થથી કાઢવાનું કહેવું તે મૂર્ખાઈનું ખુલ્લું પ્રદર્શન છે. અજ્ઞાન અને અસ્થિર મગજનો માણસ જ હસ્તિના બલનું માપ અશ્વથી કાઢવાનું બોલે, શાણો માણસ ન બોલે.

**આ વસ્તુને તે વર્ગ પણ** હકીકત રૂપે સમજે છે: છતાં તેમણે સં. ૧૯૯૨માં કાઢેલ તિથિમત, પરંપરા પાસે જુઠો ઠરે છે તેથી શાસ્ત્ર કરતાં બલવાન્ ગણાતી પરંપરાનું

પણ પ્રામાણ્ય, તેની પાસે નિર્બલ ગણાતા શાસ્ત્રથી નક્કી કરવાની વાતૂલતાને સેવીને પણ પરંપરાનો અપલાપ કરવા મથે છે; પરંતુ તે મથામણ દયાપાત્ર છે. પરંપરાનો અનાદર કરવામાં **મહો૦ શ્રી યશોવિજયજી મહારાજ તો**–સ્વરચિત દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા ગ્રંથને વિષે–**'जीतप्राधान्यानादरे तत्प्रतिपादकशास्त्रानादरात् व्यक्तमेव नास्तिकत्वम्'** એમ કહીને **સ્પષ્ટ નાસ્તિકપણું જ જણાવે છે.** તેઓશ્રી તો તે સ્થલે આગલ વધીને ત્યાં સુધી કહે છે કે–**'शिष्टसंमतत्वसंदेहेऽपि तद्दूषणमन्याय्यं**-શિષ્ટ પુરુષોની સંમતિવાળા માર્ગમાં સંદેહ પડયે સતે પણ તે શિષ્ટ સંમત માર્ગને દૂષણ આપવું તે અન્યાય છે.' જો કે–આપણી પ્રચલિત શ્રી દેવસૂર સામાચારી=પરંપરા તો શાસ્ત્રથી પણ સર્વાંગ શુદ્ધ છેઃ છતાં તે વર્ગે મતના મમત્વ વશાત્ શાસ્ત્રોના અર્થોને પણ અધુરા-જુઠા અને અસંબદ્ધ કરીને તે પરંપરાને યેન કેન અપલપીને પણ અસાર લેખાવવાનો નિર્ધાર જ કર્યો જણાય છે ત્યાં આવું સજ્જડ પણ ઔષધ તે વર્ગનું હિત કેમ કરી શકે ? આથી શાસ્ત્ર અને પરંપરા એ બંનેનો અપલાપ કરનાર તે વર્ગની 'તેનું તેવું જ ભાવિ' એમ સમજીને કલ્યાણકામી જનોએ દયા જ ચિંતવવી શ્રેયસ્કર લાગે છે.

**પૂજ્ય બહુશ્રુત આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રીએ,** શ્રી સિદ્ધચક્ર માસિક વર્ષ ૧૦ના ૧૨મા અંકના ચોથા ટાઈટલ પેજને છેડે ફરમાવેલ છે કે–" **શાસ્ત્રોમાં જે વસ્તુ ન કહેલી હોય અથવા બીજી રીતે કહેલી હોવા છતાં જુદા રૂપે પરંપરાથી ચાલી આવતી હોય તે પણ જીતવ્યવહાર ગણાય અને જૈન વર્ગને માનનારો વર્ગ તે આચરણાને આગમના કથન જેટલી પ્રમાણિક માને, એમ શ્રી ધર્મરત્ન-પ્રકરણમાં સ્પષ્ટપણે કહેલું છે. છતાં જ્યારે શાસ્ત્રથી વિરુદ્ધ ચાલનારો વર્ગ શાસ્ત્રો અને પ્રમાણોને શાસ્ત્રાભાસ અને પ્રમાણાભાસ કહીને ઉત્થાપક બનવા સાથે અને શાસ્ત્રાનુસારિણી જ પરંપરાને પણ લોપી દેનાર બને છે** (ત્યારે તે વર્ગની દયા જ ચિંતવવી રહે છે.)

**પ્રશ્ન ૧૮ઃ**—શ્રી વિજયદેવસૂરતપાગચ્છની એ પ્રાચીન આચરણાગત–' પૂનમ અમાસની ક્ષય-વૃદ્ધિએ જે તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની પ્રવૃત્તિ છે, તે પ્રવૃત્તિની તે વર્ગે તેમની 'પર્વ-તિથિપ્રકાશ' બૂકના પૃ. ૨૬૩ ઉપર–"હાલમાં પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની ચાલતી પ્રવૃત્તિ કયા પ્રમાણિક પુરુષથી શરૂ થઈ છે તેનો જ પત્તો નથી. આગમ સાથે તેનો અત્યંત બાધ આવે છે અને તેના આધારે એક ઓર નવીન કરવામાં આવતી ભા. શુ. પાંચમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની અથવા ચોથની ક્ષય-વૃદ્ધિ બીજા આચાર્યોને સંમત નથી." એ પ્રમાણે લખીને જે અવગણના કરી છે, તેમાં કાંઈ પણ તથ્ય ખરૂં કે નહિ ?

**ઉત્તરઃ**—તે વર્ગે, પોતાની તે બૂકમાં શ્રી સ્વોપજ્ઞ તત્ત્વતરંગિણીના ચોથા ભાગનો પણ અનુવાદ રજુ કરેલ નથી અને જેટલા ભાગનો અનુવાદ રજુ કરેલ છે તે પણ

**'आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा'** સૂકતાનુસાર મૂલ તથા ટીકાના અર્થને બહુધા નિજના કલ્પિતમતમાં ખેંચીને કરેલ હોવા છતાં તે વર્ગે, તે બૂકનું **'સ્વોપજ્ઞ તત્ત્વતરંગિણીનો અનુવાદ'** એમ નામ આપ્યું છે તે નામ જ તથ્ય નથી તેવી તે બૂકમાંની એ વાતમાં તો તથ્ય હોય જ કયાંથી?

પૂનમ–અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની કરાતી ક્ષય–વૃદ્ધિની પ્રવૃત્તિને સં. ૧૯૯૨ સુધી તે વર્ગે પણ અપનાવેલી જ હોવા છતાં (સં. ૨૦૧૪ના રાજનગર મુનિસંમેલન વચ્ચે તો 'પૂનમ–અમાસની વૃદ્ધિએ બે તેરસ કરાય છે' એમ સ્પષ્ટ જણાવનારો સં. ૧૯૩૮નો પૂ. મૂલચંદજીમ૦નો એક પોસ્ટ કયાર્ડ તથા 'તે રૂઢિ છે' એમ જણાવનારો તેમના જ વડદાદાગુરુ શ્રી આત્મારામજીમ૦નો વિ. સં. ૧૯૪૪ના ચૈત્ર શુદિ ૭ ને ભોમવારનો બીજો પત્ર પણ તે વર્ગને ૪૦૦ સાધુના સાંભળતાં વાંચી સંભળાવ્યો હોવા છતાં) સં. ૧૯૯૨થી તેમણે કાઢેલા નવામતને તે પ્રવૃત્તિ જુઠો ઠરાવે છે, તેથી તે વર્ગ ત્યારથી તે પ્રવૃત્તિની એ રીતે અવગણના કરી રહેલ છે, પરંતુ તેમ કરવામાં તો તે વર્ગ, (તેમના દાદાગુરુ શ્રી દાનસૂરિજીએ 'વિવિધ પ્રશ્નોત્તર'માં જેમને પરમગુરુ તરીકે સંબોધેલ છે તે) આ. શ્રી હીરસૂરીશ્વરજીમ૦ને પણ અપ્રમાણિક પુરુષની પ્રવૃત્તિનું પાલન કરનાર તરીકે ઓળખાવનારૂં ઘોર પાપ ઉપાર્જન કરે છે! કારણકે-**શ્રી "હીરપ્રશ્નના 'त्रयोदशीचतुर्दश्योः'** તથા ખરતરીય શ્રી ગુણવિનયના–**'अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?'** ના પાઠ મુજબ લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે આ. શ્રી વિજયહીરસૂરિજીમ૦પણ પૂનમ=અમાસની ક્ષય–વૃદ્ધિએ પરંપરાનુસારે તેરસની જ ક્ષય–વૃદ્ધિ કરતા હતા, તે વાત તો તે તે દસ્કતોથી પણ સિદ્ધ છે."

તે વાકય પછી નવા વર્ગે એ આચરણા બદલ જે–'કયા પ્રમાણિક પુરુષથી શરૂ થઈ તેનો પત્તો જ નથી' એમ કહેવા દ્વારા–'આચરણા કરનાર પુરુષ અજાણ્યા હોય તો તેની બહુ પ્રાચીન આચરણા પણ પ્રમાણિક ન કહેવાય' એમ ધ્વનિત કરેલ છે તે વિપરીતમતિનું પ્રતીક છે. ચારસોક વર્ષથી પ્રાયઃ ચાલુ થએલી કહેવાતી સ્વપ્નો ઉતારવાં–બોલી બોલવી વગેરે ચાલુ પ્રવૃત્તિ કયા પ્રમાણિક પુરુષથી શરૂ થઈ તેનો પત્તો નથી તે પ્રવૃત્તિને અપ્રમાણિક કહીને 'લોપ કરવા જેવી છે' એમ કહેવામાં ભારી જોખમ સમજતો તે વર્ગ, શાસનની આદિથી શરૂ થએલી 'પૂનમ કે અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ કરવાની પ્રાચીનતર પ્રવૃત્તિને પોતાના નવા મતના આગ્રહ ખાતર 'કયા પ્રમાણિક પુરુષથી શરૂ થઈ તેનો પત્તો જ નથી.' એમ કહીને લોપ કરવા જેવી જણાવે, તેનાથી વિશેષ વિપરીત મતિ બીજી કઈ હોઈ શકે? તે વર્ગની–'સત્તરમી, સત્તાવીશમીકે સાડત્રીશમી પેઢીના પિતાનું નામ જ જો માલુમ ન હોય તો વિદ્યમાન પુત્રને સંમૂર્ચ્છિમ કહી દેવા જેવી' આ વાતને કલ્યાણકામીજન કોણ અને કેમ સદ્દહે? જેના કર્ત્તાનું નામ પણ સંઘની યાદિમાં રહ્યું નથી તેવી શ્રી સંઘની (સં. ૧૯૯૨ સુધી તો તે વર્ગે પણ આચરેલી) આ સર્વવ્યાપક પ્રાચીનતર પ્રવૃત્તિનું તો

શ્રી સંઘમાં 'જુનું તે સોનું' એ લોકોકિત અનુસાર પણ આજે શ્રેષ્ઠતર સ્થાન છે.

પોતાની કલ્પિત પ્રવૃત્તિને પ્રામાણિક લેખાવવા સારૂ અતિ પ્રામાણિક એવી આ પ્રાચીનતર પ્રવૃત્તિને લોપવાના ઉન્માદભર્યા તેવાં બેવજુદ લખાણો કરનાર તે વર્ગ પણ જો પોતાનાં તે લખાણોને સાચું માનતો હોય તો તેણે ઉદયવાળી તિથિ માનવાની પ્રાચીનતર પ્રવૃત્તિને તો પ્રથમ તકે તજી દેવી જોઈએ. કારણકે–"જે વચનના આધારે તે વર્ગ, ઉદયવાળી તિથિ-માની રહેલ છે તે,–'**उदयंमि जा तिही सा पमाणं**' એ વચનના કર્ત્તા કયા પ્રમાણિક પુરુષ છે? તેનો પણ પત્તો જ નથી.'

પ્રથમનાં સમાધાનોમાં જણાવ્યા મુજબ આજે તે વર્ગ પાળી રહેલ ૫૧ આચરણાઓ-માંની–'કપડાનું ધરવું–ઝોળી આદિને ગાંઠ વાળવી-ઉપધાન વિનાના ગૃહસ્થોને સૂત્રો ભણાવવાં' ઇત્યાદિ અનેક આચરણાઓ, કયા પ્રમાણિક પુરુષથી શરુ થઈ તેનો પત્તો નહિ હોવા છતાં તે તે આચરણાઓને આજે નિસ્સંદેહ આચરી રહેલ છે. આમ છતાં તે વર્ગ, એ રીતે હવે જ પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિએ સેંકડો વર્ષોથી અવિચ્છિન્નપણે ચાલી આવતી તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની તે એક પ્રાચીન પરંપરા ઉપર જ ટૂટી પડે છે! ત્યારે તેમનું તે શ્રી સંઘની કલ્યાણકર આચરણાને યેનકેન ઉખેડી નાખવાનું હાર્દ ઉઘાડું થઈ જવા પામે છે. આવા તે વર્ગથી શ્રીસંઘે સાવધાન રહેવા જેવું છે.

નવા વર્ગના તે વાક્યમાંની તે બન્ને વાત જેમ પૂર્વોક્ત હકીકતથી વિશ્વસનીય નથી તેમ તે પછીની–'આગમ સાથે તેનો અત્યંત બાધ આવે છે.' એ વાત તો કેવલ–ગોળો ગબડાવવા રૂપ જ છે. તે વર્ગની આ વાતને જો તેનો અનુયાયી વર્ગ પણ સાચી માને તો તેઓને 'પાંચમની સંવત્સરી જણાવનાર આગમને ચોથની સંવત્સરી જણાવનાર આચરણા બાધક છે.' એમ માનવું પડતું હોવાથી તેઓએ આજે ચોથની સંવત્સરી કરનાર પોતાની જાતને આગમબાધક સંવત્સરી કરનાર તરીકે ઓળખાવવાના મહાપાપના ભાગી બનવું પડે તેમ છે. તે વર્ગે ગબડાવેલો આ ગોળો તેવો ભયંકર છે.

તેમાં પણ ખૂબી તો એ છે કે–તે વર્ગે, તે આચરણા, શાસ્ત્રના એકાદ પણ પાઠને બાધક હોવાનું કે શાસ્ત્રથી બાધક હોવાનું સાબીત કર્યું જ નથી અને તે ગોળો ગબડાવેલ છે! વસ્તુતઃ તે વર્ગ તેવું ભવિષ્યમાં પણ સાબિત કરી શકે એવું કોઈ જ પ્રમાણ ધરાવતો નથી તેની તે ગોળારૂપે મૂર્તિમંત પીડા જ છે.

કારણ—આપણે આગળ જોઈ જ ગયા છીએ કે–નિર્યુક્તિ અને ચૂર્ણિ જેવા આગમગ્રંથોને વિષે પણ–'યુગાંતે આવતી આરાધ્ય એવી આષાઢી પૂનમનો જ્યોતિષના હિસાબે ક્ષય આવે છે ત્યારે (જ્યોતિષના હિસાબવાળી) આષાઢી ચૌદશને (દિન તે તે આગમધર મહા-પુરુષોએ '૧૪/૧૫' એમ નથી જણાવેલ; પરંતુ ત્યાં સાફ શબ્દોમાં) આરાધના માટે પૂનમ જ કહેલ છે.' એમ જ્યોતિષીય ચૌદશને આગમધર ભગવંતોએ પણ પૂનમ કહી, એટલે શ્રીસંઘ

પ્રથમથી જ તે જ્યોતિષના હિસાબની છતાં એ રીતે આરાધનામાં તે ખસેડાએલી ચૌદશને પક્ખી તરીકે આરાધવા માટે જ્યોતિષના હિસાબની તેરશને આરાધનામાં ચૌદશ જ કહે છે.

તે વર્ગની અંતિમ–' તેના આધારે એક ઓર નવીન કરવામાં આવતી ભા. શુ. પાંચમની ક્ષય-વૃદ્ધિએ ભા. શુ. ત્રીજની અથવા ચોથની ક્ષય વૃદ્ધિ પણ બીજા આચાર્યોને સંમત નથી.' એ વાત પણ જુઠી છે. કારણ કે–તે બૂકમાં તે વાત લખવાના સં. ૧૯૯૨માં નવો તિથિમત કાઢનારને રોકવાની તાકાતના અભાવે તે વર્ગના આચાર્યો નિરુપાયે જ તે પ્રાચીન આચરણાથી જુદા પડેલ છેઃ અને તે પણ તેઓ એકલા જઃ સિવાયના શાસનપક્ષીય બધા જ આચાર્યો, એ જ ક્ષય-વૃદ્ધિમાં સંમત હતા, અને હોય જ. કારણ કે–તે અરસામાં તૈયાર થઈને સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થએલ ' શાસ્ત્રીયપૂરાવા 'માંના સંખ્યાબંધ પ્રાચીન પાઠો પણ તે ભા. શુ. ત્રીજની જ ક્ષય-વૃદ્ધિની આચરણા પર મહોરછાપ મારે છે.

**પ્રશ્ન ૧૯:**—તે વર્ગે, ' પર્વતિથિપ્રકાશ 'ના પેજ ૧૫માં–" કેટલાક એમ કહે છે કે–' આ ઉદયતિથિ માનવાનો નિયમ તિથિની ક્ષય-વૃદ્ધિ હોય ત્યારે સ્વીકારવાનો નથી.' પરંતુ આ માનવું ભૂલ ભરેલું છે. કોઈ માણુસ એમ કહે કે–સાધુ મહારાજને કોઈ પણ ત્રસ કે સ્થાવરજીવની હિંસા નહિ કરવાનો નિયમ છે; પરંતુ જ્યારે તેણે નદી ઉતરવાની હોય ત્યારે એ નિયમ માનવાનો નથી, એનો અર્થ એ થાય કે–' નદી ઉતરતાં સાધુએ જીવદયા પાળવાની જરૂર નથી ' આ કથન જેમ અનર્થકર છે તેમ ઉપલું કથન પણ અનર્થકર છે. " તેવું લખાણ કરેલ છે તે બરાબર છે ?

**ઉત્તર:**—તે લખાણ બરાબર તો નથી જ, પરંતુ કુટિલનીતિપૂર્વકનું ભ્રામક છે. કારણકે–' ક્ષય–વૃદ્ધિ પ્રસંગે પણ ઉદય તિથિને માનવાનો નિયમ તો સ્વીકારવાનો છે ' એ પ્રમાણે નવો મત કાઢયા પછીથી કહેવા–લખવા અને પ્રચારવા માંડેલ તે વર્ગ, આજે પણ લૌકિક દ્વિતીયાદિની ક્ષય–વૃદ્ધિ વખતે પૂર્વની ઉદયવાળી તિથિ માનવાના નિયમને સ્વીકારતો જ નથી, છતાં તેવા પ્રસંગે ઉદયવાળી તિથિનો નિયમ ન સ્વીકારાય તેને ભૂલ ભરેલું કહે છે!

**પોતાની તે ભ્રામક વાતને** હકીકત રૂપે લેખાવવા સારૂ તે વાત પછી તે વર્ગે, કોઈના નામે જે–' મુનિને કોઈપણ જીવની હિંસા નહિ કરવાનો નિયમ છે; પરંતુ જ્યારે તેણે નદી ઉતરવાની હોય ત્યારે તે નિયમ માનવાનો નથી ' એ વાત રજુ કરી છે તે પણ ભ્રામક છે. કારણકે–' ઉદયવાળી તિથિ માનવી.' એ ઔત્સર્ગિક આચરણા, જેમ પ્રભુઆજ્ઞા છે તેમ ઉદયવાળી તિથિ ન હોય તેનેય ઉદયવાળી બનાવીને માનવાની આપવાદિક આચરણા, એ પણ પ્રભુઆજ્ઞા છે. આથી તે આપવાદિક પ્રભુઆજ્ઞાના પાલનમાં ઉદય અનુદયનો વિચાર કરવાનો હોતો નથી તેમ મુનિને તો–' કોઈપણ જીવની હિંસા નહિ કરવાનો નિયમ ' એ ઔત્સર્ગિક પ્રભુ આજ્ઞા છે, અને અસંખ્યાતા સ્થાવર ( તથા સંખ્યાતા ત્રસ ) જીવોની વિરાધનાના સંભવવાળી નદી ઉતરવી એ પણ આપવાદિક પ્રભુઆજ્ઞા જ છે. પ્રભુઆજ્ઞાનાં પાલનમાં હિંસા લાગતી જ નથી આથી–'મુનિને નદી ઉતરતાં કોઈપણ જીવની હિંસા

નહિ કરવાનો' નિયમ તો બરાબર સચવાઈ જ રહેતો હોવાથી–'નદી ઉતરતાં તે નિયમ માનવાનો નથી' એ વાત મુનિને વિચારવી પણ રહેતી નથી. આથી 'નદી ઉતરતાં તે નિયમ માનવાનો નથી' એ મુનિ માટે રજુ કરેલી વાત તો બહુલસંસારી હૈયામાંથી ઉદ્ભવેલી વાત છે. એવી વાતનું શરણું લઈને પણ જે વર્ગ, ક્ષય-વૃદ્ધિ વખતે ઉદયવાળી તિથિ માનવાની મૂર્ખામીભરી વાતને સિદ્ધાંત ગણાવવા મથી રહેલ છે તે વર્ગનાં તેવાં લખાણમાં તથ્યનો અંશ પણ ક્યાંથી હોય ?

**એ રીતે પોતાની માન્યતાને** સાચી લેખાવવા સારૂ શરણ્ય ગણેલી તે બહુલસંસારી હૈયાની વાતનો પણ ત્યાં તે વર્ગે, તે વાત પછી 'તેનો અર્થ એ થાય કે–નદી ઉતરતાં સાધુને જીવદયા પાળવાની નથી.' એ પ્રમાણેનો અર્થ પણ પોતે જ રજુ કરેલ છે અને તેને અનર્થંકર પણ પોતે જ કહે છે ! એ એક અછેરૂં છે અને અછેરૂં ઉપાદેય ગણાતું નથી.

**આચાર્યના–'उदयंमि जा तिही'०** એ વચનથી તિથિને (પંચાંગમાં જણાવેલાં તેનાં પ્રમાણને ઉવેખીને) ઉદયવાળી માનવી તે ઉત્સર્ગમાર્ગ છે અને તિથિની ક્ષય-વૃદ્ધિ વખતે ક્ષીણ તિથિને આચાર્યનાં–**'क्षये पूर्वा'०** એ વિધિવાકયથી, **'क्षये क्षये पूर्वा पूर्वा'** એ તંત્ર–ન્યાયથી તથા **'यावत्संभवस्तावद्विधिः'** એ ન્યાયથી ઉદયવાળી બનાવવી તથા બે સૂર્યોદયને પામવાને લીધે વૃદ્ધ ગણાતી એક તિથિને–આચાર્યનાં **'वृद्धौ कार्या०'** એ નિયામક વચનથી એક સૂર્યોદયવાળી ઠરાવવી તે અપવાદમાર્ગ છે.

જૈનોને–'આરાધના માટે મહિનામાં ફરજીયાત આરાધ્ય એવી, ત્રીજા ત્રીજા દિવસે તો આવીને સ્વતંત્રપણે ઉભી જ રહે તેવી અને ૨૪ કલાકના પ્રમાણવાળી તિથિ જોઈએ.' જે લૌકિક ટીપણામાં તો હોતી જ નથી. આથી લૌકિકટીપણામાં દર્શાવેલી તિથિની શરૂઆત અને ક્ષય-વૃદ્ધિ આદિને જૈનોએ જૈની તિથિની શરૂઆત તરીકે અને ક્ષય-વૃદ્ધિ તરીકે સ્વીકારવી પાલવતી જ નથી.

તેથી જ જૈનાચાર્યોએ લૌકિકટીપણામાંની બેસતી–અસ્ત પામતી–ભોગવાળી–સમાપ્તિવાળી કે ક્ષય-વૃદ્ધિ પામતી તિથિઓને ઉદયવાળી જૈની તિથિઓ બનાવવા સારૂ ઉપર જણાવેલા–**'उदयंमि०, क्षये पूर्वा०, क्षये क्षये पूर्वा पूर्वा, यावत्संभवस्तावद्विधिः, वृद्धौ उत्तरा०'** આદિ ઉત્સર્ગ–અપવાદ અને નિયામક સૂત્રોની રચના કરી છે, તેમજ સ્વીકારી છેઃ કે–જેના આધારે આજે પણ જૈનો મહિનામાં નિયમિત ત્રીજા દિવસે આવતી અને ૨૪ કલાકના પ્રમાણ વાળી બાર પર્વીનું આરાધન અસ્ખલિતપણે કરી રહેલ છે.

પંચાંગમાં પહેલા દિવસે તિથિ ગમે તેટલી ઘડીની હોય છતાં તે તિથિની તે ઘડીઓને અપ્રમાણ ગણીને તે તિથિ જો બીજા દિવસના સૂર્યોદય વખતે અલ્પ પણ ઉદયમાં હોય તો તે પણ અલ્પ તિથિને આરાધનામાં તે **'उदयंमि०'** પાઠના આધારે ૨૪ કલાકની ગણવી તે ઉત્સર્ગ માર્ગ છે, અને જો ક્ષય કે વૃદ્ધિ વાળી તિથિ હોય તો તે ક્ષય કે વૃદ્ધિ તિથિની પૂર્વેની

ઉદયવાળી તિથિને પણ અપ્રમાણ ગણીને ક્ષીણ તિથિને **ક્ષયે પૂર્વા૦-ક્ષયે ક્ષયે પૂર્વા પૂર્વા** અને **યાવત્સંભવ૦**' પાઠોના આધારે તે દિવસે તેમજ પૂર્વ પૂર્વ ૨૪ કલાક પ્રમાણુની ઉદયવાળી બનાવવા રૂપ વિધિ અને પ્રતિવિધિ કરવો તે અપવાદમાર્ગ છે.

ઉત્સર્ગ, પંચાંગની ઉદયતિથિને અને અપવાદ, પંચાંગની ક્ષીણ કે વૃદ્ધ તિથિને લગાડવાનો હોય છે. ઉત્સર્ગ અને અપવાદ બંને માર્ગ એક તિથિને સાથે લગાડવાના હોતા નથી=લગાડી શકાય પણ નહિ. ઉત્સર્ગ જે કાર્ય કરવા અસમર્થ હોય છે તે કાર્ય, અપવાદ કરી આપવા સમર્થ હોવાથી ઉત્સર્ગ કરતાં અપવાદ બલવાન્ છે. તે બલવાન્ ગણાતા અપવાદનું કાર્ય કરવામાં, નિર્બલ ગણાતો ઉત્સર્ગ, નિરૂપયોગી છે. આથી અપવાદના કાર્ય વખતે ઉત્સર્ગને પણ સ્વીકારવાની વાત કરવી તે ખુલ્લી મૂર્ખામી છે. તે વર્ગ પણ સં. ૧૯૯૨ સુધી તો પંચાંગની તિથિ ક્ષય વૃદ્ધિ પ્રસંગે એ જ માન્યતા ધરાવતો હતો અને પોતાનાં આરાધનાનાં પંચાંગોમાં પણ તે પ્રમાણે પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે જ વર્ત્તતો હતો.

**આ દરેક વસ્તુ જાણવા અને જાતે પણ અનુભવવા છતાં** સં. ૧૯૯૩થી લૌકિકપંચાંગગત તિથિઓને જૈની તિથિઓ ગણાવવાના મિથ્યા પંથે ચડી જવાથી તે વર્ગે, 'અપવાદ લગાડવાના સ્થાને પણ ઉત્સર્ગને સ્વીકારવાનો છે' એવું અસંગત બોલવા-પ્રરૂપવા-પ્રચારવા અને પ્રવર્ત્તવા માંડીને શ્રી સંઘમાં તો મહાન્ અનર્થ કર્યો જ છે; પરંતુ તેવું વિપરીત વર્ત્તન કરવા જતાં તે વર્ગને પોતાને પણ-ચૌદશ, પૂનમ, અમાસ કે ભા. શુ. પાંચમની ક્ષય-વૃદ્ધિ વખતે પણ **उदयंमि०** સૂત્રને વળગી રહીને પૂર્વની ઉદયવાળી ચૌદશ અને ચોથને તો ઉદય તરીકે જ ઉભી રાખવાના આગ્રહમાં અટવાઈ પડતાં તે ક્ષીણ પૂનમ-અમાસાદિ પર્વો અને તેનું આરાધન જ ગુમાવવું પડ્યું છે. અર્થાત્ તેવી ઉલટી ચાલે ચાલવા જતાં તે વર્ગને તો-'ચૌદશ-પૂનમ, ચૌદશ-અમાસ અને ભા. શુ. ચોથ-પાંચમનાં ૪૮ કલાકના પ્રમાણવાળા તે તે સંયુક્તપર્વોનું ૨૪ કલાકના એક જ દિવસમાં આરાધન થઈ જતું હોવાના માયા-મૃષાવાદનું સેવન કરવા છતાં પણ તે તે પર્વના ક્ષય પ્રસંગે એકેક મહાપર્વનો લોપ કરવાના તથા વૃદ્ધિ વખતે એકેક કલ્પિત ફલ્ગુતિથિને તે જોડીયા પર્વની વચ્ચે મનસ્વીપણે જ ઘુસાડીને તે તે જોડીયા પર્વને તોડી નાખવાના મહાદોષના ભાજન બનવું પડેલ છે. આમ કપોલકલ્પિત મત ઉભો કરીને તેવા મતને પણ પ્રભુશાસનમાં ચલાવવાના આગ્રહમાં પડી જતાં તે વર્ગને આખાયે શાસનને ડોળવાનો દુઃખદ પાપપૂંજ વહેવાની સ્થિતિમાં મૂકાઈ જવું પડેલ છેઃ જે જગતભરના જૈન સંઘોને પ્રત્યક્ષ છે એવા તે વર્ગની તે તો શું પરંતુ કોઈ પણ વાતમાં તથ્ય શું હોય ?

**પ્રશ્ન ૨૦ઃ**—શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાં તો લૌકિક પંચાંગમાં આવતી તિથિના ભોગ-સમાપ્તિ વગેરે પણ જોવાની વાત છે અને ઉપલા પ્રશ્નના સમાધાનમાં તો પંચાગગત તિથિનો ભોગ અને સમાપ્તિ વગેરેની ઉપેક્ષા કરીને પણ તે તિથિઓને જૈનોએ ઉદયથી

અને ઉદયવાળી બનાવીને માનવાની વાત જણાવી છે તો તે વાત શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથ સાથે સંગત શી રીતે ગણાય ?

**ઉત્તરઃ**—શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની રચના જ મુખ્યત્વે ખરતરોને અંગે છે. આથી તે ગ્રંથમાં **'क्षये पूर्वा०'**ની જ માન્યતાવાળા ગ્રંથકારશ્રીએ, અષ્ટમીના ક્ષયે સાતમે આઠમ અને પૂનમના ક્ષયે (ચૌદશને બદલે) એકમે પૂનમ કરનાર ખરતરને 'તે માંન્યતા ખોટી છે' ઇત્યાદિ સાબિત કરી આપવા સારૂ 'સાતમના દિવસે તો આઠમનો ભોગ પણ છે; પરંતુ એકમના દિવસે તો પૂનમનો ભોગ પણ નથી.' એમ યુક્તિરૂપે જ તિથિના ભોગની વાત જણાવવી જરૂરી બની છે. તે ગ્રંથમાં જણાવેલી સમાપ્તિની વાત પણ એ રીતે યુક્તિરૂપે જ છેઃ નહિ કે–તે વાતો સિદ્ધાંતરૂપે છે.

**શાસ્ત્રકારને તે ભોગ શબ્દથી** 'બીજ આદિ પર્વતિથિના ક્ષય વખતે બીજ આદિનો ભોગવટો જ ઇષ્ટ હોત તો **'क्षये भोगवती तिथिः'** એમ કહ્યું હોત; પરંતુ એમ નહિં કહેતાં તે ગ્રંથમાં ચાલેલી આખી ચર્ચામાં **'क्षये पूर्वा०'** પ્રઘોષની જ મુખ્યતા રાખેલ છે અને તે મુખ્યતા, એકમ આદિને બીજ આદિપણે જ માનવા સારૂ રાખેલ છે. તેથી જ ગ્રંથકારે તે ગ્રંથમાં ચૌદશના ક્ષયે તેરસને–**'चतुर्दश्या एव व्यपदेशो युक्तः'** વાકયથી ચૌદશ જ કહી છે.

તિથિક્ષયે તિથિનું જો 'ભોગવાળી તિથિ' એ લક્ષણ ગણવામાં આવે તો તે તિથિ તે દિવસે જેટલી ઘડી પ્રમાણની હોય તેટલી ઘડી પ્રમાણ જ આરાધવી પડે ! સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૨૪ કલાક સુધી આરાધી શકાય જ નહિઃ કારણકે–તે દિવસે રહેલી સૂર્યોદયવાળી એકમ આદિ અપર્વમાં તે બીજ આદિનો ભોગવટો હોતો નથી અને તે દિવસે તે ક્ષીણ બીજ આદિ તિથિની સમાપ્તિ બાદ બેસી જતી ત્રીજ આદિમાં પણ તે બીજ આદિનો ભોગવટો હોતો નથી.

**સમાપ્તિની વાત પણ એવી જ છેઃ** શાસ્ત્રકારને આ ગ્રંથમાં પોતે જણાવેલ સમાપ્તિની વાત ઉપરથી તિથિનો જો સમાપ્તિ ઉપર જ આધાર રાખવો ઇષ્ટ હોત તો બીજ આદિ તિથિના ક્ષય વખતે તેની સમાપ્તિ એકમ આદિમાં અને વૃદ્ધિ વખતે બીજી તિથિમાં હોવાથી–સામાન્યતિથિ, એકવડી પર્વતિથિ, ક્ષીણ પર્વતિથિ અને વૃદ્ધપર્વતિથિ–એ દરેક તિથિઓને માટે **'तिही जत्थ समप्पइ=तिथिर्यत्र समाप्यते**=તિથિ જ્યાં સમાપ્ત થાય તે પ્રમાણ' એમ કહ્યું હોત. અથવા **'समाप्तिर्मानं'** કહ્યું હોત; પરંતુ ત્યાં પણ એમ નહિ કહેતાં આખી ચર્ચામાં **'क्षये पूर्वा'** અને **'वृद्धौ उत्तरा'** પ્રઘોષની જ મુખ્યતા રાખેલ છે, અને તે મુખ્યતા, બીજ આદિના ક્ષયે તે દિવસની એકમ આદિને જેમ બીજ આદિપણે જ મનાવવા સારૂ રાખેલ છે તેમ બીજ આદિની વૃદ્ધિ વખતે પણ બે સૂર્યોદયને પામેલી તે તિથિના પહેલા સૂર્યોદયને હિસાબમાં જ નહિ ગણીને તથા બીજા સૂર્યોદયને તે તિથિ માટે પ્રમાણ માનીને તે તિથ્યંશને જ બીજ આદિ તરીકે પ્રમાણ માનવા સારૂ રાખેલ છે. તેથી જ શ્રી હીર-

સૂરિજી મહારાજે શ્રી હીરપ્રશ્નમાં અને શ્રી સેનસૂરિજી મહારાજે પણ શ્રી સેનપ્રશ્નમાં (વૃદ્ધિ વખતે બંને તિથિ ઔદયિકી જ હોવા છતાં) બીજી તિથિને જ (તિથિ બે બોલાય નહિ માટે બીજી તિથિ નહિ કહેતાં) ઔદયિકી જણાવી છે.

**તિથિની ક્ષય-વૃદ્ધિએ** તિથિનું જો 'સમાપ્તિવાળી તિથિ' એ લક્ષણ ગણવામાં આવે તો બીજ આદિના ક્ષય વખતે એકમ આદિમાં તો સમાપ્તિ અને ઉદય બંને હોવાથી અને વૃદ્ધિ વખતે પહેલા સૂર્યોદયવાળી તિથિ, તે દિવસની સમાપ્તિની અપેક્ષાએ તે દિવસની સમાપ્તિ સાથે સમાપ્ત થતી હોવાથી, તથા ક્ષય વખતે તે દિવસે તે તિથિ સમાપ્ત થવા પછીથી શરૂ થતી અન્યતિથિમાં તેનો ભોગ નહિ હોવાથી તેમજ વૃદ્ધિ વખતે બીજા સૂર્યોદયને બે ત્રણ ઘડી જ સ્પર્શીને સમાપ્ત થવા પછીથી શરૂ થતી તિથિમાં પણ તેનો ભોગ નહિ હોવાથી તે ક્ષીણ-વૃદ્ધતિથિઓ, જેટલી ઘડીના માપે સમાપ્ત થતી હોય તેટલી ઘડી પ્રમાણ જ આરાધી શકાય; પરંતુ એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૨૪ કલાક પ્રમાણ આરાધી શકાય જ નહિ.

**આથી જ શ્રી તત્વતરંગિણી ગ્રંથમાં** જે સ્વીકારરૂપે પણ સમાપ્તિની વાતો જોવામાં આવે છે તેને કોઇ સિદ્ધાંતરૂપે ન માની બેસે એ સારૂ તો શાસ્ત્રકારે આ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નની ૧૭મી ગાથાના-'**जं जा जंमि हु दिवसे समप्पई सा पमाणं ति**' એ ઉત્તરાર્દ્ધની ટીકામાં ક્ષય અને વૃદ્ધિ વખતે કઈ તિથિ સ્વીકારવી ? એ પ્રશ્નના સમાધાન અર્થે તે બંને તિથિનું સાધારણ=સર્વસામાન્ય લક્ષણ સ્થાપેલ છે કે-"**या तिथिर्यस्मिन्नेवादित्यादिवारलक्षणे दिने समाप्यते स एव दिवसो-वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः=જે તિથિ જે રવિવાર આદિ લક્ષણવાળા દિવસે સમાપ્ત થતી હોય તે જ રવિવાર આદિ લક્ષણવાળો દિવસ પ્રમાણ કરવો-તે તિથિપણે જ સ્વીકારવો.**" એટલેકે-'સમાપ્તિવાળી તિથિ સ્વીકારવી' એમ નહિ; પરંતુ-'સમાપ્તિથી પણ આગલ વધીને આખો દિવસ જ માનવી.' એટલેકે-સમાપ્તિવાળી તે તિથિ બે જ ઘડી હોય તો પણ તે તિથિને તે દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીના ૨૪ કલાકની જ તિથિ તરીકે માનવી.

**આથી સમજવું સ્પષ્ટ બને છે** કે-ટિપ્પણામાંની તિથિની ક્ષય-વૃદ્ધિ વખતે '**उदयंमि०**' વાળો ઉત્સર્ગ, નાકામિયાબ બનવાથી શ્રી સંઘમાં ભોગવાળી તેમજ સમાપ્તિવાળી તિથિ લેવાની થવા માંડેલી વાતોને પૂજ્ય ઉમાસ્વાતિ વાચકપ્રવરે શ્રી સંઘને સમર્પેલા '**क्षये पूर्वा०**' પ્રઘોષદ્વારા સ્થગિત કરી દેવાની સાથે તેવા પ્રસંગે તે દિવસના સૂર્યોદયથી જ તે તિથિ માનવાનું નક્કી કરી આપેલ છે. આ ગ્રંથકારશ્રીએ પણ તેથી જ આ ગ્રંથમાં શરૂઆત જ '**क्षये पूर्वा०**' પ્રઘોષના આધારે કરેલ છે, અને આ ગ્રંથની તે ૧૭મી ગાથાની ટીકામાં પોતે તે પ્રસંગને અનુલક્ષીને બાંધેલા તે સાધારણલક્ષણ પર પણ તરતજ તે વાચકપ્રવરશ્રીના પ્રઘોષને આધાર તરીકે રજુ કરેલ છે. એટલે સિદ્ધ છે કે-તિથિક્ષય-વૃદ્ધિ

વખતે ભોગ અને સમાપ્તિ આદિવાળી વાતો એ આપવાદિક સિદ્ધાન્ત નથી; પરંતુ **'क्षये पूर्वा०'** અને પૂર્વોકત **'जं जा जम्मि०'** એ આપવાદિક સિદ્ધાંતો છે અને તે સિદ્ધાન્તો દ્વારા ટિપ્પણાની ક્ષય-વૃદ્ધિ વખતે આરાધનાના જૈન ભીંતીયાં પંચાંગોમાં-તે તે ક્ષીણ અને વૃદ્ધ તિથિઓને પૂર્વ કે પૂર્વતર અપર્વની ક્ષય-વૃદ્ધિ કરીને શ્રીસંઘમાં વર્ષોથી આરાધના સારૂ જે ઉદયાત્ તરીકે દર્શાવાય છે તે બરાબર જ છે.

**પ્રશ્ન ૨૧:**—જૈન જ્યોતિષશાસ્ત્રોમાં તિથિનું પ્રમાણ, દિવસના બાસઠ ભાગ કરીએ તેમાંના ૬૧ ભાગ પ્રમાણ એટલેકે-$\frac{૬૧}{૬૨}$ અંશ જ જણાવેલું છેઃ તે મુજબ ૨૯॥ દિવસના થતા ચંદ્રમાસના હિસાબે વર્ષમાં ૬ તિથિનો ક્ષય આવે, પણ એકેય તિથિની વૃદ્ધિ તો ન જ આવે. આમ છતાં તે વર્ગ તેમની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના ૧૮મા પેજ ઉપર આગમનો પાઠ ટાંકીને કહે છે કે-

"કેટલાક એમ કહે છે કે-'જૈનમતમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી નથી.' કિંતુ તેમનું આ કહેવું બરાબર નથી. કારણકે-જૈનશાસ્ત્રોમાં દરેક તિથિની ક્ષય વૃદ્ધિ થતી હોવાનું કહેલ છે. આ વાતનો જરા આપણે વિચાર કરીએ. પરિપૂર્ણ ત્રીસ અહોરાત્ર પ્રમાણ એક કર્મમાસ કહેવાય છે, ઓગણત્રીસ રાત્રી ઉપર એક દિવસના બત્રીશ બાસઠીયા ભાગ પ્રમાણ ($૨૯\frac{૩૨}{૬૨}$) ચંદ્રમાસ ગણાય છે અને **૩૦॥ દિવસનો** એક સૂર્યમાસ ગણાય છે. કર્મમાસ સાથે ચંદ્રમાસ વિચારતાં પ્રતિવર્ષે છ ક્ષયતિથિઓ આવે છે અને કર્મમાસ સાથે સૂર્યમાસ વિચારતાં છ **વૃદ્ધિતિથિઓ આવે છે.** એ પ્રમાણે ક્રમસર ક્રમસર થતાં પાંચ વર્ષ પ્રમાણ એક યુગમાં **એકમથી પૂનમ સુધીની તમામ તિથિઓને ક્ષય-વૃદ્ધિના રોગમાંથી પસાર થવું પડે છે.** આ જ કારણથી શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ મુદ્રિત પૃ. ૨૦૨ સૂત્ર ૭૫માં સ્પષ્ટ અક્ષરો છે કે-'**तत्थ खलु इमे छ उडू पं० तं०..... तत्थ खलु इमे छ ओमरत्ता पं० तं०......तत्थ खलु इमे छ अतिरत्ता पं० तं०...छच्चेव अइरत्ता आइच्चाओ हवंति माणाइं। छच्चेव ओमरत्ता चंदाओ हवंति माणाहिं**=એક વર્ષમાં છ ઋતુઓ છે, તેમાં છ ક્ષયરાત્રિઓ છે, અને છ અધિક રાત્રિઓ છે.' ચંદ્રમાસથી છ ક્ષીણ તિથિઓ આવે છે અને સૂર્યમાસથી **છ વૃદ્ધિતિથિઓ** આવે છે." તો શું જૈનમતમાં તિથિવૃદ્ધિ પણ આવે ખરી?

**ઉત્તર:**—જૈનમત પ્રમાણે પર્વતિથિનો ક્ષય હોય છે; પરંતુ વૃદ્ધિ તો હોતી જ નથી એ વાત સાચી છે. આમ છતાં તે વર્ગે, 'જૈનમતમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી નથી.' એમ કેટલાકોને નામે કહેલું છે તે ખોટું છે. 'જૈનશાસનસંઘમાં તેવું કહેનારા તે કેટલાકો કોણ? કોણ?' એ જણાવી જ શકે તેમ નહિ હોવાથી તે વર્ગે કહેલી તે વાત, કેટલાકોના નામે રજુ કરવી પડેલી હોઈને ભ્રામક છે.

## પચાસ વર્ષનું પ્રાયશ્ચિત્ત લેવું નથી અને ખપી ગણાવવું છે!

**શાસનસંઘ,** 'આરાધનામાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી નથી' એ વાતને પણ

'જૈનમત' કહે છે તેને આશ્રયીને તે વર્ગે તે વાત સંઘના નામે રજુ કરવાને બદલે કેટલાકોને નામે રજુ કરી દીધી હોય તો પણ નવા વર્ગે કરેલી તે વાત, પોતે સં. ૧૯૯૨ પહેલાં (પોતાના હાલના મતથી વિરુદ્ધ) પચાસ વર્ષ સુધી કરેલા તે મુજબના જ વર્ત્તનનું પ્રાયશ્ચિત્ત લેવાની વાત ઉપર પડદો પાડનારી હોવાથી મલિન છે.

**એ હિસાબે તો**–'જૈનમતમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ થતી નથી' એમ સં. ૧૯૯૨ પહેલાં તે વર્ગ, તેઓના દાદા તથા પરદાદાગુરુ અને સેંકડો વર્ષ પૂર્વના તેમના તે પરદાદાગુરુઓના પણ દાદા–પરદાદાગુરુઓ વગેરેય કહેતા હતા અને તે મુજબ કરતા પણ હતા, એમ તે વર્ગ પણ જાણતો જ હોવા છતાં 'અમો આદિ તે બધા વડિલોનું તે કહેવું બરાબર ન્હોતું' એ સત્ય ન બોલાઈ જાય તેની સાવધગિરી રાખીને (પ્રથમથી એ જ પ્રમાણે આજે પણ કહેનાર અને કરનાર) શાસનસંઘનું જ **'તે કહેવું બરાબર નથી'** એમ કહે છે તે, નિજના નવા કલ્પિત તિથિમતને સાચો લેખાવવા સારૂ શ્રીસંઘની તે સાચી વાતને ખોટી લેખાવવાના પ્રપંચરૂપ છે. તે વર્ગને પણ પોતાનો મત જો ખરેખર સાચો જ લાગતો હોત તો તે વર્ગે તે મતને યેન કેન સાચો લેખાવવા સારૂ તેમણે કરવા પડેલા આવા અનેક પ્રપંચોને તજીને–સં. ૧૯૯૨ પહેલાં પોતાના આજના મતથી પોતે વર્ષો સુધી જગજાહેર રીતે કરેલા વિરુદ્ધ આચરણજન્ય ડુંગર જેટલા દોષોનું જગતભરના સંઘો જાણે તેવી જાહેર રીતે પ્રાયશ્ચિત્ત કર્યું હોત; પરંતુ તે આત્મકલ્યાણી કાર્ય તે વર્ગે અદ્યાપિપર્યંત કર્યું જ નથી! તે જોતાં તે વર્ગ પણ નિજના મતાગ્રહ માટેના પોતાના તેવા પ્રચારોને પ્રપંચ તરીકે જ માને છે, એમ પ્રમાણિક માનવું થાય છે.

## આવી ચાલબાજી, કલિતરુને કલ્પતરુ લેખાવવા અસમર્થ છે.

**તે વર્ગે, તે સ્થળે તે લખાણ બાદ જે–"જૈનશાસ્ત્રોમાં દરેક તિથિની ક્ષય વૃદ્ધિ થતી હોવાનું કહેલ છે."** એમ જૈનશાસ્ત્રોને નામે કહેલું છે તે, જૈનશાસ્ત્રરૂપ કલ્પતરુને નામે પોતાના કલ્પિત મતરૂપ કલિતરુને કલ્પતરુમાં ખપાવવાની ચાલબાજી સ્વરૂપ છે. જૈન જ્યોતિષના કોઈપણ ગ્રંથમાં બાર મહિને 'છ' તિથિનો ક્ષય થતો હોવાનું કહેલ છે; પરંતુ તિથિની વૃદ્ધિ થતી હોવાનું તો કહેલું જ નહિ હોવાથી તેવી ચાલબાજી તેવા કલિતરુને કલ્પતરુ લેખાવવા કદિ સમર્થ થતી નથી.

## 'अतिरात्र'નો અર્થ, 'તિથિવૃદ્ધિ' કરવામાં પાપી પર્વતનું અનુકરણ કરેલ છે.

**તે લખાણ પછી તે વર્ગે જે**–"પરિપૂર્ણ ત્રીસ અહોરાત્ર પ્રમાણ એક કર્મમાસ કહેવાય છે, ઓગણત્રીશ અહોરાત્ર ઉપર એક આખા દિવસના બત્રીસ બાસઠીયા (૨૯$\frac{32}{62}$) ભાગ પ્રમાણ ચંદ્રમાસ ગણાય છે અને **૩૦॥ દિવસનો** એક સૂર્યમાસ થાય છે. કર્મમાસ સાથે ચંદ્રમાસ વિચારતાં પ્રતિવર્ષે છ ક્ષયતિથિઓ આવે છે" એમ કહ્યું છે તે તો જૈન

જ્યોતિષશાસ્ત્રાનુસારી જ છે; પરંતુ તે વાત પછી જે-'**અને કર્મમાસ સાથે સૂર્યમાસ વિચારતાં 'છ' વૃદ્ધિતિથિઓ આવે છે.**' એમ કહેલું છે તે વાક્ય,-પાપી પર્વતે '**અજ**' શબ્દના 'જુનું ધાન્ય' અર્થ ઉપર પગ મૂકીને કરેલા 'બોકડો' અર્થની જેમ 'શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના આગમગ્રંથમાંના '**अतिरात्र**' શબ્દના [શ્રી ઠાણાંગસૂત્ર (છઠ્ઠું સ્થાન, પૃ. ૩૭૦)ને વિષે '**अइरत्त त्ति अतिरात्रः=अधिकदिनं=दिनवृद्धिरिति यावत्**' એ પાઠથી જણાવેલા] '**અધિકદિન-દિનવૃદ્ધિ**' તરીકેના આગમોક્ત અર્થ ઉપર પગ મૂકીને કરેલા '**વૃદ્ધિ તિથિઓ**' રૂપ કલ્પિત અર્થથી કલુષિત હોઈને પાપપર્વતના તે શાસ્ત્રવિરુદ્ધ અર્થની આવૃત્તિરૂપે આગમદ્રોહી છે=પાપપર્વતે 'અજ'નો અર્થ 'મેષ' કરીને ઘોર હિંસાને ધર્મ મનાવ્યો અને આ વર્ગે '**अतिरात्र**'નો અર્થ 'તિથિવૃદ્ધિ' કરીને આગમોક્ત 'સૂર્યમાસ' ને ચંદ્રમાસ લેખાવવાના મહામિથ્યાત્વને આગમશાસ્ત્ર લેખાવ્યું!

"શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ ગ્રંથગત સૂર્યમાસના અધિકારમાંના તે '**अतिरात्र**' શબ્દનો 'વૃદ્ધિતિથિઓ,' એવો અર્થ આજસુધી કોઈપણ જૈનશાસ્ત્રકારે કરેલ નથી અને દરેક જૈનશાસ્ત્રકારોએ 'દિનવૃદ્ધિ' અર્થ જ કરેલો છે." એમ તે વર્ગ જાણતો હોવા છતાં-સં. **૧૯૯૨** સુધી તે વર્ગના દાદા-પરદાદાઓ અને તે વર્ગે પણ તે '**अतिरात्र**' શબ્દનો અર્થ 'દિનવૃદ્ધિ' જ કરેલ હોવા છતાં શ્રી કાલલોકપ્રકાશ સર્ગ ૨૮ પૃ. ૩૯૭ ની પહેલી પુઠી ઉપરના-'**अहोरात्रतिथीनां च, विशेषोऽयमुदीरितः। भानूत्पन्ना अहोरात्रा-स्तिथयः पुनरिन्दुजाः।७६१।**' શ્લોક દ્વારા શાસ્ત્રકારે-**સૂર્યથી ઉત્પન્ન થાય તે દિવસ અને ચંદ્રથી ઉત્પન્ન થાય તે તિથિ.**' એમ જણાવીને 'દિવસ તે તિથિ નહી અને તિથિ તે દિવસ નહિ.' એમ સ્પષ્ટ કહ્યું હોવાનું પણ જાણવા છતાં-'તિથિ તો ચંદ્રમાસમાંજ ગણાય અને સૂર્યમાસ તો દિવસનો જ બનતો હોવાથી સૂર્યમાસમાં તિથિની હયાતિ જ ન હોય.' એ વાત પણ તે વર્ગ જાણતો હોવા છતાં-તિથિ દરેક ૫૯ ઘડીની જ હોય છે અને દિવસ તો દરેક ૬૦ ઘડીનો હોય છે તેથી પણ 'તિથિને દિવસ ન કહેવાય અને દિવસને તિથિ ન કહેવાય' એ વાત પણ તે વર્ગ અત્યંત સ્પષ્ટ પણે જ જાણતો હોવા છતાં અને પ્રસ્તુત લખાણની પહેલાં પોતાના જ એ ચાલુ લખાણમાં પણ તે વર્ગે '**૩૦॥ દિવસનો એક સૂર્યમાસ છે**' એમ સાફ લખવા વડે તે 'અતિરાત્ર' શબ્દનો અર્થ, '**તિથિ**' **નહિ પણ** '**દિવસ**' જ કરેલો હોવા છતાં તે વર્ગ, સૂર્યમાસના અધિકારમાંના તે પાઠમાંના '**अतिरात्र**' શબ્દનો સર્વ જૈનશાસ્ત્રોથી વિરુદ્ધ એવો '**વૃદ્ધિતિથિ**' અર્થ કરીને ચાલેલ છે તે, તે વર્ગને આગમશાસ્ત્રોના ભોગે પણ પોતાનો તિથિમત ચલાવવાની ભવવર્ધક ધૂન જ લાગી હોવાનું પ્રબલ પ્રતીક છે.

## લૌકિક ગણત્રીને જૈની ગણાવવાનું કપટ છે.

**પ્રશ્ન ૨૧ માંનાં તે લખાણ પછી** તે વર્ગે જે-'**એ પ્રમાણે ક્રમસર ક્રમસર થતાં પાંચ વર્ષ પ્રમાણ એક યુગમાં એકમથી પુનમ સુધીની તમામ તિથિઓને**

**ક્ષયવૃદ્ધિના રોગમાંથી પસાર થવું પડે છે.'** એ પ્રમાણે કહેલું છે તે અજૈન જ્યોતિષ-શાસ્ત્રની તે ગણત્રીને જૈનશાસ્ત્રોની ગણત્રી તરીકે લેખાવનારૂં કપટ છે. જૈન જ્યોતિષશાસ્ત્રની ગણત્રીએ પાંચ વર્ષના યુગમાં આવતી ૧૮૬૦ તિથિમાંની એક પણ તિથિને વૃદ્ધિના રોગમાંથી તો પસાર થવું પડતું જ નથી; પરંતુ ક્ષયના રોગમાંથી પણ બધી તિથિને પસાર થવું પડતું નથી.

આ વસ્તુની સમજ અર્થે જૈન જ્યોતિષની ગણત્રીએ પાંચવર્ષના યુગમાં એકેય વૃદ્ધિતિથિ તો આવતી જ નહિં હોવાનું અને યુગની ૧૮૬૦ તિથિઓમાંથી યુગમાં નિયમિત ત્રીસ જ તિથિઓને ક્ષયના રોગમાંથી પસાર થવું પડતું હોવાનું જણાવનારું કોષ્ટક પણ આ નીચે જોવું આવશ્યક છે.

**શ્રાવણ વદિ ૧ ના યુગની શરૂઆતના દિનથી એકસઠમે દિવસે આવતી ક્ષયતિથિનું કોષ્ટક.**

| પ્રથમ વર્ષ ક્ષયતિથિ | દ્વિતીય વર્ષ૦ | તૃતીય વર્ષ૦ | ચતુર્થ વર્ષ૦ | પંચમ વર્ષ ક્ષયતિથિ |
|---|---|---|---|---|
| આસો વદિ ૨ | આસો વદિ ૧૪ | આસો શુદિ ૧૧ | આસો વદિ ૮ | અસો શુદિ ૫ |
| માગશર વદિ ૪ | માગશર શુદિ ૧ | માગશર શુદિ ૧૩ | માગશર વદિ ૧૦ | માગશર શુદિ ૭ |
| મહા વદિ ૬ | મહા શુદિ ૩ | **બીજો પોષ** શુ. ૧૫ (યુગાર્દ્ધ) | મહા વદિ ૧૨ | મહા શુદિ ૯ |
| ચૈત્ર વદિ ૮ | ચૈત્ર શુદિ ૫ | ચૈત્ર વદિ ૨ | ચૈત્ર વદિ ૧૪ | ચૈત્ર શુદિ ૧૧ |
| જેઠ વદિ ૧૦ | જેઠ શુદિ ૭ | જેઠ વદિ ૪ | જેઠ શુદિ ૧ | જેઠ શુદિ ૧૩ |
| શ્રાવણ વદિ ૧૨ | શ્રાવણ શુદિ ૯ | શ્રાવણ વદિ ૬ | શ્રાવણ શુદિ ૩ | **બીજો અષાડ** શુદિ ૧૫ (યુગાન્ત) |

## તે વર્ગની સુવિહિતતાની આ તો સામાન્ય રૂપરેખા છે.

**આ કોષ્ટક,** શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ જૈન જ્યોતિષશાસ્ત્રોની ગણત્રી મુજબનું છે. આ કોષ્ટકથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે=" તે વર્ગે તેના લખાણમાં જે–" એ પ્રમાણે ક્રમસર ક્રમસર થતાં પાંચ વર્ષ પ્રમાણ એક યુગમાં એકમથી પૂનમ સુધીની તમામ તિથિઓને ક્ષય–વૃદ્ધિના રોગમાંથી પસાર થવું પડે છે. 'એ પ્રમાણે કહેલું છે અને પ્રચારેલું છે, તે જૈન શાસ્ત્રોથી સદંતર વિરુદ્ધ છે અને લૌકિક જ્યોતિષની ગણત્રીને જૈન જ્યોતિષની ગણત્રી તરીકે લેખાવવાનું ખુલ્લું તર્કટ જ છે." નવો તિથિમત કાઢયા પછીથી તે વર્ગે, પબ્લીકને તે નવા મતમાં ખેંચવા સારૂ મનસ્વીપણે જ વિવિધ રીતે બોલીને તેમજ પ્રચારીને જણાવેલી શાસનની પ્રાચીન પ્રણાલિકાને પ્રમાણિક માનનારા શાસનના સમસ્ત શ્રમણસંઘની અસુવિહિતતા અને તેમની સુવિહિતતાની આ તો એક સામાન્ય રૂપરેખા છે.

**વિષયની આટલી વિશદતા પછી**–“પોતાના તેવા લોકોત્તરજનવંચક લખાણને આગમાનુસારી મનાવવા માટે જ તે સ્થલે નવા વર્ગે, પોતાના એ લખાણ ઉપર ‘શ્રી સૂર્ય-પ્રજ્ઞપ્તિ’ નામક આગમગ્રંથના ‘**तत्थ खलु इमे ××× चंदाओ हवंति**’ એ પાઠની મેઘાડંબરી છાપ રજુ કરવી પડેલ છે” એમ સુજ્ઞોને જણાવવાનું ભાગ્યે જ રહે.

## જૈન જ્યોતિષશાસ્ત્રો મુજબ તિથિની વૃદ્ધિ થતી જ નથી.

**ઉપર જોઈ ગયા કે** – શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિગ્રંથના પાઠમાંના તે ‘**अइरत्ता**’ શબ્દનો અર્થ, શ્રી ઠાણાંગસૂત્રમાં જેમ ‘**અધિકદિન–દિનવૃદ્ધિ**’ કરેલ છે, તેમ તે ‘**अइरत्ता**’ શબ્દનો અર્થ શ્રી જ્યોતિષકરંડક ગ્રંથના પૃ. ૧૭૪ ઉપર–‘**अहोरात्र**’ જણાવેલ છે, શ્રી જ્યોતિષ્ક-રંડકના દ્વિતીય પ્રાભૃતમાં તે ‘**अहोरात्र**’ શબ્દનો અર્થ–‘**त्रिंशन्मुहूर्त्तात्मकं**’ જણાવેલ છે અને શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ–કમ્મપયડી તથા શ્રી ભગવતીજીસૂત્ર આદિ ગ્રંથરત્નોને વિષે તે ‘**अहोरात्र**’ શબ્દનો અર્થ–‘**दिवसरात्र्युभयात्मकं**’ જણાવેલ છે; પરંતુ કોઈપણ શાસ્ત્રકારે તે ‘**अहोरात्र**’ શબ્દનો અર્થ,–‘**तिथिद्वयात्मकं**’ જણાવેલ નથી: ખરતર-પાયચંદ-અચલ-પૂનમીયા-સાર્દ્ધપૂનમીયા-ઢુંઢક-દિગંબર-આણસૂર કે ઘટાઘટવાળા વિરોધી પક્ષોમાંના પણ કોઈ એકાદ પક્ષે પણ તિથિચર્ચાના પ્રસંગોના અધિકારમાં પડેલા તે ‘**अतिरात्र**’ શબ્દનો ‘**तिथिद्वया-त्मकं**’ અર્થ તો કરેલ જ નથી. તે શબ્દનો તેવો (સર્વ આગમશાસ્ત્રોક્ત અર્થ ઉપર પગ મૂકીને) મનસ્વી અર્થ કરનાર તો આ નવો વર્ગ એક જ છે: માટે–‘શું જૈનમતમાં તિથિની વૃદ્ધિ પણ આવે છે ખરી?’ એ શંકાને પણ સ્થાન નથી. **मूलं नास्ति कुतः शाखा ?**

## ‘તિથિની વૃદ્ધિ થતી જ નથી’ એ સમજવા વિશેષ સ્પષ્ટીકરણ.

કારણ કે–“જૈન જ્યોતિષશાસ્ત્રના હિસાબે જ્યાં $\frac{61}{62}$ અંશથી કોઈપણ તિથિ વધારે પ્રમાણવાળી હોતી જ નથી, ત્યાં તિથિની વૃદ્ધિ થાય જ ક્યાંથી? પાંચ વર્ષના એક યુગમાં દિવસ ૧૮૩૦ હોય છે. તે ૧૮૩૦ દિવસમાં સૂર્યના ૬૦, કર્મના ૬૧ અને ચંદ્રના ૬૨ માસ હોવાથી ક્રમે–સૂર્યમાસ ૩૦ાા દિવસનો, કર્મમાસ ૩૦ અને ચંદ્રમાસ ૨૯$\frac{32}{62}$ દિવસનો બને છે. તિથિ ચંદ્રમાસથી થાય છે, અને તે એક મહિનાની ૩૦ હોય છે. એક તિથિ $\frac{61}{62}$ અંશ જેટલી જ થતી હોવાથી યુગમાં ૧૮૬૦ તિથિ અને તેના ચંદ્રમાસ ૬૨ થાય છે. તેથી તેને યુગના ૬૧ કર્મમાસના ૧૮૩૦ દિવસોની સાથે મેળવવા સારૂ ચંદ્રમાસની તે ૧૮૬૦ તિથિમાંની ૩૦ તિથિનો ક્ષય આવશ્યક બને છે. અને આખાયે યુગમાં તિથિની વૃદ્ધિ તો થઈ શકતી જ નથી.” એ વાત, જૈનજ્યોતિષશાસ્ત્રોના ગણિત મુજબના ઉપર જણાવેલા કોષ્ટકથી અતીવ સ્પષ્ટ છે.

**પ્રશ્ન ૨૨:**– તે વર્ગે, મતાગ્રહ ખાતર એ રીતે જો આ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનો પણ અસત્ય અનુવાદ કરીને આગમ જેવા પરમતારક ગ્રંથોમાંના પાઠોના પણ અવળા અર્થો

કરેલા છે ત્યારે તો તે વર્ગને જાહેર લખાણુ દ્વારા ઉન્માર્ગી આદિ લેખાવવાને બદલે જાતે મળીને જ ચર્ચા કરી લેવામાં આવે તો લોકોત્તરસંઘનાં દિલ જાહેર ટપાટપીથી ઘવાતાં અટકે અને તે વર્ગને હોય તેવો સહેલાઈથી જ ઠરાવી શકાય તેમ હોવાથી તે વર્ગ માટે લખાણો બંધ કરીને તે વર્ગને જાતે મળવાનો જ માર્ગ ગ્રહણ કરવો શું યોગ્ય નથી?

**ઉત્તરઃ-** તે માર્ગ વધુ શ્રેષ્ઠ છે; પરંતુ તે વર્ગના નેતાએ સં. ૧૯૯૨માં મુંબઈ ખાતે તે નવો મત કાઢયા બાદ સં. ૧૯૯૩માં જ દક્ષિણમાં ખસી જઈને તે તક જ ન આપી અને દક્ષિણમાં બેઠા બેઠા ત્રણ વર્ષ સુધી તે મતનો મુંબઈના 'મુંબઈ સમાચાર'માં તેમજ પોતાના અમદાવાદના 'વીરશાસન' આદિ પત્રોમાં જોર-શોરથી પ્રચાર આદરી દીધો હતો. તેથી તે વર્ગના તે પ્રચારની પોકલતાને શ્રી સંઘોના ખ્યાલ ઉપર લાવવા સારૂ શાસનપક્ષને પણ તે વર્ગની સ્હામે નિરુપાયે જ લખાણમાં ઉતરવું પડયું હતું: તે દરમ્યાન પણ—

## તે વર્ગ, ચર્ચામાં ઉભો જ રહ્યો નથી.

**શાસનપક્ષને** તે લખાણપટ્ટીનો માર્ગ નેષ્ટ હોવાથી જ-' સં. ૧૯૯૪ થી સં. ૧૯૯૬ સુધીમાં પાલીતાણા મુકામે ક્રમે આવવા પામેલા તે વર્ગમાંના-શ્રી ક્ષમાભદ્રસૂરિજી, ઉ૦ જંબૂવિ૦, કનકસૂરિજી, કનકવિજયજી, મનોહરસૂરિજી તથા સિદ્ધિસૂરિજીને હાથોહાથ પત્રો પહોંચાડીને તે દ્વારા સામ-સામા બેસીને ચર્ચા કરી લેવા વારંવાર પણ વિનવેલ હતા. (જૂઓ-સં. ૧૯૯૬ ના ફાગણ-ચૈત્રના 'શ્રી સિદ્ધચક્ર' વર્ષ ૮ના અંક ૧૨/૧૩નો 'તિથિચર્ચાનું તારવણુ' નામક તા. ૬-૪-૪૦નો ૩ ફારમ પ્રમાણનો વધારો તથા સં. ૧૯૯૭ના જેઠ શુદ ૫ ના 'શ્રી શાસન-સુધાકર' વર્ષ પ્હેલાના ૮મા અંકમાંનો શ્રી સિદ્ધિસૂરિજીનો પણ નનૈયો!) આમ છતાં તેમાંની એક પણ વ્યક્તિએ ચર્ચા કરવાની ફરજ બજાવી જ નહિ અને યદ્વાતદ્વા લખાણો તો ચાલુ જ રાખ્યાં! એટલે તે વર્ગના પ્રચારથી સંઘને સાવધ રાખવા સારૂ નિરુપાયે જ શ્રી શાસનસંઘને પણ આ રીતે સાધાર લખાણોથી તે વર્ગ જોડે વ્યવહાર રાખવો પડેલ છે.

**પ્રશ્ન ૨૩:**-શ્રી સેનપ્રશ્ન ત્રીજો ઉલ્લાસ પૃ. ૯૮ ઉપરના ૪૭૭મા- **'रोहिण्युपवासः पंचम्याद्युपवासश्च कारणे सति मिलन्त्यां तिथौ क्रियते कार्यते चेति, कारणं विना तूदय-प्राप्तायामेवेति बोध्यम्'** એ પ્રશ્નોત્તરમાંના **'मिलन्ती'** શબ્દનો અર્થ, તે વર્ગ-'જે તિથિમાં તે મળી જતી હોય તે તિથિ' એ પ્રમાણે કરે છે તે બરાબર છે?

**ઉત્તર:**-ના, બરાબર તો નથી જ; પરંતુ અશુભ ઈરાદાપૂર્વકનો અસત્ય છે. **'मिलन्ती'**નો અર્થ 'તેને મળતી તિથિ' એટલે કે-'શુદમાં કરવાનો રોહિણી કે પંચમી વગેરેનો ઉપવાસ શુદમાં કરવો કોઈ કારણે ભૂલાયો હોય તો તે ઉપવાસ, શુદની તિથિને મળતી વદની તિથિએ કરવો.' એ અર્થ સીધો છે. આ **'मिलन्ती'** શબ્દનો તે વર્ગ આજે કરે છે તેવો અર્થ, સં. ૧૯૯૩ પહેલાં તેમણે કદી પણ કરેલ નથી.

**પ્રશ્ન ૨૪:**–શ્રી હીરપ્રશ્ન ચતુર્થપ્રકાશ પૃ. ૩૯ ઉપરના–'**पंचमी तिथिस्त्रूटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते ? पूर्णिमायां च त्रूटितायां कुत्रेत्यत्रोत्तरं-पंचमी तिथिस्त्रूटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते। पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपि**' તે પાંચમા પ્રશ્નોત્તરમાંના શ્રી હીરસૂરિપ્રદત્ત ઉત્તરનો અર્થ, તે વર્ગના પણ સાધુઓ વગેરેએ જુદો જુદો કરેલ છે. જેમકે–

"(૧)–સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ કરેલી–'**પર્વતિથિચર્ચાસંગ્રહ**' નામની બૂકના પૃ.૧૩ ઉપર શ્રી કલ્યાણવિજયજીએ તે ઉત્તરનો અર્થ,–"ઈહિં પંચમી તૂટી હોય તો તેનો તપ પૂર્વતિથિમાં કરાય છે અને પૂર્ણિમા તૂટી હોય તો તેનો તપ તેરસ ચૌદશે કરાય છે, જો તેરસે ભૂલી જવાય તો પૂર્ણિમાનો તપ પ્રતિપદામાં કરાય છે." એ પ્રમાણે કરેલ છે અને તે બૂકના ૧૪ મા પેજ ઉપર તે અર્થનો ભાવ–'શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરમાં રહેલી પાંચમને ફક્ત ભા. શુ. પાંચમ જ ગણવી, પૂર્વની અપર્વતિથિને સ્થાને પંચમીને નહિ બતાવવી અને ચૌદશને નહિ ખસેડવી' એ પ્રમાણે દર્શાવેલ છે !

(૨)–તે જ સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલ–'**સાંવત્સરિક પર્વવિચારણા**' નામની બૂકના પૃ. ૬૧ ઉપર શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો અર્થ વળી–"પાંચમના ક્ષયમાં પાંચમનો તપ તેની પહેલાંની તિથિમાં કરાય છે અને પૂનમનો ક્ષય છતે પૂનમનો તપ તેરસ–ચૌદસમાં કરાય છે, પૂનમનો તપ તેરસમાં કરવો ભૂલી જવાય તો એકમમાં પણ પૂનમનો તપ કરાય છે." એ પ્રમાણે કરેલ છે. અને તે બૂકના પેજ ૬૧–૬૨ ઉપર તે અર્થનો ભાવ,–'શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરમાં રહેલી પાંચમને (ભા. શુ. પંચમી તરીકે નહિ ગણીને) પૂર્વની અપર્વતિથિને સ્થાને તે ક્ષીણપંચમીને નહિ બતાવવી, ક્ષીણપુનમ પૂર્વેની ઉદયાત ચૌદશને નહિ જ ખસેડવી.' એમ દર્શાવીને તે બૂકના ૭૧મા પેજ ઉપર તે ચર્ચાને અંતે–'જ્યારે પૂનમનો ક્ષય હોય ત્યારે તે **પૂનમનો તપ તેરસ તથા ચૌદશ એ બેમાંથી એક તિથિએ કરાય,** અને તેરસનું કદાપિ વિસ્મરણ થયું હોય–એટલે પુનમનો તપ તેરસે કરવાનું ભૂલી જવાયું હોય તો પડવાને દિવસે પણ કરાય છે, એ પ્રમાણે શ્રી હીરસૂરિજી મહારાજે કહેલ છે.' એવા પં. શ્રી વીરવિજયજી ગણિના દસ્કતોનો આધાર ટાંકવા પૂર્વક 'પૂનમના ક્ષયે પૂનમના તપની આરાધના તેરસે જ કરવી એમ નહિ; પરંતુ ચૌદશે પણ કરવી.' એમ સ્પષ્ટ દર્શાવેલ છે.

(૩)–તે જ સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થએલ '**પર્વતિથિપ્રકાશ**' નામની બૂકના પૃ. ૫૫ ઉપર વળી શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો અર્થ,–'પાંચમ તૂટી હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરાય છે, પૂર્ણિમા તૂટી હોય ત્યારે તેરસ–ચૌદશમાં (ઉત્તરમાંના વર્તમાનકાલસૂચક '**क्रियते**' ક્રિયાપદને '**कुर्यात्**' રૂપે વિધ્યર્થમાં લેખવા વડે 'કરાય છે' અર્થને બદલે વિધાનસૂચક) કરવો, તેરસે ભૂલી જવાય તો પડવે પણ–અર્થાત ચૌદશ–પડવે (**क्रियते** ને બદલે) કરવો.' એ પ્રમાણે કરેલ છે: અને તે બૂકના પેજ ૫૫ થી ૫૬ ઉપર તે અર્થનો ભાવ,–'શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરમાં રહેલી પાંચમને (ભા. શુ. પંચમી તરીકે નહિ ગણીને) પૂર્વની અપર્વતિથિને સ્થાને તે ક્ષીણપંચમીને બતાવ્યા વિના તે પૂર્વ અપર્વમાં ક્ષીણપંચમીનો તપ કરવો, ક્ષીણપૂનમ પૂર્વેની ઉદયાત ચૌદશને નહિ જ ખસેડવી અને આ પ્રશ્નોત્તર (પૂનમના એક ઉપવાસનો નહિ; પરંતુ ત્રણ ચોમાસીના આવતા ચૌદશ પુનમના) છઠ્ઠનો–સંલગ્ન બે ઉપવાસનો હોવાથી તેરસ–ચૌદશનો છઠ્ઠ કરવો અને તેરસે ભૂલી જવાય તો ચૌદશ પડવાનો છઠ્ઠ કરવો.' એ પ્રમાણે જણાવેલ છે !

(૪)–સં. ૧૯૯૪માં શ્રી લબ્ધિસૂરિગ્રંથમાલાના બીજા મણિ તરીકે છાણીથી પ્રસિદ્ધ થએલ ૪૮ પાનાના '**हीरप्रश्नोत्तराणि**' નામના પ્રતાકાર ગ્રંથના પાના ૩૯ ઉપર છપાએલ પ્રસ્તુત પ્રશ્નોત્તર અંગેના પાના

૩૯ થી ૪૦ પર્યંતના ' अनेन प्रश्नेन × × × नोक्तमित्यवधेयम् ' એ સંસ્કૃતટિપ્પણમાં વળી તે શ્રી હીરસૂરિજી મ૦ના ઉત્તરનો ભાવ, "શ્રી હીરસૂરિજી મહારાજ વખતે પણ પર્વતિથિની ક્ષયવૃદ્ધિ થતી હતી, તે ઉત્તરમાં રહેલી (પાંચમને ભા. શુ. પંચમી તરીકે નહિ ગણીને) પંચમીને પૂર્વની અપર્વતિથિનાં સ્થાને બતાવ્યા વિના પૂર્વની ચોથમાં આરાધવી, પૂનમના ક્ષયે તેના તપ માટે જણાવેલા ' त्रयोदशीचतुर्दश्योः ' વાક્ય વડે (શ્રી હીરસૂરિજીએ) તેરસ અને ચૌદશ એ બંને તિથિનો ચૌદશ તથા પૂનમ સાથેનો સંબંધ ખુલ્લો કર્યો છે અને ' प्रतिपद्यपि ' કહેવા વડે ' પડવે ચૌદશ-પૂનમનો સંબંધ નહિ હોવાથી ' तत्रापि '-તે પડવે પણ તે **ક્ષીણ પુનમને લાગેલી તિથિ-એકમનો લાભ હોયે સતે** (પુનમ તરીકે) તે એકમ જ લેવી.' એમ જણાવવાને માટે (તેરસે પૂનમનો તપ ભૂલાયો હોય તો) ' તે તપનો ત્યાગ કરવો ' એમ ન કહ્યું; પરંતુ **પૂનમને અસંબદ્ધ** એવા પડવાને દિવસે **વિધાન** કર્યું તેથી **તપનું અચિન્ત્ય પ્રભાવપણું સૂચવ્યું છે."** એ પ્રમાણે દર્શાવેલ છે.

**(૫)**–સં. (૨૦૧૩) છાપ્યા વિના શ્રી હર્ષપુષ્પામૃતગ્રંથમાલા ગ્રંથાંક ૩૨ તરીકે પ્રકટ કરવામાં આવેલ **' સત્યનું સ્પષ્ટીકરણ '** નામની બૂકના ૧૨મા પાના ઉપર તે વર્ગના મેતાજી મગનલાલ ચત્રભુજ તો શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરને શ્રી સેનસૂરિજી મ૦નો ઉત્તર ગણાવે છે અને તે ઉત્તરમાં એક 'च' કાર પદરનો ઉમેરીને તે ઉત્તરનો અર્થ વળી–" પૂનમ અમાસના ક્ષયને પ્રસંગે ૧૩-૧૪નો છઠ્ઠ કરવો એ પણ તેરસે છઠ્ઠની શરૂઆત કરવી, ભૂલી જવાય તો ચૌદશ અને પડવાના દિને કરવો, એમ શ્રી સેનસૂરિજી મહારાજા સ્પષ્ટ જણાવે છે. કદાચ કોઈ એમ શંકા કરશે. કે–પૂનમનો તપ તેરસે કેમ થાય? તો એને માટે સ્પષ્ટ જવાબ છે કે–' विस्मृतौ प्रतिपद्यपीति ' એ શાસ્ત્રકાર મહારાજને લખવાની જરૂર જ ન રહેત = એટલે કે–કોઈને પૂનમનો તપ તેરસે કેમ થાય ? ' એ શંકા દૂર કરવા માટે તે ' विस्मृतौ ' વાક્ય છે; પરંતુ ' તેરસે ભૂલે તો પડવે પણ કરવો.' એમ જણાવવાને માટે તે વાક્ય નથી." એમ કહે છે! અને–

**(૬)**–સં. ૨૦૧૪માં તે જ હર્ષપુષ્પામૃતગ્રંથમાલાના ગ્રંથાંક ૩૫ તરીકે પ્રકટ થએલ **' શાસ્ત્ર-દર્પણ '** નામની પોકેટ સાઈઝની નાની બૂકના (૧૩મા પાના ઉપર જણાવ્યા મુજબ ' શ્રી હીરસૂરિજી પ્રશ્નોત્તર ગ્રંથનો રચનાકાળ–સોળમો સૈકો–શ્રી હીરપ્રશ્નોત્તરાણિ ' નામક સં. ૧૯૭૦માં શ્રી રાધનપુર જૈન યુવકોદય મંડલે છપાવેલી ચોપડીમાંના ઉતારા રૂપે) પાના ૧૬ ઉપર વળી શ્રી હીરસૂરિજી મ૦ના તે જ ઉત્તરનો અર્થ, સુધારીને પણ–' પાંચમ તિથિનો ક્ષય હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરાય છે. પૂર્ણિમા તૂટી હોય ત્યારે તેરસ-ચૌદશમાં કરવો, તેરસે ભૂલી જવાય તો પડવે પણ–અર્થાત્ ચૌદશ–પડવે કરવો.' એમ જણાવીને ' એ પ્રમાણે ૪૪ વર્ષ પહેલાં પણ અર્થ થતો હતો ' એમ દેખાવ કરેલ છે! અને તે પછી પાના ૧૭ ઉપર તે અર્થનો ભાવ,–" (પૂર્ણિમાના ક્ષયે તેરસ–ચૌદશનો છઠ કરવાનો છે. પરંતુ ચૌદશનું કાર્ય તો ચૌદશે જ થાય. તેરસનો ઉપવાસ ભૂલી જવાય તો તે ઉપવાસ એકમના પણ કરી શકાય એમ સમજવાનું છે.)" એ પ્રમાણે કૌંસમાં દર્શાવેલ છે.

**ઈત્યાદિપ્રકારે શ્રી હીરસૂરિજી મ૦ના–' पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते। पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपि '** ઉત્તરના અર્થ તથા તેના ભાવમાં તે નવા વર્ગમાં પણ એકવાકયતા નથી, તો તે વર્ગમાં પણ શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો આ ઉપર જણાવ્યા પ્રમાણે અર્થભેદ અને ભાવાર્થભેદ હોવાનું કારણ શું ? તે વર્ગના તે છએ અર્થોમાં સાચો અર્થ કયો ? અને જો તે બધા જ અર્થો અસત્ય છે તો શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો તાત્ત્વિક અર્થ શો છે?

## તે વર્ગે પણ પર્વક્ષયે પૂર્વ–પૂર્વતર અપર્વનો ક્ષય પચાસ વર્ષ સુધી કર્યો છે.

**ઉત્તરઃ–** ઉપર પ્રમાણે શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો અર્થ, તે વર્ગ સં. ૧૯૯૨ થી જ ભિન્ન ભિન્ન કરે છે અને ભાવ પણ ભિન્ન ભિન્ન તારવે છે: તે પહેલાં તો તે બધાજ અર્થકારો, તેમના ગુરુઓ અને દાદા–પરદાદાગુરુઓ પણ શ્રી હીરપ્રશ્નમાંના તે પાઠનો અર્થ,–'પાંચમનો ક્ષય હોય તો તેનો તપ પાછલી તિથિમાં કરવો અને પૂર્ણિમાનો ક્ષય હોય તો તેનો તપ, તેરસ–ચૌદસે કરવો, જો તેરસને દિવસે કરવો ભૂલી જાય તો પ્રતિપદાને દિવસે કરવો.' એ પ્રમાણે કરતા હતા અને તે અર્થનો ભાવ,–"ભા. શુ. ૪–પના જોડીયા પર્વ સિવાયની–કોઈપણ પંચમીનો ક્ષય હોય તો આરાધનામાં '**क्षये पूर्वा०**' મુજબ ચોથનો ક્ષય કરીને તેનાં સ્થાને પંચમી અને કોઈપણ પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે ચૌદશને તેરસે સ્થાપીને ચૌદશનાં સ્થાને તે ક્ષીણ પૂનમને પ્રથમ ઉદયાત બનાવવી અને તે પછી જ તે પર્વતિથિઓની આરાધના કરવી." એ પ્રમાણે જ તારવતા હતા. તે જ પ્રમાણે સં. ૧૯૯૨ પહેલાનાં તે વર્ગનાં આરાધનાનાં જૈન ભીંતીયાં પંચાંગોમાં પાંચમ અને પૂનમ (તેમજ અમાસ) ના ક્ષયે પૂર્વની ઉદયાત ચોથ અને તેરસનો ક્ષય, તે પંચાંગો છપાવા શરૂ થયાના સં. ૧૯૪૨ (જુઓ વિ. સં. ૨૦૦૪માં પ્રસિદ્ધ થએલ શ્રી ચારિત્રસ્મારકગ્રંથમાલા ગ્રંથાંક ૩૯–'**જૈન પર્વતિથિનો ઇતિહાસ**' નામની મૌલિક બૂક પૃ. ૪૨) થી ૧૯૯૨ સુધીના પચાસ વર્ષો સુધી તો તે વર્ગે છાપેલો વિદ્યમાન પણ છે.

## 'पंचमी तिथिस्त्रुटिता०' નો ભાવ, વિપરીતમતિનું પ્રતીક હોઈને કલ્પિત છે.

**પ્રસ્તુત ૨૪મા પ્રશ્નના પેટાપ્રશ્ન નં. ૧માં** જણાવેલી સં. ૧૯૯૩ની '**પર્વતિથિ–ચર્ચાસંગ્રહ**' બૂકના પાના ૧૩ ઉપર શ્રી કલ્યાણવિજયજીએ તથા **પેટા નં. ૨** માં જણાવેલી સં. ૧૯૯૩ની '**સાંવત્સરિક–પર્વવિચારણા**' બૂકના પાના ૬૧ ઉપર શ્રી જનકવિજયજીએ પણ શ્રી હીરસૂરિજી મ૦ના તે ઉત્તરનો અર્થ તો સં. ૧૯૯૨ પહેલાં જે થતો હતો તે જ કરેલ હોવા છતાં તે બંને મહાશયોએ તે અર્થના ઉપર જણાવ્યા મુજબના સં. ૧૯૯૨ સુધી તેઓએ જ તારવેલા અને ૫૦ વર્ષો સુધી આચરેલા ભાવને તેવો વિચિત્ર પલટો મનસ્વીપણેજ આપેલ છે. શ્રી હીરપ્રશ્નના તે પાઠમાંની પંચમીને શ્રી કલ્યાણવિજયજી. એ–'ભા. શુ. પંચમી જ ગણવી અને તે પાંચમ તથા પૂનમના ક્ષયે પૂર્વની ઉદયાત તિથિને ખસેડવી નહિ' એમ ભાવ કાઢયો અને શ્રી જનકવિજયજીએ તે અર્થના ભાવમાં–'તે પંચમીને ભા. શુ. પંચમી ગણવાની શ્રી કલ્યાણવિજયજીની તે વાતની ઉપેક્ષા કરીને શેષ–ઉદયાતને નહિ ખસેડવાની વાતમાં ઐકયતા દર્શાવી છે:' પરંતુ શ્રી કલ્યાણવિજયજીની તે જ બૂકના ૯મા પેજ ઉપર '**क्षये पूर्वा०**'નો અર્થ તે શ્રી ક૦ વિ૦એ જ '**પર્વતિથિના ક્ષયમાં પર્વ તરીકે પૂર્વતિથિ પાળવી**' એમ કરેલ હોવાથી તે ઐકયતા બનાવટી તરીકે ખુલ્લી થઈ જાય છે. ઉપર જણાવેલા પ્રામાણિક આધારોથી સ્પષ્ટ છે કે–તે બંને મહાશયોની તે બંનેય

વાત કલ્પિત છે. શ્રી હીરપ્રશ્નના તે પાઠમાં તે પાંચમ અને પૂનમને વિશેષથી નહિ; પરંતુ સામાન્યથી જણાવેલ હોવાથી તે પાંચમને વિશેષ તરીકે ભા. શુ. પાંચમ કહેવી તે વિપરીત મતિનું પ્રતીક છે, અને તે પાઠનો આ બે મહાશયોએ જે ભાવ દર્શાવેલ છે તેવો ભાવ, સં. ૧૯૯૨ પહેલાના તે વર્ગમાંના પણ કોઈ મહાશયે દર્શાવેલ નહિ હોવાથી પણ તે ભાવ કલ્પિત છે. વીર સં. ૨૪૩૯–સને ૧૯૧૭ (વિ. સં. ૧૯૬૯) માં જી. એમ. ગેકટીવાલા એન્ડ બ્રધર્સ–સુરત તરફથી ધી સીટી પ્રીંટીંગ પ્રેસ ઢાલગરવાડા અમદાવાદે છાપેલી 'હીરપ્રશ્નાવલી' નામની **૪૯ વર્ષ પહેલાંની** બૂકના ૯૨મા પેજ ઉપર પણ શ્રી હીરસૂરિજી મ૦ના તે પાઠનો અર્થ એ જ પ્રમાણે છે અને તે અર્થના વહેવારમાં પડેલા ભાવનો તેમણે અંશમાત્ર પલટો કરેલ નથી.

## જૈનમતાનુસાર 'તિથિની વૃદ્ધિ પણ હોય છે' એવું અસત્ય પ્રચારવા નિમાએલી ત્રિપુટી.

**તો પછી શ્રી કલ્યાણવિજયજીએ શ્રી હીરપ્રશ્નના તે સાચા અર્થના સાચા ભાવાર્થને સં. ૧૯૯૨થી તે રીતે સદંતર ઉથલાવી નાખવાનો હેતુ શો?**

એ પ્રશ્નના ખુલાસામાં માહિતી પ્રમાણે સમજવાનું કે–

"સં. ૧૯૯૨માં શ્રી રામચંદ્રસૂરિજીએ કાઢેલા નવા તિથિમતને કોટે વળગાડીને ફરવાની સ્થિતિમાં મૂકાએલા તેમના વડિલો વગેરેને, તે મતને 'જૈન જ્યોતિષ પ્રમાણે વર્ષમાં જેમ ૬ તિથિઓનો ક્ષય આવે છે તેમ ૬ વૃદ્ધિ તિથિઓ પણ આવે છે.' એ પ્રમાણે જૂઠો પ્રચાર કરીને પણ સાધાર મનાવવાની જરૂર સમજાણી; **પરંતુ તે કાર્યને કુશલતાપૂર્વક કરવાની શક્તિના અભાવે તેઓએ, તેવી શક્તિવાળા** (સં. ૨૦૧૪ના રાજનગર મુનિ સંમેલનમાં બેઠેલા ૪૦૦ મુનિવરોની વચ્ચે નવામતી શ્રી રામચંદ્રસૂરિજીએ જેઓને –'તીવ્ર પાપોદયવાળા, વીતરાગપરમાત્માની પૂજા અટકાવવાની દુર્બુદ્ધિવાળા, શ્રી સિદ્ધિસૂરિજીની પાટને કલંકિત કરનારા અને શ્રી સિદ્ધિસૂરિજીની આજ્ઞાબહાર'ના માણસ તરીકે જોરશોરથી જાહેર કર્યા હતા તે) **શ્રી કલ્યાણવિજયજી** (કે–જેઓને સં. ૧૯૮૦ લગભગથી જ તે સ્થિતિના હોવા તરીકે તે વર્ગ આખો જાણતો હતો છતાં તેમના હાથે પોતે ધારેલું કાર્ય કરાવવું હતું એટલે શ્રી સિદ્ધિસૂરિજી પાસે પંન્યાસપદવીના યોગ કરાવી આપવાની લાલચ આપીને પોતાના કાર્યમાં જોડેલા હતા)**ની મુખ્યતાવાળી** શ્રી જનકવિ૦ **અને** શ્રી જંબૂવિ૦ની ત્રિપુટીની 'જૈન જ્યોતિષ મુજબ તિથિની વૃદ્ધિ પણ હોય છે.' ઈત્યાદિ ઉલટા પ્રચાર અર્થે ટપાલથી નિમણુક કરી.

### શ્રી કલ્યાણવિ૦ની બૂકમાંના લખાણનું અનુસરણ.

**તે ત્રિપુટીએ પોતાના વડિલોના** તે મલિનધ્યેયની દિશામાં ક્રમે 'પર્વતિથિ ચર્ચા સંગ્રહ, **સાંવત્સ**રિકપર્વવિચારણા અને પર્વતિથિપ્રકાશ' નામની ત્રણ બૂકો તાબડતોબ લખીને તૈયાર કરવા માંડી. (કે–જે ત્રણેય બૂકો સં. ૧૯૯૩માં એકીસાથે પ્રસિદ્ધ થયેલ છે.) તેમાં મુખ્યત્વે શ્રી કલ્યાણવિજયજીનાં લખાણનું નિષ્કર્ષરૂપે અનુસરણ અપનાવ્યું શ્રી જનકવિજયજી તથા શ્રી જંબૂવિ૦એ.

### દિનવૃદ્ધિને તિથિવૃદ્ધિ લેખાવવાની કાબેલીયતતામાં શ્રી કલ્યાણવિ૦ની પહેલ.

**શ્રી કલ્યાણવિજયજીએ** ચંદ્રમાસ અને સૂર્યમાસ સંબંધમાં પોતાની **પેટાપ્રશ્ન નં. ૧** માંની બૂકના

પેજ ૩-૪ ઉપર પ્રથમ-" અર્થાત્ પ્રકર્મસંવત્સરની અપેક્ષાએ એક ચાંદ્ર સંવત્સરમાં ૬ અહોરાત્ર ઘટતાં અને સૌરસંવત્સરમાં ૬ અહોરાત્ર વધતાં, કારણ કે-પ્રકર્મ અથવા સાયનસંવત્સર ૩૬૦ દિવસનો ગણાતો. જ્યારે ચાન્દ્ર અને સૌર અનુક્રમે ૩૫૪ અને ૩૬૬ દિવસ પ્રમાણ ગણાતા, તેથી એકની અપેક્ષાએ ૬ અહોરાત્ર ઘટતાં અને બીજાની અપેક્ષાએ ૬ વધતાં. **ઉક્ત હાનિ અને વૃદ્ધિ સદા નિયત રહેતી હોવાથી પર્વોને અંગે વાંધા ન્હોતા ઉઠતા૦"** એ પ્રમાણે લખાણની શરૂઆત કરી. (જે-લખાણમાં લેખકે-બ્લેક પંક્તિવાળા લખાણ દ્વારા જણાઈ આવતો પોતાનો પૂર્વોક્ત-દિવસની ક્ષય-વૃદ્ધિને તિથિની ક્ષય-વૃદ્ધિ ગણાવવાનો-આશય ત્યાં સુધી તો અપ્રકટ રાખેલ છે; પરંતુ) તે પછીના લખાણમાં લેખકે, પોતાનું તે ધ્યેય ખુબજ કુશલતાથી ગોપવીને આગળ વધતાં પોતાની તે બૂકના ૩૧મા પેજ ઉપર-" જૈનસિદ્ધાંતમાં જે **'अतिरात्र'** અને **'अवमरात्र'** શબ્દો આવે છે તે કાલની વૃદ્ધિ હાનિના પર્યાયો છે. વળી સેંકડો વર્ષોથી જૈનોમાં લૌકિકટિપ્પણાને અનુસારે પર્વતિથિની આરાધના થાય છે તો પછી જૈન ટિપ્પણાના નામે ચર્ચા જ શામાટે કરાય છે તે સમજાતું નથી, જો જૈનપર્વોનાં ઉલ્લેખવાળાં લૌકિકટિપ્પણાને જ 'જૈનટિપ્પણા'નું નામ અપાતું હોય તો વાત જુદી છે. પણ આવાં **જૈનટિપ્પણામાં પણ પર્વતિથિની હાનિ વૃદ્ધિ તો બરાબર કરાતી જ હતી."** એ પ્રમાણે (જૈન ટિપ્પણાના નામે તો કોઈજ ચર્ચા નહિ કરતું હોવા છતાં તેવા કૃત્રિમ તુક્કાને ઓઠે) સ્વચ્છંદે લખી નાખવા વડે પોતાના તે દિનવૃદ્ધિક્ષયને તિથિવૃદ્ધિક્ષય ગણાવવાના બદઆશયને ખુલ્લો કરી નાખેલ છે.= અર્થાત્ તેમ લખીને તે ત્રિપુટીમાંના બીજા બે લેખકોને પોતપોતાની બૂકમાં તે પ્રમાણે યથેષ્ટ લખવાનો માર્ગ તેમણે ખુલ્લો કરી દીધો છે. તે વાતનું આલંબન લઈને-

## દિનવૃદ્ધિને તિથિવૃદ્ધિ લેખાવવાની તે પહેલનું શ્રી જનકવિ૦એ કરેલું અનુકરણ.

**શ્રી જનકવિજયજીએ** પોતાનાં લખાણનો પણ તે જ નિષ્કર્ષ આણેલ છે. આ સારૂ તેમણે પ્રથમ તો પોતાની **પેટાપ્રશ્ન નં. ૨માંની** બૂકના ત્રીજા પાનાથી 'अहोरात्राः सूर्यसंभवाः' પાઠથી માંડીને ૧૭મા પેજ સુધી તોય 'શ્રી ઉત્તરાધ્યનના ૨૬મા અધ્યયન વગેરેમાં દર્શાવ્યા મુજબ **વર્ષમાં છ તિથિઓનો ક્ષય થાય છે અને વર્ષમાં સામાન્યતિથિ કે પર્વતિથિ અર્થાત્ કોઈ પણ તિથિ વૃદ્ધિ તો પામતી જ નથી.**' એ પ્રમાણે સીધું લખાણ કર્યું; પરંતુ તે પછી તે લખાણની નીચેના જ પેરામાં તેમણે- 'લોકોત્તર (જૈન) શાસનમાં થઈ ગએલા મહાપુરુષોએ અને લૈકિકમાં થઈ ગએલા મહાપુરુષોએ રચેલા જે નિષ્પક્ષ જ્યોતિષ શાસ્ત્રોને અનુસારે ગણિત પ્રમાણે **ટિપ્પણામાં જે તિથિ જે પ્રમાણે આવતી હોય તે તિથિ તે જ પ્રમાણે ગ્રહણ કરવી જોઈએ.**' એ પ્રમાણે (લૌકિક જ્યોતિષ શાસ્ત્રોને જૈન જ્યોતિષશાસ્ત્રોની સમકક્ષાના લેખાવવાની મિથ્યામતિ અપનાવવાપૂર્વક) લખી નાખવાનું સમકિત (?) ઝળકાવવા દ્વારા-લૌકિક પંચાંગમાં આવતી પર્વક્ષયવૃદ્ધિને જૈની પર્વક્ષયવૃદ્ધિ તરીકે લેખાવવાની અર્થાત્ જૈન જ્યોતિષ શાસ્ત્રમાં સૌરમાસને આશ્રયીને જણાવેલા 'અહોરાત્ર અને અતિરાત્ર' શબ્દનો અર્થ જે 'दिनवृद्धि' જ થાય છે તેને तिथिवृद्धि તરીકે લેખાવવા રૂપે શ્રી કલ્યાણવિજયજીનું અનુકરણ કરેલ છે.

**તે બે આલંબનના જોરે શ્રી જંબૂવિજયજીએ,** પોતાની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના ૧૮મા પેજ ઉપર લોકોત્તરશાસ્ત્રની અને પ્રભુશાસનનીય પરવા તજી દઈને શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ જેવા આગમશાસ્ત્રમાંના તે '**अतिरात्र**' શબ્દના '**दिनवृद्धि**' અર્થને ખુલ્લા શબ્દોમાં 'વૃદ્ધિતિથિઓ' કહી દેવાનું સાહસ કર્યું છે.'

તેમ તે 'શ્રી હીરપ્રશ્ન'માંનો પ્રસ્તુત પ્રશ્નોત્તર કે-જે પર્વતિથિના ક્ષય વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય કરવાની અવિચ્છિન્ન આચરણાને શાસ્ત્રાનુસારી લેખાવવા પણ સમર્થ છે, તે પ્રશ્નોત્તરના આધારે તે વર્ગનો નવો તિથિમત સીધો જ કલ્પિત ઠરતો

હોવાથી તે વર્ગે,–'તે એકેક ક્ષીણુ તિથિના એકેક ઉપવાસને જણાવનારા પ્રશ્નોત્તરને–તેના અર્થોને તથા ભાવોને પૂર્વોક્તરીતે ભિન્ન ભિન્ન દર્શાવીને પણ અંતે 'છઠ્ઠનો જ પ્રશ્નોત્તર લેખાવી દેવો' એમ નક્કી કર્યું હોવાથી તે વર્ગનો તે ઉત્તરનો એ રીતે ભિન્ન ભિન્ન અર્થ અને ભાવ બતાવવામાં હેતુ છે. અંતે તો તે વર્ગના તે દરેક અર્થ અને ભાવોનો નિષ્કર્ષ, તે ઉત્તરને છઠ્ઠનો લેખાવવા રૂપે એક જ છે: અને તે નીચે પ્રમાણે :–

## શ્રી હીરપ્રશ્નોત્તરના અર્થમાં શ્રી જંબૂવિ૦એ કરેલી અનેક વિપરીતતા

**પ્રસ્તુત ૨૪મા પ્રશ્નના ૩ નંબરવાળા પેટાપ્રશ્નમાં** જણાવેલી સં. ૧૯૯૩ ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના ૫૫ મા પાના ઉપર (એ બૂકમાંના સંલગ્ન જૂઠાણાંઓને સિદ્ધાંતરૂપે ઠસાવી દેવા સારૂ તે બૂક પછી તો–'તિથિસાહિત્યદર્પણ, પ્રશ્નોત્તર ત્હોંતેરી, નિત્યનિયમ અને જીવનવ્રતો, પ્રશ્નોત્તર શતવિંશિકા, તપાખરતરભેદ, તત્ત્વતરંગિણીના કરેલા ફરતા ફરતા અનુવાદ' વગેરે બૂકો દ્વારા શાસ્ત્ર અને પરંપરાની વિરુદ્ધનાં અનેક ઝેરી સાહિત્યના સર્જનહાર) શ્રી જંબૂવિજયજીએ, પ્રસ્તુત પ્રશ્નોત્તર માટેના તે દુર્હેતુની સિદ્ધિ અર્થે કરેલા કલ્પિત અર્થમાં–"તે મૂલપ્રશ્નોત્તરમાંના '**क्रियते**' પાઠને પણ '**कुर्यात्**' અર્થમાં પલટીને શ્રી હીરસૂરિજી મ૦ના તે પ્રણાલિકાસિદ્ધ ઉત્તરને વિધાન અર્થમાં ખેંચેલ છે, પર્વતિથિના ક્ષય પ્રસંગે (કે–વૃદ્ધિ પ્રસંગે પોતે તો આજેય પૂર્વની ઉદયવાળી તિથિને આરાધતા જ નહિ હોવા છતાં) પણ નવા તિથિમતના આગ્રહમાં અટવાઈને તે પ્રશ્નોત્તરમાંની ઉદયાત ચોથ અને ચૌદશને નહિ ખસેડવાનો મનસ્વી અર્થ કરેલ છે, તે કલ્પિત અર્થ વડે ચૌદશ–પૂનમનું શાશ્વત જોડીયું પર્વ તોડી નાખેલ છે, ક્ષીણુ પૂનમનો તપ ચૌદશને બદલે અવળી રીતે તેરસે કરવાનું કહેવા વડે ચૌદશ પછી જ આરાધવામાં આવતી પૂનમને ચૌદશની પહેલાં આરાધવાનું જણાવીને 'મા' ની પહેલાં 'દીકરી' મનાવવાનો અજ્ઞજનોચિત વિસંવાદ પેદા કરેલ છે. તે પ્રશ્નોત્તરમાંના અંતિમ '**प्रतिपद्यपि**' વાક્યના 'પડવે પણ' અર્થનો (શ્રી કલ્યાણ-વિ૦ જેવાયેય નહિ કાઢેલો એવો) 'અર્થાત્ ચૌદશ પડવે' એ પ્રકારે મૂર્ખોચિત ભાવ (મૂલ '**अपि**' શબ્દના અર્થને લોપીને) રજુ કરેલ છે અને તેમ કરીને તે એકેક તિથિના તપના પ્રશ્નોત્તરને ત્રણ ચોમાસીના ચૌદશ–પૂનમના ત્રણ છઠ્ઠના અર્થમાં બલાત્કારે બતાવેલ છે.

## શ્રી જંબૂવિજયજીએ તે હીરપ્રશ્નોત્તરનો–

### તેવો અર્થ કરીને તેમનાજ પૂર્વજોની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે.

**ટુંકમાં**–"પૂનમના ક્ષયે તેરસનો ક્ષય જણાવીને ચૌદશ–પૂનમના શાશ્વત જોડીયા પર્વને જોડે જ અને ઉદયાત રૂપે ઉભા રાખનારા તે શ્રી હીરસૂરિજી મ૦ના પ્રશ્નોત્તરનો-આ નવીને, સં. ૧૯૯૨ પહેલાં તો પચાસ વર્ષ સુધી 'પંચમીના ક્ષયે ચોથનો ક્ષય કરવો અને પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરવો' એ પ્રમાણે પૂર્વજો સહિત અર્થ કરેલો અને આચરેલો હોવા છતાં સં. ૧૯૯૨ થી કાઢેલા સદંતર નિરાધાર મતના આગ્રહવશાત્ એ જ

મિત્ર, આજે વિદ્વજ્જનોથીય નહિ શરમાઈને શ્રી હીરસૂરિજી મ૦ના તે સ્વાચરિત અર્થની પણ પૂર્વોક્તરીત્યા વિસંવાદી કચુંબર કરી શકેલ છે અને તેમ કરીને તે એકેક તિથિના તપવાળા ઉત્તરને છટ્ઠના ઉત્તરમાં ખપાવવાનો નિરર્થક જ પ્રપંચ ખડો કરવામાં વિદ્વત્તા બતાવી શકેલ છે, તે ઓછું લજ્જાસ્પદ ન ગણાય. વિશેષમાં કહીએ તો સદ્અર્થને તેવી ક્રૂર રીતે મસળી નાખવામાં તો તેમણે સં. ૧૯૯૨ પહેલાંની પોતાની અને પોતાના સમસ્ત પૂર્વજોની જ–પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરવાની–પચાસ વર્ષ સુધીનાં પંચાંગોમાંની જાહેરાત, કરણી અને આત્મકમાણીને પણ મિથ્યાત્વમષીથી કલંકિત કરેલ છે !" જે શાસન અને અને સંઘવિપ્લવકારી પણ હોવાથી વધુ દુઃખદ છે.

## શ્રી વિક્રમવિજયજીનું એ જ દિશાનું આલેખન અજ્ઞાનમૂલક છે.

**ચોથા નંબરના પેટા પ્રશ્નમાં** જણાવેલ સં. ૧૯૯૪ ની **'हीरप्रश्नोत्तराणि'** પ્રતના પૃ. ૩૯ –૪૦ ઉપરના સંસ્કૃત ટિપ્પણમાં શ્રી લબ્ધિસૂરિજીના મુનિ વિક્રમવિજયજી તો તે ઉપવાસના પ્રશ્નોત્તરને વણસમજે જ છટ્ઠનો પ્રશ્નોત્તર લેખાવવાની રસિકતામાં (પ્રશ્નોત્તરગ્રંથમાં લૌકિક પંચાંગમાં આવતા પર્વતિથિના ક્ષયને આશ્રયીને આ પ્રશ્ન છે, એમ જાણવા છતાં પ્રસ્તુત પ્રશ્નોત્તરમાં જણાવેલ પાંચમ તથા પૂનમના ક્ષય શબ્દને પકડીને) "હીરસૂરિજી મ૦ની વખતે પણ પર્વ તિથિની ક્ષય–વૃદ્ધિ થતી હતી, પાંચમના ક્ષયે ચોથનો અને પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરવો તે (પચાસ વર્ષ સુધી તો તેમના દાદાગુરુઓ સહિત પોતે પણ કરેલ હોવા છતાં) આધુનિકમત છે, **'पूर्वस्यां तिथौ'** શબ્દ ઉપરથી 'ચોથે વ્યવહાર કરાતી પાંચમ કરવી' એમ અર્થ કરી શકાય નહિ, **'त्रयोदशीचतुर्दश्योः'** પાઠ જણાવવા વડે તેરસ–ચૌદશનો ચૌદશ–પૂનમ સાથેનો સંબંધ ખુલ્લો કર્યો છે, **ક્ષીણ પૂનમને લાગેલી** એકમની તિથિનો લાભ હોયે સતે '**પૂનમ તરીકે**' તે એકમ જ લેવી' એમ જણાવવાને માટે **પૂનમને અસંબદ્ધ** એવા પડવાને દિવસે **વિધાન કર્યું, તેથી તપનું અચિંત્ય પ્રભાવપણું સૂચવ્યું છે.**" ઈત્યાદિ બીનપાયાદાર અને પૂર્વાપર અસંબદ્ધ એવી ઉન્મત્તપ્રલાપ તુલ્ય અસંગત વાતો લખીને પ્રસ્તુત તિથિચર્ચાના વિષય પરત્વેનું નિજનું અજ્ઞાન જ આલેખ્યું છે:

## જે વિક્રમવિ૦ની પ્રસ્તાવના જ તેમની વિદ્વત્તાનાં મૂલ્યાંકન માટે બસ છે.

પ્રસ્તુત પ્રતની પ્રસ્તાવનામાં 'તે ગ્રંથની રચના મહોપાધ્યાય શ્રી કીર્ત્તિવિજયજી ગણિએ **સં. ૧૬૯૦માં કરી છે.**' એમ લખનાર આ શ્રી વિક્રમવિજયજી પોતે જ પાછા તે પંક્તિની નીચેની સાતમી પંક્તિમાં 'આ ગ્રંથની શુદ્ધકોપી **સં. ૧૬૫૯ની લખેલી મળી'** એમ લખે છે: છતાં 'આ ગ્રંથની તે શુદ્ધ કોપી જ્યારે સં. ૧૬૫૯માં લખાએલ છે ત્યારે તે પછીના સં. ૧૬૯૦માં એટલે કે–આ ગ્રંથની તે શુદ્ધ કોપી લખાયા બાદ ૩૧ વર્ષે આ ગ્રંથની રચના તે મહોપાધ્યાયજીએ શી રીતે કરી હોય? અથવા તો જે ગ્રંથ ૧૬૯૦માં રચાયો છે તે ગ્રંથની તે શુદ્ધ કોપી સં. ૧૬૫૯માં એટલે કે–૩૧ વર્ષ પહેલાં થઈ શી રીતે?'

એટલેય જેમને વિચાર નથી એ મુનિ, તિથિચર્ચાના ગહન વિષયને ઉકેલવા બેઠા! પછી તેમાં પૂર્વોક્તરીત્યા તેઓ, શ્રી હીરસૂરિજી મ૦ના તે એકેક ઉપવાસના ઉત્તરને છઠ્ઠ તરીકે અને 'પૂનમના ક્ષયે તેરસનો ક્ષય' કરવાની પ્રાચીનતર આચરણાને આધુનિકમત તરીકે લેખાવવાનું ઘોર પાપ ન કરે તો બીજું કરી પણ શું શકે?

## પ્રાસંગિક

### હીરપ્રશ્ન પૃ. ૧૭ ઉપરનું ટિપ્પણ અજ્ઞાન મૂલક છે.

પ્રસ્તુત શ્રી વિક્રમવિજયજીએ તે 'हीरप्रश्नोत्तराणि' પ્રતના ૧૭મા પૃષ્ઠ ઉપરના '**पूर्णिमामावास्ययोर्वृद्धौ०**' એ પાંચમા પ્રશ્નના ઉત્તર સંબંધમાં પણ તે પ્રશ્નોત્તરની નીચે ટીપ્પણમાં વૃદ્ધિ વખતે પૂર્વતિથિને કલ્પિત રીતેજ ઉદયાસ્તવ્યાપી લેખાવીને કેવલ મનસ્વી વાતો જ ગોઠવી છે. આવી વાતો ગોઠવતાં તેમણે-'ઉદયાસ્તવાળી કોઈ તિથિ હોતી નથી તેથી તો શાસ્ત્રમાં વૃદ્ધિતિથિને બે સૂર્યોદયવાળી લેખાવી છે' તે તાત્ત્વિક વાતને બેધડક ઉવેખી નાખેલ છે. આવા એ વિદ્વાન તે શ્રી હીરપ્રશ્નોત્તરનો ભાવ આલેખે તેમાં તત્ત્વ ક્યાંથી હોય? તે વર્ગમાં પણ-તિથિની વૃદ્ધિ વખતે પૂર્વતિથિને ઉદયાસ્તવ્યાપિની તરીકે લેખાવનાર તો આ એક જ મહાશય લાભે છે! આ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની ૧૭મી ગાથાની ટીકાગત વૃદ્ધિતિથિની વ્યાખ્યામાં શાસ્ત્રકાર ભગવંતે જણાવેલા ચાર વિકલ્પમાંના પહેલા-'**प्राप्तद्विगुणस्वरुपत्वं**' વિકલ્પને અસંભવી તરીકે જણાવેલ હોવા છતાં અને એથીય આગલ વધીને '**शेषेषु त्रिषु विकल्पेषु शेषतिथ्यपेक्षयैकस्यामेव तिथौ एकादिघटिकाभिराधिक्यमसूचि**' એમ પણ જણાવવા વડે-'તે વખતે પૂર્વતિથિને ઉદયાસ્તવ્યાપિની કહેવાય જ નહિ' એમ પણ સ્પષ્ટ કહેલ હોવા છતાં આ શ્રી વિક્રમવિજયજી, વૃદ્ધિતિથિને-'ઉદયાસ્તવ્યાપિની અને ઉદયવ્યાપિની' એમ બે તિથિ તરીકે લેખાવે છે. ત્યારે શાસ્ત્રકાર ભગવંતો કરતાંય પોતાને તેઓ વિશિષ્ટ જ્ઞાની માનતા હોવાનો ગર્વ ઉદ્વહે છે એમ સમજવું સહેજે પ્રાપ્ત થાય છે. વૃદ્ધિ વખતે બીજે દિવસે સમાપ્ત થતી એક તિથિને તેવી મનસ્વી રીતે બે તિથિ તરીકે લેખાવવાની નિજની છોકરબુદ્ધિને વિદ્વત્તા તરીકે લેખતા તેઓ આગલ જતાં તે વિદ્વત્તા દ્વારા-'આ વાતથી પર્વતિથિની વૃદ્ધિ વખતે અપર્વની વૃદ્ધિ કરવાનો મત ખોટો છે.' એમ કહેવાની ઉછીની સત્તા વાપરીને અવિચ્છિન્ન આચરણાને ખોટી કહે છે તે આરાધ્યભાવની ગેરહાજરીનું પ્રતીક છે.

તેવું બેવજુદ વાક્ય લખવાથી તો-'મેં અને મારા પૂર્વજોએ પણ સં. ૧૯૯૩ પહેલાં પચાસ વર્ષો સુધી તે આચરણા મુજબ જ પંચાંગો છપાવવા પૂર્વક આચરેલ જગપ્રસિદ્ધ હકીકતને પણ છૂપાવી છે એમ સુજ્ઞજનો તરત સમજી જશે.' એ વાત પણ વિચારી નથી તે ખેદજનક છે. આવા આ નૂતનમતરક્ષકશ્રી, 'પર્વતિથિની વૃદ્ધિએ અપર્વતિથિની વૃદ્ધિ કરવાનો મત ખોટો છે;' એમ પયગામ તો છોડી શકેલ છે; પરંતુ જ્યાં સં. ૧૬૬૫ની અન્ય ગચ્છીય (ખરતરીય ગુણવિનય)ની પ્રતનો '**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?**' એ પાઠ પણ-'શ્રી હીરસૂરિજી મહારાજ્યે એ આચરણા મુજબ વર્ત્તતા હતા' એમ સાબિતી આપતો હોય ત્યાં તેવા સ્વતઃ નિર્માલ્ય લેખાતા પયગામોની કિંમત શી?

### શ્રી હીરપ્રશ્ન પૃ૦ ૨૨ ઉપરના ટિપ્પણની અસારતા તો બાવીશ વર્ષથી જાહેર છે.

**શ્રી શાસનસુધાકર** વર્ષ ૧૨ તા. ૧-૧૧-૫૨ના પ્હેલા અંકના ચોથા પેજ ઉપર પ્રસિદ્ધ થયેલા (દમણ તા. ૭-૧-૪૮ના રોજ શ્રી નેમવિં૰દ્વારા શ્રી લબ્ધિસૂરિજીએ જીરા મુકામે લખેલા પોષ્ટના સિક્કા સહિતના) પત્રોલ્લેખ મુજબ-જે લબ્ધિસૂરિજી મ૦, સં. ૨૦૦૪ સુધી તો શ્રી આત્મારામજી મ૦ના (પર્વક્ષયે

પૂર્વ કે પૂર્વતર અપર્વનો ક્ષય અને પર્વવૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વની વૃદ્ધિ કરનારા) મતથી વિરુદ્ધ વર્તનાર (નવામતી શ્રી રામચંદ્રસૂરિજી આદિને) '**ક્રમભખ્ત**' જણાવે છે, તે જ શ્રી લબ્ધિસૂરીશ્વરજીમ૦ને (સં. ૨૦૧૪ના મુનિ સંમેલન બાદ) તેમની સહીથી બહાર પડાવેલી મોટી પત્રિકા દ્વારા શ્રી રામચંદ્રસૂરિજીના મતને સ્વીકારવાની ક્રૂર ફરજ પાડવાની તાકાતવાળા આ શ્રી વિક્રમવિજયજીએ. તે '**श्री हीरप्रश्नोत्तराणि**' ના પૃ૦ ૨૨ ઉપર 'શાસ્ત્રકારે પર્વતિથિની વૃદ્ધિ રાખી છે × × × પર્યુષણાની અટ્ઠાઈમાં ચૌદશ–અમાસનો છઠ્ઠ કરવાનો સિદ્ધ છે' ઈત્યાદિ કરેલા કદાગ્રહપૂર્ણ ટિપ્પણની અસારતા તો **શ્રી સિદ્ધચક્ર** વર્ષ ૮ સં. ૧૯૯૬ ના જેઠ માસના અંક ૧૭/૧૮ના પેજ ૩૭૪–૭૫ ઉપરની મોટા ટાઇપથી શોભતી સમાલોચના દ્વારા બાવીશ બાવીશ વર્ષોથી જગજાહેર જ છે.

## 'તિથિના ક્ષયે અહિં તિથિને બદલે તપના પ્રશ્નને અવકાશ છે' એમ તે વર્ગ પણ જાણે જ છે.

અત્ર કલ્યાણકામી જનોએ ખાસ ધ્યાનમાં લેવા જેવી બીના એ છે કે-ઉપરના પ્રશ્ન ૨૪માંના પેટા નં. ૧ થી ૩માં જણાવ્યા મુજબ સં. ૧૯૯૨માં લખવી શરૂ કરેલ 'પર્વતિથિ ચર્ચાસંગ્રહ–સાંવત્સરિકપર્વવિચારણા અને પર્વતિથિપ્રકાશ' એ ત્રણેય બૂકોના તેમજ 'હીર-પ્રશ્નોત્તરાણિ'ના લેખકો અને પ્રચારકો આદિ તે વર્ગ સં. ૧૯૯૩ પહેલાંથી જાણે છે કે–"શ્રી હીરપ્રશ્નમાંનો પ્રસ્તુત–'**पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ०** એ પ્રશ્નોત્તર, ખરતરો પાંચમના ક્ષયે આરાધના માટે પૂર્વની તિથિ ચોથ લેવાની અને પૂનમના ક્ષય વખતે ઉત્તરની તિથિ પડવો લેવાની વાત કરે છે તેને આશ્રયીને અર્થાત્ ખરતરો પાંચમ તૂટી હોય તો તેનો તપ ચોથે કરાવે છે અને પૂનમ તૂટી હોય તો તેનો તપ વદિ એકમે કરાવે છે તેને આશ્રયીને જ–('તિથિ કયાં કરવી?' એ પ્રશ્નને બદલે) આ પ્રશ્ન, કેવલ તપના જ પ્રશ્ન રૂપે ઉદ્ભવેલ હોવાથી અત્ર તિથિ સિવાયના કેવલ તપના પ્રશ્નને અવકાશ છે: અને ખરતરીય શ્રી ગુણવિનયના કહેવા મુજબ પણ શ્રી હીરસૂરિજી મ૦ના વખતે પણ તેવા પ્રસંગે પૂર્વ કે પૂર્વતર અપર્વનો ક્ષય કરવાની વ્યવસ્થા તો પ્રવર્ત્તતી જ હતી."

## પોતાની બૂકોમાંનાં લખાણોને તે વર્ગ પણ ખોટાં જ માનતો હતો.

આમ છતાં સં. ૧૯૯૨થી તેઓએ, નવામતમાં અટવાયા પછીથી આ પ્રશ્નોત્તરને–વિદ્યમાન શ્રી દેવસૂરતપાગચ્છમાં પણ 'પર્વક્ષયે તેનો માત્ર તપ જ પૂર્વ કે પૂર્વતર તિથિમાં કરી લેવા રૂપે અને તેવા પર્વક્ષય પ્રસંગે પૂર્વની તિથિને નહિ ફેરવવા રૂપે' પ્રચારીને આ એકેક તિથિના એકેક ઉપવાસના પ્રશ્નોત્તરને (ઉપર જણાવ્યા મુજબ) અર્થ અને ભાવો પલટીને પણ છઠ્ઠના પ્રશ્નોત્તર તરીકે પ્રચારવાનું મુનાસિબ ધારેલ છે. તિથિવૃદ્ધિની વાત તથા આ પ્રશ્નોત્તરના તેવા અર્થોના સીધા પ્રચારનું પરિણામ ધાર્યું લાભપ્રદ નહિ નીવડે એમ તેઓ પણ જાણતા જ હોવાથી તો શ્રી કલ્યાણવિજયજીનાં લખાણને આદર્શ તરીકે રાખીને લખાતી તે બૂકોમાંની '**પર્વતિથિપ્રકાશ**' બૂકનાં લખાણોને તો તેઓએ પ્રથમ

લોકમત કેળવવા સારૂ ચાલુ લખાણે જ તે સં. ૧૯૯૨ના વીરશાસનપત્રમાં હપ્તે હપ્તે અને લેખકનું નામ છૂપાવીને પ્રકટ કરાવવું શરૂ કરી દીધું હતું. તે પ્રમાણે એ આખી બૂકનું લખાણ તે વર્ગે અનેક હપ્તા દ્વારા પ્રકટ કર્યું હતું. (કે–જે કરવાની સાચા લેખકને જરૂર જ હોતી નથી.) તથાપ્રકારના પ્રચારથી લોકમત કેળવાયો જાણ્યા બાદ જ સં. ૧૯૯૩માં તે ત્રિપુટીએ ત્રણેય બૂકોને એક સાથે બહાર પાડવાની હિંમત દાખવી હતી.

## એક કૂટ અને બીજું વિશેષ કૂટ

પ્રસ્તુત હીરપ્રશ્નોત્તરના અર્થને શ્રી કલ્યાણવિજયજીએ પોતાની બૂકોમાં ખુલ્લી રીતે છઠના અર્થમાં જણાવેલ નથી; પરંતુ આગળ જણાવ્યા પ્રમાણે તે બન્ને મહાશયોનો પણ તે પ્રશ્નોત્તરના ઉપવાસવાળા અર્થને છઠના અર્થમાં જ ખેંચી જવાનો ઈરાદો હતો તે વાત, 'ત્રણેય બૂકો પ્રસિદ્ધ થયા પછી તરત જ તે બંનેના સમુદાયો પણ 'પર્વતિથિપ્રકાશ'માંના તે પ્રશ્નોત્તરનો જુઠો છઠનો અર્થ જ કરવા લાગ્યા હતા=તે પ્રશ્નોત્તરને છઠ્ઠના જ પ્રશ્નોત્તર તરીકે લેખાવવા લાગેલ હતા.' તે ઉપરથી સર્વજનપ્રસિદ્ધ છે. આ રીતે તે ત્રણેય બૂકોની રચના જ પ્રથમથી કૂટ છે અને **हीरप्रश्नोत्तराणि**ના ટીપ્પણમાંનો શ્રી વિક્રમવિજયજીનો પ્રયાસ, તે મલોખાના માળખાને જ પાકો મહેલ લેખાવનારો હોઈને વિશેષ કૂટ છે.

## આનો પ્રતીકાર તો તેની અજ્ઞાનતા જ છે.

**પેટાપ્રશ્ન પાંચમામાં** જણાવેલ સં. ૨૦૧૩ની **घटं भिंद्यात् पट छिन्द्यात्** રૂપી **'સત્યનું સ્પષ્ટીકરણ'** બૂકના પૃ. ૧૨ ઉપર પ્રસ્તુત પ્રશ્નોત્તરના અર્થનું શ્રી સિદ્ધચક્ર વર્ષ પહેલાના ૨૧મા અંકના વધારાના પાંચમા પેજ ઉપર થવા પામેલી ભૂલ મુજબ નામું માંડનાર મેતા તો આ પ્રશ્નોત્તર 'હીરસૂરિજીનો છે કે સેનસૂરિજીનો ?' એનીય ગમ વગરના છે! અને તેથી તો તે નામામાં તેમણે 'કદાચ કોઈ શંકા કરશે૦' ઈત્યાદિ છબરડા વાળીને પ્રસ્તુત ઉપવાસના પ્રશ્નોત્તરને છઠના પ્રશ્નોત્તર તરીકે સાબીત કરવા અજ્ઞાનતાથી જ ફાંફા મારેલ છે! આવા લેખકનો તો તેની તેવી અજ્ઞાનતા એજ પ્રતીકાર છે.

## આ લેખકે પોતાનો જુઠો અર્થ, જૈન મંડલના મુખમાં મૂકવાનું છળ કરેલ છે.

**છઠ્ઠા પેટા પ્રશ્નમાં** જણાવેલ **'શાસ્ત્ર દર્પણ'**ના લેખક નવામતી મુનિ જીનેન્દ્રવિ૦ છે. તે બૂકના તેરમા પેજ ઉપર તેમણે જે–'હીરપ્રશ્નોત્તર ગ્રંથનો રચના કાલ **સોલમો સૈકો** જણાવેલ છે તે તથા તેની ઉપર **'સમુચ્ચયકાર'** ને બદલે 'સમ્મુચ્ચયકાર' લખેલ છે તે તેમની અજ્ઞાનતાનું થર્મામીટર છે. તેવા તે લેખકે, તે સ્થલે જે–'શ્રી હીરપ્રશ્નોત્તરાણિ પ્રસિદ્ધ કરનાર શ્રી જૈનયુવકોદય મંડલ રાધનપુર અને સં. ૧૯૬૦' એમ શીર્ષક બાંધેલ છે તે, તે શીર્ષક તળે તે પેજ ૧૩ થી ૧૭ સુધીમાં પોતે લખેલો નવામત મુજબનો શ્રી હીર-પ્રશ્નોત્તરોનો અનુવાદ 'પોતે કરેલો નથી, પરંતુ આજથી ૪૪ વર્ષ પૂર્વે તે મંડળે કર્યો છે'

એવો ભ્રમ પેદા કરવા સારૂ બાંધેલ છે. વાસ્તવમાં રાધનપુરના તે મંડળે તો તે વર્ષે તે પ્રતાકારે મૂલ ગ્રંથ જ પ્રસિદ્ધ કરેલ હોવા છતાં લેખકે લખેલો તે અનુવાદ એ રીતે તે મંડલના મુખમાં મૂકવાનું છળ કરેલ છે. લેખકે લખેલો તે અનુવાદ પણ શ્રી જંબુવિજયની સર્વદિક્ જૂઠી ઠરેલી '**પર્વતિથિ પ્રકાશ**' બૂકના ૫૫મા પેજ ઉપરના અસત્ય અર્થવાળા લખાણના ઉતારા રૂપ છે.

શ્રી હીરપ્રશ્નમાંના તે '**पञ्चमी तिथिस्त्रुटिता भवति०**' પ્રશ્નોત્તર ગત' **पूर्णिमायां त्रुटितायां०**' પ્રશ્નોત્તર છઠ્ઠ અંગેનો છે કે ઉપવાસ અંગેનો? એ ય સમજ નથી એવા આ લેખકને આ વિષયમાં સ્વબુદ્ધિથી સત્ય અર્થ લખવાનું સૂઝે જ કયાંથી ?

## પંચમીના ક્ષયે ચોથનો અને પૂનમના ક્ષયે તેરશનો ક્ષય, અવિચ્છિન્ન પ્રવર્ત્તે છે.

**આ રીતે શ્રી હીરપ્રશ્નમાંનો તે પ્રશ્નોત્તર, 'એકેક તિથિના ક્ષયે તે એકેક તિથિનો તપ કઈ તિથિએ કરવો?' એ સંબંધી જ છે એમ જાણવા છતાં નવા તિથિમતને તે પ્રશ્નોત્તર, બધ બેસતો નહિ આવવાથી તે પ્રશ્નોત્તરને તે વર્ગે, સ્વીકારેલા નવા મતને યેનકેનાપિ બંધબેસતો કરવા (કલ્પિત રીતે છઠ્ઠનો લેખાવવા જતાં તે વર્ગના તે સહુ લેખકોને) ક્ષયોપશમ મુજબ કલ્પિત અર્થો તથા ભાવોને ઉપજાવી કાઢવા પડયા છે. તેથી જ તેઓના અર્થો અને ભાવોમાં અનૈકયતા છે. અને તેથી જ તે બધા જ અર્થો ભ્રામક હોઈને અપાસ્ત છે. શ્રી હીરપ્રશ્નમાંના તે પ્રશ્નોત્તરનો સાચો અર્થ, "કોઈ પણ પંચમીનો ક્ષય હોય તો તેનો તપ (આરાધના) ચોથે કરવો. તથા કોઈ પણ પૂનમનો ક્ષય હોય તો તેનો તપ તેરસ-ચૌદશે કરવો' એ છે. અને પૂનમનો તપ પડવે પણ કરવાનું તો તેરસે ચૌદશનો તપ કરવો ભૂલી જવાય તો જ જણાવેલ હોવાથી તે ઉત્તરનું અંતિમ 'प्रतिपद्यपि' એ વાકય તપનું વિધાન સૂચક નથી: તથા આ પ્રશ્નોત્તરના અર્થના ભાવનો શ્રી તપાગચ્છમાં શ્રી હીરસૂરિજી મ૦ની પૂર્વેથી પણ થતો અમલ,–'ભા. શુ. પંચમી સિવાયની કોઈ પણ પંચમીના ક્ષયે પૂર્વની ચોથનો ક્ષય કરવારૂપે અને કોઈ પણ પૂનમના ક્ષયે પૂર્વતરની અપર્વ તેરસનો ક્ષય કરીને ચૌદશ–પૂનમરૂપ જોડીયા પર્વને તો આરાધના માટે જોડે જ ઉભું રાખવા રૂપે' વર્તમાનમાં પણ શ્રી સકલ શાસન સંઘમાં વિદ્યમાન છે.**

**પ્રશ્ન ૨૫ :–**" એક દિવસમાં એક જ આરાધાય છે તે બીજ વગેરે મહિનામાં આવતી બાર આરાધ્ય પર્વતિથિઓમાંની કોઈ પણ તિથિનો લૌકિકપંચાંગમાં ક્ષય આવ્યો હોય ત્યારે '**क्षये पूर्वा०**' મુજબ–તે બીજ વગેરે ક્ષીણ પર્વતિથિની તપ આદિ આરાધના પૂર્વતિથિમાં કરવી; પરંતુ પૂર્વની ઉદયાત તિથિને ખસેડીને તેનાં સ્થાને ક્ષીણતિથિને ઉદયાત બનાવીને

પછી તે ક્ષીણ પર્વતિથિનું આરાધન ન કરાય." એમ તે વર્ગ કહે છે. તો શું **'क्षये पूर्वा०'** પ્રઘોષનો તેવો અર્થ હોઈ શકે ખરો ?

**ઉત્તરઃ-**તે જૈની પર્વોની આરાધના, ઉપવાસ-પૌષધ-આયંબિલ આદિથી કરાતી હોઈને આજના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીના ૨૪ કલાક પર્યંત કરવાની હોવાથી જૈનોને તે તે પર્વતિથિઓ, ૨૪ કલાકના પ્રમાણવાળી સંપૂર્ણ જોઇએ. જ્યારે જૈન કે અજૈન જ્યોતિષના હિસાબે કોઈ પણ પર્વતિથિ તે પ્રકારે ૨૪ કલાકના પ્રમાણ વાળી હોતી નથી.

**આથી જૈનગણિત** મુજબ પંચાંગો બનતાં ત્યારે તે પંચાંગોની અને તે પંચાંગોના વિચ્છેદ બાદ આધાર પૂરતા લેવાતા લૌકિક પંચાંગમાંની ઉદયાત પર્વતિથિને જૈનાચાર્યોના **'उदयम्मि०'** આદિ વચનોથી સંસ્કાર આપીને ૨૪ કલાકની જૈની ઉદયાત તિથિ બનાવવી જ રહે છે તેમ લૌકિક પંચાંગમાં આવતી ક્ષીણ પર્વતિથિને પણ તે **'क्षये पूर्वा०'** નો સંસ્કાર આપીને ૨૪ કલાકની જૈની ઉદયાત તિથિ ફરજીઆત બનાવવી રહે છે. આ વસ્તુ ત્યારે જ બને કે-તે **'क्षये पूर्वा०'**ના શ્રી સંઘમાં સેંકડો વર્ષથી પ્રચલિત એવા-**'પર્વતિથિના क्षये, पूर्वा-અપર્વતિથિ, तिथिः=પર્વતિથિ कार्या=કરવી.'** અર્થનું ઉલ્લંઘન કરવામાં ન આવે.

**લૌકિક પંચાંગમાંના** પર્વક્ષયે-**'क्षये पूर्वा०'** ના તે મૌલિક અર્થ મુજબ પોતાના જૈન ભીંતીયાં પંચાંગોમાં લૌકિક પંચાંગોમાંની પૂર્વ અને પૂર્વતર ઉદયાત તિથિનો ક્ષય અને તેનાં સ્થાને તે ક્ષીણપર્વતિથિનો ઉદય બતાવીને તે પછી જ તે તિથિનું જૈની ઉદયાત તિથિ તરીકે સં. ૧૯૯૩ પહેલાં પચાસ વર્ષ સુધી આરાધન કરનારા તે વર્ગે, સં. ૧૯૯૩થી **'क्षये पूर्वा०'** ના તે મૌલિક અર્થનું ઉલ્લંઘન કરીને તે **'क्षये पूर्वा०'** પ્રઘોષનો-'પર્વતિથિના ક્ષયે તે ક્ષીણપર્વતિથિનું પૂર્વની અપર્વતિથિમાં આરાધન કરાય; પરંતુ પૂર્વ કે પૂર્વતરની ઉદયાત તિથિને ખસેડવા પૂર્વક તેનાં સ્થાને ક્ષીણપર્વતિથિને ઉદયાત બનાવીને તેનું આરાધન ન કરાય.' એ પ્રમાણે કલ્પિત અર્થ ઉભો કરવા જતાં તો આજે તે વર્ગને-લૌકિકપંચાંગમાં આવતા બીજ આદિ પર્વતિથિના ક્ષય પ્રસંગે તે ક્ષીણપર્વીનાં ઉપવાસ પૌષધ-આયંબિલ-બ્રહ્મચર્યાદિ વ્રતનિયમો વગેરે ૨૪ કલાકના એક દિવસના એક અનુષ્ઠાનને પુરૂં કરવામાં પડવો-બીજ અને ત્રીજ એમ ત્રણ તિથિ સ્વીકારવાની આપત્તિમાં મૂકાઇને ૨૪ કલાકની તે પર્વીણીને જ ફેંદી નાખવાના અને પૂનમ-અમાસ તથા ભા. શુ. પંચમીના ક્ષયે તે ત્રણેય પર્વીઓને કલ્પિત રીતે જ ચૌદશ અને ચોથમાં ગણાવવા માંડીને તે ત્રણેય પર્વીઓ ગુમાવવા પૂર્વક તે ત્રણેય પર્વીઓની આરાધનાથી જ વંચિત બનવા-બનાવવાના મહાપાપભાગી બનવું પડેલ હોવાની બીના આજે તો જૈનજગતભરમાં હકીકત રૂપે પ્રસિદ્ધ જ છે; ત્યાં **'क्षये पूर्वा०'** પ્રઘોષનો એવો પણ અર્થ હોઈ શકે ખરો ?' એ પ્રશ્નને જ અવકાશ નથી.

**પ્રશ્ન ૨૬ :-** તે **'क्षये पूर्वा०'** પ્રઘોષનો 'પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવો.' એ પ્રમાણેનો મૌલિક અર્થ, સં. ૧૯૯૩ પહેલાં તે વર્ગે તેમજ શાસન સંઘના કોઈએ પણ કોઈ સ્થલે લખેલ છે ?

**ઉત્તરઃ**– હા, અનેક સ્થલે લખેલ છે. તે વર્ગના શ્રી કલ્યાણવિજયજીએ સં. ૧૯૯૨માં તૈયાર કરેલી–'**પર્વતિથિ ચર્ચા સંગ્રહ**' નામની બૂકના ૯મા પેજ ઉપર તે '**क्षये पूर्वा०**' નો '**પર્વતિથિના ક્ષયમાં પર્વ તરીકે પૂર્વતિથિ પાળવી**' એમ અર્થ કરેલ છે. (પણ 'પૂર્વતિથિમાં આરાધન કરવું' એવો અર્થ તો તે નવામતની પુષ્ટિ માટે લખેલી તે બૂકમાં પણ કરેલ નથી.) સં. ૧૯૯૩થી તે વર્ગ, જે મતમાં દોરાયેલ છે તે નવા તિથિ-મતના નિર્માતા શ્રી રામચંદ્રસૂરિજીએ પણ સં. ૧૯૯૦ના શ્રાવણ માસના જૈન પ્રવચન વર્ષ ૬ઠ્ઠા ના ૧૨–૧૩ અને ૧૪મા સંયુક્ત અંકના પાના ૧૭૭ ઉપરના પ્હેલા કોલમમાં–"**ભા. શુ. ૪નો ક્ષય છે અને क्षये पूर्वा० પ્રઘોષના આધારે પૂર્વતિથિ કરવામાં શાસ્ત્રની આજ્ઞાનો લેશ પણ વિરોધ આવતો નથી**" એમ ગર્ભિતપણે જણાવેલ છે અને તે પછીના પ્રશ્નના ઉત્તરમાં તે પ્રઘોષનો અર્થ સ્પષ્ટ કરેલ છે કે–"**એક જ દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ, ક્ષયતિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્ય પર્વકોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છેઃ કારણ કે–તે ક્ષયતિથિની સમાપ્તિ પણ તે જ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેમ છે.**" તે પાના ૧૭૭ના બીજા કોલમમાં શ્રી તત્ત્વતરંગિણીની પણ આ પ્રઘોષવાળી વાતને આશ્રયીને તેઓ લખે છે કે–'**શ્રી તત્ત્વ-તરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે.**"

સં. ૧૯૮૦ના **જૈન ધર્મ પ્રકાશ** ભાવનગરના વૈશાખ માસના અંકના ૫૧મા પાને પણ એ પ્રઘોષના અર્થ સહીત–'બાર તિથિ પૈકી કોઈ પણ તિથિનો ક્ષય હોય તો તે તિથિનો ક્ષય નહિ કરતા તેની પૂર્વેની તિથિનો ક્ષય કરવો. જેમકે–પૂનમ કે અમાસનો ક્ષય હોય તો તેની પૂર્વેની ચૌદશ પણ પર્વતિથિ હોવાથી તેરસનો ક્ષય કરવો અને (બાર તિથિ પૈકીની કોઈ પણ તિથિની) વૃદ્ધિ હોય તો પાળવા માટે બે પૈકી બીજી (બીજે દિવસે વધેલી) તિથિ ઠરાવવી અને પ્રથમની તિથિનો ત્યાર અગાઉની બે તિથિ ઠરાવવામાં ઉપયોગ કરવો." એ પ્રમાણે પ્રસિદ્ધ થએલ છે.

**કહેવાય છે તે પ્રમાણે** શ્રી કલ્યાણવિજયજી હસ્તક લખાવીને જે લખાણ પી. એલ. વૈદ્યના નામે પ્રસિદ્ધ થએલ છે, તે લખાણને પોતાનાં જૈન પ્રવચન વર્ષ ૧૪ તા. ૩–૧૦–૪૩ના ખાસ અંક તરીકે પ્રસિદ્ધિ આપીને શ્રી રામચંદ્રસૂરિજીએ સ્વીકારેલા તે લખાણના પેજ ૨૭ ઉપર આઠમા પદના અનુવાદમાં પણ તે '**क्षये पूर्वा०**' નો અર્થ–"**આઠમના ક્ષયે આઠમ નો સાતમમાં વિધિ ન થાય તો આઠમ ઉદયતિથિ ન હોવાથી** શ્રાવકને આરાધના વિનાશનો દોષ લાગે. માટે આઠમનું આરાધન શકય બને તેની ખાતર જ **સાતમનું સાતમ-પણું ફોક કરીને** (એટલે કે–આઠમના ક્ષયે સાતમનો ક્ષય કરીને) **સાતમમાં આઠમ-પણું સ્થાપે છે. એવી રીતે લૌકિક ટિપ્પણામાં આવતી ઉદયની સાતમ, આઠમના આરાધન વિષયમાં ઉદયની આઠમ બને છે ત્યારે જ આઠમના તપ**

**વગેરેનું અનુષ્ઠાન સંભવે છે. (આ) અપૂર્વ વિધિદ્વારા જ ક્ષય હોવા છતાં આઠમ મળી આવે છે. એ પ્રમાણે બીજે પણ."** એમ સ્પષ્ટ કરેલ છે.

**પ્રશ્ન ૨૭ :**–'પર્વતિથિ-ચર્ચા સંગ્રહ,' 'સાંવત્સરિક પર્વવિચારણા' અને 'પર્વતિથિ પ્રકાશ' એ ત્રણેય બૂકોને સં. ૧૯૯૨માં લખનાર લેખકો, તે વર્ષે તો અનુક્રમે (મારવાડ) ગુડાબાલોત્તરા, (ગૂજરાત) ભાભેર અને (દક્ષિણ) મુંબઇ એમ અલગ અલગ પ્રદેશ અને અલગ અલગ ગામે ચાતુર્માસ હતા, તેથી ટપાલથી તો તેઓ તે બૂકમાંના થોડા ઘણાં લખાણોમાં જ એકવાકયતા લાવી શકે; પરંતુ બધી જ વાતોનો એક નિષ્કર્ષ લાવી શકે તે સંભવિત નથી: જ્યારે તે ત્રણેય બૂકનાં બધાં જ લખાણો અંતે તો એક નિષ્કર્ષવાળાં જ જોવાય છે તે કેમ સંભવે?

**ઉત્તરઃ**– તે ત્રણેય બૂકોને છપાવવાનું કાર્ય તો શ્રી રામચંદ્રસૂરિજીએ અમદાવાદમાંના પોતાના જૈન પ્રવચન કાર્યાલયના વિચક્ષણ માણસને જ સુપ્રત કરીને અને તે ત્રણેય બૂકનાં ફર્માઓ પણ લગભગ જાતે તપાસીને તેમાંનાં લખાણનો અંતે એક જ નિષ્કર્ષ લાવવાનું કાર્ય પોતાને હસ્તક રાખેલું હતું. આ કાર્ય સહેલું બને તે ખાતર શ્રી રામચંદ્રસૂરિજીએ પોતાના તે વિચક્ષણ જન હસ્તક તેમાંની પ્હેલી બે બૂકોને છપાવવાનું કાર્ય પણ પોતાના લેખાતા શ્રી અમદાવાદ વીરવિજય પ્રીંટીંગ પ્રેસમાં ગોઠવેલ હતું અને ત્રણેય બૂકો એક સાથે બહાર પાડવી ધારેલ હોવાથી ત્રીજી 'પર્વતિથિ પ્રકાશ' બૂકને છપાવવાનું કાર્ય (પ્રથમથી પોતાના વીરશાસનમાં લેખકના નામ વિના જ હપ્તે હપ્તે પ્રકટ કરેલાં લખાણો આપીને) અમદાવાદ શારદા મુદ્રણાલયમાં ગોઠવેલું હતું. (પ્રસંગે–સમાજમાં એમ પણ જોરશોરથી વાત પ્રસરી હતી કે–શ્રી કલ્યાણવિજયજીની બૂકમાંનું કોઈ પણ લખાણ જરાય નહિ ફેરવવાની શ્રી કલ્યાણવિજયજીએ તાકીદ આપી હતી: છતાં તેમની બૂકમાંનું જે જે લખાણ પોતાના તિથિમતને બાધક હતું તે તે લખાણ ચાલુ છપાઈ વખતે તેઓએ ફેરવી નાખ્યું જાણવાથી શ્રી કલ્યાણવિજયજીએ પોતાની તે બૂક જ નહિ પ્રસિદ્ધ કરવાની તેઓને તાકીદ આપી હતી. પણ માને કોણ? એ તો બોલતા જ રહ્યા અને આમણે તેમના નામે તે બૂક પ્રસિદ્ધ પણ કરી દીધી!)

**પ્રશ્ન ૨૮ :**–નવો તિથિમત કાઢનાર શ્રી રામચંદ્રસૂરિજી, નવો તિથિમત કાઢયા પછીથી પોતાને શ્રી દેવસૂરતપાગચ્છના લેખાવવાનું બંધ કરીને તપાગચ્છના જણાવતા હોવાથી તેમની તે દેવસૂરતપાગચ્છથી ભિન્ન આચરણા, શ્રી જીતકલ્પાનુસારે તેમના શિષ્યોને **વૃત્ત**, તેમના પ્રશિષ્યોને **અનુવૃત્ત** અને તેમના પ્રશિષ્યોને **પ્રવૃત્ત** એટલે **જીત** બને કે નહિ? તથા તેમણે પોતાના તે મતમાં યથાક્રમે સં. ૧૯૯૨માં જોડેલા તેમના કાકાગુરુ આ૦ શ્રી લબ્ધિસૂરિજી, આ૦ શ્રી પ્રેમસૂરિજી, આ૦ શ્રી અમૃતસૂરિજી, ચાર વર્ષ બાદ એટલે કે–સં. ૧૯૯૬માં જોડેલા આ૦ શ્રી સિદ્ધિસૂરિજી તથા તેમની આજ્ઞાના આ૦ શ્રી ભદ્રસૂરિજી અને આ૦ શ્રી કનકસૂરિજી વગેરે શ્રી રામચંદ્રસૂરિજીના વડિલોને તથા તે વડિલોના શિષ્ય પ્રશિષ્યાદિને પણ તે આચરણા, તે રીતે ત્રીજી પેઢીએ જીતવ્યવહાર બને કે નહિ?

**ઉત્તરઃ**– શ્રી વિજયદેવસૂરિજી મ૦ વખતે આણસૂરગચ્છની સ્થાપના થયેલ છે. આપણા ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મહારાજે વિજયદેવસૂર સંઘની સ્થાપના કરી તે અરસામાં તેઓશ્રીને અવિશ્વાસુ નીવડેલા પૂ૦ મહો૦ શ્રી સોમવિજયજીએ શ્રી સૂરચંદ્રગણિના વિદ્વાન્ શિષ્યો આદિને પક્ષમાં લઇને ગચ્છનાયકશ્રીની વિરુદ્ધ આગેવાન તરીકે અપ્રસિદ્ધ એવા પંડિત રામવિજયજીને માત્ર **'વિજયતિલકસૂરિ'** નામ આપી દઇને સં. ૧૬૭૩ના પોષ વદિ ૧૨ને બુધના રોજ જુદા આચાર્ય સ્થાપ્યા, ત્યારથી શ્રી સંઘમાં તપાગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મ૦ના વિરોધી તરીકે ખ્યાતિ પામેલો તે પક્ષ, પ્રતિપક્ષ તરીકે લેખાવા પામ્યો હતો. તે પક્ષના તે આ૦ શ્રી વિજયતિલકસૂરિજી સં. ૧૬૭૬ના પોષ શુદિ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા તે અગાઉ એક જ દિવસે તે પક્ષના સર્વસ્વ ગણાતા તે મહો૦ શ્રી સોમવિજયજીના શિષ્ય મુનિશ્રી કમલવિજયજીને માત્ર **'વિજયાનંદસૂરિ'** નામ આપીને આચાર્યપદે સ્થાપી દીધા હતા. (**पश्यन्तु–सं. २०११ वर्षे मत्कृतः अद्यावधि केनाप्यदूषितं 'श्री कुमताहिविषजांगुलिमंत्रतिमिरतरणि' पत्रं ९ तथा ३६**) તે **શ્રી આનંદસૂરિજીના નામથી** મહો૦ શ્રી સોમવિજયજી વગેરેએ **આણસૂરગચ્છ** ઉત્પન્ન કર્યો. ત્યારથી શ્રીમત્તપાગચ્છની **'દેવસૂરતપાગચ્છ'** અને **'આણસૂરતપાગચ્છ'** એમ બે શાખા થવા પામી. તેમાંની આણસૂરતપાગચ્છીય શાખાના સંતાનીયાની આજે હયાતિ જ નહિ હોવાથી વિદ્યમાન સમસ્ત તપાગચ્છ ચતુર્વિધસંઘ, શ્રી વિજયદેવસૂરતપાગચ્છ જ હોવાથી વર્ત્તમાનમાં નવ્યતિથિમતકર્ષક શ્રી રામચંદ્રસૂરિજી પણ શ્રી દેવસૂરતપાગચ્છીય જ છે.

**આમ છતાં આજે તેઓ,** પોતાને દેવસૂરતપાગચ્છીયને બદલે તપાગચ્છીય જણાવતા હોય તો તેમાં તેઓ પોતાને કોઈ પણ શાખાના તો ઓળખાવી શકે તેમ જ નહિ હોવાથી પોતાના મતમાં દોરાએલા તેમના સહુ વડિલોના બનેલા અદ્યતની તપાગચ્છીયાધિપતિ લેખાવા ઇચ્છતા હોવા જોઈએ.

**સિવાય સં. ૧૯૯૩થી** તેમણે સ્વતંત્રપણે ઉપજાવી કાઢેલા નવામતની શરૂઆતમાં તો–તેમનો મત શ્રી દેવસૂરસામાચારી પાસે અપ્રમાણિક ઠરતો હોવાને લીધે–તેઓ પોતાને પોતાના મતની મહત્વાકાંક્ષાવશાત્ દેવસૂરતપાગચ્છના સ્થાપનાકાલ સમયના તપાગચ્છીય તરીકે ઓળખાવવા માંડયા હતા. સં. ૧૯૯૮માં પાલીતાણા મુકામે શાસનસંઘે તેઓને ચર્ચા કરવા ફરજ પાડેલ, તે સમયે તેઓ **'तपगच्छशाखाद्वयं'** એમ બોલ્યા પણ હતા; પરંતુ શાસનસંઘે તેમના વડદાદાગુરુ શ્રી આત્મારામજી મ૦ વિરચિત **'જૈનતત્ત્વાદર્શ'** નામના પુસ્તકની બીજી આવૃત્તિના પૃ. ૧૩૫ તથા ૧૪૨ ઉપર શ્રી આત્મારામજી મહારાજે પોતાને **દેવસૂરગચ્છ**ના જણાવેલ હોવાની વાત પ્રસિદ્ધ કરતાં તેઓએ પોતાને તપાગચ્છીય તરીકે ઓળખાવવાનું બંધ કર્યું હતું: **આ વાતની**–પાલીતાણામુકામે મોદીના બંગલે શ્રી રામચંદ્રસૂરિજીને પી. એલ. વૈદ્યે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં (કે–જે પ્રશ્નોત્તરી, સં. ૨૦૦૧માં જૈન–ધર્મપ્રભાવક સમાજ અમદાવાદે પ્રસિદ્ધ કરેલ **'પર્વતિથિનિર્ણય'** નામના શ્રી શાસનસંઘ-

માન્ય ઐતિહાસિક મહાકાય ગ્રંથના પૃ. ૧૧૬ પછી **'પરિશિષ્ટ નં. ૧'** શીર્ષક નીચે અક્ષરશઃ પ્રસિદ્ધ થએલ છે.) શ્રી રામચંદ્રસૂરિજી, **'અમે પોતે તો દેવસૂરગચ્છની માન્યતાને અનુસરનારા છીએ'** એમ શ્રીમુખે વદેલ છે **તે સાબિતિ છે :** છતાં તેઓ વળી પાછા પોતાને તપાગચ્છીય જણાવતા હોય તો તેઓ માટે વદતોવ્યાઘાત લેખાય. તેમણે ઉત્પન્ન કરેલા અદ્યતની તપાગચ્છના અધિપતિત્વની મહત્વાકાંક્ષાથી તેવું ફરતું ફરતું બોલતા હોય તો પણ તેઓ પોતાને દેવસૂરગચ્છીયને બદલે ભિન્ન તપાગચ્છીય તરીકે લેખાવવામાં કદાપિ સફલ થવાના નથી જ.

**છતાં માનો કે**–તે રીતે તેઓ પોતાને ભિન્નગચ્છીય લેખાવવામાં સફળ થયા : તો પણ તેથી તેમની તે નવા તિથિમતની આચરણા, શ્રી જીતકલ્પાનુસારે તેમની ત્રીજી પેઢીએ તો શું; પરંતુ તેના વેલાના અંત પર્યંત પણ **जीत** બની શકતી જ નથી : કારણ કે–આચરણાનું–**'અશઠ મહાપુરુષે આચરેલી હોય, અને તત્કાલીન ગીતાર્થોને સંમત હોય એટલે કે–કોઇએ તેનો વિરોધ ન કર્યો હોય.'** એ જે લક્ષણ છે, તે લક્ષણમાંની ત્રણેય વાતનો તેમની તે નવીન આચરણામાં સર્વથા અભાવ છે. અને તેમના તે તે દરેક વડિલોને તો તે આચરણા, પોતાનાથી લઘુ લઘુતર ગણાતા શિષ્યીભૂતની હોવાને લીધે અવળી ગંગા રૂપે હોઇને તે તે વડિલોના સર્વ સદ્ગત વડિલોને **जीत** તરીકે હતી જ નહિ એ સર્વમાન્ય હકીકત હોવાથી 'જેમના સર્વ સદ્ગત વડિલોને જે આચરણા, જીત તરીકે હતી નહિ તે આચરણા, તેમના ત્રીજી પેઢીના સંતાનીયાઓને તો કદાપી **जीतव्यवहार** બની શકે નહિ' એ વાત અર્થાપત્તિથી પણ સમજી શકાય તેમ છે.

**પ્રશ્ન ૨૯ઃ**–મુદ્રિત તત્ત્વતરંગિણી પત્ર ૩ ની પંક્તિ ૧૦માંની ખરતરની–'ઉદય-તિથિનો સ્વીકાર અને ઉદય સિવાયની તિથિનો તિરસ્કાર કરવામાં કુશલ એવા આપણ બન્નેને (લૌકિકટીપણામાં આવેલ ચૌદશના ક્ષયે લૌકિકટીપણામાંની ઉદયાત) તેરસનો પણ ચતુર્દશી પણે સ્વીકાર કેવી રીતે યુક્ત ગણાય ?' એ શંકાના નિરસનને માટે તે જ સ્થલે શાસ્ત્રકાર ભગવંતે દર્શાવેલ–**'तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्ये-वेति व्यपदिश्यमानत्वात्'** એ બે હેતુવાળી જણાવેલી બે વાતના બે અર્થ કરવાને બદલે તે વર્ગે, તેમની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પૃ૦ ૨૩ ઉપર તે બે વાતના બે અર્થનો–"પરંતુ પ્રાયશ્ચિત્તાદિવિધિમાં 'તેરસ'ને ચૌદશ એવું નામ આપેલ હોવાથી ત્યાં 'તેરસ' એવા નામનો પણ અસંભવ છે' એ પ્રમાણે જે એક અર્થ કરી નાખેલ છે તે બરાબર છે ?

**ઉત્તરઃ**–તે વર્ગે, તે સ્થલે શાસ્ત્રકારની તે બે વાતનો જે એક અર્થ કરી નાખેલ છે તે બરાબર તો નથી જ; પરંતુ વિપરીત છે. શાસ્ત્રકાર ભગવંતે જણાવેલી તે બે વાતમાં પહેલી વાત તેરસની જણાવી છે, અને તે પણ– "**तत्र**=તેરસે કરેલા ચૌદશના સ્વીકારમાં **त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्**='તેરસ' એવા નામનો પણ સંભવ નહિ હોવાથી (ચૌદશ કહીએ

છીએ )" એ અર્થમાં તે તેરસને હેતુરૂપે જણાવેલ છે; તથા '**किन्तु०**' થી જણાવેલી બીજી વાત, ચૌદશની જણાવી છે. અને તે પણ (ટીપણાની ચૌદશના ક્ષયે ટીપણાની તેરસે એ પ્રમાણે જે ચૌદશ કહીએ છીએ તે ચૌદશ, 'તેરસ–ચૌદશ ભેળી' એમેય નહિ) પરંતુ **प्रायश्चित्तादिविधौ**=તપ, પૌષધાદિ ધર્મની આરાધનામાં **चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्**= 'ચૌદશ જ' એમ કહેવાતી હોવાથી (ચૌદશ જ કહી છીએ.)" એ અર્થમાં તે ચૌદશને હેતુરૂપે જણાવેલ છે.

**શાસ્ત્રકાર ભગવંતે** તે મુજબ બે હેતુરૂપે જણાવેલી તે બન્ને વાતના થતા તે બે નક્કર અર્થનું સત્ય સ્વરૂપ, વાચકના ખ્યાલમાં નહિ આવવા દેવા સારૂ તે વર્ગે, તે સ્થલે શાસ્ત્રકારની તે જુદા જુદા અર્થવાળી બન્ને વાતના જુદા જુદા બે અર્થ જણાવવાને બદલે (તે બંને વાતના અર્થોને ગોટવીને તેનો) એક અર્થ જણાવવાનો પ્રપંચ કરેલ છે અને તે પ્રપંચમાં–તે બંને હેતુમાંના તેરસની વાતવાળા પ્હેલા **હેતુને** 'ત્યાં તેરસ એવા નામનો પણ અસંભવ છે' એમ છેવટે કહીને **વિધાન** બનાવી દેવાની અને પહેલા તેરસની વાતવાળા હેતુનાં સ્થાને ચૌદશની વાતવાળા બીજા હેતુને ગોઠવી દેવાની ગરબડ કરીને તે બીજા હેતુને પહેલા હેતુ તરીકે જણાવી દેવાનું સ્વપરહિતઘાતક છળ કરેલ છે.

**શાસ્ત્રકારની તે બે વાતનો** તેવો મનસ્વી એક અર્થ બનાવવા સારૂ તેવું કૂટ ખડું કરીને તે વર્ગે, શાસ્ત્રકારે ખરતરના પ્રશ્નનો નિરાસ કરવા જણાવેલી તે બંને વાતોના– "ટીપણાની ચૌદશના ક્ષયે ટીપણાની ઔદયિકી તેરસનો આરાધનામાં આપણે ચૌદશ તરીકે સ્વીકાર કરીએ છીએ '**तत्र**–તે ચૌદશના સ્વીકારમાં 'તેરસ' એવા નામનો પણ સંભવ નહિ હોવાથી ચૌદશ તરીકે સ્વીકાર કરીએ છીએ. આ ચૌદશને ('તેરસ–ચૌદશ ભેળી' એમ પણ નહિ;) પરંતુ ધર્મની આરાધનામાં (તે ઔદયિકી તેરસે) ચૌદશ જ કહેવાતી હોવાથી 'ચૌદશ જ' એ તરીકે સ્વીકારીએ છીએ." એ પ્રમાણે નીપજતા તલસ્પર્શી અર્થને નિજના મતાગ્રહવશાત્ પોતાના તે અર્થમાં મૃતપ્રાયઃ બનાવી દીધેલો હોવાથી નવા વર્ગે જણાવેલો તે અર્થ, અર્થ તો નથી જ; પરંતુ મૂર્ત્તિમંત અનર્થ છે.

**પ્રશ્ન ૩૦:**–તે વર્ગે, તે બૂકના પેજ ૨૪માની શરૂઆતમાં આ **શ્રી તત્ત્વતરંગિણી** ગ્રંથના ત્રીજા પૃષ્ઠ ઉપરની–'**अह जइ कहवि न लब्भति, ताओ सूरुग्गमेण जुत्ताओ। ता अवर-विद्ध अवरावि हुज्ज न हु पुव्व तव्विद्धा ।१।**' ગાથાનો–"હવે જો કદાપિ તે તિથિઓ સૂર્યોદયથી યુક્ત ન મળે તો ક્ષીણતિથિયુક્ત પૂર્વની તિથિ **ક્ષીણતિથિની** સંજ્ઞાવાળી પણ બને છે. ક્ષીણતિથિ યુક્ત પૂર્વની તિથિ પૂર્વતિથિના નામવાળી જ રહે એમ નહિ, પણ તેને ઉત્તર એટલે ક્ષીણતિથિની સંજ્ઞા પણ અપાય છે." એ પ્રમાણે અર્થ જણાવ્યો છે તે બરાબર છે?

**ઉત્તરઃ**–ના. તે અર્થ, અર્થ જ નથી પછી બરાબર હોવાની તો વાત જ ક્યાં રહી? તે વર્ગે કરેલો તે અર્થ તો શાસ્ત્રકારનાં મૂળ નિરૂપણને નિષ્ઠુરપણે હણી નાખનારો ભયંકર

અનર્થ છેઃ શાસ્ત્રકારે આ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાં તે સ્થલે પ્રથમ–'ચૌદશનાં ક્ષયે તેરસે તેરસનું નામ પણ લેવાનું નથી, એટલુંજ નહિ; પરંતુ તે પંચાંગની ઔદયિકી તેરસને આરાધનામાં ચૌદશ જ કહેવાય છે.' એ પ્રમાણે જે સ્પષ્ટ વાત જણાવી છે, તે વાતની સાક્ષીમાં શાસ્ત્રકારે અહિં તે ગાથા રજુ કરી છે. આથી શાસ્ત્રકારે તે ગાથાનો અર્થ, પોતાની વાતને પુષ્ટ કરતો હોય તો જ તે ગાથાને પોતાની સાક્ષીમાં રજુ કરી હોય, એ વાત સરલહૃદયી જનોને સહેજે સમજી શકાય તેમ છે. આથી શાસ્ત્રકારની વાતને પ્રમાણિકપણે પ્રમાણ ઠરાવતો તે ગાથાનો અર્થ જે– "**હવે જો કોઈપણ રીતે તે તિથિઓ સૂર્યોદયવાળી ન મળે તો अवरविद्ध=બીજ વગેરે તિથિઓથી વીંધાએલી તિથિઓ अवरा=બીજ વગેરે તિથિઓ 'वि'=પણ 'हुज्ज'=થાય, પણ तव्विद्धा=ક્ષીણ બીજ વગેરેથી વીંધાએલી તિથિઓ 'पुव्वा न हु'=પૂર્વતિથિઓ ન જ થાય.**" એ પ્રમાણે જ છે તે રજુ કરવામાં આવે તો જ શાસ્ત્રકારની તે વાતને ન્યાય આપ્યો લેખી શકાય. છતાં તે સીધા અર્થને છોડીને તે સ્થલે તે નવાવર્ગે, પ્રસ્તુત ગાથાનો 'પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિ તેના નામવાળી પણ રહે=ક્ષીણપર્વના નામવાળી પણ રહે.' એ પ્રમાણે સદંતર વિપરીત અર્થ રજુ કરીને શાસ્ત્રકારને અસહ્ય અપરાધરૂપ અન્યાય કરેલ છે. આથી તે વર્ગે કરેલો એ અર્થ, અર્થ તો નથી જ; પરંતુ આ શાસ્ત્રકાર ભગવંતના આ શાસ્ત્ર અને પ્રચલિત પ્રાચીન પરંપરાનુ–સારી ટંકશાલી નિરૂપણ પ્રતિનો કુઠારઘાત છે.

નવા વર્ગે પોતાના તે અર્થમાં–"તે સાક્ષી ગાથામાંના '**अवरावि**' પદમાંના '**अवरा**' શબ્દના અર્થરૂપે ક્ષીણપર્વના બનતા ઉદયાત પર્વને અવ્યાબાધ રાખીને અર્થાત્ પડવાદિનાં સ્થાને બીજ આદિને ગણીને શેષ '**वि=अपि**' શબ્દથી ગ્રહણ કરવાને ખરતરે જણાવેલા–'**અન્યતિથિની સંજ્ઞાવાળી પણ બને છે.**' એ અર્થને ઉડાવી દેવાપૂર્વક તે '**अवरावि**' પદનો 'ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ બને છે.' એવો પહેલો કલ્પિત અર્થ નીપજાવ્યા બાદ અર્થાત્ '**अवरावि**' માંના **अपि** શબ્દથી ખરતરે આપત્તિ તરીકે આગલ કરેલા 'અન્ય સંજ્ઞા-વાળી પણ બને છે' એ અર્થનાં સ્થાને 'પર્વતિથિની સંજ્ઞાવાળી પણ બને છે' એમ કલ્પિત અર્થ ગોઠવી દીધા બાદ તે સાક્ષીગાથામાંના તે '**अवरावि**' પદ પછીના વાકયના 'ક્ષીણતિથિથી વીંધાએલી તિથિઓ, પૂર્વની તિથિઓ ન જ થાય.' એ સાચા અર્થને ઉડાવી દેવા પૂર્વક તેનાં સ્થાને 'ક્ષીણતિથિયુક્ત પૂર્વની તિથિઓ પૂર્વના નામવાળી જ રહે એમ નહિ પણ ઉત્તર એટલે ક્ષીણતિથિની સંજ્ઞા પણ અપાય છે.' એવો બીજો વિચિત્ર અર્થ નીપજાવીને તે વર્ગે તે કુઠારઘાત ઈરાદાપૂર્વક કરેલ છે." એમ શ્રીસંઘમાં જાહેર થઈ જવાથી અંતે તે વર્ગે, સં. ૨૦૦૫ માં પ્રસિદ્ધ કરેલ '**શ્રી તત્ત્વતરંગિણી બાલાવબોધ**' નામની ક્રાઉન ૮ પેજી બૂકના ૭મા પેજ ઉપર આ સાક્ષીગાથાનો પણ–'જો સૂર્યના ઉદયે કરી સહિત તિથિ પામીએ નહિ તો '**अवरा**' કહેતાં બીજી=આગલી તિથિ તેને (ણે) વીંધી પૂર્વની તિથિ (તેરસ) આગલી (ચૌદશ) જ જાણવી, પણ આગલી તિથિએ (ચૌદશે) વીંધી પૂર્વની (તેરસ) કહીએ નહિ.'

એ પ્રમાણે પોતાના હાથે જ યોગ્ય અર્થ, જાહેર કરી દેવારૂપે સુધારો પણ કરવો પડેલ છે. તે વર્ગ, આ સાક્ષીગાથાનો તેવો ફૂટ અર્થ, શું નિમિત્ત પામીને કરી શકેલ છે? તથા તે નિમિત્ત પણ કેટલું બધું પોકળ છે? એ દરેક અધિકાર આ અનુવાદ ગ્રંથમાંના–ગ્રંથકારશ્રી કૃત મૂળ ચોથી ગાથાની ટીકાના અનુવાદવાળા પ્રસ્તુત અધિકારની નીચે કરેલા વિસ્તૃત ટિપ્પણદ્વારા વિશેષે સ્પષ્ટ કરવામાં આવેલ છે. જે વાંચવાથી બરાબર ખ્યાલ આવશે.

**પ્રશ્ન ૩૧:**–શ્રી મુદ્રિત તત્ત્વતરંગિણી ગ્રંથના પૃ૦ ત્રીજા ઉપરની તે '**अह जइ**'૦ સાક્ષીગાથા પછી શાસ્ત્રકારે જણાવેલ '**न च प्राक् चतुर्दश्येवेत्युक्तम, अत्र तु 'अवरावी'त्यनेन अपिशब्दादन्यसंज्ञापि गृह्यते, तत्कथं न विरोध? इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्, गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा**' તે પંક્તિનો અર્થ, તે વર્ગે પોતાની **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પેજ ૨૪ ઉપર ત્રીજા તથા ચોથા પેરામાં–"પહેલાં 'તેરસને તેરસ એવા નામનો પણ અસંભવ જણાવી ચૌદશ જ કહેવાય.' એ પ્રમાણે કહ્યું અને અહિં તમે **'ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ કહેવાય'** એ પ્રમાણે કહેવા માગો છો, તો આ પરસ્પર વિરોધ કેમ ન ગણાય? આનો જવાબ એ છે કે–'અમે પ્રાયશ્ચિત્તાદિવિધિમાં કહેલું હોવાથી વિરોધ આવતો નથી અથવા 'મુખ્ય અને ગૌણના ભેદથી **તેરસ હોવા છતાં** મુખ્યપણે ચૌદશ જ કહેવાય.' એવો અમારો અભિપ્રાય હોવાથી કશો જ વિરોધ નથી." એ પ્રમાણે કરેલ છે તે બરાબર છે?

**ઉત્તર:**–મૂલગ્રંથની તે ટીકાપંક્તિમાં ખરતરે ગ્રંથકારશ્રી સામે '**अत्र तु 'अवरावी'त्यनेन अपिशब्दादन्यसंज्ञापि गृह्यते**' એ વાકયથી–"અહિં તો '**अवरावि**'માંના **अपि** શબ્દથી તેરસની સંજ્ઞાપણ ગ્રહણ કરી શકાય છે." એ જ શંકા ઉઠાવી છે, એમ જાણવા છતાં તે વર્ગે, પોતાનો ૧૩/૧૪ નો મત આ ગ્રંથથી સાચો ઠરાવવા સારૂ તે અર્થમાં ખરતરની શંકામાંના "**अपि' શબ્દથી તેરસની સંજ્ઞા પણ૦**" એ સ્પષ્ટ અર્થને ઓળવીને તે અર્થનાં સ્થાને **'ક્ષીણતિથિ (ચૌદશ)ની સંજ્ઞાવાળી પણ'** એવો કલ્પિત અર્થ ગોઠવી દીધેલ હોવાથી તેમજ તે ટીકાપંક્તિમાં આગળ જતાં (ચૌદશના ક્ષયે તેરસનું નામ જ નહિ લેવાતું હોવાનું જણાવનાર) આ ગ્રંથકારશ્રીએ જણાવેલી–'**गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्तः**' પંક્તિમાં તેરસનું નામ જ જણાવ્યું નહિ હોવા છતાં તે વર્ગે પોતાના તે અર્થમાં **'તેરસ હોવા છતાં'** એ વાકય પણ (પોતાનો ૧૩/૧૪નો મત, આ ગ્રંથથી પ્રમાણિક લેખાવવા સારૂ) પદરનું ઉમેરીને આ શાસ્ત્રકારને નામે ચઢાવી દીધેલ હોવાથી તે વર્ગનો તે અર્થ પણ બરાબર તો નથી જ; પરંતુ શાસ્ત્રકારના ધ્યેયના ખુલ્લા દ્રોહરૂપે ભ્રામક છે.

અહિં એ ખાસ ધ્યાન રાખવાનું છે કે–તે વર્ગે, પ્રશ્ન ૩૦માંના લખાણમાંની સાક્ષી ગાથાનો 'ચૌદશના ક્ષયે તેરસે તેરસ પણ કહેવાય અને ચૌદશ પણ કહેવાય' એ મુજબ જે વિચિત્ર અર્થ કરેલ છે, **તે અર્થને** તો તે જ વર્ગે જણાવેલો એ સંસ્કૃત પંક્તિમાંના **मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्तः**' એ વાકયનો 'મુખ્યપણે ચૌદશ જ કહેવાય' એ

અર્થ અને તે વર્ગે જ રજુ કરેલો એ જ અર્થવાળો શાસ્ત્રકારનો અભિપ્રાય બંનેય વિચિત્ર લેખાવતા હોવાથી તે વર્ગ તે અર્થમાં પોતાના હાથે ય જૂઠો ઠરે છે. ચૌદશના ક્ષયે તેરસે-ગ્રંથકારે જણાવેલા તે ગૌણ મુખ્ય ભેદે પણ-જ્યારે ચૌદશ જ કહેવાય છે ત્યારે પ્રાયશ્ચિત્તાદિ-વિધિમાં તો ચૌદશ જ કહેવાય, એ દીવા જેવી વાતને તત્સ્વરૂપે જાણવા છતાં કેવલ પોતાના ચોગરદમ નિરાધાર ઠરેલા નવા મતના આગ્રહ ખાતર તેવા પ્રસંગે તે વર્ગ ૧૩/૧૪ લેખાવતો ન જ અટકે ત્યારે તેની સ્થિતિ જ્ઞાની ભગવંતો જાણે.

**પ્રશ્ન ૩૨:**-આ દરેક વસ્તુ જોતાં તે વર્ગ, સં. ૧૯૯૩ થી લૌકિક પંચાંગમાંના એકવડા તથા જોડીયા પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ પ્રસંગે શ્રીસંઘમાં આરાધનામાં પ્રવર્તતી પૂર્વ કે પૂર્વતર અપર્વની ક્ષય-વૃદ્ધિ કરવાની અવિચ્છિન્ન પ્રવૃત્તિને ઇરાદાપૂર્વક ન કહીએ તો કેવલ અજ્ઞાન-તાથી જ ખોટી જણાવવા માંડેલ હોવાની વાત સાચી ઠરે છે; પરંતુ તે વર્ગ, પર્વક્ષયે પૂર્વની તિથિમાં તે ક્ષીણપર્વની આરાધના કરવાના પોતાના મતના બચાવમાં આ શ્રી તત્ત્વ-તરંગિણી ગ્રંથમાં જે જે સ્થલે '**क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं, त्रयोदशीकृत्यं सप्तम्यां, सप्तम्यामेवाभीष्टमष्टम्यनुष्ठानं, पूर्वस्यां सप्तम्यां, पूर्वस्यां त्रयोदश्यां क्षीणाष्टमीयुक्तां सप्तमीं, त्रयोदशीयुक्तां चतुर्दशीं**' ઇત્યાદિ સપ્તમ્યન્તવાક્યો જણાવેલાં છે, તે તે વાક્યોને આગલ કરીને "પર્વતિથિના ક્ષય વખતે-ક્ષીણ અષ્ટમીનું કૃત્ય સાતમમાં, સાતમમાં કરાતું આઠમનું કાર્ય, તેરસનું કાર્ય સાતમમાં, સાતમમાં જ આઠમનું કાર્ય ઇષ્ટ છે, પૂર્વની સાતમમાં, પૂર્વની તેરસમાં, ક્ષીણ અષ્ટમીયુક્ત સાતમ, ક્ષીણ ચતુર્દશીયુક્ત તેરસમાં કરવાનું છે એમ અમે જ જણાવતા નથી; પણ આ શાસ્ત્રકાર મહારાજ જણાવે છે." એ મુજબ પ્રચાર ચાલુ રાખીને પર્વતિથિના ક્ષયે આરાધનામાં પણ '૧/૨-૪/૫-૭/૮-૧૦/૧૧-૧૩/૧૪-૧૪/૧૫-૧૪/૦))' એમ બોલે છે, તેનાં પંચાંગમાં લખે છે અને સર્વત્ર પ્રચારે છે: તો તે વાતમાં કાંઈ તથ્ય ખરૂં ?

**ઉત્તર:**-આ શ્રી તત્ત્વતરંગિણીગ્રંથના અનુવાદમાં ગ્રંથકારના તેવા સપ્તમ્યન્ત વાક્યો જણાવતા અધિકારના અનુવાદ નીચેના નં. ૧૨ થી ૧૯ પર્યંતના ટિપ્પણમાં-'શાસ્ત્રકારનાં તેવાં વાક્યોનો અર્થ, તે વર્ગ ભદ્રિકોને ભ્રમમાં રાખવાના હેતુથી તેવો વિપરીત કરે છે' એમ સ્પષ્ટ કરી આપેલ છે. તે વર્ગ, '**क्षये पूर्वा०** મુજબ ચૌદશના ક્ષયે તેરસે તેરસનું નામ પણ લેવાતું નથી અને ચૌદશ જ કહેવાય છે' એમ જણાવનાર આ શાસ્ત્રકાર ભગવંતના નામે તે રીતે અષ્ટમી ચતુર્દશીના ક્ષયે સાતમમાં આઠમનું અને તેરસમાં ચૌદશનું કાર્ય કરવાનું લેખાવે છે તે હૃદયમાં રાજતી ભવાભિનંદિતાને જ આભારી છે. શ્રી તત્ત્વતરંગિણીમાં '**नष्टाप्यष्टमी परावृत्त्याभिमन्यते**' એવા સ્પષ્ટ પાઠો જોવા છતાં તેની સામે અનારાધકજનો જ આંખમીંચામણાં કરી શકે. નં. ૧૨ થી ૧૯ પર્યંતના તે ટિપ્પણમાં આ દરેક બીના વિસ્તારથી જણાવવા પૂર્વક 'તે વર્ગ તરફથી શાસ્ત્રકારનાં તે તે વચનોના થઈ રહેલા તેવા વાહિયાત અર્થપ્રચારમાં કશું જ તથ્ય નથી.' એમ સપ્રમાણ ઠરાવી આપેલ છે. **આ સંબંધમાં ખાસ ખ્યાલમાં રાખવાની વાત એક જ છે કે-શાસ્ત્રકારે તે सप्तम्यन्त વાક્યો,**

**આરાધનાની કે શ્રીમત્તપાગચ્છની માન્યતાની અપેક્ષાએ જણાવેલ નથી; પરંતુ લૌકિકટિપ્પણાંની અને તે મુજબની ખરતરની માન્યતાની અપેક્ષાએ ખરતરને ઉદ્દેશીને જ જણાવેલાં છે.**

**પ્રશ્ન ૩૩:**–શ્રી તત્ત્વતરંગિણી પત્ર ૪ ઉપરની–'**एतच्च त्वयाप्यंगीकृतमेव, अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लमेत, न चेष्टापत्तिः, आबालगोपाल प्रतीतमेव अद्याष्टम्याः पौषधोऽस्माकमिति, एतद्वक्तपुरुषानुष्ठीयमानानुष्ठानापलापित्वेनौन्मस्यप्रसंगात्** ।' એ પહેલી તથા બીજી પંક્તિના વિશાલ અર્થને તે વર્ગે તેમની સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના પૃ. ૨૫ ઉપર–"આ વસ્તુ તેં પણ અંગીકાર કરેલ છે. જો તેમ ન હોય તો આઠમના ક્ષયે સાતમના દિવસે 'અમે આજે આઠમનો પૌષધ આદિ કરેલો છે.' એમ તારાથી કેવી રીતે કહી શકાશે ?" એ પ્રમાણે સંક્ષેપી નાખવાનું અને તે સંક્ષિપ્તાર્થને પ્રશ્નાર્થરૂપે જણાવવાનું શું પ્રયોજન હશે ?

## તે વર્ગે એ અર્થમાં ત્રણ ગરબડ કરી હોવાથી તે અર્થને પ્રશ્નાર્થમાં રજુ કરેલ છે.

**ઉત્તર:**–(૧) શ્રી તત્ત્વતરંગિણીગ્રંથમાંની તે પહેલી પંક્તિમાંના–'**एतच्च त्वयाप्यंगीकृतमेव**' વાક્યનો જે–"**તે** (લૌકિક પંચાંગમાંના પર્વક્ષયે આરાધનામાં તે પૂર્વતિથિનાં સ્થાને ક્ષીણતિથિને પર્વતિથિ જ કરવાની) **વાત તો–તમે પણ સ્વીકારેલી જ છે**" એમ અર્થ છે. અર્થાત્ તે વાક્યનો જે–'ખરતરે પણ ક્ષીણ પર્વતિથિ ચૌદશને પૂર્વની અપર્વતિથિનાં સ્થાને ઔદયિકી ચૌદશરૂપે જ સ્વીકારેલ છે' એમ જણાવનારો '**एव**'કાર પૂર્વકનો નિશ્ચિત અર્થ છે તે નિશ્ચિત અર્થને પોતાના ૧૯૯૨ના મતમાં ઘસડવા સારૂ તે વર્ગે પોતાની તે બૂકમાં તે સ્થલે તે નિશ્ચિત અર્થમાંના '**સ્વીકારેલી જ છે.**' એ વાક્યમાંનો '**एव**=જ' કાર લોપીને '**આ વસ્તુ તેં પણ અંગીકાર કરેલી છે.**' એ પ્રમાણે હળવો અર્થ કરી નાખવા વડે તે નિશ્ચિત અર્થનો અનિશ્ચિત અર્થ બનાવી દીધેલ છે.

(૨) તે પહેલી સંસ્કૃતપંક્તિમાંના તે વાક્ય પછીના–'**अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लमेत**' એ વાક્યનો જે–"**આમ છતાં પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિએ ક્ષીણપર્વતિથિ જ ન કરો તો સાતમના દિવસે કરાતું ક્ષીણ અષ્ટમીનું કાર્ય આઠમના નામને નહિ પામે.**" એ પ્રમાણે આઠમના ક્ષયે જે પૂર્વની સાતમનો આઠમ તરીકે વહેવાર કરવાનું જણાવનાર અર્થ છે તે અર્થ, નવા વર્ગના (આઠમના ક્ષયે ૭/૮ ભેળી કરવાના) નવીન મતને બાધક હોવાથી તે સ્થલે એ વર્ગે, તે અર્થનો–"**જો તેમ ન હોય તો આઠમના ક્ષયે સાતમના દિવસે 'અમે આજે આઠમનો પૌષધ આદિ કરેલો છે' એમ તારાથી કેવી રીતે કહી શકાશે ?**" એ પ્રકારે અર્થ કરવા વડે (તે અર્થના 'પર્વક્ષયે પૂર્વતિથિનો ક્ષય જ કરવો' એ નક્કર અવાજને ઉડાવી જ દઈને તેમજ તે અર્થમાં [ શાસ્ત્રમાં અષ્ટમી–ચતુર્દશી–પૂર્ણિમા અને

અમાવાસ્યારૂપ ચતુષ્પર્વીમાં શ્રાવક માટે પૌષધનું જ વિધાન હોવા છતાં તે ચતુષ્પર્વીમાં તે વર્ગ, બીજાં બીજાં અનુષ્ઠાનો લેવાનું જે મનસ્વીપણે કહે છે તે પોતાની કલ્પિતવાતને આ શાસ્ત્રથી ખરી લેખાવવા સારૂ ] 'આદિ' શબ્દ ઘરનો ઉમેરીને ) શાસ્ત્રકારના તે અર્થમાંના આઠમના ક્ષયે પૂર્વની સાતમને આઠમ જ ગણીને તે આઠમે કરાતા પૌષધને આઠમનો પૌષધ કહેવાના નક્કર અવાજને ચીમળાવી નાખેલ છે અને તે વર્ગે કરેલા તેવા પણ તે અર્થમાં તેમને જે–'આઠમનો પૌષધ' એમ તો જણાવવું જ પડેલ છે જે તેને આઠમના ક્ષયે સાતમે આઠમ કબૂલવી નહિ હોવાથી ખટકે છે, માટે જ તે વર્ગે પોતે પણ કરેલા પોતાના તે અર્થને ત્યાં પ્રશ્નાર્થમાં રજુ કરવાની ચાલબાજી કરેલ છે અને—

(૩) તે સંસ્કૃત પહેલી પંક્તિમાંના તે વાક્ય 'પછીની–'**न चेष्टापत्तिः, आबालगोपाल०**' એ બીજી આખીએ પંક્તિનો તો તે વર્ગે અર્થ જ ઉડાવી દીધેલ છે! કારણ કે–તે બીજી પંક્તિમાંના– '**न चेष्टापत्तिः**', વાક્યનો જે–"આઠમનો વ્યવહાર ન પામો; પરંતુ આઠમના પૌષધની તો પ્રાપ્તિ છે ને? એમ પણ ન કહેવું." એ ભાવાર્થ છે તે, આઠમના ક્ષયે ૭/૮ ભેળી કહીને તે દિવસે આઠમનો વ્યવહાર બંધ કરી દેનાર તે વર્ગને સાતમે આઠમ કહેવાની ફરજ પાડતો હોવાથી બાધક છે, અને તે પંક્તિમાંના તે વાક્ય પછીની '**आबालगोपाल०**' એ આખીયે પંક્તિનો–"કારણ કે–તેવું બોલવામાં 'આજે અમારે આઠમનો પૌષધ છે' એવું બાલકથી માંડીને રાજા પર્યંત જે પ્રસિદ્ધ જ છે એ વચન બોલનાર પુરુષ વડે પળાતા પૌષધના અનુષ્ઠાનનો અપલાપ કરવાપણું હોવાથી ગાંડા લેખાવાનો પ્રસંગ છે." તે અર્થ તો અષ્ટમીના ક્ષયે આઠમ વિનાજ આઠમનો પૌષધ ગણાવવા માંડેલા તે વર્ગને 'ગાંડો' કહે છે, માટે તે વર્ગે પોતાની તે બૂકમાંથી તે આખી પંક્તિનો અર્થ જ ઉડાવી દીધેલ છે!

આમ તે વર્ગે તે પહેલી તથા બીજી સંસ્કૃતપંક્તિમાંના પોતાના મતને અસત્ય લેખાવનારા કેટલાક વાક્યોનો અર્થ ઉલટો કરવાના ઇરાદે ટુંકાવી નાખવાથી તેમજ બીજી પંક્તિનો તો અર્થ જ ઉડાવી દેવાથી તે બંને પંક્તિનો વિશાલ અર્થ, સંક્ષિપ્ત બનેલ છે.

**પ્રશ્ન ૩૪:**–શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના પૃ. ૧૨ ઉપરની ૧૭મી ગાથાની ટીકાની છટ્ઠી પંક્તિથી શાસ્ત્રકારનો જે—'**अथ तिथीनां हानौ वृद्धौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्द्धेनाह–'जं जा जंमि' त्ति यद्–यस्माद् या तिथिर्यस्मिन् आदित्यादिवारलक्षणे दिवसे समाप्यते स एव दिवसो वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः**,' એ પ્રમાણે ઉલ્લેખ છે. તે ઉલ્લેખમાંની અવતરણિકાનો અર્થ, તે વર્ગે તેમની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના પૃ. ૧૮૧ના ચોથા પેરામાં–"ગાથાના પૂર્વાર્દ્ધમાં પરગચ્છીને વૃદ્ધિપ્રસંગે પ્રથમ તિથિ લેવાનો નિષેધ જણાવીને તેના ઉત્તરાર્દ્ધમાં ગ્રંથકાર જે લક્ષણ ફરમાવે છે તે આ પ્રમાણે છેઃ" એવો કરેલો છે તે બરાબર છે?

**ઉત્તરઃ**–તે અર્થમાં નવા વર્ગે, પોતાના મતાગ્રહ ખાતર શાસ્ત્રકારકૃત તે અવતરણિકાના (૧)–"હવે તિથિની વૃદ્ધિ અને ક્ષયની વખતે કઈ તિથિ સ્વીકારવી? એ પ્રશ્નના સમાધાન

માટે અહિં બંને તિથિઓનું સાધારણ=સામાન્ય લક્ષણ ઉત્તરાર્દ્ધથી જણાવે છેઃ" એ અક્ષરશઃ અર્થને ઉડાવી દીધેલ છે, (૨)–વૃદ્ધિ અને ક્ષય બંને વખતને માટેની તે અવતરણિકાના અર્થને અર્થાપત્તિથી કેવલ વૃદ્ધિતિથિ પૂરતો જ લેખાવેલ છે અને (૩)–શાસ્ત્રકારે એકવડી પર્વતિથિના ક્ષય અને વૃદ્ધિના પ્રસંગને માટે જણાવેલા તે **સર્વસાધારણ લક્ષણને** (ભા૦ શુ. ૪–૫, ૧૪–૧૫ અને ૧૪–૦)) જેવાં જોડીયા પર્વ પ્રસંગની વિશેષ વાતને પણ લાગુ કરવાના દુરાશયથી વિશેષ લક્ષણ તરીકે ખેંચી જવા સારૂ માત્ર '**લક્ષણ**' કહેવાની ગરબડ કરેલ છેઃ આથી તે અર્થ બરાબર તો નથી જ; પરંતુ અનર્થકારી છે.

**પ્રશ્ન ૩૫:**–શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાંની તે અવતરણિકા પછીની '**जंजा जंमि०**' પંક્તિનો અર્થ, તે વર્ગે તે સ્થલે (અવતરણિકાના કરેલા તેવા અર્થ પછી) **પંચમ્યાદિ** જે તિથિ રવિવારાદિ જે દિવસે સમાપ્ત થતી હોય તે જ રવિવારાદિ દિવસ તે **પંચમ્યાદિ** તિથિરૂપે પ્રમાણભૂત છે." એ પ્રમાણે કરેલ છે તે બરાબર છે?

**ઉત્તર:**–શ્રી તત્ત્વતરંગિણીમાંની તે પંક્તિનો અક્ષરશઃ અર્થ,–"જેથી કરીને જે તિથિ જે રવિવાર આદિ લક્ષણવાળા દિવસે સમાપ્ત થાય તે વારલક્ષણવાળો દિવસ પ્રમાણ કરવો= એટલે કે–તે દિવસ તે તિથિપણે જ સ્વીકારવોઃ" એ પ્રમાણે છે. શાસ્ત્રકારના તે ઉલ્લેખના આ અર્થમાં 'પંચમી' નામ જ નહિ હોવા છતાં તે વર્ગે, શાસ્ત્રકારના આ ઉલ્લેખમાં (સં. ૧૯૯૨ અને ૧૯૯૩માં તે વર્ગે કરેલી પંચાંગમાંની ભા. શુ. બે પાંચમની વાતને આ શાસ્ત્રથી પ્રમાણિક લેખાવવા સારૂ) 'પંચમી' શબ્દ, ઘરનો ઘુસાડીને તે શબ્દને પોતે કરેલા તે કૃત્રિમ અર્થદ્વારા આ શાસ્ત્રકારના નામે ચડાવી દેવાનું કાપટ્ય કેળવેલ હોવાથી તેમજ 'તિથિપણે જ પ્રમાણભૂત છે' એમ જણાવવાને બદલે તે વાક્યાર્થમાંથી '**एव**–જ' કાર ઉડાવી દેવા પૂર્વક 'તિથિપણે પ્રમાણભૂત છે' એમ જણાવવા વડે તે વાક્યાર્થમાંનો અવધારણાર્થ લોપી નાખેલ હોવાથી તે વર્ગનો તે અર્થ ભારે અનર્થકારી છે.

**પ્રશ્ન ૩૬:**–તે સ્થલે નવાવર્ગે તે અર્થની નીચે–"આ નિયમમાં શાસ્ત્રકારે સીધું અને સ્પષ્ટ લક્ષણ બાંધી આપ્યું–'જે તિથિ તમારે જોઈતી હોય તે તિથિની સમાપ્તિ કયે દિવસે થાય છે, એટલું તમે તપાસી લો. જે દિવસે તે સમાપ્ત થતી હોય તે દિવસે તમારે તે તિથિ કરવી. પછી ભલે તેનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય. કોઈને બદલે કોઈનો ક્ષય કે વૃદ્ધિ આદિ કરવાની કાંઈ ગડમથલ કરશો નહિ." એ પ્રમાણે તે અર્થનો જે ભાવ જણાવેલ છે તે શાસ્ત્રસંગત છે?

**ઉત્તર:**–તે વર્ગે, શાસ્ત્રકારની તે પ્રશ્ન ૩૪માં જણાવેલી મૂલ પંક્તિમાંના '**या तिथि- र्यस्मिन्०**' વાક્યના અર્થમાં ઘુસાડેલ 'પંચમી' શબ્દને સ્થાને તેમણે જણાવેલા આ ભાવમાં વળી 'જે તિથિ તમારે જોઈતી હોય' એવું ઘરનું વાક્ય ગોઠવીને પંચમીને બદલે ક્ષય કે વૃદ્ધિ ન પામી હોય તેવી પણ તિથિઓ લેખાવી છે! અને તેમ કરીને શાસ્ત્રકારે (જે પર્વતિથિ,

ક્ષીણ કે વૃદ્ધ હોય તે એકજ ક્ષીણ કે વૃદ્ધતિથિને આખા દિવસ માટે નક્કી કરી આપવા સારૂ) બાંધેલા તે લક્ષણને ક્ષીણ કે વૃદ્ધતિથિ ઉપરાંત તે ક્ષીણ કે વૃદ્ધતિથિની પહેલાંની તિથિને પણ લાગુ કરવાનો મૂર્ત્તિમંત પ્રપંચ ખડો કરેલ છે! આથી તે વર્ગે પોતે કરેલા કૃત્રિમ અર્થનો જણાવેલો તે ભાવ, શાસ્ત્રસંગત તો નથી જ; પરંતુ શાસ્ત્રદ્રોહી છે. જે શાસ્ત્રકાર, પ્રથમ–જે **क्षये पूर्वा०**નો અર્થ, 'ચૌદશના ક્ષયે તેરસે તેરસનું નામ પણ નહિ લેતાં ચૌદશ જ કહેવાય છે.' એમ જણાવે છે તે જ શાસ્ત્રકારની આ તે જ વાતને મળતી વાતને (તેના અર્થમાં અને તે અર્થના ભાવમાં આ રીતે ઘરના શબ્દો અને વાકયો ગોઠવી દેવા પૂર્વક) 'ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે કોઈને બદલે કોઈનો ક્ષય–વૃદ્ધિ કરવાની કાંઈ ગડમથલ કરશો નહિ.' એવા અનર્થમૂલ અર્થવાળા કલ્પિત વાકયો શાસ્ત્રકારના નામે રજુ કરાય તે તો શાસ્ત્રકાર અને શાસ્ત્ર એ બંનેના પ્રકટ દ્રોહરૂપ ગણાય.

તેવો બનાવટી અર્થ કરવા સારૂ શાસ્ત્રકારની પંક્તિના અર્થમાં પ્રથમ તો તે વર્ગે એ પ્રમાણે 'પંચમી' શબ્દ ઘુસાડયો, તે પછી તે અર્થના ભાવમાં તે 'પંચમી' શબ્દને 'સર્વતિથિઓ' તરીકે લેખાવ્યો! અને તેમ કરીને ઉપજાવી કાઢેલા તે 'ભાવ'નો પણ જે 'ક્ષય કે વૃદ્ધિ વખતે કોઇને બદલે કોઈનો ક્ષય કે વૃદ્ધિ કરવાની કાંઇ ગડમથલ કરશો નહિ.' એ પ્રમાણે અવિચ્છિન્ન આચરણાલોપક સાર જણાવ્યો તે બધું તેમની જ તે ભાવ અને તે ભાવના કાઢેલા સાર ઉપરની–**'જે દિવસે તે (ક્ષીણતિથિ) સમાપ્ત થતી હોય તે દિવસે તમારે તે તિથિ કરવી.'** એ પંક્તિથી ફૂટ ઠરે છે. તે પંક્તિ લખવા વડે 'પર્વ તિથિના ક્ષય વખતે પૂર્વની તિથિનાં સ્થાને તે ક્ષીણતિથિને પર્વતિથિ કરવાનું તો તે વર્ગે ત્યાં પહેલી તકે જ સ્વીકારેલું હોવાથી પૂર્વતિથિનો ક્ષય સ્વીકારેલ જ છે.' આમ છતાં પર્વક્ષય વખતે **'क्षये पूर्वा०'**નો તે વર્ગ 'પૂર્વની તિથિમાં તે ક્ષીણપર્વની માત્ર આરાધના કરવી, પણ પૂર્વતિથિનો ક્ષય ન કરવો.' એવો કલ્પિત અર્થ કરીને ચાલે છે અને તેમ અવળું વર્ત્તવામાં પોતાને આરાધક લેખાવી શકે છે તે પંચમકાળનો પ્રભાવ માનવો રહે છે.

**પ્રશ્ન ૩૭:**–શ્રી તત્ત્વતરંગિણીગ્રંથના પૃ. ૧૨ ઉપરની અંતિમ–**'अत एव 'क्षये पूर्वा तिथिर्ग्राह्या' तस्मिन्नेव दिवसे द्वयोरपि समाप्तत्वेन तस्या अपि समाप्तत्वात्, एतत्संवादकं च 'तिहिवाए पुव्वतिही' त्ति गाथाव्याख्यावसरे प्रपंचितमिति।'** પંક્તિનો અર્થ, નવા વર્ગે તેમની તે 'પર્વતિથિપ્રકાશ' બૂકના પેજ ૧૮૨ ઉપર–"એટલા જ માટે–**'क्षये पूर्वा तिथिर्ग्राह्या'** એ શ્લોક જે ઉમાસ્વાતિ મહારાજનો કરેલો છે એવો વૃદ્ધ સંપ્રદાય છે તે (શ્લોક) બરાબર છે. કેમકે–ચૌદશ–પૂનમ આદિ જ્યાં બે પર્વતિથિઓ સાથે આવી હોય અને તેમાં પૂનમ વગેરેનો ક્ષય હોય ત્યારે એકજ દિવસમાં ચૌદશ–પૂનમ બંને તિથિઓ સંપૂર્ણ થાય છે તેથી બેય તિથિઓનું તે દિવસે આરાધન કરાય છે. આને મળતી વાત **'तिहिवाए पुव्वतिही'** ગાથા ૪ની વ્યાખ્યામાં અમે કહી દીધી છે." એ પ્રમાણે કરેલ છે તે શાસ્ત્ર અને પરંપરાનુસારી છે?

**ઉત્તરઃ-તે પંક્તિનો અક્ષરશઃ અર્થ**,-"ક્ષય વૃદ્ધિ વખતે સ્વીકાર્ય તિથિનું જણાવ્યું છે તે લક્ષણ સામાન્ય હોવાથી જ '**क्षये पूर्वा तिथिर्ग्राह्या**'=પર્વતિથિના ક્ષય વખતે પૂર્વની (પર્વાપર્વ કોઇપણ) તિથિને તિથિ તરીકે ગ્રહણ કરવી.' કારણકે-તે ક્ષીણ તિથિના દિવસે જ બંને તિથિનું સમાપ્તપણું હોવાથી તે ક્ષીણ તિથિનું પણ સમાપ્તપણું છે. અને તેને મળતી વાત '**तिहिवाए पुव्वतिहो०**' (ચોથી) ગાથાની વ્યાખ્યાવસરે વિસ્તારથી જણાવેલ છે." એ પ્રમાણે છે. આ અક્ષરશઃ અર્થમાં તે વર્ગે નીચે પ્રમાણે છ ગરબડો કરીને તે સત્ય અર્થને મૂલમાંથી જ હણી નાખેલ છે.

## તે અર્થમાં તે વર્ગે કરેલી ૬ ગરબડો!!!

(૧)-તે પંક્તિમાં પ્રથમના '**अत एव**' વાકયનો '**સામાન્ય લક્ષણ હોવાથી જ**' એ અર્થ, વાચકના ખ્યાલ પર નહિ આવવા દેવા તે અર્થનાં સ્થાને નવા વર્ગે પોતાના તે અર્થમાં તે સંસ્કૃતપંક્તિમાંના તે પ્રથમના '**अत एव**' વાકયનો '**એટલા જ માટે**' એમ અર્થ કર્યો છે, (૨)-તે પછીના-**क्षये पूर्वा तिथिर्ग्राह्या**' એ પ્રઘોષનો તે વર્ગે, પોતાના તે અર્થમાંથી-'**પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિને પર્વતિથિ તરીકે ગ્રહણ કરવી.**' એ આખો અર્થ જ ઉડાવી દીધો છે, (૩)-તે પ્રઘોષ પછીના '**तस्मिन्नेव दिवसे**' એ વાકયના-'**તે ક્ષીણતિથિના દિવસે જ**' એ અર્થને તે વર્ગે, પોતાના તે અર્થમાં-(તે પંક્તિમાં 'ચૌદશ-પૂનમ' શબ્દોનું નામનિશાન નહિ હોવા છતાં) 'કેમકે-ચૌદશ-પૂનમ આદિ જ્યાં બે તિથિઓ સાથે આવી હોય અને તેમાં પૂનમ વગેરેનો ક્ષય હોય ત્યારે એક જ દિવસમાં' એ પ્રમાણે સદંતર કૃત્રિમ રૂપ આપીને શાસ્ત્ર અને આચરણાનો ઘાતક અર્થ બનાવી દીધેલ છે, (૪)-તે સંસ્કૃત વાકય પછીના-'**द्वयोरपि समाप्तत्वेन**' એ વાકયના (પૂર્વની ઉદયાત અને પછીની ક્ષીણ એમ) '**બંને તિથિનું સમાપ્તપણું હોવાથી**' એ અર્થને ઉડાવી દઈને તેના સ્થાને તે વર્ગે, પોતાના તે અર્થમાં **ચૌદશ-પૂનમ બંને તિથિઓ સંપૂર્ણ થાય છે તેથી**' એ પ્રકારે સદંતર બનાવટી અર્થ ગોઠવી દીધેલ છે, (૫)-તે સંસ્કૃત વાકય પછીના '**तस्या अपि समाप्तत्वात्**' એ વાકયના-'**તે ક્ષીણ તિથિનું પણ સમાપ્તપણું છે.**' એ એક તિથિની સમાપ્તિ જણાવનારા અર્થને બદલે તે વર્ગે, પોતાના તે અર્થમાં તેનાં સ્થાને (અહિં એક તિથિનીય આરાધનાની વાત જ નહિ હોવા છતાં)-'**બેય તિથિઓનું તે દિવસે આરાધન કરાય છે.**' એ પ્રકારની પોતાની માન્યતાને શાસ્ત્રકાર ભગવંતના નામે ગોઠવી દેવાનો વિષમ પ્રપંચ કરેલ છે અને (૬)-તે સંસ્કૃત વાકય પછીની '**एतत्संवादकं तिहिवाए पुव्वतिहो०**' **એ અંતિમપંક્તિના** તે વર્ગે, પોતાના તે અર્થમાં જણાવેલા- 'આને મળતી વાત '**तिहिवाए पुव्वतिहो०**' ગાથા ૪ની વ્યાખ્યામાં અમે કહી દીધી છે.' એ પ્રમાણેના **સીધા અર્થને** આ અર્થની પહેલાં રજુ કરેલી પોતાની 'બેય તિથિઓનું તે દિવસે આરાધન કરાય છે' એ શાસ્ત્ર અને આચરણા-

દ્રોહી માન્યતાની પુષ્ટિમાં યોજી દેવાનું કપટ કરેલ છે! (કે-જે ચોથી ગાથાની વ્યાખ્યા, ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ જ કહેવા દ્વારા પૂનમના ક્ષયે ચૌદશે પૂનમ જ કરવાની અને તે ચૌદશને તેરસે કરવાની વ્યવસ્થા કરી આપે છે.)

**પ્રશ્ન ૩૮:**-શાસ્ત્રકારે આ મૂળગ્રંથના ૧૨મા પેજ ઉપરની તે **'जं जा जम्मि०'** ગાથા દ્વારા પર્વતિથિના હાનિ-વૃદ્ધિ પ્રસંગે તિથિગ્રહણ માટેનું જે લક્ષણ જણાવેલું છે તે લક્ષણ કોઈપણ તિથિના નામનિર્દેશ વિનાનું હોવા છતાં તે વર્ગે પોતાના તે અર્થમાં ચૌદશ અને પૂનમ એ બે તિથિનું નામ જણાવવામાં અને બાર પર્વીમાંની ફક્ત પૂનમનો જ ક્ષય જણાવવામાં શું હેતુ હશે?

**ઉત્તર:**-" શાસ્ત્રકારે ક્ષય-વૃદ્ધિ પ્રસંગે તિથિગ્રહણ માટેનું જણાવેલું તે લક્ષણ, કેવલ પૂનમની ક્ષય-વૃદ્ધિ પ્રસંગને અનુલક્ષીને જણાવેલ નથી; પરંતુ (પંચાંગમાં બારપર્વીમાંની કોઈપણ તિથિની ક્ષય-વૃદ્ધિ આવતી હોવાથી) સર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિને માટે તે સર્વ સાધારણ લક્ષણ જણાવેલ છે. અને તેથી જ તે લક્ષણમાં કોઈપણ તિથિનો નામનિર્દેશ નથી, તેમજ તે 'ક્ષયે પૂર્વા'ના અર્થ તરીકે શાસ્ત્રકારે જણાવેલા-**'तस्मिन्नेव दिवसे द्वयोरपि समाप्तत्वेन'** વાકયથી તે ક્ષીણ એવી એક તિથિના દિવસે (બીજ આદિના ક્ષયે એકમ-બીજ આદિરૂપે) તે બંને તિથિનું માત્ર સમાપ્તપણું જ જણાવેલું છે." એમ તે વર્ગ પણ જાણે છે. છતાં [ તે વર્ગના તિથિના ક્ષયે પૂર્વતિથિમાં ક્ષીણતિથિનું માત્ર આરાધન જ કરવું' એ નવામતને શાસ્ત્રકારે જણાવેલું-ક્ષીણતિથિને તે દિવસે તે તિથિરૂપે જ ગણવા ફરજ પાડનારૂં લક્ષણ, બાધક હોવાથી એટલે કે-તે લક્ષણ મુજબ વર્ત્તવામાં તે વર્ગને **પૂનમના ક્ષયે** ૧૪/૧૫ (લેખાવીને તે બંને ચતુષ્પર્વીમાંની એક પૂનમ તિથિને ઉડાડી દેવાની હાથ ધરેલી મનસ્વી રીત) ને બદલે પંચાંગની ચૌદશે **ચૌદશના સૂર્યોદયથી પૂનમ કરવી પડતી હોવાથી** અને તેમ કરવા જતાં તે ખસેડેલી ચૌદશને પંચાંગની તેરસે કરવાની મૂલસ્થિતિમાં મૂકાઈ જવું પડતું હોવાથી તે વર્ગે, પોતાના તે અર્થમાં શાસ્ત્રકારે દર્શાવેલા તે-**'એકવડી પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે એક જ તિથિ નક્કી કરી આપનારા લક્ષણને** બંને તિથિની સમાપ્તિના બ્હાને ચૌદશ-પૂનમરૂપ બેવડી પર્વતિથિને પણ લાગુ કરવાનો શાસ્ત્રઘાતક પ્રપંચ જ ખડો કરેલ છે. એ પ્રપંચમય અર્થમાં તે વર્ગે, શાસ્ત્રકારથી વિરુદ્ધ જઇને કેવલ પૂનમના જ ક્ષયની વાત કરવા વડે જે-બીજ આદિના ક્ષયે તે બીજ આદિના દિવસે '૧/૨-૪/૫-૭/૮-૧૦/૧૧-૧૩/૧૪' રૂપે સમાપ્ત હોતી તે તે બધી બબ્બે તિથિની સમાપ્તિવાળી વાતને ઉડાડી દીધેલ છે અને કેવલ પૂનમના ક્ષયે તે પૂનમના દિવસે ૧૪/૧૫ રૂપે સમાપ્ત હોતી બે તિથિની સમાપ્તિવાળી તે એક જ વાતને આગલ કરેલ છે તે, શાસ્ત્રના ભોગે પણ પોતાના સદંતર નિરાધાર ઠરેલા નવા તિથિમતને સૈદ્ધાંતિક મનાવવાના ભવવર્ધક મમત્વનું પ્રતીક છે.

તે વર્ગ, એ રીતે પોતે ઉભા કરેલા તેવા મમત્વી પ્રપંચદ્વારા-પૂનમના ક્ષયે અવિચ્છિન્ન

પરંપરા મુજબ તેરસે કરાતી ચૌદશ બદલ શાસ્ત્રકારદર્શિત તે સમાપ્તિની વાતને આગલ કરીને જે-' પૂનમના ક્ષયે તેરસે ચૌદશની સમાપ્તિ નહિ હોવાથી તેરસે ચૌદશ કરનારાઓ શાસ્ત્રકારે જણાવેલી સમાપ્તિવાળી તિથિ માનવાની વાત ઉપર પગ મૂકીને ખોટું કરે છે.' એ પ્રમાણે બોલે છે–લખે છે અને પ્રચારે છે તે, આપણા શ્રી ચતુર્વિધસંઘમાં પોતાના તે મમત્વી પ્રપંચને જ સિદ્ધાંત તરીકે ઠસાવી દેવાની મલીન મનોવૃત્તિને આભારી છેઃ પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે ઉદયાત તિથિને પ્રાપ્ત કરવા સારૂ શાસ્ત્રકારે બાંધેલું તે લક્ષણ, ' એકવડી પર્વતિથિને પ્રાપ્ત કરવા અંગેનું જ છેઃ ચૌદશ–પૂનમ, ચૌદશ–અમાસ કે ભા. શુ. ચોથ–પાંચમ જેવાં જોડીયા પર્વની વ્યવસ્થા કરવા અંગેનું કે–તેવાં જોડીયા પર્વમાંની એક પર્વતિથિને તે વર્ગની જેમ ઉડાવી દેવા અંગેનું તે લક્ષણ નથી જઃ' એમ જાણવા છતાં તે વર્ગે, આવી ફૂટ રીતે તે એકવડી પર્વતિથિ અંગેના લક્ષણને જોડીયા પર્વને લાગુ કરવાની ચેષ્ટા કરેલ છે તે પૂનમ–અમાસ અને ભા. શુ. પાંચમના ક્ષયે તેરસે ચૌદશ અને ત્રીજે ચોથ કરવાની આ શાસ્ત્રથી પણ પ્રમાણિક ઠરતી પ્રાચીન પરંપરાને બલાત્કારે અસત્ય લેખાવવાની અનારાધકતા હોઈને કલ્યાણ કામીજનોએ તેવા ષડ્યંત્રોથી ખુબ જ સાવધ રહેવું જરૂરી છે.

**પ્રશ્ન ૩૯ :** શ્રી તત્ત્વતરંગિણી મૂલ પૃષ્ઠ ૧૩ ઉપરની ૧૮મી ગાથા ટીકાની પંક્તિ ચોથીથી શરૂ થએલા-'**यदि च स्वमत्या तिथेरवयवन्यूनाधिककल्पनां करिष्यसि तदाऽऽजन्म व्याकुलितचेता भविष्यसीति तु स्वयमेव किं नालोचयसि ? एवं क्षीणतिथावपि कार्यद्वयमद्य कृतवानहमित्यादयो दृष्टान्ताः स्वयमूह्याः**' એ મુજબના ઉલ્લેખનો તે વર્ગે, તેમની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના પેજ ૧૮૫ ઉપર જે-" એવી જ રીતે ક્ષીણતિથિમાં પણ સમાપ્તિ પૂર્વતિથિને દિવસે થયેલી હોવાથી **તે તિથિ તે દિવસે માનવામાં આવે છે.** એક જ દિવસમાં બે તિથિઓની સમાપ્તિ હોવાથી બેય માની શકાય છે. જેમ લોકમાં એક દિવસે બે કાર્ય પૂરા કર્યાં હોય તો એમ કહેવાય છે કે-' આજે મેં બે કામ કર્યાં.' એટલે એમાંથી એક કામને માટે જો દિવસ જણાવવો હોય તો પણ તે જ જણાવાય અને બંને માટે જો દિવસ જણાવવો હોય તોપણ તે જ જણાવાય. આવાં લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતો તમે સ્વયં વિચારો. જો તમે અસમાપ્તિને દિવસે પણ તિથિ મનાવવા માટે સ્વમતિકલ્પનાથી તિથિના અવયવોમાં ન્યૂનાધિકપણાની કલ્પનાઓ કરશો, તો તમારે આજન્મ પર્યંત વ્યાકુલ થવું પડશે. પાછલી ગાથાઓમાં આપેલી અનેક દુસ્તર આપત્તિઓના ભોગ થવું પડશે." એ પ્રમાણે અર્થ કરેલ છે તે બરાબર છે ?

**ઉત્તરઃ**–તે સંસ્કૃત ઉલ્લેખ દ્વારા શાસ્ત્રકાર, વૃદ્ધિ પ્રસંગે પહેલી તિથિને તિથિ માનવામાં–તિથિના વધુ ભાગનું બ્હાનું કાઢનાર ખરતરને એમ જણાવે છે કે-" જો વધારે અવયવવાળી તિથિને મતિકલ્પનાથી તિથિ તરીકે માનવા જઈશ તો તે માન્યતા બદલ તારી પાસે જ્યારે જ્યારે જે કોઈ શાસ્ત્રનો આધાર માગશે ત્યારે ત્યારે મુંઝાઈને તું જીવનપર્યંત વ્યાકુલચિત્તવાળો બની જઈશ, અને તે પ્રમાણે તિથિના ક્ષયમાં પણ 'તે દિવસે ઉદયાત્

તિથિ કરતાં ક્ષીણતિથિનો અવયવ વધારે હોવાથી તારે તે પર્વતિથિનો ક્ષય માનવો જ મુશ્કેલ બનશે તેથી' જીવનપર્યંત વ્યાકુલ થઈશ."

શાસ્ત્રકારની આ વાતમાં તિથિ ઓછા-વધુ અવયવવાળી માનવાની વાત સિવાય 'સમાપ્તિ'ની કોઈ વાત જ નથીઃ આમ છતાં તે વર્ગે આ ઉલ્લેખના કરેલા તે અર્થમાં (પર્વક્ષયે એક દિવસે બે તિથિ કરવાના પોતાના કલ્પિત મતને આ ઉલ્લેખથી સાચો લેખાવવા સારૂ) સમાપ્તિની કલ્પિત વાત રજુ કરેલી છે. અને તેવી ગરબડ કરવામાં તે વર્ગે, શાસ્ત્રકારના આ મૂલ ઉલ્લેખને જ આગલ પાછલ ઉથલાવી નાખેલ છે! એટલે કે-તે ઉલ્લેખમાંની પહેલી પંક્તિનો અર્થ છેલ્લે અને છેલ્લી પંક્તિનો અર્થ પહેલો રજુ કરવાની માયા કરી છે, તે બંને અર્થની વચ્ચે તે મૂલ ઉલ્લેખબાહ્યની ઘણી વાતોને શાસ્ત્રકારના નામે ચઢાવી દેવાની શાસ્ત્રઠગાઈ કરેલ છે અને-પોતાના અર્થમાં પોતે પણ **'ક્ષીણ તિથિમાં પણ સમાપ્તિ પૂર્વતિથિને દિવસે થએલી હોવાથી તે તિથિ તે દિવસે કરવી.'** એમ જણાવીને તે દિવસે તે એક જ તિથિ કરવાનું સ્પષ્ટ લખેલ હોવા છતાં-**પર્વક્ષયે તે દિવસે તે ઔદયિકી અને ક્ષીણ એમ બે તિથિ કરવાનું** જણાવતો મૃષાવાદ તો ચાલુ જ રાખેલ હોવાથી તે વર્ગનો આ અર્થ પણ મહાન્ અનર્થકારી છે. તે શાસ્ત્રીય ઉલ્લેખના અર્થમાં તે વર્ગે, આ ઉપરાંત બીજી પણ જે અનેક ગરબડો કરેલી છે તે ગરબડોને આ અનુવાદ ગ્રંથમાં તે ૧૮મી ગાથાની ટીકાના અનુવાદની નીચેની ૫૭ નંબરની अ-आ-इ-ई સંજ્ઞક ટિપ્પણીમાં વિસ્તારથી જણાવેલ છે. અર્થીજનોએ તે સ્થલેથી તે દરેક ગરબડોને મનનપૂર્વક ધારી લેવી આવશ્યક છે.

## શ્રી કલ્યાણવિજયજીની વિદ્વત્તાએ વંચક બનીને કરેલી અસત્યની પ્રતિષ્ઠા!

**પ્રશ્ન ૪૦:**-સં. ૧૯૯૩ની **'પર્વતિથિ-ચર્ચાસંગ્રહ'** બૂકના પેજ ૭૮ ઉપર ૫૯મો પ્રશ્નોત્તર છે કે-"**પ્ર૦**-શ્રી સાગરાનંદસૂરિજી **'क्षये पूर्वा तिथिः कार्या'** એ ઉમાસ્વાતિના **વચનનો** અર્થ 'ક્ષયમાં પૂર્વતિથિનો ક્ષય કરવો' એવો કરે છે તે બરાબર છે? ઉ૦-(૧) આ **વચનનો** સાગરાનંદસૂરિજી સાવ ખોટો અર્થ કરે છે, શ્રી ઉમાસ્વાતિજીનાં ઉક્ત **વચનો** (૨) ક્ષયવૃદ્ધિનાં જણાવનારા નથી પણ ક્ષયવૃદ્ધિમાં આરાધના ક્યાં કરવી તેનો ખુલાસો આપનારાં છે, (૩) અને તેનો ખરો અર્થ, 'પર્વતિથિના ક્ષયમાં તેનું આરાધન પૂર્વતિથિમાં કરવું અને વૃદ્ધિમાં ઉત્તર તિથિએ' એ પ્રમાણે છે. (૪) શ્રી સાગરાનંદસૂરિજી પોતે પણ પર્વતિથિની ચર્ચામાં ન્હોતા પડયા ત્યારે એ વચનનો આવો જ અર્થ કરતા હતા, **જૂઓ** તેમનું નીચેનું લખાણ—

(૫) 'ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ-' (૬) '**અને** આ જ કારણથી બીજ, પાંચમ વગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે, કેમકે-(૭) તે તે પર્વતિથિનો ભોગવટો તે

તે આગલી સૂર્ય ઉદયવાલી તિથિની પહેલાં થઈ ગયો હોય છે, ××××(૮) પણ ત્રીજ, છઠ, નોમ વગેરે સૂર્યોદયવાલી તિથિઓમાં બીજ, પાંચમ, આઠમ માનવા જવું તે જૂઠ અને કલ્પનામાત્ર જ છે. (સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૪ પૃ. ૮૭)"

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકમાંના એ લખાણના આધારે પ્રસ્તુત પ્રશ્નોત્તર દ્વારા શ્રી કલ્યાણ-વિજયજીએ-**क्षये पूर्वा०**નો અર્થ, શ્રી સાગરાનંદસૂરિજી મ. પણ સં. ૧૯૯૩ થી તિથિ ચર્ચા ઉપડયા પહેલાં તો અમારી માફક '**પર્વતિથિના ક્ષયે તેની આરાધના પૂર્વની તિથિમાં કરવી.**' એ પ્રમાણે કરતા હતા, એમ શ્રી સાગરાનંદસૂરિજી મ૦ના નામે લખાણ કર્યું છે તે સાચું છે?

**ઉત્તરઃ**—આગલ જણાવ્યું છે તેમ પંન્યાસપદ ખાતર, નવા મતની પુષ્ટિ માટે અગ્રગામી બનેલા તે શ્રી કલ્યાણવિજયજીએ, આ પ્રશ્નોત્તરમાં પ્રાચીન પરંપરાને યેનકેનાપિ અપ્રમાણિક લેખાવવા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરેલ હોવાથી તે પ્રશ્નોત્તરનાં આલેખનમાં તેમની વિદ્વત્તાએ તેમને આઠ વંચકતા પકડાવીને **क्षये पूर्वा०**ના—'પૂર્વની તિથિમાં આરાધના કરવી' એ પ્રકારના તદ્દન અસત્ય અર્થની તેમના હાથે જ પ્રતિષ્ઠા કરાવેલ છેઃ જેની સમજ નંબરવાર નીચે પ્રમાણે છેઃ—

(૧) '**क्षये पूर्वा०**' એ શ્રી ઉમાસ્વાતિ વાચકજીનું '**વચન**' નથી; પરંતુ તેમના નામે એ પ્રકારનો '**પ્રઘોષ**' છે. શ્રી ઉમાસ્વાતિજી મ૦, વિ. સં. ૨૦૦ લગભગમાં થએલા છેઃ છતાં તેમના તે 'પ્રઘોષ' તરીકે ગણાતા '**क्षये पूर्वा०**' વાળા પદો, વિક્રમની પંદરમી શતાબ્દીમાં રચાએલ શ્રી શ્રાદ્ધવિધિગ્રંથની પહેલાંના ગ્રંથોમાં ઉપલબ્ધ નથી! બીજી બાજુ વિ. સં. ૧૨૦૪માં શ્રી જિનદત્તસૂરિથી ઉદ્‌ભવેલ ખરતરગચ્છીય શ્રી જિનપ્રભસૂરિએ વિક્રમની ચૌદમી શતાબ્દિમાં રચેલ '**વિધિપ્રપા**'માં 'પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિ કરવી અને વૃદ્ધિએ પહેલી તિથિ કરવી' એવા શબ્દો, '**क्षये पूर्वा०**' વાળા તે પ્રઘોષને નહિ માનવાના ઉદ્યમરૂપે વિદ્યમાન છે. આથી ખરતરગચ્છની ઉત્પત્તિ પહેલાંથી એટલે કે—અગીઆરમી સદિથી તો તે **પ્રઘોષ** જૈનોમાં શ્રી ઉમાસ્વાતિજી મ૦ના નામે પ્રસિદ્ધ જ હતો એમ માનવું અસ્થાને નથી.

પરંતુ જૈન જ્યોતિષ પ્રમાણે વર્ષમાં ૬ તિથિનો જે ક્ષય આવે છે તેમાં પર્વતિથિનો પણ ક્ષય આવતો હોવાથી જૈનો, મહિનામાં બાર પર્વતિથિનું પરિસંખ્યાનપણું જાળવવા સારૂ તો તે ક્ષીણતિથિને ઉદયાત જ બનાવીને પ્રભુશ્રી મહાવીર ભગવંતની વિદ્યમાનતામાં પણ પર્વક્ષયે પૂર્વા તિથિને પર્વતિથિ તરીકે માનતા હતા તેથી અને ત્યારથી એટલે કે—પ્રભુશાસનની શરૂઆતથી જૈનોમાં—'પર્વતિથિના ક્ષય વખતે પૂર્વની તિથિને પર્વતિથિ કરવી.' એ વાત કૂંચીરૂપે પ્રચલિત હતી. એ વાત આગમ ગ્રંથોમાંના—'**अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमाओ०**' પાઠથી સિદ્ધ છે. એ રીતે પ્રભુની હયાતિમાં પણ જૈનોમાં જે કૂંચીરૂપે પ્રચલિત હતું તે—'પર્વક્ષયે પૂર્વની તિથિને પર્વતિથિ કરવી'

વાકય, પ્રભુના નિર્વાણ બાદ લગભગ ૭૦૦ વર્ષે થયેલા દસ પૂર્વધરભગવંત શ્રી ઉમાસ્વાતિ વાચકજીથી **'क्षये पूर्वा तिथिः कार्या'** તરીકે સંસ્કૃત વાકય રૂપે પ્રસિદ્ધ થયાનું મનાતું હોવાથી **'क्षये पूर्वा०'** એ શ્રી ઉમાસ્વાતિજીનું વચન કહેવાતું નથી; પરંતુ શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ કહેવાય છે.

આ દરેક બીનાથી શ્રી કલ્યાણવિજયજી પરિચિત છે. છતાં સ્વાર્થ આંધળો હોવાથી તેમણે (મોટા જોગ ખાતર) નવામતના નેતાનો પક્ષ કરવાની સ્થિતિમાં મૂકાઇને પ્રથમ તો તે નવામતને સ્પષ્ટતયા અસત્ય લેખાવનારા આગમના તે **'अभिवड्ढिअसंवच्छरे०'** વચન તરફની ભદ્રિકવર્ગની દૃષ્ટિ ખસેડવાનો ઉપાય વિચાર્યો: અને તે એ કે-" તે **'अभिवड्ढिअ०'** વચનને સ્થાને તે વચનને આશ્રયીને ઉપજેલા પ્રસ્તુત **'क्षये पूर्वा०'** પ્રઘોષને જ આગમવચન લેખાવવું." આનું પણ કારણ એ છે કે-" તે **'अभिवड्ढिअ०'** આગમવચનનો અર્થ, ઇચ્છા મુજબ મરડવો દુર્લભ અને તે પ્રઘોષનો અર્થ ઇચ્છા મુજબ મરડવો સુલભ મનાયો."

આથી જ તેમણે આ લખાણમાં સર્વત્ર શ્રી ઉમાસ્વાતિજીમ૦ના તે પ્રઘોષને શ્રી ઉમાસ્વાતિજીનાં વચન તરીકે સંબોધેલ છે: કે જે શ્રી જૈનાગમ તથા શ્રી ચતુર્વિધસંઘની વંચનારૂપ છે. તે વંચના દ્વારા તેમણે તે **'अभिवड्ढिअ०'** પાઠ, (કે-જે યુગને અંતે નિશ્ચયે આવતા અ. શુ. ૧૫ ના ક્ષય પ્રસંગે પૂર્વની ચૌદશના દિવસે પૂનમ જ જણાવે છે તે, આગમોક્ત પાઠ) મુજબ થતા 'પર્વક્ષયે પૂર્વતિથિનાં સ્થાને તે ક્ષીણતિથિને ઉદયાત કરવી' એ શુદ્ધ અને સ્પષ્ટ અર્થને ભદ્રિકવર્ગની દૃષ્ટિ પર ચઢવા જ નહિ દેવા સારૂ તે શુદ્ધ અર્થનાં સ્થાને તે **પ્રઘોષ**નો-તે પ્રઘોષગત શબ્દોને પણ અસંગત એવો-'પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિમાં તે ક્ષીણપર્વતિથિનું આરાધન કરવું' એ પ્રકારે શ્રી તપાગચ્છમાં નવો જ અર્થ ઉપજાવી કાઢયો છે અને તે અર્થને સાચો લેખાવવા સારૂ તેમણે આ પ્રશ્નોત્તરમાં 'તે પ્રઘોષનો-શ્રી સાગરાનંદસૂરિજી સાવ ખોટો અર્થ કરે છે, એમ વ્રત વેચીને પણ લખી નાખ્યું છે.!!! તથા તે પછીથી તેમણે એ પોતાની બૂકમાં તે બનાવટી અર્થને તેમજ તે અવ્રતી લખાણને આગલ કરીને તિથિચર્ચાનું ખોટું ડોળાણ કર્યું છે. પ્રસ્તુત પ્રશ્નોત્તરમાં એ રીતે તે શ્રી ઉમાસ્વાતિમ૦ના પ્રઘોષને 'વચન' કહ્યા પછીથી પણ તેમણે જે વાતો લખી છે તે પણ કેવી સંઘવંચક છે? તે આ નીચે તપાસીએ :-

(૨)-તે વંચનામય લખાણ પછી તેમણે (પોતાની તે બૂકના પેજ ૯ ઉપર તે પ્રઘોષના તેમણે પોતેય કરેલા-**'પર્વતિથિના ક્ષયમાં પર્વ તરીકે પૂર્વતિથિ પાળવી.'** એ ખરા અર્થમાંથી ખસી જઈને) 'શ્રી ઉમાસ્વાતિજીનાં ઉકતવચનો ક્ષયવૃદ્ધિનાં જણાવનારાં નથી પણ ક્ષયવૃદ્ધિમાં આરાધના કયાં કરવી તેનો ખુલાસો જણાવનારાં છે' એ પ્રમાણે મૂલ અર્થથી ઉલટો ઐદંપર્યાર્થ જણાવવા વડે જે વદતોવ્યાઘાત સેવવામાં પણ સંકોચ અનુભવેલ નથી તે, પ્રઘોષનો મનસ્વી અર્થ ઉભો કર્યા વિના તે નવો તિથિમત તે પ્રઘોષના સાચા અને પ્રચલિત અર્થ પાસે કલ્પિત ઠરે છે એમ પોતે સમજતા જ હોવાનું પ્રતીક છે.

તે પ્રઘોષનો નવા વર્ગમાં તેવો ઐદંપર્યાર્થ રજુ કરવામાં પ્રાયઃ તેઓ પ્રથમ છે, અને તેનું કારણ–"શ્રી જંબૂવિ૦ તથા શ્રી જનકવિજયજીને તેમની બૂકોમાં તે પ્રઘોષનો તેજ ઐદંપર્યાર્થ પીરસવો" તે છે. સદંતર નિરાધાર એવા તે નવા તિથિમતને સાધાર લેખાવવા સારૂ શ્રી કલ્યાણવિજયજીએ, પ્રઘોષના અર્થમાં તેવી ગરબડો કરીને તે **પ્રઘોષનો તેવો અસંગત ઐદંપર્યાર્થ કરવામાં**–"(૧)–તે પ્રઘોષનો તેવો ઐદંપર્યાર્થ આપણા શ્રીસંઘમાં સં. ૧૯૯૨ સુધી કોઈએ પણ કરેલ નથી, (૨)–આપણા શ્રીસંઘના સમસ્ત અંગોએ સં. ૧૯૯૨ સુધી તો તે પ્રઘોષનો–'પર્વતિથિના ક્ષયે પૂર્વ તિથિને પર્વતિથિ કરવી' એ અર્થ નિરપવાદ સ્વીકારેલો છે અને (૩)–સં. ૧૯૫૨ તા. ૫–૮–૧૮૯૬ના **'સયાજીવિજય'** વડોદરાના પત્રના **'જૈનો માટે ખાસ'** શીર્ષક અષાડ વદી ૧૧ના અંકમાં તે **'क्षये पूर्वा०'** પ્રઘોષનો–આજથી ૬૬ વર્ષ પૂર્વે પણ–**'પર્વતિથિનો ક્ષય હોય તો પહેલી તિથિ પર્વતિથિ કરવી'** એ પ્રમાણે સર્વમાન્યપણે સ્પષ્ટ પ્રસિદ્ધ થએલ અર્થ વગેરે પણ વિદ્યમાન છે." ઈત્યાદિ જાણવા છતાં **પ્રચલિત આચરણા પર પ્રમાણિકતા અને પ્રાચીનતાની છાપ મારનારી તે દરેક હકીકતો પ્રતિ આંખ મીંચામણાં કરેલ છે,** અને તે પ્રઘોષમાં નથી તે 'આરાધના' શબ્દને પદરનો ઘુસાડવા વડે તેમજ છે તે **'तिथि'** શબ્દને ઉડાડી દેવા વડે તે **'क्षये पूर्वा०'** શાસ્ત્રને પણ અપશાસ્ત્ર બનાવવારૂપ અપકૃત્ય કરેલ છે! આ રીતે કલ્પિતમતના આગ્રહ ખાતર તે પ્રઘોષનો આચરણા અને શાસ્ત્ર એ બન્નેને ઉત્થાપનારો ઐદંપર્યાર્થ પેદા કરવાનું કાર્ય, આત્માની કઈ કોટિ હોય ત્યારે સૂઝે? એ વિચારવાનું ગીતાર્થ ઉપર છોડીએ, તો પણ સં. ૨૦૧૪ના અમદાવાદ મુનિસંમેલનમાં તે નવા તિથિમતના નેતા શ્રી રામચંદ્રસૂરિએ આ શ્રી કલ્યાણવિજયજીની જે અયોગ્યતા ૪૦૦ મુનિવરો વચ્ચે બલફોડ જાહેર કરેલ તે તો યથાર્થ જ જણાઈ હતી અને તેથી જ તે જાહેરાતની પળે તે નવામતના નેતાને સહુ પ્રથમ મેંજ 'શાબાશ–શાબાશ'ની જોરદાર ઘોષણાથી વધાવી લીધા હતા.

(૩)–તેવું કૃત્ય સૂચવનારા તે લખાણ પછી તો શ્રી કલ્યાણવિજયજી, પોતાની તે બૂકના ૯ મા પેજ ઉપર તે પ્રઘોષના પોતે પણ–'પર્વતિથિના ક્ષયમાં પર્વ તરીકે પૂર્વતિથિ પાળવી.' એ પ્રમાણે કહેલા ખરા અર્થમાંથી સ્પષ્ટતયા ખસી જવારૂપે સદંતર ગુલાંટ મારીને તે પ્રઘોષનો–**'પર્વતિથિના ક્ષયમાં તેનું આરાધન પૂર્વતિથિમાં કરવું'** એ પ્રમાણે વ્યાકરણ, ન્યાય અને પૂર્વાપર સંબંધને સદંતર અસંગત અર્થ કરવાની પણ ગ્રામ્યવિદ્વત્તા દાખવી શકેલ છે! તેવી વિદ્વત્તાની આંધીમાં તેમને તે પ્રઘોષમાંનો **'पूर्वा'** શબ્દ, સપ્તમીમાં નથી; પરંતુ પ્રથમામાં છે એ પણ સૂઝયું નથી! એમને એ તો સૂઝયું હતું તેમની આ જ બૂકના નવમા પેજ ઉપર તેમણે **क्षये पूर्वा०** નો જ્યારે સત્ય અર્થ લખ્યો હતો ત્યારે.

(૪)–પ્રસ્તુત પ્રશ્નોત્તરમાંના તે લખાણ પછી તેમણે–"શ્રી સાગરાનંદસૂરિજી પોતે પણ પર્વતિથિની ચર્ચામાં ન્હોતા પડયા ત્યારે (એટલે કે–સં. ૧૯૯૨ સુધી) એ વચનનો

આવો જ ('પર્વક્ષયે તેનું આરાધન પૂર્વતિથિમાં કરવું'એવો જ) અર્થ કરતા હતા.'' એ પ્રમાણે હરદમ જુઠું લખાણ કરવા વડે તો પોતાને મૃષાવાદ વિરમણ પ્રતિ સત્તામાં પણ સદ્ભાવ હોવા વિષે શંકા સમર્પેલ છે. જે બહુશ્રુત મહાપુરુષ, આજીવન–"બારપર્વીઓ ઉપરાંત ચૈ. શુ. ૧૩–વૈ. શુ. ૩ આદિ પ્રસિદ્ધ પર્વીઓના ક્ષયે તો આરાધનામાં પૂર્વતિથિનો ક્ષય કરીને પ્રવર્ત્તતા જ હતા; પરંતુ ચૌદશ–પૂનમ, ચૌદશ–અમાસ અને ભા. શુ. ૪–૫ વગેરે જોડીયા પર્વમાંની આગલી તિથિના ક્ષયે તો પૂર્વતર અપર્વતિથિનો પણ ક્ષય કરીને જ પ્રવર્ત્તતા હતા.'' એ વાત સં. ૧૯૫૨–૬૧ અને ૮૯ની સંવત્સરીના પ્રસંગોમાં તો ખૂબ જ ચર્ચાઈને પણ ઉત્તમ સુવર્ણ જેવી દીપ્તિમંત બનેલી હોવાનું જાણવા છતાં તે મહાપુરુષને નામે જે માણસ–'પૂ. આગમોદ્ધારકશ્રી તે પ્રઘોષનો તેવો અર્થ ન્હોતા કરતા; પરંતુ અમો આજે જે અર્થ કરીએ છીએ તેવો જ અર્થ કરતા હતા.' એમ બેધડક જુઠું બોલી શકેલ છે તે માણસ, કોને માટે શું અસત્ય ન બોલે? તે શ્રીમાનને અત્ર પૂછવું પ્રાપ્ત થાય છે કે–"જો પૂ. આગમોદ્ધારકશ્રી સં. ૧૯૯૨ પહેલાં **'क्षये पूर्वा०'**નો અર્થ, 'પૂર્વ કે પૂર્વતર તિથિનો ક્ષય કરવો' એમ ન્હોતા કરતા અને તમારી માફક–'પૂર્વતિથિમાં આરાધન કરવું' એમ અર્થ કરતા હતા તો સં. ૧૯૫૨ના **સયાજીવિજયમાં** પ્રસિદ્ધ થએલ–"કેટલાકો કહે છે કે–×××× શ્રી હીરપ્રશ્ન ચોથા પ્રકાશમાં ×××× **'પાંચમના ક્ષયને બદલે ત્રીજનો ક્ષય માની ગુરુવારે ચોથની સંવત્સરી અને શુક્રવારે પાંચમનું કૃત્ય પારણાદિ કરવું'** એ પંક્તિઓ મુજબ જાહેર માન્યતા ધરાવનાર તે પૂ. આગમોદ્ધારકશ્રી સિવાય તે વખતે બીજું કોણ હતું? વળી તમે જ આ બૂકના પેજ ૪૭ ઉપર–'શ્રી સાગરજીના સમુદાયે આ વખતે પણ ઔદયિક ત્રીજને ચોથ કલ્પીને તે હિસાબે પર્યુષણાપર્વની આરાધનાનો કાર્યક્રમ બહાર પાડયો હતો.' એમ લખ્યું છે તેનું કેમ? શ્રી જંબૂવિજયજીએ પણ **તિથિસાહિત્યદર્પણમાં** 'તે મહાપુરુષે સં. ૧૯૬૧માં ભા. શુ. ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કર્યો હતો' એમ લખ્યું છે તે કેમ? છે જવાબ? તદ્દન ખોટું બોલનાર પાસે તદ્દન સત્યને જૂઠ કહેવાની મૂડી પણ કેટલીક હોય?

તેમની આ બૂકના પેજ ૯૩ ઉપર તેમણે ૧૦૧મા પ્રશ્નના ઉત્તરમાં 'સં. ૧૯૮૯ની સંવત્સરીની ચર્ચામાં પોતે રસ લીધો હતો' એમ સ્વીકાર્યું હોવાથી સિદ્ધ છે કે–તે પ્રસંગે પ્રસિદ્ધ થએલ શ્રી સિદ્ધચક્ર સં. ૧૯૮૯ના ૨૧મા અંકના વધારાના ચોથા પેજ ઉપર **'क्षये पूर्वा०'** ના–ખુદ આગમોદ્ધારકશ્રી કૃત–'પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિએ તે પર્વની તિથિ–જે ક્ષયવાળી (હોય તે) ગણવી.' તે સ્પષ્ટ અર્થથી શ્રી કલ્યાણવિજયજી સં. ૧૯૮૯ સુધી તો સારી રીતે માહિતગાર છે: આમ છતાં તેમણે તે શ્રી સિદ્ધચક્ર સ. ૧૯૯૨ના ચોથા અંકમાંના પૂજ્યશ્રીના તે લખાણ ઉપરથી અયોગ્ય રીતે રજુ કરેલા તે કૃત્રિમ લખાણને આધારે પૂજ્યશ્રીના નામે "શ્રી સાગરાનંદસૂરિજી પોતે પણ પર્વતિથિની ચર્ચામાં ન્હોતા પડયા ત્યારે (એટલે કે–સં. ૧૯૯૨ સુધી) તે વચનનો 'પર્વક્ષયે તેનું

આરાધન પૂર્વતિથિમાં કરવું' એવો જ અર્થ કરતા હતા" એ પ્રમાણે કલ્પિત અર્થ ગોઠવેલ છે તે આભિનિવેશિક મિથ્યાત્વનું પ્રતીક છે.

(૫)– તેમણે તે ચાર નંબરના લખાણ પછી શ્રી સિદ્ધચક્ર પાક્ષિકમાંની–'ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ' એ પંક્તિને પૂજ્યશ્રીની માન્યતારૂપે ટાંકીને પૂજ્યશ્રીની ચાલુ વાત તરીકે લેખાવવા સારૂ તે પંક્તિ પછી પહરનો આવો–ડેસ ગોઠવી દેવાની ચાલબાજી કરીને તે પંક્તિમાં **'क्षये पूर्वा०'**નો પોતે કલ્પેલો અર્થ પડયો હોવાનું બતાવવાની કુટિલ કોશીષ કરેલ છે. કારણકે–"શ્રી સિદ્ધચક્રમાંની તે પંકિત, એ કોઈ પૂજ્ય આગમોદ્ધારકશ્રીની વાત તરીકે **નથી**, **'क्षये पूर्वा०'**ના અર્થરૂપે **નથી અને** પૂ. આગમોદ્ધારકશ્રીની માન્યતારૂપે પણ **નથી**: ટૂંકમાં તે પંકિત, એ કોઈ લખાણ નથી; પરંતુ નીચેના લખાણનું શીર્ષક છે અને તે શીર્ષક પણ **'क्षये पूर्वा०'**ના પ્રચલિત અર્થથી સં. **૧૨૦૪ થી** અવળા જનાર વર્ગની રીતિને જુઠી જણાવવા રૂપે તે શીર્ષકની નીચેના લખાણદ્વારા ખરતરાદિને આપેલી હિતશિક્ષાનો નિષ્કર્ષ છે."

(૬)–તે પાંચ નંબરની પંક્તિ પછી શ્રી કલ્યાણવિજયજીએ શ્રી સિદ્ધચક્રમાંના તે શીર્ષક તળેના–'અને આ જ કારણથી બીજ–પાંચમ વગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે.' એ લખાણનો 'પર્વતિથિના ક્ષયે તેનું આરાધન પૂર્વતિથિએ કરવું' એ પ્રમાણે પોતાને અભિમત અર્થ, બલાત્કારે જ ઉપજાવી કાઢેલ છે! કારણકે–તે લખાણમાં 'તે તે પર્વતિથિની આરાધના **તે તે તિથિએ** એમ લખેલું નથી; પણ 'તે તે દિવસે' એમ સ્પષ્ટ લખેલું છે. ઈષ્ટ અર્થની સિદ્ધિ અર્થે એ રીતે દિવસને તિથિ લેખાવી છે તે ભ્રામક છે.

(૭)–તે લખાણ પછી તેમણે **'क्षये पूर्वा०'**નો મનોભીષ્ટ અર્થ કરવાને સુલભ માનેલા શ્રી સિદ્ધચક્રમાંના–'કેમકે તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્યોદયવાળી તિથિની પહેલાં પહેલાં થઈ ગયો છે.' એ લખાણને ટાંકયું અને તે પછીનું તે લખાણને સંલગ્ન એવું 'અને સૂર્યોદયવાળી તે તે પર્વતિથિ ન મળે તો આગલી તિથિની પહેલી તિથિએ તે તે પર્વતિથિનો ભોગવટો હોવાથી (તે દિવસે) તે તે પર્વતિથિની આરાધના થાય છે. કેમકે–જેમાં જે હોય તેમાં તેનો સમાવેશ કરવો તે રીતસર છે' એ આખું લખાણ, (તે પ્રઘોષના પોતે કલ્પેલા અર્થને ખોટો જણાવતું હોવાથી) ઉડાવી દઈને–તે લખાણનો તેવો અર્થ કાઢવામાં શાસ્ત્રતસ્કરનું કાર્ય કર્યું છે! (શ્રી જંબૂવિજયજીએ પણ તેમની 'તિથિ સાહિત્યદર્પણ' બૂકમાં એ જ નીતિનું અનુસરણ કરવા વડે પોતાને પણ તેવા જ અંકાવવાની હરીફાઈ કરેલ છે, તે શરમજનક છે.)

(૮)–તે ત્રણ ચોકડી પછી તેમણે શ્રી સિદ્ધચક્ર પાક્ષિકમાંના–'પણ ત્રીજ, છઠ, નોમ વગેરે સૂર્યોદયવાળી તિથિઓમાં બીજ, પાંચમ, આઠમ વગેરે માનવા જવું તે જૂઠ અને

કલ્પના માત્ર છે.' એ લખાણને ટાંકીને તે લખાણનો પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નામે–' પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિમાં તે ક્ષીણતિથિનું આરાધન કરવું ' એ અર્થમાં ઉપયોગ કરેલ છે તે અનાત્માર્થિકતાનું પ્રતીક છે. શ્રી સિદ્ધચક્રમાંની તે વાત, તે તે બીજ–પાંચમ આદિ પર્વના ક્ષયે પડવો, ચોથ, સાતમ વગેરે પાછલી તિથિના દિવસે જ તે તે ક્ષીણપર્વી કરનાર શ્રી તપાગચ્છની માન્યતાસૂચક નથી; પરંતુ–' ચૌદશના ક્ષયે આગલી પૂનમ તિથિના દિવસે પકખી કરવા જનારા ખરતરોએ પણ બીજ, પાંચમ, આઠમ, વગેરે પર્વતિથિના ક્ષયે ત્રીજ, છઠ, અને નોમ વગેરે આગલી તિથિના દિવસે તે તે ક્ષીણ બીજ વગેરે પાછલી પર્વતિથિ કરવા જવું તે તો જૂઠ અને કલ્પના માત્ર જ માનેલું હોવાથી ખરતરો ચૌદશના ક્ષયે પૂનમે પકખી કરવા જાય છે તે જૂઠ અને કલ્પના માત્ર જ છે ' એ અર્થસૂચક છે. આ વાત શ્રી કલ્યાણવિજયજી પણ સમજે છેઃ છતાં કુમતની આંધીમાં અટવાઈને તેમણે તે વાતને તેવા સદંતર અવળા અર્થમાં ખેંચીને રજુ કરવાની કેવલ બાલચેષ્ટા જ કરેલ છે તે દુઃખદ છે.

'**क्षये पूर्वा०**' પ્રઘોષના–'પર્વક્ષયે પૂર્વતિથિને પર્વતિથિ કરવી ' એ શાસનમાન્ય અર્થને નવામતના આગ્રહવશાત્ ઉથલાવીને તેના બદલે સં. ૧૯૯૨ થી ' પૂર્વતિથિમાં ક્ષીણપર્વનું આરાધન કરવું ' એ પ્રમાણે પોતે ઉભા કરેલા કલ્પિત અર્થને સાચો લેખાવવા સારૂ શ્રી સિદ્ધચક્રમાંના લખાણને પણ તેવી કૂટ રીતે પોતાના અર્થવાળું બતાવવા મથેલ શ્રી કલ્યાણવિજયજીએ, શ્રી સિદ્ધચક્રપાક્ષિકના જે અંકના ૯૭ મા પેજના લખાણને આધારે આ કારમો પ્રપંચ ખડો કરેલ છે તે પ્રપંચ, તેમણે તે જ અંકના ૯૪મા પેજ ઉપર પ્રસિદ્ધ થયેલો તે '**क्षये पूर्वा०**'નો–' આરાધના માટે નિયત થયેલ બીજ આદિનો ક્ષય હોય તો ××× એકમ આદિ અપર્વતિથિને દિવસે બીજ આદિ પર્વતિથિનું આરાધનકાર્ય કરાય માટે આરાધનાની અપેક્ષાએ પર્વતિથિનો ક્ષય ન હોય એમ કહેવું વાજબી ગણી શકાય.' એ પ્રમાણે ઐદંપર્યાર્થ જોવા છતાં કરેલ હોવાથી તેમની તે વર્તણુંક નિજની અભિનિવેશ મિથ્યાત્વની દશાસૂચક પણ ગણાય તેમ છે.

**પ્રશ્ન ૪૧:**–શ્રી કલ્યાણવિજયજીએ, **' પર્વતિથિ–ચર્ચાસંગ્રહ '** બૂકના ૭૯મે પાને ૬૧મો પ્રશ્નોત્તર,–"જ્યારે સાગરજી પોતે પોતાના લેખમાં ત્રીજે બીજ, છઠ્ઠે પાંચમ, નોમે આઠમ કરવી તેને જૂઠ અને કલ્પના માત્ર હોવાનું કહે છે તો પાંચમે ચોથ કરવાનું કહેવું એ જૂઠ નહિ? ઉ૦–ખરેખર જૂઠ જ છે, પણ પકડાઈ ગએલી વાત તેનાથી છોડાતી નથી!" એ પ્રમાણે છે તે બરાબર છે?

**ઉત્તર:**–પૂર્વોક્ત ૪૦ મા પ્રશ્ન અને તેનાં સમાધાનથી સ્પષ્ટ છે કે–" શ્રી કલ્યાણવિજયજીએ પોતાના તે ૫૯મા પ્રશ્નોત્તરમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીની તે ' ત્રીજે બીજ, છઠે પાંચમ અને નોમે આઠમવાળી વાતને **પાછલી તિથિએ** ક્ષીણતિથિનું આરાધન કરવાની પોતાની વાતના સમર્થનમાં રજુ કરી છે," આમ છતાં અહિં વળી તે જ કલ્યાણવિજયજી,

પૂજ્ય આગમોદ્ધારકશ્રીની તે જ વાતને **આગલી તિથિએ** ક્ષીણતિથિનું આરાધન કરવાના અર્થવાળી લેખાવે છે! આ તેમની કૂટનીતિનું ખુલ્લું પ્રતીક છે. તેમની આ કૂટનીતિએ તેમને-'આ પ્રશ્નોત્તર તો વદતોવ્યાઘાત છે.' એ સમજવાની પણ તક આપી નથી તે ખેદજનક છે. અર્થાત્ તેમણે પોતાના તે ૫૯મા પ્રશ્નોત્તરમાં તો-પૂ. આગમોદ્ધારકશ્રી, પાંચમના ક્ષયે **પાછલી તિથિ ચોથે** પાંચમ કરતા હોવાનું ધ્વનિત કર્યું હોવા છતાં આ ૬૧મા પ્રશ્નોત્તરમાં પૂ૦ આગમોદ્ધારકશ્રી, પાંચમના ક્ષયે **આગલી તિથિ છઠે** પાંચમ કરતા હોવાનો ભાસ આપેલ છે તે ખેદજનક છે.

તે પ્રશ્નોત્તરમાં તેમણે તે એકવડા પર્વના ક્ષયવાળી **સામાન્ય વાતને** અહિં ભા. શુ. ૪-૫ના જોડીયા પર્વમાંની પાંચમની વૃદ્ધિવાળી **વિશેષ વાત** સાથે ગોઠવી દેવા વડે (વૃદ્ધિ વખતે તેઓ આજે પણ જે પાંચમને પાંચમ કહેતા નથી પણ ખોખું કહે છે તે) ખોખાને પાંચમ લેખાવવાની ઠગબાજી કરીને પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ એકવડી પર્વતિથિના ક્ષયવાળા પ્રસંગને અનુલક્ષીને કરેલી ખરતર અંગેની તે વાતને પૂજ્યશ્રીની માન્યતા તરીકે લેખાવવાની અભિનિવેશિતાનું પ્રદર્શન ભર્યું છે!

આથી કુમતાગ્રહના દુરધ્યવસાયથી નીપજાવેલો તે પ્રશ્નોત્તર બરાબર તો નથી જ; પરંતુ પ્રભુશાસનની અવિચ્છિન્ન આચરણાના મૂલમાં ઈરાદાપૂર્વકનો કુઠારઘાત છે. ટીપણામાં પર્વવૃદ્ધિએ બંને તિથિ સૂર્યોદય વાળી હોવા છતાં આરાધનામાં શાસ્ત્રકારોએ બીજી તિથિને જ ઔદયિકી કહેલ હોવાથી જૈનોમાં ટીપણામાંની પહેલી તિથિ પર્વતિથિ જ ગણાતી નથી; અને તેથી તો જૈનો આરાધનાનાં ભીંતીયાં પંચાંગમાં ટીપણાની બે બીજ આદિ વખતે બે એકમ આદિ ભીંતીયાં પંચાંગની શરૂઆતથી કરે છે. તેમ કરવામાં ટીપણાની પહેલી બીજ આદિના દિવસે જે એકમ આદિ વર્ષોથી કરાતી આવે છે તેમાં અદ્યાપિપર્યંત શાસનની એકાદવ્યક્તિએ પણ બીજ આદિએ એકમ આદિ થતી હોવાનું માનેલ કે કહેલ હોવાનો એકાદ પણ દાખલો નથી.

આથી ટીપણાની બે પાંચમ વખતે પહેલી પાંચમે આરાધક આત્માઓ ચોથ કરે તેમાં તે પાંચમ જ ગણાતી નહિ હોવાથી પાંચમે ચોથ કરતા નથી; પરંતુ આરાધનામાં બન્નેને પર્વતિથિ નહિ ગણવાની અને બીજીને જ પર્વતિથિ કહેવાની અને કરવાની શાસ્ત્રાજ્ઞા મુજબની અવિચ્છિન્ન આચરણાનું પાલન છે. આવાં પાલનને 'ખોટું જ છે' એમ વિરાધક કોટીનો આત્મા જ કહી શકે. સં. ૧૯૯૨ સુધી તો તે શ્રી કલ્યાણવિજયજીએ પણ ટીપણાની બે બીજ, બે પાંચમ આદિ વખતે 'પહેલી બીજે-પહેલી પાંચમે પડવો-ચોથ કર્યા' એમ કદી માન્યું જ નહિ હોવાથી કહ્યું જ નથી. એ તો સં. ૧૯૯૨ થી કોટે વળગાડેલા કલ્પિતમતને યેન કેનાપિ સાચો લેખાવવા તેમણે હવે જ તેવું વાહિયાત વદવા માંડેલ છે! આથી તે, પકડાઈ ગયેલી વાત (પૂજ્ય આગમોદ્ધારકશ્રીથી નહિ; પરંતુ) તેનાથી જ છોડાતી નથી તે વાત જ ખરી ઠરે છે.

**પ્રશ્ન ૪૨:**–શ્રી કલ્યાણુવિજયજીએ તે બૂકમાં પેજ ૭૯ થી ૮૧ ઉપર બે પૂનમે બે તેરસ કરવાની–તેઓના સમસ્ત પૂર્વજોએ પણ સં. ૧૯૯૨ સુધી આચરેલી–અવિચ્છિન્ન આચરણાને ૬૨ થી ૬૬ પ્રશ્નોત્તર દ્વારા શાસ્ત્રાધારે પ્રમાણિક ઠરી શકે નહિ તેવી અગીતાર્થ શ્રીપૂજ્યોની આચરેલી રૂઢિ તરીકે લેખાવીને અપ્રમાણ જણાવી છે તે બરાબર છે?

**ઉત્તર:**–લગભગ ૪૦૦ વર્ષ પ્રાચીન '**ઉત્સૂત્રખંડન**' નામના પુસ્તકમાં ખરતરીય શ્રી ગુણુવિનયે '**अन्यच्च-वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?**' એ પાઠ વડે શ્રી તપાગચ્છીઓને આપેલા ઉપાલંભથી 'શ્રી તપાગચ્છમાં શ્રી વિજયહીરસૂરિજી મહારાજ વખતે પણ ટીપણાની પૂનમની વૃદ્ધિએ આરાધનામાં ટીપણાની પહેલી પૂનમે ચૌદશ કરીને ૧૪–૧૫ રૂપ જોડીયા પર્વને સંલગ્ન રાખવા પૂર્વક તેરસની જ વૃદ્ધિ કરવાની આચરણા હતી.' એ વાત દીવા જેવી છે. આથી શ્રી કલ્યાણુવિજયજીના તે પ્રશ્નોત્તરો બરાબર તો નથી જ; પરંતુ પ્રાચીન આચરણાના લોપક છે. શાસનની તે પ્રચલિત આચરણા બદલ પણ તેવા કલ્પનાના ઘોડા દોડાવવા વડે તેમણે શ્રી વિજયહીરસૂરિજીમ૦ના દાદાગુરુ શ્રી આનંદવિમલસૂરિજી, ગુરુ શ્રી વિજયદાનસૂરિજી, ખુદ શ્રી વિજયહીરસૂરિજી મ૦ અને તેઓશ્રીએ પ્રમાણ ઠરાવેલા આ શ્રી તત્ત્વતરંગિણી નામના મહાન્ ગ્રંથના કર્ત્તા મહામહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી ગણિવર્ય આદિ શાસનના ધોરી મહાપુરુષોને શાસ્ત્રાધારે નહિ ચાલનારા અને અગીતાર્થ શ્રી પૂજ્યો તરીકે લેખાવવાની કારમી ધૃષ્ટતા કરીને ઘોર પાપજ ઉપાર્જ્યું છે. મહોપાધ્યાયજી શ્રીધર્મસાગરજી ગણિવરે ઈર્યાપથિકી સૂત્રાંતર્ગત ઉત્સૂત્રોદ્ઘાટન કુલકમાં '**वुड्ढीए पढमतिहि**' પાઠ જણાવવા વડે 'ખરતરો પર્વવૃદ્ધિએ પહેલી તિથિ કહે છે તે તેનું ૨૧મું ઉત્સૂત્ર છે' એમ સ્પષ્ટ જણાવ્યું છે. એમ જાણવા છતાં શ્રી કલ્યાણુવિજયજીએ એ રીતે પાંચમની વૃદ્ધિએ પહેલી પાંચમ કહેવાનું પાપોપાર્જન કર્યું છે! શ્રી હીરપ્રશ્નનો '**त्रयोदशीचतुर्दश्योः**' પાઠ, સં. ૧૮૭૧નો શ્રી દીપવિજયજીનો પત્ર તથા વિદ્યમાન સર્વ વિજયશાખાના પ્રપિતામહ પૂ. પં. શ્રી રૂપવિજયજી ગણિવરનો સં. ૧૮૯૬નો પત્ર વગેરે ટીપણાની પૂનમના ક્ષયે શ્રી તપાગચ્છમાં તેરસનો ક્ષય થતો હોવાનું સ્પષ્ટ વિધાન કરતા હોવાથી–'પૂનમની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ કરવાની પ્રવૃત્તિ શાસ્ત્રાધારે પ્રમાણિક ઠરી શકે તેમ નથી.' એમ કહેવામાં શ્રી કલ્યાણુવિજયજી પોતે વસ્તુતઃ વ્રતધારી પણ ઠરી શકે તેમ નથી.

જો કે–આચરણાને પ્રાયઃ શાસ્ત્રાધારની અપેક્ષા જ હોતી નથીઃ છતાં આ પૂનમ–અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ કરવાની આચરણાને તો એ રીતે શાસ્ત્રાધારો પણ મોજુદ છે. છતાં 'શાસ્ત્રાધારથી પ્રમાણિક ઠરે તે જ આચરણા માન્ય' ઇત્યાદિ કહેવામાં પણ જો તેઓ સાચા જ હોત તો તેમણે–('**द्वितीयादिपंचपर्व्या उपदेयत्वं संविग्नगीतार्थाचीर्णतया संभाव्यते**' એ હીરપ્રશ્નના પાઠ મુજબ) કેવલ આચરણાથી પાલન કરાતી બીજ આદિ પાંચ પર્વીને માનવાનું તો પહેલી તકે જ બંધ કર્યું હોતઃ તે આચરણા પણ કયા ગીતાર્થ મહાપુરુષે આચરી છે અને કયા શાસ્ત્રથી પ્રમાણ છે? તેનો તો પત્તો જ નહિ હોવા છતાં

તે આચરણાને તો તેવા બ્હાને ખોટી કહીને તેઓ છોડતા નથી અને આ આચરણાને જ ખોટી કહીને છોડી દે છે તે આ પંચમકાલનું ખચિત આશ્ચર્ય છે.

**પ્રશ્ન ૪૩ :**–તેમણે તે પછીનો ૬૭મો પ્રશ્નોત્તર,–"પર્વતિથિની વૃદ્ધિમાં પૂર્વતિથિની વૃદ્ધિ કરવાનો રીવાજ શાસ્ત્રીય છે એમ શ્રી સાગરાનંદસૂરિજી કહે છે તે શું બરાબર નથી? ઉ૦–સાગરજીનું ઉપર મુજબનું કથન કેવલ કપોલકલ્પિત છે. જો એ કથનમાં શાસ્ત્રાધાર હોય તો તેઓ કેમ બતાવતા નથી?" એ પ્રમાણે લખે છે તો શું પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ તે રીવાજ બદલ તેમને શાસ્ત્રાધારો બતાવ્યા નથી?

**ઉત્તરઃ**–'તે રિવાજ શાસ્ત્રીય છે' એમ જણાવનારા અનેક પ્રાચીન પ્રતોમાંના પણ અનેક પાઠો, સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થએલ '**શાસ્ત્રીય પૂરાવા**' નામની ક્રાઉન આઠ પેજી ૩ ફોર્મ પ્રમાણ ટ્રેકટ દ્વારા પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ તેમને એકને જ નહિ; પરંતુ આખા જૈન જગતને બતાવેલા છે, તે રીવાજને પ્રાચીન લેખાવનારો અને ઉપરના જ સમાધાનમાં દર્શાવેલો ખરતરીય ગ્રંથમાંનો તે '**अन्यच्च वृद्धौ०**' પાઠ વગેરે હકીકતો પણ જૈનોમાં અનેકવાર ડાંડી પીટીને પ્રસિદ્ધ કરેલ છેઃ છતાં પકડાઈ ગએલા ખોટા મતને ખરો લેખાવવા સારૂ તે બધા જ પૂરાવાઓ પ્રતિ નાસ્તિકતાનું પ્રદર્શન કરીને તેમણે પૂજ્ય આગમોદ્ધારકશ્રીના તે સત્ય કથનને તે રીતે મનસ્વીપણે જ કપોલકલ્પિત કહ્યે રાખવાના ઇરાદાથી તે પ્રશ્નોત્તર મૂર્તિમંત તર્કટરૂપે જ ઉભો કરેલ છે.

**પ્રશ્ન ૪૪ :**–તે પછીના પ્રશ્નોત્તર ૬૮માં તેમણે–"તત્ત્વતરંગિણીગ્રંથમાં પાંચમની વૃદ્ધિએ ત્રીજની વૃદ્ધિ કરવાનો લેખ છે, એમ શ્રી સાગરાનંદસૂરિજી કહે છે તે શું સાચું નથી? ઉ૦–શ્રી સાગરજીનું તે વચન હલાહલ જુઠું છે ××× " ઇત્યાદિ ઘણું ઘણું લખ્યું છે તે શું સાચું છે?

**ઉત્તરઃ**–ઉપરના પ્રશ્નોત્તરની માફક તેમનો આ પ્રશ્નોત્તર પણ કેવલ તર્કટી જ છે. તે કથન પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું નથી; પરંતુ તે પ્રશ્નોત્તર દ્વારા કલ્યાણવિજયજીનું જ હોઈને તેમણે પોતાનું તે કથન પૂજ્યશ્રીના નામે ચઢાવી દીધેલ છે. શ્રી તત્ત્વતરંગિણી અંગેનું પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું કથન તો 'પાંચમના ક્ષયે ત્રીજના ક્ષયનું છે.' જુઓ–શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૯–૧૦નું ટાઈટલ પેજ ચોથું તથા અંક ૧૨ પેજ ૨૮૩ કોલમ પહેલી પેરો પાંચમો.

**પ્રશ્ન ૪૫ :**–શ્રી કલ્યાણવિજયજીએ તે '**પર્વતિથિ–ચર્ચાસંગ્રહ**' નામની બૂકના પેજ ૪૪–૪૫ ઉપર સં. ૧૯૮૧માં છપાએલ શેઠ અનોપચંદભાઈ રચિત '**પ્રશ્નોત્તરરત્ન ચિંતામણી**' ગ્રંથમાં સીનોરના શ્રાવક મગનલાલ મેલાપચંદે લખેલ અનુપચંદભાઈના જીવનચરિત્રમાંના લખાણને આધારે સ્વીકારરૂપે લખ્યું છે કે–"સં. ૧૯૫૨માં ભા. શુ. પાંચમનો ક્ષય હતો તેથી ભા. શુ. ૫ ના ક્ષયે શું કરવું? એમ શંકા થતાં અનુપચંદભાઈએ વિજયાનંદસૂરિજીને પૂછ્યું કે–ભા. શુ. ૫ ના ક્ષય નિમિત્તે પર્યુષણાનો દિવસ આઘો પાછો કરવો

એ મ્હને યોગ્ય લાગતું નથી, આપનો એ વિષે શો અભિપ્રાય છે? તેના ઉત્તરમાં મ૦ શ્રી આત્મારામજીએ જણાવ્યું કે-' આ વખતે પંચમીનો ક્ષય કરવો એ જ અમને પણ યોગ્ય લાગે છે." અને તે જ બૂકના ૬૭મા પાને ૩૩મા પ્રશ્નના ઉત્તરમાં 'આત્મારામજી મહારાજે છઠનો ક્ષય માનવાની સલાહ આપી હતી' એમ લખ્યું છે તો તે બંને વાત બરાબર છે?

**ઉત્તર**:-સં. ૧૯૫૨ તથા ૫૩માં ખુદ અનોપભાઈએ પ્રસિદ્ધ કરેલ તે પ્રશ્નોત્તર રત્નચિંતામણિની બે આવૃત્તિ અને તે પછી પાંત્રીસ વર્ષના ગાળામાં ચાર આવૃત્તિ પ્રસિદ્ધ થએલ છે અને તે દરેક આવૃત્તિમાં અનોપચંદભાઈનું સંક્ષિપ્ત જીવનચરિત્ર છપાએલ છે. તેમાં સં. ૧૯૮૧ની ત્રીજી આવૃત્તિમાંના જીવનચરિત્રમાંની તે ભા. શુ. ૫ ના ક્ષયવાળી વાત એ શ્રી અનોપચંદભાઈનું જીવનચરિત્ર નહિ હોવાથી પ્રથમની બે આવૃત્તિમાં તે વાત અનોપચંદભાઈની હયાતિમાં તો દાખલ કરી શકાણી નથી; પરંતુ અનોપચંદભાઈ સ્વર્ગવાસી થયા બાદ તે ત્રીજી આવૃત્તિ આ૦ શ્રી વિજયદાનસૂરિજીએ, પોતાની દેખરેખ તળે છપાવવાનું રાખીને તે ત્રીજી આવૃત્તિમાંના અનોપચંદભાઈના જીવનચરિત્રમાં (તે સં. ૧૯૫૨ તથા ૧૯૬૧માં ચંડાંશુચંડુ પંચાંગનો આદર કરીને ચાલવાના આદેશનો અમલ નહિ કરવામાં-'ચંડાશુચંડુ કેમ છોડયું ?અને તે ન છોડયું હોત તો ત્રીજનો ક્ષય કર્યા સિવાય ભા. શુ. ૪-૫નું જોડીયું પર્વ કેવી રીતે અખંડ આરાધી શકો?' ઇત્યાદિ શાસનપક્ષની થએલી દલીલો પાસે નિરુત્તરીયપણાની સ્થિતિને ભજવી પડેલ હોવાથી 'અમે સં. ૧૯૫૨ અને ૧૯૬૧માં પણ ચંડાંશુચંડુને જ વળગી રહ્યા છીએ' એમ ભવિષ્યમાં લેખાવવા સારૂ) પોતાના તે સીનોરવાસી ભક્ત શ્રાવક મગનલાલના નામે તે ભા. શુ. ૫ ના ક્ષયના પ્રસંગને તે પ્રકારે ઉપજાવીને ઘુસાડી દીધેલ છે: માટે પાંચમના ક્ષયની વાત બરાબર નથી અને સં. ૧૯૫૨ ના જેઠ શુદિ ૫ નો શ્રી આત્મારામજી મ૦ નો મૂળ પત્ર, કે-જે-**શાસનસુધાકર** વર્ષ ૧૦ના અંક ૭-૮ ના પેજ ૫૦ ઉપર તથા તા. ૨૩-૮-૫૧ના શ્રી સિદ્ધચક્રના **'નવા મતનું સચોટ અને સરલ નિરસન'** નામક સર્વસંઘપ્રિય વધારાના પેજ ૧૭-૧૮ ઉપર બ્લોકરૂપે પ્રસિદ્ધ પણ થએલ છે. તે પત્રમાં-અનોપભાઈએ આત્મારામજી મ૦ ને પુછાવ્યું નથી; પરંતુ આત્મારામજી મહારાજે જ અનોપભાઈને પૂછાવેલ હોવાનું તથા આત્મારામજી મહારાજે ભા. શુ. પાંચમનો ક્ષય કરવાનો નહિ; પરંતુ બીજાં પંચાંગમાંનો ભા. શુ. ૬ નો ક્ષય કરવાનો અભિપ્રાય જણાવેલ હોવાથી 'ભા. શુ. ૬ ના ક્ષયની સલાહ આપી હતી' એ વાત જ બરાબર છે. શ્રી કલ્યાણવિજયજીએ તેની બૂકના તે ૪૪-૪૫ પેજ ઉપરની વાત મુજબ તે બૂકના ૬૬મા પાને ઉભો કરેલો ૩૨મો પ્રશ્નોત્તર પણ 'એક જૂઠાણું અનેક જૂઠાણાં કરાવે' ઉક્તિને ભજતો હોઈને હલાહલ જૂઠો છે. આ સ્પષ્ટીકરણ બાદ શ્રી કલ્યાણવિજયજીએ પેજ ૪૫-૪૬ ઉપરનાં તે જૂઠાણાંને અવલંબીને જ કરેલું પેજ ૫૦ પર્યન્તનું સમસ્ત લખાણ, પેજ ૬૬ ઉપરનો તે પ્રશ્નોત્તર અને તે દરેકને અવલંબીને ઉભા કરેલા પોતાની તે બૂકના પેજ ૬૬ થી ૬૮ સુધીના ૩૨-૩૩-૩૪ અને ૩૬ પ્રશ્નોત્તરો પણ આપોઆપ જૂઠા ઠરે છે.

**પ્રશ્ન ૪૬:**–શ્રી કલ્યાણવિજયજીએ નવા તિથિમતના આગ્રહ ખાતર તે પ્રશ્નોત્તરોમાં કરેલી તેવી બેફામ ગરબડો જોતાં તો તે બૂકના પેજ ૫૬ થી ૯૩ સુધીમાં '**પર્યુષણા-પ્રશ્નોત્તર શતક**' એ શીર્ષક નીચે તેમણે રજુ કરેલા ૧૦૧ પ્રશ્નોત્તરોમાં ભાગ્યે જ કોઈ પ્રશ્નોત્તર સાચો હોય, એમ કહેવામાં કોઈ દોષ ખરો?

**ઉત્તર:**–કોઇ જ દોષ નથીઃ કારણકે–સં. ૧૯૯૨ થી પ્રાચીન પ્રણાલિકાને તજીને પોતે જ નવામતી બનેલ હોવા છતાં તેમણે તે પ્રશ્નોત્તરની શરૂઆતના પેજ ૫૬ ઉપર પહેલા પ્રશ્નોત્તરને મથાળે પ્રાચીન પ્રણાલિકાવાળા શાસનપક્ષને–'નવીન માન્યતાવાળાઓ અનેક કુતર્કો કરીને લોકોને ભ્રમમાં નાખે છે' એ પ્રમાણે સંબોધીને પણ નવીન માન્યતાવાળો લેખાવનાર તરીકે જે હડહડતું જૂઠું લખાણ કર્યું છે તે લખાણ તો તે ૧૦૧ પ્રશ્નોત્તરોનું મંડાણ છે! એવા તે પ્રશ્નોત્તરોમાં તો સત્યની ગંધ પણ કલ્પવી તે દોષ છે.

**પ્રશ્ન ૪૭:**–ચાલીશમા સમાધાનની સાતમી કલમને છેડે **શ્રી જંબૂવિજયજી માટે** કૌંસમાં જે "તેમણે પણ '**તિથિસાહિત્યદર્પણ**' બૂકમાં શ્રી કલ્યાણવિજયજીનું અનુકરણ કરવા વડે સમાજમાં પોતાને તેમના જેવા જ અંકાવવાની હરિફાઇ કરેલ છે" એમ મોઘમ લખ્યું છે તેનું શું કારણ? અને તેનો વિસ્તરાર્થ શો છે?

**ઉત્તર:**– "સં. ૧૯૯૨ થી આપખૂદપણે કાઢેલા કપોલકલ્પિત તિથિમતને સાચો લેખાવવા સારૂ તેમણે સં. ૧૯૯૩ થી જે જે સાહિત્ય પ્રસિદ્ધ કરેલ છે તે દરેક સાહિત્ય, શાસ્ત્રપાઠોના જૂઠા અને અસંબદ્ધ અર્થોમય હોઈને તેના ઓઠે તેમણે તે તે સાહિત્યમાં કરેલા લખાણો શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ છે," એમ સં. ૧૯૯૩ થી **શ્રી સિદ્ધચક્ર** પાક્ષિકાદિ દ્વારા તેમજ સં. ૧૯૯૭ થી **શ્રી શાસનસુધાકર** પત્રદ્વારા સુપ્રસિદ્ધ હોઈને તેમની ઓલખ માટે તેવું અને તેટલું જ મોઘમ અને સંક્ષિપ્ત લખાણ પર્યાપ્ત માન્યું હતું. છતાં તે મોઘમ લખાણનો વિસ્તરાર્થ જાણવાની જિજ્ઞાસા છે તો તે આ નીચે જણાવાતી તેર કલમ દ્વારા સારરૂપે જાણશો.

**વિસ્તરાર્થ:**–(૧)–તેમણે સં. ૧૯૯૩માં '**તત્ત્વતરંગિણીના અનુવાદ**'નું '**પર્વતિથિપ્રકાશ**' નામ કલ્પીને '**પર્વતિથિપ્રકાશ**' નામની જે બૂક પ્રકટ કરેલી છે તે બૂકની પ્રસ્તાવનાના પેજ ૬ ઉપર તેમણે–'**આમાં મૂલ અને ટીકાનો આખો અનુવાદ કર્યો છે**' એ પ્રમાણે કહ્યું છે તે નર્યું અસત્ય છે. કારણકે–તે અનુવાદમાં તે સટીકગ્રંથના લખાણોનો ઇચ્છિત અર્થ ખેંચી જવા સારૂ તેમણે શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના મૂલ બધા શ્લોકોનો જ અનુવાદ જણાવેલ છે; અને તે પણ પોતાની દૃષ્ટિનો છે, અને બધા શ્લોકોની ટીકાનો આખો અનુવાદ તો આપેલ જ નથીઃ માત્ર ગ્રંથના ચોથા ભાગની ટીકાનો અનુવાદ આપેલ છે અને તે પણ કેટલાક શ્લોકોની કેટલીક ટીકાના તો ખંડ ખંડનો જ અનુવાદ રજુ કરેલ છે!

(૨)–થોડાક જ શ્લોકોની તે ખંડ ખંડ ટીકાના કરેલા તે અનુવાદને પણ તેમણે તે

બૂકમાં સત્યરૂપે તો રજુ કરેલ જ નથી; પરંતુ પોતાના ઇમીટેશન ઠરેલા નવા તિથિમતનો રંગ આપવા વડે સાચા અનુવાદ રૂપ રેશમના તારોનું આર્ટીફીશન બનાવી દઇને રજુ કરેલ છે! એટલે કે-' શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના મૂળ શ્લોકો તે ગ્રંથનું હીર છે અને તે શ્લોકોની ટીકા તે, તે હીરના તાર છે. ઉપર જણાવ્યું છે તે મુજબ મૂળ શ્લોકોરૂપ હીરના બાર આની તારને તો શ્રી જંબૂવિજયજીએ તે બૂકમાં અનુવાદ જ નહિ કરવા વડે ઉડાવી જ દીધેલ છે અને શેષ ચાર આની તારને આર્ટીફીશનનું સ્વરૂપ આપેલ છે!' તે આર્ટીફીશનના તારોને તે બૂકમાં પોતાના બાર આની પ્રમાણ લખાણના બેસૂરા તારો સાથે વણી લઈને બનાવેલા કૂટવણાટને તેમણે '**તત્ત્વતરંગિણીનો અનુવાદ**' નામ આપેલ છે.

(૩)-એ રીતે ચાર આની આર્ટીફીશન અને બાર આની ભેળ નાખીને પણ તૈયાર કરેલા તે તત્ત્વતરંગિણીના કહેવાતા અનુવાદરૂપ કૂટવણાટને તેમણે તે બૂકની પ્રસ્તાવનાના સાતમા પેજ ઉપર-'**વિવેચનનું વણાટ મૂળના તારોતાર કરેલું હોવાથી આખી વસ્તુ એક, અખંડ અને અભિન્ન છે.**' એમ લખીને બિરદાવેલ છે તે નિર્ભેળ માયામૃષા છે.

જે ગ્રંથ, ચૌદશના ક્ષયે તેરસે તેરસનું નામ પણ નહિ લેવાનું અને ચૌદશ જ કહેવાનું જણાવે છે તે જ ગ્રંથનો શ્રી જંબૂવિજયજીકૃત તે અનુવાદ, 'ચૌદશના ક્ષયે તેરસે તેરસ પણ કહેવી અને ચૌદશ પણ કહેવી' એમ ગ્રંથકારથી વિપરીત અર્થ પોકારે છે તે અનુવાદને મૂળનો તારોતાર હોવાનું વ્રતધારી આત્મા તો ન જ કહી શકે.

(૪)-તે અનુવાદબૂકની પ્રસ્તાવનાના પાંચમા પેજ ઉપર તેમણે રજુ કરેલા મૂલ-ગ્રંથની ટીકામાંના બે પાઠોના અર્થો પણ સરાસર કેવા જૂઠા છે તે આ અનુવાદમાં અમોએ જણાવેલા તે બંને પાઠોના અર્થો જોવાથી સ્પષ્ટ સમજાય તેમ છે. ટુંકમાં શ્રી જંબૂવિજયજીએ પ્રબલ-નિર્બલ તિથિઓની કલ્પિત વાતના પોકલ પાયા પર ઉભી કરેલી તે આખી પ્રસ્તાવના જ વાહિયાત છે. આ વસ્તુ પોતે પણ જાણે જ છે, એ વાત તે પ્રસ્તાવનાના છેડે લેખક તરીકેનું પોતાનું નામ તેમણે છૂપાવ્યું હોવાથી આપણને માનવા કારણ છે.

(૫) '**પર્વતિથિપ્રકાશ**' નામ આપીને પ્રકટ કરેલ તે '**તત્ત્વતરંગિણીનો અનુવાદ**' નામક તે બૂકમાં નવા મતને યેનકેન ખરો લેખાવવા સારૂ તેમણે કરેલા અવિચ્છિન્ન-પરંપરાલોપક ખાસ ખાસ લખાણોને-[ તે બૂક લખવાની શરૂઆતમાં થએલ (૨૪મા સમાધાન-સૂચિત) સંકેત મુજબ ] શ્રી તત્ત્વતરંગિણીને પ્રમાણિક નહિ માનનાર શ્રી કલ્યાણ વિ૦ની **પર્વતિથિ-ચર્ચાસંગ્રહ**'નાં લખાણની દિશાનો ઝોક આપેલ છે! તે બૂકમાંની તેમની તે દરેક ગોલમાલ પર વાચકની દૃષ્ટિ જ જવા ન પામે=વાચકને તે બૂક પ્રતિ 'તત્ત્વતરંગિણીના અનુવાદ'નો જ ખ્યાલ રહે તે માટે તેમણે તે બૂકમાં શ્રી તત્ત્વતરંગિણીના શ્લોકોને સાદ્યંત ગોઠવવાની અને તે બધા શ્લોકોમાંથી 'પા' ભાગના શ્લોકોની ખંડ ખંડ ટીકાના પણ કરેલા સ્વમતાનુકૂલ અર્થને તે આખી બૂકના બાર આની ભાગમાંનાં નિજનાં કલ્પિત લખાણની

વચ્ચે વચ્ચેના તે આખીયે બૂકના બે આની ભાગમાં કકડે કકડે ગોઠવી દેવાની ચાલાકી વાપરી છે! આ રીતે બનાવેલી તે બૂકમાં તેમણે કરેલાં શાસ્ત્ર અને પરંપરાદ્રોહી લખાણને માત્ર 'તત્ત્વતરંગિણીનો અનુવાદ' નામ જ આપી દીધેલ છે. આ સિવાય તે બૂકમાં તે શ્રી તત્ત્વતરંગિણીના સત્ય અનુવાદની ગંધ પણ નથી.

(૬)–શ્રી જંબૂવિજયજીએ સં. ૧૯૯૨માં નીકળેલા નવા મતને પર્વલોપક તરીકે લેખાવનાર શ્રી દેવસૂર તપાગચ્છીય પરંપરાને યેન કેન ખોટી લખાવીને પણ તે નવા મતને સાચો લેખાવવા સારૂ તૈયાર કરેલ તે તત્ત્વતરંગિણીના અનુવાદનું સ્વરૂપ તેવું જ છે, એમ શાસનપક્ષના ખ્યાલમાં આવી જવાથી શ્રી શાસનપક્ષે કલ્યાણકામી આત્માઓને તે બૂકનાં ઝેરી લખાણથી ઉગારી લેવા જોરદાર કમર કસીને તે બૂકના લખાણથી સ્થલે સ્થલે ભ્રમ ઉપજાવવા લાગેલા શ્રી જંબૂવિજયજીને મળીને પણ તે બૂકમાંના સમસ્ત લખાણો શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ શ્રી જંબૂવિજયજીના જ હાથે જલશરણ કરાવવાં ધાર્યાં.

(૭ –શ્રી શાસનપક્ષની એ ધારણાને પામી જવાથી શ્રી જંબૂવિજયજીએ પણ 'શાસન-પક્ષનો ભેટો જ થવા ન પામે' એ સાવધગિરીપૂર્વક વિચરવાનું રાખીને–'તે બૂકનું બધું જ લખાણ સાચું છે, અમારો મત નવો નથી પણ તે મતને જેઓ નવો કહે છે તે પ્રાચીન મત જ નવો છે' ઇત્યાદિ સર્વત્ર બોલવું–લખવું અને પ્રચારવું ચાલુ રાખ્યું. આથી આપણા લોકોત્તર સમાજમાં ફેલાવા માંડેલો કારમો ભ્રમ શાસનપક્ષને અસહ્ય બન્યો.

(૮)–પરિણામે તેમને ચર્ચા માટે ઝડપવાની તક શોધી રહેલ શ્રી શાસનપક્ષે, તેમને સં. ૧૯૯૬ના મહા માસે પાલીતાણે બરાબર સપડાવ્યા=શાસનપક્ષને આવતો જાણીને કરવા માંડેલી વિહારની તૈયારીને મહા શુદિ ૮ના રોજ ચર્ચા માટેની ચીઠી પહોંચાડીને અટકાવી દીધી! ખેદની વાત છે કે–એ રીતે ચર્ચાની પાડેલી ફરજને પણ બજાવ્યા વિના તેઓ પાલીતાણેથી મહા શુદિ ૧૩ના રોજ અન્યત્ર ખસી ગયા!!!

(૯)–પરંતુ કર્મસંયોગે તેમને ફા. શુ. ૨ ના રોજ શ્રી સિદ્ધિસૂરિજીને મળવા પાલીતાણે પાછા આવવાની ફરજ પડવાથી શ્રી શાસનપક્ષે તેમને ફા. શુ. ૩ના રોજ ચર્ચા કરવા માટે તૈયાર થવાનું જણાવતી ફરી બીજી ચીઠી મોકલી. માનવતાની રૂએ પણ તે ચીઠીનો સ્વીકાર કરવાની તેમની ફરજ હતીઃ છતાં તે ફરજ તો તેમણે બજાવી જ નહિ અને સ્હામેથી ચીઠી લઈ જનારને 'ચીઠાં શું મોકલે છે? ચર્ચા કરવી હોય તો અહિં પઠાણની ચોકી નથી, બારણાં ખુલ્લાં છે' એમ કહીને તેવી વાતો તેઓ સર્વત્ર કરવા લાગ્યા! આથી શ્રી શાસનપક્ષે તેમનાં સ્થાને જઈ તેઓને ચર્ચા કરવા કહ્યું! ત્યારે વળી–'તમોને મારી બૂકમાં જે જૂઠું લાગે તે લખીને મોકલો, મારે મૌખિક ચર્ચા કરવી નથી.' એમ કહ્યું! તે ટાઇમે તેમના માટે જાહેર સભા પણ રાખેલી હોવાથી શ્રી શાસનપક્ષે તેમને–'સભામાં પધારો અને સાચા ઠરો' એમ વિનતિ કરી, તો તેના જવાબમાં પણ તેમણે સાફ કહ્યું કે–'મારે સભામાં આવવું નથી.'

(૧૦)–તેમની આ કરૂણાજનક સ્થિતિને જોઇને શ્રી શાસનપક્ષે દયાર્દ્રદિલે તેમની ઉપેક્ષા કરી, અને તેઓ પણ ફા. શુ. ૯ ના રોજ ૧૨ ગાઉમાં જવા નિમિત્તે પાલીતાણા છોડી ગયા ! આ પછીથી શાસનપક્ષનું ધારવું હતું કે–'હવેથી તેઓ ભ્રમ ફેલાવતા અટકશે' પરંતુ પાલીતાણાથી એ સ્થિતિએ છૂટયા છતાંયે '**श्वपुच्छमवनामितम्**' એ ન્યાયે તેમણે તો ચોક–કદંબગિરિ મુકામે નિર્નિમિત્તે જ 'અમારો મત સાચો છે, પાલીતાણે હું તો ચર્ચા કરવા તૈયાર જ હતો' ઇત્યાદિ બોલીને નિજની ખાસીયત મુજબ યાત્રિકોને દોઢ દોઢ કલાક ભરમાવવાનું વળી પાછું શરૂ કર્યું ! આ સાંભળીને શ્રી શાસનપક્ષને અજાયબી ઉપજી ! પરિણામે શ્રી શાસનપક્ષે ફા. શુ. ૧૩ના રોજ આદપર મુકામે આવી પહોંચેલા તેઓને થાળી પીટાવીને બોલાવેલ શ્રી ચતુર્વિધસંઘની–પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી, મહેન્દ્રસૂરિજી, ધર્મસૂરિજી, ઉ. ક્ષમાસાગરજી, આ. ચંદ્રસાગરસૂરિજી આદિ સેંકડો સાધુ–સાધ્વીજી મહારાજો યુક્ત પાંચ હજારથી વધુ જનમેદની વચ્ચે ઉભા થઇને તેમની તે પર્વતિથિપ્રકાશ બૂક સાચી ઠરાવવા માટે પાંચ પાંચ મિનીટના આંતરે ઉપરા ઉપરી ત્રણવાર વિનમ્રભાવે વિનંતિ કરી. છતાં તેઓએ ત્યાં તો કશું જ નહિ બોલતાં ઉલટા ખૂબજ ડઘાઈ જઇને ચૂપકીદી જ પકડી. આ સ્થિતિમાં તેઓના મુખપર માલિન્યતા છવાઇ જવા પામી: એ માલિન્યતા, ક્ષણમાં લાલચોળ બની જવાથી શિષ્યો સહિત ખૂબજ ઉશ્કેરાઇને અશ્લીલ ગાળો અને વચનોની ઝડી વરસાવવા લાગ્યા. શ્રી શાસનપક્ષે એ સામે તે તકરારને જરાય મચક નહિ આપવા રૂપ શાંતિ પકડી ! એટલે તો પોતાના ઉશ્કેરાટને ફલ નહિ બેસવાથી અને શ્રી ચતુર્વિધસંઘ સમક્ષ યથાર્થરૂપે ખુલ્લા પડી જવાથી ખૂબજ રોષે ભરાઇને ખરે તડકે સવા બે વાગે ભેટ બાંધી–વિશાલ જનતાની ઉછળેલી 'પર્વતિથિપ્રકાશ બૂક જૂઠ્ઠી–જંબૂવિજયજી જૂઠ્ઠા'ની ઘોષણા સાંભળતા ડબ્બલ દોટે પાલીતાણે ચાલ્યા ગયા હતા.

(૧૧)–પાલીતાણે આવ્યા બાદ તે દુઃખદ પરાજયે તેમને પોતાનો વિજય લેખાવવાની પ્રેરણા કરવાથી તેમણે પોતાના તે પરાજયને વિજય તરીકે લેખાવનારો માર્ગ લીધો ! એટલે કે–ચર્ચામાં ઉભા જ નહોતા રહેતા તેને બદલે ચર્ચાની તૈયારી દર્શક એક ચીઠી તેમણે શ્રી શાસનપક્ષને સામેથી મોકલી ! એટલે તો '**इष्टं वैद्योपदिष्टं**'એ ન્યાયે શ્રી શાસનપક્ષે તે ચીઠી તરત સ્વીકારી અને તૈયાર થવાનો પડકાર આપ્યો ! તો વળી–ચીઠી બદલ ચીઠી જ ચલાવ્યે રાખી ! અંતે શાસનપક્ષના અંતિમ બે પત્રનો તો જવાબ જ આપ્યા વિના ફા. વ. પાંચમની વહેલી સવારે તેઓ પાલીતાણાથી ગૂપચૂપ નાસી છૂટયા ! (સવિસ્તર હેવાલ માટે જુઓ—'**શ્રી સિદ્ધચક્રપાક્ષિક** વર્ષ ૮ અંક ૧૨/૧૩નો '**પાલીતાણા પુણ્યધામમાં થએલ તિથિચર્ચાનું તારવણુ**' શીર્ષક ૨૭ પેજનો વધારો, **શ્રી શાસનસુધાકર** વર્ષ ૧ તા. ૨–૧૨–૧૯૪૦ ના અંકથી તા. ૨૩–૩–૪૧ સુધીના અંકોમાંના '**પાલીતાણેથી ચર્ચાનો સ્વીકાર કરી રાતોરાત નાસી છૂટેલા શ્રીમાન્ જંબૂવિજયજીને**' શીર્ષક લેખો તથા **શાસનસુધાકર** તા. ૧૭–૧૨–૪૦ ના બીજા અંકના

પેજ ૧૫-૧૬ ઉપરનો **શ્રીમાન્ *જંબૂવિજયજીનો જાલીમસીતમ'** શીર્ષક મુનિશ્રી ત્રૈલોક્યસાગરજીનો વિસ્તૃત લેખ.' )

**(૧૨)**-નિજના કલ્પિતમતને સાચો લેખાવવા સારૂ તેમણે એ રીતે પ્રભુશાસનની અવિચ્છિન્ન આચરણાને ખોટી રીતે જ અસત્ય લેખાવવા રૂપે સર્જેલી તે 'પર્વતિથિપ્રકાશ' બૂક દ્વારા તેવો ચિરંજીવી પરાભવ અનુભવ્યા પછી તો શાસનપક્ષનું ધારવું હતું કે-'તેઓ હવેથી તો તેવાં અસત્ય સાહિત્યોનું સર્જન બંધ જ કરશે.'

**(૧૩)**-પરંતુ પાલીતાણેથી ગુપચૂપ નાસી છૂટયા બાદ તો તેમણે તે પરાભવને ઉલટો વિજયરૂપે લેખાવ્યો! અને તે એ રીતે કે-"પાલીતાણા તથા આદપરના બનાવોને પોતાના વિજયનો વળાંક આપીને-**'ગઢવી ઘેરના ઘેર'** શીર્ષક એક ફોર્મ પ્રમાણ લેખ તાબડતોબ ઘડી કાઢયો: બાદ વિચાર્યું કે-'પાંચ હજાર માણસોએ અનુભવેલા તે પ્રસંગને આપેલી આ વિરૂપતા તેઓને શ્રદ્ધેય તો નહિ જ બને; પરંતુ તેઓની દૃષ્ટિમાં વધુ જૂઠો દેખાઈશ.' માટે હવે તો તે પ્રસંગના અનુભવીજનોમાં તે પ્રસંગની યથાતથ્ય બાબતો વિસારે પડવા દેવા સારૂ તે લેખને હાલ તુરતને માટે અને સ્વતંત્રતયા પ્રસિદ્ધ આપવાનું મુલતવી રાખવું અને તે દરમ્યાન **'પર્વતિથિપ્રકાશ'** બૂકની લગભગ પુનરાવૃત્તિરૂપે બીજી જ બૂક તૈયાર કરીને તે બૂકના અંતિમ વિભાગમાં તે લેખને પ્રસિદ્ધિ આપવી." એ પ્રાપ્ત વાત મુજબ છ માસ બાદ તેમના તરફથી 'તિથિસાહિત્યદર્પણ' નામની બીજી તેવા જ જૂઠાણાઓથી ભરપૂર બૂક પ્રસિદ્ધિને પણ પામી! તે બૂકના અંતિમ ભાગમાં તે 'ગઢવી ઘેરના ઘેર' શીર્ષકવાળો અસત્ય લેખ જોવામાં પણ આવ્યો! એટલે તે પ્રાપ્ત વાત સાચી ઠરી. **આથી શ્રી જંબૂવિજયજીને તે સંક્ષિપ્ત લખાણ** દ્વારા જૂઠાણામાં બીનહરીફ કહેલા છે.

**પ્રશ્ન ૪૮ :**-ગત સમાધાન ૨૪માં જણાવ્યા મુજબ સં. ૧૯૯૩માં અમદાવાદમાં એક હાથે છપાઈને બહાર પડેલી નવામતી ત્રિપુટીની ત્રણેય બૂકોમાંની 'પર્વતિથિપ્રકાશ' અને 'સાંવત્સરિક પર્વતિથિ વિચારણા' બૂકમાંની મુખ્ય મુખ્ય બાબતોને શ્રી કલ્યાણવિ૦ની-'પર્વતિથિચર્ચાસંગ્રહ' સૂચિત દિશાનો જ વળાંક આપેલો જોવાતો હોવાથી તે ત્રણેય બૂકોમાં પર્વક્ષય-વૃદ્ધિ બાબતનાં મુખ્ય લખાણોની દિશા એક રાખવાનો તે ત્રિપુટીલેખકનો પૂર્વ-સંકેત નક્કી થાય છે અને તેથી 'પર્વતિથિપ્રકાશ' બૂક જૂઠી ઠરી તે યોગ્ય ગણાય; પરંતુ તે પછી બીજાં બીજાં પ્રમાણો આપીને સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ કરેલી 'તિથિસાહિત્યદર્પણ' બૂકને ઉપરના સમાધાનમાં તે 'પર્વતિથિપ્રકાશ'ની પુનરાવૃત્તિ કહી છે તે શી રીતે સંગત ગણાય?

**ઉત્તર:**-શ્રી જંબૂવિજયજીએ પ્રકટ કરેલી તે બીજી ચોપડી પણ ખોટી ઠરેલી પહેલી બૂકમાંના મુદ્દામ લખાણો તથા પ્રમાણોને રૂપાંતર આપીને તૈયાર કરેલ હોવાથી ઉપરનાં સમાધાનમાં તે બૂકને પહેલી બૂકની પુનરાવૃત્તિ નહિ; પરંતુ લગભગ પુનરાવૃત્તિ કહેલ છે.

જેમકે-(૧)-'પર્વતિથિપ્રકાશ' પૃ. ૮૯ ઉપરનું '**३६ पलनी उदयात् तिथि ××× पं. रंगविजयसत्क**' પર્યંતનું બાલાવબોધ લખાણ કે જે-શ્રી કલ્યાણવિ૦ની બૂકના પેજ ૨૬ ઉપરનાં 'સં. ૧૮૬૯નું સમાધાન' શીર્ષક ગુજરાતી લખાણમાંની પહેલી બે અને છેલ્લી સાત પંક્તિ કાપીને, તે લખાણનું શીર્ષક તથા સ્થલ છૂપાવીને અને મધ્યના ગુજરાતી લખાણને બાળબોધનું રૂપાંતર આપીને પ્રસિદ્ધ કરેલ છે તે, પર્વતિથિપ્રકાશનાં બાલાવબોધ લખાણને (શ્રી કલ્યાણવિ૦ના તે લખાણમાંથી પ્રથમ કાપી નાંખેલી પહેલી બે પંક્તિ અને છેલ્લી સાત પંક્તિમાંની પહેલી ૪ પંક્તિ પ્રમાણ લખાણને ઉમેરીને, તે લખાણનાં પ્રથમ જે શીર્ષક તથા સ્થલ છૂપાવેલ તેને પ્રકટ કરીને અને મધ્યનાં તે ગુજરાતીના બનાવેલા બાલાવબોધ લખાણને ફરી ગુજરાતીનું રૂપક આપીને) શ્રી જંબૂવિજયે તેમની આ બીજી 'તિથિસાહિત્ય-દર્પણ' બૂકમાં પ્રકટ કરેલ છે!

તેવી જ રીતે-(૨)-તે 'તિથિસાહિત્યદર્પણ' બૂકના પેજ ૩ ઉપર-શ્રી કલ્યાણવિ૦ની બૂકના પેજ ૨૫-૨૬ ટાંકવા પૂર્વકનું જે-'ઓગણીસમી સદીમાં ××× શ્રીપૂજ્યોની આજ્ઞાએ ××× કામચલાઉ સમાધાન થયું હતું.' પર્યંતનું લખાણ છે તે લખાણ પણ શ્રી જંબૂવિ૦એ [શ્રી કલ્યાણવિ૦ની બૂકના તે ૨૫-૨૬મા પેજ ઉપરનાં લખાણમાંની પહેલી છ પંક્તિ કાપી નાખીને, તે લખાણમાંના **'શ્રીપૂજ્યોના અજ્ઞાને'** વાકયનું **'શ્રીપૂજ્યોની આજ્ઞાએ'** વાકય બનાવી દઈને અને શ્રી ક. વિ.ની તે બૂકના ૨૯મા પેજ ઉપરના આણસૂરની માન્યતાવાળા 'તિથિઘટાઘટવિચાર'ના પાઠમાંના બે ટુકડાને 'પર્વતિથિપ્રકાશ'ના પેજ ૧૪૬ થી ૧૪૮ ઉપરના-'જો તમારે એવાં પાનાં જ માનવા હોય તો ××× ચોથને દિવસે ચોથ અને પાંચમ બન્નેનો તપ કરાય છે.' પર્યંત પોતે કરેલા-તે આણસૂરગચ્છીય માન્યતાને તપાગચ્છની માન્યતામાં ખપાવનારા-દાંભિક લખાણની ફુટનોટ ૬૭ અને ૬૮માં પ્રમાણ તરીકે રજુ કરીને આણસૂરની તે માન્યતાને તપાગચ્છની માન્યતા લેખાવવાનો પ્રપંચ કરેલ છે તે,] તેમની જૂઠી ઠરેલી 'પર્વતિથિપ્રકાશ'ના પેજ ૧૪૬ થી ૧૪૮ ઉપરના સદંતર જૂઠા ઠરેલા પ્રપંચને સાચો લેખાવવા સારૂ અહિં વિરૂપ આપીને રજુ કરેલ છે.

તાત્પર્ય એ છે કે-શ્રી દેવસૂર અને આણસૂર એ બન્ને શ્રી તપાગચ્છીય ગચ્છોમાંથી માન્યતાભેદે અલગ થએલ તપાગચ્છીય તેર વ્યક્તિએ કરેલા-તપાગચ્છીય માન્યતાથી ભિન્ન માન્યતાવાળા(શ્રી કલ્યાણ વિ. ની બૂકના પેજ ૨૬ ઉપરના) તે સં. ૧૮૬૯ના તેર બેસણાના ઠરાવવાળા લખાણને તથા [સં. ૧૬૮૫માં દેવસૂરગચ્છથી સદંતર જુદા પડેલા આણસૂરગચ્છ-વાળાએ પર્વારાધના બાબત ૧૭મી સદીમાં રચેલા નિજના નવા તિથિમતદર્શક **'તિથિઘટા-ઘટવિચાર=તિથિવિચાર'** નાં પાનામાંના ૧૭મી સદીના લખાણને શ્રી કલ્યાણવિજયજીએ પોતાની બૂકના પેજ ૨૫-૨૬ ઉપર ખોટી રીતે જ ઓગણીસમી સદીનું લેખાવીને રજુ કરેલા] **'ઓગણીસમી શતાબ્દીમાં ××× કામચલાઉ સમાધાન થયું હતું'** એ આણસૂરગચ્છની માન્યતાવાળા લખાણને શ્રી જંબૂવિજયજીએ, પ્રથમ પોતાની સં. ૧૯૯૩ની

તે 'પર્વતિથિપ્રકાશ'ના પેજ ૮૯ તથા ૧૪૬ થી ૧૪૮ ઉપર તપાગચ્છની માન્યતામાં ગોટવીને તે ઉભય લખાણને તપાગચ્છીય માન્યતાના લખાણો તરીકે જ લેખાવવાનો પ્રપંચ કર્યો! અને તે વગેરે અનેક પ્રપંચો તથા જુઠા અર્થોથી સર્જેલી તે બૂક સં. ૧૯૯૫ માં આદપર મુકામે તેમની સામે જ જૂઠી જાહેર થવા પૂર્વક સહન કરવા પડેલા નિજના તે દુઃખદ પરાજયને વિજયમાં ખપાવવાનું દિલ થવાથી તેમણે તે બૂકનાં લખાણોને રૂપાંતર આપીને આ બીજી 'તિથિસાહિત્યદર્પણ' બૂક રૂપે સર્જન કર્યું હોવાથી, તેમજ તે રૂપાંતરીય લખાણો માટે કોઈ શાસ્ત્રિય પ્રમાણ નહિ મળવાથી મુંઝાઇને છેવટે શ્રી કલ્યાણ વિ. ની બૂકમાંના તે તેર બેસણાં તથા આણસૂરગચ્છીય લખાણોને તપાગચ્છીય પ્રમાણો તરીકે રજુ કરી દેવાનું છળ કરીને તેમણે તે બૂક સર્જી હોવાથી તે બૂક પણ પર્વતિથિપ્રકાશની હરોળનું એક વધુ જૂઠાણું જ છે.

લૌકિકટિપ્પણામાં પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ જ્યારે જ્યારે આવેલી ત્યારે ત્યારે આરાધનામાં તો બારેય પર્વીને સં. ૧૯૯૨ના શ્રાવણમાસ સુધી પોતાનાં ભીંતીયાં પંચાંગોમાં ઉદયાત્ જ બતાવનારા શ્રી રામચંદ્રસૂરિજી, તે શાસ્ત્ર અને પરંપરાશુદ્ધ આચરણાથી તે વખતની સંવત્સરીની એક તિથિ પૂરતા. શ્રી સકલસંઘની વિરુદ્ધ પડયા એ તેમનું આપખુદ અને મનસ્વી વર્ત્તન હોવાથી તેઓને ત્રણેક વર્ષ માટે તો મુંબઈ–મારવાડ–માલવા–મેવાડ–ગૂજરાત–કાઠીઆવાડ અને ઝાલાવાડ છોડીને દક્ષિણમાં ભરાઈ રહેવું પડેલ. આ વાત તેમને અસહ્ય બનવાથી તેમણે પોતાની તે એક તિથિની અલગતાનો પોતાનો કલ્પિતવાદ સં. ૧૯૯૩ માં સર્વ તિથિઓને લાગુ કરીને 'આરાધનામાં પણ પર્વતિથિઓની ક્ષય–વૃદ્ધિ હોઈ શકે છે' એ પ્રકારનો પેપરોમાં પ્રચાર આદર્યો, શ્રી સકલસંઘથી પોતાનાં પંચાંગો પણ જુદાં ઉભા કર્યાં અને પ્રથમ દર્શાવ્યા મુજબના પ્રપંચી લખાણોથી ભરપૂર એવી તે–'પર્વતિથિચર્ચાસંગ્રહ, પર્વતિથિપ્રકાશ અને સાંવત્સરિક પર્વતિથિવિચારણા' નામની ત્રણ બૂકો ઉભી કરી! ઇત્યાદિ કાર્યો તેમણે કેવા કાવાદાવાથી કરેલાં છે, તે સમજવા સુજ્ઞ વાચક માટે ઉપર જણાવેલા બે જ દૃષ્ટાન્તો અત્ર પર્યાપ્ત મનાશે.

શ્રી જંબૂવિજયજીનો 'પર્વતિથિપ્રકાશ' નામક શ્રી તત્ત્વતરંગિણીનો અનુવાદ પ્રસિદ્ધ થતાની સાથે (તે અનુવાદને વીરશાસન પત્રાદિમાં અગાઉથી નિર્નામકપણે પ્રચારનારા) તે નવા વર્ગને સં. ૧૯૯૩–૯૪ના સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૧૫ પૃ૦ ૩૪૯–૩૫૦ ઉપર તે અનુવાદની ૫૦ ભૂલો નંબરવાર ટાંકીને ખુલાસા પૂછવામાં આવતાં જે વર્ગને અદ્યાપિપર્યંત જવાબ સૂઝયો નથી અને જે બૂકના યોગે તેના લેખકને આદપર મુકામે સખત પરાભવ ખમવો પડયો છે તે જ લેખક, તે જ બૂકના મૃતપ્રાયઃ લખાણોને–એ રીતે વેષપરાવર્ત્તનરૂપ '**તિથિસાહિત્યદર્પણ**'ના ૧૪ પેજ સુધી રજુ કરેલા શ્રી કલ્યાણવિજયજીના અપ્રમાણ પ્રમાણોદ્વારા–જીવન્ત લેખાવવા મથેલ છે અને તે પણ તપાગચ્છની અવિચ્છિન્ન પ્રણાલિકાને

(શ્રી સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૧૨–૧૩ પૃ૦ ૨૯૦ થી ૩૦૩ સુધીમાં જણાવ્યા મુજબ) જેમાં ત્રેપન ત્રૂટીઓ રહેલી છે તેવાં '**તિથિઘટાઘટવિચાર**' નામક આણસૂરના પાનામાંનાં વાહિયાત લખાણને આગલ કરીને પોતાના તે કલ્પિત લખાણને સાચું લેખાવવા મથેલ છે તે ભવભીરુતાના અભાવનું પ્રતીક ગણાય.

**પ્રશ્ન ૪૯:**–તિથિસાહિત્યદર્પણના પેજ ૧૫ થી ૨૪ સુધીમાં શ્રી જંબૂવિજયજીએ પોતાનાં લખાણના ટેકામાં જે બે બીજાં પ્રમાણો ટાંકેલા છે તે પ્રમાણો તો પ્રમાણિક છે ને? કે–તે પણ તેવાં જ છે?

**ઉત્તર:**–તે પ્રમાણોમાં પણ તેમણે તેનાં સ્થલ આદિ જુદાં દેખાડવાનો કેવલ પ્રપંચ જ કરેલ છે. કારણકે–"તે '**તિથિસાહિત્યદર્પણ**'માં પેજ ૧૫ થી તેમણે રજુ કરેલ પૂ. આત્મારામજી મ૦ના કહેવાતા પત્રવાળું લખાણ વગેરે બીના પણ શ્રી કલ્યાણવિ.ની બૂકના પેજ ૪૪–૪૫થી માંડી ૬૬ થી ૬૮ ઉપર લખાયેલ તત્સંબંધી લખાણને અનુલક્ષીને જ તે સ્થલે રજુ કરેલ છે." આથી બીજા બીજાના નામે રજુ કરાએલાં તે પ્રમાણો પણ શ્રી કલ્યાણવિ. ની બૂકમાંના જ અપ્રમાણ પ્રમાણો છે: જે–કેવા જાલી છે તે અમે ગત ૪૫મા પ્રશ્નના સમાધાનમાં સ્પષ્ટ કરેલ છે.

**પ્રશ્ન ૫૦:**–તે બૂકના પેજ ૨૮ ઉપર શ્રી જંબૂવિજયજીએ, '**આ૦ શ્રીઆનંદસાગરજીનાં ××× ક્ષયવૃદ્ધિનો સ્વીકાર**' શીર્ષકતળે પોતાના–આરાધનામાં પણ પર્વતિથિની ક્ષય વૃદ્ધિ માનવાના–મતની પુષ્ટિમાં "શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪, પૃષ્ઠ ૯૪ ઉપરનો–**પ્રશ્ન ૭૭૬**–સામાન્યરીતે જૈનજનતામાં કહેવાય છે કે–બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે? **સમાધાન**–જ્યોતિષકરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ ××× જો પર્વતિથિનો ક્ષય ન થતો હોય તો '**क्षये पूर्वा तिथिः कार्या**' એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ." એ પૂજ્ય આ૦ મ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦શ્રીના ખુદના પ્રશ્નોત્તરને પ્રમાણ તરીકે રજુ કરેલ છે તો શું આ પ્રમાણ પણ શ્રી જંબૂવિજયજીએ શ્રી કલ્યાણવિજયજીસૂચિત *દિશાને અનુલક્ષીને રજુ કર્યું છે? અને ખોટું રજુ કર્યું છે?*

**ઉત્તર:**–શ્રી કલ્યાણવિજયજીએ તેની બૂકના ૬૮મા પેજ ઉપર નવા મતની પુષ્ટિમાં શ્રી સિદ્ધચક્રનું તે લખાણ જે અંકમાંથી લીધું છે તે ચોથા અંકમાંનું જ શ્રી જંબૂવિ૦એ પણ તેમની આ બૂકના ૨૮મા પેજ ઉપર લખાણ રજુ કર્યું હોવાથી તેમણે આપેલું આ શ્રી સિદ્ધચક્રમાંનાં લખાણવાળું પ્રમાણ પણ શ્રી કલ્યાણવિ૦સૂચિત દિશાને અનુલક્ષીને જ રજુ કર્યું હોવાથી=એટલે કે–શ્રી જંબૂવિ૦એ અહિ શ્રી સિદ્ધચક્રમાંનાં તે પ્રશ્નોત્તરમાંના લખાણનો–**"માટે જૈન જ્યોતિષના હિસાબ પ્રમાણે પર્વતિથિનો ક્ષય જ ન હોય એમ કહેવાય નહિ, પણ આરાધના કરવા માટે નિયત થએલ બીજ આદિ તિથિઓનો**

**ક્ષય હોય તો ××× આરાધનાની અપેક્ષાએ પર્વતિથિનો ક્ષય ન હોય એમ કહેવું વાજબી ગણી શકાય, ને તેથી જ આરાધનાની અપેક્ષાએ ભીંતીયાં પંચાંગો છપાવનારા મૂળ ટિપ્પણામાં પર્વતિથિનો ક્ષય હોય તો તેને સ્થાને પૂર્વની તિથિનો ક્ષય કરી પર્વની તિથિઓને અખંડિત રાખે છે."** પર્યંતનો–પર્વક્ષયે પૂર્વાનો ક્ષય કરવાનું જણાવનારો છેલ્લો સૈદ્ધાંતિક ભાગ કાપીને તે પ્રશ્નોત્તરને–પર્વનો પણ ક્ષય કરવાના પોતાના મતમાં–પ્રમાણ તરીકે પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીના નામે રજુ કરી દીધેલ હોવાથી તે પ્રમાણ તો અભિનિવેશમિથ્યાત્વથી વાસિત હોવા પૂર્વકનું ખોટું છે. પર્વતિથિના ક્ષયે **પૂર્વતિથિનો** ક્ષય કરવાનું જણાવનારા તે શ્રી સિદ્ધચક્રમાંના પ્રશ્નોત્તરને આ રીતે જે માણસ પોતાની બૂકમાં **પર્વતિથિનો ક્ષય** કરવાના અર્થમાં ફેરવીને તેને સત્યપક્ષીના નામે પણ ચડાવી દેવાની હિંમત ધરાવી શકેલ છે તે માણસની તે '**તિથિ-સાહિત્ય દર્પણ**' બૂકમાં કયું જુઠાણું અવશેષ હોય? એ ખ્યાલ રાખીને જ કલ્યાણકામી જનોએ તે બૂકને સ્પર્શવું રહે છે.

**પ્રશ્ન ૫૧ :**–તે બૂકના તે પેજ ૨૮ ઉપર તેમણે પોતાના મતની પુષ્ટિમાં શ્રી સિદ્ધ-ચક્ર વર્ષ ૫ અંક ૧ પૃ. ૭ ઉપરનો–"**પ્રશ્ન:**–૮૩૯–બીજ, પાંચમ ××× હોય કે નહિ? **સમાધાન**–શ્રી સ્થાનાંગસૂત્ર તથા ××× ક્ષય વૃદ્ધિના પ્રસંગો નિયત છે." એ બીજું પ્રમાણ રજુ કરેલ છે તે પ્રમાણ અખંડ છે કે તે પણ કાપીકૂપીને રજુ કરેલ છે?

**ઉત્તર:**–તે પ્રમાણ તો તેમણે અખંડ રજુ કરેલ છે; પરંતુ શ્રી જંબૂવિ. એ તે પ્રમાણ, પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવાનું સ્પષ્ટ જણાવનારા (તે પ્રશ્નોત્તરની પછીના જ) ૮૪૦ અને ૮૪૧ પ્રશ્નોત્તરોને છૂપાવીને–તિથિની આરાધના અંગેના નહિ પણ જ્યોતિષશાસ્ત્રના હિસાબના–તે ૮૩૯મા પ્રશ્નોત્તરને આરાધનાની વાત તરીકે લેખાવવાનો માયાપ્રપંચ સેવીને ત્યાં રજુ કરેલ હોવાથી તે પ્રમાણ, પ્રમાણ નથી=સિદ્ધચક્રની તે પ્રશ્નોત્તરવાળી વાત આરાધના અંગેની નથી; પરંતુ જ્યોતિષશાસ્ત્રના હિસાબની એ વાત છે. આવી જ્યોતિષના હિસાબની વાતને પણ એ રીતે તેમણે પોતાના મતના પ્રમાણ તરીકે ગોઠવીને તો નક્કી કરી આપ્યું છે કે–'તેમના મતને માટે તેમને કોઇ શાસ્ત્ર કે પરંપરાનું પ્રમાણ પ્રાપ્ત જ નથી.'

**પ્રશ્ન ૫૨:**– શ્રી જંબૂવિજયજીએ શ્રી સિદ્ધચક્રમાંના એ રીતે કૃત્રિમ બનાવી દીધેલા પ્રશ્નોત્તરોને આશ્રયીને તેમની તે બીજી બૂકના ૨૯ મા પેજ ઉપર જે–'આ પ્રશ્નોત્તરોથી વાચકને સ્પષ્ટ સમજાશે કે–××××× એવું તો કાંઈ જ નથી,' પર્યંતનું ૧૬ પંક્તિ પ્રમાણ લખાણ કર્યું છે તે તો ભ્રમજાળ જ ઠરે છે; પરંતુ તે લખાણ પછી તેમણે '**સંપૂર્ણ ભોગ-વટાનો સ્વીકાર**' શીર્ષક તળે તે બૂકના પેજ ૩૦–૩૧ ઉપર શ્રી–સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૪ પેજ ૯૭ (ટાઇટલ પેજ ૩) ઉપરનાં લખાણમાંથી એક–'**પન્નરસણ્હં વગેરે પાઠની સમજણ**' શીર્ષક સહિતનું લખાણ, બીજું–'**ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની**

**જરૂર અને તેનું કારણ**' શીર્ષક સહિતનું લખાણ અને ત્રીજું-'**વૃદ્ધિમાં ઉત્તર તિથિ કરવાનું કારણ**' શીર્ષક સહિતનું લખાણ રજુ કરીને તેમણે તે લખાણ બાદ તે બૂકના પેજ ૩૧ ઉપર લખ્યું છે કે-"શ્રી સાગરજી કદાગ્રહશૂન્ય મનોદશામાં હશે ત્યારે તેમણે ઉપલું વિવેચન લખી નાખ્યું હશે. અમે જે વસ્તુ શાસ્ત્રાધારે કહી છે અને કહેવા માગીએ છીએ તેનો જ એ એક અનુવાદ માત્ર છે. શ્રી સાગરજીના પક્ષમાં પડેલા આચાર્યાદિઓ તેમના જ લખાણનો શાંતિથી વિચાર કરે તો થતી માર્ગભૂલ અવશ્ય સુધરી જાય. ઉપલા લખાણથી શ્રી સાગરજીએ અમારી-'(૧) પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ થાય છે, (૨)-પર્વક્ષયે તેની આરાધના પૂર્વ દિવસમાં કરાય છે, (૩)-ક્ષીણપર્વની આરાધનામાં સૂર્યોદય લેવાનો હોતો જ નથી, (૪)-એક દિવસે બે પર્વ હોય તો બન્ને પર્વની આરાધના એક જ દિવસે થાય છે; પરંતુ અતીત કે અનાગત વગર ભોગવટાવાળી તિથિ લઇ શકાતી નથી તેથી જ પુનમ-અમાસ કે પાંચમની ક્ષયવૃદ્ધિએ તેરસ કે ત્રીજની ક્ષય વૃદ્ધિ કરી ચૌદશ અને ચોથ બીન ભોગવટાવાળી તિથિએ કરવી તથા ચોથ કે ચૌદશના ક્ષયે પાંચમ કે પુનમ અમાસે સંવત્સરી તથા પકખી કરવી તે શાસ્ત્ર અને સામાચારીથી કેવલ વિરુદ્ધ જ છે, (૫)-સૂર્યોદયવાળી તિથિ તો તે જ દિવસે આરાધવી જોઇએ, (૬)-વૃદ્ધિતિથિમાં પૂર્વસૂર્યોદયવાળી તિથિ છોડી પરસૂર્યોદયવાળી તિથિ ગ્રહણ કરવી અને (૭)-પંદર વગેરે દિવસોનો હિસાબ તિથિ ભોગવટાથી મેળવવાનો છે.' એ સાત માન્યતાનો એકરાર-સ્વીકાર કર્યો છે." તો આ બાબતમાં તથ્યાંશ શું છે?

**ઉત્તર:**-શ્રી સિદ્ધચક્રપાક્ષિક સં. ૧૯૯૨ના કાર્તિકવદિ ૦))ના અંક ૪ના પેજ ૯૭ (ટાઇટલ પેજ ૩)થી શરૂ થયેલો તે-'પન્નરસણ્હં.' **આદિ ત્રણ શીર્ષકવાળો લેખ,**-તે અંકના પેજ ૯૮ (ટાઈટલ પેજ ૪) ઉપરના ચ્હેલા પેરાના-'આ બધું કહેવાનો ભાવાર્થ એટલો જ કે-પાક્ષિકની તિથિ જે ચતુર્દશી છે તેની મર્યાદામાં સૂર્યોદય ઓછા થાય કે વધારે થાય (ચૌદશનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય) તેનો હિસાબ ગણાય નહિ પણ માત્ર તિથિનો ભોગવટો અને ગએલી (ક્ષીણ) તિથિઓની સંજ્ઞા જ ગણાય.' તે અંતિમ લખાણ સુધીમાં '**પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો**' શીર્ષકતળે-**સં. ૧૯૯૦ના સિદ્ધચક્રના ૨૨મા અંકથી શરૂ કરવામાં આવેલા વિશાલ લેખના પેટા લેખ તરીકે પૂર્ણ થએલ છે.** તે આખો પેટાલેખ, નવામતની સાથે લેશમાત્ર સંબંધ ધરાવતો નહિ હોઇને પૂનમે પાખી કરવાવાળાની માન્યતા અસત્ય હોવાનું જણાવવા માટે જ લખાએલ છે: ચૌદશે પકખી કરનાર તપાગચ્છવાળાઓની કે-' પૂનમ અમાસ કે ભા. શુ. ૫ની ક્ષયવૃદ્ધિએ ટીપણાની ચૌદશ કે ભા. શુ. ૪ના એકજ દિવસે પૂનમ-અમાસ કે ભા. શુ. પાંચમનું પણ આરાધન થઈ જતું હોવાનું મનસ્વીપણે જ કહેવા લાગી જઇને પૂનમ-અમાસ અને ભા. શુ. પંચમીનું આરાધન લોપી નાખનાર તેમજ ટીપણાની બે પૂનમ-બે અમાસ-બે પાંચમ, આરાધનામાં પણ ઉભી રાખીને ચૌદશ અને પૂનમ-અમાસ અને ભા. શુ. ૪-૫ નાં જોડીયાં

પર્વને તોડી નાખનાર ' નવાતિથિમતીઓની માન્યતા બદલ લખાએલ નથી; પરંતુ પૂનમે પાખી માનવાવાળાઓને માટેનો તે પેટાલેખ લખાએલ છે. શ્રી સિદ્ધચક્રનો તે પેટા લેખ સં. ૧૯૯૨ના કાર્ત્તિકમાસે લખાએલ છે અને તે પછી નવામતની શરૂઆત તો સં. ૧૯૯૨ના શ્રાવણવદિમાં અચાનક થએલ છે. આ સ્થિતિમાં શ્રી સિદ્ધચક્રના તે પૂનમે પકખીનો નિષેધ સૂચક પેટા લેખના ત્રણ પેરાનાં લખાણમાંથી એ રીતે ' તે કલ્પિત નવા તિથિમતની તે સાત માન્યતા તારવવાનું અને તે શાસ્ત્ર-પરંપરા વિરુદ્ધની સાતેય માન્યતાઓનો પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ સ્વીકાર કર્યો હોવાનું તેવું હડહડતું જુઠું લખાણ તો શ્રી જંબૂવિજયજી જ લખી શકે અને તે જૂઠાણાને પ્રમાણ તરીકે પણ તે જ માણસ લેખાવી શકે !!!

## શ્રી જંબૂવિ૦એ ઉપજાવેલી તે સાતેય કલમોની ક્રમસર અસારતા.

તે પેટાલેખમાં (૧) પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ લખી છે તે લૌકિકટીપણાને અનુલક્ષીને છે, (૨) પર્વક્ષયે તેની આરાધના પૂર્વદિવસમાં કરાય છે એમ લખ્યું છે તેપણ ચૌદશના ક્ષયે ખરતરની જેમ પૂનમે પાખી કરનારાઓને અને લૌકિકટીપણાની ઉદયતિથિને નહિ પણ તે ઉદયાત્ તિથિવાળા દિવસને અનુલક્ષીને લખેલ છે, (૩) શ્રી જંબૂવિ૦એ તારવેલી 'ક્ષીણ-પર્વની આરાધનામાં સૂર્યોદય લેવાનો હોતો જ નથી.' એ વાતની તો તે લખાણમાં ગંધ પણ નથીઃ અને તે વાત પછી તેમણે તે બૂકમાં લખેલી-' એટલે ટીપણામાં એક દિવસે બે તિથિ ભેગી લખાય જ છે ' એ વાત સદંતર કલ્પિત છે. કોઈ પણ તિથિના ક્ષય વખતે કોઈજ ટીપણામાં બે તિથિ ભેળી તો લખાતી જ નથી. (૪)-શ્રી સિદ્ધચક્રનાં તે લખાણમાંથી તેમણે તારવેલી ' એક દિવસે બે પર્વ હોય તો બંને પર્વની આરાધના એકજ દિવસે થાય છે; પરંતુ અતીત-ક્ષીણપર્વની પહેલાંની, અનાગત-વગર ભોગવટાવાળી તિથિ લઈ શકાતી નથી, તેથીજ પૂનમ-અમાસ કે પાંચમની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરી ××× તે શાસ્ત્ર અને સામાચારીથી કેવલ વિરુદ્ધ છે.' એ વાત પણ ઉપજાવી કાઢીને સિદ્ધચક્રના મુખમાં મુકેલ છેઃ શ્રી સિદ્ધચક્રનાં તે લખાણમાં તે વાતની ગંધ પણ નથી. [ તેમનો આ પ્રપંચ તો ઉલટો તેમની જ માન્યતાને ખોટી ઠરાવે છે! કારણકે તેઓ ચૌદશના ક્ષયે તે દિવસે રહેલી ચૌદશથી અતીત તેરસ, કે જે-ક્ષીણચૌદશના ભોગવટાવાળી નથી, છતાં તે અતીત તેરસમાં ચૌદશ કરે છે અને પૂનમના ક્ષયે તેનાથી અતીત ચૌદશ, તે ક્ષીણપૂનમના ભોગવટા વાળી નહિ હોવા છતાં તે અતીત ચૌદશમાં પૂનમનું આરાધન થઇ જાય છે એમ બોલીને તે ચૌદશે (આગામી સં. ૨૦૧૯ના કા, શુ. ૧૫ ના ક્ષયના દૃષ્ટાન્તે) ચૌદશના સૂર્યોદયથી પણ પૂનમ કરવા મંડી પડેલ છે! ] (૫) ' સૂર્યોદયવાળી તિથિ તો તે જ દિવસે આરાધવી જોઈએ.' એ વાત પણ શ્રી જંબૂવિજયે તે લખાણના નામે ફેંકેલ પત્થરરૂપ છે. તે વાતથી તો તેમણે-સં. ૧૯૯૦માં ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. શુ. ૪ નો ક્ષય હતો ત્યારે તો ઉદય-વાળી ત્રીજે જ સંવત્સરી કરી હોવાનું અને સં. ૨૦૧૯ની કાર્ત્તિક શુદ ૧૫ના ક્ષયે પણ

ટીપણામાં તો ચૌદશ જ ઉદયમાં હોવા છતાં તે ચૌદશની સવારથી જ પૂનમની સિદ્ધાચલજીની યાત્રા કરવાનું જાહેર કર્યું હોવાથી ચૌદશે જ પૂનમ કરી હોવાનું–તેમના હાથેજ નક્કી કરી આપ્યું ઠરે છે. અને છઠ્ઠી તથા સાતમી કલમમાં તેમણે–વૃદ્ધિ વખતે બીજી તિથિને જ માનવાની તથા તિથિ ક્ષય હોય તો પણ પંદર વગેરે દિવસોનો હિસાબ તિથિના ભોગવટાથી જ મેળવવાની આજન્મ માન્યતાવાળા પૂજ્ય આગમોદ્ધારકશ્રીને 'તે મુજબ તેઓ ન્હોતા માનતા' એમ લેખાવ્યું છે તે તો દિવસને રાત કહેવા જેવું નિષ્ઠુર જુઠાણું છે.

અંતિમ તે બંને કલમો, વૃદ્ધિ વખતે બીજી તિથિને માનવાનું છોડીને પહેલી તિથિ અને ચૌદશના ક્ષયે પૂનમે પકખી માનનાર ખરતર આદિને 'પન્નરસણ્હં'નો મેળ જ મળતો નહિ હોવાથી તેઓને જ અંગે કહેવાએલ છે, એમ સિદ્ધચક્રનાં તે લખાણથી તેમજ તે પેટાલેખની પૂર્ણાહૂતિમાંના–'આ બધું કહેવાનો ભાવાર્થ એટલો જ કે–પાક્ષિકની તિથિ જે ચતુર્દશી છે ××× માત્ર તિથિનો ભોગવટો અને ગએલી તિથિઓની સંજ્ઞા જ ગણાય.' એ લખાણથી સહુ કોઈ શાસનપ્રેમીઓ સ્પષ્ટ સમજી શકે છે, અને તેથી શ્રી જંબૂવિજયજીએ 'શ્રી સિદ્ધચક્રના લખાણને આચાર્યાદિઓ શાંતિથી વિચાર કરે તો આજે થતી માર્ગભૂલ અવશ્ય સુધરી જાય.' ઇત્યાદિ લખવું તે મિથ્યા છે એમ સમજવા છતાં તેવું લખ્યું છે તે, 'આદપર મુકામે તેમની બૂક જૂઠી ઠરવાથી ખુલ્લો પડી ગએલો તે વર્ગ, તે મત કાઢવામાં એકલો અને અટુલો દેખાવાની' ભીતિનું પ્રતીક છે.

**વસ્તુતઃ શ્રી જંબૂવિજયજીએ** શ્રી સિદ્ધચક્રમાંના તે લખાણને લઈને તેના પરથી પોતાની તે બીજી બૂકમાં તથાપ્રકારે જે અસત્ય લખાણ સર્જ્યું છે તેનું પણ મૂળ તો શ્રી કલ્યાણવિ૦ની બૂકના પેજ ૭૮ ઉપરના ૫૯મા પ્રશ્નના ઉત્તર તરીકે રજુ કરાએલું શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪ ના તે ચોથા અંકના તે જ ૯૭મા પેજ ઉપરનું લખાણ છે. વિશેષ એટલો કે "શ્રી જંબૂવિ૦એ, પોતાની એ બીજી બૂકમાં, શ્રી કલ્યાણવિ૦એ તેમની બૂકમાં રજુ કરેલું **'ક્ષય થતાં પૂર્વની ××× અને તેનાં કારણો'** શીર્ષકવાળું લખાણ લેવા ઉપરાંત શ્રી સિદ્ધચક્રમાંના તે લખાણની ઉપરના–'પન્નરસણ્હં૦' શીર્ષકવાળા લખાણનો એક પેરો તથા તે લખાણ પછીનો–'વૃદ્ધિમાં ઉત્તર તિથિ૦' શીર્ષકવાળા લખાણના બે પેરામાંનો એક નાનો પેરો એમ બે પેરાનું લખાણ ઉમેરીને તથા શ્રી ક૦ વિ૦એ તેમની બૂકમાં લીધેલ 'અને આ જ કારણથી ××× થઈ ગએલો હોય છે.' એ લખાણ, તેમજ તે લખાણ પછીનું શ્રી ક૦ વિ૦એ તેમની બૂકમાં–'અને સૂર્યોદયવાળી તે તે પર્વતિથિ ××× સમાવેશ કરવો એ રીતસર છે.' એ ઉડાવી દીધેલ લખાણ પણ લીધું છે અને શ્રી ક૦ વિ૦એ પોતાની બૂકમાં લીધેલા શ્રી સિદ્ધચક્રમાંના તે લખાણ પછીનાં પણ લીધેલાં–'પણ ત્રીજ, છઠ, નોમ વગેરે ××× જૂઠ અને કલ્પનામાત્ર જ છે' એ લખાણને તથા શ્રી સિદ્ધચક્રમાંના તે લખાણ પછીનાં–'જો કે–આરાધનાને માટે તે તે પર્વતિથિ ××× એ જ બુદ્ધિમાનોને માટે લાયકનો રસ્તો છે.' એ છ પંક્તિ પ્રમાણ લખાણને ઉડાવી દેવાની આ શ્રીમાને વધુ તરકીબો કરી છે!"

**શ્રી કલ્યાણવિજયજીની બૂકમાં** શ્રી સિદ્ધચક્રનાં લખાણનો દુરુપયોગ કરવાની કરવામાં આવેલી કૂટતાને જ આ રીતે શ્રી જંબૂવિ૦એ પોતાની આ બીજી બૂકમાં બ્હેકાવેલ હોવાથી તે શ્રી ક૦વિ૦ તથા શ્રી જંબૂવિ૦ની બૂકોમાં શ્રી સિદ્ધચક્રનાં લખાણને સંખ્યાબંધ પ્રપંચોથી વ્યાપ્ત બનાવીને નવામતની તરફેણનું દેખાડવારૂપે થએલું તે સમસ્ત લખાણ વૈદ-ગાંધીના સહીયારારૂપે લેખવું રહે છે. અને તેથી ગત ચાલીશમા સમાધાનમાં શ્રી કલ્યાણવિ૦ની બૂકમાંના તે લખાણ બદ્દલ જે જે દૂષણો જણાવવામાં આવેલ તે તે દૂષણો અહિં શ્રી જં૦ વિ૦ની એ બીજી બૂકમાંના પ્રસ્તુત લખાણને પણ ઘટમાન છે.

સં. ૧૯૯૨ના કાર્તિક માસના તે શ્રી સિદ્ધચક્રનાં લખાણનો શ્રી જંબૂવિજયજીએ 'અમારા નવા મતની સાત માન્યતાઓનો તો શ્રી સાગરજીએ એકરાર કર્યો છે' એ પ્રકારે કૂટ સાર રજુ કર્યા બાદ તે બૂકના પેજ ૩૨-૩૩ ઉપર જે-'હવે હાલમાં તેઓ પર્વતિથિની ક્ષયવૃદ્ધિને બદલે અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કલ્પિત કરી નાખવાનો આગ્રહ સેવે છે, અને એક દિવસે બે તિથિ ન બોલાય કે ન લખાય' એમ બોલે છે, તથા ચોથ ચૌદશનો સૂર્યોદયવાળો સંપૂર્ણ ભોગવટો છોડી તે તિથિઓનો ભોગવટો ત્રીજ, તેરસ, પહેલી પાંચમ અને પહેલી પૂનમ અમાસે સંપૂર્ણ ન હોય કિંવા મુદ્દલે ન હોય તથાપિ તે દિવસે તે તિથિઓને આરાધવાનું જણાવે છે તે મતિ-વિભ્રમ સિવાય બીજું કાંઈ દેખાતું નથી.' એ પ્રમાણે લખાણ કરેલ છે તે કેવલ માયામૃષાપૂર્ણ છે. ઉપર જણાવાયું છે તેમ શ્રી સિદ્ધચક્રનો તે લેખ, નવા તિથિમતની શરૂઆત પહેલાનો હોઈને તે લેખમાં તેમની નવામતની માન્યતાની કલ્પનાનો પણ સંભવ નથી, તેમણે કહેલા તે 'હવે હાલમાં૦' લખાણમાં જણાવેલી પૂજ્ય આગમોદ્ધારકશ્રીની માન્યતા નવો મત નીકળ્યા પહેલાંની જ હોઈને શ્રી સિદ્ધચક્રના તે લેખમાં પણ ઝળકી જ રહેલ છે, પોતે જણાવેલી તે વાત પૂજ્ય આગમોદ્ધારકશ્રી નિષ્પન્ન નથી; પરંતુ શાસનની શરૂઆતથી પ્રભુશાસનની છે. પૂજ્ય આગમોદ્ધારકશ્રી, પ્રભુશાસનની તે માન્યતાવાળા તો તેમની દીક્ષાથી જ હતા અને શ્રી સિદ્ધચક્રનો તે લેખ લખાયો છે તે સં. ૧૯૯૨ના કાર્ત્તિકથી શ્રાવણ માસ સુધી તો શ્રી જંબૂવિ૦ સહિત નવામતી બધા પણ એ જ માન્યતાવાળા હતા." એમ તે 'હવે હાલમાં૦' લખનાર શ્રી જંબૂવિ૦ બરાબર જાણે છે છતાં તેમણે પૂજ્ય આગમોદ્ધારક જેવા શાસનપ્રાણ મહાપુરુષને નામે નવા મતની ગ્રહગ્રથિલતાવશાત્ તેવું અજ્ઞજનોચિત વાહિયાત લખાણ કરેલ છે તે શોચનીય છે.

[ આ સ્થલે શ્રી જંબૂવિજયજીને પ્રાસંગિક પ્રશ્નો છે કે-"શું-શ્રી સિદ્ધચક્રનો તે લેખ લખાએલ છે ત્યારે પણ પૂજ્ય આગમોદ્ધારકશ્રી તમે તમારી આ બૂકમાં તે 'હવે હાલમાં૦' જણાવેલ છે તે જ માન્યતાવાળા ન્હોતા? તે વખતે તમારા દાદાગુરુ શ્રી દાનસૂરિ-લબ્ધિસૂરિ-ભદ્રસૂરિ-કનકસૂરિ-પ્રેમસૂરિ-અમૃતસૂરિ-રામસૂરિ-તમે અને સિદ્ધિસૂરિજી, આરાધનાના ભીંતીયાં પંચાંગમાં તે જ પ્રમાણે લખતા અને માનતા ન્હોતા? અપર્વતિથિનો ક્ષય કરીને તેનાં સ્થાને ક્ષીણપર્વતિથિને તમે પૂ. આત્મારામજી મ૦ના વખતથી સૂર્યોદયવાળી બનાવતા ન્હોતા?

ટીપણાની માગ. શુ. અને મહા સુદ ૧૧ આદિની વૃદ્ધિ વખતે તે દસમના ઉદય અને ભોગવટા વિનાની પહેલી અગીઆરસે દસમ કરતા ન્હોતા ? મહા શુ. ૫–ફા. શુ. ૫–ફા. વ. ૫–વૈ. શુ. ૫ અને જે. વ. ૫ ના ક્ષયે આરાધનામાં તેની પૂર્વની ઉદયાત્ કલ્યાણક પર્વતિથિઓનો પણ ક્ષય કરીને તે તે ક્ષીણ પાંચમને તે તે કલ્યાણકતિથિઓનાં સ્થાને સૂર્યોદયવાળી જ બનાવતા ન્હોતા ? ટિપ્પણામાં પૂનમ અને અમાસની ક્ષય–વૃદ્ધિ આવતી ત્યારે ત્યારે તમે ચૌદશનો સૂર્યોદયવાળો સંપૂર્ણ ભોગવટો છોડીને તેરસે ચૌદશ અને પહેલી પૂનમ–અમાસે ( ચૌદશ મુદ્દલે ન હોય તથાપિ તે દિવસે) આરાધનામાં ચૌદશ જણાવતા ન્હોતા ? જો એ પ્રમાણે (સં. ૧૯૯૨ના શ્રાવણ માસ પછીથી જ નવામતી બનેલા) તમો સહુ પણ સં. ૧૯૯૨ના શ્રાવણ માસ સુધી તો કરતા જ હતા, તો તમો સહુના તે આચરણને આજે શું તમારો આગ્રહ અને મતિવિભ્રમ સમજવો કે–જે નવા મતને શાસ્ત્ર કે પરંપરાનો આધાર નહિ મળવાથી આ રીતે શાસનપક્ષના ટંકશાલી લખાણોનો દુરુપયોગ કરીને પણ પ્રમાણિક દેખાડવા મથવું પડેલ છે તે નવા મતને બાઝી પડયા છો તે તમારો આગ્રહ અને મતિવિભ્રમ સમજવો ? "તેમની બૂકમાં તેમણે સર્વત્ર 'સાગરજી, સાગરાનંદજી, આનંદસાગરજી લખવામાં માનેલ વિદ્વત્તાની ફલશ્રુતિ રૂપે જ આ બૂકમાં પોતાને સર્વત્ર 'શ્રીજંબૂવિજયજી' જણાવેલ છે એમ સમજીને આશા છે કે–તેમને પૂછવામાં આવેલા એ પ્રશ્નોનો તો તેઓ જાતેજ અને પ્રમાણિક જવાબ આપશે.

**પ્રશ્ન ૫૩:**–'તિથિસાહિત્યદર્પણ'ના ૩૩મા પેજ ઉપર તેમણે **'ચોથ અવધિનો સ્વીકાર'** શીર્ષકતળે–સં. ૧૯૯૦ના સિદ્ધચક્ર વર્ષ બીજું અંક ૨૨ ટાઈટલ પેજ ત્રીજા ઉપરનું જે–'જીવાભિગમ આદિ શાસ્ત્રોમાં××× સામાન્યરીતે પ્રારંભ થાય છે.' પર્યંતનું ૬ પંક્તિ પ્રમાણ લખાણ તથા તે લખાણની જોડે સં. ૧૯૯૨ના સિદ્ધચક્ર અંક ૧૯–૨૦ પૃ. ૪૫૪ ઉપરનું જે–'ચોથથી માંડીને તે પાછલી તેરસ (બારસ) સુધીમાં ××× અગીયારસથી જ પર્યુષણાની શરૂઆત કરવી પડે છે.' સુધીનું ચાર પંક્તિનું લખાણ પ્રકટ કરીને અંતે તે લખાણોનો જે–'હવે તેઓ (આગમોદ્ધારકશ્રી) પર્યુષણા અઢાઈની ચોથ અવધિનો તિરસ્કાર કરી પાંચમ અવધિ સ્વીકારે છે તે અયુક્ત છે.' એ પ્રમાણે અર્થ કાઢયો છે તે બરાબર છે ?

**ઉત્તર:**–સં. ૧૯૯૦ના સિદ્ધચક્રનું ચોથે સંવત્સરીની માન્યતાવાળું તે લખાણ તેમણે ત્યાં સં. ૧૯૯૨માં નીકળેલા તેમના (આરાધનામાં પણ ભા. શુ. બે પાંચમ કહેનારા) નવા મતની માન્યતામાં બેસતું કરવાના દુરાશયથી રજુ કર્યું છે. એટલે કે–તે લખાણને તેમણે તે સ્થલે–સં. ૧૯૯૨માં લૌકિક ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. શુ. બે પાંચમ આવેલ ત્યારે શાસનપક્ષે આરાધનામાં તે લૌકિક પહેલી પાંચમે ચોથ કરીને સંવત્સરી કરી હતી, તે ચોથ અવધિને **'હવે પાંચમે અવધિ સ્વીકારે છે તે અયુક્ત છે'** એમ કહીને 'સં. ૧૯૯૨માં શાસનપક્ષે પાંચમે સંવત્સરી કરી હતી' એ પ્રમાણેના ખોટા પ્રચારરૂપે રજુ કર્યું છે. એ જ રીતે તેમણે તે લખાણની જોડે જ રજુ કરેલું છે તે સં. ૧૯૯૨ના સિદ્ધચક્રનું લખાણ પણ

તેમના નવા મત પહેલાંનું, પૂર્વાપર સંબંધવાળા લખાણોને ઉડાવી દીધેલું અને (ભા. શુ. ૪–૫ના જોડીયા પર્વની નહિ પણ એકવડા જ પર્વની ક્ષયવૃદ્ધિની વાતવાળું હોવા છતાં) તેને ભા. શુ. ૪–૫ વાળા જોડીયા પર્વની વાતમાં જોડી કાઢીને 'પાંચમે સંવત્સરી કરી હતી' એમ ખોટો પ્રચાર કરવાના દુરાશયથી રજુ કર્યું છે.

ખોટા પ્રચાર અર્થે તેવું કુટિલ લખાણ કરવામાં તેમનો–આરાધનામાં પણ બે પાંચમ કહેવાની જે ભૂલ કરી છે તેને અને તે ભૂલના યોગે સંવત્સરી પણ તેમને લોકોત્તર ત્રીજે કરવી પડેલ હોવાની બીજી ભૂલને ઢાંકવાનો જ નહિ; પરન્તુ સિદ્ધાંતમાં ખપાવવાનો માત્ર દુર્હેતુ જ છે. સિવાય શાસનપક્ષે તે વખતે લોકોત્તર ચોથે સંવત્સરી કરી તે તો શુદ્ધ પરંપરાનુસારી હોવાથી લેશમાત્ર અયુક્ત નથીઃ પરંતુ તે પરંપરાશુદ્ધ અવિચ્છિન્નમાર્ગથી સ્વચ્છંદે ખસવામાં એ રીતે તેઓ કારમી ભૂલોનો ભોગ બનેલ છે તે અયુક્ત છેઃ અને તદુપરાંત તે અયુક્ત-વર્ત્તનમાં અટવાયા પછી તેમણે આ રીતે લેખાવવામાં માંડેલી તે પહેલી પાંચમને (તેઓ તો પાંચમ જ ગણતા નથી–બોખું ગણે છે છતાં) અહિં આરાધનાની પાંચમ ગણાવે છે અને તેમ કરીને માર્ગસ્થને ઉન્માર્ગી દેખાડે છે! તે તો અયુક્તાયુક્ત છે.

સં. ૧૯૯૨ સુધી તેમણે ટીપણાંની બે પૂનમ અને બે અમાસ વખતે પોતાના આરાધનાના પંચાંગોમાં બે તેરસ કરીને પહેલી પૂનમ અને પહેલી અમાસે ચૌદશ કરેલી છે અને કહેલી છે, તે વખતે તેમણે 'પૂનમે કે અમાસે ચૌદશ કરી' એમ માન્યું જ નહિ હોવાથી કદિ કહ્યું જ નથીઃ આમ છતાં હવે તેઓ તે ભા. શુ- બે પાંચમ વખતે 'પાંચમે ચોથ કરી' કહે છે તેથી તેમની તે ખુલ્લી માયામૃષા છે. નવો મત કાઢયા પછી પણ તેમણે તે સં. ૧૯૯૨માં ચંડાંશુચંડુમાં આસો વદ બે ચૌદશ હતી તે પ્રસંગે તેમના વીરશાસનપત્ર વર્ષ ૧૫ ના ૬–૭ અંકમાં સં. ૧૯૯૨ના આસોવદિ ૮ થી સં. ૧૯૯૩ના કા. શુ. ૫ સુધીના છાપેલા લોકોત્તર પંચાંગમાં તે બે ચૌદશની બે તેરસ છાપીને પહેલી ચૌદશે તેરસ કરી છે અને તે વખતે પણ 'ચૌદશે તેરસ કરી' એમ તો તેમણે કહ્યું જ નથીઃ પોતાનાં તે વર્ત્તનને તે નવા મતના નેતા આદિએ અદ્યાપિ પર્યંત પણ 'પહેલી પૂનમ–અમાસે ચૌદશ કરી હતી કે ચૌદશે તેરસ કરી હતી' એ તરીકે લેખાવ્યું જ નથીઃ આથી સ્પષ્ટ છે કે–'શ્રી જંબૂવિ૦નું તે લખાણ પણ ભ્રામક જ છે.'

તે ભ્રામક લખાણનું પણ મૂળ તો તે બૂકના ૨૩મા પેજ ઉપરનું–**'સાંવત્સરિક પર્યુષણાની અટ્ઠાઈની શરૂઆત'** શીર્ષક તળેનું શ્રી સિદ્ધચક્રનું દસ પંક્તિવાળું ભેળસેળીયું લખાણ છે. સિદ્ધચક્રમાં જુદા જુદા પ્રસંગને આશ્રયીને જુદા જુદા વિષયોને અંગે વેધક-દૃષ્ટિથી તલસ્પર્શીપણે લખાએલા આગમ અને પરંપરાનુસારી સચોટ લખાણોમાંથી જુદા જુદા વિષયોના ટુકડાઓને ઉપાડી લઈને તે ટુકડાઓના બનાવેલા એક લખાણને શ્રી જંબૂવિજયજીએ પ્રથમ તો તે પેજ ૨૩ ઉપર શ્રી સિદ્ધચક્રમાંના એક વિષયના એક લખાણ તરીકે દેખાડવાની ચાલબાજી કરી છે અને તે પછી તે ભેળસેળીયા લખાણના ૩ ટુકડા કરીને તેમાંના

બે ટુકડાને તે બૂકના ૩૩ અને ૩૪મા પેજ ઉપર પૃથક્ પૃથક્ સ્થાપીને તેના અર્થ પણ જુદા જુદા દેખાડવાનો જે ફરેબ કરેલ છે તેમાંનો એક ટુકડો અને તેનો અર્થ, તે તેત્રીસમા પેજ ઉપરનું લખાણ છે.

શ્રી સિદ્ધચક્રના નામે રજુ કરેલા તે સેળભેળીયા લખાણમાં–શ્રી જંબૂવિજયજીએ, તે બૂકના ૨૩મા પેજ ઉપર પ્રથમ શ્રી સિદ્ધચક્રના તે ૧૯–૨૦ અંકના ૪૫૪મા પેજ ઉપરથી– **'સાંવત્સરિક પર્યુષણાની અઠ્ઠાઈની શરૂઆત'** એ તો માત્ર શીર્ષક જ લીધું છે! અને તેની નીચેનું–'અને તે આઠે દિવસ સાંવત્સરિકપર્વને ઉદ્દેશીને હોવાથી સાંવત્સરિકનો દિવસ છેલ્લો આવે તેવી જ રીતે પર્યુષણાની શરૂઆત કરાય છે, એટલે' સુધીનું આદ્ય લખાણ ઉડાવી દીધું છે! તે પછી 'સંવચ્છરીની પહેલાના આઠ દિવસોમાં જે જે કોઈ ××× અગી-આરસથી પર્યુષણાની શરૂઆત કરવી પડે છે.' ત્યાં સુધીનું તે પહેલા પેરાનું લખાણ [તેમાંના તેરસ શબ્દની જોડે (બારસ) શબ્દ ઘુસાડીને] સંપૂર્ણ લીધું છે તે પણ–તે પેરા પછીના બીજા વિષયવાળા બીજા પેરામાંના એક ટુકડાની સાથે જોડી દેવા સારૂ લીધું છે! અર્થાત્ પહેલા પેરાના તે લખાણને બીજા પેરામાંના ટુકડા સાથે જોડીને તે બન્ને પૃથક્ પૃથક્ અધિકારવાળા લખાણને એક અધિકારવાળું લખાણ બતાવવાનો તેમણે ત્યાં કસબ કર્યો છે, અને તે પછી જ સિદ્ધચક્રના નામે તે સેળભેળીયા લખાણને એક લખાણ તરીકે તેમણે પોતાની તે બૂકના ૨૩મા પેજ પર રજુ કર્યું છે!

તે બે અધિકારમાંના બે લખાણને એક લખાણ તરીકે લેખાવવાનો કસબ પણ તેમણે આ રીતે કર્યો છે કે–તે પહેલા પેરાના પૂર્ણ થએલા લખાણને પણ ચાલુ લેખાવવા તેમણે તે લખાણને પૂર્ણ જણાવનારા અંતિમ એક પૂર્ણવિરામને સ્થાને ચાર પૂર્ણવિરામ બતાવીને તે પછીનાં **'કલ્પધરના છટ્ઠની તિથિઓની અનિયતતા'** શીર્ષક ૧૯ પંક્તિવાળા બીજા પેરામાંનું–'અને એવી રીતે અનિયમિત શરૂઆત કરવી પડતી હોવાથી ××× છઠ્ઠને અંગે કોઈપણ તિથિનો આગ્રહ ન કરવો, એમ જણાવે છે.' પર્યંતનું (તે શીર્ષકયુક્ત બાર પંક્તિનું) મહત્વનું લખાણ ઉડાવી દીધું છે, તે પછીનું 'પર્યુષણ બેસવાની તિથિ પલટે, કલ્પવાચનની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે પણ પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે તે પલટે જ નહિ' એ ત્રણ પંક્તિપ્રમાણ લખાણને તે ચાર પૂર્ણવિરામની જોડે ગોઠવી દીધું છે, તે બીજા પેરામાંનાં તે ત્રણ પંકિતવાળા લખાણ પછીનું 'અર્થાત્ પાક્ષિક અને સાંવત્સરિક તો તે તે દિવસોએ નિયમિત કરવું જ જોઇએ એટલે સાંવત્સ-રિક પર્યુષણાને અંગે **અઠ્ઠાઈનું અને ચૈત્યપરિપાટીનું નિયમિતપણું જ છે,** એ અંતિમ ત્રણ પંક્તિ પ્રમાણ લખાણ તો ઉડાવી જ દીધું છે!!! અને તે પછી જ તે શ્રી સિદ્ધચક્રના નામે એ સ્થલે તે તે જુદા જુદા લખાણમાંના આગલ પાછલના લખાણોના ટુકડાઓ સાંધીને એક લખાણ તરીકે બતાવેલ છે! આ કાર્ય શ્રી જંબૂવિજયજીએ તે લખાણના અનેક અર્થો ઉપજાવવા સારૂ કરેલ હોવાથી તે સેળભેળીયા એક લખાણને તેમણે શ્રી સિદ્ધચક્રના

નામે પ્રથમ તે બૂકના ૨૩મા પેજ ઉપર સ્થાપ્યું અને તે પછી તે સં. ૧૯૯૨ના આષાઢમાસના સિદ્ધચક્રમાંના ત્રુટક ત્રુટક લખાણોના બનાવેલા એક લખાણનો સંયુક્ત ભાવ પ્રથમ તે સ્થલે–"આ લખાણ કરીને તેમણે (આગમોદ્ધારકશ્રીએ) તેમનો કદાગ્રહ છોડવાની તત્પરતા બતાવી હતી. ટીપણામાં ચોથ પછી ભા. શુ. પાંચમની વૃદ્ધિ હતી. ચોથ સુધીમાં એકેય તિથિની હાનિવૃદ્ધિ હતી નહિ. સંઘ સમજ્યોકે–સાગરજી જુદા પડશે નહિ. ત્યાં તો નેમિસૂરિજીએ કોર બદલી" એ પ્રમાણે રજુ કર્યો છે! એટલે કે–સં. ૧૯૯૨ના શ્રાવણ વદ દસમે અચાનક જાહેર થવા પામેલી (આરાધનામાં પણ ભા. શુ. બે પાંચમ ગણવાની) તેમની નવી માન્યતા સાથે તે આષાઢમાસના આખા ભેળસેળીયા લખાણનો તેમણે તે પ્રમાણે આખો ભાવ ઉપજાવી કાઢીને જ જોડી દીધેલ છે!

તે સ્થળે એ આખા કૂટ લખાણનો એ પ્રમાણે ભાવ રજુ કર્યા પછી તેમણે તે લખાણનો બીજો ભાવ જણાવવો રહેતો જ નથી: આમ છતાં તે વાતવાળા તે બૂકના પહેલા પ્રકરણને પૂરૂં કરવાપૂર્વક તે વાતને તે પછીના ૧૦ પેજ સુધી વિસારે પાડીને તેમણે એ બૂકના બીજા પ્રકરણના તેત્રીસમા પેજ ઉપર તે ૨૩ મા પેજ ઉપર રજુ કરેલા કૂટ લખાણમાંથી [ પણ ઉપરની ત્રણ અને નીચેની ચાર પંક્તિઓ ઉડાવી દઈને ] ચાલુ પ્રશ્નમાં પૂછાએલું છે તે શ્રી સિદ્ધચક્રનું–'ચોથથી માંડીને તે પાછલી તેરસ ( બારસ ) સુધીમાં ××× અગીઆરસથી જ પર્યુષણની શરૂઆત કરવી પડે છે.' સુધીનું મધ્યનું ચાર પંક્તિ પ્રમાણ લખાણ પુનઃ રજુ કર્યું છે અને તે સ્થલે તેમણે વળી તે લખાણનો–'હવે તેઓ પર્યુષણ અઠ્ઠાઈની ચોથ અવધિનો તિરસ્કાર કરી પાંચમ અવધિ સ્વીકારે છે તે અયુક્ત છે.' એ પ્રમાણે બીજો ભાવ રજુ કર્યો છે! અને તે ઉપરાંત તે બૂકના ૨૩ મા પેજ ઉપરના તે સેળભેળીયા લખાણનું પુનઃ રજુ કરેલ ચાર પંક્તિ પછીનું–'પર્યુષણા બેસવાની તિથિ પલટે, કલ્પવાંચનની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે, પણ' એ લખાણ ઉડાવી દઈને તે બૂકના ૩૪ મા પેજ ઉપર તેમણે–'પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે તે પલટે જ નહિ.' એ અંતિમ ટુકડો પ્રસિદ્ધ કર્યો. અને ત્યાં વળી તેનો–'છતાં હાલમાં તેઓ ( આગમોદ્ધારકશ્રી ) પાંચમ અને પૂનમ અમાસની ક્ષયવૃદ્ધિએ ચોથ ચૌદશ પલટે છે તે શાસ્ત્રવિરુદ્ધ છે.' એ પ્રમાણે ત્રીજો જ ભાવ રજુ કર્યો છે!

શ્રી સિદ્ધચક્રના તે અંકમાં લખાએલી તે વાતોનું તાત્પર્ય–"તેરસથી ભા. શુ. ૪ સુધીમાં કોઈ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ હોય તો પર્યુષણાની અઠ્ઠાઈ અગીઆરસથી કે તેરસથી બેસે અને તે વખતે–પર્યુષણાદિ બેસવાની તિથિ જે બારસ આદિ છે તે–બારસ આદિ જ રહે તેવું નક્કી નહિ; અગીઆરસ કે તેરસ આદિ પણ થઈ જાય; પરંતુ પકખી અને સંવત્સરીની તિથિ તો જે ચૌદશ અને ચોથ નિયત છે તે જ રહે." એ પ્રમાણે સીધું અને હકીકતરૂપે છે, એમ જાણવા છતાં અને ભા. શુ. ૪–૫ના જોડીયા પર્વમાંની પાંચમની ક્ષયવૃદ્ધિની તો તે વાત નથી; પરંતુ એકવડી તિથિના જ પ્રસંગની તે વાત છે, એમ પણ જાણવા છતાં–

૨૪

'પર્વની ક્ષયવૃદ્ધિ વખતે ટીપણાની તે ઉદયાત્ ચૌદશ અને તે ચોથને તો આરાધનામાં પણ=તે તે ૧૪–૧૫, ૧૪–૦)) અને ભા. શુ. ૪–૫ નાં જોડીયાં પર્વો તૂટી જાય કે ઓછાં થઈ જાય તો પણ–તેના સ્થાનેથી ખસેડવી જ નહિ,' એમ જે સં. ૧૯૯૩ થી તેઓ માત્ર કલ્પનાથી જ કહેવા અને આચરવા માંડેલ છે તે કલ્પિત વાતને સિદ્ધાંત લેખાવવાના આગ્રહમાં તેવાં શાસનમાન્ય લખાણને પૂર્વોક્ત રીત્યા પોતાના મતને અનુકૂળ દેખાડવા તેઓને તેવા પ્રપંચો કરવા પડેલ છે તે ઓછું શોચનીય નથી.

**પ્રશ્ન ૫૪:**–તે બૂકના ૩૪ મા પેજ ઉપર–'**ચતુર્દશીની પ્રધાનતાનો સ્વીકાર**' શીર્ષકતળે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૦ પૃ. ૨૩૨ ઉપરનો ૭૯૨ મો પ્રશ્ન અને સમાધાન રજુ કરીને તે પ્રશ્નોત્તરને અંતે શ્રી જંબૂવિજયજીએ જે–'શ્રીમાન્ સાગરાનંદજી આ લેખમાં ચૌદશનું પૂનમ અમાસ કરતાં અધિકપણું–અભ્યર્હિતપણું સ્વીકારે છે, તથાપિ હાલમાં તેઓ પૂનમ–અમાસની ક્ષયવૃદ્ધિએ ચૌદશ ઉદયતિથિને આઘી પાછી ખસેડી પૂનમ અમાસની પ્રધાનતા કરે છે, તે તેમના ઉપરોક્ત લેખથીયે વિરુદ્ધ છે.' એ પ્રમાણે લખ્યું છે તે બરાબર છે ?

**ઉત્તર:**–શ્રી સિદ્ધચક્રમાંનો તે પ્રશ્નોત્તર પર્વક્ષય–વૃદ્ધિ અંગેનો નથી; પરંતુ શાસ્ત્રોમાં આવતા શ્રાવકોના કર્ત્તવ્યોના અધિકારમાં જે–'**चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु**' પાઠ આવે છે તે પાઠમાં પર્વતિથિઓનો જે–અનુક્રમ, પૂર્વાનુપૂર્વીક્રમ કે પશ્ચાનુપૂર્વીક્રમથી ભિન્નક્રમ છે તે ક્રમના સમાધાન અંગેનો છે, એમ જાણવા છતાં શ્રી જંબૂવિજયજીએ તે પર્વક્રમના પ્રશ્નોત્તરને અહિં પર્વક્ષયવૃદ્ધિના પ્રશ્નોત્તર તરીકે લેખાવેલ છે તે ભદ્રિકજનોમાં ભ્રમ પ્રસારવાની શેતરંજરૂપ હોવાથી બરાબર નથી. તે શેતરંજમાં પણ તેઓ બરાબર નથી! કારણકે–પર્વક્ષયવૃદ્ધિએ પણ **क्षये पूर्वा०** અને **वृद्धौ उत्तरा.** એ વિધિ અને નિયામક એવાં અપવાદવાકયો બલવાન્ હોવાથી તદનુસારે જ તિથિઓને સંસ્કાર આપીને ક્ષીણ–વૃદ્ધતિથિને ઉદયાત્ બનાવાતી હોય છે અને તેથી ચૌદશનું અભ્યર્હિતપણું તો સચવાય જ છે. આથી તે સ્વીકાર તો પ્રથમથી જ હોવા છતાં આજે લેખાવે છે તે માયામૃષા છે.

**પ્રશ્ન ૫૫:**–તે બૂકના પેજ ૩૫ ઉપર–'**શીથિલાચારીઓના આચરણને પરંપરા તરીકે અમાન્ય કરવાનો સ્વીકાર**' શીર્ષકતળે શ્રીસિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૫ પૃ. ૩૪૮ ઉપરનાં–'જે પરંપરાના આચારરૂપી જીતઆચારથી આત્માની અથવા આચારની અશુદ્ધિ થાય, તેમજ શીથિલાચારી અને પ્રમાદીઓએ ઘણાઓએ મળીને પણ આચરેલું હોય અને તે પરંપરાથી આવ્યું હોય તો પણ તે જીત આચરવા લાયક નથી.' એ લખાણને રજુ કરીને શ્રી જંબૂવિજયજીએ, 'એ વાત સાગરજીએ કબૂલ કરેલ હોવા છતાં હાલમાં તેઓ અને તેમના પક્ષીઓ ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ કરવાની શ્રીપૂજ્યોની મનગઢંત આચરણાને પરંપરા તરીકે પંપાળે છે તે ખોટું જ છે.' એમ લખવા વડે તો

પૂ૦ મણિવિજયજી દાદાથી માંડીને તેમના શિષ્ય શ્રી સિદ્ધિસૂરિજી, પૂ. બુટેરાયજી મ૦, આત્મારામજી મ૦, દાનસૂરિજી વગેરે-ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ જ કરનારા -તેમના દાદા પરદાદાગુરુઓને પણ શ્રીપૂજ્યોની મનઘડંત આચરણાને પરંપરા તરીકે પંપાળનાર શ્રી પૂજ્યો લેખાવ્યા છે તે, જો તેઓ પક્ષકાર હોય તો કેમ બને ?

**ઉત્તરઃ**-તેમના તે તે દાદાગુરુઓ તો શાસનપક્ષની તદ્વિષયક પ્રચલિત આચરણા પ્રમાણે જ વર્ત્તતા હતા અને તે આચરણા, સં. ૧૯૯૩ થી કાઢેલા પોતાના નવા મતને ખોટો ઠરાવતી હોવાથી નવા મતના પક્ષકાર બનેલા શ્રી જંબૂવિ૦એ તેમના તે તે વડિલોને પણ પ્રતિપક્ષી માનીને જ તે લખાણ કર્યું છે. આથી તેમાં 'તે કેમ બને ?' એ શંકાને સ્થાન જ નથી. નવા મતના આગ્રહ ખાતર તેવું બેઅદબ લખાણ કરવા વડે-૧૫૭૭ ના લેખ મુજબ પૂજ્ય આનંદવિમલસૂરિજી મ૦, સત્તરમા સૈકાના હીરપ્રશ્નમાંના **'त्रयोदशीचतुर्दश्योः'** વચન મુજબ શ્રી હીરસૂરિજી મ૦, ખરતરીય ઉત્સૂત્રખંડનના **'अन्यच्च-वृद्धौ०'** વચન મુજબ શ્રીહીરસૂરિજી-સેનસૂરિજી-શ્રીમત્તપાગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી તથા શ્રી તત્ત્વતરંગિણીના **'चतुर्दशी एव'**, **'परावृत्त्याभिमन्यते'** ઇત્યાદિ પાઠો મુજબ મહામહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ અને નવામતીના તે દાદાગુરુ પૂ. મણિવિ૦ મ.ના પણ દાદાગુરુ શ્રી રૂપવિજયજી મહારાજ વગેરે પ્રચલિત પરંપરા મુજબ જ વર્ત્તનારા મહાપુરુષોને પણ જે માણસે શ્રીપૂજ્યો લેખાવતાં સંકોચ અનુભવ્યો નથી તે માણસ, એ રીતે તેના નવામતથી સદંતર વિરુદ્ધ એવા તે તે તેમના દાદા-પરદાદાગુરુઓને તેવા ઓળખાવે તેમાં આશ્ચર્ય પણ શું હોઈ શકે ? તે લખાણમાં ખરૂં આશ્ચર્ય તો-'પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું શ્રી સિદ્ધચક્રમાંનું 'અનર્થકારી પરંપરાથી આવેલું હોય તે જીત આચરવાને લાયક નથી.' એ લખાણને લેખક, પ્રચલિત પરંપરાને તેવી લેખાવવા સારૂ રજુ તો કરી શકેલ છે; પરંતુ આપણી આ પ્રચલિત પરંપરા કયા શ્રીપૂજ્યથી મનઘડંત નિષ્પન્ન છે ? તે જણાવી શકેલ નથી!' એ છે.

શાસનની આદિથી અદ્યાપિપર્યંત શ્રીપૂજ્યોની યે પરંપરામાં નહિ એવા પોતાના કેવલ મનઘડંત મતના ગ્રહથી ગ્રસિત બનીને એ રીતે જેમણે શ્રીવિજયદેવસૂરગચ્છની સં. ૧૯૯૨ પર્યન્ત તો પોતે પણ આચરેલી અવિચ્છિન્ન પરંપરાને જતિઓની પરંપરા લેખાવવાનું મહાન્ પાપ ઉપાર્જ્યું છે તે જંબૂવિજયની અત્ર તો માત્ર દયા જ ચિંતવવી રહે છે.

**પ્રશ્ન ૫૬ઃ**-તે બૂકના પેજ ૩૬ ઉપર **'બે ચૌદશ, બે અમાવાસ્યા આદિનો સ્વીકાર'** શીર્ષકતળે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨૧ પૃ. ૫૦૭ ઉપરનો ૭૬૧ મો પ્રશ્ન અને તેનું સમાધાન રજુ કરીને અને તે પ્રશ્નોત્તર નીચે-'આમાં પહેલી ચૌદશ, બીજી ચૌદશ, પહેલી અમાસ, બીજી અમાસ ××× તેમાં પહેલી અમાસે ખાધાવાર ઇત્યાદિ બધું રીતસર જણાવ્યું છે, તેરસની વૃદ્ધિ કરવાનું જણાવ્યું નથી.' એમ લખીને પૂજ્ય આગમોદ્ધારક આચાર્યમહારાજે પણ પર્વવૃદ્ધિ વખતે અમારી બે ચૌદશ-બે અમાવાસ્યા કહેવાની રીતનો સ્વીકાર કરેલો છે એમ જણાવ્યું છે તો તે વાતમાં તથ્ય શું છે ?

**ઉત્તરઃ**–"શ્રી સિદ્ધચક્રનો તે પ્રશ્નોત્તર, પર્વતિથિની વૃદ્ધિએ આરાધનામાં કરાતી વ્યવસ્થા અંગેનો નથી, પરંતુ પર્યુષણામાં કરવાના છઠ અંગે ગ્રહણ કરવી જરૂરી એવી તિથિઓની વ્યવસ્થા અંગેનો છે અને તેથી જ તે પ્રશ્નોત્તરમાં લખેલી 'બે ચૌદશ, બે અમાસ, પહેલી અમાસે ખાધાવાર' ઇત્યાદિ વાતોમાં સૂચવેલી તિથિઓ, લૌકિકટીપણાની અપેક્ષાએ જ લખાએલ છે." એમ જાણવા છતાં શ્રી જંબૂવિજયે તે લખાણનો એ રીતે 'વૃદ્ધિ વખતે આરાધનામાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ પણ બે તિથિ માનવાનો સ્વીકાર કર્યો છે.' એ પ્રકારનો ભ્રમોત્પાદક દુરુપયોગ કરેલ છે તે, આભોગિકમિથ્યાત્વનું પ્રતીક છે. તેવા તે જુઠાણાનું સેવન, તે પછીના એ બૂકના ૩૭ મા પેજ ઉપર રજુ કરેલા શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૨ પૃ. ૫૦૪ ઉપરનાં શાસ્ત્ર અને પરંપરાશુદ્ધ લખાણને તદ્દન અસત્ય અને કપોલકલ્પિત રીતે ખોટું લેખાવવાના દુરાશયગર્ભિત હોઈને કારમી ધૃષ્ટતાપૂર્ણ પણ છે.

**પ્રશ્ન ૫૭:**–તે બૂકના પેજ ૩૭ ઉપર **"क्षये पूर्वा०'નો નિયમ, કલ્યાણકાદિ તિથિ માટે પણ હોવાનો સ્વીકાર"** શીર્ષકતળે સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૪, પૃ. ૫૫૨ ઉપરનાં–'અક્ષયતૃતીયાદિ બાર તિથિ (સિવાય)ના પર્વોમાં જો ઉત્તરતિથિએ જ પર્વ થાય એ નિયમ **वृद्धौ कार्या तथोत्तरा** એ વાકયથી થાય અને અક્ષયતૃતીયાદિના પૂર્વના ક્ષયનો નિયમ મનાય તો પછી બાર તિથિમાં **'क्षये पूर्वा०'**વાળો નિયમ લાગુ થાય છે એ કથન વદતો વ્યાઘાત જ છે.' એ લખાણને અવલંબીને જંબૂવિજયજીએ તે લખાણની નીચેથી પેજ ૩૮ સુધી જે–'આમ છતાં હાલમાં તેઓ બાર તિથિની માફક કલ્યાણકાદિપર્વો સંબંધી **'क्षये पूर्वा०'**વાળો નિયમ લાગુ કરતા નથી, અગર કલ્યાણકાદિપર્વોમાં જેવો લાગુ કરે છે તેવો બાર તિથિમાં લાગુ કરતા નથી અને ચૈત્ર શુદ પૂનમ વગેરેની ક્ષયવૃદ્ધિએ બારસ વગેરેની ક્ષયવૃદ્ધિ કરતા કે માનતા નથી એ તેમના ઉપલા લખાણથી વિરુદ્ધ જ છે.' એ પ્રમાણે લખ્યું છે તેમાં ખોટું શું છે?

**ઉત્તરઃ**–શ્રી સિદ્ધચક્રનાં તે લખાણમાં કલ્યાણકની વાત જ નથી, અક્ષયતૃતીયા એ કલ્યાણકતિથિ નહિ હોવા છતાં શ્રી જંબૂવિજયજી તેને કલ્યાણકની તિથિ તરીકે આગળ કરીને કલ્યાણકની વાતને બાઝી પડેલ છે તે **શ્રી જંબૂવિજયજીનું એ લખાણમાં પહેલું જુઠાણું છે,** 'કલ્યાણકતિથિઓ એક દિવસે અનેક પણ આરાધી શકાય છે અને બાર પર્વીમાંની પર્વતિથિ તો એક દિવસે એક જ આરાધી શકાય છે' એમ જાણવા છતાં=તે વાત આગળ કરીને બારપર્વી અને કલ્યાણકતિથિને તેમણે સમાન લેખાવી છે **તે તેમનું બીજું જુઠાણું છે,** બારપર્વીની જેમ તે અક્ષયતૃતીયાદિ પ્રસિદ્ધપર્વોની ક્ષયવૃદ્ધિએ પણ તેઓ, તેમના ગુરુ પ્રેમસૂરિજી, તેમના પણ ગુરુ દાનસૂરિજી, તેમના પણ ગુરુ ઉ.વીરવિજયજી અને તેમના પણ ગુરુ આત્મારામજીમ૦ આદિ, પૂર્વ અને પૂર્વતર તિથિની ક્ષય-વૃદ્ધિ કરીને તે તે પ્રસિદ્ધપર્વને એક દિવસે એક આરાધવારૂપે સૂર્યોદયવાળું લેખાવતા હતા તે પ્રમાણે જ તે શ્રી સિદ્ધચક્રના લખાણમાં કહેવાયું હોવા છતાં શ્રી જંબૂવિજયજીએ તે લખાણને

તે પ્રકારના નવા સ્વીકાર રૂપે લેખાવ્યું છે **તે તેમનું ત્રીજું જુઠાણું છે,** સં. ૧૯૯૩ થી તેમણે તો પર્વક્ષય-વૃદ્ધિએ કલ્યાણકપર્વીમાં તો નહિ જ; પરંતુ બાર પર્વીમાં પણ **'क्षये पूर्वा०**નો નિયમ લાગુ કરવાનું છોડી દઈને માત્ર બોલવામાં જ રાખ્યું હોવા છતાં અવિચ્છિન્ન પરંપરા મુજબ તે નિયમ બારપર્વી ઉપરાંત તેવી પ્રસિદ્ધ પર્વીઓમાં પણ અવિચ્છિન્નપણે લાગુ કરીને જ પ્રવર્ત્તનાર પૂજ્ય આગમોદ્ધારકશ્રીની તે પરંપરાચૂસ્તતાને નવા સ્વીકાર તરીકે ઓળખાવેલ છે તે તે લખાણમાંનું **શ્રી જંબૂવિજયજીનું ચોથું જુઠાણું છે,** સિદ્ધચક્રનું તે લખાણ, **'क्षये पूर्वा०**નો નિયમ બારપર્વીમાં જ લાગુ થાય છે, અક્ષયતૃતીયાદિ પ્રસિદ્ધ પર્વોમાં લાગુ કરી શકાય નહિ.' એમ કહેનાર સમયધર્મ પત્રવાળાને ખુલાસો જણાવનારું હોઈને તે ખુલાસો જોયા પછી તે સમયધર્મવાળાએ પણ તેમની એ વાત સમેટી લીધી હોવાનું જાણવા છતાં અને પોતે તો સં. ૧૯૯૩થી સમયધર્મવાળાની તે માન્યતાથી પણ વિપરીત ગએલ હોવા છતાં પર્વતિથિના ક્ષયવૃદ્ધિ પ્રસંગે પોતે તો જાણે બારપર્વીની સાથે કલ્યાણકપર્વીઓમાં પણ પ્રથમની જેમ જ વર્ત્તતા હોય તેવો તે લખાણમાં દેખાવ કર્યો છે તે તે **લખાણમાંનું તેમનું પાંચમું જુઠાણું છે.** અને 'પૂનમ વગેરેની ક્ષય-વૃદ્ધિએ બારસ વગેરેની ક્ષય-વૃદ્ધિ માનતા નથી.' એ **તે લખાણમાંનું શ્રી જંબૂવિજયનું છઠ્ઠું જુઠાણું છે.** કારણકે-ચૈત્ર શુદ ૧૫ની ક્ષય-વૃદ્ધિએ ચૈત્ર શુદ તેરશ પણ મહાવીરજન્મ-કલ્યાણરૂપે સર્વ ઉજવતા હોઈને અહોરાત્રની પ્રસિદ્ધપર્વી તરીકે પ્રખ્યાત હોવાથી તેને પણ ઉદયાત રાખવી જરૂરી હોવાથી પરંપરાપ્રિય શાસનપક્ષે, **यावत्संभवस्तावद्विधिः** ન્યાયે આરાધનામાં ટિપ્પણાની તેરસની પણ ક્ષય-વૃદ્ધિ કરવામાં અડચણ માની જ નથી. એ રીતે ત્રણ-ચાર પર્વ સુધી પાછું હઠવાની પંક્તિ પણ **શાસ્ત્રીય પૂરાવામાં** છે.

શ્રી સિદ્ધચક્રમાંનો તે ખુલાસો વસ્તુતઃ તો "અક્ષયતૃતીયાદિ (ની વૃદ્ધિ વખતે)-બાર પર્વતિથિના પર્વોમાં જો ઉત્તર તિથિએ જ પર્વ થાય એ નિયમ **वृद्धौ कार्या तथोत्तरा** એ વાકચથી થાય અને-તે અક્ષયતૃતીયાદિના પૂર્વના ક્ષયનો નિયમ મનાય તો પછી બાર તિથિમાં **क्षये पूर्वा०** વાળો નિયમ લાગુ થાય છે એ કથન તો વદતોવ્યાઘાત જ છે." એમ ટિપ્પણાની અક્ષયતૃતીયાદિની વૃદ્ધિ વખતે પહેલી ત્રીજે બીજ કરનાર શ્રી સમયધર્મવાળાને પરંપરાશુદ્ધ જ જણાવેલ હોવા છતાં તેવા સ્વાનુભવસિદ્ધ ખુલાસામાંથી પણ તેવાં જુઠાણાં પેદા કરવા સારૂ તે ખુલાસાવાળા લખાણમાં જે જંબૂવિજયજીને કૌંસમાં 'સિવાય' શબ્દ, ઘરનો ઘુસાડતાં પણ સંક્ષોભ થયેલ નથી તે શ્રી જંબૂવિજયજીના તે લખાણમાં ખરું શું હોઈ શકે? માટે 'તેમાં ખોટું શું છે?' એ પ્રશ્ન જ અસ્થાને છે.

**પ્રશ્ન ૫૮:**- 'તિથિસાહિત્યદર્પણ' નામની તે બૂકના પેજ ૩૮ ઉપર-' **સં. ૧૮૬૯નો નિયમ અશાસ્ત્રીય હોવાનો સ્વીકાર**' શીર્ષકતળે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૪, પૃ. ૫૫૨ ઉપરથી-'સં. ૧૮૬૯નો નિયમ તો અશાસ્ત્રીય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત છે.' એ પ્રમાણે લખાણ છપાયું છે તે યથાર્થ છે?

**ઉત્તરઃ**–શ્રી જંબૂવિજયજીએ તે સ્થળે રજુ કરેલું શ્રી સિદ્ધચક્રનું લખાણ, તે લખાણમાંનું અંતિમ–'ને તેથી મનાયો ન હોય.' એ વાકય કાપીને અને અધુરા વાકયે જ પૂર્ણવિરામ ઉપજાવી કાઢીને રજુ કર્યું છે. તેમ કરવામાં તેમના ત્રણ દુર્હેતુ છે. એક તો–"તેમણે તેમની તે બૂકના પેજ ૩ થી ૪ ઉપર સં. ૧૮૬૯ના તે તેર બેસણાના નિયમને (શ્રી કલ્યાણવિજયજીની 'પર્વતિથિચર્ચાસંગ્રહ' બૂકના ૨૬–૨૭ પેજ ઉપરથી) શાસ્ત્રીય અને સુસંબદ્ધ લેખાવવા કોશિષ કરવાની કરેલી ભૂલ એ નિમિત્તે છૂપાવવી, એ છે. એ દુરાશયની સિદ્ધિ અર્થે બીજો દુર્હેતુ એ છે કે–'અમારી જેમ તે નિયમને પૂજ્ય આગમોદ્ધારકશ્રી, અશાસ્ત્રીય અને અસંબદ્ધ માનતા ન્હોતા તે હવે માનવા લાગેલ છે' એમ પ્રથમથી જ તે ૧૮૬૯ના નિયમને અશાસ્ત્રીય માનનાર પૂ. આગમોદ્ધારકશ્રીના નામે અસત્ય પ્રચારવું, અને ત્રીજો દુર્હેતુ એ છે કે–'શ્રી સિદ્ધચક્રમાંના તે લખાણમાંનું પાછલું વાકય કાપીને જ તે લખાણ છાપવું કે–જેથી શ્રી સિદ્ધચક્રમાંનું તે લખાણ, સમયધર્મપત્રવાળાને જણાવેલ છે એમ વાચકના ખ્યાલમાં ન આવે:" **તે લેખકનું વિશેષ જુઠ્ઠાપણું તો એ છે કે**–"તેમણે પોતાની તે બૂકના ચોથા પેજ ઉપર તે સં. ૧૮૬૯ના નિયમ માટે–'ઉપરનો ઠરાવ ખરેખર તપાગચ્છનાં બેસણાનો કરેલો છે એમ કહેવું મુશ્કેલ છે.' ઇત્યાદિ લખીને તેર બેસણાના તે નિયમને તેર બેસણાનો માનેલ જ નહિ હોવા છતાં પણ તેમણે અહિં અશાસ્ત્રીય અને અસંબદ્ધના બ્હાને તે નિયમને પોતેય તેર બેસણાનો માનતા હોવાનો દેખાવ કરેલ છે!" આવા લેખકનું લખાણ અંશમાત્ર પણ યથાર્થ કયાંથી હોઈ શકે?

તે નવા તિથિમતના નેતા શ્રી રામચંદ્રસૂરિજી, સં. ૨૦૧૪ ના રાજનગર મુનિસંમેલનમાં શ્રી જંબૂવિજયજીની તે બૂકનાં લખાણની જવાબદારીમાંથી 'તેના લેખકને પૂછો' એમ કહીને તે બૂકને જે હાથમાં પણ નહિ ઝાલવાપૂર્વક ખસી ગએલ તે તો તે બૂકનાં સમસ્ત લખાણને તેમના જ ગણાતા તેઓ પણ ઉપજાવી કાઢેલ જૂઠાણાં તરીકે જ સમજતા હોવાનું તાદૃશ સ્વરૂપ હતું.

**પ્રશ્ન ૫૯ઃ**–તે બૂકના ૩૮ મા પેજ ઉપરના તે સં. ૧૮૬૯ના તેર બેસણા અંગેના લખાણની નીચે–"પાછા તે જ લેખક, સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૩, પૃ. ૧૫૬ માં લખે છે કે–'તેર બેસણાના તે લેખથી જ સાબિત થાય છે કે–વિદ્વાનો પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરતા હતા.' આ ઉલટસુલટ લખાણ કરવાની રીત લેખકનું માયામૃષાવાદીપણું સિદ્ધ કરે છે. જેમ તેર બેસણાનો લેખ અશાસ્ત્રીય હોવા સાથે અસંબદ્ધ છે તેમ તેઓએ બહાર પાડેલા શાસ્ત્રીયપૂરાવા અને મતપત્રકો પણ અશાસ્ત્રીય અસંબદ્ધ જ છે. માટે તે માનીને ચાલવું તે પણ વિરુદ્ધ જ છે." એ પ્રમાણે જે લખાણ કરેલ છે તેમાં સત્ય શું છે?

**ઉત્તરઃ**–નવા તિથિમતને સાચો લેખાવવા સારૂ શ્રી જંબૂવિજયજીએ સં. ૧૯૯૩માં

પ્રસિદ્ધ કરેલી 'પર્વતિથિપ્રકાશ' બૂકમાંનાં તમામ લખાણુને પ્રાચીન શાસ્ત્રીયપૂરાવાઓ અને મતપત્રકો પણ આમૂલચૂલ ખોટું ઠરાવતા હોવાથી જ શ્રી જંબૂવિજયજીએ એ લખાણુમાં તે પ્રાચીન અને પ્રમાણિક શાસ્ત્રીયપૂરાવાઓ તથા મતપત્રકોને તે બૂકના પેજ ૪૮ થી ૯૨ સુધીમાં યદ્વાતદ્વા માયામૃષાપૂર્ણ લખાણ કરવા વડે જ અશાસ્ત્રીય, અસંબદ્ધ અને અમાન્ય કહી દેવાની જ્યાં કેવલ બદબો જ ઉછાળેલ છે ત્યાં સત્ય શું હોય ?

તે લેખકે, તે લખાણુમાં શ્રી સિદ્ધચક્રપાક્ષિકમાંનાં તે લખાણુની સાચી રીતને પણ તે શાસ્ત્રીયપૂરાવા તથા મતપત્રકોને ખોટી રીતે અમાન્ય ગણાવવા સારૂ ઉલટસુલટ કહી દઈને તે લખાણુના સત્યનિષ્ઠ લેખક પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું પણ માયામૃષાવાદીપણું લેખાવતાં સંકોચ અનુભવેલ નથી તે, શ્રી જંબૂજીનું જ ભવાભિનંદિપણાનું સૂચક મહામાયામૃષાવાદીપણું છે. કારણકે–શ્રી સિદ્ધચક્રમાંનાં તે લખાણુના લેખક પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ તે લખાણુની ઉપરનાં લખાણુમાં તેર બેસણુના જે નિયમને અશાસ્ત્રીય અને અસંબદ્ધ કહેલ છે તે નિયમને આ લખાણુમાં શાસ્ત્રીય અને સુસંબદ્ધ કહેલ નહિ હોવા છતાં શ્રી જંબૂવિજયજીએ ખોટી રીતે જ તે બંને લખાણુને ઉલટસુલટ કહેલ છે. તથા (તેમની તે 'તિથિસાહિત્યદર્પણ' બૂકના ત્રીજા પેજ ઉપર તેમણે તો પોતાને માન્યની જેમ છાપેલા) તે સં. ૧૮૬૯ના તેર બેસણુના અશાસ્ત્રીય અને અસંબદ્ધ નિયમને વિષે તે તેર બેસણુવાળાને પણ જે–**'ત્રણુ ચોમાસીની પૂનમનો ક્ષય હોય તો બારસતેરસ એકઠાં કરવાં.'** એમ જણાવતો લેખ છે તે લેખ જ જણાવે છે કે–'વિદ્વાનો પૂનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ પ્રથમથી કરતા હતા.' એમ શ્રીસિદ્ધચક્રનાં તે લખાણુમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ કહેવા વડે ઉપરની વાતથી જુદી એવી બીજી જ વાત કહી છે, એમ જાણુવા છતાં શ્રી જંબૂવિજયજીએ તે વાતને તેવું વિરૂપ આપેલું છે તે શોચનીય છે.

**પ્રશ્ન ૬૮:**–તે બૂકના પેજ ૩૮–૩૯ ઉપર **'છઠ્ઠ ચોમાસી અંગે જ હોવાનો સ્વીકાર.'** શીર્ષકતળે જે–"સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૬ પૃ. ૩૮૪ માં તેઓએ લખ્યું છે કે–'પાક્ષિકદિવસને અંગે ઉપવાસ, ચાતુર્માસિક દિવસને અંગે છઠ્ઠ અને સંવત્સરીના દિવસને અંગે અઠ્ઠમનું તપ કરવું જરૂરી છે.' આમ ચોમાસી દિવસને અંગે જ છઠ્ઠની તપસ્યાનો સ્વીકાર કરીને હાલમાં તેઓ, ચોમાસી ચૌદશની જ હોવા છતાં સાથે પૂનમનો આગ્રહ સેવે છે તે ખોટો છે. એજ સિદ્ધચક્રના પાનામાં લખ્યું છે કે–'પૌષધ એકી સાથે ઉચ્ચરી શકાય નહિ.' છતાં પૂનમના ક્ષયે એક જ દિવસે શાસ્ત્રાજ્ઞા અને શુદ્ધ પરંપરા અનુસારે ચૌદશ પૂનમનું આરાધન કરનાર સુવિહિત વર્ગને તેઓ જે પ્રશ્ન કરે છે કે–'એક જ દિવસે શું બે પૌષધ કરશો ?' તે અયોગ્ય જ છે. કેમકે–પૌષધ વગેરે નિયમો આગળ પાછળના દિવસે થઈ જ શકે છે." એ પ્રમાણે લખ્યું છે તે શું શાસ્ત્ર અને પરંપરાનુસારી છે ?

**ઉત્તર:**–તે લખાણ જૈનશાસ્ત્ર અને જૈનપરંપરાનુસારી તો નથી જ; પરંતુ સમજુ અજૈન પણ ન લખે તેવું સ્વચ્છંદી છે. સિદ્ધચક્રનાં તે લખાણુમાં ચાતુર્માસિક દિવસને અંગે

જે છઠ્ઠ જણાવેલ છે તે, (બે ઉપવાસનો ગણાતો છઠ્ઠ એક જ દિવસે થઈ શકતો નહિ હોઈને ચૌદશની પાછળની તેરસનો બીજો દિવસ લઈને અને તેમ સગવડ ન હોય તો આગળની પૂનમનો દિવસ લઈને જ કરવામાં આવે છે તે મુજબ) ચૌદશની આજુબાજુના તેરસ કે પૂનમના પણ દિવસને જોડે લઈને જ ચોમાસીના દિવસને અંગે છઠ્ઠ જણાવેલ છે. આ વસ્તુ જાણવા છતાં તે લેખકે શ્રી સિદ્ધચક્રનાં તે લખાણનો 'ચૌદશના એક જ દિવસે છઠ્ઠ થતો હોવાનું પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ સ્વીકારેલ છે.' એવો ભાવ બતાવવાની કોશિષ કરેલી છે તે, પૂનમના ક્ષયે તેમના મત મુજબ (ગત કાર્ત્તિકી પૂનમના ક્ષયની જેમ) તેમનાથી પૂનમનું આરાધન તો લેખાવી શકાતું જ નહિ હોવાથી આગમોક્ત ચતુષ્પર્વીમાંની પૂનમપર્વીને જ પર્વની ગણત્રીમાંથી ઉડાવી દેવાની દુર્વૃત્તિને આભારી છે. એ દુર્વૃત્તિની સિદ્ધિ માટે જ તે લખાણમાં તે લેખકે-'ચોમાસી, ચૌદશની જ હોવા છતાં પૂનમનો આગ્રહ સેવે છે તે ખોટો છે.' એમ સમજુ અજૈન પણ ન લખે તેવું લખી માર્યું છે. ચોમાસી ચૌદશની છે, પણ તે ચોમાસીનો બે સંલગ્ન ઉપવાસવાળો છઠ્ઠ, તે ચૌદશના એક જ દિવસે થઈ શકતો નથી એ તો અજૈન પણ સમજે.

**શ્રી હીરપ્રશ્ન** પત્ર ૫ પ્રશ્ન બીજાના ઉત્તરમાં શ્રી હીરસૂરિજીએ જણાવેલો-'**छण्हं तिहीण मज्झम्मि, का तिही अज्ज वासरे?, इत्याद्यागमानुसारेणाविच्छिन्नपरंपरया च सर्व्वा अपि पूर्णिमाः पर्वत्वेन मान्या एव**' એ પાઠ, આગમ અને વૃદ્ધપરંપરાનુસારે બધી જ પૂનમો પર્વ તરીકે માન્ય હોવાનું જણાવે છે, એમ જાણવા છતાં-

**શ્રી સુબોધાસામાચારી** પત્ર ૪ માંનો-**पौषधप्रतिमायां पूर्वोक्तानुष्ठानपरः मासचतुष्टयं यावत् अष्टमीचतुर्दश्योः पूर्णिमामावास्योश्च चतुर्विधाहारविरतश्चतुर्विधं पौषधं कुरुते**' એ પાઠ, ચૌદશ અને પૂનમ તેમજ ચૌદશ અને અમાસનો ચોવિહાર છઠ્ઠ કરવાનું સાફ જણાવે છે, એ પણ જાણવા છતાં-

**સં. ૧૫૭૩નો તિથિ વિચારઃ**-કે જેમાં મુનિશ્રી રૂપવિજયજીએ પૂનમની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાનું જણાવેલ છે તે, તિથિવિચારના વધારા (શાસ્ત્રીયપૂરાવા નં. ૧૧)માં મુનિશ્રી રામવિજયજીએ લખેલો-'**चतुर्दश्यां तु पाक्षिकालोचनातप उपवासरूपं, द्वितीयस्तु पौर्णमास्याः पर्वत्वेन द्वितीयं उपवासं करोति अत एव चतुर्दश्यनंतरं पौर्णमासीति षष्ठतपोनिर्णीतिः, इति तिथिनिर्णयः**' એ પાઠ, એક ઉપવાસ ચૌદશનો અને એક ઉપવાસ પૂનમનો એમ બે ઉપવાસ મળીને જ ચોમાસીનો છઠ્ઠ થતો હોવાનું સાફ જણાવે છે, એમ પણ જાણવા છતાં અને-

**શ્રી પ્રવચનસારોદ્ધાર** દ્વાર ૧૫૩ની ટીકામાંનો-'**चतुर्दश्यष्टम्यमावास्यापौर्णमासीषु पर्वतिथिषु चतुर्विधमप्याहारशरीरसत्काराब्रह्मचर्यव्यापारपरिवर्जनरूपं पौषधं परिपूर्णम्**' એ પાઠ પણ ચૌદશ પૂનમનો જ છઠ્ઠ કરવાનું જણાવે છે, એમ પણ જાણવા છતાં તે લેખક **શ્રી જંબૂવિજયજી**, છઠ્ઠતપમાં ચૌદશ સાથે પૂનમ લેખાવનાર પૂજ્ય આગમોદ્ધારકશ્રીના

તે પૂનમના આગમોક્ત આગ્રહને પણ બેધડક ખોટો કહે છે! તેથી તેમનું તે લખાણ, જૈનશાસ્ત્ર અને જૈનપરંપરાનુસારી તો નથી જ; પરંતુ સુઘડ અજૈની પણ નથીઃ અણઘડ અજૈની છે. કારણ કે-સમજુ અજૈનો પણ પૂનમને તો પર્વતિથિ માને જ છે; **વિષ્ણુપુરાણમાં** કહ્યું છે કે- 'હે રાજેન્દ્ર! ચૌદશ–આઠમ–અમાવાસ્યા–પૂર્ણિમા અને સૂર્યની સંક્રાંતિ એટલાં પર્વો કહેવાય છે.'

**તે લખાણમાં જંબૂવિજયજીએ જે**–"પૂનમના ક્ષયે એક જ દિવસે શાસ્ત્રાજ્ઞા અને પરંપરાનુસાર ચૌદશ–પૂનમનું આરાધન કરનાર સુવિહિતવર્ગને તેઓ (પૂ. આગમોદ્ધારક શ્રી) પ્રશ્ન કરે છે કે–'એકજ દિવસે શું બે પૌષધ કરશો?' તે અયોગ્ય જ છે." એ પ્રમાણે લખેલું છે તે, પૂનમના ક્ષયે પૂનમને ચૌદશથી જુદી કરવાનું જણાવતી શ્રી વિજયહીરસૂરિજીમ૦ના **त्रयोदशीचतुर्दश्योः**' પાઠરૂપ શાસ્ત્રાજ્ઞા અને તે મુજબની અવિચ્છિન્ન પરંપરા પણ પ્રચલિત હોવાથી તેમજ પૂનમના ક્ષયે ચૌદશના એક જ દિવસે ચૌદશ અને પૂનમનું આરાધન કરવાની કોઈ શાસ્ત્રની આજ્ઞા અને પરંપરા નહિ હોવાથી સદંતર કપોલકલ્પિત છે. આ રીતે શાસ્ત્રાજ્ઞા અને પરંપરાના નામે સુવિહિતવર્ગ, આવી કોરી ગપ હાંકે નહિઃ આ ભાઈબંધે તો નવા મતના આગ્રહમાં પડીને તે ગપ જ હાંકેલ છે. માટે તે વર્ગને કરેલો 'શું એકજ દિવસે બે પૌષધ કરશો?' એ પ્રશ્ન, અયોગ્ય નથી; પરંતુ સંપૂર્ણ યોગ્ય છેઃ તે વર્ગ, પૂનમના ક્ષયે જો ચૌદશે ચૌદશ–પૂનમ બન્ને તિથિનું આરાધન થઈ જાય છે, એમ કહેવામાં પોતાને ય સાચો લાગતો હોત તો તે લખાણમાંના ઉપરના લખાણ પછીથી તે વર્ગે કરેલા–'કેમ કે પૌષધ વગેરે નિયમો આગળપાછળના દિવસે થઈ જ શકે છે.' એ લખાણની તે વર્ગે આવશ્યકતા જ માની ન હોતઃ પૂનમના ક્ષયે પૂનમનું આરાધન તો પૌષધ વગેરે નિયમો જ છે અને તે આરાધન તો તે વર્ગના કહેવા મુજબ ચૌદશના એક જ દિવસે થઈ જ જાય છેઃ પછી ક્ષીણ પૂનમના પૌષધાદિ નિયમોને તે વર્ગે આગળ-પાછળના દિવસે કરવા રહે છે જ ક્યાં?

**એ રીતે પૂનમના ક્ષયે** ચૌદશે ચૌદશ પૂનમ બંનેનું આરાધન થઈ જતું હોવાનો કલ્પિત નવો મત કાઢવા જતાં તે વર્ગને **૧**–ગત કાર્ત્તિકીપૂનમના ક્ષય વખતે ઉદયાત્ ચૌદશને ચૌદશ ગણવી બંધ રાખીને ચૌદશની સવારથી ચૌદશે (પૂનમનો પટ જુહારવાનું=સિદ્ધગિરિજીની યાત્રા કરવા રૂપ પૂનમનું અનુષ્ઠાન કરવા વડે) પૂનમ ગણાવવી પડી, **૨**–તે પૂનમની સાંજે ચોમાસી ચૌદશનું પ્રતિક્રમણ કરવાની કફોડી સ્થિતિમાં મૂકાઈને તે પૂનમને ચૌદશ ગણાવવી પડી, **૩**–પોતાની માન્યતામાં દોરાએલા શ્રાવક–શ્રાવિકાઓને ચોમાસી ચૌદશનો છઠ્ઠ, તે ઉદયાત્ ચૌદશના દિવસે એ રીતે લેખાવલી કૃત્રિમ પૂનમના એક જ દિવસે એક જ ઉપવાસથી લેખાવવો પડયો, **૪**–ખંભાત જેવા પોતાના મૂળ મતોત્પાદક સ્થાનમાં તો પોતાના મતની સમસ્ત શ્રાવિકાઓને ચોમાસીના પૌષધોથી જ વંચિત રાખવી પડેલ છે! અને–**૫**–ચોમાસી ચૌદશ પછીની પૂનમે કરાતો વિહાર, પૂનમે નહિ કરી શક-

વાની કરુણાજન્ય સ્થિતિમાં મૂકાઈને કાર્ત્તિક વદી એકમે વિહાર કરવાનો, તપાગચ્છીય પરંપરાથી વિરુદ્ધ માર્ગ લેવા વડે પૂનમીયા અને પાયચંદીયાના મતમાં પટકાઈ જવું પડયું હોઈને જૈન જગતભરમાં તે વર્ગને હવે તો તદ્દન ખોટાવર્ગ તરીકે ખુલ્લા પણ થઈ જવું પડયું છે!!!

**એ રીતે 'પૂનમના ક્ષયે** ચૌદશે ચૌદશ–પૂનમ બન્ને તિથિનું આરાધન થઈ જાય છે.' એમ તે વર્ગ સહેલાઈથી કહી તો શકેલ છે; પરંતુ પુષ્કળ કઠીનાઈ અને ફજેતીના ભોગે પણ કરી તો શકેલ જ નહિ હોવાથીય તે વર્ગને પૂ. આગમોદ્ધારકશ્રીનો તે 'એક જ દિવસે શું બે પૌષધ કરશો?' એ પ્રશ્ન યોગ્ય જ છે અને તે વાત એ જુઠા લેખક પણ જાણે જ છે.

**તે કુમતના પ્રતાપે જ તે લેખકના (અદ્યાપિપર્યંત તે મતને છોડી દેવાનું કહેનારા) ગુરુ આ૦ શ્રી પ્રેમસૂરિજીને પણ ગતકાર્ત્તિકી પૂનમના ક્ષય પ્રસંગે–મુંબઈસમાચાર તા. ૧૦–૧૧–૧૯૬૨ને શનિવારના દૈનિક પેપર આદિમાં–**
"કાર્તિક પૂનમનો ક્ષય હોવાથી તા. ૧૧–૧૧–૬૨ રવિવારે ચૌદસ–પૂનમ ભેગી છે. આથી તે દિવસે સવારે કાર્ત્તિકી પુનમની શ્રી સિદ્ધગિરિજીની અથવા ગિરિરાજના પટની યાત્રા કરવી, કેમકે–પૂર્વે ચોમાસી પૂનમની હતી અને કાર્તિકી પૂર્ણિમાની યાત્રાનો મહિમા તે વખતે પણ હતો જ. વળી તે દિવસે ઔદયિક ચતુર્દશી હોઈને ચોમાસી પ્રતિક્રમણ આદિ પણ તે જ દિવસે કરવું અને કા. વ. ૧ સોમવારે સવારે ચોમાસું બદલવાનું રાખવું."
**એ પ્રમાણે શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિપરીત જાહેરાત કરવા વડે શ્રી સંઘમાં સેંકડો વર્ષથી ચૌદશેજ કરાતી ચોમાસીની અવિચ્છિન્ન આચરણાનો અપલાપ કરીને (પૂર્વે પૂનમના ક્ષયે ઉદયાત્ ચૌદસે તો ચોમાસી કરાતી જ ન્હોતી એમ જાણવા છતાં) પૂર્વે કરાતી તે ઉદયાત્ પૂનમની ચોમાસીને આજે પૂનમના ક્ષયે ઉદયાત્ ચૌદશની સવારથી જ પૂનમની ચોમાસી લેખાવનારૂં અને એ બ્હાને ૯૦૦ વર્ષથી કાર્ત્તિક શુદ ૧૪ના સૂર્યોદયથી લેખાતી પરંપરાગત ઉદયાત્ ચૌદશની ચોમાસીને ઉત્થાપીને તે બનાવટી પૂનમની સાંજે ચૌદશની ચોમાસી લેખાવનારૂં મિથ્યાત્વપૂર્ણ નાટક કરવું સૂઝયું છેઃ એટલે કે–ચૌદશની સવારે પૂનમ તથા સાંજે ચૌદશ લેખાવનારૂં શાસ્ત્ર અને પરંપરાવિરુદ્ધનું જાહેર નાટક કરવું સૂઝયું છે તે ખૂબ જ શરમજનક છે.**

**લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે** પૂનમની ચોમાસી હતી તે વખતે કાર્ત્તિકી પૂનમની યાત્રાનો મહિમા તો હતો જ; પરન્તુ તે ચોમાસીની પૂનમે શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરવાની શાસ્ત્રાજ્ઞા અને પરંપરા ન્હોતી, તે વખતે છેલ્લાં બસોક વર્ષથી શરૂ થએલ ગણાતા શ્રીસિદ્ધાચલજીના પટો જુહારવાનું નહોતું, સિદ્ધગિરિજી પાસેનું આધુનિક પાલીતાણા નહોતું અને શ્રી તારંગાજીથી ક્રમે સમેટાતું રહીને આજે પાલીતાણા તલાટી ધરાવતું શ્રી સિદ્ધ-

ગિરિજીનું વર્તમાન કદ પણ તે વખતે નહોતું: તેથી તે કાર્ત્તિકી ચોમાસીની પૂનમે શ્રી સિદ્ધગિરિજીની નિકટના જૈન સંઘો, (આજે પણ ઘણે સ્થળે રીવાજ પ્રવર્તે છે તેમ) શ્રી સિદ્ધગિરિજીની દિશામાં પોતપોતાના ગામની બહાર વાજતે ગાજતે જઈને શ્રી સિદ્ધગિરિજીની યાત્રારૂપે ગિરિવર સન્મુખ બેસી દર્શન-ચૈત્યવંદન-પાંચ પાંચ સ્તવન કહીને ૨૧ ખમાસમણાં આપતા હતા અને તે ચોમાસી પૂરી થયે શ્રી શ્રમણસંઘનો વિહાર કાર્ત્તિક વદિ એકમે જ મુક્ત ગણાતો હતો, એમ જાણવા છતાં **અને જ્યારે પૂનમે ચોમાસી હતી ત્યારે શ્રી શ્રમણસંઘ, શ્રી સિદ્ધગિરિજીની યાત્રા પણ તે પૂનમે જ કરતો હતો તેવો** કોઈ ઉલ્લેખ તો **તે નાટકીયા નિવેદનની** જાહેરાતમાં **પોતે પણ બતાવવા અશક્ત નીવડેલ હોવા છતાં શિષ્યમોહાદિથી પૂનમના ક્ષયે** ઉદયાત **ચૌદશના એક જ દિવસે ચૌદશ પૂનમ બંને તિથિનું આરાધન થઈ જતું હોવાના નિજના શિષ્યના નિરાધાર તરંગમાં તણાઈ જઈને વયોવૃદ્ધ ગણાતા શ્રી પ્રેમસૂરિજીને પણ એ રીતે શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિરુદ્ધ ગપગોળો શ્રી શ્રમણસંઘના દેખતે ડોળે ગબડાવવાનું પારાવાર ભવવર્ધક પાપ ઉપાર્જવું પડેલ છે, તે નવામતની અસારતા અને ઘોર અનર્થકારિતાનું પ્રતીક છે.** શ્રી સંઘમાં પૂનમે ચોમાસી હતી ત્યારે પણ આ નવા વર્ગે કરેલ છે તેમ ઉદયાત ચૌદશે ચોમાસી થતી નહોતી અને લગભગ ૯૦૦ વર્ષથી ચૌદશે ચોમાસી થાય છે તેમાં કદિ ઉદયાત્ ચૌદશે 'સવારે પૂનમ અને સાંજે ચૌદશ' એવું અવળું વર્ત્તન કોઈએ કર્યું પણ નથી:એ વાત પણ જણાવે છે કે-વામમાર્ગી નવાવર્ગનું આ લખવું અને બોલવું એ તેમની મતિવિભ્રમતાનું માપક હોઈને શ્રી જૈનશાસ્ત્રો અને અવિચ્છિન્ન પરંપરાથી સદન્તર વિરુદ્ધ છે. ખુબ જ ભવવર્ધક છે.

**મૂળસૂત્રોનો-'चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु णं पडिपुण्णं पोसहं०'** એ પાઠ પણ સર્વ પૂર્ણિમાને પૌષધથી સ્વતંત્રપણે આરાધવાનું જણાવે છે અને **શ્રી શ્રાદ્ધદિનકૃત્યમાં** પણ-**'छण्हं तिहीण मज्झंमि का तिही अज्ज वासरे ?'** પાઠ દ્વારા મહિનામાં આરાધ્ય તરીકે જણાવેલ 'બે આઠમ-બે ચૌદશ-પૂનમ અને અમાસ' એ છ પર્વતિથિને વિષે પણ પૂનમને સ્વતંત્ર પર્વતિથિ તરીકે જણાવેલ છે જ: આથી લૌકિકટિપ્પણામાં ક્ષય આવે ત્યારે પણ પૂનમની સ્વતંત્ર આરાધના એ રીતે આ નવા વર્ગની જેમ ઉડી ન જાય એ સારૂ **જૈન** ભીંતીયાં પંચાંગમાં **'क्षये पूर्वा०'**ના વિધિ વડે તે ક્ષીણપૂનમને ટિપ્પણાની ઉદયાત ચૌદશને તેરસે ખસેડીને તેનાં સ્થાને પ્રથમ ઉદયાત્ પૂનમ બતાવાય છે. આ રીત પણ કોઈ નવીન નથી; સેંકડો વર્ષો જુની પ્રાચીન અને અવિચ્છિન્ન પરંપરાગત હોઈને અદ્યાપિ પ્રચલિત જ છે. આ નવો વર્ગ પણ સં. ૧૯૯૨ પહેલાં તો પોતાનાં ભીંતીયાં પંચાંગોમાં તે **પ્રમાણે** જ છાપીને વર્તતો હતો.

**આમ છતાં હવે તે વર્ગ**, જ્યારે એ રીતે 'પૂનમના ક્ષયે ચૌદશના એક **જ દિવસે**

ચૌદશની સાથે પૂનમનું પણ આરાધન થઈ જાય છે' એમ (કાઢેલા નિરાધાર મતને ટકાવવા સારૂ) મનસ્વીપણે જ લખવા–બોલવા અને પ્રચારવાના અવળા ધંધે ચડી જવા પામેલ છે ત્યારે તે વર્ગને એક પૂનમના ક્ષયની વાતમાં પણ ઉપર જણાવેલાં અનેક નુકશાનોનાં ભાજન બનવું પડેલ છે. તે ઉપરાંત તે વર્ગને પૂનમના ક્ષયે–શ્રી નવપદજીની શાશ્વતી બન્ને ઓળીમાંની પૂનમના ક્ષયે તો ચૌદશના એક દિવસે ચૌદશના ચારિત્રપદ તેમજ પૂનમના તપપદની આરાધના અને બે આયંબિલ થઈ શકતા નહિ હોવાથી તેના નવામતી ભીંતીયાં પંચાંગમાં તેણે (તેની તે ગણત્રીએ તે વર્ગને રહેવા પામતા ઓળીના આઠ જ દિવસને બદલે) પાછળનો એક દિવસ પદરનો ઉમેરોને ઓળીના નવ દિવસ યેન કેનાપિ ગણાવવા લાગવા છતાંયે ચારિત્રતિથિ ગણાતી ચૌદશના ચારિત્રપદની આરાધના દર્શનતિથિ તેરસે કરવાની અવળી ચાલે તો ચાલવું જ પડે છે અને શ્રી સિદ્ધાચલમાં તથા પખવાડીયાતપમાં મોટા ભાગે ચૌદશને બદલે એકલો પૂનમ પર્વતિથિનો જ તપ હોય છે તે પ્રસંગે તો આકાશ સામેજ જોવું પડે છે! એ વગેરે તો એ મતમાં ઘણાંયે નુકશાનો હોવાથી પણ શ્રી જંબૂવિજયજીનું તે લખાણ સદંતર ભ્રામક હોઈને ઉપેક્ષણીય જ છે.

**પ્રશ્ન ૬૧:**–તે બૂકના પેજ ૩૦ થી ૪૦ સુધીમાં–**ક્ષીણવૃદ્ધતિથિમાં ભેગી તથા પહેલી બીજીના કરાતા વ્યવહારનો સ્વીકાર'** શીર્ષક નીચે લેખકે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૧, પૃ૦ ૨૧ ઉપરનો ૮૪૮મો પ્રશ્ન અને તેનું–'ક્ષયવૃદ્ધિ વખતે ટીપણા મુજબ બોલાતી તિથિની વાત જણાવનારૂં' સમાધાન રજુ કરીને તે સમાધાન ઉપરથી 'આરાધનામાં પણ તેમ બોલવાનો શ્રી સાગરજીએ સ્વીકાર કર્યો છે' એમ મનાવવાનું જે લખાણ કરેલું છે તે લખાણ તો સ્પષ્ટ કૂટ જ છે અને તે કૂટ લખાણને સાચું લેખાવવા સારૂ તેમણે પોતાના તે લખાણની સાક્ષીમાં જે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૯–૧૦, પૃ૦ ૨૧૧ ઉપરનું–'લૌકિક હિસાબે ××× એમ આગળ પણ લેવું.' એ લૌકિક ટીપણાના હિસાબવાળું લખાણ રજુ કરવાની પણ જે ચેષ્ટા કરી છે તે ચેષ્ટા પણ ભ્રામક છે; પરંતુ તે લેખકે તે બૂકના ૪૧ મા પેજ ઉપર જે **'ક્ષયે પૂર્વા૦' વાક્યનો પૂર્વતિથિ વગેરેમાં આરાધના અર્થનો સ્વીકાર.'** એ શીર્ષક તળે સિદ્ધચક્ર વર્ષ ૧, અંક ૨૧ ના વધારાના પૃ૦ ૪ માંથી જે પ્રશ્ન અને સમાધાન રજુ કરેલ છે અને તે રજુઆત ઉપર તેમણે જે–તે પેજ ૪૧ થી ૪૨ સુધીમાં–'અહિં પર્વની તિથિને ક્ષયવાળી ગણવાનું તેઓએ વખ્યું છે તથા સપ્તમી વિભક્તિ નહિ હોવા છતાં ××× ઉપજાવી કાઢીને ખોટો અને નકામો વિગ્રહ જગાડે છે.' એમ લખેલ છે તે વાજબી છે?

**ઉત્તર:**–સિદ્ધચક્ર વર્ષ ૧ (સં૦ ૧૯૮૯) અંક ૨૧ ના વધારાના પૃ૦ ૪ ઉપરનો તે પ્રશ્ન, 'પંચમીનો ક્ષય હોય ત્યારે પંચમીનું શું કરવું?' એ બાબત નથી; પરંતુ–'પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમીની ક્રિયા અને તપ ક્યારે કરવાં?' એ વિષયનો છે. અને તેથી તેનું સમાધાન પંચમીને બદલે પંચમીની ક્રિયા અને તપ પૂરતું અપાએલ છે.

અને તેમાં પણ–**क्षये पूर्वा**૦નો અર્થ તો તે સ્થળે–'પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પહેલાની તિથિએ તે પર્વની તિથિ જે ક્ષયવાળી ગણવી, એટલે કે–પહેલાની તિથિએ જે પર્વની તિથિ ક્ષયવાળી છે તે ગણવી.' એ પ્રમાણે રજુ કરેલ જ હોવાથી–'પંચમીના ક્ષયે ચોથે પંચમી કરવી અને તે પછી તે પાંચમે ક્ષીણપાંચમની ક્રિયા–તપ વગેરે કરવાં.' એ સમાધાનનો સંયુક્ત સીધો અર્થ છે. એટલે કે–તે સમાધાનનો પણ અર્થ તો–'પાંચમના ક્ષયે ચોથનો ક્ષય કરવો.' એ પ્રમાણે જ છે. તે સ્થળે વાચકને તે અર્થ, ખ્યાલ પર નહિ આવવા દેવા સારૂ તે શ્રી જંબૂવિજયજીએ સિદ્ધચક્રના લખાણના તે ઉતારામાંની–'પહેલાંની તિથિએ તે પર્વની તિથિ જે ક્ષયવાળી ગણવી.' એ પંક્તિમાંના 'જે' શબ્દને ભૂલરૂપે દેખાડવા સારૂ તે શબ્દની જોડે કૌંસમાં પોતે 'જ' વર્ણ પદરનો સ્થાપી દેવાનું અને તેમણે રજુ કરેલ શ્રી સિદ્ધચક્રના તે સમાધાનમાંનું અંતિમ–'ભા. શુ. ૫ એ પણ એક પર્વતિથિ છે અને તેના અંગે થતી તપસ્યા અને ક્રિયા ઉડાડી શકાય જ નહિ' એ આખું લખાણ તો ઉડાડીજ દઈને તેટલોજ ભાગ રજુ કરવાનું છળ કરેલું છે! [તે સં. ૧૯૮૯ માં તેઓ જ્યારે પાંચમના ક્ષયે ચોથનો ક્ષય જ કરતા હતા ત્યારે તેઓ પણ આ સમાધાનનો અર્થ (હવે કરે છે તેવો નહિ પણ) ઉપર જણાવ્યા મુજબ કરતા હતા.]

એ છળપ્રપંચ કર્યા બાદ તે સમાધાનની નીચે તેમણે જે–"અહિં પર્વની તિથિને ક્ષયવાળી ગણવાનું તેઓએ લખ્યું છે, તથા સપ્તમી વિભક્તિમાં નહિ હોવા છતાં તેમણે સપ્તમી વિભક્તિનો જ અર્થ ગ્રહણ કર્યો છે, અને પૂર્વતિથિ દિવસે ક્ષીણતિથિની આરાધના કરવાનું જણાવ્યું છે, 'ક્ષયને બદલે ક્ષય કે વૃદ્ધિને બદલે વૃદ્ધિ' કરવી એવો અર્થ કર્યો નથી. હવે શા માટે તેઓ આ વાક્યનો 'પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વ તથા પૂર્વત્તરતિથિની ક્ષયવૃદ્ધિ કરવી' એવા શબ્દો કે અર્થ આ વાક્યમાં નહિ હોવા છતાં તેવો અર્થ સ્વમતિ-કલ્પનાથી ઉપજાવી કાઢીને સમાજમાં ખોટો અને નકામો વિગ્રહ જગાડે છે?" એ પ્રમાણે લખાણ કરેલ છે તે તેમણે કરેલા પૂર્વોક્ત છળપ્રપંચને વિષનો પાશ આપવારૂપ મૂર્ત્ત માયામૃષા છે.

કારણ કે–'તે સં. ૧૯૮૯માં તો ટીપણામાંની પર્વક્ષયવૃદ્ધિએ તેઓ સહિત આખો સંઘ આરાધનામાં પૂર્વ અને પૂર્વત્તર અપર્વની ક્ષય–વૃદ્ધિ કરતો હતો અને તેથી તે વખતે થએલા શ્રી સિદ્ધચક્રનાં તે લખાણમાંથી તેમણે સં. ૧૯૯૨માં નીકળેલા નવા મતને અનુસરતો અર્થ બતાવવાની વ્યર્થ જ મહેનત કરી છે અને લખાણમાં પર્વક્ષય વખતે પૂર્વના અપર્વના ક્ષયની વાત તો પડી જ છે!' આ વસ્તુ જાણવા છતાં અને શ્રી સિદ્ધચક્રના તે ૨૧મા અંકના વધારાના તે ચોથા પેજની જોડેના સામેનાજ પાંચમા પેજ ઉપર તે જ ભા. શુ. ૫ના ક્ષય બદલ–"જે વર્ષે ભા. શુ. ૫ નો ક્ષય હોય તે વર્ષે ત્રીજનો ક્ષય કરી ત્રીજના દિવસે ચોથની તિથિનું કાર્ય અને ચોથના દિવસે પંચમી તિથિનું કાર્ય કરવું તે જ વાજબી છે. કારણ કે–શાસ્ત્રોમાં પૂનમના ક્ષયે તેરસનો ક્ષય ગણવો ને તેરસના દિવસે

ચૌદશની ક્રિયા તથા તે જ પ્રમાણે ચૌદશના દિવસે પૂર્ણિમાનો તપ અને ક્રિયા કરવાનું વિધાન શ્રી સેન (હીર) સૂરીશ્વરજી મહારાજજી જણાવે છે." એ પ્રમાણે મુદ્રિત લખાણ, તે લેખકે તે લખાણ કરતી વખતે પોતાની નજર સામે જ પડેલું જોયું પણ હોવા છતાં જે લેખક, તે ચોથા પેજ પરના એ સમાધાનમાંના એક વાક્યને ઓઠે-"અહિં પર્વતિથિને ક્ષયવાળી ગણવાનું તેઓએ કહ્યું છે, સપ્તમીનો અર્થ નહિ હોવા છતાં સપ્તમીનો જ અર્થ ગ્રહણ કર્યો છે, પૂર્વતિથિ દિવસે ક્ષીણતિથિની આરાધના કરવાનું જણાવ્યું છે, ક્ષયને બદલે ક્ષય કે વૃદ્ધિને બદલે વૃદ્ધિ કરવી એવો અર્થ કર્યો નથી, હવે શા માટે તેઓ **આ વાક્યને** 'પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વ તથા પૂર્વતર તિથિની ક્ષયવૃદ્ધિ કરવી' એવા શબ્દો કે અર્થ **આ વાક્યમાં** નહિ હોવા છતાં તેવો અર્થ સ્વમતિકલ્પનાથી ઉપજાવી કાઢીને સમાજમાં ખોટો અને નકામો વિગ્રહ જગાડે છે ?" એ પ્રમાણે પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નામે જૂઠી વાતો અને જૂઠા સ્વીકારો લખી શકેલ છે તે લેખક જ સ્વમતિકલ્પનાથી કાઢેલા તિથિમત ખાતર આવાં માયામૃષાથી ભરેલાં છળ પૂર્ણ લખાણો ઉપજાવી કાઢીને સમાજમાં ખોટો અને નકામો વિગ્રહ જગાડનાર તરીકે સિદ્ધ થાય છે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ નવામતના વિરોધમાં આ એક જ વાક્યનો ઉપયોગ કરેલ નથી તેમજ તે વાક્યમાંથી 'પર્વક્ષય-વૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વના ક્ષય વૃદ્ધિ કરવા' એવો અર્થ પણ એ અંકના વાક્યને પકડીને કદિ આગળ કરેલ નથીઃ છતાં જે માણસે, 'તે વાક્યમાં તેવા શબ્દો નથી' અને 'તે વાક્યનો તેવો અર્થ ઉપજાવી કાઢ્યો છે' ઇત્યાદિ ભ્રામક લખાણ કરેલ છે અને તે વાક્યની સામેના જ વાક્યમાં પડેલા તેવા શબ્દો અને તેવા સાક્ષાત્ અર્થની સામે આંખમીંચામણાં કરેલ છે તે માણસમાં શાસ્ત્રના પ્રેમની અને અવિચ્છિન્ન પરંપરાની વફાદારીની ગેરહાજરી તો સ્વતઃ સિદ્ધ છે જ; પરંતુ શાસ્ત્ર અને પરંપરા પ્રતિનો અનાદર પણ સ્વતઃ સિદ્ધ થાય છે.

તેવા તે લેખકે, તે બૂકના તે પેજ ૪૨ થી ૪૩ સુધીમાં જે-**'ચૌદશ પુનમની ભેગી આરાધનાનો સ્વીકાર'** ઇત્યાદિ નં. ૧૩ થી ૧૭ સુધીમાં જે લખાણોનો હારડો રજુ કરેલ છે અને તેમ કરીને તે સ્વીકારોની નીચે જે જે લખાણો કરેલાં છે, તે સર્વ લખાણો પણ એ જ કોટીનાં હોઈને તેને વિસ્તારના ભયથી આ રીતે વિગતવાર કપોલકલ્પિત જણાવતાં વિરમીએ છીએ અને તે સાથે તે સ્વીકારો તથા લખાણોનું કૂટપણું સમજવા-શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૯-૧૦, પૃ૦ ૨૦૦ થી ૨૨૮ સુધીનો **'રવિવારની સંવત્સરીવાળાની માન્યતા'** શીર્ષક પૂજ્ય આગમોદ્ધારકદેવેશશ્રી લિખિત વિશાળ લેખ વાંચવા વાચકોને ખાસ ભલામણ કરીએ છીએ.

**પ્રશ્ન ૬૨ઃ**-તે **'તિથિસાહિત્યદર્પણ'** બૂકના પેજ ૪૮ ઉપર **'શાસ્ત્રીયપુરાવા-પોલદર્શન'** શીર્ષકતળે **તે કુલેખકે જે**-"સં. ૧૯૮૯માં આ. શ્રી આનંદસાગરજીએ

ભા. શુ. ત્રીજે સંવત્સરી કરી હતી ××××× ત્યારે તેમણે પોતાના ટેકામાં પરંપરા જણાવી ન હતી, કારણ કે–પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની પરંપરા હતી જ નહિ" એમ જે લખ્યું છે તે તો–[ સં. ૧૯૯૦માં ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. શુ. ૪નો ક્ષય આવ્યો હતો ત્યારે પૂજ્ય આગમોદ્ધારકશ્રીની માફક તેમણે પણ તે ટિપ્પણાંની (ત્રીજનો ક્ષય કરીને) ત્રીજે જ સંવત્સરી કરી હતી છતાં ચોથે ગણાવી હતી અને અહિં ત્રીજે સંવત્સરી ગણાવે છે તેથી, તેમજ સં. ૧૯૫૨ અને ૧૯૬૧ની જેમ પૂ. આગમોદ્ધારકશ્રીએ, તે વખતે પણ પોતાના ટેકામાં તેવા જોડીયાં પર્વમાંની આગલી તિથિના ક્ષય વખતે પૂર્વતરતિથિનો ક્ષય કરીને જોડીયા પર્વને સંલગ્ન રાખનારી પરંપરા તો શ્રીહીરસૂરિજીમ૦નો **'त्रयोदशीचतुर्दश्योः'** પાઠ આપીને ય જણાવી હતી. તેથી ] દિવસને રાત્રિ ગણાવવા જેવું કોરૂં અસત્ય હોઈને ઉપેક્ષણીય જ છે; પરંતુ તે લખાણ પછી તે લેખકે જે–"તેમણે જણાવ્યો હતો શ્રી તત્ત્વતરંગિણીગ્રંથનો આધાર. પાઠ આપવાની તેઓશ્રીએ તસ્દી લીધી ન હતી. જ્યારે તે પૂછવામાં આવ્યો ત્યારે તેમણે–**'चतुर्थ्याः क्षये पंचमीस्वीकारप्रसंगेन त्वं व्याकुलो भविष्यसि**–ચોથના ક્ષયે પંચમી સ્વીકારના પ્રસંગથી તું વ્યાકુલ થઈશ.' આ પાઠ આપ્યો. આમાં પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની કે ક્ષયને બદલે ક્ષય કરવાની તો વાત સરખીયે નથી, તે તેમણે પોતે સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૩, પૃ૦ ૫૩૨માં કબુલ કર્યું છે. જુઓ તેમના શબ્દો–'૭–તત્ત્વતરંગિણીમાં પર્યુષણાની ચોથના ક્ષયે તારે પંચમીએ સંવત્સરી કરવી પડશે, એમ ખરતરોને ચઉદશના ક્ષયે પુનમે પખ્ખી કરવાનો પ્રસંગ આપ્યો છે' છતાં સં. ૧૯૯૩ના શ્રાવણ મહિના સુધી આ ને આ પાઠ ઉપર તેમણે ગોળા ગબડાવ્યા કર્યા,' **એમ લખ્યું છે તેમાં કાંઈ તથ્ય ખરૂં ?**

**ઉત્તરઃ**–સં ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલ **'શાસ્ત્રીયપૂરાવા'** નામની બૂકમાં જ્યારે શ્રી જંબૂવિજયજીને ભા. શુ. ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનું જણાવનારા અનેક પ્રાચીન લેખો પણ જોવામાં આવ્યા ત્યારે તે પ્રાચીન લેખોને શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાંનો તે **'चतुर्थ्याः क्षये०'** પાઠ પણ પ્રમાણિક લેખાવતો હોવાથી અને તે પાઠ તે **'શાસ્ત્રીયપૂરાવા'** બૂકના પેજ ૧૫ ઉપર પ્રસિદ્ધ થવાથી તે 'તિથિસાહિત્યદર્પણ' બૂકના લેખક શ્રી જંબૂવિજયજીએ, તે 'શાસ્ત્રીયપુરાવાપોલદર્શન' શીર્ષક નીચે શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠમાંથી સ્પષ્ટતયા તરી આવતા 'ભા. શુ. ૫ના ક્ષયે ભા. શુ. ૩ ના ક્ષયવાળા' નક્કર ઐદંપર્યાર્થને તેવી ખોટી રીતે ખોટો લેખાવવા સારૂ તે પ્રયાસ કરેલ છે.

**આ સિવાય તમે પણ જાણો જ છો** કે–"પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ પોતાના ટેકામાં તે સં. ૧૯૯૩ સુધી એકલો શ્રી તત્ત્વતરંગિણીગ્રન્થનો તે એક જ આધાર આપ્યો ન હતો; પરંતુ તે સાથે પૂનમ–અમાસના ક્ષયે તેરસનો ક્ષય કરાતો હોવાની પરંપરાનો અને તે પરંપરા ઉપર પણ મહોર છાપ માનનારો શ્રી હીરપ્રશ્નમાંના **त्रयोदशीचतुर्दश्योः** પાઠનો પણ આધાર આપ્યો જ હતોઃ છતાં લેખકે–'તે એક આધાર બતાવ્યો હતો' એમ જણાવ્યું છે

તે અસત્ય અને ઉપેક્ષણીય જ છે." આથી તે સંબંધમાં વધારે ખુલાસાની જરૂર નથી.

**વાત એટલી ઉમેરવી રહે છે કે**–'તે લેખકે તે લખાણમાં જે–તે આધાર પણ પૂ. આગમોદ્ધારકશ્રીએ સં. ૧૯૮૯માં પ્રથમ જ બતાવ્યો હોવાનો દેખાવ કર્યો છે તે પણ અસત્ય છે. કારણ કે–તેઓશ્રીએ શ્રીસંઘને સં. ૧૯૫૨ અને સં. ૧૯૬૧માં પણ આવેલા તે ભા. શુ. ૫ના ક્ષય પ્રસંગે તે તે આધારો બતાવ્યા જ હતા. સં. ૧૯૫૨ના તે પ્રસંગે અમદાવાદ લુહારની પોળના સુશ્રાવક શા. છગનલાલ પાનાચંદે ભાવનગર પં. શ્રી ગંભીર-વિજયજી ઉપર લખેલા (શ્રી જંબૂવિ૦ની તે બૂકના ૧૮મા પેજ પર છપાએલા) પત્રમાં પડેલો તત્ત્વતરંગિણી મંગાવવાનો ઉલ્લેખ, એ વાતની આજે પણ સાક્ષી પૂરે છે. તેમજ સં. ૧૯૫૨નો '**સયાજીવિજય**' પત્રમાંનો લેખ પણ એ વાતની સાક્ષી પૂરે છે.

**તે લખાણ પછીથી શ્રી જંબૂવિજયજીએ, જે**–"પાઠ આપવાની તેઓએ તસ્દી લીધી ન હતી." એમ લખ્યું છે તે તો તે પાઠવાળા પુસ્તકનું 'તત્ત્વતરંગિણી' નામ જાણ્યા પછી અભણ જ લખી શકે. તે વાકય પછી તેમણે–"જ્યારે પૂછવામાં આવ્યો ત્યારે તેમણે '**चतुर्थ्याः क्षये**' ××× વ્યાકુલ થઈશ.' આ પાઠ આપ્યો." એમ જે લખ્યું છે તે સરાસર જુઠું છે. કારણ કે–'સં. ૧૯૮૯માં તેમણે તે પાઠ બાબત પૂજ્યશ્રીને પૂછ્યું જ નથી, તે પાઠનું સ્થળ જણાવ્યા પછી પૂજ્યશ્રીને તે પાઠ કોઈને આપવાનો પ્રાયઃ પ્રસંગ જ ન આવ્યો હોઈને પૂજ્યશ્રીએ તે પાઠ તે સં. ૧૯૮૯માં તો શું; પરંતુ સં. ૧૯૯૨ સુધી કોઈને આપ્યો નથી. વળી સં. ૧૯૯૨માં તો તે લેખકે તે શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનું 'પર્વતિથિપ્રકાશ' નામે ભાષાંતર પણ પ્રસિદ્ધ કરેલ હોવાથી તે પાઠ તે લેખકના ખ્યાલમાં તો પ્રથમથી જ હોવાનું સિદ્ધ છે.'

**આમ છતાં શ્રી જંબૂવિજયજીએ,** સં. ૧૯૯૬ની તે બૂકમાં તેમણે લખેલી–'શ્રી તત્ત્વતરંગિણીનો પાઠ પૂછ્યો ત્યારે આપ્યો.' એ કૃત્રિમ વાતનો સંવત્ તેમણે જે ૧૯૮૯ લખાવેલ છે તે સંવત્ પણ તેમણે (પોતે શ્રી તત્ત્વતરંગિણીને માન્ય લેખાવેલ હોવાથી હવે તે શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠનો ઇન્કાર કરી શકે તેમ નથીઃ તેમજ 'શાસ્ત્રીયપૂરાવા'માંના 'ભા. શુ. ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનું' જણાવનારા અનેક પ્રાચીન લેખોનો સ્વીકાર કરે તો તેમનો મત ટકે તેમ નથીઃ ઇત્યાદિ કારણોને લીધે) સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થએલ તે '**શાસ્ત્રીયપૂરાવા**' બૂકમાંના તે પ્રાચીન લેખો ઉપર પ્રમાણિકતાની છાપ મારનારો તે તત્ત્વતરંગિણીનો પાઠ તે બૂકના પેજ ૧૫ ઉપર અર્થ સહિત પ્રસિદ્ધ થયેલ હોવાથી શ્રી તત્ત્વતરગિણીના તે પાઠના તે ખરા અર્થને ખોટો કહેવા સારૂ જૂઠો લેખાવેલ હોઈને તે વાતનો સં. ૧૯૮૯ નથી; પરંતુ ૧૯૯૩ છે. આ વાતની–'સં. ૧૯૯૨માં તેમણે તે શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનો અનુવાદ કર્યો તેમાં તથા તે પછીથી સં. ૧૯૯૫ સુધી પણ તે લેખકે કે–નવા વર્ગના કોઈ અન્ય લેખકે પણ શ્રી તત્ત્વતરંગિણીના તે '**चतुर्थ्याः क्षये**' પાઠના તે ખરા અર્થ બદલ કદિ તેવી વાત લખી નથી.' એ પ્રતીતિ પણ છે.

**શ્રી જંબૂવિજયજીએ,** પોતાની 'તિથિસાહિત્યદર્પણ' બૂકમાંના તે લખાણમાંની એ વાત પછી શ્રી તત્ત્વતરંગિણીનો તે **'चतुर्थ्याः क्षये'** પાઠ અને તેનો અર્થ જણાવ્યા બાદ તે પાઠના અર્થ બદલ જે-"આમાં પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની કે ક્ષયને બદલે ક્ષય કરવાની તો વાત સરખીયે નથી, તે તેમણે પોતે (પૂ. આગમોદ્ધારકશ્રીએ) સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૩, પૃ૦ ૫૩૨ માં કબુલ કર્યું છે." એમ શ્રી સિદ્ધચક્રમાંના-'૭-તત્ત્વ-તરંગિણીમાં પર્યુષણાની ચોથના ક્ષયે તારે ××× પૂનમે પકખી કરવાનો પ્રસંગ આપ્યો છે.' એ શબ્દો ટાંકીને લખ્યું છે તે, સિદ્ધચક્રમાંના તે લખાણ પછીનું-**'તે ઉપરથી પંચમીનું પર્વપણું અને ત્રીજનો ક્ષય કરવાનું સ્પષ્ટ છે, ત્યાં (ત્રીજના ક્ષયની) અમાન્યતાને આગળ કરનારને ધન્યવાદ.'** એ મુજબનું અઢી પંક્તિ પ્રમાણ લખાણ ઉડાવી દઈને લખ્યું હોવાથી પૂ. આગમોદ્ધારકશ્રીના નામે જુઠી જ કબુલાત બતાવનારૂં ધૃષ્ટતાપૂર્ણ હોઈને લેખકના મહામિથ્યાપણાનું ખ્યાપક છે. પૂ. આગમોદ્ધારકશ્રીએ, શ્રી સિદ્ધચક્રના તે જ લખાણમાં ત્રીજનો ક્ષય કરવાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું છે, એમ નજરે જોવા છતાં પણ જે જંબૂવિજય, પોતાના તે લખાણમાં-'શ્રી સિદ્ધચક્રનાં તે લખાણમાં ત્રીજનો ક્ષય કરવાની વાત સરખીયે નથી.' એમ બેધડક જુઠું બોલી શકેલ છે તે જંબૂ-વિજયજીમાં કેટલો જબ્બર મૃષાવાદ ભર્યો છે? તે શબ્દોથી જણાવવાની અત્ર જરૂર રહેતી નથી. આ વ્યક્તિની શાસ્ત્ર અને પરંપરા પ્રતિની બેવફાદારી પણ કેટલી જબ્બર ગણાય? અને તેને અંગે તેમની ભવાભિનંદિતા પણ કેટલી વિશાળ ગણાય?

**તેવી રીતે વર્તીને**-શ્રી સકળ વિદ્યમાન શાસનસંઘની પણ શરમ છોડીને-અનેક પૂર્વાચાર્યોથી સેંકડો વર્ષોથી અવિચ્છિન્નપણે આચરાતી આવેલી અને અનેક પ્રમાણો વડે આજે પણ સુવિશુદ્ધપણે ઝળકતી તે જોડીયાં પર્વમાંની આગલી તિથિના ક્ષય વખતે આરા-ધનામાં તો પૂર્વતર તિથિનો ક્ષય કરીને તે જોડીયાં પર્વને તો સંલગ્ન બે દિવસ જોડે જ ઉભા રાખવાની-પ્રમાણિકતર પરંપરાને જે જંબૂવિજયજીએ, સં. ૧૯૯૨થી સ્વચ્છંદપણે જ ઉપજાવી કાઢેલી કહીને અને (તે પછી તો સર્વત્ર સર્વપ્રકારે સર્વદિગ્ નિર્મૂળ ઠરેલા લુખા તિથિમતના દુરાગ્રહ ખાતર) તેવાં હડહડતાં જુઠાં લખાણો ચીતરીને ઉખેડી નાખવાનો જેણે ભેખ લીધેલ છે તે શ્રી જંબૂવિજયજીના તે લખાણમાં તો શું? પરંતુ કોઈપણ લખાણમાં આત્માર્થી કોણ વિશ્વાસ સ્થાપે?

**તે સં. ૧૯૯૩માં એકલા પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ નહિ; પરંતુ રાજકોટ મુકામેથી પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજે પણ**-"ચૌદશ-પૂનમ અને ચૌદશ-અમાસ જેવાં જોડીયાં પર્વમાંની આગલી તિથિની ક્ષય-વૃદ્ધિ વખતે આરાધ-નામાં જેમ તેરસની ક્ષય-વૃદ્ધિ કરીને તે ૧૪-૧૫ અને ૧૪-૦)) પર્વને જોડે જ ઉભાં રખાય છે તેમ ભા. શુ. ૪-૫ રૂપ જોડીયાં પર્વમાંની આગલી તિથિ પાંચમની ક્ષય-વૃદ્ધિ વખતે પણ આરાધનામાં તો ત્રીજની જ ક્ષય-વૃદ્ધિ કરીને ભા. શુ. ૪-૫ પર્વને જોડે જ રાખવા

માટે સેંકડો વર્ષો પહેલાનાં નીચે મુજબ પ્રમાણિકપાઠો છે." એમ વિશાળ પત્રિકા (કે-જે '**પર્વતિથિનિર્ણય**' નામક મહાગ્રંથના પૃ. ૮૭ થી ૮૯ ઉપર પ્રસિદ્ધ છે તે) દ્વારા જણાવીને-'**एवं भाद्रपदशुक्लपंचम्या अपि क्षयसद्भावे तृतीयायाः क्षयः क्रियते०**' ઇત્યાદિ જે પાંચ શાસ્ત્રપાઠો જાહેર કરેલા છે તે શાસ્ત્રપાઠો મુજબ જ ભા. શુ. પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનું જણાવનારા તે શ્રી તત્ત્વતરંગિણીના '**किंच चतुर्थ्याः क्षये पंचमीस्वीकार-प्रसंगेन त्वं व्याकुलो भविष्यसि**' પાઠનો [ તે પાઠના 'ભા. શુ. ૪ના ક્ષયે તે ચોથ જો ત્રીજને બદલે પાંચમપર્વીએ કરવાનો પ્રસંગ આવશે ત્યારે ત્યાં તું વ્યાકુલ થઈશ (માટે એ સ્થિતિથી બચવા તું તેરસે ચૌદશ કર)' એ ખરતરને જણાવેલા અર્થ ઉપરથી ] એ જ ઐદંપર્યાર્થ છે કે-'તેવી જ રીતે ભા. શુ. પંચમી પર્વના ક્ષય વખતે તે ચોથની જેમ પંચમી પર્વતિથિને પણ **क्षये पूर्वा०** વડે ઉદયાતરૂપે અખંડ રાખવાનું હોવાથી ભા. શુ. ત્રીજનો ક્ષય કરવો.' આ અર્થ શ્રી જંબૂવિજયજી પોતે પણ જાણે જ છે; પરંતુ તે અર્થના સ્વીકારમાં -'**શાસ્ત્રીયપુરાવાપોલદર્શન**' કરાવવાને બદલે શાસ્ત્રીયપૂરાવાનો મુંગે મોઢે સ્વીકાર કરવા-પૂર્વક '**નૂતનતિથિમતપોલદર્શન**' જ થાય. આ વસ્તુ સહન કરવી એ તેમને મુશ્કેલ જણાવાથી જ તેમણે આ રીતે શ્રી તત્ત્વતરંગિણીના તે વાસ્તવિક ઐદંપર્યાર્થને (પૂ. આગમોદ્ધારકશ્રી કૃત તે લખાણમાંનાં અંતિમ લખાણને ઉડાડી દેવાનું પાપ વ્હોરીને પણ) નિહ્નવેલ છે! એટલા સારૂ જ તેમણે તેવું શાસનની શુદ્ધ પરંપરાનું લોપક લખાણ ઉપજાવી કાઢવું પડેલ છે! અન્યથા એવો **મૂર્ખશેખર** કોણ હોય કે-જે તેવા નક્કર ઐદંપર્યાર્થને-અંતે વિદ્વાનોમાં પોતાના હાથે પોતે મૂર્ખ લેખાવા પામે તેવાં પ્રત્યક્ષ હડહડતાં જુઠાં લખાણો કરીને પણ ખોટો લેખાવવાની બાલિશતા કરે?

આ દરેક હકીકત વિચારતાં તમને સમજાશે કે-"શ્રી જંબૂવિજયજીએ તે લખાણને અંતે જે-'છતાં સં. ૧૯૯૩ના શ્રાવણ મહિના સુધી આ ને આ પાઠ ઉપર તેમણે (પૂ૦ આગમોદ્ધારકશ્રીએ) ગોળા ગબડાવ્યા કર્યા.' એમ લખ્યું છે તે મુજબ પૂ૦ આગમોદ્ધારક-શ્રીએ આ ને આ પાઠ ઉપર ગોળા ગબડાવ્યા નથી; પરંતુ સં. ૧૯૯૬ના તે લખાણમાં -[ શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠના શ્રી જંબૂવિજયજીને ખટકતા તે વાસ્તવિક ઐદંપર્યાર્થને તેવી કૂટ રીતે જ ખોટો લેખાવવાના બ્હાને અતિપ્રમાણિક અને પ્રાચીન એવા તે '**શાસ્ત્રીય-પૂરાવા**'ને જ ખોટા મનાવવાના ભવવર્ધક દુરાશયથી ] તે શ્રી જંબૂવિજયજીએ જ ગોળા ગબડાવ્યા છે." તે બૂકના તે પેજ ૪૯ થી ૯૨ સુધીમાં શ્રી જંબૂવિ૦એ ચીતરેલાં તે 'શાસ્ત્રીયપુરાવાપોલદર્શન'નું સ્વરૂપ આ જ પ્રકારનું હોઈને તે લેખકનાં તે બધાં લખાણની અત્ર ગ્રંથવિસ્તારના ભયે ઉપેક્ષા કરવામાં આવે છે.

## ઉન્માર્ગે ચઢી ગએલા ભાઈ-બ્હેનો સન્માર્ગે આવે.

'**શાસ્ત્રીયપુરાવાપોલદર્શન**' શીર્ષક તળેનાં લખાણમાં-શ્રી આનંદવિમલસૂરિજીના પાનાં અને 'શાસ્ત્રીયપૂરાવા' બૂકમાંના પ્રાચીન અને પ્રચલિત પરંપરાને જ પ્રમાણ ઠરાવતા

અનેક લેખો વગેરેને–'તેમાં તો અચલગચ્છની ગાથાઓ છે–તેના કર્ત્તાના નામો નથી–તેની ભાષા બરાબર નથી' ઇત્યાદિ બનાવટી અપવાદો બતાવવા વડે બેધડક અપ્રમાણ કહી દેવાની ધૃષ્ટતા ધરાવનારા તેઓ, શ્રી વિજયલક્ષ્મીસૂરિજીએ આષાઢી વ્યાખ્યાનમાં–**कथं स्वपिति देवेशः ? पद्मोद्भव ! महार्णवे ॥ सुप्ते च कानि वर्ज्यानि, वर्जितेषु च किं फलम् ?** ઈત્યાદિ લોકશાસ્ત્રમાંના અને તેમાં પણ કેટલાક તો જૈનશાસ્ત્રથી વિરુદ્ધ માન્યતાના શ્લોક દાખલ કર્યા હોવા છતાં તે વ્યાખ્યાન તો જૈની આષાઢી વ્યાખ્યાન તરીકે પ્રમાણ માને જ છે: કર્ત્તાનાં નામ વિનાનાં '**उदयंमि०**' વગેરે સૂકતો તથા પરંપરાઓ વગેરેને પણ તે વર્ગ પ્રમાણ માને છેઃ છતાં પૂર્વાચાર્યોએ, પોતાનાં પાનાં અને લેખોમાં શ્રી તપાગચ્છની 'પર્વતિથિના ક્ષયે પૂર્વ કે પૂર્વતર તિથિનો ક્ષય કરવો' એ માન્યતાને દેશથી મળતી વાતવાળા તે અચલગચ્છની માન્યતાવાળા ઉદ્ધરેલા શ્લોકોને પણ દાખલ કર્યા, તેમાં તેવા શ્લોકોનાં બ્હાને ગદ્યબદ્ધ પ્રાચીન પૂરાવાઓને પણ તેવી કૂટરીતિએ અપ્રમાણ કહે છે તે પ્રાચીન સાહિત્યના ભોગે પણ પોતાનો મત ચલાવવાની ધૂનનું પ્રતીક છે-

તે લેખકે–અહિં જેમ પૂ. આગમોદ્ધારકશ્રીએ તેમના તે શ્રી સિદ્ધચક્રના લખાણમાં જણાવેલા શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠના અર્થમાં–"પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનું કહ્યું જ નથી અને તે પાઠના અર્થમાં તેવી વાત સરખાયે નથી એમ તેઓએ પોતે કબુલ કર્યું છે." એવું કોરેકોરૂં ગપ્પું હાંકયુ છે તેમ શ્રી કલ્યાણવિજયજીએ વળી તેમની સં. ૧૯૯૩ની '**શ્રી પર્વતિથિ–ચર્ચા સંગ્રહ**' નામની બૂકના ૮૧મા પેજ ઉપર ૯૮મો–'તત્ત્વતરંગિણીગ્રંથમાં પાંચમની વૃદ્ધિએ ત્રીજની વૃદ્ધિ કરવાનો લેખ છે એમ સાગરાનંદસૂરિજી કહે છે તે શું સાચું નથી?' (પૂ. આગમોદ્ધારકશ્રીએ કદીયે નહિ કહેલ હોવા છતાં) એ પ્રશ્ન ઉપજાવી કાઢી તેના ઉત્તરમાં–'શ્રી સાગરજીનું એ કથન હલાહલ જુઠું છે.' ઈત્યાદિ કહેવા વડે જીભની નકામી જ ખરજ ઉતારીને આત્માને ભારે કરેલો છે! આવા લેખકો શાસનનું શું હિત કરે?

માળવા–મારવાડ–મેવાડ–વાગડ સિવાયના કચ્છ અને કાઠીઆવાડનું સદ્ભાગ્ય છે કે–'કોઈક જ ગામમાં આ ભાઇનું આ સાહિત્ય હશે અને કોઈ ગામની પ્રાયઃ કોઇક જ વ્યકિતમાં પ્રવેશ પામી શકેલ હશે.' એમનું સાહિત્ય માત્ર ગૂજરાત, દક્ષિણ અને ઝાલાવાડના કેટલાક ગામોમાંની પણ જુજ જ વ્યક્તિઓમાં પ્રવેશ પામેલ છે! તો પણ તે પ્રવેશના પ્રતાપે તે તે વ્યક્તિઓ, બીચારી ભૂતગ્રસિતની જેમ આજે જોઈએ છીએ તો પ્રભુશાસનના એ તિથિ અને સૂતક વિચારવાળા મૂળમાર્ગમાં વિચરતા પૂજ્ય સાધુ–સાધ્વીજી ભગવંતો પ્રતિ ઘુરકીયાં કરતા રહીને અને તે નવા વર્ગના ઉન્માર્ગને જ માર્ગ માનીને ચાલવામાં આત્મકલ્યાણ માનવાની ભૂલનો ભોગ બનેલ છે તે ખેદજનક છે.

**ઇચ્છીએ છીએ કે-તેવી દરેક વ્યક્તિઓને આ નવા વર્ગના તેવાં ઝેરી સાહિત્યથી બચવા સારૂ આ પ્રશ્નોત્તરી તેઓને મધ્યસ્થવૃત્તિ વડે વાંચવાનું સદ્ભાગ્ય સત્વર સાંપડે અને અન્તે તે તે દરેક ભાઇ બ્હેનો મૂળમાર્ગમાં સ્થિર બનીને**

**પોતાનું નક્કર આત્મકલ્યાણ સાધી પોતાના માનવજન્મને સાર્થક કરે: ધ્રુવ માર્ગને તજીને તેવા જુઠા લેખકના અધ્રુવમાર્ગને કોણ કલ્યાણકામી ભજે?**

**પ્રશ્ન: ૬૩**–તે 'તિથિસાહિત્યદર્પણ' બૂકના પેજ ૯૫ ઉપર શ્રી જંબૂવિજયજીએ, '**उदयंमि जा तिही०**' ગાથાનો–"ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ છે. ઉદયતિથિને છોડીને અન્ય કરવામાં આવે તો શ્રી જિનાજ્ઞાનો ભંગ, એકે ખોટું કર્યું તે જોઇ બીજો ખોટું કરે તે અનવસ્થા, મિથ્યાત્વ અને સંયમ તથા આત્માને હાનિ થવારૂપ દોષો લાગે." એ મુજબ અર્થ કર્યો છે તે બરાબર છે?

**ઉત્તર:**–તે ગાથામાંના '**अणवत्था**' શબ્દનો અને '**विराहणं**' પદનો તેમણે કરેલો અર્થ, પ્રસ્તુત અધિકારને ક્રમે સદંતર અસંગત તેમજ અબોધમૂલક હોઇને તે અર્થ બરાબર નથી. શ્રાદ્ધવિધિમાં શ્રાવકનાં પર્વકૃત્યોના ચાલેલા અધિકારમાં તે ગાથા દર્શાવેલ હોવાથી અને પર્વતિથિનાં પાલનનું વિધાન તો સંયમી તેમજ સંયમાસંયમી બંને માટે સમાન હોવાથી સર્વસંયમી તથા દેશસંયમીને માટે સંયમને અને આત્માને હાનિ થવારૂપ દોષ લાગે.' એવો અર્થ તો તેઓ જ કરી શકે.

સિવાય તે–'**उदयंमि जा तिही सा पमाणं, इयरीए कीरमाणीए। आणाभंगऽणवत्था, मिच्छत्तविराहणं पावे ।१।**' **ગાથાનો સ્પષ્ટ અને તાત્ત્વિક અર્થ**–"ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ છે. ઉદય સિવાયની અન્ય જે બેસતી તિથિ, પ્રભાતના પ્રતિક્રમણ–પ્રારંભકાલની તિથિ, પૂર્વાહ્ણકાલ–મધ્યાહ્નકાલ–અપરાહ્નકાલ–પ્રદોષકાલવ્યાપિની તિથિ કે આથમતી–સમાપ્તકાલવ્યાપિની' તિથિ છે તે, પ્રમાણ કરવામાં આવે તો (શાસ્ત્રમાં શ્રાવકને જે પર્વતિથિએ તે દિવસના સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદયની મર્યાદાવાળા અહોરાત્રના પૌષધ અને તપનાં પચ્ચકખાણો કરવાનાં જણાવેલ છે તે મુજબ તે તે વ્રત–પચ્ચકખાણ વગેરે નિયમો ગ્રહણ કરનાર શ્રાવકને અહોરાત્ર સચવાતો નહિ હોવાથી) અહોરાત્રના પૌષધાદિક નિયમનો ભંગ થવા રૂપ **શ્રી જિનાજ્ઞાના ભંગનો** દોષ લાગે, કોઇ બેસતી તો કોઈ પ્રતિક્રમણકાળની, કોઈ પૂર્વાહ્ણકાલવ્યાપિની તો યાવત્ કોઈ સમાપ્ત થતી તિથિ પ્રમાણ ગણીને આરાધવા લાગે તો આરાધ્ય અનુષ્ઠાનનો પ્રારંભ (સૂર્યોદય) કાલ કે–જે સહુકોઇને માટે એક તરીકે વ્યવસ્થિત છે તે મટીને જુદો જુદો કાલ થઇ જવા રૂપ **અનવસ્થાદોષ** લાગે, તેવું કરનારને **મિથ્યાત્વદોષ** લાગે અને આરાધનામાર્ગને ખંડિત કરવા રૂપ **વિરાધના**નો દોષ લાગે." એ પ્રમાણે છે.

**પ્રશ્ન ૬૪**:–'**उदयंमि०**' ગાથાના કરેલા તેવા અર્થ પછીથી તે જ ૯૫મા પેજ ઉપર શ્રી જંબૂવિજયજીએ ત્યાં તે અર્થના ભાવાર્થ રૂપે જે–"આથી નક્કી થયું કે–જે પર્વતિથિ આરાધવાની હોય તે જો થોડી પણ સૂર્યોદય વખતે મળતી હોય તો તે જ ગ્રહણ કરીને પૂજા, પચ્ચકખાણ આદિમાં પ્રવર્ત્તવું. તેનો અનાદર કરવાથી કિંવા તેને ફેરવવાથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના દોષો લાગે છે, માટે ઉદયતિથિનો અનાદર કિંવા તેનો

પલટો કરી શકાય નહિ: છતાં તેવો અનાદર કે પલટો કરનારા આજ્ઞાભંગાદિ દોષોને જ સેવનારા છે તે ચોકખું સમજી શકાય તેવું છે." એ પ્રમાણે લખ્યું તો છે; પરંતુ તેમના એ અર્થ પ્રમાણે ચાલવામાં તો–'તેઓ, લૌકિકટીપણામાંની પર્વતિથિના ક્ષયે તે ક્ષીણતિથિ ઉદયાત્ નહિ હોવા છતાં તેને આરાધતા હોવાથી અને પર્વતિથિની વૃદ્ધિ વખતે તિથિ ઉદયવાળી હોવા છતાં તેનું આરાધન તો નહિ જ કરતા હોવાથી' તેઓને જ આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાના દોષો લાગે છે એમ જ ઠરે છે: છતાં તેમણે તેવું પોતાને જ બાધક લખાણ કરવાની ગંભીર ભૂલ કેમ કરી હશે?

**ઉત્તર:**–મહિનામાં પરિસંખ્યાન રૂપે મુખ્યત્વે આરાધવાની બાર પર્વતિથિ હોય છે. દરેક પર્વતિથિનું આરાધન સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ગણાતા ૨૪ કલાકના એક રવિ આદિ વાર પ્રમાણ ગણવાનું હોય છે. કારણ કે–સવારથી લેવાતા પૌષધ પચ્ચક્ખાણ વગેરે અનુષ્ઠાનો ૨૪ કલાકના હોય છે. આથી તે બારેય તિથિઓ ગ્રહણ કરવાનો વ્યવહાર જૈનોએ સેંકડો વર્ષોથી લૌકિકટિપ્પણાને આધારે મુકરર કરેલ છે. લૌકિકટીપણામાં જૈનોને જોઈતી બારેય તિથિમાંની એક પણ તિથિ સૂર્યોદય વાળી પ્રાપ્ત થતી નથી: કારણ કે–'તે ટિપ્પણામાં તો બેસતી, આથમતી તિથિ અને ૨૪ કલાકથી તો ન્યૂન જ તિથિ હોય છે; પરંતુ સૂર્યોદયથી શરૂ થતી અને ૨૪ કલાક પ્રમાણવાળી તો પ્રાયઃ એક પણ તિથિ હોતી નથી.'

લૌકિક ટિપ્પણામાંની તિથિઓની એ અવ્યવસ્થિત સ્થિતિમાંથી જૈનોને સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૨૪ કલાકની વ્યવસ્થિત જૈની તિથિ પ્રાપ્ત કરવી મુશ્કેલ બને છે. જૈનોની એ મુશ્કેલી દૂર કરવા સારૂ પૂર્વાચાર્યે, લૌકિકટિપ્પણામાંની (ક્ષીણ અને વૃદ્ધતિથિને છોડીને પ્રથમ) તે બેસતી, આથમતી, અધૂરી, અલ્પાદિ તિથિને પ્રમાણ માનવાનું ફેરવીને '**उदयंमि जा तिही०**'નો સિદ્ધાંત આપવા વડે ઉદય વખતે જે તિથિ હોય તેને જ માનવાનું સ્થાપ્યું. એ રીતે ધર્માનુષ્ઠાન માટેની તિથિ મેળવવા સારૂ અન્યદર્શનકારે પણ અન્યદર્શનીઓને–'**आदित्योदयवेलायां, या स्तोकापि तिथिर्भवेत्। सा संपूर्णेति मंतव्या, प्रभूता नोदयं विना ॥१॥**' એ સિદ્ધાંત આપીને લૌકિક ટિપ્પણામાંની તે બેસતી, આથમતી, અધૂરી આદિ તિથિને પ્રમાણ માનવાનું પલટી નાખ્યું. અને ઉદય વખતની તિથિને જ માનવાનું રાખ્યું. આ હકીકતનો નિષ્કર્ષ એ છે કે–જૈન જૈનેતર બંનેય પૂર્વ મહર્ષિઓએ, લૌકિક ટિપ્પણાની તિથિને આરાધનામાં તો પ્રમાણ જ માની નથી. તેનું બેસવાપણું આદિ સહિત બીલકુલ પ્રમાણ ગણેલ નથી. ટિપ્પણામાં તો બધી જ તિથિ સૂર્યોદય વગરની જ હોવાથી પૂર્વાચાર્યોએ તે તે તિથિઓને '**उदयंमि०**' અને '**आदित्योदयवेलायां०**'નો સંસ્કાર આપવા વડે ધરમૂળથી પલટી નાખવા પૂર્વક સૂર્યોદયવાળી બનાવીને તે પછી જ જૈની અને શૈવી તિથિઓ તરીકે માનવાનું ઠરાવ્યું છે: આમ થયું ત્યારે જ લૌકિક ટિપ્પણામાંની તેવી તિથિઓમાંથી મહિનાનીબાર જૈની તિથિઓ મેળવવાની જૈનોની તે મુશ્કેલી દૂર થવા પામી. આથી આરાધનામાં લૌકિકટીપણાંની તિથિઓ માનવાની વાત ન રહી અને '**उदयंमि०**'ના સિદ્ધાંતના

આધારે જ તિથિ માનવાની રહી, તેથી તે '**उदयम्मि०**' વાળો સિદ્ધાંત, આરાધનામાં ઉત્સર્ગ-માર્ગ રૂપે લેખાવા પામ્યો.

એ રીતે ટીપણાંની બધી જ તિથિઓને '**उदयंमि०**'નો સંસ્કાર, આરાધના માટે સૂર્યોદયવાળી જૈની તિથિ બનાવવા તો સમર્થ થયો; પરન્તુ તે સંસ્કાર, ટિપ્પણામાં તો તે બેસતી–આથમતી ઇત્યાદિ સિવાયની મહિનામાં જે બે ત્રણ તિથિઓ ક્ષીણ અને વૃદ્ધ પણ આવે છે, તે તિથિઓને સૂર્યોદયવાળી બનાવવા સમર્થ ન થયો. આથી જૈનોને મહિનામાં તેવી બે ત્રણ તિથિઓને તો સૂર્યોદયવાળી મેળવવાની મુશ્કેલી ઉભી જ રહી. આથી જૈનાચાર્યોએ દશ પૂર્વધર ભગવંત શ્રી ઉમાસ્વાતિજી વાચકપ્રવરના પ્રઘોષ તરીકે મનાતો '**क्षये पूर्वा०**'વાળો અપવાદમાર્ગ અપનાવીને તે મુશ્કેલી પણ દૂર કરી: એટલે કે–ટિપ્પણાંની જે ક્ષીણ અને વૃદ્ધતિથિને ઔદયિકી બનાવવામાં '**उदयंमि०**'નો ઉત્સર્ગમાર્ગવાળો સંસ્કાર અસમર્થ નીવડયો ત્યારે તે ક્ષીણ અને વૃદ્ધતિથિને ઔદયિકી બનાવવામાં '**क्षये पूर्वा०**' અને '**वृद्धौ उत्तरा०**'વાળા અપવાદમાર્ગનો સંસ્કાર સમર્થ નીવડયો. આથી જૈનોની તે શેષ મુશ્કેલી પણ '**क्षये पूर्वा०**'વાળા અપવાદમાર્ગે દૂર કરી. આ રીતે જૈનોમાં સેંકડો વર્ષોથી લૌકિકટીપણામાંની તિથિઓને તે '**उदयंमि०**'વાળા ઉત્સર્ગ અને '**क्षये पूर्वा०**' તથા '**वृद्धौ उत्तरा०**'વાળા અપવાદનો સંસ્કાર આપવા વડે ધરમૂળથી ફેરવીને ઔદયિકી બનાવાય છે અને તે પછી જ તેને જૈની તિથિઓ તરીકે માનવામાં આવે છે.

આ પદ્ધતિ આપણા સર્વ જૈનસંઘોમાં આજે પણ પ્રચલિત હોવા છતાં શ્રી જંબૂવિજયજીએ તે સ્થળે જે–'કિંવા તેને (ટિપ્પણામાંની સૂર્યોદય વખતની તિથિને) ફેરવવાથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વના દોષો લાગે છે, માટે તેનો (ક્ષયવૃદ્ધિ વખતે પણ) અનાદર કિંવા તેનો પલટો કરી શકાય નહિ.' એ પ્રમાણે લખ્યું છે તે નિજના તિથિમતના આગ્રહવશાત્ કપોલકલ્પિત જ લખ્યું છે. ઉપર જોઈ ગયા કે–જેમ જૈની તિથિ નક્કી કરવા માટે '**उदयंमि०' जा तिही**વાળો ઉત્સર્ગસિદ્ધાંત, ટિપ્પણામાંની બેસતી આદિ બધી જ તિથિઓને ધરમૂળથી ફેરવી શકે છે, તેમ પર્વતિથિના કે ચૌદશ–પૂનમ, ચૌદશ–અમાસ, ભા. શુ. ૪–૫ આદિ જોડીયાં પર્વમાંની આગલી તિથિની ક્ષય–વૃદ્ધિ વખતે એક પર્વતિથિ કે જોડીયું પર્વ નક્કી કરવા સારૂ તે '**उदयंमि०**' ઉત્સર્ગ કરતાં બળવાન્ ગણાતો **क्षये पूर्वा०**નો અપવાદમાર્ગ તો ટિપ્પણાની તેવી બે–ત્રણ તિથિઓને જરૂર જ ફેરવી શકે છે.

શ્રી જંબૂવિજયજીને લૌકિક ટિપ્પણાંની બધી જ તિથિને ફેરવી નાખનારો તે '**उदयंमि०**'નો સિદ્ધાંત કબુલ છે, ફક્ત બે ત્રણ તિથિને ફેરવી નાખનારો તે '**क्षये पूर्वा०**'નો સિદ્ધાંત જ કબૂલ નથી! તે પંચમકાલની બલિહારી જ ગણવી રહે છે.

ટિપ્પણાંની બધી તિથિને ફેરવીને ઉદયાત્ બનાવનારો '**उदयंमि०**' સિદ્ધાંત પણ જૈનાચાર્યકૃત છે અને ક્ષય–વૃદ્ધિ વખતે ટિપ્પણાંની ઉદય વખતની તિથિને ફેરવીને ક્ષીણ

અને વૃદ્ધતિથિને ઉદયાત્ બનાવનાર 'क्षये पूर्वा०'નો સિદ્ધાંત પણ જૈનાચાર્યકૃત છેઃ આથી 'ટિપ્પણાંની ઉદય વખતની તિથિ ન ફરે' એમ કહેનારા, તે બન્ને જૈનાચાર્યોનાં વચનોમાંથી એક જ જૈનાચાર્યનાં વચનને માનવાની ગંભીર ભૂલના ભોગ બનીને જૈનની બારપર્વીની સૈદ્ધાંતિક માન્યતામાંથી ચ્યૂત થાય છેઃ આમ બનવા ન પામે એ સારૂ કલ્યાણકામીજનોએ ટિપ્પણાંમાંની તિથિક્ષય-વૃદ્ધિ વખતે તે 'उदयंमि०'ને છોડીને 'क्षये पूर्वा०'ના અપવાદમાર્ગનું જ અનુસરણ કરવું રહે છે. 'उदयंमि०'નો સિદ્ધાન્ત, લૌકિકટિપ્પણામાં જ્યારે કોઈ પણ તિથિનો ક્ષય ન હોય ત્યારે જ જરૂરી છે.

આ શ્રી જંબૂવિજયજીના સેંકડો વર્ષ પૂર્વેના દાદા-પરદાદાગુરુઓએ પણ તે જૈનાચાર્યોના ઉભય સિદ્ધાંતને એ રીતે અપનાવીને જ ટિપ્પણાંની તે તિથિઓમાંથી ૧૨ ઉદયાત્ જૈની તિથિ માનેલ છે અને સં. ૧૯૯૨ સુધી તો આ શ્રી જંબૂવિજયજી આદિ તમામ નવા વર્ગે પણ જૈનાચાર્યોના તે ઉભય સિદ્ધાંતને અનુસરવા પૂર્વક એ રીતે ટીપણાંની બધી તિથિ ફેરવીને જ બાર ઉદયાત્ જૈની તિથિ માનેલ છેઃ અને તે વખતે શ્રી જંબૂવિજયજી આદિ નવા વર્ગને તેમજ તે વર્ગના દાદા-પરદાદાગુરુઓને ટિપ્પણાંની ઉદયાત્ તિથિ ફેરવવામાં આજે દેખાયા તે આજ્ઞાભંગાદિ દોષો કદિ લાગ્યા નથી; માત્ર તે વર્ગે સં. ૧૯૯૩ થી પોતાના પૂર્વજોનાં પણ તે વર્ત્તનથી વિરુદ્ધ જઈને પર્વતિથિના ક્ષય વખતે પણ તે 'उदयंमि०'નો સિદ્ધાંત માનવાની વાત એકાએક ઉભી કરી ત્યારથી જ તે વર્ગને (તમે પ્રશ્નમાં જણાવ્યું છે તે મુજબ) પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ વખતે પોતાના હાથે જ તે આજ્ઞાભંગ-અનવસ્થા-મિથ્યાત્વ અને વિરાધનાના દોષોનું ભાજન બનવું પડેલ છે. તેવા ગંભીર દોષોથી ગ્રસિત માણસ, સન્નિપાત-ગ્રસ્તની જેમ તેવું અને તે પછીથી ૯૯મા પેજ સુધીનું યદ્વા તદ્વા લખાણ કરવાની ગંભીર ભૂલ કરે તે સહજ હોવાથી 'તે વર્ગે, પોતાને જ બાધક એવું એ લખણ કેમ કર્યું હશે?' એ પ્રશ્નને અવકાશ નથી.

**પ્રશ્ન ૬૫:**-તે બૂકના પેજ ૧૦૦ ઉપર શ્રી જંબૂવિજયજીએ, શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૪ ઉપરનો-'**क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं**' એ પાઠ રજુ કરીને તે પાઠનો ત્યાં જે-સાતમમાં કરાતું આઠમનું કૃત્ય' એ પ્રમાણે અર્થ કરેલ છે, તે જોતાં તો 'પર્વતિથિના ક્ષયે '**क्षये पूर्वा०**'નો સંસ્કાર આપીને પૂર્વની અપર્વતિથિનાં સ્થાને ક્ષીણ પર્વતિથિને જ કરવાનું કહેનાર શ્રી તત્ત્વતરંગિણીકાર, આઠમના ક્ષયે પૂર્વની સાતમને સૂર્યોદય વાળી આઠમ બનાવવાને બદલે પૂર્વની તે સાતમમાં આઠમનું માત્ર કાર્ય જ કરી લેવાનું જણાવે છે તો તે બંને વાત સંગત શી રીતે ગણાય?

**ઉત્તરઃ**-ઉપરના ૬૪મા સમાધાનમાં જણાવ્યું છે તેમ જંબૂવિજયજી આદિ તમામ નવો વર્ગ, પર્વતિથિના ક્ષય વખતે તે '**क्षये पूर्वा०**' પ્રઘોષનો-'પૂર્વતિથિનો ક્ષય કરીને તેને સ્થાને ક્ષીણતિથિને ઉદયાત્ બનાવવી.' એમ જ અર્થ કરીને પૂર્વતિથિનાં સ્થાને ક્ષીણતિથિને ઉદયાત્ જ બનાવતો હતો. તેમના સં. ૧૯૮૯ના જૈનપ્રવચન વર્ષ ૬ ના ૧૨-૧૩ અને

૧૪મા સંયુક્ત અંકના ૧૩૦ મા પાને તેમણે **'क्षये पूर्वा०'**નો–"એક દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષયતિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્યકોટીની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છે. કારણ કે–તે ક્ષીણ તિથિની સમાપ્તિ પણ તે જ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેમ છે." એ અર્થ પ્રસિદ્ધ કરીને પણ સ્વીકારેલ છે.

છતાં પણ તે વર્ગે, સં. ૧૯૯૨માં જ્યારે નવો જ તિથિમત કાઢ્યો ત્યારે નિજના તે મતની પુષ્ટિમાં તે વર્ગને તે **'क्षये पूर्वा०'**ના સ્વીકૃત અર્થમાં પણ (પ્રસ્તુત બૂકના પેજ ૯૬ થી ૯૯ સુધીમાં શ્રી જંબૂવિજયજીએ પાણિનીયના **'सुपां सुपः'** ને બાઝીને વિભક્તિ પલટાવવાની હદે પહોંચી જવા પૂર્વક ધૂમાડામાં બાચકાં ભરવારૂપે અનેકવિધ ગુલાંટો મારવાની જેમ) ગુલાંટ મારવી પડી! એટલે કે–"તે વર્ગ, **'क्षये पूर्वा०'**ના અર્થમાં જે–'ક્ષય તિથિ જો આરાધ્ય કોટીની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છે.' એ પ્રમાણે માનતો અને લખતો હતો તેને બદલે નવો મત કાઢ્યો ત્યારે વળી તે વર્ગ તે જ **'क्षये पूर्वा०'**ના અર્થમાં–'ક્ષયતિથિ જો આરાધ્ય કોટીની હોય તો પૂર્વની તિથિમાં માત્ર તે ક્ષીણતિથિની આરાધના જ કરી લેવાની હોય છે; પરંતુ પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરવાની હોતી નથી.' એમ ગુલાંટ મારીને તેવું બોલવા–લખવા અને પ્રચારવાના ધંધે લાગી ગએલ છે!

ઉપર તેમના જ જૈન પ્રવચનમાંના લખાણનો આધાર રજુ કરીને જણાવ્યું છે તેમ સં. ૧૯૯૨ સુધી તે વર્ગ, 'પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનાં સ્થાને ક્ષીણ પર્વતિથિને જ કાયમ કરાય, એ વાત જેઓ સમજે તેઓને જ તત્ત્વગ્રાહી લેખાવતો હતો અને સં. ૧૯૯૩થી તે વર્ગ, તે વાત સમજનારને અપતત્ત્વગ્રાહી લેખાવવા પૂર્વક તે વાતથી સદંતર ઉલટી એવી 'પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિમાં તે ક્ષીણતિથિનું (નામ આપ્યા વગર માત્ર) આરાધન જ કરાય' એ વાતને જેઓ સમજે તેઓને તત્ત્વગ્રાહી લેખાવે છે! તે વર્ગનું આ પ્રત્યક્ષ ઉન્માર્ગીપણું છે.

પોતાની તે કૂટ અર્થનીતિને શાસ્ત્રાનુસારી લેખાવવા સારૂ તે વર્ગે ઘણાં જ ફાંફાં મારવા છતાં જ્યારે તેને કોઈ પણ શાસ્ત્ર કે શાસ્ત્રમાંનો નામનો પણ આધાર ન જ મળી શક્યો ત્યારે શ્રી જંબૂવિજયજીએ, પોતાની તે બૂકના પેજ ૧૦૦ ઉપર (જે તત્ત્વતરંગિણીગ્રંથ, 'ચૌદશના ક્ષયે તેરસનું નામ પણ ન લેવું. તેરસને ચૌદશ જ કહેવી.' એમ ડાંડી પીટીને કહે છે તે જ) શ્રી તત્ત્વતરંગિણીગ્રંથના–**'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभते'** એ આખા પાઠમાંનો **'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां'** એટલો ટુકડો જ રજુ કરવાનું રાખીને તે ત્રુટક પાઠનો પોતાના નવા મતને મળતો 'સાતમમાં કરાતું આઠમનું કૃત્ય' એવો છલપૂર્ણ અર્થ કરેલ છે અને તે કુટિલતા દ્વારા પોતાના નવા મત ઉપર શ્રી તત્ત્વતરંગિણી-ગ્રંથની મહોરછાપ મારવાની કેવલ મૂર્ખજનોચિત ચેષ્ટા જ કરી છે. સિવાય શ્રી તત્ત્વતરંગિણીનો

તે સંલગ્ન પાઠ તો તેમના મત ઉપર મહોરછાપ મારવાને બદલે 'સાતમમાં કરાતું આઠમનું કૃત્ય આઠમનું ગણાવા નહિ પામે.' એમ જણાવીને તેમના નવા તિથિમતનો મૂલમાંથી ફેંજ જ કરે છે.

શ્રી જંબૂવિજયજી, આટલેથી જ અટકેલ નથી. તેમણે પોતાના નવા મતની સિદ્ધિ માટે એથીય આગલ વધીને **क्षये पूर्वा०** ના હવે કરવા માંડેલા તે કૂટ અર્થને સાચો લેખાવવા સારૂ તે બૂકના પેજ ૧૦૦ પછી તો **घटं भिंद्यात् पटं छिंद्यात्** ના ન્યાયે ૪૭ પેજ સુધી યદ્વા તદ્વા લખાણો કર્યાં છે! પરંતુ 'ખોટું લાંબુ ન નિભે' એ ઉક્તિ અનુસાર સં. ૧૯૯૯માં તે વર્ગે મધ્યસ્થને ફોડીને પ્રાપ્ત કરેલા અને તે પછી પોતે પોતાના જૈનપ્રવચનના ખાસ અંકમાં પણ પ્રસિદ્ધિ આપવા રૂપે સ્વીકારેલા પી. એલ. વૈદ્યનાં લખાણમાં **'विधिरत्यन्तमप्राप्तेः'** શીર્ષકતલે તે વૈદ્યે પણ તે **'क्षये पूर्वा०'**નો અર્થ–'પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનાં સ્થાને ક્ષીણતિથિ કરવી.' એ મુજબ જ કરવાથી શ્રી જંબૂવિજયજીનો તે બધો જ મલોખાનો માળખો, તેમણે સ્વીકારેલા તે વૈદ્યના લખાણથી જ જમીનદોસ્ત થઈ જવા પામેલ હોવાથી હવે તો 'તે બંને વાત સંગત શી રીતે ગણાય?' એ પ્રશ્ન જ રહેતો નથી.

**પ્રશ્ન ૬૬:**–નવો વર્ગ, 'ટિપ્પણામાં હોય તે પ્રમાણે જ તિથિ માનવી જોઈએ.' એમ કહીને 'જે વસ્તુ જેમ હોય તે તેમ જ માનવામાં સમકિત ગણાય અને તેમ નહિ માનવામાં મિથ્યાત્વ ગણાય.' એમ કહે છે તે ખરૂં છે?

**ઉત્તર:**–નવા વર્ગની તે વાતને તે વર્ગ જ સાચી લેખાવી શકે તેમ નથી. કારણકે–પોતાની તે વાતને સાચી મનાવવામાં તો તેમને–પાછળ ૬૪મા પ્રશ્નના સમાધાનમાં જણાવ્યા મુજબ **'उदयंमि०'** તથા **'क्षये पूर्वा०'**ના સિદ્ધાંતો બતાવવાવાળા તે બંને શાસનમાન્ય આચાર્ય પ્રવરોએ તો ટિપ્પણાની બધી જ તિથિઓને હોય તેમ માની નહિ હોવાથી અને ન હોય તેમજ માનવાનું ઠરાવેલ હોવાથી તે ઉભય સિદ્ધાંતસમર્પક આચાર્યપ્રવરો કે–જેઓ સમકિતની છાપવાળા છે તેઓમાં સમકિત નહિ ગણાવવાની અને મિથ્યાત્વ ગણાવવાની ઘોર આપત્તિના ભાજન બનવું પડે છે=શાસનમાંથી ડોળતા બંધ પડીને શાસનપક્ષના વગરપ્રયાસે જ ઉખડી જવું પડે તેમ છે.

જો કે–"ટિપ્પણામાં બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે ટિપ્પણાવાળાઓ, પડવા આદિની તિથિમાં નક્ષત્ર વગેરે લખે છે અને ક્ષીણ બીજ આદિની આગલ નક્ષત્રાદિના સ્થાને સર્વત્ર મીંડાં મૂકવા વડે બીજ આદિનો ક્ષય માને છે તેમ આ 'જે વસ્તુ જેમ હોય તેમ કહેવામાં સમકિત લેખાવનારો' નવો વર્ગ, બીજ આદિનો ક્ષય તો માનતો નથી અને ટિપ્પણામાં જે નથી જ લખ્યું તે 'પડવો–બીજ આદિ ભેળાં' એમ લખે છે–બોલે છે–માને છે અને મનાવવા મથે છે," તે વાત જ તે વર્ગની એ સમકિત–મિથ્યાત્વની વાતને જુઠી અને ભ્રામક ઠરાવવા પર્યાપ્ત છે; છતાં તેવું બોલવામાં તે વર્ગ કેટલો બધો જુઠો અને ભ્રામક છે? તે સમજી લેવા સારૂ નીચેની બીનાઓ પણ ધ્યાનમાં રાખવી આવશ્યક છે.

**૧–પંચાંગમાં હોય તે પ્રમાણે જ તિથિ માનવામાં સમકિત ગણાવનારો તે વિચિત્રતર વર્ગ,** પંચાંગમાં કોઇ જ તિથિ સૂર્યોદયથી નહિ બેસતી હોવા છતાં ‘ ઉદયવાળી તિથિ માનવી ’ એમ પંચાંગ બહારનું બોલે છે!

૨–એ રીતે ‘ ઉદયવાળી તિથિ માનવી ’ એમ બોલે છે, પણ પંચાંગમાં બીજ આદિના ક્ષયે એકમ આદિ તિથિ જ ઉદયવાળી બતાવેલી હોય છે તેને તો તે વર્ગ, ઉદયવાળી હોવા છતાં પણ માનતો નથી!

૩–તેવા પ્રસંગે તે તે ઉદયવાળીનો એ રીતે અનાદર કરીને પંચાંગમાં તે તે દિવસે ક્ષયરૂપે જણાવેલી બીજ આદિને જ તે એકમ આદિના સૂર્યોદયથી આરાધવાનું કહે છે!

૪–તે લૌકિક પંચાંગમાં હોય તે પ્રમાણે તિથિ માનવાનું કહે છે અને આરાધનાનાં પંચાંગો તો પોતાનાં જુદાં જ કાઢે છે!

૫–લૌકિક પંચાંગમાં હોય તે પ્રમાણે જ તિથિ માનવાનું કહે છે તેથી તે વર્ગે તિથિ આરાધવાનું પણ લૌકિકપંચાંગ પ્રમાણે જ કહેવું રહે છે, છતાં તે કહેવામાં તદ્દન ચૂપકીદી સેવીને તે વર્ગ પોતાનાં આરાધનાનાં પંચાંગમાં લૌકિકપંચાંગની તિથિઓને બદલે પોતે ઉભી કરેલી માન્યતા મુજબની તિથિઓ છાપીને તેવી તિથિઓને આરાધવાનું લખે છે!

૬–લૌકિકપંચાંગમાં તિથિના ક્ષયે પૂર્વની તિથિની નીચે–આવો ડેસ મૂકીને ક્ષીણ તિથિને તે પૂર્વની તિથિની નીચે લખતા નથી અને આ નવો વર્ગ, પોતાનાં આરાધનાનાં પંચાંગમાં ૧/૨–૪/૫–૭/૮–૧૦/૧૧–૧૩/૧૪–૧૪/૧૫–૧૪/૦)) ઇત્યાદિ લખીને લૌકિકપંચાંગમાંની પૂર્વની ઉદયાત તિથિની છડેચોક અવગણના કરે છે!

૭–આઠમ આદિ તિથિના ક્ષયે લૌકિક પંચાંગમાં રવિવાર આદિ ૨૪ કલાકના એક વારે સાતમ આદિ એક જ તિથિ લખે છે અને આ નવો વર્ગ, પોતાનાં પંચાંગમાં તે ૨૪ કલાકના એક વારમાં સાતમ અને આઠમ આદિ બબ્બે તિથિ લખે છે અને લેખાવે છે!

૮–આઠમ આદિના ક્ષયે લૌકિક પંચાંગમાં છે તે સાતમ આદિને છોડીને તે પંચાંગમાં નથી તેવી આઠમ આદિ તિથિને આરાધવાનું કહે છે!

૯–લૌકિક પંચાંગમાં હોય તેમજ તિથિઓ માનવાનું કહેનાર તે નવો વર્ગ, તે પંચાંગમાંની આઠમ આદિના ક્ષયે તે લૌકિક પંચાંગમાંની સાતમ આદિના ભોગવટામાં આઠમ આદિનું આરાધન કરવાનું લખવા વડે લૌકિક પંચાંગમાંનાં તે સાતમ આદિના ભોગવટાની તો તદ્દન અવગણના જ કરે છે!

૧૦–તે વર્ગ, આઠમ આદિના ક્ષયે એ રીતે પંચાંગની સાતમ આદિના ભોગવટાની અવગણના કર્યા બાદ પોતાના આરાધનાનાં પંચાંગમાં ૭/૮ આદિ લખીને પંચાંગની સાતમ આદિના ભોગવટામાં પંચાંગની ક્ષીણ આઠમ આદિની આરાધના થઈ જતી હોવાનું તો

કહે છે; પરંતુ તેમ ✓ આદિ લખે છે તેમાં એટલેકે-તે સાતમના દિવસે આઠમ આદિનું આરાધન કરાવવામાં તે વર્ગ, તે દિવસે જે સાતમ આદિ જ છે તે સાતમ આદિના ભોગવટામાં ક્ષીણ આઠમ આદિને દાખલ જણાવે છે કે-ક્ષીણ આઠમ આદિના ભોગવટામાં સાતમ આદિને દાખલ જણાવે છે? તે પ્રશ્નનો તો જવાબ જ ધરાવતો નથી!

**૧૧**-પંચાંગમાં આઠમ આદિના ક્ષયે સૂર્યોદયથી સાતમ હોય છે છતાં તે વર્ગ, તેના ભીંતીયાં પંચાંગમાં લખે છે તે ✓ આદિમાં પણ આઠમ આદિને બ્લેક દેખાડીને સાતમ આદિના સૂર્યોદયથી જ આરાધ્ય લેખાવે છે. અરે! આઠમ આદિનો પૌષધ તો તે સાતમના સૂર્યોદયથી પણ પહેલાં લેવરાવે છે! તેમાં-'પંચાંગમાં જેમ હોય તેમ જ તિથિ માને તેને સમકિત ગણાવનાર તે નવા વર્ગે પચાંગની તિથિ કઈ માની? અને કોઈ નહિ, તો તેનું સમકિત કેવું? તે વિચારવું.

**૧૨**-લૌકિક પંચાંગમાં તિથિની વૃદ્ધિ વખતે બંને તિથિઓ ઉદયવાળી હોય છે: છતાં 'પંચાંગમાં હોય તેમ જ માનનારમાં સમ્યકત્વ ગણાય.' એમ કહેનાર તે નવો વર્ગ, બીજી જ તિથિને ઉદયવાળી કહે છે-માને છે અને આરાધે છે; પરંતુ ઉદયવાળી પહેલી તિથિને તો માનતો જ નથી ત્યાં તે પોતે જ કેવો સમકિતી ગણાય? ટુંકમાં તેવું પ્રચારવામાં તે વર્ગનો હેતુ એ છે કે-'પોતાની કલ્પનાજાળમાં જેઓ ફસાય તેનામાં સમકિત અને જેઓ ન ફસાય તેઓમાં મિથ્યાત્વ ગણાવીને પણ પોતાનો કુમત યેનકેનાપિ ટકાવવો.' એ નીતિવાળા તે વર્ગની એકપણ વાત ખરી કયાંથી હોય?

**પ્રશ્ન ૬૭:**-**'क्षये पूर्वा०'**થી ક્ષીણતિથિને પૂર્વની તિથિની જગ્યાએ જ કાયમ કરવાની છે એ વાત શ્રી તત્ત્વતરંગિણીકારના **'त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्'** ઇત્યાદિ વચનોથી સિદ્ધ છે, છતાં તે જ શ્રી તત્ત્વતરંગિણીકારે **'सप्तम्यां, पूर्वस्यां, त्रयोदश्यां'** ઇત્યાદિ ક્ષીણ-અષ્ટમી-ચતુર્દશીને સાતમે અને તેરસે કરવાનો ખ્યાલ આપતા સપ્તમી અંતવાળા પ્રયોગો કરેલ છે તેનો હેતુ શું હોઈ શકે?

**ઉત્તર:**-'આરાધનામાં ચૌદશના ક્ષયે ટિપ્પણાંની તેરસે 'તેરસ' એમ કહેવાનો પણ સંભવ નથી.' એમ કહીને 'તે તેરસને ચૌદશ જ કહેવી.' એમ સ્પષ્ટ જણાવનાર તે ગ્રંથકાર, અષ્ટમી-ચતુર્દશીના ક્ષયે તે તે તિથિ સાતમે કે તેરસે કરવાનું કહે નહિ; પરંતુ સાતમ કે તેરસને ફેરવીને તેનાં સ્થાને આઠમ કે ચૌદશ જ કરવાનું કહે; એવી સમ્યગ્-બુદ્ધિ ધરાવનાર હરકોઈ વિદ્વાન્ સમજી શકે છે કે-'તે ગ્રંથકારશ્રીએ પોતાના તે ગ્રંથમાં તે પ્રકારે જે સપ્તમ્યન્ત પ્રયોગ કર્યા છે તે આરાધનાની અપેક્ષાએ નહિ; પરંતુ લૌકિક-ટીપણાંની તિથિની અપેક્ષાએ કર્યા છે.' એ સિવાય તેમાં અન્ય કોઈ જ હેતુ નથી.

**પ્રશ્ન ૬૮:**-કલ્યાણકતિથિઓ પણ બાર પર્વતિથિની જેમ પર્વતિથિઓ જ હોવાથી બારપર્વીમાંની કોઈપણ પર્વતિથિના ક્ષયે આરાધનામાં જેમ **'क्षये पूर्वा०'**થી પૂર્વતિથિનો ક્ષય

કરીને તેનાં સ્થાને ક્ષીણતિથિને ઉદયાત્ બનાવાય છે, તેમ કલ્યાણક તિથિઓમાંની કોઈપણ તિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરીને તેનાં સ્થાને ક્ષીણકલ્યાણકતિથિને ઉદયાત્ કેમ બનાવાતી નથી?

**ઉત્તર:**–કલ્યાણકપર્વીઓ પણ પર્વતિથિ તો ગણાય જ છે; પરંતુ તે પર્વતિથિઓ બારપર્વીની જેમ ત્રીજે ત્રીજે દિવસે આવનારી કાલપર્વીઓ નથી; પરંતુ તીર્થંકર ભગવંતોનાં જે જે દિવસે કલ્યાણકોરૂપી કાર્ય થાય છે તે કાર્યને લીધે ગણાતી કાર્યપર્વીઓ છે. બારપર્વીઓની આરાધના પૌષધાદિથી કરવાની હોઈને તે પર્વીઓ, ૨૪ કલાકના એક દિવસે એક જ હોય છે અને કલ્યાણકપર્વીઓ તો એક દિવસે અનેક પણ આવે છે અને તેની આરાધના પણ પ્રાયઃ તપથી જ કરવાની હોય છે. તપનો ઉચ્ચાર એક દિવસે કરેલા પચ્ચકખાણથી અનેક દિવસ ચાલતો હોવાથી એક દિવસે અનેક પણ આવતા કલ્યાણકોનો તપ એક દિવસે થઈ શકે છે. બારપર્વીમાંની પર્વતિથિ તો તપથી પણ એક દિવસે એક જ આરાધવાની હોય છે. બારપર્વી અને કલ્યાણકપર્વીઓમાં એ ઉપરાંત (આ ગ્રંથમાં પહેલાં જણાવેલ છે તે મુજબ) અનેકવિધ અસમાનતા હોવાથી કલ્યાણકતિથિઓમાંની તિથિના ક્ષય વખતે તેને બારપર્વીની જેમ '**क्षये पूर्वा०**'નો સંસ્કાર આપવામાં આવતો નથી: આમ છતાં ચૈત્ર શુદિ ૧૩ જેવી પ્રસિદ્ધ કલ્યાણકતિથિની ક્ષય–વૃદ્ધિ હોય કે કલ્યાણકપર્વી ન હોવા છતાં પણ અક્ષયતૃતીયા જેવી પ્રસિદ્ધપર્વીની ક્ષય-વૃદ્ધિ હોય તો તેને '**क्षये पूर्वा०**'નો સંસ્કાર અપાય જ છે.

**પ્રશ્ન ૬૯:**–'**તિથિસાહિત્યદર્પણ**' બૂકનાં પેજ ૧૪૭ ઉપર શ્રી કલ્પકિરણાવલી ગ્રંથમાંના–'**न च पर्युषणापर्वणो मासनैयत्येऽपि तिथिरपि चूर्ण्यादिषु पंचम्येव नियता दृश्यते तत्कथं चतुर्थीकथनमिति शंकनीयम्**' એ પાઠનો ભાવાર્થ શ્રી જંબૂવિ૦એ–'સંવત્સરીપર્વની માસપ્રતિબદ્ધતા છતાં ચૂર્ણિ આદિમાં પંચમીપ્રતિબદ્ધતા પણ જણાય છે.' એ પ્રમાણે જણાવેલ છે, તે બરાબર છે?

**ઉત્તર:**–શ્રી જંબૂવિજયજીએ તે પાઠનો જણાવેલ તે ભાવાર્થ તે વિષયના બોધનો અભાવસૂચક હોઈને અબોધમૂલક હોવાથી બરાબર નથી. શ્રી કલ્પકિરણાવલીના તે પાઠનો બરાબર ભાવાર્થ–'પર્યુષણાપર્વની માસપ્રતિબદ્ધતામાં પણ ચૂર્ણિ આદિમાં તિથિ પણ પાંચમ જ નિયત જણાય છે' એ પ્રમાણે છે.

**પ્રશ્ન ૭૦:**–તે બૂકના પેજ ૧૪૮ ઉપર શ્રી સેનપ્રશ્નના ૧૧૫ મા પેજ ઉપર રજુ કરેલા–'**कालिकसूरिभिः पाक्षिकदिने चातुर्मासिकमानीतं तत्र प्रतिक्रमणानि न्यूनानि भवन्ति, तत्कथमिति प्रश्नोऽत्रोत्तरं–प्रतिक्रमणानां न्यूनत्वेऽधिकत्वे वा न कोऽपि विशेषो, यतः पूर्वाचार्याणामाचरणैवात्र प्रमाणम्** ।' એ પ્રશ્નોત્તરનો ભાવ જણાવતાં શ્રી જંબૂવિજયજીએ, તે બૂકના ૧૪૯ મા પેજ ઉપરની ત્રીજી કોલમમાં જે–"અહિં પકખી આરાધના જેમ ચોમાસી

આરાધનામાં શાસ્ત્રકારે સમાવી દીધી તેમ ક્ષીણ પૂર્ણિમાદિની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રીય ન્યાયે ચૌદશ આદિમાં સમાવી દેવી; પરંતુ ઉદયતિથિ ચૌદશ આદિ પલટાવવી નહિ." એમ શ્રી સેનસૂરિજીમ૦ના નામે જંણાવેલ છે તે બરાબર છે?

**ઉત્તર:**–શાસ્ત્રકાર શ્રી સેનસૂરિજી મહારાજે તે પ્રશ્નના ઉત્તરમાં–પકખીની આરાધનામાં ચોમાસી સમાઈ જતી હોવાનું કહ્યું જ નહિ હોવા છતાં તે વાત શ્રી જંબૂવિજયજીએ, તે લખાણમાં પૂનમના ક્ષયે તે ક્ષીણપૂનમની આરાધના ચૌદશમાં સમાઈ જતી હોવાનું કહેનારા પોતાના કલ્પિત નવા તિથિમતને પ્રમાણિક લેખાવવા સારૂ એ રીતે શ્રી સેનસૂરિજીમ૦ના નામે રજુ કરી દીધેલ હોવાથી શ્રી જંબૂવિજયજીની–'શાસ્ત્રકારે પકખીની આરાધનામાં ચોમાસી સમાવી દીધી.' એ વાત તદ્દન ગલત અને ભ્રામક છે.

શ્રી સેનસૂરિજી મહારાજે તો તે ઉત્તર દ્વારા પ્રશ્નકારને (પ્રથમ તો–'ત્રણ ચોમાસીને પકખીએ કાલકસૂરિજી લાવ્યા, એ વાત જ બરાબર નથી' એમ જણાવવાનું મોકુફ રાખીને) "પાક્ષિકે ચોમાસી પ્રવર્ત્તી' તે બાબત પ્રતિક્રમણોના ન્યૂન કે અધિકપણામાં કોઈ વિશેષ નથી, કારણકે–(વિશેષ તો ચોમાસી પલટી તે છે, તેથી) એ બાબતમાં (એકની નહિ પણ) અનેક પૂર્વાચાર્યોની આચરણા જ પ્રમાણ છે." એમ જ જણાવ્યું છે.

એ રીતે તેઓશ્રીએ તો તે ઉત્તરમાં–'પકખીની આરાધનામાં ચોમાસી સમાઈ જતી હોવાનું જણાવ્યું નથી જ; પરંતુ તે આચરણા કરનાર આચાર્યોના નામે પણ 'પકખીની આરાધનામાં ચોમાસીની આરાધના સમાવી' એમ જણાવ્યું નથી.

"જૈન ગણિતના હિસાબે પાંચ વર્ષના ગણાતા યુગને અંતે અષાઢમાસની વૃદ્ધિ આવે છે તેમાં અધિક અષાઢની ગણાતી (ચોમાસી) પૂનમનો ક્ષય આવે છે, તે અધિક અષાઢની ક્ષીણપૂનમને પણ શ્રી નિર્યુક્તિ આગમમાં **'अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमाओ वीसति राते गते भणति ठिआमो त्ति'** એ પાઠથી પૂનમની સંજ્ઞા આપી છે અને તેમ કરીને તે ક્ષીણ પૂનમને પણ ટિપ્પણાંની ચૌદશથી ભિન્ન સ્વતંત્રપણે ઉદયાતરૂપે ઉભી રાખનાર શાસ્ત્રકારો ટિપ્પણાંની ઉદયાત્ પૂનમનો ચોમાસીને ચૌદશમાં સમાવવાનું કહે જ નહિ." એમ સમ્યક્ શ્રદ્ધા અને શાસ્ત્રજ્ઞાન ધરાવનારા સમર્થ આચાર્ય શ્રી સેનસૂરિજીમ૦નાં નામે–'તેઓએ પકખીની આરાધનામાં ચોમાસીની આરાધના સમાવી.' એ પ્રકારે જુઠી વાત ગોઠવનાર તે શ્રી જંબૂવિજયજીએ, તે પછીથી તે જુઠાણાંને શ્રી સેન-સૂરિજીના નામે ઉદાહરણમાં રાખીને જે–'તેમ ક્ષીણ પૂર્ણિમાદિની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રીય ન્યાયે ચૌદશ આદિમાં સમાવી દેવી; પરંતુ ઉદયતિથિ ચૌદશ આદિ પલટાવવી નહિ.' એમ લખ્યું છે તે તો શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ ઠરેલા પોતાના તિથિ-મતમાં શ્રી સેનસૂરિજીમ૦નું મત્તું દેખાડવા સારૂ સદંતર કપોલકલ્પિત જ લખેલું છે. આપણે ઉપર જોઈ ગયા છીએ કે–આગમશાસ્ત્ર તો તેવા પ્રસંગે ઉદયવાળી ચૌદશને પલટાવે જ છે.

પૂર્ણિમાના ક્ષયે તેવું લખવા વડે નવા વર્ગે, પોતાનાં નવામતની આડે આવતા એ ચૌદ પૂર્વધરના પાઠને પણ અવગણીને ચૌદશ–પૂનમને ચૌદશના એક જ દિવસે મનસ્વી રીતે જ ભેળી કહેવા-લખવા અને પ્રચારવા માંડેલ છે, એ વાતનું પણ તે **'अभिवड्ढि-असंवच्छरे०'** પાઠ સમર્થન કરે છે. કારણકે–તે આગમપાઠ વડે શાસ્ત્રકારભગવંતે યુગના અધિક આષાઢની પૂનમનો ક્ષય હોવા છતાં ટિપ્પણાંની તે ઉદયવાળી ચૌદશના દિવસને પલટાવીને ચૌદશના તે દિવસે સ્વતંત્ર પૂનમ જ ગણેલ છે; નવા વર્ગની જેમ તે દિવસે 'ચૌદશ-પૂનમ' ભેળી ગણેલ નથી.

દિવસમાં $\frac{૧}{૬૨}$ ઘડી પ્રમાણવાળી તિથિ હોય તો પણ તે તિથિ જો સૂર્યોદયને સ્પર્શતી ન હોય તો તે તિથિને શાસ્ત્રકારો, ક્ષયતિથિ–નષ્ટાતિથિ–પતિતાતિથિ આદિ નામથી ગણે છે તેમ ક્ષયતિથિ આદિ ગણવાનું છોડીને આ નવો વર્ગ, શાસ્ત્રકારે જે ગણેલ–ગણાવેલ નથી તે 'ભેળી તિથિ' એમ ગણે છે અને ગણાવે છે, તેથી સ્પષ્ટ છે કે–તે વર્ગ ઉન્માર્ગગામી જ છે.

'યુગના બીજા આષાઢની ચૌદશે સૂર્યોદય હોય જ છતાં શાસ્ત્રકારે, તે **'अभिवड्ढिअ०'** પાઠ વડે ચૌદશના તે દિવસે ચૌદશ તરીકે ગણેલ નથી અને તે ચૌદશના દિવસે રહેલી ક્ષીણ પૂનમની તિથિ સૂર્યોદયને સ્પર્શતી જ નહિ હોવા છતાં ચૌદશના તે દિવસને પૂનમ તરીકે જ ગણેલ છે.' એમ જાણવા છતાં તે નવો વર્ગ, એ રીતે મનસ્વીપણે જ પૂનમના ક્ષયે પૂનમને ચૌદશની ભેળી ગણાવે છે તે શાસ્ત્ર પ્રતિની શ્રદ્ધાનો સ્પષ્ટ અભાવ સૂચવે છે.

'જૈની આરાધનામાં તિથિનો આરંભ, ભોગ, સમાપ્તિ કે ઘણો પણ ભોગ, તિથિની હયાતિ મનાવનાર નથી; પરંતુ સૂર્યોદયને સ્પર્શતી તિથિ એક ઘડી કે એક ઘડીથી પણ અલ્પ હોય તો પણ તે તિથિને જ ૨૪ કલાકનો આખો દિવસ મનાય છે' એમ જાણવા છતાં અને સંવત ૧૯૯૨ સુધી તો પોતાના સમસ્ત સદ્‌ગત પૂર્વજોએ તથા તેમના વિદ્યમાન વડિલો સહિત પોતે પણ એ પ્રમાણે જ નિરપવાદ આચરેલું હોવા છતાં તે નવો વર્ગ, હવે એ રીતે પર્વતિથિના ક્ષયે તે ક્ષીણતિથિને પૂર્વની ઉદયાત્‌ તિથિ સાથે ભેળવીને ૨૪ કલાકના એક દિવસમાં 'એક સૂર્યોદયવાળી અને બીજી સૂર્યોદય વગરની' એમ બે પર્વતિથિ માનવાનું કહેવા લાગેલ છે તે મતિવિભ્રમનું ખુલ્લું પ્રતીક છે.

એ વર્ગનો તે મતિવિભ્રમ દૂર થાય તો–**'प्रातः प्रत्याख्यानवेलायां०'** એ પાઠ મુજબ (પ્રત્યાખ્યાનગ્રહણકાલની નહિ પરંતુ) પ્રત્યાખ્યાનની શરૂઆતવાળી જે સૂર્યોદયની વેળા છે તે સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ગણાતા પચ્ચકખાણની દૃષ્ટિએ સૂર્યોદયને સ્પર્શતી અલ્પ પણ તિથિ પોતાના સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૨૪ કલાકની જ ગણાય અને અને તેમાં બીજી તિથિને ભેળી ગણાવવી તે તો ખુલ્લું મિથ્યાત્વ જ છે, એમ તે વર્ગને તરત ભાન થાય તેમ છે અને તેથી તે વર્ગ, સૂર્યોદયવાળી તિથિને 'બીજા સૂર્યોદય પહેલાં પૂર્ણ માનનાર, સૂર્યોદય પહેલાંના પ્રતિક્રમણકાલથી તિથિ માનનાર, તેને અર્ધી માનનાર કે

મિશ્ર તરીકે માનનાર, આજ્ઞાભંગ કરનાર–અનવસ્થા કરનાર–મિથ્યાત્વદશાવાળો અને ભગવંતનાં જ્ઞાનાદિની વિરાધના કરવાવાળો થાય છે.' એ વાતનો પણ ૧૯૯૨ પહેલાંની જેમ જ આદર કરવાનું ફરી ડહાપણ વસાવવા ભાગ્યશાળી બને તેમ છે. ઇચ્છીએ કે–શાસનદેવ તે વર્ગને સત્વર સન્મતિ આપે.

**પ્રશ્ન ૭૧:**–ચૌદશના ક્ષયે પૂનમે પકખી કરવા જનાર ખરતરને શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાં–'પૂનમમાં ચૌદશના ભોગનો પણ સંભવ નથી.' ઇત્યાદિ જણાવેલી આપત્તિઓમાંના 'ભોગ' શબ્દને આગલ કરીને આ નવો વર્ગ કહે છે કે–"શાસ્ત્રકારે 'ઉદયવાળી તિથિ ન મળે તો ભોગવાળી તિથિ લેવાનું કહ્યું છે; પરંતુ ભોગ વગરની તિથિ લેવાનું તો કહ્યું જ નહિ હોવાથી ૧૪–૧૫, ૧૪–૦)) અને ભા. સુ. ૪–૫ આદિ જોડીયાં પર્વમાંની આગલી પૂનમ–અમાસ કે ભા. શુ. ૫ ની વૃદ્ધિ વખતે ટિપ્પણાની પહેલી પૂનમ–અમાસ અને ભા. શુ. પાંચમે ચૌદશ અને ચોથના ભોગની ગંધ પણ નહિ હોવાથી તે દિવસે ચૌદશ અને ચોથ કરાય જ નહિ." તો આ બાબત શું ખુલાસો છે?

**ઉત્તર:**–શ્રી તત્ત્વતરંગિણીમાં–'ઉદયવાળી તિથિ ન મળે તો **'क्षये पूर्वा०'**થી તે ક્ષીણ પર્વતિથિની પૂર્વની અપર્વતિથિનું નામ પણ નહિ લેતાં તે અપર્વતિથિનાં સ્થાને ક્ષીણ-પર્વતિથિને ઉદયાત્ પર્વતિથિ કરવી,' એમ જ જણાવેલું છે અને તે ભોગની વાત તો તે **'क्षये पूर्वा०'** પ્રઘોષને નહિ માનીને આઠમના ક્ષયે સાતમમાં રહેલા આઠમના ભોગને બ્હાને સાતમે આઠમ કરનાર ખરતરને તેની તે માન્યતાને આશ્રયીને જણાવેલ છે. અને તે પણ એ હેતુપૂર્વક જણાવેલ છે કે–"અષ્ટમીના ક્ષયે ભલે ભોગના બ્હાને પણ જેમ સાતમે આઠમ કરે છે તો તેવી જ રીતે ચૌદશના ક્ષયે પણ તેરસે જ ચૌદશ કર; પરંતુ પૂનમે ચૌદશ ન કર: કારણ કે–તું જે ભોગવાળી તિથિ માનવાની વાત કરે છે તે–ચૌદશના ક્ષયે તેરસે ચૌદશ કરવામાં તેરસે ચૌદશનો ભોગ પણ છે; પરંતુ પૂનમે ચૌદશ કરવામાં તો પૂનમના દિવસે ચૌદશના ભોગની ગંધ પણ નથી." શ્રી તત્ત્વતરંગિણીની વાત એ પ્રમાણે જ છે.

આ વાત તે નવો વર્ગ પણ સમજતો જ હોવા છતાં અને સં. ૧૯૯૨ સુધી તે વર્ગ પણ ઉદયાત્ તિથિના અભાવે ક્ષીણ પર્વતિથિને–પૂર્વ અને પૂર્વતર તિથિનો પણ ક્ષય કરવા વડે ઉદયાત્ બનાવીને જ તે ક્ષીણપર્વતિથિનું આરાધન કરતો હતો, એ વાત જગપ્રસિદ્ધ હોવા છતાં સં. ૧૯૯૩થી લૌકિકપંચાંગમાં જે પ્રમાણે ક્ષય–વૃદ્ધિ આવે છે તે પ્રમાણે જ તિથિ માનવાના કાઢેલા કલ્પિત મતને યેનકેનાપિ સાચો લેખાવવા સારૂ તે વર્ગે શ્રી તત્ત્વ-તરંગિણીમાંની તે તિથિના ભોગની વાતને ખોટી રીતે જ આગળ કરી છે. સિવાય અષ્ટમી ચતુર્દશી આદિના ક્ષયની વખતે તે વર્ગ, તે ક્ષીણ અષ્ટમી–ચતુર્દશી આદિના પૌષધ–ઉપવાસાદિ નિયમો તો આજે પણ જે સપ્તમી અને ત્રયોદશી આદિના સૂર્યોદયથી કરાવે છે તે સપ્તમી અને ત્રયોદશી આદિમાં તો આઠમ અને ચૌદશ આદિના ભોગની ગંધ પણ નહિ હોવા છતાં

સાતમ અને તેરસ આદિમાં જ કરાવતો હોવાથી નવા વર્ગની તે ઉદયાત્ તિથિ ન મળે તો ભોગવાળી તિથિ લેવાની વાત, **'क्षये पूर्वा०'**ના સિદ્ધાંતની, શ્રી હીરપ્રશ્નના **'त्रयोदशीचतुर्दश्योः'** પાઠની તથા તે સિદ્ધાંત અને પાઠ મુજબ પ્રવર્ત્તતી તે ૧૪ અને ભા. શુ. ૪ના ક્ષયે તેરસ અને ત્રીજનો અને ૧૫-૦)) તથા ભા. શુ. ૫ ના ક્ષયે પણ તેરસ અને ત્રીજનો ક્ષય કરવાની અવિચ્છિન્ન પરંપરાની લોપક છે.

**પ્રશ્ન ૭૨:**–**'શ્રી આચારોપદેશ'** ગ્રંથ વર્ગ પાંચમાના–**'आयुस्तृतीयभागस्थः, पर्वघस्रेषु पंचसु। सुकृतं संसृजन् जन्तु–र्बध्नात्यायुर्निजं शुभम्** ॥૪॥' એ શ્લોકના આધારે નવો વર્ગ કહે છે કે–"પર્વતિથિએ આયુષ્યનો બંધ થાય છેઃ માટે પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિની વખતે પર્વતિથિ લેવા સારૂ પૂર્વતિથિમાં ભોગવાળી પર્વતિથિ તો હોવી જ જોઈએ. કારણકે– તેવા પ્રસંગે પૂર્વની તિથિમાં પર્વતિથિનો જો ભોગ પણ ન હોય તો આયુષ્યનો બંધ થવામાં વાંધો આવે." તો તે વર્ગની આ શાસ્ત્રીય જણાતી વાત તથ્ય છે?

**ઉત્તર:**–'શ્રી આચારોપદેશ' ગ્રંથનો એ શ્લોક, 'પર્વદિવસે આયુષ્યનો બંધ થાય', એમ કહેતો નથી; પરંતુ–'જે કોઈ પ્રાણી પર્વદિવસે વ્રત–પચ્ચખાણ–બ્રહ્મચર્યપાલન–આરંભવર્જન વગેરે સુકૃત આચરતો હોય અને તે વખતે જો તે પ્રાણી પોતાના આયુષ્યના ત્રીજા ભાગે વર્તતો હોય, તો તેને આયુષ્યનો બંધ પડે તો તે બંધ શુભ પડે.' એમ કહે છે.

**આયુર્બંધની વાતમાં**–'પર્વતિથિએ આયુષ્ય બંધાય' એ શાસ્ત્રીય નિયમ નથી; પરંતુ–'વર્તમાન ભવાયુષ્યના ત્રીજા ભાગે યાવત્ શેષ અંતર્મુહૂર્ત્તાયુષ્ય રહે ત્યારે પ્રાણી પોતાનું આગામી ભવનું આયુષ્ય બાંધે.' એ શાસ્ત્રીય નિયમ છે. આથી 'પર્વદિવસે આયુષ્યનો બંધ થાય છે.' એ વાત તે નવા વર્ગના ઘરની છે. કારણકે–શ્રી આચારોપદેશ ગ્રંથના તે શ્લોકનો–'પ્રાણી પોતાના આયુષ્યના ત્રીજા ભાગે રહેલો હોય અને પાંચ પર્વદિવસોમાં સુકૃતને સમ્યક્પ્રકારે સર્જતો હોય–ધર્મારાધન કરતો હોય તો (તે ટાઇમે આયુષ્યનો બંધ પડવાનો હોવાથી) પોતાનું આયુષ્ય શુભ બાંધે.' એ પ્રમાણે જ સ્પષ્ટ અર્થ છે. આયુષ્યનો બંધ 'શુભ' અને 'અશુભ' એમ બે પ્રકારે છેઃ તેમાંથી આયુષ્યનો બંધ પડવાનો હોય અને તે વખતે પ્રાણી જો ધર્મ આચરતો હોય તો તેને આયુષ્યનો શુભ બંધ પડે.

મતલબ કે–શ્રી આચારોપદેશકારનું તે વિધાન, આયુષ્ય અંગેનું નથી; પરંતુ આયુષ્યના શુભત્વ અંગેનું છે અને તેનો ઐદંપર્યાર્થ એ છે કે–"પર્વ હોય કે અપર્વ હોય; પરંતુ પ્રાણીને આયુષ્ય તો તેના આયુષ્યના ત્રીજા ત્રીજા ભાગે એટલે કે–નવાણું વર્ષનું આયુષ્ય હોય તો ૬૭ મે વર્ષે અને ૬૭ મે વર્ષે ન બંધાયું હોય તો શેષ ૩૩ વર્ષના ત્રીજા ભાગે એટલે ૨૨ વર્ષ વીત્યા બાદ ૨૩ મે (૮૯ મે) વર્ષે યાવત્ અંતર્મુહૂર્ત્તાવશેષે આયુષ્ય બંધાવાનું જ છે; પરંતુ તે આયુ જો પર્વે જ બંધાવાનું હોય અને તે વખતે પ્રાણી, ધર્મરક્ત હોય તો તે આયુષ્ય શુભ બાંધે." આમાં 'પર્વતિથિએ આયુષ્ય બંધાય.' એ નિયમ

નહિ હોવાથી નવા વર્ગની–'આયુષ્યબંધ માટે પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિ વખતે પૂર્વની તિથિમાં પર્વતિથિનો ભોગ તો હોવો જ જોઈએ' એ વાત કપોલકલ્પિત અને ભ્રામક ઠરે છે.

વળી–'પર્વતિથિનો ભોગ હોય તો આયુષ્યનો બંધ' એ વાત પણ આ નવા વર્ગે સં. ૧૯૯૩ થી જ ઉપજાવી કાઢેલ છે. તે પહેલાં તો તે આખોયે વર્ગ, ટિપ્પણામાં પર્વ-તિથિનો ક્ષય હોય ત્યારે આરાધનામાં તિથિના ભોગની વાતને અવગણીને પૂર્વની ઉદયવાળી તિથિનો ક્ષય જ કરતો હતો અને પૂનમ–અમાસની વૃદ્ધિ હોય ત્યારે જ્યાં ચૌદશના ભોગની ગંધ પણ હોતી નથી તે ટિપ્પણાંની પહેલી પૂનમ–અમાસે ચૌદશને જ ઉદયવાળી બનાવીને આરાધતો હતો. આમ છતાં તે વાસ્તવિક સ્થિતિમાંથી તે વર્ગે સં. ૧૯૯૩ માં એકાએક પલટો ખાધો એટલે હવે તે વર્ગ, 'પર્વતિથિનો ભોગ હોય તો આયુષ્યનો બંધ' એમ ઉલટું જ કહેવા અને મનાવવા લાગેલ છે. આમ છતાં તે આયુષ્યબંધનું પણ તે વર્ગે કેવલ બ્હાનું જ આગલ કરેલું છે. કારણ કે–તે બ્હાને ભોગ હોય ત્યાં તિથિ માનવાનું કહેનાર તે વર્ગ, ટિપ્પણાંની જે જે તિથિઓમાં પર્વતિથિઓનો ભોગ હોય છે તે તે પર્વતિથિઓનું આરાધન કરવાનું તો કહેતો અને મનાવતો જ નથી અને નિરર્થક જ તેવો અસંબદ્ધ પ્રલાપ કરે છે.

દર ત્રીજા દિવસે આવતી પર્વતિથિના હીસાબની સાથે આયુષ્યના ત્રીજા ભાગે પડતા આયુષ્યબંધના શાસ્ત્રીય નિયમની વાતને ગોઠવીને 'પર્વમાં જ આયુષ્યબંધ થાય' એમ મનસ્વીપણે જ કહેવા અને મનાવવા લાગેલો તે નવો વર્ગ, પોતાની તે વાતને ૧૬ દિવસના પખવાડીયા વખતે તેમજ એક તિથિની હાનિ–વૃદ્ધિ વખતે તો આજે પણ પોતાના હાથે જ જલાંજલિ આપતો હોવા છતાં તેવું પ્રલપે છે તે શાસ્ત્રાનુસારીપણાના અભાવનું સૂચક છે.

સિવાય–'પર્વતિથિ તો આયુષ્ય બંધાવનાર કે બંધાવાના અશુભ આયુષ્યને શુભ કરનાર નથી જ; પરંતુ પર્વતિથિએ કરાતું ધર્મારાધન પણ આયુષ્ય બંધાવનાર નથી.' માત્ર શાસ્ત્રકારની તે વાતમાં તત્ત્વ એ જ છે કે–'પર્વતિથિએ કરાતું ધર્મનું આરાધન, બંધાવાના આયુષ્યને શુભ કરનાર છે.' (જૂઓ પૂજ્ય આગમોદ્ધારકશ્રી વિરચિત–**तात्त्विक प्रश्नोत्तराणि**–પ્ર૦ ૮).

**પ્રશ્ન ૭૩:–'તિથિસાહિત્યદર્પણ'** બૂકના ૧૪૪મા પેજ ઉપર **'સંપૂર્ણ થતા તિથિ ભોગને દિવસે જ તિથિ માનવાનું પ્રમાણ'** શીર્ષકતળે શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૧૨ ઉપરના–**'अथ तिथीनां हानौ–वृद्धौ च ××× प्रमाणमिति तत्तिथित्वेन स्वीकार्यः'** એ પાઠનો શ્રી જંબૂવિજયજીએ,–'તિથિની વૃદ્ધિ–હાનિમાં કઈ તિથિ સ્વીકારવી ? એ વિષયમાં ઉત્તરાર્દ્ધે કરીને બંનેનું સામાન્ય લક્ષણ કહે છે કે–જે તિથિ જે રવિવારાદિ દિવસે સમાપ્ત થતી હોય તે જ દિવસ તે તિથિ તરીકે પ્રમાણ માનવો જોઈએ.' એ પ્રમાણે ભાવાર્થ જણાવેલ છે તે બરાબર છે ?

**ઉત્તર:**–ટિપ્પણામાં આવતી તિથિની વૃદ્ધિ હાનિ વખતે શ્રી સંઘમાં જે તિથિ રવિવાર

આદિ દિવસે સમાપ્ત થતી હોય તે જ દિવસે તે તિથિ તરીકે પ્રમાણ માનવાની અવિચ્છિન્ન આચરણા હોવાથી-એટલે કે-તિથિની હાનિ-વૃદ્ધિ વખતે શ્રી શાસનસંઘ, તે ક્ષીણ અને વૃદ્ધ તિથિને **'क्षये पूर्वा०'** અને **'वृद्धौ उत्तरा०'** પ્રઘોષ વડે સંસ્કાર આપીને તે તે તિથિવાળા દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીની માને છે તેમાં-અષ્ટમી આદિના ક્ષય વખતે સાતમ આદિનો જ દિવસ આઠમ આદિ તિથિ તરીકે અને આઠમ આદિની વૃદ્ધિ વખતે (બીજે દિવસે પૂર્ણ થતી હોવાને લીધે ગણાતી) બીજી આઠમ આદિનો જ દિવસ આઠમ આદિ તિથિ તરીકે પ્રમાણ ગણાતો હોવાથી શ્રી જંબૂવિજયજીએ જણાવેલ તે ભાવાર્થ, બરાબર હોવા ઉપરાંત **'क्षये पूर्वा०'**ના કલ્પિત અર્થને પ્રમાણિક લેખાવવા સારૂ શ્રી જંબૂવિ૦એ તે બૂકના ૧૦૧ પેજ સુધીમાં કરેલાં સર્વ લખાણોને શ્રી જંબૂવિજયજીના હાથે જ જુઠાં લેખાવનાર છે.

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ વખતે નવો વર્ગ, શ્રી જંબૂવિજયજીએ જણાવેલા તે શ્રી તત્ત્વતરંગિણીના પાઠના ભાવાર્થ પ્રમાણે જ વર્ત્તતો હતોઃ એટલેકે-**'क्षये पूर्वा०'**નો અર્થ, 'અષ્ટમી આદિના ક્ષયે સાતમ આદિનો જ દિવસ આઠમ આદિ તરીકે માનવો' એમ કરતો હતો. છતાં સં- ૧૯૯૩ થી તે વર્ગે પોતાની તે પ્રાચીન માન્યતાને એકાએક આપખુદીથી તજી દઈને તે **'क्षये पूर्वा०'**નો અર્થ, 'સાતમમાં આઠમનું આરાધન કરવું' એ પ્રમાણે મનસ્વીપણે જ વિપરીત કરવા માંડયો! **'પર્વતિથિપ્રકાશ'** વગેરે ચોપડીઓ દ્વારા જોર-શોરથી પ્રચારવા માંડયો! અને શ્રી શાસનપક્ષના સજ્જડ હાથે તે 'પર્વતિથિપ્રકાશ' બૂકનો જ્યારે આદપુર મુકામે અનેક પૂજ્ય આચાર્યભગવંતો આદિ છ હજારથી વધુ જનમેદની યુક્ત શ્રી ચતુર્વિધસંઘની સભા વચ્ચે કરૂણ ફેજ થવા પામ્યો ત્યારે શ્રી જંબૂવિ૦એ, મુખ્યત્વે **'क्षये पूर्वा०'**ના તે મનસ્વી અર્થનો જ કક્કો ખરો લેખાવવા સારૂ તે 'પર્વતિથિ-પ્રકાશ'ની પ્રાયઃ પુનરાવૃત્તિરૂપે આ **'તિથિસાહિત્યદર્પણ'** બૂક બહાર પાડી! જેમાં બહુધા ચર્વિત ચર્વણ (ચર્વિતનું જ ચાવ્યા કર્યું) છે; અને તેમાં પોતે જ તે બૂકના પેજ ૧૪૪ ઉપર જણાવેલા તે શાસ્ત્ર અને પરંપરાનુસારી નક્કર ભાવાર્થને ભૂલેચૂકેય અનુસરી ન જવાય તેની સતત કાળજી રાખેલી છે.

**'क्षये पूर्वा०'**ના તે મનસ્વી અર્થને પ્રમાણ લેખાવવા સારૂ શ્રી જંબૂવિજયજીએ, તેમની આ **'તિથિસાહિત્યદર્પણ'** બૂકમાં તે ચર્વિત કેવી કૂટરીતે ચાવ્યું છે તે, સમજવા અત્ર તે બૂકમાંનું નીચે અપાતું એક જ લખાણ બસ થશે.

"**'क्षये पूर्वा०'**નો તે નવા વર્ગે કલ્પેલો અર્થ, પૂજ્ય આગમોદ્ધારકશ્રીના મુખમાં મૂકવા સારૂ શ્રી જંબૂવિજયજીએ, તેમની તે **'તિથિસાહિત્યદર્પણ'** બૂકના પેજ ૪૧ ઉપર-શ્રી સિદ્ધચક્રમાં પ્રસિદ્ધ થએલ **'क्षये पूर्वा०'**ના-'એટલે પર્વતિથિનો ક્ષય હોય તો **પહેલાંની તિથિએ તે પર્વની તિથિ જે** ક્ષયવાળી ગણવી.' એ અર્થમાંનાં 'જે' શબ્દની જોડે

કૌંસમાં 'જ' શબ્દને ગોઠવ્યો છે અને તેમ કરીને સિદ્ધચક્રમાંના–**'એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિએ જે ક્ષયવાળી તે પર્વની તિથિ ગણવી.'** તે અર્થને– 'એટલે પર્વતિથિનો ક્ષય હોય તો **પહેલાંની તિથિએ તે પર્વની તિથિ** જ ક્ષયવાળી ગણવી.' એ અર્થમાં પલટીને રજુ કર્યો ! અને તે પછી ત્યાં લખ્યું કે–**'અહિં પર્વ-તિથિને ક્ષયવાળી ગણવાનું તેઓએ** (પૂ. આગમોદ્ધારકશ્રીએ) **લખ્યું છે.'**: અત્ર વાચકો જોઇ શકે છે કે–પૂ. આગમોદ્ધારકશ્રીએ **'ક્ષયે પૂર્વા૦'**નો અર્થ, 'ક્ષયવાળી તિથિ પૂર્વતિથિએ કરવી' એમ લખ્યો છે અને તે અર્થને શ્રી જંબૂવિજયજીએ, 'પર્વતિથિને ક્ષયવાળી ગણવી' એમ પૂજ્યશ્રીના નામે સદંતર ઉલટો લેખાવ્યો છે.' આ છે શ્રી જંબૂવિ૦ની શાસન–શાસ્ત્ર અને પરંપરાની વફાદારી !

**'ક્ષયે પૂર્વા૦'**ના–'પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિના દિવસે તે ક્ષીણતિથિને ઉદયવાળી ગણવી.' એ સત્ય અર્થને વમીને સં. ૧૯૯૩થી તે નવા વર્ગે, તે **'ક્ષયે પૂર્વા૦'**ના કરેલા– 'પર્વતિથિના ક્ષયે તે ક્ષીણ પર્વતિથિનું પૂર્વતિથિમાં આરાધન કરવું.' એ મનસ્વી અર્થને શ્રી જંબૂવિજયજીએ, તેવી કૂટનીતિથી પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નામે ચઢાવ્યા બાદ નવાવર્ગના તે કલ્પિત અર્થને સૈદ્ધાંતિક લેખાવવા સારૂ તે લખાણને આગલ કરીને પોતાની તે બૂકના તે પેજ ૪૧ થી ૯૮ ના પહેલા પેરા સુધીમાં અનેક કૂટ લખાણો કર્યાં છેઃ

આમ છતાં પોતાના તે પ્રયાસમાં તેઓ પોતેય પોતાને સફલ ન જણાયા ત્યારે વળી તેમણે તે બૂકના તે પેજ ૯૮ ના બીજા પેરામાં તે બૂકના ૪૧ મા પેજ ઉપર– પ્રથમ સિદ્ધચક્રમાંનો **'ક્ષયે પૂર્વા૦'** નો **'એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિએ તે પર્વની તિથિ જે (જ) ક્ષયવાળી ગણવી.'** એ અર્થને (તે પ્રસિદ્ધ કરેલ અર્થમાંની **'પહેલાની તિથિએ તે'** એટલી પંકિતને તથા પોતે કૌંસમાં ઘુસાડેલ **'જ'** શબ્દને ઉડાવી દઇને અને સ્વતંત્ર **'જે'** શબ્દનો **'ને'** શબ્દ બનાવી તે **'ને'** શબ્દને તે અર્થમાંના **'તિથિ'** શબ્દની સાથે જોડી દેવા પૂર્વક) ફેરવી નાખીને પૂજ્ય આગમોદ્ધારકશ્રીના જ નામે તે **'ક્ષયે પૂર્વા૦'**નો–'પર્વની તિથિને ક્ષયવાળી ગણવી.' એ પ્રમાણે તદ્દન વાહિયાત અર્થ ચઢાવ્યો છે !

**અને પછી તો** **'ક્ષયે પૂર્વા૦'**ના નવા વર્ગે કરેલા તે કલ્પિત અર્થને શાસ્ત્રાનુસારી અર્થ તરીકે લેખાવવા સારૂ પ્રસ્તુત કૂટકાર શ્રી જંબૂવિ૦એ, પૂ. આગમોદ્ધારકશ્રીના નામે ચઢાવેલા તે બનાવટી અર્થને આગલ કરીને તે બૂકના ૧૦૧ પેજ સુધી શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાંનાં અર્ધાપર્ધા પણ પાઠો રજુ કરવા પૂર્વક તે પાઠોના અર્થોને નવા મતના તે કલ્પિત અર્થને યેનકેન ઠોકી બેસાડીને અનુકૂળ બતાવવાની ધૃષ્ટતા કરી છે !

આમ છતાં પ્રભુશાસનનો જ એ પ્રભાવ ગણાય કે–"શાસનપક્ષ, **'ક્ષયે પૂર્વા૦'**નો જે અર્થ સેંકડો વર્ષથી કરીને આરાધનામાં પ્રવર્તે છે તે જ અર્થ, તે નવા વર્ગની આ બૂકમાં શ્રી જંબૂવિ૦ના હાથે તે પેજ ૧૪૪ ઉપર તમે પ્રશ્નમાં જણાવ્યા પ્રમાણે અકસ્માત જ પ્રસિદ્ધ થઈ જવા પામવાથી નવા વર્ગનો–**'પર્વક્ષયે પૂર્વતિથિમાં ક્ષીણતિથિનું આરાધન**

**કરવું.'** એ કલ્પિત અર્થ અને તે કલ્પિત અર્થને શાસ્ત્રાનુસારી મનાવવા પર્યંતના શ્રી જંબૂવિજયના તે બૂકના પેજ ૪૧ થી ૧૦૧ સુધીના બધાજ પ્રયાસો સ્વયં વ્યર્થ ઠરે છે.

**આવો તે સમર્થ ભાવાર્થ,** સં. ૧૯૯૬ની તેમની તે બૂકમાં એ રીતે તેમના જ હાથે રજુ થવા પછી તો સં. ૧૯૯૯માં તેમણે ફેડેલા પી. એલ. વૈદ્યે પણ તેના એવોર્ડમાં તે **'क्षये पूर्वा०'**નો એજ અર્થ લખવો પડેલ હોવાથી અને તેને તે વર્ગે પણ પોતાના જૈનપ્રવચન છાપામાં પ્રસિદ્ધ કરીને અપનાવવો પડેલ હોવાથી શ્રી જંબૂવિજયજીએ જણાવેલો તે ભાવાર્થ બરાબર જ છે.

**પ્રશ્ન ૭૪:**–તે બૂકના પેજ ૧૦૧ થી ૧૦૨ સુધીમાં શ્રી જંબૂવિ૦એ, **'વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિએ આરાધના કરવાનું પ્રમાણ'** શીર્ષકતળે **'वृद्धौ कार्या तथोत्तरा'** પ્રઘોષનો **'વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર** (તિથિમાં આરાધના કરવી એમ નહિ; પરંતુ) **તિથિ કરવી.'** એમ સીધો અર્થ કર્યો હોવા છતાં તેની વ્યાખ્યામાં 'ઉત્તરતિથિ કરવી' એ અર્થને ઉડાવી દઇને તે સીધા અર્થના સ્થાને **'વૃદ્ધિ હોય ત્યારે તેનું આરાધન કેમ કરવું?'** એમ કલ્પિત વાત ગોઠવી દીધી છે તે તો પ્રકટ કૂટ જ છે; પરંતુ તેમણે તે પ્રઘોષના કરેલા એ સીધા અર્થની નીચે–" અહિં પણ કેટલાકો (પૂ. આગમોદ્ધારકશ્રી આદિ ૩૩ સાધુ સમુદાયો) 'વૃદ્ધિતિથિને બદલે તેની પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ કરવાનું કહે છે' અને તે માટે 'વૃદ્ધતિથિની ઘડીઓ પાછલની તિથિમાં નાખવી, તેમ કરવાથી પાછલી તિથિ વધશે, તે પણ જો પર્વતિથિ હોય તો તેની ઘડીઓ તેનાથી પણ પાછલની તિથિમાં નાખવી એટલે તે વધશે,' એમ જણાવે છે. તેમની આ રીત કેવળ મનઃકલ્પિત છે." ઈત્યાદિ કહીને તેવું જણાવનારાઓને પિતૃઓને પિંડ પહોંચાડવા સારૂ શ્રાદ્ધ કરનારાઓની ઉપમા આપીને તેવી કલ્પિત ક્ષયવૃદ્ધિની જાળ બીછાવનારા લેખાવ્યા છે તેમાં કાંઈ તથ્ય ખરૂં?

**ઉત્તર:**–'લૌકિકટિપ્પણાની તિથિ, એ લોકોત્તર તિથિ જ ગણાતી નથી.' એ વાત પહેલાં વિસ્તારથી જણાવેલ છે તે મુજબ ટિપ્પણામાંની તિથિવૃદ્ધિ, એ લોકોત્તર તિથિની વૃદ્ધિ ગણાતી નથી. આરાધના માટે તેવી લોકોત્તર તિથિ, મહિનામાં ૧૧ કે ૧૩ ન હોવી જોઈએ; પરંતુ બારજ હોવી જોઈએ. આથી આરાધનામાં લોકોત્તરતિથિની ક્ષય કે વૃદ્ધિ કહેવી કે ગણવી રહેતી જ નથી. કારણ કે–ટિપ્પણામાંની આઠમ–ચૌદશ આદિ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ વખતે જો આરાધનામાં પણ આઠમ આદિનો ક્ષય કહે અને પાછું તે ક્ષીણ આઠમ આદિને આરાધવાનું કહે તો એ જેમ ખુલ્લો વદતોવ્યાઘાત છે તેમ બે આઠમ આદિ કહે અને તેમાંની એક આઠમ આદિને આરાધવાની ના કહે તો એ ખુલ્લો મૃષાવાદ છે.

**એ વગેરે દોષો ન લાગે** એ સારૂ ટિપ્પણાની તિથિક્ષયવૃદ્ધિને **'क्षये पूर्वा०'** અને **'वृद्धौ उत्तरा'** પ્રઘોષનો સંસ્કાર આપીને આરાધનામાં સેંકડો વર્ષથી પૂર્વની અપર્વતિથિને અને ઉત્તરની જ તિથિને પર્વતિથિ બનાવીને ઉદયવાળી પર્વતિથિ ગણવા માટે પર્વતિથિનાક્ષય

વખતે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવામાં આવે છે અને પર્વની વૃદ્ધિ વખતે પૂર્વની પર્વ-તિથિને અપર્વતિથિ માનવામાં આવે છે. આ આચરણા, સં. ૧૯૯૩ થી ઉભા થયેલા એ નવા વર્ગ માટે પણ પ્રાચીન જ છેઃ કારણ કે–' સં. ૧૯૯૨ સુધી તો એ નવો વર્ગ પણ ટિપ્પણાની પર્વક્ષય–વૃદ્ધિ વખતે આરાધના માટેના પોતાના ભીંતીયાં પંચાંગોમાં પર્વતિથિ-ઓને એ પ્રમાણે જ લખવામાં–બોલવામાં–આચરવામાં અને પ્રચારવામાં સમકિત માનતો હતો.' 'ટિપ્પણામાં હોય તેમજ તિથિ બોલે અને પાળે તેનામાં સમકિત.' એમ તો તે વર્ગ સં. ૧૯૯૩ થી તે પ્રાચીનતર આચરણાને લોપવાનું કઠોર પાપ કર્યા પછીથી જ કહેવા લાગેલ છે.

**આ સ્પષ્ટીકરણ ધ્યાનમાં લેવાથી** સ્પષ્ટ સમજાશે કે–તે બૂકના પેજ ૧૦૧ ઉપર **'वृद्धौ कार्या तथोत्तरा'** પ્રઘોષના કરેલા **'વૃદ્ધિ હોય ત્યારે ઉત્તરતિથિ કરવી'** એ સીધા અર્થની નીચે જે–" અહિં પણ કેટલાકો–' વૃદ્ધિ તિથિને બદલે તેની પહેલાંની અપર્વતિથિની વૃદ્ધિ કરવાનું કહે છે.' ××× તે તેમની આ રીત કેવળ મનઃકલ્પિત છે." એ પ્રમાણે લખીને તો શ્રી જંબૂવિજયજીએ, સં. ૧૯૯૨ સુધી તેઓ અને તે પહેલાંના તેમના સમસ્ત સદ્ગત વડિલો પણ વૃદ્ધ પર્વતિથિને બદલે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની વૃદ્ધિ કરવાનું કહેતા હતા–માનતા હતા અને તે પ્રમાણે જ વર્ત્તતા હતા; તેથી પોતે સહિત તેઓ બધાનીજ રીતને કેવળ મનઃકલ્પિત વાત કહેનારા તરીકે લેખાવવાની ઇરાદાપૂર્વક ગંભીર ભૂલ કરી છે.

**તેવું વાહિયાત લખાણ** કર્યા પછી પણ આગળ વધીને શ્રી જંબૂવિજયજીએ, જે–" અને તે માટે ' વૃદ્ધતિથિની ઘડીઓ પાછલી તિથિમાં નાખવી, તેમ કરવાથી પાછલી તિથિ વધશે, (એ રીત કેવળ મનઃકલ્પિત છે.)" એ વગેરે લખ્યું છે તે તો સદંતર કલ્પિત અને અબોધમૂલક છે. કારણ કે–' તિથિની વૃદ્ધિ વખતે વૃદ્ધ ઘડીઓને પાછલી તિથિ (તો ૬૦ ઘડીના દિવસ પ્રમાણ પૂર્ણ હોવાથી તે તિથિ)માં નાંખવાનું કોઈએ પણ કહ્યું જ નથી અને પાછલી તિથિમાં તે વૃદ્ધ ઘડીઓ તો શું; પણ તે વૃદ્ધ ઘડીઓમાંની એક પળ પણ નાખી શકાય નહિ એ જ્ઞાન હોત તો તેવું મૂર્ખજનોચિત લખી મારત નહિ.'

' લૌકિક ટિપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં **'वृद्धौ कार्या तथोत्तरा'** પ્રઘોષ વડે જેમ બીજી તિથિને જ પર્વતિથિ માનવાની રહે છે તેમ સંક્રમણની રીતે પણ બીજી તિથિને જ પર્વતિથિ માનવી વાજબી ઠરે છે' એમ શ્રીમત્તપાગચ્છાધિપતિ શ્રી વિજય-દેવસૂરિજી મહારાજ રચિત **શ્રી દેવસૂરપટ્ટક**ના બીજા પાને વૃદ્ધિની બીનામાં **'यतष्टिप्पनकादौ चतुर्दश्यां पूर्णिमासंक्रमो दृश्यते न तु प्रतिपदि'** એ પાઠથી જરૂર સમજવું રહે છે; પરંતુ એ સંક્રમણની **'વધેલી ઘડીઓને પાછલી તિથિમાં નાખવી'** એ રીત નથી. શ્રી વિજયદેવસૂરિજી મહારાજે જણાવેલ સંક્રમણની રીત આ પ્રમાણે છે.

## સંક્રમણની રીતની સમજ

**પર્વતિથિની વૃદ્ધિ વખતે** જૈન જ્યોતિષશાસ્ત્રની નીતિ મુજબ ગણાતી તિથિની ૫૯ ઘડીઓ ગણીને–વધારાની ઘડીઓ બાદ કરીએ. આમ સંક્રમ કરવાથી લૌકિક ટિપ્પણાની વૃદ્ધ પૂનમમાંની બીજી પૂનમ, પૂનમના જ ઉદયવાળી બને અને તેથી પહેલી પૂનમ આપોઆપ ચૌદશ જ બને.

આ સંક્રમની દૃષ્ટિએ જ શ્રી હીરપ્રશ્ન તેમજ સેનપ્રશ્નમાં શ્રી હીરસૂરિજી મહારાજ તથા શ્રી સેનસૂરિજી મહારાજે લૌકિકટિપ્પણામાં પર્વવૃદ્ધિ વખતે **બન્ને તિથિ ઔદયિકી** હોવા છતાં **બીજી તિથિને જ 'ઔદયિકી'** તરીકે સંબોધેલ છે. સંક્રમણની આ રીતના બોધ વિના શ્રી જંબૂવિજયજીએ, સંક્રમણની તે કલ્પિત અને અબોધમૂલક રીત જો ઇરાદાપૂર્વક જ રજુ કરી હોય તો તેમણે તે પૂર્વાચાર્યોની તે સંક્રમણની એ વાસ્તવિક રીતને પણ નિહ્નવનારૂં દુષ્ટ પગલું ભર્યું ગણાય.

**પ્રશ્ન ૭૫:**–'તિથિસાહિત્યદર્પણ' બૂકના પૃ. ૧૪૪ ઉપર રજુ કરેલા–**'अथ तिथीनां ह्रानौ वृद्धौ च का तिथिः ××× स एव दिवसो वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः'** એ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના પાઠનો ભાવાર્થ, તે સ્થલે શ્રી જંબૂવિજયજીએ–'તિથિની વૃદ્ધિ હાનિમાં કઈ તિથિ સ્વીકારવી ××× હોય તે જ દિવસ તે તિથિ તરીકે પ્રમાણ માનવો જોઈએ.' એ પ્રમાણે જણાવ્યા બાદ તે ભાવાર્થ ઉપર વિવેચન કરતાં પેજ ૧૪૫ની આઠમી પંક્તિથી જે–'જેઓ ત્રીજ તેરસે સંવત્સરીની ચોથ ચૌદશનો ભોગવટો સંપૂર્ણ નહિ થતો હોવા છતાં **ચાલુ ભોગવટાના નામે તેની આરાધનાનો બચાવ કરે છે** અને પહેલી પાંચમ તથા પૂનમે ચોથ ચૌદશના ભોગની ગંધ સરખીયે નહિ છતાં આરાધના કરે કરાવે છે તે, શાસ્ત્ર સામાચારીથી વિરુદ્ધ કેવળ જુઠ અને કલ્પનામાત્ર જ સેવે છે એમ ઉપરના પાઠથી દીવા જેવું સાબિત થાય છે. શ્રી સાગરજી પણ સિદ્ધચક્ર વર્ષ ૪ પૃષ્ઠ ૯૫માં **"તત્ત્વથી પૂર્ણતાવાળી જ તિથિને આરાધ્ય"** ગણવાનું લખી ગયા છે. માટે આજે કલ્પનાના ઘોડે મનાવાતી અવિદ્યમાન અને અપૂર્ણ ભોગવાળી તિથિઓ શાસ્ત્રાનુસારીઓને માનવા યોગ્ય નથી જ.' એ પ્રમાણે લખ્યું છે તેમાં ખોટું શું છે?

**ઉત્તર:**–"શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાંનો તે આખોયે પાઠ, લૌકિકટિપ્પણામાં એકવડી તિથિનો ક્ષય કે વૃદ્ધિ થઈ હોય ત્યારે તે ક્ષીણ કે વૃદ્ધ તિથિની વ્યવસ્થા કરનારો છે. નહિ કે ૧૪×૧૫ અને ૧૪×૦)) જેવાં જોડીયાં પર્વની વ્યવસ્થા કરનારો છે." એમ શ્રી જંબૂવિજયજીના દાદાગુરુઓ શ્રી બુટેરાયજી મ૦, આત્મારામજી મ૦, કમલસૂરિજી મ૦, વીરવિજયજી મ૦ અને દાનસૂરિજી મ૦ પણ માનતા હતા અને તેથી આઠમ–ચૌદશના ક્ષયે તો સાતમ અને તેરસે સંપૂર્ણ ભોગવટાવાળી આઠમ અને ચૌદશ કરતા હતા; પરંતુ પૂનમ–અમાસના ક્ષયે તો તેરસે ચૌદશનો ભોગવટો સંપૂર્ણ નહિ થતો હોવા છતાં ચાલુ ભોગવટાના નામે જ તેરસે ચૌદશની આરાધના કરતા હતા.

પોતાના તે બધા દાદા-પરદાદા ગુરુઓની તે અવિચ્છિન્ન આચરણા બદલ શ્રી જંબૂવિજયજી આજે પણ પોતાના તે દાદાઓને તો '**ચાલુ ભોગવટાના નામે તેની આરાધનાનો બચાવ કરનારા**' તરીકે ઓળખાવતા જ નથી! ઉલટા તેઓને પ્રમાણિક ગણીને ચાલે છે! અરે! સં. ૧૯૯૨ સુધી તો તેમના ગુરુ શ્રી પ્રેમસૂરિજી અને પોતે પણ એ રીતે એકવડી પર્વતિથિના ક્ષય વખતે જુદું અને જોડીયા પર્વમાંની આગલી પર્વતિથિના ક્ષય વખતે જુદું વર્ત્તતા હતા તે પણ શ્રી તત્ત્વતરંગિણીગ્રંથનો તે પાઠ, 'જોડીઆ પર્વમાં આગલી તિથિના ક્ષય વખતે તિથિની વ્યવસ્થા કરનારો નથી; પરંતુ એકવડી તિથિના ક્ષય વખતે જ તિથિની વ્યવસ્થા કરનારો છે' એમ સમજીને જ જુદું-જુદું વર્ત્તતા હતા, તેમાં પોતે પણ પોતાને '**ચાલુ ભોગવટાના નામે તેની આરાધનાનો બચાવ કરનાર**' તરીકે કદીપણ ઓળખાવ્યા નથી! શ્રી જંબૂવિ૦ની આ દરેક સ્થિતિ જોતાં તેમણે પોતાનાં તે લખાણદ્વારા જે શાસનપક્ષની આચરણાને સામાચારીથી વિરુદ્ધ કેવળ જુઠ અને કલ્પનામાત્ર રૂપે લેખાવવા વડે વસ્તુતઃ પોતાનાથી માંડીને પોતાના તે દાદા-પરદાદાઓની આચરણાને જ તેવી લેખાવવાનું મહાપાપ ઉપાર્જ્યું છે.

**એ જ રીતે એ શ્રીજંબૂવિજયજીએ,** તે લખાણમાં-૧૪×૧૫ અને ૧૪×૦)) જેવી જોડીયા પર્વતિથિમાંની આગલી તિથિની વૃદ્ધિ વખતે પોતાના તે દાદા-પરદાદાઓએ આ-જીવન અને તેમના ગુરુ તથા પોતે પણ સં ૧૯૯૨ સુધી **પહેલી પૂનમે અને અમાસે ચૌદશના ભોગની ગંધ સરખીયે નહિં હોવા છતાં ચૌદશની આરાધના કરેલ કરાવેલ છે** તેને શાસ્ત્ર અને સામાચારી વિરુદ્ધ- કેવળ જુઠ અને કલ્પનામાત્રરૂપે લેખાવવાનું છૂપાવેલ છે અને સં. ૧૯૯૨થી નીકળેલા નવા વર્ગ સિવાયના તમામ શાસનપક્ષીય સમુદાયની આજે પ્રવર્ત્તતી તેમની જ તે ૧૯૯૨ સુધીની આચરણાને શાસ્ત્ર અને સામાચારીથી વિરુદ્ધ-કેવળ જુઠ અને કલ્પનામાત્ર કહી દેવારૂપે મહા માયામૃષાવાદ સેવીને પાપ ઉપાર્જ્યું છે.

સંક્ષેપમાં કહીએ તો શ્રીજંબૂવિજયજીએ, 'શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠનો તે મુજબનો ભાવાર્થ છે જ નહિ' એમ જાણવા છતાં ભદ્રિકજનોને સન્માર્ગથી ચ્યૂત કરીને નવા કલ્પિત તિથિમતમાં યેનકેનાપિ જોડી દેવાના અશુભાશયના યોગે જ તેવો સદંતર કપોલકલ્પિત ભાવાર્થ રજુ કરેલ હોઈને શાસ્ત્ર અને પરંપરાપ્રિયજનોએ તે આત્મહિતઘ્ન ભાવાર્થને સ્પર્શવો પણ યોગ્ય નથી.

**તથા પ્રકારની મલીન મુરાદથી** ઉપજાવી કાઢેલા તે આત્મહિતઘ્ન ભાવાર્થની પુષ્ટિમાં શ્રી જંબૂવિજયજીએ, શ્રીસિદ્ધચક્ર વર્ષ ૪ના પેજ ૯૫ ઉપરનું જે-'**તત્ત્વથી પૂર્ણતાવાળી જ તિથિને આરાધ્ય,** એટલું જ લખાણ રજુ કર્યું છે, તે તો ભદ્રિક-જનોને ભરમાવવાના ગેબી કીમીયારૂપ જ છે. કારણ કે આગલ પાછલનું પુષ્કળ લખાણ છોડી દઇને જ તેમણે શ્રી સિદ્ધચક્રમાંનું તે લખાણ રજુ કર્યું છે! શ્રી સિદ્ધચક્રમાંથી તેમણે

રજુ કરેલી તે ટચૂકડી પંક્તિ પણ જોડીયાપર્વમાંની આગલી તિથિની વૃદ્ધિ અંગેની નથી; પરંતુ એકવડી તિથિની જ વૃદ્ધિ અંગેની છે.

**વળી સિદ્ધચક્રમાં લખાયેલ તે અધિકાર વખતે** તો તેમના નવા તિથિમતનો જન્મય ન્હોતો. કારણકે-સં. ૧૯૯૨ સુધી તો શ્રી જંબૂવિજયજીના ગુરુ શ્રી પ્રેમસૂરિજી સમજતા જ હતા કે-" શ્રી તત્ત્વતરંગિણીગ્રંથના તે પાઠમાં જો જોડીયા પર્વની પણ વાત હોત તો તે પાઠમાં જે ફક્ત **'तित्तिथित्वेन स्वीकार्यः'**એમ કહીને એક તિથિ સ્વીકારવાનો જ નિર્દેશ કરેલ છે તે ન હોત; પરંતુ 'તયોઃ' કહ્યું હોતઃ પણ તેમ કહ્યું નથી. માટે જ તે પાઠ, બીજ-પાંચમ-આઠમ-અગીઆરસ-ચૌદશ-પૂનમ અને અમાસમાંની કોઈપણ એક તિથિનો ક્ષય હોય કે કોઈપણ એક તિથિની વૃદ્ધિ હોય ત્યારે કઇ તિથિને તે તિથિ તરીકે માનવી ? તેની જ વ્યવસ્થા કરે છે. તિથિ મેળવવા માટે તો એ વ્યવસ્થા હોવાથી તે વ્યવસ્થા કરતાં જો પાછલી તિથિ જતી હોય તો તે તિથિને પણ એ વ્યવસ્થાથી પ્રાપ્ત કરાય છે અને તે રીતિ કાંઈ કોઈએ નવીન ઉપજાવેલી નથી :"

**ટુંકમાં તે રીતિ,** પ્રભુશાસનની આદિથી અવિચ્છિન્ન આચરણારૂપે છે. આ વાતની સાક્ષીમાં સત્તરમા સૈકાનો શ્રી હીરપ્રશ્નનો **'त्रयोदशीचतुर्दश्योः'** પાઠ, **'अन्यच्च-वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्?'** એ ખરતરીય ગુણવિનય વિરચિત 'ઉત્સૂત્રખંડન' માંનો પાઠ તેમજ અનેક હસ્તલિખિત પટ્ટક આદિ શાસ્ત્રીયપૂરાવાઓ પણ વિદ્યમાન છે. આમ છતાં સં. ૧૯૯૨ માં પોતાની 'ના' ને અવગણીને નવો મત કાઢનાર શિષ્યોએ, શ્રી તત્ત્વતરંગિણીના તે પાઠના પોતે શ્રી પ્રેમસૂરિજી મહારાજે માનેલા અને આદરેલા તે અર્થથી પણ એ રીતે જુદો જ ભાવાર્થ ઉપજાવીને પ્રચારવા માંડયો અને તે સામે શ્રી પ્રેમસૂરિજીનું કાંઇ જ ન ચાલ્યું: એટલે જ શ્રી જંબૂવિજયજી જેવાએ તેવા કૂટ ભાવાર્થોને સિદ્ધાંતમાં ખપાવવા આ તાંડવ આદરેલ છે ! જે તેઓને પણ ખૂબ દુઃખદ જણાયું છે.

**પ્રશ્ન ૭૬:**-શ્રી જંબૂવિજયજીએ પોતાની સં. ૧૯૯૬ની 'તિથિસાહિત્યદર્પણ' બૂકના પેજ ૧૪૬ ઉપર શ્રી હીરપ્રશ્નનો **'यदा चतुर्दश्यां कल्पो वाच्यते०'**એ આખો પ્રશ્નોત્તર રજુ કરીને તે પ્રશ્નોત્તરનો ભાવાર્થ, તેમણે પોતાની સં. ૧૯૯૩ની બૂકના ૧૧૮મા પેજ ઉપર જણાવેલ ભાવાર્થમાંથી 'અર્થાત્ મુખ્યતિથિ ખાધાવારમાં ન આવે તેમ કરવું.' એ પંક્તિને ઉડાવી દઈને કેમ રજુ કરેલ હશે ?

**ઉત્તરઃ**-મહિનામાં મુખ્યત્વે જેમ બાર પર્વતિથિઓ ગણાય છે તેમ વર્ષમાં આઠ આઠ દિવસ પ્રમાણવાળી છ અઠ્ઠાઈપર્વીઓ ગણાય છે. લૌકિક પંચાંગ મુજબની તિથિઓ, આરાધનામાં ઉપયોગી બનતી નથી, આથી તે તિથિઓમાંથી '**उदयंमि०**'ના આધારે આરાધનામાં જેમ સૂર્યોદય વખતે જે તિથિ અલ્પ ઘડીવાળી હોય છતાં તે તિથિને જ અહોરાત્રની તિથિ માનવામાં આવે છે તેમ તે લૌકિક તિથિઓમાંની કોઈપણ પર્વતિથિ ક્ષીણ કે વૃદ્ધ

હોય ત્યારે આરાધનામાં તે ક્ષીણ કે વૃદ્ધતિથિને ' **क्षये पूर्वा०**' અને ' **वृद्धौ उत्तरा०** 'ના વિધિ અને નિયામક વાકયથી ઉદયાત્ બનાવીને પર્વતિથિ ગણવાની તેમજ બેમાંથી એકને જ પર્વ-તિથિ તરીકે ગણવાની જે પ્રાચીન આચરણા છે તે આચરણા, તે છ અઠ્ઠાઇમાંની પર્વક્ષય-વૃદ્ધિને પણ લગાડવામાં આવે છે.

**વર્ષની તે છ અઠ્ઠાઇમાંની** એક શ્રી પર્યુષણાપર્વની અઠ્ઠાઈના આઠેય દિવસોની આરાધના, સામાન્યતયા-'અઠ્ઠાઈધરના પહેલા દિવસે ઉપવાસ, બીજા દિવસે પારણું, ત્રીજા અને ચોથા દિવસે કલ્પધરનો છઠ્ઠ, પાંચમા દિવસે પારણું અને તેલાધર તરીકે ગણાતા અંતિમ ત્રણેય દિવસનો સંલગ્ન ત્રણ ઉપવાસરૂપ અઠ્ઠમ' એ પ્રકારે કરવાની હોય છે.

**લૌકિકટિપ્પણામાં** શ્રા. વ. ૧૨ થી ભા. શુ. ૪ સુધીની આઠ તિથિઓ જો સ્વતંત્ર ઉદયવાળી હોય તો તે શ્રી પર્યુષણાની અઠ્ઠાઈ શ્રા. વ. ૧૨ થી બેસે, કલ્પનું વાંચન અમાસથી શરૂ થાય અને શ્રી કલ્પધરનો છઠ્ઠ સીધો ૧૪×૦))નો જ થવા પામતો હોવાથી શ્રી હીરપ્રશ્નગ્રંથમાં તે પ્રશ્નોત્તરની જરૂર જ રહેતી નથી; પરંતુ તે આઠ તિથિમાં એક તિથિનો ક્ષય હોય ત્યારે તે અઠ્ઠાઈ શ્રા. વ. ૧૧ થી બેસે, કલ્પનું વાંચન ચૌદશથી શરૂ થાય અને તેને અંગેનો શ્રી કલ્પધરનો છઠ્ઠ ૧૪×૦)) નો થવા પામતો નથી; તેમજ પહેલી ચાર તિથિમાં એક તિથિની વૃદ્ધિ હોય એટલે કે-બે ચૌદશ કે બે અમાસ હોય અને પછીની ચાર તિથિમાં એક તિથિનો ક્ષય હોય ત્યારે પણ પર્યુષણાની અઠ્ઠાઇ તો શ્રા. વ. ૧૨ થી બેસે; પરંતુ આરાધનામાં બે તેરસ ગણાતી હોવાથી કલ્પનું વાંચન આરાધનાની ચૌદશથી શરૂ થાય અને તેને અંગેનો શ્રી કલ્પધરનો છઠ્ઠ-ચૌદશ અમાસનો થવા પામતો નથીઃ તેથી-

**અને તે સાથે** લૌકિક ટિપ્પણામાં બે અમાસ હોય ત્યારે પર્યુષણ તેરસથી બેસે, કલ્પનું વાંચન ખરતરને પણ આપણી આરાધનાની અમાસથી શરૂ થાય અને શ્રી કલ્પધરનો છઠ્ઠ (આપણે તો આરાધનામાં બે તેરસ ગણાતી હોવાથી આરાધનાની ચૌદશ-અમાસે જ થવા પામે છે, છતાં) ટિપ્પણાની પહેલી અમાસે જ આરાધનાની અમાસ તરીકે લેખાવીને બીજી અમાસને વૃદ્ધ તરીકે નકામી લેખાવનારા ખરતરો, 'ટિપ્પણાની પહેલી અમાસને ચૌદશ અને ઉદયાત્ ચૌદશને તેરસ લેખાવીને ૧૪×૦))નો છઠ્ઠ જણાવીએ છીએ તે ખોટું છે.' એમ પ્રચારે છે અને ટિપ્પણાની પહેલી અને બીજી અમાસે જ શ્રી કલ્પધરનો છઠ્ઠ કહેવાનો આગ્રહ ધરાવીને ટિપ્પણાની ઉદયાત્ ચૌદશને તો શ્રી કલ્પધરના છઠ્ઠમાંથી બાકાત રાખે છે! તેમજ ટિપ્પણામાં ભા. શુ. ૧ બે હોય ત્યારે પર્યુષણા તેરસથી બેસે, કલ્પનું વાંચન આપણે પણ ખરતરની આરાધનાની પહેલી એકમથી થાય અને શ્રી કલ્પધરનો છઠ્ઠ (ખરતરની જેમ આપણે પણ ટિપ્પણાની ઉદયાત્ ચૌદશ બકાત રહીને) ટિપ્પણાની અમાસ તથા ખરતરમાન્ય પહેલી એકમે થવા પામતો હોઇને શ્રી કલ્પધરનો છઠ્ઠ આરાધનાની ૧૪×૦))નો નિયત નહિ રહેતો હોવાથી શ્રી હીરપ્રશ્નમાં તે પ્રશ્નોત્તરનો ઉદ્ગમ છે કે-

"જ્યારે ચૌદશે કલ્પ વંચાય કે અમાવાસ્યાદિ વૃદ્ધિએ અમાસે કે પડવે કલ્પ વંચાય ત્યારે છઠ્ઠનો તપ કયા દિવસોમાં કરવો ? **ઉત્તરઃ**–પર્યુષણામાં કરવાના તે છઠ્ઠતપના વિધાનમાં (તે તપ ચૌદશ–અમાસે જ કરવો, એ પ્રકારે) દિવસોનું નિયતપણું નથી, (માટે ચૌદશે–અમાસે કે પડવે કલ્પ વંચાય ત્યારે પર્યુષણા અઠ્ઠાઈમાંની આદ્ય પાંચ તિથિઓમાંની) જે જે તિથિઓએ કરવામાં રુચિ થાય તે તે તિથિઓ લઈને તે છઠ્ઠતપ કરો: એમાં આગ્રહ શો?"

**શ્રી હીરપ્રશ્નમાંનો આ પ્રશ્ન,** લૌકિક ટિપ્પણાગત તિથિઓને અનુલક્ષીને હોવા માત્રથી તેના ઉત્તરમાં શાસ્ત્રકારે, 'આરાધનામાં પણ શ્રી કલ્પધરનો છઠ્ઠ તે ટિપ્પણાની જ રૂચે તે તિથિઓએ કરવાનું જણાવેલ છે' એમ શ્રી વિજયહીરસૂરિજીને શાસ્ત્ર અને પરંપરાનુસારી તરીકે નહિ માનનાર નવો વર્ગ જ કહી શકે. કારણકે–તેઓશ્રીના '**त्रयोदशीचतुर्दश्योः**' પાઠ ઉપરાંત સં. ૧૬૬૫નું ખરતરીય ગુણવિનયનું '**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम् ?**' એ લખાણ પણ સાક્ષી આપે છે કે–'તેઓશ્રી તો ટિપ્પણાની બે અમાસ વખતે આરાધનામાં બે તેરસ ગણીને ચૌદશ–અમાસના જોડીયા પર્વને જોડે જ ઉભું રાખતા હતા.'

**તેવા પ્રખર આચરણાચારી** શ્રી વિજયહીરસૂરિજીએ જણાવેલ તે ખુલાસા મુજબ ટિપ્પણાની બે અમાસ પ્રસંગે આરાધનામાં બે તેરસ કરાતી હોવાથી પહેલી તેરસના અઠ્ઠાઇધરનો ઉપવાસ અને બીજી તેરસનું પારણું થઈને આરાધનાની ચૌદશ–અમાસનો સીધો જ છઠ્ઠ આવે છે. નવા વર્ગના દાદા–પરદાદાદિ સમસ્તની પણ એ જ અવિચ્છિન્ન આચરણા હતી. આ નવો વગ પણ સ. ૧૯૯૨ સુધી તો આરાધનામાં એ મુજબ જ નિરપવાદ આચરતો હતો. આમ છતાં સં. ૧૯૯૩ થી તેમણે લૌકિકપંચાંગ પ્રમાણે જ તિથિ માનવાનો એકાએક સ્વચ્છંદે જ મત કાઢીને આવો પૂનમ–અમાસની વૃદ્ધિ વખતે ટિપ્પણાગત ચૌદશને જ ચૌદશ તરીકે માનવાનો હઠાગ્રહ આદર્યો એટલે તે વર્ગને ચૌદશ–પૂનમ અને ચૌદશ–અમાસનું જોડીયું પર્વ તોડી નાખવાના પાપના ભાગી બનવું પડયું. પછી તો એ પાપના આગ્રહમાં પડીને તે પર્યુષણાની અઠ્ઠાઈગત અમાસની વૃદ્ધિ પ્રસંગે આરાધનામાં ઉપર મુજબ થતી આચરણાની બીજી તેરસને અવગણવા જ માંડી અને ટિપ્પણાની ચૌદશને જ આરાધનાની ચૌદશ લેખાવવા માંડીને–'પર્યુષણાની અઠ્ઠાઈગત ચૌદશ પણ મુખ્ય તિથિ હોવાથી તે ચૌદશે શાસનપક્ષીયને શ્રી કલ્પધરનો છઠ્ઠ, બનાવટી ચૌદશ–અમાસે કરવામાં ખાધાવાર આવે છે તે ખોટું છે.' એમ મનસ્વીપણે જ પ્રચારવા માંડયું.

**નવા વર્ગના તે પ્રચારને** શાસ્ત્રીય લેખાવવા સારૂ શ્રી જંબૂવિજયજીએ, પ્રથમ તે સં. ૧૯૯૩ની પોતાની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના ૧૧૮મા પેજ ઉપરના પ્રસ્તુત હીરપ્રશ્નોત્તરના ભાવાર્થમાં–**અર્થાત્ મુખ્યતિથિ ખાધાવારમાં ન આવે તેમ કરવું.**' એ લખાણ શ્રી હીરસૂરિજીમ૦ના નામે પદરનું જ ચઢાવી દેવાની ગોલમાલ કરેલ તે, શાસનપક્ષના હાથે ખુલ્લી પડી જવાથી તેમણે પોતાની તે બૂક પછી ત્રણ વર્ષે બહાર પાડેલી તે '**તિથિ-**

**સાહિત્ય દર્પણ'** બૂકના ૧૪૬મા પેજ ઉપર રજુ કરેલા ભાવાર્થમાંથી પોતાના તે વાક્યને ઉડાવી દેવું પડેલ છે.

**શ્રી જંબૂવિજયજીની** તે ગોલમાલમાં આશ્ચર્યની વાત તો એ છે કે–**શ્રી** વિજયહીરસૂરિજીપ્રદત્ત તે સમાધાનમાં–હવેથી ટિપ્પણાને જૈનશાસ્ત્ર માનવા લાગેલ તે નવા વર્ગને ટિપ્પણાની બે અમાસ વખતે પહેલી તથા બીજી અમાસે શ્રી કલ્પધરનો છઠ્ઠ કરવાનું રાખીને અઠ્ઠાઈધરના ઉપવાસનું પારણું ટિપ્પણાની ચૌદશે કરવાનો નિષેધ નહિ હોવા છતાં શાસનપક્ષ તેવા પ્રસંગે આરાધનામાં બે તેરસ કરે છે તેમાં અઠ્ઠાઈધરના બે ઉપવાસનું પારણું શાસનપક્ષને બીજી તેરસે એટલે ટિપ્પણાની (નહિકે–આરાધનાની) ચૌદશે આવે છે- તેને તે વર્ગ નિહ્નવે છે!

**નવા વર્ગની તે નિહ્નવતા** એટલી બધી તો ગાઢ આભિનિવેશિક છે કે "લૌકિક ટિપ્પણામાં પર્યુષણની પહેલી ચાર તિથિમાંની બારસ આદિ એકપણ તિથિની વૃદ્ધિ હોય અને પછીની ચાર તિથિમાં એક તિથિનો ક્ષય હોય ત્યારે પણ **બારસે પર્યુષણ બેસે છે;** પરંતુ તે બારસે બેસતા પર્યુષણામાં અપનાવાતી ટિપ્પણાની ચૌદશ–અમાસની વૃદ્ધિએ કરાતી તેરસની વૃદ્ધિવાળી પ્રાચીન આચરણા નવા વર્ગને ગળે બાઝતી હોવાથી નવા વર્ગે તે **'બારસે પર્યુષણા અને તેરસ–ચૌદશે** થતા કલ્પધરના છઠ્ઠ'ની મૌલિક વાતને તો શ્રી જંબૂવિજયજીએ તે 'તિથિ સાહિત્યદર્પણ' બૂકના ૧૪૬મા પેજ ઉપરના તે શ્રી હીરપ્રશ્નોત્તરના ભાવાર્થના લખેલા વિશેષાર્થમાં છૂપાવી જ દઈને માત્ર–'જો બારસથી પર્યુષણા બેસે તો ચૌદશ–અમાસે કરવો' એ સીધી એક જ વાત જણાવવાનો પ્રપંચ કરેલ છે, એ પ્રપંચ રચ્યા પછી તેમણે તરતજ **'અમાવાસ્યાદિ તિથિવૃદ્ધિમાં જો તેરસથી બેસે તો તેરસ ચૌદશે છઠ્ઠ કરવો. પહેલી અમાસ ખાધાવાર ગણી બીજી અમાસે કલ્પધરનો ઉપવાસ કરવો.'** એ પ્રમાણે લૌકિકટિપ્પણાની તિથિઓને જ આરાધનાની તિથિઓ તરીકે લેખાવનારૂં લખાણ, આચરણાપ્રધાન શ્રી વિજયહીરસૂરિજીના નામે લખી નાખવાનું સાહસ કરેલ છે અને તે સાહસને પણ શાસ્ત્ર અને પરંપરાનુસારી લેખાવવા સારૂ તેમણે પોતાના તે બનાવટી લખાણની સાક્ષીમાં તે લખાણ મુજબનું શ્રી સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨૧ પૃ. ૫૦૭ ઉપરનું લૌકિક પંચાંગની અપેક્ષાએ કહેવાયેલું લખાણ રજુ કરી દેવાનું પરંપરાલોપક ક્રૂરતાંડવ કરતાં પણ સંકોચ રાખેલ નથી," આ તાંડવની તરખટમાં શ્રી જંબૂવિજયજીએ,–**'તેરસ–ચૌદશે કલ્પધરનો છઠ્ઠ કરવો, એમ કહું છું અને બીજી અમાસે એ જ કલ્પધરનો ઉપવાસ કરવો,** એમ કહું છું તેથી તો પ્રાકૃતજનોમાં પણ મૂર્ખ લેખાવા પામીશ.' એ ભાન પણ ગુમાવી દીધેલ છે તે અત્યંત શોચનીય છે.

## શ્રી વિજયયશોદેવસૂરિનો પત્ર તથા પ્રશ્નોત્તરો

[ **અમલનેર–ખાનદેશ** આચાર્ય મહારાજશ્રી (યશોદેવસૂરિ) તરફથી દઃ ત્રિલોચન

(વિજયજી)ના સાદર વંદના સ્વીકારશોજી. આપણે માત્ર શાસ્ત્રદષ્ટિને સન્મુખ રાખી નિવેડો લાવીશું તો આપણો આરાધકભાવ ટકી રહેવા સાથે સંગીનકાર્ય હોવાથી ભવિષ્યમાં થનાર કોઈ પણ બુદ્ધિશાળી નવો ખળભળાટ ઉત્પન્ન નહિ કરી શકે. આ વિષયમાં આપણે ગીતાર્થો પરસ્પર નિવેડો નહિ લાવી શકીએ તો દોષનો ટોપલો આપણા માથે નાખીને જે ગૃહસ્થો થોડા અંશે પણ આપણા શેઠ બન્યા છે તે હવે પૂરા બનશે ××× આ સાથે મોકલેલા પ્રશ્નોત્તરોનો ખૂબ દીર્ઘ વિચારણાપૂર્વક ખુલાસો લખશો. તમારામાં જે મધ્યસ્થ કે સમજદાર ગણાતા હોય તેમને પણ આ મારૂં લખાણ મોકલી પરસ્પર વિચારી ખુલાસો લખશો. કે-જેથી એક નિર્ણય કરી શકાય. ]

જૈન ટિપ્પણાના તિથિ $\frac{६२}{६१}$ આ હિસાબે ૬૨મો દિવસ ક્ષયનો જ આવે. જૈન વરસની શરૂઆત ગુજરાતી અષાડ વદિ ૧ થી. પાંચ વર્ષમાં ત્રીસ ક્ષય આવે જ તેનું કોષ્ટકઃ-"(૧) ભાદરવા વદ ૨, (૨)-કાર્તિક વદ ૪, (૩)-પોષ વદ ૬, (૪)-ફાલ્ગુન વદ ૮, (૫)-વૈશાખ વદ ૧૦, (૬)-અષાઢ વદ ૧૨, (૭)-ભાદરવા વદ ૧૪, (૮)-માગશર શુદ ૧, (૯)-માઘ શુદ ૩, (૧૦)-ચૈત્ર શુદ ૫, (૧૧)-જેઠ શુદ ૭, (૧૨)-શ્રાવણ શુદ ૯, (૧૩)-આશ્વિન શુદ ૧૧, (૧૪)-માગશર શુદ ૧૩, (૧૫)-બીજો પોષ શુદ ૧૫, (૧૬)-ફાલ્ગુન વદ ૨, (૧૭)-વૈશાખ વદ ૪, (૧૮)-આષાઢ વદ ૬, (૧૯)-ભાદરવા વદ ૮, (૨૦)-કાર્તિક વદ ૧૦, (૨૧)-પોશ વદ ૧૨, (૨૨)-ફાલ્ગુન વદ ૧૪, (૨૩)-જેઠ શુદ ૧, (૨૪)-શ્રાવણ શુદ-૩, (૨૫)-આશ્વિન શુદ ૫, (૨૬)-ભાદરવા શુદ ૭, (૨૭)-માઘ શુદ ૯, (૨૮)-ચૈત્ર શુદ ૧૧, (૨૯)-જેઠ શુદ ૧૩, (૩૦)-બીજો અશાડ શુદ ૧૫, (ક્ષયનો ચોમાસીનો દિવસ.)"

**મૂળસૂત્ર-उदयंमि जा तिहि सा स्तोकापि पमाणा ।** અપવાદ સૂત્ર-**क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा.**

## પૂર્વે કોઠા વગેરેને અંગે પ્રશ્નોત્તરી

**પ્રશ્નઃ ૧**-જૈન ટીપણું મોજુદ હતું ત્યારે પાંચમા વર્ષની ચોમાસી અશાડ શુદ ૧૫ નો ક્ષય આવતો હતો ત્યારે શી વ્યવસ્થા થતી હતી ?

**ઉત્તરઃ**-અશાડ શુદ ૧૪ નું પકખીપ્રતિક્રમણ ને પૂર્ણિમાનું ચોમાસી પ્રતિક્રમણ ભેગુ થતું હતું. કારણ કે-ઉદયના હિસાબે ચૌદશ ને ભોગવટાના હિસાબે પૂર્ણિમા છે માટે.

**પ્રશ્નઃ ૨**-ભેગું થતું હતું એ શા આધારે કહો છો ?

**ઉત્તરઃ**-કાલકાચાર્યે કારણિક પાંચમને બદલે સંવત્સરી ચોથની કરી એટલે ચોમાસી ચૌદશની થઈ એના એક દિવસ પહેલાં અશાઢ શુદ ૧૩ પકખી કરવી જોઈએ. તેમ કરવાથી મૂળસૂત્ર તથા અપવાદ સૂત્રને બાધ આવતો હતો. માટે પકખી અને ચોમાસી પ્રતિક્રમણ ભેગું કર્યું. તે જ રીવાજ આજ પણ ચાલુ છે તે આધારે કહીએ છીએ. આ રીવાજ જો નવો જ કરવાનો હોત તો ૨૮ વારમાં થનારા પકખી વગેરે ૨૮ પ્રતિક્રમણો ૨૫ વારમાં

કરવા બદલનો મોટો ઝગડો પેદા થાત. બંને બાજુથી પોતપોતાના મંતવ્યોનું ઢગલાબંધ સાહિત્ય બહાર પડત. પણ આજે એ વિષયનું એક હેન્ડબીલ જેટલું પણ જોવા મળતું નથી.

**પ્રશ્ન:** ૩–સં. ૧૯૯૨ની સાલની માફક પૂર્ણિમા–અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ માનવી ચાલુ રાખીએ તો બહુ આનંદપૂર્વક પતી જાય છે.

**ઉત્તર:**–તમારા કહેવા મુજબ ક્ષય-વૃદ્ધિ કરવાથી નીચે મુજબના મહા દોષો આવે છે. ૧–મૂલસૂત્ર તથા અપવાદસૂત્રોને બાધ પહોંચે છે. અને તેથી '**आणाए धम्मो**' આ સૂત્રને બાધ આવવાથી સમ્યકત્વને હાનિ પહોંચે છે. ૨–સં. ૧૪૮૬માં હર્ષભૂષણગણિજીકૃત પર્યુ-ષણાસ્થિતિવિચાર, તથા તત્ત્વતરંગિણી તેમજ હીરપ્રશ્નોત્તરની સાથે વાંધો આવે છે. ૩–કલ્યાણકતિથિઓ પ્રતિષ્ઠા વગેરેની તિથિઓની વ્યવસ્થા યોગ્ય રીતે જળવાતી નથી.

**પ્રશ્ન:** ૪–પૂર્ણિમા અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિની આચરણા ઘણા વખતની છે. ઘણાઓએ તે આચરણા કરી તેનો લોપ કેમ થાય ?

**ઉત્તર:**–આ આચરણાથી જિનેશ્વરની મૂળ આજ્ઞાઓનો જ લોપ થાય છે. આ મોટા દોષની સાથે બીજી પણ ઘણી અવ્યવસ્થા ઉભી થાય છે. વળી ૧૪૮૬માં શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિજીના શિષ્ય હર્ષભૂષણ ગણિકૃત પર્યુષણાસ્થિતિવિચારગ્રંથમાં લખ્યું છે કે–"**वृद्धाचरणाऽपि सैव प्रमाणं या चतुर्थीपर्वाचरणावदागमाऽविरुद्धा।" यदुक्तं द्वितीयांगनिर्युक्तौ व्यवहारे च–आचरणावि हु आणाअविरुद्ध चेव होइ आणत्ति ॥**

## શ્રી યશોદેવસૂરિજીના પત્રનો ખુલાસો

તમે ખુલાસા લખીને પછી ખુલાસા માટે મોકલેલી પ્રશ્નોત્તરી સાથેના પત્રમાં જણાવેલું–"આપણે માત્ર શાસ્ત્રદૃષ્ટિને સન્મુખ રાખીને નિવેડો લાવીશું તો આપણો આરાધકભાવ ટકી રહેવા સાથે સંગીન કાર્ય હોવાથી ભવિષ્યમાં થનાર કોઈ પણ બુદ્ધિશાળી નવો ખળભળાટ ઉત્પન્ન નહિ કરી શકે." એ વાકય, નીચે મુજબની **સાત** સમજણનો અભાવ સૂચવે છે.

(૧)–'**क्षये पूर्वा**' અને '**वृद्धौ उत्तरा**' શાસ્ત્રનો અર્થ, "પર્વતિથિના ક્ષયે પૂર્વ અપર્વ-તિથિનાં સ્થાને તે ક્ષીણતિથિને પર્વતિથિ કરવી અને વૃદ્ધિ વખતે પછીની પર્વતિથિ કરવી." એ પ્રમાણે જ થાય છે એમ આપણા સમસ્ત પૂર્વજોની અને સં. ૧૯૯૨ સુધી તો આપણ સહુની શાસ્ત્રદૃષ્ટિ હતી.

સં. ૧૯૯૩ થી નવો તિથિમત શરૂ કરનારા અને તેમને અનુસરવાની કપરી સ્થિતિમાં મૂકાનારા આપણા જ ભાઈઓએ તે પ્રાચીનતર શાસ્ત્રદૃષ્ટિને પલટો આપીને–'પર્વક્ષયે પૂર્વ-તિથિમાં તે ક્ષીણપર્વનું આરાધન કરવું અને વૃદ્ધિ વખતે તે વૃદ્ધિતિથિનું પછીની=બીજી તિથિમાં આરાધન કરવું.' એ પ્રમાણે તે મૂલશાસ્ત્રની બહારના 'આરાધના' શબ્દને બે વાર ઘુસાડીને બનાવેલા કલ્પિત અર્થવાળી શાસ્ત્રદૃષ્ટિ રાખેલ હોવાથી એ શાસ્ત્રદૃષ્ટિ ન ખસે ત્યાં સુધી શાસ્ત્રદૃષ્ટિએ નીવેડો લાવવાનું કહેવું એ કલ્પિત અર્થની પણ સીપારસ કરવા જેવું ગણાય.

(૨)–તેમાં પણ આ ઝઘડો તો અવિચ્છિન્ન આચરણામાં ઉભો કરાએલ છે. આચરણાની નિષ્પત્તિ કારણિક હોવાથી આચરણા શાસ્ત્રનિષ્પન્ન હોતી નથીઃ તેથી આચરણાની શુદ્ધાશુદ્ધતાનો નીવેડો શાસ્ત્રદૃષ્ટિએ લાવવાનો હોતો નથી. શાસ્ત્રકારે 'શ્રી ધર્મસંગ્રહ' ગ્રંથના પૃ. ૨૪૭ ઉપરના **'जीतं श्रुतोक्तादपि हीनं अधिकं वा परंपरया आचीर्णं तेन व्यवहारो जीतव्यवहारः पंचमः संप्रति मुख्यः ॥'** પાઠ દ્વારા 'જીત=આચરણાનું શાસ્ત્રમાં કહેલી પ્રભુ આજ્ઞાઓ કરતાં પણ ઓછું કે અધિક પરંપરાથી આચરેલું હોય તે આચરણા કહેવાય છે અને તે આચરણાથી ચાલતો જે વ્યવહાર તે (આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ વ્યવહારમાંનો) પાંચમો જીતવ્યવહાર વર્ત્તમાનકાલે મુખ્ય છે.' એ લક્ષણ વગેરે જણાવતાં આજે શ્રુતવ્યવહાર=શાસ્ત્રદૃષ્ટિને મુખ્ય કહેલ નથી; પરંતુ આચરણાદૃષ્ટિને મુખ્ય કહેલી છે. માટે આચરણાદૃષ્ટિને બદલે શાસ્ત્રદૃષ્ટિએ નીવેડો લાવવાનું કહેવામાં આરાધકભાવ જ ગણાતો નથીઃ ત્યાં 'તેમ કરવાથી આરાધકભાવ ટકી રહેશે.' એમ કહેવું તે સદંતર અનવસ્થિત એવું અબોધમૂલ ગણાય.

(૩)–શ્રી ધર્મરત્ન પ્રકરણ પૃ. ૨૪૬ ઉપરની–**'मग्गो आगमनीई अहवा संविग्गबहुजणाइण्णं०'** એ સૈદ્ધાંતિક ગાથા દ્વારા શાસ્ત્રકારે મોક્ષનગરના સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ બે માર્ગ જણાવેલ છે. (૧) શાસ્ત્રોક્ત આચાર અને (૨) સંવિગ્ન બહુજન આચરિત આચાર=આચરણા. આથી આચરણા એ શાસ્ત્રથી ભિન્ન એવો સ્વતંત્ર મોક્ષમાર્ગ છે. કારણ પ્રસિદ્ધ છે કે–શાસ્ત્ર એ ઉત્સર્ગ માર્ગ છે અને આચરણા એ અપવાદ માર્ગ છે. **'उत्सर्गादपवादो-बलीयान्'** એ સિદ્ધાંત અનુસાર શાસ્ત્ર કરતાં આચરણા બલવતી ગણાય છે. પ્રબલ ગણાતી આચરણાની શુદ્ધાશુદ્ધતાનો નીવેડો તેનાથી નિર્બલ લેખાતા શાસ્ત્રથી લાવવાનું કહેવું તે અયુક્ત ગણાય.

જ્યોતિષાનુસારી ટિપ્પણાની તિથિઓ તે ઔત્સર્ગિક તિથિઓ અને **'उदयंमि जा तिही०'** ઇત્યાદિ આચાર્યના વચનોને અનુસારે આરાધનામાં સૂર્યોદયથી જ પ્રમાણ ગણાતી ઉદયાત તિથિઓ, તે (ટિપ્પણાની તિથિઓની અપેક્ષાએ) આપવાદિકતિથિઓ ગણાય છે. આ આપવાદિક આરાધ્યતિથિઓના વાજબી ગેરવાજબીપણાનો નીવેડો ઔત્સર્ગિક ગણાતા તે જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ લાવવાનું કહેવું તેમાં બુદ્ધિમત્તા પણ ન ગણાય. જૈન ટિપ્પણા મુજબ પણ તિથિઓ ૫૯ ઘડીની હોય છે જ્યારે આપણી તે આરાધનાની તિથિઓ ૬૦ ઘડીની ગણાય છે ત્યાં શાસ્ત્રદૃષ્ટિ શું કામની ?

(૪)–બીજી દૃષ્ટિએ જોઈએ તો–શાસ્ત્રો, સૂત્રથી તો ગણધરભગવંતોને જ આત્માગમ હોય છે. તે પછીના ચૌદપૂર્વી ભગવંતોને પણ અનંતરાગમ યાવત્ પરંપરાગમરૂપે જ હોય છે; પરંતુ આત્માગમ રૂપે હોતાં નથી. એ પરંપરાગમ શાસ્ત્રો=શ્રુત તો કાલદોષે ક્રમે વિસરાતું વિસરાતું હજાર વર્ષ પૂર્વે=શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સમયે પણ 'ચૌદ પૂર્વમાંથી એક જ પૂર્વ અને ૧૧ અંગો પણ ઘણાં અધુરાં' એટલું જ રહેવા પામેલ અને તે હજાર વર્ષ બાદ

આજે તો અલ્પ જ વિદ્યમાન છે. આથી પણ શ્રુત=શાસ્ત્રવ્યવહાર તો આજે ગૌણ જ છે અને આરાધનામાં તો (ટિપ્પણામાં આગલે દિવસે તિથિ ઘણી ઘડીવાળી હોય છતાં) ઉદયથી જ ઉદયાત્ ગણાતી તેમજ **क्षये पूर्वा०'** થી તે ક્ષીણ તિથિને ઉદયવાળી બનાવાતી આપવાદિક તિથિઓનો જ તિથિઓ તરીકે આદર કરવાનો જીતવ્યવહાર=આચરણા તો ચૌદ પૂર્વધર ભગવંતાદિએ રચેલ શ્રી નિર્યુક્તિ અને ચૂર્ણિ જેવા આગમગ્રન્થોના **'अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आषाढपुण्णिमाओ वीसति राते गते भणति ठिआमो त्ति'** પાઠ અનુસાર ચૌદપૂર્વધરોના કાળે શ્રુતવ્યવહારની મુખ્યતા હતી ત્યારની છે. જે અદ્યાવધિ અવિચ્છિન્નપણે પ્રચલિત છે.

શ્રીમત્તપાગચ્છગગનદિનમણિ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે **'શ્રી વિજ્ઞપ્તિત્રિદશતરંગિણી'** ગ્રંથમાં આપણી આ પ્રચલિત પરંપરા બાબત સ્પષ્ટ જણાવ્યું પણ છે કે–
**"या श्रीवीरसुधर्माद्यैः प्रणीता स्वागमानुगा। आचीर्णा स्थविरैः काला-नुरूपयतनाश्रिता॥१॥**
**सामाचारी गणेऽस्मिंस्तु शुद्धा सैवास्त्यखंडिता। परंपरागता सर्वगणान्तरगताधिका॥२॥**
આ જે (શ્રીમત્તપાગચ્છની) સામાચારી છે તે તો "શ્રી વીરભગવંતે અર્થથી આત્માગમાનુસારે, શ્રી સુધર્માસ્વામીએ અનંતરાર્થાગમાનુસારે અને તે પછીના ચૌદ પૂર્વધર ભગવંતો વગેરે પરમતારક મહાપુરુષોએ પરંપરાર્થાગમ અનુસારે પ્રરૂપેલી, સ્થવિરભગવંતોએ આચરેલી અને કાલને અનુરૂપ યતનાનો આશ્રય કરીને રહેલી એવી શુદ્ધ છે; તે જ સામાચારી અખંડિત છે, પરંપરાગત છે અને સર્વગચ્છોમાં રહેલી સામાચારીથી શ્રેષ્ઠ છે."

(૫)–શ્રી 'ધર્મરત્નપ્રકરણ' ગ્રંથ પૃ. ૨૪૭ ઉપરની–**'अन्नह भणियंपि सुए किंचि कालाइकारणावेक्खं०'** ઇત્યાદિ ૮૧ થી ૮૩ ગાથાનુસારે સાડાત્રણસો ગાથાના સ્તવનની ૧૪મી ઢાળમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે જણાવેલી–'સૂત્રે ભણ્યું પણ અન્યથા–જુદું જ બહુગુણ જાણ; સંવિજ્ઞવિબુધે આચર્યું–કાંઈ દીજે હો કાલાદિ પ્રમાણ–સાહેબજી૦' ઇત્યાદિ ગાથાઓ પણ સ્પષ્ટ જણાવે છે કે–'શાસ્ત્રમાં જુદું કહ્યું હોય અને આચરણામાં જુદું ય હોય.' આથી આચરણાની શુદ્ધાશુદ્ધતાનો નીવેડો શાસ્ત્રદૃષ્ટિએ લાવવાનું કહેવામાં આશયશુદ્ધિ જ ગણાય.

(૬)–આ દરેક જોતાં તે વાકયમાં જે–'આચરણાનો નીવેડો શાસ્ત્રદૃષ્ટિએ લાવીશું તો આપણો આરાધક ભાવ ટકી રહેશે.' એમ કહ્યું છે તેમાં આરાધકભાવ જ નહિ ગણાય અને એ રીતિએ આરાધકભાવનો જ અભાવ હોયે સતે 'આરાધકભાવ ટકી રહેશે' એમ કહેવું તે હાસ્યાસ્પદ જ ગણાય.

(૭)–તે વાકયમાંની–'ભવિષ્યમાં થનાર કોઈ પણ બુદ્ધિશાળી નવો ખળભળાટ ઉત્પન્ન નહિ કરી શકે.' એ અંતિમ પંક્તિ પણ સં. ૧૯૯૨ થી નવો ખળભળાટ ઉત્પન્ન કરનારને બુદ્ધિશાળી લેખાવતી હોવાથી અયુક્ત ગણાય. જૈન શાસનમાં બુદ્ધિશાળી તે જ ગણાય છે કે જે–'શાસ્ત્રની આજ્ઞાની જેમ અવિચ્છિન્ન આચરણાને પણ જિનાજ્ઞા જ માને અને શાસ્ત્રોક્ત

આજ્ઞાની શુદ્ધાશુદ્ધતાનો નીવેડો જેમ આચરણાની દૃષ્ટિએ લાવવાનું કહેવું એ મૂર્ખામી ભર્યું છે તેમ આચરણાની શુદ્ધાશુદ્ધતાનો નીવેડો શાસ્ત્રદૃષ્ટિએ લાવવાનું કહેવું એ પણ મૂર્ખામી ભરેલું જ છે' એમ સચોટ સમજ ધરાવતો હોય.

## શ્રદ્ધાની ખામી

**ભવિષ્યમાં થનાર** તેવો જૈન શાસનનો કોઇ પણ બુદ્ધિશાળી, નવો ખળભળાટ તો ઉત્પન્ન કરશે નહિ; પરન્તુ આધુનિક બુદ્ધિશાળી (?) એ ઉત્પન્ન કરેલા ખળભળાટ જેવા કોઈ પણ ખળભળાટને આજની જેમ ભાવપ્રાણઘ્ન વિષકંટક જાણીને તેનો મૂળમાંથી જ ઉદ્ધાર કરશે. માટે તે ભય, શ્રદ્ધાની ખામી સૂચક ગણાય.

## એ તો અજ્ઞાનોત્થિત ચેષ્ટા જ ગણાય

**તમારા તે સાત ભૂલ ભરેલા** એક ભયપ્રદ વાકય પછી તમે જણાવેલા-"**આપણે ગીતાર્થો** પરસ્પર નીવેડો નહિ લાવી શકીએ તો દોષનો ટોપલો આપણા માથે ચઢાવીને જે ગૃહસ્થો થોડા અંશે પણ આપણા શેઠ બન્યા છે તે હવે પૂરા બનશેઃ" એ બીજા ભયપ્રદ વાકયમાંના '**આપણે ગીતાર્થો**' શબ્દો જોતાં તો એક જ વાકયમાં સાત ભૂલ કરનાર માણસ પણ પોતે પોતાને ગીતાર્થ દેખે! અને પરસ્પર નીવેડાની વાત કરે! ત્યારે તો તેને અજ્ઞાનોત્થિત ચેષ્ટા જ માનવી રહે.

## એ પૂરા શેઠોનો ભય અબુધગીતાર્થોએ રાખવાનો છે.

**તે બીજા ભયપ્રદ વાકયમાંના** તેવા તે અહંભાવી શબ્દો પછી આપે જે-" પરસ્પર નીવેડો નહિ લાવી શકીએ તો દોષનો ટોપલો આપણા માથે ચઢાવીને જે ગૃહસ્થો થોડા અંશે પણ આપણા શેઠ બન્યા છે તે હવે પૂરા બનશે." એ મુજબ લખીને ભવિષ્યમાં ગૃહસ્થો આપણા પૂરા શેઠ બની જવાનો ભય બતાવ્યો છે તે તો સદંતર અસ્થાને છે. કારણ કે-'તેવા ગીતાર્થોને નિજની નિરાધાર અને મનસ્વી હોવાને અંગે જ તેવી ભરપૂર ભૂલો વાળી વાતોને શાસ્ત્રીય વાતો તરીકે લેખાવવા સારૂ અનેક કૂટ પ્રયત્નો કરવા પડતા હોવાથી અને તેઓના તે પ્રયત્નો શાસ્ત્રાનુસારીઓ દ્વારા તત્ત્વરૂપે ઉઘાડા પડી જતા હોવાથી તેઓને શાસ્ત્રાનુસારીઓ સામે કાદવ ઉરાડનારા ગૃહસ્થોનો આશ્રય લેવો પડે છે અને તે આશ્રય લેવામાં તેઓએ પોતે જ ગૃહસ્થોને થોડા અંશે પણ શેઠ બનાવ્યા હોય છે. તેવા ગીતાર્થોએ તેવા અલ્પાંશે પણ નિજના સ્વયં નીપજાવેલા શેઠો, તેવા ગીતાર્થોથી પરસ્પર નીવેડો ન આવે ઉશ્કેરાઈને તે દોષનો ટોપલો આરાધક આત્માઓને માથે ય ચઢાવે તો તેમાં તેવા શેઠોની જ અજ્ઞાનતા છે. તેવા અલ્પાંશે બનાવેલા શેઠો, વખત જતાં પૂરા શેઠ બને તો પણ તેવા ગીતાર્થોના જ પૂરા શેઠ બનવા સંભવિત હોવાથી તે ભય પણ એવા અબુધગીતાર્થોએ જ રાખવો રહે છે.

## આપસમાં આપ લે કરવાનું મોકુફ રાખેલ છે.

તમારા પત્રમાંનાં તે બંને વાકયોમાં રહેલી અનેક અણસમજનું ઉપર જણાવ્યા મુજબ પૃથક્કરણ કર્યા બાદ હવે તે પત્રમાં તમે છેવટે જે–"તમારામાં જે મધ્યસ્થ કે સમજદાર ગણાતા હોય તેમને પણ આ મારૂં લખાણ **યોગ્ય લાગે તો** મોકલી પરસ્પર વિચારણા તો કરી લેવા જેવી ખરી. જેથી એક નિર્ણય કરી શકાય." એમ જણાવ્યું છે તે બદલ જણાવવાનું કે–તમારા પત્રમાંનું તે લખાણ જ આ ઉપર જણાવેલ છે તેટલી બધી અણસમજવાળું હોવાથી તેમજ તે પત્રની સાથે તમે વિચારવા મોકલેલ મૂલસૂત્ર અને અપવાદ સૂત્ર સહિતના ૪ પ્રશ્નોત્તરો તો શાસ્ત્ર અને પરંપરાના બોધનો સદંતર અભાવ જ સૂચવતા હોવાથી તમારૂં લખાણ, અમારામાંના મધ્યસ્થ અને સમજદાર ગણાતા મુનિવરોને મોકલવું જ યોગ્ય લાગ્યું નથી: આથી પરસ્પર વિચારણા કરી લેવા અને તે ઉપરથી એક નિર્ણય ઉપર આવવા સારૂ કોઈને મોકલવું મોકુફ રાખેલ છે.

## આ૦ શ્રી યશોદેવસૂરિજીએ પ્રશ્નોત્તરોની જોડે મોકલેલ હેવાલના ખુલાસા.

**તમારા તે પત્રની સાથે** તમે મોકલેલા ૪ પ્રશ્નોત્તરોની પહેલાં લખેલા હેવાલમાં તમે પ્રથમ જે–" **જૈનટિપ્પણાના** તિથિ ૬૧/૬૨ **આ હિસાબે** ૬૨મો દિવસ ક્ષયનો જ આવે." એ પ્રમાણે 'એવ'કાર યુક્ત વાકય લખેલું છે તે જૈન જ્યોતિષશાસ્ત્રને નામે ખોટું જ લખી માર્યું છે. જૈન જ્યોતિષના હિસાબે દિવસ, પોતાની ૬૦ ઘડીમાં કદિ એક અંશ ઓછો હોતો નથી; પરંતુ દિવસમાં તિથિ એક અંશ ઓછી હોય છે: તેથી દિવસનો તો કદિ ક્ષય આવતો નથી; પરંતુ તિથિનો જ ક્ષય આવે છે, એ સમજણ હોત તો જૈનટિપ્પણાનાં નામે–**તિથિ ૬૧/૬૨ ના હિસાબે ૬૨મો દિવસ ક્ષયનો જ આવે.'** એ વાકય, જૈનટિપ્પણાથી સદંતર જુદું હોવા છતાંય 'એવ' કાર પૂર્વક લખવાનું જે સાહસ કર્યું છે તે તો ન જ કર્યું હોત; પરંતુ તેને બદલે–' તિથિ ૬૧/૬૨ના હિસાબે એકસઠમા દિવસે એક તિથિનો ક્ષય આવે. ' એમ તદ્દન સાચું જ લખવાની શાસ્ત્રાનુસારિતા દર્શાવી હોત; પરંતુ પૂર્વ પુરુષોએ આચરેલ માર્ગ લોપવાથી એ ન સૂઝયું !

**તે પહેલા વાકય પછી** તમે જે–"જૈનવરસની શરૂઆત ગુજરાતી અશાડ વદ ૧ થી." એ બીજું વાકય લખ્યું છે તે ખોટું છે તેને બદલે 'જૈનયુગની શરૂઆત જૈની શ્રાવણ વદ ૧થી' એમ લખ્યું હોત તો તે સાચું લેખાત. તે બીજા વાકય પછી તમે જે–"પાંચ વરસોમાં ત્રીસ ક્ષય આવે જ તેનું કોષ્ટકઃ–'(૧)–ભાદરવા વદ ૨, (૨)–કાર્તિક વદ ૪ યાવત્ (૩૦)–બીજો અશાડ શુદ ૧૫ ( ક્ષયનો ચોમાસીનો દિવસ )" એ ત્રીજું વાકય લખ્યું છે તેમાં ચાર ભૂલ છે **એક ભૂલ તો એ છે કે**–પહેલા વાકયમાં '૬૨મો દિવસ ક્ષયનો જ આવે.' એમ જણાવ્યા મુજબ અહિં પણ ' પાંચ વરસમાં ત્રીસ ક્ષય આવે જ' એમ ઔઘિક જણાવવા વડે અર્થાપત્તિથી પાંચ વરસમાં જે ત્રીસ દિવસનો ક્ષય આવતો હોવાનું

જણાવ્યું છે તે ખોટું છે. તેને બદલે 'પાંચ વરસમાં ત્રીસ તિથિનો ક્ષય આવે જ.' એમ જણાવવું જોઈતું હતું. આ ત્રીજા વાકયમાં **બીજી ભૂલ એ છે કે**–'અશાડ વદ ૧થી ભા. વ. ૨નો ક્ષયનો દિવસ ૬૧મો થાય છે છતાં તમે તે દિવસને ૬૨મો લખેલ છે.' **ત્રીજી ભૂલ એ છે કે**–તે ક્ષીણ ભા. વ. ૨ પછીથી ક્ષીણ કાર્ત્તિક વદ ૪નો દિવસ પણ ૬૧મો જ થાય છે યાવત્ ૨૯મા જેઠ શુદ ૧૩ ના ક્ષય સુધી ૬૧મો જ દિવસ થાય છે છતાં તમે સર્વત્ર ૬૨મો દિવસ લેખેલ છે! અને **ચોથ ભૂલ એ છે કે**–'યુગના અંતે જે ૩૦મો બીજા અશાડ શુદ ૧૫નો ક્ષય આવે છે તેને તમે શાસ્ત્ર અને પરંપરા બન્નેથી વિરુદ્ધ જઇને **ક્ષયનો ચોમાસીનો દિવસ** કહેલ છે,

કારણકે–તે આષાઢ શુદિ ૧૫ નો ક્ષય જૈનોમાં જૈનટિપ્પણાની અપેક્ષાએ ગણવામાં આવેલ છે, જૈની આરાધનાની અપેક્ષાએ ગણવામાં આવેલ નથી. આરાધનામાં તો તે ક્ષીણ પૂનમને ચૌદપૂર્વધર ભગવંતો પણ–**'अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमाओ वीसति राते गते भणति ठिआमो त्ति'** એ પાઠદ્વારા (વીશ દિવસની ગણત્રીમાં તે ક્ષીણપૂનમને ઉદયાત્પૂનમ લેખી હોવાનું જણાવનારી) પૂનમની જ સંજ્ઞા આપેલી છેઃ અર્થાત્–' અભિવર્દ્ધિત વર્ષના તે બીજા આષાઢ શુદ ૧૫ ના ક્ષય વખતે આરાધનામાં તો તે પૂનમને ચૌદપૂર્વધર ભગવંતોએ પણ ચોમાસીની પૂનમ જ ગણેલ છેઃ ટિપ્પણાના ક્ષયે આરાધનામાં તેનો ક્ષય ગણેલ જ નથી વળી તે ક્ષીણતિથિને અંગે તમારી જેમ '**ક્ષયનો ચોમાસીનો દિવસ**' તો શાસ્ત્ર, જૈનપંચાંગ કે પરંપરામાં કોઇએ કયાંઈ બોલવુંય ઉચિત માન્યું નથી. તમારી સિવાય પર્વ તિથિના ક્ષયને ક્ષય કહે પણ કોણ?

## એ મૂલસૂત્ર નથી; પરંતુ બનાવટી પદ્ય છે.

**તમારા તે પત્રની સાથે** તમે મોકલેલા ચાર પ્રશ્નોત્તરોની જોડે મોકલેલા તે હેવાલયુક્ત [ ત્રીસ દિવસનો (?) ક્ષય જણાવનારા ] કોષ્ટક પછી તમે જે–'મૂળસૂત્ર–**उदयंमि जा तिहि सा स्तोकापि पमाणा ।**" એમ લખ્યું છે, તેમાંનું '**तिही**'ને બદલે '**तिहि**' પદ, તે પ્રાકૃત પદ્યમાં અન્યનું ઘુસાડેલું '**स्तोकापि**' એ સંસ્કૃત વાકય અને તે પદ્યને છેડે રહેલો '**पमाणा**' શબ્દ, તે પદ્યના કર્તાને સામાન્ય બોધવાળો પણ લેખવાની સાફ ના જણાવે છે. અન્ય સંસ્કૃત વાકયમાંના તે '**स्तोकापि**' પદને તે પ્રાકૃતપદ્યમાં યોજીને અને નિત્યનપુંસક ગણાતા '**पमाणं**' પદને એ રીતે '**पमाणा**' તરીકે સ્ત્રીલિંગે સ્થાપીને તમે પોતે વિકૃત બનાવી દીધેલા પોતાના તે પદ્યને તમે મૂલસૂત્ર તરીકે જણાવવાની જે હિંમત કરી છે તે હિંમતની પણ બલિહારી ગણાય! શાસ્ત્રમાં તો '**उदयंमि जा तिही सा पमाणं**' એમ પદ્ય છે અને તે પદ્ય પણ **तिथिश्च, प्रातः प्रत्याख्यानवेलायां यः स्यात् स प्रमाणं**' એ નિયામક વિધાનનું '**आहुरपि**' કહીને જણાવેલું સાક્ષી પદ્ય છે. મૂળસૂત્ર નથી. (જુઓ–શ્રી શ્રાદ્ધવિધિગ્રંથગત–તિથિપ્રકરણ પૃ. ૧૫૨)

**'तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां०'**એ નિયામક વિધાન પણ ટિપ્પણાની લૌકિક તિથિઓનું મૂળ નથી, ટિપ્પણામાં આરાધ્યતિથિની ક્ષય–વૃદ્ધિ ન હોય ત્યારે આરાધના અંગે સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના ૨૪ કલાક પ્રમાણવાળી બનાવાતી આરાધ્ય તિથિઓનું મૂળ છે. ટિપ્પણામાંની ક્ષય–વૃદ્ધિ પ્રસંગે આરાધનાની તિથિઓ પ્રાપ્ત કરવામાં તો તે મૂલ વિધાન પણ અમૂલ છે.

આથી આરાધ્યતિથિઓ મેળવી આપનારૂ તે **'उदयंमि०'** એ ટિપ્પણાની તિથિઓનું મૂળ નથી; પરંતુ ટિપ્પણાની તિથિઓ, એ આરાધ્યતિથિઓનું મૂળ છે અને **'उदयंमि०'** એ આચાર્યનું વચન તો તેનો અપવાદ છે. આ અપવાદ, ટિપ્પણામાંની ક્ષય–વૃદ્ધિ સિવાયની ૫૯ ઘડીવાળી તિથિઓમાંથી આરાધ્ય ૬૦ ઘડીની તિથિઓ મેળવી આપતો હોવાથી આરાધનાની તિથિઓને આશ્રયીને ઉત્સર્ગમાર્ગ ગણાય છે અને ટિપ્પણામાંની ક્ષય–વૃદ્ધિવાળી તિથિઓમાંથી પણ તેવી આરાધ્ય ૬૦ ઘડીની તિથિઓ મેળવી આપનાર**'क्षये पूर्वा०'** આદિ સૂત્રો, તે ઉત્સર્ગનો અપવાદમાર્ગ ગણાય છે. આ સ્થિતિમાં તમે નિરાધાર નવામતની સીપારસ રૂપે **'उदयंमि जा तिहि सा स्तोकापि पमाणा'** એ બનાવટી પદ્યને મૂલસૂત્ર ગણાવવામાં પણ સંકોચ નથી રાખ્યો તેમાં તમારામાં ગણાવો છો તે આરાધકભાવ તમને જ ક્યાંઈ દેખાય તેમ છે?

## શ્રી યશોદેવસૂરિજીએ ચાર પ્રશ્નોત્તરોના–દીર્ઘ વિચારણાપૂર્વક માગેલા ખુલાસા.

**પ્રશ્ન ૭૭:**–(એક જિજ્ઞાસુના)–'જૈન ટીપણું મોજુદ હતું ત્યારે પાંચમા વર્ષની ચોમાસી અશાડ શુદ ૧૫નો ક્ષય આવતો હતો ત્યારે શી વ્યવસ્થા હતી?' એ પહેલા પ્રશ્નનો અમારો–'અશાડ શુદ ૧૪નું પકખી પ્રતિક્રમણ અને પૂર્ણિમાનું ચોમાસી પ્રતિક્રમણ ભેગું થતું હતું. કારણ કે–ઉદયના હિસાબે ચૌદશ અને ભોગવટાના હિસાબે પૂનમ છે માટે.' એ ઉત્તર પ્રમાણિક છે ને?

**ઉત્તર:**–જૈન ટિપ્પણાની હયાતિમાં યુગને અંતે પૂનમના ક્ષયે તે ક્ષીણ પૂનમને પૂનમની સંજ્ઞા આપીને તે દિવસની ટિપ્પણાની ચૌદશના સૂર્યોદયથી જ ચોમાસીની પૂનમ તરીકે આરાધવામાં આવતી હતી: આ વાત નિર્યુક્તિકાર શ્રી ચૌદ પૂર્વધર ભગવંતના–**'अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो:आसाढपुण्णिमाओ०'** વચનથી સિદ્ધ છે. આથી તમારો તે ઉત્તર, તે આગમશાસ્ત્ર અને તદનુસારે આજે પણ શાસનસંઘમાં પ્રવર્ત્તતી અવિચ્છિન્ન પરંપરાથી સદંતર વિરુદ્ધ છે.

(अ) **તમારા તે ઉત્તરને તમે પણ** પ્રમાણિક માની શકો તેમ નથી. કારણ કે–તેમ માનવામાં તો તમારે–"તે અશાડ શુદ ૧૫ના ક્ષયને લીધે પ્રભુ શાસનમાં કાર્ત્તિકી આદિ ત્રણેય ચોમાસી, યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય ભગવંતે પાંચમની સંવત્સરી ચોથે પલટી

તે પછીથી નહિ; પરંતુ પ્રભુ શાસનની આદિથી જ શુદ્ધ ચૌદશે થતી હતી.” એમ માનવું અને સાબિત કરી આપવું પડે તેમ છે. જે તમે કોઈ ઉપાયેય માની કે સાબીત કરી શકો તેમ નથી જ.

(आ) તમારી-‘ઉદયના હિસાબે ચૌદશ અને ભોગવટાને હિસાબે પૂનમ છે માટે અશાડ શુ. ૧૪નું પકખી અને પૂર્ણિમાનું પ્રતિક્રમણ ભેગું થતું હતું.’ એ વાત પણ કપોલ-કલ્પિત છે. કારણ કે-“આરાધનામાં તે ચોમાસીની તિથિને=પૂનમને નહિ; પરંતુ તે પૂનમની ચોમાસીને એક દિવસ પાછલ લઈ જવાના તેમજ તે પ્રમાણે ત્રણ ચોમાસી એકેક દિવસ પાછળ ખસેડવામાં ત્રણ પકખી પ્રતિક્રમણ ઓછાં થયાં હોવાનાં શાસ્ત્રમાં દસ્કતો પણ મોજુદ છે. તમારા શ્રી જંબૂવિજયજીએ પણ ‘તિથિ સાહિત્યદર્પણ’ બૂકના ૧૪૮મા પેજ ઉપર-‘સંવત્સરી ફરવાથી **પૂનમની ચાતુર્માસી** પણ ફરી તે ચૌદશમાં નિયત થઈ, અને તેથી **ત્રણ પકખી પડિક્કમણાં ઓછાં** પણ થઈ ગયાં.’ એમ સ્પષ્ટ જણાવ્યું છે.”

(इ) એ મુજબ ચૌદશમાં જ્યારે તે ચોમાસી જ નિયત થઈ છે અને તેને અંગે ત્રણ પડિક્કમણાં પણ ઘટયાં છે તેથી તે આષાડી પૂનમના ક્ષય પ્રસંગે ‘ટિપ્પણાની ઉદયવાળી ચૌદશના દિવસે આરાધનામાં સૂર્યોદયથી ચૌદશ લેખાણી નથી; પરંતુ અ. શુ. ૧૫ વાળી ચોમાસી જ લેખાણી છે, અને તેથી તે દિવસે ચૌદશનું પ્રતિક્રમણ થતું જ નથી અને ચોમાસીનું જ પ્રતિક્રમણ થાય છે.’ એ વાત નક્કી છે. તે દિવસનું પ્રતિક્રમણ કરનારાઓ પણ-‘આજે બે પ્રતિક્રમણ કર્યાં’ એમ તો કહેતા જ નથી અને ‘આજે ચોમાસી પ્રતિક્રમણ કર્યું’ એમ તો કહે જ છે. આ વાસ્તવિક સ્થિતિમાં-‘તે દિવસે પકખી અને ચોમાસીનું પ્રતિક્રમણ ભેગું થતું હતું’ એમ કહેવું તે બેહુદુ પણ કેટલું છે? વિચારશો.

(ई) એ રીતે તમારી ‘તે બંને પ્રતિક્રમણ ચોમાસીના દિવસે ભેગાં થતાં હતાં’ એ વાત તદ્દન નિરાધાર ઠરતી હોવા છતાં તમે તે વાતને પ્રમાણિક તરીકે ઠસાવવા તે આરાધનાની ચોમાસીના એક જ દિવસે જે-‘ઉદયના હિસાબે ચૌદશ અને ભોગવટાના હિસાબે પૂનમ’ એમ ટિપ્પણાની બે તિથિ બતાવી છે, તેથી તો તમે-“ટિપ્પણાની તિથિ ગમે ત્યારે બેઠી હોય અને તે જોઈએ તો ૪૦ કે ૫૦ ઘડીની હોય તો પણ તે આરાધનાની તિથિ ગણાતી નથી અને આરાધનાની તિથિ, તે ચોમાસી કે-જે સૂર્યોદયથી જ અને ૬૦ ઘડીની ગણાય છે” તે બંનેને મિશ્ર કરીને ‘પ્રથમના ૧૨ કલાક ચૌદશ અને તે પછીના ૧૨ કલાક પૂનમ’ એમ બે ભાગમાં મનસ્વીપણે જ વ્હેંચી નાખવાનું સાહસ જ કર્યું ગણાય.

(उ) **એ સાહસમાં પણ તમારે** તે અ. શુ. ૧૫ના ક્ષયપ્રસંગની ટિપ્પણાની અ. શુ. ૧૪ના દિવસે ચોમાસીના કરાવેલા વ્રત-પચ્ચક્ખાણ પૌષધાદિકોને ચૌદશના વ્રતાદિ ગણાવવામાં મૃષાવાદી બનવું પડે તેમ છે અને તેવા મૃષાવાદી બનવું ન પડે એ સારૂ તેઓને જો તમે તે વ્રતાદિ ચોમાસીના લેખાવો તો તેમાં તો ટિપ્પણાંની તે (ઉદયના ઓઠે આરાધનાની માનવા મનાવવા

માંડેલી) તમારી ઇષ્ટ ચૌદશનો તે દિવસે તમારા હાથે જ લોપ થઈ જવા પામે તેમ છે! આથી તમે તમારી તે 'એક દિવસે બે પ્રતિક્રમણ થવાની' કલ્પિત વાતમાં આગળ કરેલો તે ઉદય અને ભોગવટાનો બચાવ તો તમને જ હાનિપ્રદ બને છે.

(उ) **વસ્તુતઃ તો તે અ. શુ. ૧૫ના** ક્ષય પ્રસંગે તે દિવસે ઉદયના હિસાબે ટિપ્પણાનાં નામે ચૌદશ લેખવી તે તો ટિપ્પણાનો જ દ્રોહ કરવા બરાબર છે. કારણ કે– 'ટિપ્પણાની તે ચૌદશ તો ટિપ્પણાની તેરસે જ બેસી ગએલી હોઈને તે દિવસના સૂર્યોદયથી બેઠેલી હોતી જ નથી.' આચાર્યના **उदयंमि॰** વચનને આશ્રયીને તે દિવસે ઉદયાત્ ચૌદશ જણાવતા હો તો તો તે ચૌદશને ટિપ્પણાની ચૌદશ તરીકે લેખાવવામાં ખુલ્લા મૃષાવાદી ઠરો તેમ છો અને તે આખા દિવસમાં પૂનમના ભોગવટાના બ્હાને પણ તે ચોમાસીના અનુષ્ઠાનને તો સવારથી અવકાશ જ નહિ હોવાથી અર્થાપત્તિથી તો ચોમાસીના જ લોપક ઠરો તેમ છો! વિચારશોઃ

(ए) **વળી તે 'उदयंमि॰' વચન,** કે–જે ટિપ્પણાની તિથિઓ અંગે અપવાદ અને આરાધનાની તિથિઓ અંગે ઉત્સર્ગ વચન છે. તે ઉત્સર્ગવચન, ટિપ્પણાની ક્ષય–વૃદ્ધિવાળી પર્વતિથિઓને પ્રાપ્ત કરી આપવામાં અસમર્થ હોય છે, અને તે ઉત્સર્ગવચનનું **'क्षये पूर्वा॰'** એ અપવાદ વચન સમર્થ હોય છે. આથી યુગની અન્તેના તે બીજા અશાડ શુદ **૧૫** ના ક્ષયે તે ક્ષીણ પૂનમ, તે **उदयंमि॰** વચનથી પ્રાપ્ત થતી જ નથી અને **'क्षये पूर्वा॰'** વચનથી તો પ્રાપ્ત થાય જ છે. આથી તે પ્રસંગની ટિપ્પણાની હોવા છતાં ઉદયાત્ ગણાવાએલી તે ચૌદશનું સ્થાન તો સૂર્યોદયથી પૂનમને જ પ્રાપ્ત થતું હોવાથી ટિપ્પણાની તે ચૌદશ તો આરાધનામાં ચોમાસીની પૂનમ જ બનેલ છે, અને તેથી તે ચોમાસીની પૂનમે ટિપ્પણાની ચૌદશને પકખી લેખાવીને પકખીનું પ્રતિક્રમણ થતું હોવાનું કહો છો તે પણ મૃષાવાદ છે.

(ऐ) **આ ગ્રંથકાર મહાત્માએ** આરાધનામાં ચૌદશના ક્ષયે તેરસે તેરસનું નામ પણ નહિ લેવાનું અને ગૌણમુખ્યભેદે પણ ગૌણ એવી તેરસનાં સ્થાને ચૌદશ જ કહેવાનું ફરમાવ્યું છે તે મુજબ પણ તે મુખ્ય ગણાતી આષાઢી ચોમાસીના ક્ષયે આરાધનામાં ગૌણ ગણાતી તે ટિપ્પણાની ચૌદશનું તે દિવસે નામ પણ લેવું રહેતું નથી અને તે ગૌણ એવી ચૌદશનાં સ્થાને ચોમાસીની પૂનમ જ માનવી રહે છે. શ્રી શાસનસંઘમાં આચરણા પણ તે પ્રમાણે અવિચ્છિન્નપણે વિદ્યમાન છે. આથી તે દિવસે 'ભોગવટાને હિસાબે પૂનમ' એમ કહીને ભોગવટા પૂરતી જ પૂનમ માનવાની જે કલ્પના આગળ કરી છે તે કલ્પના તો સદંતર નિર્માલ્ય ઠરે છે.

## અહિં તો શ્રી જંબૂવિ૦થી પણ એક દિવસે તે બંને તિથિ ગણાવાઈ નથી!

(ओ) **અને એથી તો શ્રી જંબૂવિજયજીને** તેની **'તિથિસાહિત્યદર્પણ'**

બૂકના પેજ ૧૪૯ની ત્રીજી કલમમાં **'અહિં પકખી આરાધના જેમ ચોમાસી આરાધનામાં શાસ્ત્રકારે સમાવી દીધી'** એમ (શાસ્ત્રકારે પકખીની આરાધના તો શું પણ પકખીની ચૌદશ પણ નહિ જ સમાવી હોવા છતાં) શાસ્ત્રકારના નામે જુઠું જ લખીને મુખ્ય એવી તે ક્ષીણ આષાઢી પૂનમમાં આરાધનાના બ્હાને ગૌણ એવી પકખીની ચૌદશને સમાવી દેવાનું અને તે પછી તરત જ **'તેમ ક્ષીણ પૂનમાદિની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રીય ન્યાયે** (?–પૂનમને બદલે) **ચૌદશમાં સમાવી દેવી.'** એમ પલટો મારીને પહેલાં પોતેય મુખ્ય કહેલી તે ચોમાસીની પૂનમને પહેલાં પોતે જ ગૌણ કહેલી ચૌદશમાં સમાવી દેવાનું શાસ્ત્રના નામે વાહિયાત લખાણ પણ કરવું પડેલ છે! અને તેમ કરવા છતાં પણ તે ચોમાસીના દિવસે ૧૪–૧૫ બે તિથિ નહિ; પરંતુ તે બેમાંથી એક જ તિથિ અને ચોમાસીનું એક જ પ્રતિક્રમણ ગણાવી શકેલ છે. અર્થાત્ તેનાથી પણ અહિં એક દિવસે તે બન્ને તિથિ તો ગણાવી શકાઈ જ નથી.

(ઔ) **ટિપ્પણાંની પર્વતિથિના ક્ષયે** તે ક્ષીણ પર્વતિથિને પૂર્વની તિથિ કરવાનું જણાવનારા શ્રી ઉમાસ્વાતિજી વાચકના **'क्षये पूर्वा०'** પ્રઘોષની મુખ્યતા રાખીને ખરતર સામે ચર્ચા કરનાર આ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથકાર મહાપુરુષે, આ ગ્રંથમાં પર્વક્ષય વખતે જે ભોગવટાની વાત કરી છે તે, "ખરતરો પૂનમના ક્ષયે જે વદ એકમે પૂનમ કરવા જાય છે તે તેમની રીતને ખોટી લેખવવાની દલીલ તરીકે જ કરી છેઃ એટલેકે–'અમે તે વખતે ટિપ્પણાની ચૌદશે પૂનમ કરીએ છીએ તેમાં તો તે ચૌદશના દિવસે અમારે તો પૂનમનો ભોગ પણ છે; પરંતુ પડવે પૂનમ કરવામાં તમારે તો તે પડવે પૂનમના ભોગની પણ ગંધ નથી.' એમ ખરતરોને ભોગવટાની તે વાત માત્ર આપત્તિ આપવારૂપે જ જણાવી છે." એમ જાણવા છતાં શાસ્ત્રકારે મુખ્યત્વે સ્વીકારેલી તે **'क्षये पूर्वा०**ની વાતને છોડીને તમે તે ચૌદશના દિવસે તે દલીલ સ્વરૂપ ભોગવટાની અપેક્ષાએ પૂનમ ગણાવી છે તે તો શાસ્ત્રકારને જ ખુલ્લો અન્યાય કરવારૂપ છે. પર્વક્ષય વખતે પ્રભુશાસનમાં જો ભોગવટાવાળી તિથિ લેવાની હોત તો **'क्षये पूर्वा तिथिः कार्या'** એ અપવાદ ન બન્યો હોત; પરંતુ **'क्षये भोगवती तिथिः'** અપવાદ બન્યો હોતઃ તમે પણ આ લખાણને મથાળે **'क्षये पूर्वा०'** નેજ અપવાદ જણાવેલ છે. તમારા આ ૭૭ મા નંબરમાં દાખલ કરેલા–પહેલા પ્રશ્નોત્તરનો આ ખુલાસો ખૂબ દીર્ઘ વિચારણાપૂર્વક અવગાહશો. એટલે માનવું થાય છે કે–'તમારો તે પહેલા પ્રશ્નનો ઉત્તર, શાસ્ત્ર અને પરંપરાને સંપૂર્ણતયા બાધક છે' એમ તમને પણ સમજાશે.

**પ્રશ્ન ૭૮:**– (એક જિજ્ઞાસુના)–'ભેગું થતું હતું એ શા આધારે કહો છો?' એ બીજા પ્રશ્નનો અમારો–"કાલિકાચાર્યે કારણિક પાંચમને બદલે સંવત્સરી ચોથની કરી એટલે ચોમાસી ચૌદશની થઇ એના એક દિવસ પહેલાં અશાડ શુદ ૧૩ પકખી કરવી જોઇએ તેમ કરવાથી મૂળસૂત્ર તથા અપવાદ સૂત્રને બાધ આવતો હતો, માટે પકખી અને ચોમાસી પ્રતિક્રમણ ભેગું કર્યું. તે જ રીવાજ આજ પણ ચાલુ છે તે આધારે કહીએ છીએ.

આ રીવાજ જો નવો જ કરવાનો હોત તો ૨૮ વારમાં થનારા પકખી વગેરે ૨૮ પ્રતિક્રમણો ૨૫ વારમાં કરવા બદ્દલ મોટો ઝગડો પેદા થાત. બંને બાજુથી પોતપોતાના મંતવ્યોનું ઢગલાબંધ સાહિત્ય બહાર પડત, પણ આજે એ વિષયનું એક હેન્ડબીલ જેટલું પણ જોવા મળતું નથી." એ ઉત્તર તો પ્રમાણિક છે ને ?

**ઉત્તરઃ**– તમે આ ઉત્તરમાં જે–' **એટલે ચોમાસી ચૌદશની થઈ એના એક દિવસ પહેલાં અશાડ શુદ ૧૩ પકખી કરવી જોઈએ.**' એમ જણાવ્યું છે તે શાસ્ત્ર અને પરંપરાનુસારી છે; પરંતુ તે વાકય પછી તરતજ જે–' **તેમ કરવાથી મૂલસૂત્ર તથા અપવાદસૂત્રને બાધ આવતો હતો**' એમ જણાવ્યું છે તે તો–તમે ગણાવ્યું છે તે '**उदयंमि०**' મૂલસૂત્ર તો ટિપ્પણાના પર્વક્ષયે આરાધનામાં નિરુપયોગી જ હોવાથી તેમજ તે '**क्षये पूर्वा०**' અપવાદસૂત્રથી તો ( નિર્યુક્તિકારે પણ આપેલી પૂનમની સંજ્ઞા મુજબ ) તે ક્ષીણ આષાઢી પૂનમને ટિપ્પણાની ચૌદશે આરાધનામાં ઉદયાત્ પૂનમ જ ગણાતી હોવાથી ખુલ્લુ ગપ્પું જ છે. આ પહેલાનાં વાકયમાં તમે પણ '**ચોમાસી ચૌદશની થઈ**' એમ સ્પષ્ટ લખ્યું છે. 'ચોમાસી ચૌદશની થઈ' એ વાત જ જણાવે છે કે–તેમ કરવામાં પૂર્વાચાર્યોને પણ મૂલસૂત્ર અને અપવાદસૂત્રનો બાધ જણાયો જ નથી. જો એ બાધ આવતો હોત તો ચોમાસી ચૌદશની નહિ; પણ 'ચૌદશ–પૂનમની થઈ' એમ કહેવાત અને તેથી તેને અનુસરીને તમે પણ અહિં તેમજ કહ્યું હોત; પરંતુ '**ચોમાસી ચૌદશની થઇ**' એમ નજ કહ્યું હોત. સમજો, જરા સમજોકે–'**આ 'ચોમાસી ચૌદશની થઈ**' એ કોઇ પર્વક્ષય–વૃદ્ધિ પ્રસંગની **उदयंमि०** કે '**क्षये पूर्वा०** અનુસારી વ્યવસ્થા નથી; પરતુ આચરણા છે. આ કારણે ફેરફાર કરાય' એ જિનાજ્ઞાનુસારે હોય; પરંતુ કોઈ આગમસૂત્રને અનુસરતી હોય નહિ. આચરણાની ભા. શુ. ૪ ની સંવત્સરી પાંચમની સંવત્સરી જણાવનારા આગમસૂત્રને અનુસરતી નથી જ."

( **अ** ) આ સ્પષ્ટીકરણથી તમે કરેલી તે આચરિત ચોમાસીના દિવસે '**પકખી અને ચોમાસી પ્રતિક્રમણ ભેગું કર્યું**' એ વાતમાં તમોએ જણાવેલો 'મૂલસૂત્ર અને અપવાદસૂત્રને બાધ આવતો હતો' એ હેતુ તો આપોઆપ ગપ્પું જ ઠરે છે.

( **आ** )–' પકખીની ચોમાસી થઈ ત્યારથી તે ચોમાસીના દિવસે બે પ્રતિક્રમણ ભેગાં થતાં હતાં' એ તમારી વાતથી તો તમે આ અગાઉના પહેલા પ્રશ્નોત્તરમાં–તે દિવસે તે બંને પ્રતિક્રમણો, તે અગાઉથી=પ્રભુ શાસનની આદિથી ભેગાં થતાં હોવાનું જણાવ્યું છે તે પણ આપોઆપ ગપ્પું જ ઠરે છે.

( **इ** )–' તે આચરણાની ચોમાસીથી તે દિવસે તે બંને પ્રતિક્રમણો ભેગાં થતાં હતાં' એમ કહેવામાં પણ તમને પૂછીએ કે–" તમારી તે વાત મુજબ અર્થાપત્તિથી–તે ચોમાસી જેને અંગે પલટી છે તે 'સંવત્સરીની ભા. શુ. ૫ ના ક્ષયે ભા. શુ. ૪ સંવત્સરી અને ભા. શુ. ૫ નાં પ્રતિક્રમણો તો ત્યારથી ભેગાં થતાં જ હતાં' એ વાત તો તમે પ્રથમથી જ

સમજતા હતા એમ નક્કી જ છે ને? જો હા, તો પછી તે ભા. શુ. ૫ ના ક્ષયે સં. ૧૯૫૨–૬૧ અને ૮૯માં તમે તે આચરણાની ચોથના દિવસે તે સંવત્સરી અને પાંચમનું પ્રતિક્રમણ ભેગું કરી લેવાને બદલે તે પાંચમના ક્ષયવાળા શ્રી સંઘમાન્ય ચંડાંશુચંડુ પંચાંગને છોડીને ભા. શુ. ૬ ના ક્ષયવાળા બીજાં પંચાંગોનું શરણું શું કામ લીધું હતું? અને તેમ કરીને તે પ્રસંગે સંવત્સરીનું પ્રતિક્રમણ ચોથને દિવસે અને તે આગમોક્ત સંવત્સરીવાળી પાંચમનું પ્રતિક્રમણ પાંચમના દિવસે–એમ તે બંને પ્રતિક્રમણો બે દિવસે જુદાં શું કામ કર્યાં હતાં?

(ई)–'તે આષાઢી પૂનમના ક્ષયે ટિપ્પણાની ચૌદશે તે બંને પ્રતિક્રમણો ભેગાં કર્યાં' એમ તમે જણાવ્યું છે તે વાત પ્રથમ તો તે દૃષ્ટાંતાનુસારે તમે તો કોઈ પણ પૂનમના ક્ષયે ટિપ્પણાંની ચૌદશે ચૌદશ-પૂનમનાં બે પ્રતિક્રમણો સં. ૧૯૯૨ સુધી ભેગાં કર્યાં કરાવ્યાં જ નહિ હોવાથી તમારા દૃષ્ટાંતે પણ તદ્દન કપોલકલ્પિત ઠરે છેઃ અને તે પછી તમે **'તે જ રીવાજ આજ પણ ચાલુ છે એ આધારે કહીએ છીએ.'** એ બીજી વાત લખીને તો તમે ૧૯૯૩ થી શરૂ કરેલી ૨૫ વરસની તે તમારી કલ્પિત રીતને સકલ સંઘની રીત રૂપે લેખાવીને ૧૫૦૦ વર્ષો પહેલાં યુગપ્રધાનથી શરૂ થએલી સકલ સંઘની આચરણાની ચોમાસીના એક પ્રતિક્રમણની વાત સાથે જોડી દીધેલ છે તે તો ખૂબ જ હિંમતભર્યું નર્યું જુઠાણું જ ઉભું કર્યું ઠરે છે! તે ચોમાસી થઈ કે–તરત તેને આખા સંઘે અપનાવી હતી અને આજે પણ આખા સંઘમાં યથાવત્ ચાલુ છે તેમ તમારી તે એક દિવસે બે પ્રતિક્રમણો કરવાની કલ્પિત રીત (કે–જે સં. ૧૯૯૬ ના કાર્તિક શુદ ૧૪ સુધી તો આજે તમારા નવા વર્ગમાં ગણાતા શ્રી સિદ્ધિસૂરિજી–ભદ્રસૂરિજી અને કનકસૂરિજીએ ય અપનાવી ન્હોતી, તે) શું આજે તમે કાઢી કે તુરત આખા સંઘે અપનાવેલી છે? આજે શું તમારી તે રીત આખા સંઘમાં ચાલુ છે? સં. ૧૯૯૨ સુધી તમારામાં પણ તે રીત ચાલુ હતી? આજે પણ નવા વર્ગ સિવાયના પ્રભુશાસનના તેત્રીશ પૂ. સાધુસમુદાયો તમારી તે રીતને જરાય પ્રમાણિક માને છે? જો નહિ જ તો તેવી બેવજુદ વાતને અર્થાપત્તિથી આખા સંઘનાં ચાલુ રીવાજ તરીકે લેખાવીને તેવી રીતને આધારે 'તે દિવસે બે પ્રતિક્રમણો ભેગાં કર્યાં' એમ સકલ સંઘ માટે કહ્યું છે તે તમારો કયા પ્રકારનો આરાધકભાવ ગણાય? વિચારશો.

(उ)–આમ છતાં તે પછી તમે છેલ્લે–**"આ રીવાજ જો નવોજ કરવાનો હોત તો ૨૮ વારમાં થનારા પકખી વગેરે ૨૮ પ્રતિક્રમણો ૨૫ વારમાં કરવા બદલનો મોટો ઝગડો પેદા થાત, બંને બાજુથી પોતપોતાના મંતવ્યોનું ઢગલાબંધ સાહિત્ય બહાર પડતઃ પણ આજે એ વિષયનું એક હેન્ડબીલ પણ જોવા મળતું નથી."** એમ જણાવવા વડે તમે જે તમારી ૨૫ વર્ષથી ઉભી કરેલી તે સદંતર કલ્પિત રીતને ફરીથી પ્રાચીન રીવાજ લેખાવ્યો, પખ્ખીની ચોમાસી થઇ ત્યારથી ૨૮ વારમાં કરાતા પકખી આદિ ૨૫ પ્રતિક્રમણોને ૨૮ લેખાવ્યાં અને તે વખતે ૨૮ પ્રતિક્રમણ

નહિ; ૨૫ જ પ્રતિક્રમણ ૨૫ વારમાં થયા હોઈને ઝઘડાનો સંભવ જ નહિ હોવા છતાં તે વખતે કોઈ ઝઘડો જ નહિ થયો હોવાનું જણાવ્યું તે બધું પૂર્વોકત સ્પષ્ટીકરણ બાદ તમને જ કલ્પિત લાગે તેમ છે. ત્યાં તમારો તેવો ઉત્તર પ્રમાણિક કેમ ગણાય ?

(ऊ)–" સં. ૧૯૯૩ પહેલાં તમે પણ તેવા પ્રસંગે એક દિવસે બે પ્રતિક્રમણ કર્યાં નથી. **શ્રીસેનપ્રશ્ન** ઉલ્લાસ ૪ પૃ. ૧૧૫ ઉપર પણ તમારી જેમ હવે ૨૫ વારમાં થતા પકખી આદિ પ્રતિક્રમણોને ૨૮ લેખાવ્યાં નથી; પરંતુ **'तत्र प्रतिक्रमणानि न्यूनानि भवंति'** એમ કહીને પચ્ચીશ જ લેખાવ્યાં છે, અને તે ઓછાં થયાં તેમાં પૂર્વાચાર્યોની આચરણા તરીકે સર્વાનુમત બનેલી હોવાથી તે વખતે ઝઘડાનો સંભવ જ ન્હોતો." એમ તમે પણ જાણતા હોવા છતાં તે પંદરસો વર્ષ પહેલાની વાતને તમારા ૨૫ વર્ષ પહેલાના નવા મતમાં ખપાવવા સારૂ તમે તે ૧૫૦૦ વર્ષ પહેલાના તે નિમિત્તના ઝઘડાના હેન્ડબીલના અભાવને સબળ કારણ તરીકે આગલ કરો છો તે બાલચેષ્ટા તો તમને જ મુબારક.

**પ્રશ્ન ૭૯ :**– ( એક જિજ્ઞાસુના )–' સં. ૧૯૯૨ની સાલની માફક પૂર્ણિમા–અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ માનવી ચાલુ રાખીએ તો બહુ આનંદપૂર્વક પતી જાય છે.' એ ત્રીજા પ્રશ્નનો અમારો જે–'તમારા કહેવા મુજબ ક્ષય–વૃદ્ધિ કરવાથી નીચે મુજબ મહાદોષો થાય છે. ૧–મૂલસૂત્ર અને અપવાદસૂત્રોને બાધ પહોંચે છે અને તેથી **'आणाए धम्मो'** આ સૂત્રને બાધ આવવાથી સમ્યકત્વને હાનિ પહોંચે છે. ૨– સં. ૧૪૮૬ માં હર્ષભૂષણ ગણિજીએ પર્યુષણા સ્થિતિ–વિચાર, તથા તત્ત્વતરંગિણી તેમજ હીરપ્રશ્નોત્તરની સાથે વાંધો આવે છે. ૩–કલ્યાણકતિથિઓ, પ્રતિષ્ઠા વગેરેની તિથિઓની વ્યવસ્થા યોગ્ય રીતે જળવાતી નથી.' એ પ્રમાણે ઉત્તર છે તે તો પ્રમાણિક છે ને ?

**ઉત્તર:**–પ્રથમ તો 'સં. ૧૯૯૨ની સાલની માફક' એમ લખીને થએલો પ્રશ્ન જ જુઠો છે. શું વિ. સં. ૧૯૯૨માં જ પૂનમ–અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ થઈ હતી ? તે પહેલાંના સેંકડો વર્ષોથી તે મુજબ જ થતું આવ્યું હોવાનું જાણવા છતાં તમે તેવા જુઠા પ્રશ્નને ય પ્રમાણિક માનીને તેનો ઉત્તર આપવા પ્રેરાયા એજ તમારા ઉત્તરની અપ્રમાણિકતા પૂરવાર કરે છે. અને તેવા તે પ્રશ્નના ઉત્તરમાં તમે તે અવિચ્છિન્ન પરંપરાને અંગે જણાવેલ તે ત્રણ બાધ, બાધ દર્શકમુદ્દા બતાવ્યા વિના 'બાધ છે બાધ છે' એમ કહીને તમારે મોઘમ જણાવવા પડેલ હોવાથી તેમજ સં. ૧૯૯૨ સુધી તો તમે અને તમારા પૂર્વજોએ તે બાધોને બાધો જ માનેલા નહિ હોવાથી તમે પણ–" તે બાધો તે તેરસની ક્ષય–વૃદ્ધિની આચરણાને લેશમાત્ર બાધક તો નથી જ; પરંતુ સર્વાંગ સાધક છે." એમ જાણો છો અને ખોટી રીતે જ 'બાધ છે–બાધ છે' એમ જણાવો છો, એ વાત સ્વતઃસિદ્ધ છે : આથી તેમાં સમ્યકત્વ જ લેખાતું નહિ હોવાથી 'તેમાં સમ્યકત્વને બાધ આવે છે' એમ તમે આપેલો હેતુ પણ ઘેલીના પહેરણા જેવો હોઇને આ તમારો ત્રીજો ઉત્તર પણ તદ્દન અપ્રમાણિક છે.

**પ્રશ્ન ૮૦ :**–(એક જિજ્ઞાસુના)–' પૂર્ણિમા અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિની આચરણા ઘણા વખતની છે. ઘણાઓએ તે આચરણા કરી–હવે તેનો લોપ કેમ થાય ?' એ ચોથા પ્રશ્નનો અમારો જે– **' આ આચરણાથી જિનેશ્વરની મૂળભૂત આજ્ઞાઓનો જ લોપ થાય છે.** આ મોટા દોષની સાથે બીજી પણ ઘણી અવ્યવસ્થા ઉભી થાય છે. વળી ૧૪૮૬ માં શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિજીના શિષ્ય હર્ષભૂષણ ગણિકૃત **' પર્યુષણા સ્થિતિવિચાર '** ગ્રંથમાં લખ્યું છે કે– **"वृद्धाचरणाऽपि सैव प्रमाणं या चतुर्थीपर्वाचरणा-वदागमाऽविरुद्धा यदुक्तं द्वितीयांगनिर्युक्तौ व्यवहारे च–आचरणावि हु आणाअविरुद्धा चेव होइ आणत्ति"**॥ એ પ્રમાણે ઉત્તર છે તે તો પ્રમાણિક છે ને ?

**ઉત્તર:**– તમારા આ ઉત્તરમાં નવામતના નશાવશાત્ તમે વિગત જણાવ્યા વિના જ **' આ** ( તેરસની ક્ષય–વૃદ્ધિવાળી ) **આચરણાથી જિનેશ્વરની મૂળભૂત આજ્ઞાઓનો જ લોપ થાય છે.'** એ વાકય ફેંકાફેંકીની રીતે ઉચ્ચરીને તો તમે–આરાધનામાં **'अभि-वड्ढिअसंवच्छरे०'** પાઠથી પૂનમના ક્ષયે ચૌદશે પૂનમ અને તેરસે ચૌદશ કરવાનું જણાવનાર ચૌદ પૂર્વધર ભગવંતોને, ખરતરીય ગુણવિનયના–**'अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम् ?'** એ પાઠ મુજબ પૂનમ કે અમાસની વૃદ્ધિએ આજથી ચારસો વર્ષ પૂર્વે પણ બે તેરસ કરનારા આપણા ધુરંધર આચાર્યો–શ્રી આનંદવિમલસૂરિજી–શ્રી વિજયદાનસૂરિજી–હીરસૂરિજી સેનસૂરિજી અને આપણા ગચ્છનાયક શ્રી દેવસૂરિજી આદિને તથા સં. ૧૯૯૨ સુધી આરા-ધનામાં તેવા પ્રસંગે તે રીતે તેરસની જ ક્ષય–વૃદ્ધિ કરીને પ્રવર્ત્તેલા તમારા વડાદાદા–પરદાદા અને દાદાગુરુ શ્રી મણિવિજયજી–બૂટેરાયજી–મૂલચંદજી–સિદ્ધિસૂરિજી–વૃદ્ધિચંદ્રજી–આત્મારામજી–કમલસૂરિજી–ઉ૦વીરવિજયજી અને દાનસૂરિજી સહિત તમો આદિ સહુને પણ જિનેશ્વરની મૂળભૂત આજ્ઞાઓનો લોપ કરનારા તરીકે ઓળખાવવામાં ઘોરાતિઘોર પાપ છે, એમ તમને આ આખાયે **શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથાનુવાદનું** આમૂલચૂલ વાંચન જ જણાવી આપે તેમ હોવાથી પિષ્ટપેષણથી સર્યું.

આપણા શ્રી દેવસૂર તપાગચ્છની તે પ્રભુશાસનની આદિથી અવિચ્છિન્ન મનાતી આચર-ણાનો અપલાપ કરવા ઉચ્ચરેલા તે કઠોરતર હૃદયી વાકયને પણ પ્રમાણિક લેખાવવા સારૂ તમે તે વાકય પછી **' પર્યુષણાસ્થિતિવિચાર '**–માંના જે–" **'वृद्धाचरणाऽपि सैव प्रमाणं या चतुर्थीपर्वाचरणावदागमाऽविरूद्धा' यदुक्तं-द्वितीयांगनिर्युक्तौ व्यवहारे च–आचरणावि हु आणा अविरुद्धा चेव होइ आणत्ति ॥"** એ પ્રમાણે પાઠો આપેલા છે તે પાઠો, આપણા શ્રી દેવસૂર તપાગચ્છની પ્રસ્તુત અવિચ્છિન્ન આચરણાને અપ્રમાણ કહેતા નથી; પરંતુ–અશાડ શુદ ૧૫ થી ભા. શુ. ૪ ની સંવત્સરી પર્યંત જે પચાસ દિવસ જોઇએ તે બે શ્રાવણ તથા બે ભાદરવા વખતે ૫૦ દિવસ થવાને બદલે ૮૦ દિવસ થતા હોવાના ( શાસ્ત્રવિરુદ્ધ ) બ્હાને ક્રમે દ્વિ. શ્રા. શુદ ચોથે અને પહેલા ભા. શુ. ચોથે સંવત્સરી કરવાના આગ્રહ માટે વ્યુચ્છિન્ન ગણાતા સિદ્ધાંતટિપ્પનકને કેવળ તે સંવત્સરીના

પ્રસંગ પૂરતું જ આગલ કરનાર ખરતર, તે બાબત પોતાના વૃદ્ધની તેવી આચરણાને આગલ કરે છે તેથી તે ખરતરીય વૃદ્ધની તે આચરણાને જ અપ્રમાણ કહે છે, એમ જાણવા છતાં અહિં તમે તે પાઠોનો આપણી એ પ્રાચીન પરંપરાને અપ્રમાણિક લેખાવવામાં ઉપયોગ કર્યો છે તેમાં આરાધકભાવ જ જણાતો નહિ હોવાથી તમારા આ ચોથા ઉત્તરને અપ્રમાણિક પણ કેટલા પ્રમાણમાં જણાવવો ? એજ સમજવું મુશ્કેલ છે.

તમે તે પ્રાચીન આચરણાને અપ્રમાણિક લેખાવવા સારૂ આપેલા તેવા તે ખરતરીય આચરણાને અપ્રમાણિક જણાવતા પાઠોમાંનું **ચતુર્થીની આચરણાનું દૃષ્ટાંત** પણ–" ધ્રુવસેન રાજાએ આચાર્યશ્રીને સંવત્સરી એક દિવસ આગળ કરવાની વિનંતિ કરવાથી આચાર્યશ્રીએ,–'પંચમીની રાત્રિનું ઉલ્લંઘન ન કરવું.' એ તથા જ્યોતિષશાસ્ત્રો મુજબ–' પાંચમ, ચોથના દિવસે હોય પરંતુ છઠના દિવસે હોતી નથી.' એ લૌકિકગણત્રીને.પણ જાળવવા સારૂ **'लोगविरुद्धच्चाओ'**એ જિનાજ્ઞાને લક્ષ્યીભૂત કરીને ' સંવત્સરી આગલે દિવસે નહિ; પરંતુ પાછલે દિવસે કરાય' એમ રાજવીને જણાવવા પૂર્વક સંવત્સરી ચોથની કરી." એમ જણાવવા પૂરતું છેઃ સિવાય આગમમાં સંવત્સરી પાંચમની કહી છે છતાં આચાર્યશ્રીએ આચરણાથી ચોથે કરી છે તે તો સિદ્ધાંતની દૃષ્ટિએ ન તપાસાય તેવી હોઈને **'श्रुतोक्तादपि हीनमधिकं०'** રૂપ જીત છે અને તે જીતવ્યવહાર પણ જિનાજ્ઞારૂપ જ છે. આ વસ્તુની સમજ વિનાના ગીતાર્થો (?) પરસ્પર નીવેડો શી રીતે લાવે ? વિચારશોઃ અને તે સાથે તેવા કલ્પિતમતની એ પ્રકારની દુષ્ટ પક્કડવાળા ગીતાર્થ(?)માં આરાધકભાવની સંભાવના પણ કરે તેને પ્રાયશ્ચિત્ત શું આવે ? તે પણ તમારામાં કોઈ મધ્યસ્થ જાણકાર હોય તો તેને પૂછીને જણાવશો.

**પ્રશ્ન ૮૧:–' તિથિસાહિત્યદર્પણ '** બૂકના પેજ ૧૪૮ ઉપર શ્રી જંબૂવિજયજીએ, શ્રી સેનપ્રશ્ન ઉલ્લાસ ૪ પૃ. ૧૧૫ ઉપરના–**'श्रीकालिकसूरिभिः पाक्षिकदिने चातुर्मासकमानीतं, तत्र प्रतिक्रमणानि न्यूनानि भवंति तत्कथमिति ? प्रश्नोऽत्रोत्तरं-प्रतिक्रमणानां न्यूनत्वेऽधिकत्वे वा न कोऽपि विशेषो यतः पूर्वाचार्याणामाचरणैवात्र प्रमाणम् ।'** એ ટાંકેલા પાઠમાંથી **તે બૂકના પેજ ૧૪૯ ઉપર** ચાર બાબતો તારવીને જણાવી છે. તેમાંની ત્રીજી બાબત જે–" અહિં પકખી આરાધના જેમ ચોમાસી આરાધનામાં શાસ્ત્રકારે સમાવી દીધી તેમ ક્ષીણ પૂર્ણિમાની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રીય ન્યાયે ચૌદશ આદિમાં સમાવી દેવી, પરંતુ ઉદયતિથિ આદિ પલટાવવી નહિ." એ પ્રમાણે જણાવી છે તે બાબત, તે પ્રશ્નોત્તરને સંગત છે ?

**ઉત્તરઃ**–શ્રી જંબૂવિજયજીનું તે લખાણ, પ્રસ્તુત પ્રશ્નોત્તરથી વિપરીત અને ભ્રામક છે. ચૂર્ણિકારે કે શ્રી સેનપ્રશ્નકારે પકખીની કે ચોમાસીના છઠની આરાધના ચોમાસીમાં તો સમાવી દીધી નથી; પરંતુ પાક્ષિકના દિવસે ચોમાસી લાવ્યા તેમાં ' ત્રણ ચોમાસીએ ત્રણ પકખી પ્રતિક્રમણ ઘટયાં ' એ પ્રશ્નકારની વાત બદલ શ્રી સેનપ્રશ્નકારે તો–' પ્રતિક્રમણો ઓછાં થવાપણામાં કે વધુ થવાપણામાં કોઈ પણ તફાવત નથી. કારણ કે–એ બાબતમાં પૂર્વાચાર્યોની

આચરણા જ પ્રમાણ છે' એમ આપેલ સમાધાન વડે અર્થાપત્તિથી 'પૂનમની ચોમાસી ચૌદશે થઈ એટલે તે પૂનમ, અઠ્ઠાઈ બહારની પર્વી ગણાઈ.' એમ જ જણાવ્યું છે. 'પૂનમની ચોમાસી ચૌદશે થઈ એટલે તે ચોમાસીવાળી પૂનમ, પર્વીમાંથી ગઈ' એમ તો મિથ્યાત્વી જ માને.

આમ છતાં શ્રી જંબૂવિજયજીએ તે પ્રશ્નોત્તર અને તેની આગળ પાછળ પોતે ઉભાં કરેલાં લખાણમાંથી "પકખી આરાધના જેમ ચોમાસી આરાધનામાં સમાવી દીધી.' એ કલ્પિત વાતને શાસ્ત્રકાર મહારાજનાં નામે ગોઠવી દેવા વડે જે શાસ્ત્રપ્રત્યનીકતાનું કાર્ય કરેલ છે તે શોચનીય છે. આ કાર્ય, તેમણે તે ચોમાસી સિવાયની પૂનમોના ક્ષયે તે પૂનમોનું આરાધન મનસ્વીપણે જ ઉરાડી દેવાના દુષ્ટ ઇરાદાથી ખડું કરેલ છે. પોતાના તે અશુભ ઇરાદાની સિદ્ધિ માટે તેમણે (તિથિ વગરની કેવલ આરાધનાની જ વાત રૂપે) પ્રથમ ઉભી કરેલી તે 'પકખી આરાધના જેમ ચોમાસી આરાધનામાં શાસ્ત્રકારે સમાવી દીધી' વાતમાં દાખલ કરેલા 'જેમ' શબ્દના બળે તે આખી કલ્પિત વાતને એ પછી કરવા ધારેલી પૂનમોનું આરાધન ઉરાડી દેવાની વાતના ઉદાહરણ તરીકે ગોઠવી છે અને તે પછી તેમણે કરવા ધારેલી–'તેમ ક્ષીણ પૂનમાદિની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રીયન્યાયે ચૌદશમાં સમાવી દેવી, પણ ઉદયતિથિ ચૌદશ આદિ પલટાવવી નહિ.' એ પર્વલોપક વાતને મનસ્વીપણે જ ઉભી કરીને સિદ્ધાંતસ્વરૂપે લેખાવવાનું કેવલ ષડ્યંત્ર જ રચ્યું છે. તેમણે તેમ કરવામાં આધાર તરીકે રજુ કરેલા મુખ્યમાં ગૌણને સમાવી દેવાના શાસ્ત્રીયન્યાયનો પણ (પોતાની તે કલ્પિત વાતને શાસ્ત્રીય લેખાવવા સારૂ) અવળો જ ઉપયોગ કરેલ છે. અને તે એ રીતે કે–'ક્ષીણ પર્વતિથિને આરાધના માટે '**क्षये पूर्वा०**'થી ઉદયાત્ મેળવાય છે તેમાં આ શ્રી તત્ત્વતરંગિણીકાર મહર્ષીએ વિકલ્પે જે ગૌણ–મુખ્યભેદેય ક્ષીણ પર્વતિથિને ઉદયાત્ મેળવવાની વાત જણાવી છે તેમાં ક્ષીણતિથિને મુખ્ય ગણી છે; પરંતુ ઉદયાત્ તિથિને મુખ્ય ગણી નથી. (જુઓ–આ અનુવાદ પૃ. ૯) કારણકે-તિથિને અંગે આરાધના હોવાથી આરાધનાની ક્ષીણતિથિને મેળવવી રહે છે, ટિપ્પણાની ઉદયાત્ તિથિને મેળવવી રહેતી નથી.

**આથી પૂનમના ક્ષયે** ગૌણ મુખ્યના ન્યાયે પૂનમ મેળવવામાં ક્ષીણ પૂનમ મુખ્ય અને ઉદયાત્ ચૌદશ ગૌણ ગણાય છે. છતાં શ્રી જંબૂવિજયજીએ અહિં ગૌણ મુખ્ય ભેદવાળા શાસ્ત્રીય ન્યાયના ઓઠા તળે તે ન્યાયનો 'મુખ્ય ગણાતી ક્ષીણ પૂનમને ગૌણ અને ગૌણ ગણાતી ટિપ્પણાની ઉદયાત્ ચૌદશને મુખ્ય, લેખાવવા તરીકે અવળો જ ઉપયોગ કરેલ છે.

**આટલા સ્પષ્ટીકરણ બાદ આશા છે** કે–તે પ્રપંચમાં છૂપાએલો–'પૂનમના ક્ષયે આરાધનાની ચોવીશ કલાકની પૂનમ જાવ પણ ટિપ્પણાની ઉદયાત્ ચૌદશ રહો, તેમજ ચૌદશના ક્ષયે આરાધનાની તે ૨૪ કલાકની ચૌદશ જાવ પણ ટિપ્પણાની ઉદયાત્ તેરસ તો રહો જ:' એ શ્રી જંબૂવિજયજીનો એ પર્વલોપક દુરાશય સ્પષ્ટ સમજી શકશો. આ દુર્હેતુની સિદ્ધિ માટે તો તેમણે ત્રીજી બાબતમાં બે વાર તો 'ચૌદશ **આદિ**' એમ લખેલ છે.

**પ્રશ્ન ૮૨:**–તે બૂકના તે ૧૪૯મા પાનાની ચોથી બાબતમાં શ્રી જંબૂવિજયજીએ 'ચોમાસી છટ્ઠમાં ચૌદશ અવશ્ય લેવી. ક્ષયવૃદ્ધિના કારણે ચૌદશ સાથે પૂર્ણિમા સ્વતંત્ર ન આવે તો તે યેનકેન કલ્પિત લેવાનો હઠ કરવો નહિ.' એમ લખ્યું છે તે મુજબ તેઓ ચૌદશના ક્ષયે તો ચોમાસી છટ્ઠમાં તેરસ અને પૂનમ જ લેવાનું રાખીને ચૌદશને અવશ્ય લેતા નથી તેમજ તે પૂનમનો ક્ષય હોય ત્યારે **'चोमासीछट्ठं'** પાઠને આગળ કરનારા તેઓ, તે પૂનમને કલ્પિત લેવાનો નિષેધ કરવામાં તે ચોમાસીનો છટ્ઠ ચૌદશના એક જ દિવસે તો કરી શકતા જ નથીઃ અને ઉપરથી પૂનમ જેવી એક ચતુષ્પર્વીમાંની મહાન્ પર્વીનો લોપ થતો હોવાનું પાપોપાર્જન થતું હોવા છતાં તેમણે તેવું લખાણ કર્યું છે તો તેમાં પણ કોઈ શાસ્ત્ર અને પરંપરાની અપેક્ષા હશે ખરી?

**ઉત્તર:**–તે વર્ગે સં. ૧૯૯૩થી નવો તિથિમત કાઢચો છે તે કોઈ શાસ્ત્ર કે પરંપરાની અપેક્ષાએ કાઢેલ નથી, એક વ્યક્તિએ અહંતામાં ચઢીને પોતાના ગુરુની 'ના' હોવા છતાં એકાએક તે મત કાઢચો અને એ સામે ચૂં કે ચાં કરવાને અશક્ત એવા તદાધીનોએ ચૂંમાઈ રહીને તે કુમતને ફરજીઆત અપનાવવો પડચો! આજે તે કુમતને માનનાર જણાતો વર્ગ એ પ્રકારે ઉભો થએલ છેઃ પરિણામે એ વર્ગને તે કુમત શાસ્ત્ર અને પરંપરાનુસારી લેખાવવાની ફરજ આવી પડી હોવાથી જ તે વર્ગ, શાસ્ત્ર અને પરંપરાની બહારના તે કુમતને–શાસ્ત્ર અને પરંપરાને અવળા અર્થમાં રજુ કરીને પણ–સાચો દેખાડવા વર્ષોથી મથામણ કરી રહેલ છે.

**આ ચાલુ વાતમાં પણ** શ્રી જંબૂવિજયજીએ, પ્રથમ તે બૂકના પેજ ૧૨૦ ઉપર **'अट्ठमीए चउत्थं पक्खीए चउत्थं चउमासीए छट्ठं संवच्छरीए अट्ठमं०'** વગેરે અનેક પાઠો તો રજુ કર્યા; પરંતુ તે પાઠોનો ભાવાર્થ, તેમણે તે બૂકના ૧૨૧મા પેજ ઉપર બ્લેક ટાઈપમાં– "એટલે ક્ષયાદિ પ્રસંગે ચોમાસી સંવચ્છરી આદિના તેરસ ચૌદશ આદિ તિથિઓએ છટ્ઠ અટ્ઠમ જ્યારે કરાય ત્યારે તેના પૌષધ પણ કરાય." એ પ્રમાણે (તે પાઠોમાં જે વાત જ નથી તે વાતોને પોતે ઘુસાડીને) રજુ કરેલ છે, અને તેની અનુવૃત્તિ તરીકે તેમણે અહિં =૧૪૮–૧૪૯મા પેજ ઉપર) તે પોતાની કલ્પિત વાતને એ રીતે પુનઃ બ્હેકાવી છે. સિવાય તેમાં શાસ્ત્ર કે પરંપરાની કોઈ જ અપેક્ષા રાખવામાં આવેલ નથીઃ અને એથી જ તેઓ તમે જણાવેલી આપત્તિઓના ડગલે પગલે ભોગ બને છે.

**આ ચોથી બાબતમાં** શ્રી જંબૂવિજયજીને–'પહેલી તિથિ અને પછી આરાધનાની વાત હોય. કારણ કે–તિથિને અંગે આરાધના છે; પરંતુ આરાધનાને અંગે તિથિ નથી.' એ જ્ઞાન આવ્યું અને તેથી ઉપરના ૮૧મા પ્રશ્નમાં દર્શાવેલી તેમની ત્રીજી બાબતમાં તેમણે પકખીની (તિથિ નહિ; પરંતુ) આરાધના ચોમાસીની આરાધનામાં સમાવી' એમ જે મિથ્યા પ્રરૂપણ કર્યું છે તે આ ચોથી બાબતમાં તેમણે–'ચોમાસી છટ્ઠમાં (ચૌદશની આરાધના નહિ, પણ) ચૌદશ અને (ચૌદશની આરાધના સાથે પૂર્ણિમાની આરાધના નહિ; પણ) ચૌદશ સાથે પૂર્ણિમા' એમ લખીને સ્વયં સુધાર્યું છે તેટલું સારૂં કર્યું છે.

**પ્રશ્ન ૮૩:**–તે બૂકના પેજ ૧૪૯ ઉપર શ્રી જંબૂવિજયજીએ, શ્રી સેનસૂરિજી મ૦ના પાઠનો– '**પૂર્ણિમા ચોમાસી અટ્ઠાઈમાંથી બાતલ**' એ ભાવ, શીર્ષક તરીકે રજુ કરીને જ્યારે પૂર્ણિમા જેવી ચતુષ્પર્વીમાંની શાશ્વત પર્વીને 'બાતલ' શબ્દ દ્વારા તુચ્છ લેખાવવા રૂપે તે પૂનમનો ઘોર તિરસ્કાર કર્યો છે ત્યારે તે વ્યક્તિમાં માર્ગાનુસારીપણું પણ ગણાય કે કેમ?

**ઉત્તર:**–નવો તિથિમત કાઢ્યા પછી જેઓ ટિપ્પણામાંની તિથિઓને જ પર્વતિથિઓ ગણીને '**उदयंमि०**' અને '**क्षये पूर्वा०**' વગેરે જૈનાચાર્યોનાં વચનો વડે આરાધનાની બનાવાતી ૨૪ કલાકની જૈની બધી જ પર્વીઓનો તિરસ્કાર કરવાના ઉન્માર્ગે ચઢ્યા છે અને ટિપ્પણાની સ્વીકૃત તિથિઓને પણ બેઠી હોય ત્યારથી તેમજ જેટલી ઘડીઓવાળી હોય તેટલી ઘડીઓ વાળી ગણતા નથી. તેઓને તે પૂનમ જેવી ચતુષ્પર્વીમાંની મહાન્ છતાં એક પર્વીનો એ રીતે તિરસ્કાર કરવો એ શું હિસાબમાં હોય? અને તેથી તેઓમાં માર્ગાનુસારીપણું તો શું પણ તદ્‌ગુણસન્મુખતા પણ ગણાય કે કેમ? એ એક પ્રશ્ન બની રહે છે.

**કારણે પલટાએલી** ચોમાસીની તે ચતુષ્પર્વામાંની શાશ્વત પૂનમને બાતલ શબ્દથી નવાજનાર માણસ જો પોતે બાતલ ન હોય તો શાસ્ત્રોમાં આજે પણ અટ્ઠાઈમાં ગણાતી તે પૂનમ માટે તેવો નીચ શબ્દપ્રયોગ ન જ કરી શકે. (શ્રી જંબૂવિ૦એ તે નિંદ્યભાવ જે પાઠમાંથી કાઢીને ત્યાં શીર્ષકરૂપે રજુ કરેલ છે તે પાઠમાં) શ્રી સેનસૂરિજી મહારાજે પણ '**चतुर्मासाष्टाह्निका सांप्रतं चतुर्दशीं यावद्‌गणनीया**–ચોમાસીની અટ્ઠાઈ હમણાં ચૌદશ સુધી ગણવી.' એમ કહ્યું છે; પરંતુ 'પૂનમ હવે અટ્ઠાઈમાં ન ગણવી.' એવા હળવા વચનથી પણ તે પૂર્ણિમાપર્વની લઘુતા દર્શાવી નથી. આમ છતાં શ્રી સેનસૂરિજી મ૦ના તે પ્રૌઢ અને કોમળ વચનનો ભાવ જે માણસ તે શ્રી સેનસૂરિજી મ૦ના જ નામે–'**પૂર્ણિમા ચોમાસી અટ્ઠાઈમાંથી બાતલ**' એવા ક્રૂર અને કઠોર શબ્દમાં રજુ કરી શકેલ છે તે માણસમાં તત્ત્વજ્ઞો માર્ગાનુસારિપણું પણ કેમ જ ગણી શકે?

**પ્રશ્ન ૮૪:**–શ્રી જંબૂવિજયજીએ તે બૂકના પેજ ૧૫૧ ઉપર શ્રી હીરપ્રશ્નના '**पर्युषणोपवास०**' પ્રશ્નોત્તરનો–'પાંચમ ઉચ્ચરી હોય તેણે સંવત્સરીનો ઉપવાસ કર્યો, તે પંચમીમાં ગણાય કે નહિ? ઉત્તર:–છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો સંવત્સરીનો ઉપવાસ પાંચમમાં ગણાય, અન્યથા ન ગણાય.' એ પ્રમાણે અર્થ લખ્યો છે તે તો ઠીક; પરંતુ તે અર્થની નીચે તેમણે તે અર્થનો–'પંચમીની જો પ્રધાનતા જ હોત તો આ રીતે શાસ્ત્રકાર સંવત્સરીના તપથી તેનો તપ આવી ગયાનું ન જ જણાવી શકે.' એ પ્રમાણે તે પ્રશ્નોત્તરથી વિરુદ્ધનો ભાવાર્થ કેમ રજુ કર્યો હશે? અર્થાત્–સંવત્સરીની ચોથની અપેક્ષાએ તે પાંચમનું પ્રધાનપણું કોઈ જ કહેતું નથી. તેમજ હીરસૂરિજી મહારાજે તો તે પ્રશ્નોત્તરમાં–'સામર્થ્ય ન હોય તો સંવત્સરીનો તપ પંચમીમાં ગણાય; પરંતુ છઠ્ઠ કરવાની શક્તિ હોય તો તો સંવત્સરીનો તપ પાંચમમાં ન ગણાય.' એમ જ સાફ કહ્યું છે; છતાં 'પાંચમની પ્રધાનતા

નથી તેમજ શ્રી હીરસૂરિજી મહારાજે ચોથનો તપ પાંચમમાં આવી ગયાનું જણાવ્યું છે' એમ શ્રી હીરપ્રશ્નને નામે તેવો અસત્ય ભાવાર્થ કેમ રજુ કર્યો હશે ? શ્રી હીરસૂરિજી મહારાજે તો તે જ હીરપ્રશ્નમાં અન્યત્ર–**'येन शुक्लपंचमी उच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः**–જેણે શુકલપંચમી ઉચ્ચરી હોય તેણે (સંવત્સરીનો) અઠ્ઠમ મુખ્યવૃત્તિએ (ભા. શુ.) ત્રીજથી કરવો.' એમ સ્પષ્ટ જણાવવા વડે નિયત અઠ્ઠમની મુખ્ય વાતમાં પણ પાંચમનો સમાવેશ કર્યો જ છે. છતાં તેમણે તેવા તે તે પ્રશ્નોત્તરોના અર્થથી વિરુદ્ધ ભાવાર્થ જણાવેલ છે તે ખુલ્લી ભવાભિનંદિતા ન ગણાય ?

**ઉત્તર:**–તે જુઠો ભાવાર્થ, તેમણે પૂનમના ક્ષયે ટિપ્પણાની ઉદયાત્ ચૌદશના બ્હાને જેમ પૂનમપર્વીને જ ઉરાડી દેવાની ચેષ્ટા કરી છે તેમ ભા. શુ. ૫ ના ક્ષયે ટિપ્પણાની ઉદયાત્ ચોથના બ્હાને પાંચમપર્વીને જ ઉરાડી દેવાની ચેષ્ટારૂપે રજુ કરેલ હોવાથી તે ભવાભિનંદિતા જ ગણાય. 'તેમને તો ભા. શુ. ૫ ના ક્ષયે ચોથ–પાંચમને એક દિવસે ભેળાં હોવાનાં બ્હાને તે પંચમી પર્વને યેનકેનાપિ લોપવું જ છે.' એ વાત આજે છાની પણ કોનાથી છે ?

**પ્રશ્ન ૮૫:**–શ્રી જંબૂવિજયજીએ તે બૂકના પેજ ૧૫૨ ઉપર–**'पूर्ववत् अन्यचतुर्दशीपाते वा रीतिः सैवानुसर्त्तव्या'** પંક્તિ દ્વારા આ ગ્રંથકાર મહર્ષીએ પૂર્વે કહ્યું છે તે પ્રમાણે–"ટિપ્પણાની ચૌદશના ક્ષયે પૂર્વની તેરસનું નામ પણ ન લેવું અને તે તેરસનાં સ્થાને ચૌદશ જ કહેવી." એમ સ્પષ્ટ જણાવ્યું હોવા છતાં નવમી પંક્તિમાં **'અર્થાત્ તેરસ ગ્રહણ કરવી.'** એમ આ ગ્રંથકારનાં તે કથનથી સદંતર વિપરીત અર્થ લખેલ છે તે જેમ–આ ગ્રંથકાર મહર્ષીના તે વચનોના વાસ્તવિક અર્થને મરડીને પણ પોતાની માન્યતાના અર્થરૂપે દેખાડનારો શાસ્ત્રદ્રોહ ગણાય તેમ તે બૂકના ૧૫૩મા પેજ ઉપર તેમણે–**'છઠ્ઠમાં પૂનમની અનિયમિતતાનું પ્રમાણ'** એ શીર્ષક બાંધીને તેની નીચે શ્રી હીરપ્રશ્નની–**'पूर्णिमायां च त्रूटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपि'** એ પંક્તિના તેમણે પોતે જ ત્યાં લખેલા 'અને પૂનમનો ક્ષય હોય ત્યારે તેનો (પૂર્ણિમાનો) તપ તેરસ ચૌદશમાં કરવો, તેરસે ભૂલી જવાય તો પડવે પણ કરવો.' એ અર્થ મુજબના–[ક્ષીણ પૂનમના એક જ દિવસનો તપ, (આરાધનામાં કરાતી ટિપ્પણાની ચૌદશે પૂનમ, અને તેરસે ચૌદશના હિસાબે ટિપ્પણાની) તેરસ–ચૌદશે કરવાનું અને (તેરસ–ચૌદશે નહિ, પણ) તેરસ (આરાધનાની ચૌદશ)ના એક જ દિવસે કરવાનું જણાવતા–] એક તિથિના એક ઉપવાસને જણાવનારા અર્થને છઠ્ઠના સંલગ્ન બે ઉપવાસ તરીકે લેખાવેલ છે તે પણ શાસ્ત્રદ્રોહ ગણાય કે નહિ ?

**ઉત્તર:**–તે પણ શાસ્ત્રદ્રોહ જ ગણાય. શ્રી હીરપ્રશ્નમાંના પ્રસ્તુત ઉત્તરના વાસ્તવિક અર્થનો એ પ્રમાણે તેમણે જ નહિ; પરંતુ નવા વર્ગની છ–સાત વ્યક્તિએ વિવિધ પ્રકારે અનર્થ નીપજાવીને કેવો ભયંકર શાસ્ત્રદ્રોહ કરેલ છે તે જાણવા સારૂ આ અનુવાદગ્રંથના પૃ. ૧૩૧ થી ૧૪૧ વાંચશો. એટલે વધુ પ્રકાશ પડશે.

**પ્રશ્ન ૮૬:**–તે બૂકના પેજ ૧૫૪ ઉપર શ્રી જંબૂવિજયજીએ શ્રી હીરપ્રશ્નનો–'**यदा चतुर्दश्यां कल्पो वाच्यते, अमावास्यादिवृद्धौ वा०**' એ પાઠ ફરી અર્થ સહિત રજુ કરીને તેની નીચે જે–"આ પ્રશ્નોત્તરો શું સિદ્ધ કરે છે? એજ કે સ્વાભાવિક સંયોગોમાં જે ચૌદશ પૂનમ કે ચૌદશ અમાસના છઠ્ઠ આવી શકત તે પૂનમ કે અમાસની ક્ષયવૃદ્ધિમાં આવી શકતા નથી, માટે **ચોમાસી** કે કલ્પધરના છઠ્ઠ કરનારે **ચૌદશ સાચવીને** તેરસ ચૌદશ આદિનો છઠ્ઠ કરી લેવો. વચમાં પહેલી પૂનમ કે પહેલી અમાસ આવે તેને ખાધાવાર રાખી બીજી પૂનમ કે બીજી અમાસે પૂનમનો કે **કલ્પધરનો** ઉપવાસ કરી લેવો. યોગ્ય વિચારીને કરી લેવું. પૂનમ અમાસની અવશ્ય નિયમિતતાનો આગ્રહ કરવો નહિ." એમ લખ્યું છે તે બધું લખાણ (૧)–શાસ્ત્ર અને પરંપરા મુજબની શાસનમાન્ય આરાધનાની જૈની તિથિઓ મુજબનું છે કે–તેમણે સં. ૧૯૯૩થી માનવા માંડેલી લૌકિક ટિપ્પણાની જૈનેતર તિથિઓ મુજબનું છે? (૨)–વળી શ્રી હીરપ્રશ્નોત્તરમાંનો તે પ્રશ્નોત્તર, કલ્પધરના જ છઠ્ઠ પૂરતો છે કે ચોમાસીના છઠ્ઠ અંગેનો પણ છે? (૩)–તે લખાણમાં શ્રી જંબૂવિ૦એ 'આજે ઉપવાસ–તે પછી બીજે દિવસે પારણું અને ત્રીજે દિવસે ઉપવાસ' એમ આંતરે કરાતા બે ઉપવાસને છઠ્ઠ લેખાવેલ છે તે વાજબી છે? તેમજ (૪)–તેણે અમાસે કલ્પધરનો એક ઉપવાસ ગણાવ્યો છે તે કલ્પધરનો તો છઠ્ઠ કહેવાતો હોવાથી કઈ રીતે સાચું છે?

**ઉત્તર:**–(૧) શ્રી હીરપ્રશ્નના તે પાઠમાંનો ખુલાસો તે આરાધનાની જૈની તિથિઓની અપેક્ષાએ નથી; પરંતુ લૌકિક ટિપ્પણાની તિથિઓની અપેક્ષાએ જ છે. લૌકિક તિથિઓને પર્વતિથિઓ માનવા મનાવવાના આગ્રહવશાત્ શ્રી જંબૂવિ૦એ તે પ્રશ્નોત્તરને આશ્રયીને કરેલું તે લખાણ શાસનમાન્ય આરાધનાની જૈનીતિથિઓ મુજબનું નથી; પરંતુ લૌકિકટિપ્પણાની જૈનેતર તિથિઓ મુજબનું છે. (૨)–હીરપ્રશ્નમાંનો તે પ્રશ્ન ચોમાસી છઠ્ઠના નામે તો તે લખાણમાં શ્રી જંબૂવિ૦એ ખોટી રીતે ચડાવેલ છે. સિવાય એ પ્રશ્ન ચોમાસી કે બીજા કોઈ પણ અનુષ્ઠાનના છઠ્ઠ અંગેનો નથી; પર્યુષણના કલ્પધરના જ છઠ્ઠ અંગેનો છે અને તે પણ પર્યુષણની અષ્ટાહ્નિકા જ પર્વ કહેવાતું હોવાને અંગે જ શાસ્ત્રકારે તેમ જણાવેલ છે. (૩)–એક ઉપવાસની જોડે જ બીજો ઉપવાસ કરે તેમાં પહેલા ઉપવાસ કરતાં બીજા ઉપવાસનું ફલ દસ ગણું વધારે મળતું હોવાથી શાસ્ત્રકારે જોડે બે ઉપવાસ કરે તેને જ છઠ્ઠ કહેલ છે, એમ જાણવા છતાં શ્રી જંબૂવિજયજીએ આંતરે કરાતા બે ઉપવાસને છઠ્ઠ લખાવેલ છે તે ૧૧ ઉપવાસના ફલને બે ઉપવાસમાં સ્વચ્છંદે દાખલ કરેલ હોઈને શાસ્ત્રથી સદંતર વિરુદ્ધ છે, તેમજ (૪)–શ્રી જંબૂવિજયજીએ અમાસે કલ્પધરનો એક ઉપવાસ ગણાવ્યો છે તે ખોટું છે. શ્રી કલ્પધરના ૧૪–૦))ના છઠ્ઠમાંથી અમાસે શેષ રહેતા તે એક ઉપવાસને '**रन्ना अंतेउरिया भणिया–तुब्भे अमावसाए उववासं काउं पडिवयाए०**' એ **શ્રી પર્યુષણા-સ્થિતિવિચાર** ગત પાઠ મુજબ અમાસનો એક ઉપવાસ ગણાય.

**પ્રશ્ન :** ૮૭–ઉપરોકત લખાણુ પછી તેમણે તરતજ તે બૂકના ૧૫૫મા પેજ ઉપર– "જૈનશાસ્ત્ર અને સામાચારીના શ્રદ્ધાળુ આત્માઓને પૂનમની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે છટ્ઠમાં ચૌદશ સાથે પુનમની અવશ્ય નિયમિતતા રહેતી નથી,' એ સમજાવવા માટે હવે આથી વધારે સબળ પૂરાવાઓની જરૂર રહેતી હોય તેમ ભાગ્યે જ માની શકાય." એમ લખ્યું છે તે બરાબર છે ?

**ઉત્તર:**–શાસ્ત્રીયપૂરાવા, હીરપ્રશ્ન, દેવસૂરપટ્ટક અને પ્રભુશાસનની પ્રચલિત પરંપરાથી ટિપ્પણાની પૂનમના ક્ષયે આરાધનામાં ટિપ્પણાની તેરસનો ક્ષય ગણીને, સં. ૧૬૬૫ના ખરતરીય ગુણવિનયકૃત ઉત્સૂત્રખંડનના **'अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम् ?'** એ પાઠ મુજબ શ્રીમત્તપાગચ્છમાં પૂનમ કે અમાસની વૃદ્ધિએ આરાધનામાં ટિપ્પણાની તેરસને બેવડીને અને–**'चतुर्थ्यां पौषधप्रतिमायां चतुरो मासान् अष्टमीचतुर्दशीपूर्णिमामावास्यासु नियमेन सर्वतोऽपि पौषधः कार्यः'** એ પાઠ મુજબ ચૌદશ પૂનમ તેમજ ચૌદશ અમાસને નિશ્ચયે જોડે રાખીને શ્રી જૈનશાસનમાં ચૌદશ સાથે પૂનમની જોડીયા પર્વ તરીકે અવશ્ય નિયમિતતા સહજ હોવાથી 'છટ્ઠમાં ચૌદશ સાથે પૂનમની અવશ્ય નિયમિતતા, જૈનશાસ્ત્ર અને સામાચારીના શ્રદ્ધાળુ આત્માઓને નથી રહેતી.' એવું શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધ વદનાર માણસ તો અજ્ઞાન અથવા તો જૈનશાસ્ત્ર અને સામાચારીનો ખુલ્લો પ્રત્યનીક ગણાય, એ વાત તે શ્રી જંબૂવિજયજીને જ સમજાવવા માટે હવે વધારે સબળ પૂરાવાઓની જરૂર રહેતી હોય એમ ભાગ્યે જ માની શકાય. સિવાય તેમના તે મંતવ્યને શાસ્ત્રીય લેખાવવા સારૂ તેમણે સબળ તરીકે ગણાવેલા તે પૂરાવા કેટલા નિર્બલ છે? તે તો ઉપર જણાવાઈ જ ગયું છે.

**પ્રશ્ન :** ૮૮–તે બૂકના પેજ ૧૫૫ થી ૧૬૭ સુધીમાં તેમણે જે લખાણ કર્યું છે તે તો ટિપ્પણાની લૌકિકતિથિઓને જૈની તિથિઓ ગણીને અને ખરતરીય માન્યતાને તપાગચ્છની માન્યતામાં ખપાવીને કર્યું હોવાથી આ શ્રી તત્ત્વતરંગિણી શાસ્ત્ર અને શ્રીમત્તપાગચ્છીય અવિચ્છિન્ન પરંપરા પ્રતિના ખુલ્લા દ્વેષનું જ દ્યોતક છે. પોતાને તપાગચ્છનો કહેવરાવનાર માણસ, આ રીતે લૌકિક અને સૂત્રોત્તીર્ણ સાધનો વડે પોતાના તારક તપાગચ્છના જ લોકોત્તરશાસ્ત્ર અને અવિચ્છિન્ન પરંપરાને અસત્ય લેખાવવાની ચેષ્ટા કરે તે અસહ્ય ગણાય.

તેવા તે લેખકશ્રીએ, એ બૂકના પેજ ૧ થી ૧૬૭ સુધીમાં ૪ પ્રકરણો પોતે ઉભાં કર્યાં હોવાથી તેના ઉપસંહારમાં તે લેખક તો એ બૂકના પેજ ૧૬૮ ઉપર– "(૧)–શ્રીમત્તપાગચ્છના અવિચ્છિન્ન તિથિઆરાધન માર્ગમાં આધાર વિના જ 'શ્રી પૂજ્યોના જમાનાથી ગરબડ પેઠેલી જણાવી શકે (૨)–શાસ્ત્રોકત વસ્તુઓને ખોટું રૂપ આપી પોતે ખોટી રીતે સ્વીકાર તરીકે લેખાવેલી કલ્પિત વસ્તુઓને પૂજ્ય આગમોદ્ધારકશ્રીના સ્વીકાર તરીકે ઓળખાવી શકે (૩)–૧૬૬૫ના ખરતરીય '**अन्यच्च वृद्धौ**' તથા '**पंचमीस्वीकारप्रसंगेन**' એ તત્ત્વતરંગિણીના પાઠ તેમજ પ્રચલિત આચરણાની ઉપર સત્યતાની મહોરછાપ મારનારા પ્રાચીન સંખ્યાબંધ પૂરાવાઓને

સિદ્ધચક્રમાંનું લખાણુ કાપીને પણુ તે આદિ દ્વારા યેનકેનાપિ અશાસ્ત્રીય લેખાવી શકે અને (૪) તપાગચ્છીયા સામાચારીના સંખ્યાબંધ સિદ્ધાંતોને યેનકેન અપસિદ્ધાંત તરીકે લેખાવવાના અનેક કારમા પ્રપંચો રચીને પોતાની વર્ષોથી સાર્વદિક્ અપ્રામાણિક ઠરેલી કૂટ અને કૂટતર કલ્પિત વાતોને તિથિ આરાધનાના સિદ્ધાંત તરીકે ગણાવીને તે ચારેય ઉન્માર્ગની છાપવાળા અજ્ઞાનઅંધારાને સત્તાવાર સાહિત્ય અને દસ્તાવેજી પૂરાવાઓ કહેવાની પણ બાલીશતા કરી શકે" એ સહજ હોવાથી દયાપાત્ર લેખાય; પરન્તુ તેઓએ તે ઉપસંહારવાળા પેજ ૧૬૮ ને છેડે જે–'વાસ્તવિક વસ્તુ વિચારીએ તો શ્રીમાન્ સાગરાનંદજી પાસે ભા. શુ. ૫ની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ કરવાના ટેકામાં શાસ્ત્રાધાર કે પરંપરા નથી, ત્યારે ફરી ફરીને તેઓ પૂનમ અમાસની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવાની શ્રીપૂજ્યોના સમયથી સમાજમાં ઘુસી ગએલી અયુક્ત પ્રથાને પરંપરા તરીકે આગળ ધરે છે.' એ પ્રમાણે લખાણુ કર્યું છે તેમાં કાંઇ તથ્ય ખરૂં ?

**ઉત્તરઃ**– સં. ૧૯૯૨ સુધી પોતે અને પોતાના તમામ વડિલોએ સેંકડો વર્ષ સુધી આદરેલી તે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની વાસ્તવિક હકીકત ઉપર સં. ૧૯૯૩ થી સ્વચ્છંદે જ પગ મૂકીને ચાલનાર માણુસ, વાસ્તવિક વસ્તુના વિચારવાળો જ ગણાતો નથી. અને તેથી પ્રથમ તો તેવા માણુસે કરેલી–'વાસ્તવિક વસ્તુ વિચારીએ તો' એ વાત જ વાસ્તવિક નથી, તેમજ–"ભા. શુ. ૫ની ક્ષયવૃદ્ધિ વખતે આરાધનામાં ભા. શુ. ૩ની ક્ષય-વૃદ્ધિ કરવી, એમ સ્પષ્ટ જણાવનારા સેંકડો વર્ષના પણુ પ્રાચીન અનેક શાસ્ત્રાધારો આજે તો શાસનસંઘના પ્રાયઃ સમસ્ત પૂજ્ય આચાર્ય મહારાજો આદિ પાસે મોજુદ છે." એમ તે 'તિથિસાહિત્યદર્પણુ' બૂક લખતી વખતે તે લેખક જાણુતા જ હોવા છતાં 'પૂજ્ય આગમોદ્ધારકશ્રી પાસે ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરવાના ટેકામાં શાસ્ત્રાધાર કે પરંપરા નથી' એમ હરદમ જુઠું જ લખી શકેલ છે તે મૃષાવાદવિરમણુ વ્રત સાથે તેમને કાંઇ જ સંબંધ નહિ હોવાનું ખુલ્લું પ્રતીક છે.

પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની પ્રથાને તેઓ 'શ્રીપૂજ્યોના સમયથી ઘુસી ગએલી અયુકત પ્રથા' તરીકે તો જીભ મળી છે એટલે તેના દુરુપયોગરૂપે જણાવી શકેલ છે; પરંતુ 'કયા કયા તેમના વડદાદા શ્રી પૂજ્યોથી કઈ સાલમાં તે પ્રથા શરૂ થઇ ?' એ તો જણાવી જ શકેલ નહિ હોવાથી, તથા–ચારસો વર્ષ પહેલાં શ્રી દાનસૂરિજી–હીરસૂરિજી–સેનસૂરિજી અને તપાગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિજી તો પૂનમ અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરતા હતા એ વાત ૧૬૬૫ માં રચાએલા ખરતરીય 'ઉત્સૂત્રખંડન' નામના ગ્રંથમાંના–'**अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम् ?**' એ પાઠથી તેમજ તે પાઠ ઉપરાંત શ્રી હીરપ્રશ્નના **त्रयोदशीचतुर्दश्योः** પાઠ આદિના સજ્જડ શાસ્ત્રાધારોથી પણુ નક્કી હોવાથી અને પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ પ્રસિદ્ધ કરેલા શ્રી

**'તપાગચ્છ શ્રમણવંશવૃક્ષ'** નામક પુસ્તકમાં શ્રી પૂજ્યોની ઉત્પત્તિ તો તપાગચ્છાધિપતિ શ્રી દેવસૂરિજી મહારાજના પટ્ટધર શ્રી સિંહસૂરિજી મ૦ પછી ૧૮મી સદીના પ્રાન્તભાગમાં જણાવેલી હોવાથી શ્રી જંબૂવિજયજીની તે વાત તો તદ્દન નિર્મૂલ એવી ગલત છે.

**પ્રશ્ન : ૮૯**—નવો તિથિમત ન્હોતો કાઢયો ત્યાં સુધી **'ક્ષયે પૂર્વા૦'**નો અર્થ, **'ક્ષયમાં પૂર્વતિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ કરવી.'** એ પ્રમાણે કરનારા તે શ્રી જંબૂવિ૦ સહિત એ નવા વર્ગના દરેકે નવો તિથિમત કાઢયા પછીથી 'ક્ષયે પૂર્વા૦'ના વર્ષો પર્યંત આચરેલા તે અર્થને તદ્દન ખોટો લેખાવવા માંડીને **'ક્ષયે પૂર્વની તિથિમાં આરાધના કરવી અને વૃદ્ધિમાં ઉત્તરની તિથિમાં આરાધના કરવી.'** એ પ્રમાણે તે પ્રઘોષ બહારનો અર્થ ઉપજાવી કાઢીને તે નવા જ અર્થને સાચો લેખાવવા માંડેલ છે, તે મુજબ એ વર્ગના આ શ્રી જંબૂવિજયજી, પ્રસ્તુત બૂકમાં સર્વત્ર **ક્ષયે પૂર્વા૦** ના તે પ્રઘોષ બહારના કલ્પિત અર્થને જ અવલંબીને ચાલેલ છે, તે તો ઠીક; પરંતુ હવે જો તેઓ 'ક્ષયે પૂર્વા૦'ના તે કલ્પિત અર્થને પણ સાચો જ માનતા હોત અને 'ક્ષયમાં પૂર્વતિથિ કરવી' એ આદ્ય મૌલિક અર્થને ખોટો જ માનતા હોત તો તેમણે પ્રસ્તુત બૂકના ૧૭૨મા પેજ ઉપર અંતે તે 'ક્ષયે પૂર્વા૦'નો જે—**'ક્ષયમાં પૂર્વતિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તરતિથિ કરવી.'** એ પ્રમાણે પૂર્વનો મૌલિક અર્થ જ સ્વીકારેલ છે તે ન બન્યું હોત.

આથી તે વર્ગના હૃદયમાં તો આજે પણ 'ક્ષયે પૂર્વા૦'નો તેઓ જે પૂર્વે કરતા હતા તે મૌલિક અર્થ જ બેઠો છે એ વાત નક્કી છે. 'ક્ષયે પૂર્વા૦'નો તે જ મૌલિક અર્થ છે એમ એ રીતે આજે પણ લેખિત કબુલાત છતાં અને તે પ્રઘોષના કલ્પિત અર્થને અનુસરીને બનાવેલી **'પર્વતિથિપ્રકાશ'** બૂક તો અહિંયર મુકામે શ્રી ચતુર્વિધસંઘની વિશાલ મેદની વચ્ચે એકી અવાજે પોતાની સામેજ અપ્રમાણ ઠરેલી હોવાનો જાતે કડવો અનુભવ પણ કરેલ હોવા છતાં શ્રી જંબૂવિજયજીએ, પુનઃ 'ક્ષયે પૂર્વા૦'ના તે કલ્પિત નવા અર્થને જ અવલંબીને આ **'તિથિસાહિત્યદર્પણ'** નામની બીજી બૂક ઉભી કરવામાં શું હેતુ હશે?

**ઉત્તરઃ**—'સદંતર ખોટી પણ એકની એક વાત સો વખત કરવામાં આવે તો તેને વાંચનારા હજાર માણસ દીઠ ઓછામાં ઓછા પાંચ-દસ માણસ તો તે વાતને સાચી માનનારા નીકળે જ:' એ ગણત્રી જ તેમાં મુખ્ય હેતુ હોય છે. એવા હેતુની સિદ્ધિ અર્થે તેમણે પ્રસ્તુત બીજી બૂકમાંના જ તે દ્વિરુક્તપણાથી સંતોષ માનેલ નથી; પરંતુ તે 'પર્વતિથિ-પ્રકાશ' અને 'તિથિસાહિત્યદર્પણ' બૂકમાનાં પ્રાયઃ એકના એક જ જુઠાં લખાણોને વિવિધરૂપ આપીને તે પછી તો તેમણે—"**પ્રશ્નોત્તર ત્હોંતેરી—નિત્યનિયમો અને જીવનવ્રતો—તત્ત્વતરંગિણી બાલાવબોધ—તપાખરતરભેદ—પ્રશ્નોત્તર શતવિંશિકા—સપરિશિષ્ટ તત્ત્વતરંગણી ટીકાનુવાદ**—પોતાના શિષ્ય ચિદાનંદવિજયજીના નામે **હીરપ્રશ્નોત્તરાનુવાદ**" વગેરે શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધના ભરચક અસત્ય લખાણવાળી અનેક બૂકો ઉપરા ઉપરી પણ બહાર પાડેલી છે! અને તે પ્રચારનું તેમણે પોતાના માટે સમાજને ફળ પણ બતાવ્યું છે.

અને તે એ રીતે કે-" પ્રથમ તે મત કાઢવામાં શ્રી રામચંદ્રસૂરિજી એકલા હતા, અને તેમાં શ્રી પ્રેમસૂરિજી સંમત ન હતા. તો તેમણે તે મત શ્રી લબ્ધિસૂરિજીના નામથી જ જાહેર કરાવ્યો! તેમાં તેઓ સફળ થયા એટલે તેઓના હાથે તે મતમાં દિલ વિના પણ પ્રથમ તો લબ્ધિસૂરિજી જ ભળ્યા ગણાવા પામ્યાઃ પછી તો શ્રી પ્રેમસૂરિજીને પણ તે મતમાં ભળવું પડયું અને પછી તો તેઓના પ્રયાસથી શ્રી કલ્યાણવિજયજી-જનકવિજયજી અને જંબૂવિજયજીએ લખાણમાં વિવિધતા રાખીને અવાજમાં ઐકયતા બતાવતી તે નૂતન મતાનુસારી ત્રણ બૂકો પ્રસિદ્ધ કરીઃ તે બૂકોમાંના કૂટ લખાણોને વીરશાસન જેવા પેપરો દ્વારા ચોમેર બ્હેકાવવાથી તેની અસર તેઓએ '**આરાધનામાં પર્વતિથિનો ક્ષય કરાય જ નહિ, એક દિવસે બે તિથિ, બે ×× નો હોય તે કરેઃ આરાધનામાં પણ તિથિની ક્ષય-વૃદ્ધિ કરનાર ગદ્દગવાળાને પૂછો.**' ઇત્યાદિ સં. ૧૯૯૫ના આસો માસ સુધી બેધડક બોલતા રહેવા પૂર્વક આરાધનામાં ક્ષય-વૃદ્ધિ નહિ જ માનનાર શ્રી સિદ્ધિસૂરિજી જેવા ભદ્રિકને પણ ઉપજાવી. તે વયોવૃદ્ધ પુરુષને પણ તે અસર થઈ એટલે તો તે નવા મતમાં સંમત થવામાં કેટલાયે મહિનાઓ સુધી આનાકાની કરનાર (તે વયોવૃદ્ધ પુરુષની આજ્ઞાના) શ્રી ભદ્રસૂરિજી તથા કનકસૂરિજીએ પણ અંતે તો તે અસરને ફરજીયાત અપનાવવી પડી! એ રીતે તેઓ સર્વે એ અસરતળે સપડાઈ જતાં શ્રી રામચંદ્રસૂરિજીના ચાંદે ચાંદ કહેવાની અટુલી સ્થિતિને ભજતા મહાવીરશાસનપત્રના અર્ધ અધિકારી શ્રી અમૃતસૂરિએ તો પોતાના ગુરુ પુષ્પવિજયજી અને દાદાગુરુ શ્રી હર્ષવિજયજી આદિની પ્રાચીન આચરણાને ઝડપભેર તિલાંજલિ આપી દઈને તે અસર તળે આપોઆપ આવી જવું પડયું છે!" જો કે-એ મેળો તો એ રીતે શંભુમેળો જ છેઃ છતાં એમેય એ નવીનનું જૂથ તો વધ્યું જ!

**પ્રશ્ન: ૯૦**-ડભોઈ મુક્તાબાઈ જ્ઞાનમંદિર તરફથી સં. ૧૯૯૯માં શ્રી જંબૂવિજયજીના ચેલા મુનિ ચિદાનંદવિજયજીના નામે પ્રસિદ્ધ થએલ ક્રાઉન ૧૬ પેજી, ૧૭ાા ફારમની '**શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ**' નામની બૂકમાંના **આદિવચન, અનુવાદ** અને **૭૫ જેટલાં ટિપ્પણો** સંબંધમાં આપનો શો અભિપ્રાય છે?

**ઉત્તરઃ**-તે બૂકના પેજ ૫ થી ૧૪ સુધીમાં લેખકે જે 'આદિવચન' લખ્યું છે તેમાં આઠમા પેજ ઉપર તેમણે "(૧)-વર્તમાનમાં તિથિ તથા સૂતકાદિ વિષયોમાં **સાગરપક્ષે** જે કોલાહલ મચાવ્યો છે ××× (૨)-તેમના (આનંદવિમલસૂરિજી મ૦ના) સમયમાં પણ **તિથિઆરાધનામાં** લૌકિકપંચાંગો જ મનાતાં હતાં તથા (૩)-તેમાં આવતી **તિથિઓની ક્ષયવૃદ્ધિ અન્ય કોઈ તિથિઓમાં ખસેડાતી ન હતી.**' એ આમૂલચૂલ જુઠી ત્રણ વાતોને અવલંબીને લખેલું સઘળું જ લખાણ, તેમજ તે આઠમા પેજના છેડેથી નવમા પેજના પહેલા પેરા સુધીમાં તેમણે 'આચાર્ય વિજયદેવસૂરિજી તથા **દ્વિતીયાચાર્ય શ્રી વિજયતિલકસૂરિજી ઉર્ફે આણંદસૂરિજી થયા.**' એ ચોથી જુઠી વાતને અવલંબીને કરેલું સઘળું જ લખાણ, તથા તે નવમા પેજ ઉપરના બીજા પેરામાં તેમણે લખેલી-'**સાગર-**

**પક્ષની** ( રામચંદ્રસૂરિપક્ષની નહિ, ) **ઈચ્છાનુસાર**' એ પાંચમી જુઠી વાત, તથા ××× 'તેમનો નિર્ણય **પોતાની વિરુદ્ધનો આવશે એમ સમજીને** આ. શ્રી આનંદસાગરજી મહારાજે ××× તે નિર્ણય કબૂલ નહિ રાખવાનો પોતાનો ઇરાદો જણાવી દીધો' એ છઠ્ઠી જુઠીને વાતને અવલંબીને કરેલું સઘળું જ લખાણ, તેમજ તે પેજ નવ ઉપરના ત્રીજા તથા ચોથા પેરામાં તેમણે દસમા પેજ સુધી લખેલું "લવાદ મહાશયે તો બંને પક્ષની **ચર્ચાઓ સાંભળીને** પોતાનો **પ્રમાણિક ઐતિહાસિક નિર્ણય** ઠીક જ જણાવી દીધો છે, જેની મતલબ આ પ્રમાણે છેઃ—'જૈન સમાજમાં ચંડાંશુચંડુ પંચાંગ મનાય છે તે જ માનવું; તેમાં આવતી તિથિઓને ફેરફાર કર્યા વિના માનવી. પર્વો કે કલ્યાણક કોઈ પણ તિથિની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે ક્ષયે પૂર્વા૦ના નિયમ મુજબ પૂર્વ અને ઉત્તર (તિથિએ નહિ) દિવસે તેની આરાધના કરવી ××× આ. સાગરાનંદસૂરિજી આ વિષયમાં જે જિત–આચરણા અને આ. શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકના હવાલા આપે છે તે પ્રમાણિક તરીકે સાબિત થઈ શકતા નહિ હોવાથી માની શકાય તેવા નથી." એ [ લવાદના લખાણમાં પણ '**ક્ષયે પૂર્વા૦**'ના થયેલા–'**આઠમના ક્ષયે સાતમને ફોક કરીને સાતમનાં સ્થાને આઠમ કરવી.**' એ ખરા અર્થનેય નિહ્નવતું ] સાવમૂળ જુઠું સાતમું લખાણ અને પેજ દસમાના પેરા બીજાથી પેજ ૧૧માના પ્હેલા પેરા સુધીનું સૂતક સંબંધીનું શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધનું આઠમું સમસ્ત લખાણ જોતાં તે '**આદિવચન**'નું વસ્તુતઃ ઉદ્ગમનસ્થાન શ્રી જંબૂવિજયજી જ સંભવે છેઃ આવાં સરાસર જુઠાં લખાણો કરવામાં પ્રસિદ્ધ પણ તેઓ જ છે.

પોતાની સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂક જુઠી ઠર્યા પછી તેમણે તે બૂકનાં જુઠાણાઓને જીવંત રાખવા સારૂ સં. ૧૯૯૬માં જેમ '**તિથિસાહિત્યદર્પણ**' નામની બૂક બહાર પાડી, તેમ તે બીજી બૂક પણ શ્રી શાસનસંઘમાં જુઠી ઠર્યા પછી તેમને સં. ૧૯૯૯માં પોતાની તે બંને બૂકોમાંની વાહિયાત વાતોને આ '**શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ**'ના ઓઠે અને પોતાને બદલે પોતાના તે શિષ્યને નામે સાચી લેખાવવાનો આ ઉપાય જરૂરી જણાય એ પણ સહજ સમજાય તેમ છે. સિવાય તે મુનિ ચિદાનંદવિજયજીમાં તો ( તેમના તરફથી અદ્યપિપર્યંત સમાજને તે તે વિષયનું એકાદ ચર્ચાપત્ર ય ઉપલબ્ધ નહિ હોવાથી ) તે તે વિષયના તથાપ્રકારનો બોધ જ સંભવતો નથીઃ એ વાત સમાજને જણાવવી રહેતી નથી.

શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ બૂકમાંના તે '**આદિવચન**' સંબંધમાં એ પ્રમાણે અભિપ્રાય જણાવ્યા પછી હવે તે બૂકમાંના '**અનુવાદ**' સંબંધમાં પણ અમારો અભિપ્રાય સહેલાઇથી જાણી શકે, એ હેતુથી વિસ્તારના ભયે હાલ તો અત્ર માત્ર તે બૂકના ૧૫૭મા પેજ ઉપર તે શ્રી હીરપ્રશ્નગ્રંથના–"**गच्छगओ अणुओगी' इति गाथायां षड्विंशतिभेदास्तत्र पंचविंशतिभेदेषु द्वित्रिचतुर्गुणसद्भावतः संयमाराधकत्वेन वंद्यत्वम् ? उतैकद्वित्रिदोषसद्भावेन तद्विराधकत्वादवंद्यत्वमिति ? प्रश्नोऽत्रोत्तरम्–'गच्छगओ अणुओगी' इति गाथोक्तपंचविंशतिभेदेषु द्वित्र्यादिगुणसद्भावे इतरदोषाणां च सालंबनसेवित्वेन संयमाराधकत्वाद्वंद्यत्व मेव ।**

**निरालंबनसेवित्वे त्ववंद्यमेव ।१।"** એ પહેલા જ પ્રશ્નોત્તરના તેમણે કરેલા અનુવાદની અગાધ અજ્ઞાનતામય અસત્યતાને જ બતાવવી ઉચિત ધારેલ છે અને તે નીચે પ્રમાણે :-

પ્રભુશ્રી મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત શ્રી ધર્મદાસ ગણિજીએ રચેલ અને વાદિદેવ-સૂરિપટ્ટાલંકાર શ્રી રત્નપ્રભસૂરિજી વિરચિત **દોઘટ્ટીવૃત્તિથી** અલંકૃત **'શ્રી ઉપદેશમાલા'** ગ્રંથરત્નના પૃ. ૪૭૭ ઉપર મુનિનું અનારાધકત્વ દર્શક મૂળ પાંચ દોષોના ભેદરૂપ છવ્વીશ દોષોને જણાવનારી-"**पगागी[1] पासत्थो[2] सच्छंदो[3] ठाणवासी[4] ओसन्नो[5] । दुगमाइसंजोगा, जह बहुआ तह गुरू हुंति ॥ ३८७ ॥**" એ ગાથા અન્વય તરીકે જણાવેલી છે અને તે ગાથા પછી-મુનિનું આરાધકત્વદર્શક મૂલ પાંચ ગુણના ભેદરૂપ ૨૬ ગુણો જણાવનારી તે-**'गच्छगओ[1] अणुओगी[2] गुरूसेवी[3] अनिययवासयाउत्तो[4] । संजोएणं[5] पयाणं संजमआराहगा भणिया ॥ ३८८ ॥'** એ ગાથા, (પૂર્વની અન્વયરૂપ ગાથાના) વ્યતિરેક તરીકે જણાવેલ છે.

**તેમાં ૩૮૭મી-पगागी पासत्थो०' એ અન્વયરૂપ ગાથાનો અર્થ,**-"(૧) સ્વીકૃત ચારિત્રધર્મને વિષે બંધુપણે કામ આપનાર શિષ્ય વગરનો-એકાકી, (૨) જ્ઞાન-દર્શન અને ચરિત્રને પડખે રાખનાર=નિજને સ્પર્શવા નહિ દેનાર, (૩) ગુરુની આજ્ઞા વગરનો, (૪) એક સ્થાને રહેનાર અને (૫) પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓમાં મન્દ આદરવાળો : **એ પાંચ મૂલ દોષપદોના દ્વિકસંયોગી**:- '(૧) એકાકી પાસત્થો (૨) એકાકી સ્વચ્છંદ (૩) એકાકી સ્થાનવાસી (૪) એકાકી અવસન્ન (૫) પાસત્થો સ્વચ્છંદ (૬) પાસત્થો સ્થાનવાસી (૭) પાસત્થો અવસન્ન (૮) સ્વચ્છંદ સ્થાનવાસી (૯) સ્વચ્છંદ અવસન્ન અને (૧૦) સ્થાનવાસી અવસન્ન' એ ૧૦ ભેદો, **ત્રિક સંયોગી** :-'(૧) એકાકી પાસત્થો સ્વચ્છંદ (૨) એકાકી પાસત્થો સ્થાનવાસી (૩) એકાકી પાસત્થો અવસન્ન (૪) એકાકી સ્વચ્છંદ સ્થાનવાસી (૫) એકાકી સ્વચ્છંદ અવસન્ન (૬) એકાકી સ્થાનવાસી અવસન્ન (૭) પાસત્થો સ્વચ્છંદ સ્થાન-વાસી (૮) પાસત્થો સ્વચ્છંદ અવસન્ન (૯) પાસત્થો સ્થાનવાસી અવસન્ન અને (૧૦) સ્વચ્છંદ સ્થાનવાસી અવસન્ન' એ ૧૦ ભેદો, **ચતુઃસંયોગી**:-'(૧) એકાકી પાસત્થો સ્વચ્છંદ સ્થાનવાસી (૨) એકાકી પાસત્થો સ્વચ્છંદ અવસન્ન (૩) એકાકી પાસત્થો સ્થાનવાસી અવસન્ન (૪) એકાકી સ્વચ્છંદ સ્થાનવાસી અવસન્ન (૫) પાસત્થો સ્વચ્છંદ સ્થાનવાસી અવસન્ન' એ પાંચ ભેદો મળીને ૨૫ ભેદો તથા 'એકાકી પાસત્થો સ્વચ્છંદ સ્થાનવાસી અને અવસન્ન' એ પંચસંયોગી એક સર્વથા અશુદ્ધ ભેદ મળીને ચારિત્રનું વિરાધકપણું સૂચવનારા ૨૬ દોષો થાય છે. તે ૨૬ દોષોમાંના જેમ દોષો વધારે તેમ ચારિત્રી વધારે વિરાધક **हुंति=भवंति**-હોય છે-થાય છે-ગણાય છે." **એ પ્રમાણે છે.** અને તે પછીની-

**૩૮૮મી- 'गच्छगओ अणुओगी०' એ વ્યતિરેક ગાથાનો અર્થ,**-"(૧) ગચ્છમાં રહેનાર (૨) જ્ઞાનાદિના સતત સેવનમાં પ્રયત્નશીલ (૩) ગુરુની સેવા કરનાર (૪) માસકલ્પ

આદિ વિધિ વડે વિહાર કરનાર અને (૫) પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયામાં ઉદ્યમવન્તઃ **એ પાંચ મૂલ ગુણપદોના દ્વિકસંયોગીઃ**–'(૧) ગચ્છગત અનુયોગી (૨) ગચ્છગત ગુરુસેવી (૩) ગચ્છગત અનિયતવાસી (૪) ગચ્છગત આયુક્ત (૫) અનુયોગી ગુરુસેવી (૬) અનુયોગી અનિયતવાસી (૭) અનુયોગી આયુક્ત (૮) ગુરુસેવી અનિયતવાસી (૯) ગુરુસેવી આયુક્ત અને (૧૦) અનિયતવાસી આયુક્ત' એ ૧૦ ભેદો, **ત્રિકસંયોગીઃ**–'(૧) ગચ્છગત અનુયોગી ગુરુસેવી (૨) ગચ્છગત અનુયોગી અનિયતવાસી (૩) ગચ્છગત અનુયોગી આયુક્ત (૪) ગચ્છગત ગુરુસેવી અનિયતવાસી (૫) ગચ્છગત ગુરુસેવી આયુક્ત (૬) ગચ્છગત અનિયતવાસી આયુક્ત (૭) અનુયોગી ગુરુસેવી અનિયતવાસી (૮) અનુયોગી ગુરુસેવી આયુક્ત (૯) અનિયોગી અનિયતવાસી આયુક્ત અને (૧૦) ગુરુસેવી અનિયતવાસી આયુક્ત, એ ૧૦ ભેદો તથા **ચતુઃસંયોગીઃ**–'(૧) ગચ્છગત અનુયોગી ગુરુસેવી અનિયતવાસી (૨) ગચ્છગત અનુયોગી ગુરુસેવી આયુક્ત (૩) ગચ્છગત અનુયોગી અનિયતવાસી આયુક્ત (૪) ગચ્છગત ગુરુસેવી અનિયતવાસી આયુક્ત અને (૫) અનુયોગી ગુરુસેવી અનિયતવાસી આયુક્ત' એ પાંચ ભેદો મળીને ૨૫ તથા 'ગચ્છગત–અનુયોગી–ગુરુસેવી–અનિયતવાસી અને આયુક્ત' એ **મૂલ પંચસંયોગી** સર્વથા શુદ્ધભેદ ૧ મળીને ચારિત્રનું આરાધકપણું સૂચવનારા ૨૬ ગુણો થાય છે. ચારિત્રના તે ૨૬ ગુણોમાંના જેમ જેમ ગુણો વધારે હોય તેમ તેમ ચારિત્રવંતો સંયમના વધારે આરાધક કહ્યા છે." **એ પ્રમાણે છે.**

ઉપર જણાવેલી અન્વય અને વ્યતિરેક સંબંધવાળી તે બંને ૨૬–૨૬ ભેદદર્શક ગાથાઓમાંની વ્યતિરેકરૂપી ૩૮૮મી ગાથાની મુખ્યતાએ શ્રી હીરપ્રશ્નોત્તરગ્રંથમાં–"**गच्छगओ अणुओगी' इति गाथायां षड्विंशतिभेदास्तत्र पंचविंशतिभेदेषु द्वित्रिचतुर्गुणसद्भावतः संयम-आराधकत्वेन वन्द्यत्वं ? उतैकद्वित्रिदोषसद्भावेन विराधकत्वादवन्द्यत्वम् ?**='ગચ્છગત અનુયોગી' એ ગાથામાં ૨૬ ભેદો છે તેમાં (પંચસંયોગી ચરમ ભાંગો તો શુદ્ધ જ છે; પરંતુ દ્વિકસંયોગી ૧૦–ત્રિકસંયોગી ૧૦ અને ચતુસ્સંયોગી ૫ એ) પચીશ ભેદોને વિષે (સંયોગી ક્રમવાળા) બે, ત્રણ અને ચાર ગુણના સદ્‌ભાવથી સંયમનું આરાધકપણું હોવાને લીધે વંદનીયપણું છે કે–(તે ચતુઃસંયોગી, ત્રિકસંયોગી અને દ્વિકસંયોગી ભેદોવાળા સંયમીને વિષે ક્રમે) એક, બે અને ત્રણ દોષના સદ્‌ભાવને લીધે સંયમનું વિરાધકપણું હોવાથી અવંદનીયપણું છે ?" એ પ્રમાણે મહોપાધ્યાય શ્રી વિમલહર્ષગણિકૃત પહેલો જ પ્રશ્ન છે.

તે પ્રશ્નનો શ્રી વિજયહીરસૂરિજી મહારાજે તે સ્થલે–"**गच्छगओ अणुओगी' इति गाथोक्तपंचविंशतिभेदेषु द्वित्र्यादिगुणसद्भावे इतरदोषाणां च सालंबनसेवित्वेन संयमाराधकत्वाद्वंद्यत्वमेव । निरालंबनसेवित्वे त्ववन्द्यत्वमेव**='ગચ્છગત અનુયોગી૦' એ ગાથામાં (એક પંચસંયોગી ચરમ શુદ્ધ ભંગ સિવાયના) કહેલા પચીસ ભેદોને વિષે બે, ત્રણ વગેરે ગુણનો સદ્‌ભાવ હોયે સતે અને બીજા (એક–બે–ત્રણ) દોષોનું કારણે સેવવાપણું હોવાથી સંયમનું

આરાધકપણું હોવાને લીધે વંદનીયપણું જ છેઃ દોષોને નિષ્કારણ સેવવામાં તો અવંદનીયપણું જ છે." એ પ્રમાણે ૨૫૬ ઉત્તર જણાવેલ છે.

એ મુજબ તે પ્રશ્નોત્તર, મુખ્યત્વે તે '**गच्छगओ अणुओगी०**' ની એક જ ગાથામાંના ૨૬ ભેદોને આશ્રયીને થએલ છે અને તે પ્રશ્નોત્તરનો અનુવાદ પણ ઉપર મુજબ તે એકજ ગાથામાંના ૨૬ ભેદો જણાવે છેઃ જ્યારે શ્રી ચિદાનંદવિજયજીના નામે છપાવવામાં આવેલ તે '**હીરપ્રશ્નોત્તરાનુવાદ**' બૂકના પેજ ૨ થી ૩ ઉપર તે એક જ ગાથા સંબંધીના પ્રશ્નોત્તરનો અનુવાદ,–'**गच्छगओ अणुओगी**'[૧] આ ગાથામાં સંયમની આરાધના બતાવનારા જે ૨૫ ભેદો કહ્યા છે અને તેથી ઉપરની ગાથામાં[૨] સંયમની વિરાધના બતાવનારા જે ૨૬ ભેદો કહ્યા છે તેમાં ૨, ૩, ૪ ગુણોનો સદ્ભાવ છે માટે સંયમારાધકપણું હોવાથી વંદનીયપણું છે કે–૧, ૨, ૩ દોષોની વિદ્યમાનતાથી સંયમનું વિરાધકપણું હોવાથી અવંદનીયપણું છે? **ઉત્તરઃ–'गच्छगओ'** એ ગાથામાં કહેલા **૨૫** ભેદોમાં ૨–૩ વગેરે ગુણોનો સદ્ભાવ છે અને ૨૬ ભેદોનું[૩] કારણપૂર્વક સેવવાપણું છે એટલે સંયમનું આરાધકપણું હોવાથી વંદનીયપણું જ જાણવું. દોષોને નિષ્કારણ સેવવાએ કરીને તો અવંદનીયપણું જ કહ્યું છે." એ પ્રમાણે (૧–૨ નંબરની સ્ફૂટનોટમાં દર્શાવેલી) પાંચ ગાથાના અર્થના ખીચડારૂપે બનાવી દઈને એ પ્રશ્નવિરુદ્ધ, એ પ્રશ્નના ઉત્તરવિરુદ્ધ અને ઉપદેશમાલા નામના તે ટંકશાલી શાસ્ત્રથી પણ વિરુદ્ધ એવો સદંતર અસત્ય અનુવાદ રજુ કરેલો છે. અને તે આ પ્રમાણેઃ—

## તે એક જ પ્રશ્નોત્તરના અનુવાદમાં નીચે મુજબ સાત ભૂલો છે

"(૧)–પ્રશ્નકારે પોતાના પ્રશ્નમાં તે ૩૮૮મી '**गच्छगओ०**' ગાથામાં (ઉપર જણાવ્યા પ્રમાણે સંયમસૂચક) ૨૬ ભેદો લખ્યા પણ હોવા છતાં આ અનુવાદકે તે ૨૬ની સંખ્યાને મનસ્વીપણે જ ૨૫ લેખાવેલ છે! (૨)–તે ગાથાની ઉપરની '**पगागी पासत्थो०**' એ ૩૮૭મી ગાથામાં શાસ્ત્રકારે સંયમની વિરાધનાના ૨૬ ભેદો કહ્યા છે. તે વિરાધનાના ૨૬ ભેદોમાં ૨–૩–૪ તો શું; પરંતુ એકેય ગુણ નથી. અને તેથી પ્રશ્નકારે પણ પોતાના પ્રશ્નમાં તે ૩૮૭મી ગાથાના તે ૨૬ ભેદોમાં ૨–૩–૪ ગુણો હોવાનું તો કહ્યું જ નથીઃ છતાં તે શાસ્ત્રવિરુદ્ધ વાત પ્રશ્નકારના નામે મનસ્વીપણે જ ગોઠવી દેવામાં આવેલી છે! (૩)–તે ૩૮૭મી ગાથામાંના ૨૬ દોષોમાં '૨–૩–૪ ગુણોનો સદ્ભાવ છે માટે સંયમારાધકપણું હોવાથી વંદનીયપણું છે' એમ ઉત્તરદાતા શ્રી હીરસૂરિજી મ૦ના નામે લખ્યું છે તે અજ્ઞાનમૂલક છે. (૪)– '**गच्छगओ अणुओगी०**' એ ૩૮૮મી ૨૬ ગુણદર્શક ગાથાના સંયોગીયા ૨૬ ભેદોમાં '**पगागी पासत्थो०**' એ ૩૮૭મી ગાથાગત ૨૬ દોષોમાંના '૧–૨–૩ દોષોની વિદ્યમાનતાથી સંયમનું વિરાધકપણું હોવાથી અવંદનીયપણું છે?' એ સીધી વાતને 'તે ૨૬ દોષોમાં ૨–૩ કે ૪ ગુણોનો સદ્ભાવ છે.' એ પોતાની મિથ્યા વાત સાથે જોડી દીધેલ છે તે અજ્ઞાનમૂલક છે.

(૫)–તે બૂકના બીજા પેજ ઉપર તે અનુવાદની સ્ફૂટનોટ નં. ૧ માં જણાવેલી '**गच्छगओ अणुओगी०**' એ ૩૮૮ મી ગાથામાં જ દર્શાવેલા ૨૬ ગુણો જણાવવાને બદલે તે ગાથાંતર્ગત પંચસંયોગી ૧ ભેદને પાંચ ભેદ તરીકે ગણાવીને તો તેમણે નિજની ગાઢ અજ્ઞાનતાનું પ્રદર્શન જ ભર્યું છે. (૬)–તે સ્ફૂટનોટ નં. ૧ માંની તે ૩૮૯મી ગાથાની નીચે તેમણે–'**निम्ममनिरहंकारा०, जियकोहमाणमाया०** અને **पंच समिया तिगुत्ता**' એ ૩૮૯થી ૩૯૧ સુધીની ત્રણ ગાથા ટાંકીને તે ત્રણ ગાથામાં (સ્થાનવાસીને તો સંયમનો વિરાધક જણાવો છો અને બીજી બાજુથી સંગમ તથા અર્ણિક જેવા આચાર્યનું સ્થાનવાસીપણું હોવા છતાં તેમાં સંયમનું આરાધકપણું કહો છો એ કેમ? એ પ્રશ્નના ખુલાસા રૂપે) શાસ્ત્રકારે જે 'કારણે સ્થાનવાસી' મુનિના ગુણપદો જણાવેલા છે તે ગુણોને એ ત્રણ ગાથા પૂર્વેની ૩૮૮મી '**गच्छगओ अणुओगी०**' એ સ્વતંત્ર ૨૬ ગુણદર્શક ગાથાના ગુણો તરીકે લેખાવેલ છે તે શાસ્ત્રના અવળા અને અગાધ અધુરા અવબોધની પારાશીશીરૂપ છે. (૭)–તે સ્ફૂટનોટ નં. ૧ માંની તે ત્રણે ગાથામાં શાસ્ત્રકારે જણાવેલા 'કારણે સ્થાનવાસીપણા'ના ૨૧ ગુણપદોને તેમાંના '**चरण**' અને '**चारित्र**' એ પદોને મનસ્વીપણે જ એક પદ તરીકે લેખાવવા વડે ૨૦ પદો તરીકે લેખાવીને તો **ઉપદેશમાલા** ગ્રંથકાર **શ્રી ધર્મદાસગણીજી** જેવા પ્રભુના હસ્તદીક્ષિત મહામુનિને પણ અજ્ઞાન સમજી લેવાની બાલબુદ્ધિ જ પ્રગટ કરી છે!!!" આ પ્રમાણે તે એક જ પ્રશ્નોત્તરમાંની સાત અક્ષમ્ય ગંભીર ભૂલો જ તે આખાયે અનુવાદની યોગ્યતા સમજવા બસ છે.

પૂર્વોક્ત રીત્યા તે '**શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ**' બૂકમાંના **આદિવચન** તથા **અનુવાદ** સંબંધમાં અભિપ્રાય જણાવ્યા પછી હવે તે અનુવાદની નીચે કરવામાં આવેલા ૭૫ ટિપ્પણમાંના તિથિ અંગેના પ્રશ્નોત્તરો સંબંધે અભિપ્રાય જણાવાય છે કે–શ્રી જંબૂવિજયજીએ સં. ૧૯૯૩માં **પર્વતિથિપ્રકાશ** બૂક પ્રસિદ્ધ કરી. તે બૂક, આદપર મુકામે ચતુર્વિધસંઘ વચ્ચે જુઠી ઠરતાં તે બૂકમાંનાં જુઠાણાઓથી મિશ્રિત કરીને ત્રણ વર્ષ બાદ=સં. ૧૯૯૬માં તેમણે વળી **તિથિસાહિત્યદર્પણ** નામની બીજી બૂક પ્રસિદ્ધ કરી! અને તે બીજી બૂકમાંના સમસ્ત લખાણો ભારે પ્રપંચી અને જાલીમ ઠરવાથી (તેમણે પોતાના નામે બૂક પ્રસિદ્ધ કરવાનું મોકુફ રાખીને) સં. ૧૯૯૯માં તેમણે પોતે પડદા પાછળ રહેવું ઉચિત માનીને પોતાની જૂઠી ઠરેલી તે બંનેય બૂકમાંનાં જુઠાણાઓને આ **શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદને** ઓઠે શ્રી હીરસૂરિજી મ૦ના નામે ખપાવવાનો ઉપાય હાથ ધર્યો જણાય છે! એટલે કે–પોતાની જુઠી ઠરેલી બંને બૂકમાંનાં તિથિ સંબંધીનાં જુઠાણાઓને તેમણે તે 'શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ'ની નીચેના ટિપ્પણોમાં સુધારી વધારીને રજુ કરવા વડે તે પ્રાયઃ સમસ્ત ટિપ્પણોને **चर्वितचर्वण** રૂપે શ્રી ચિદાનંદવિજયને જ નામે રજુ કરી દીધેલ સંભવે છે. એ સંબંધમાં તે શ્રી ચિદાનંદવિજયજીની રતિ તો જાણે સહુ પરિચિત જ છે.

**પ્રશ્ન : ૯૧**–ઉપર જણાવેલા ઉત્તરની શરૂઆતમાં–તે 'હીરપ્રશ્નોત્તરાનુવાદ' બૂકમાંના '**આદિવચન**' શીર્ષક લખાણમાંના જે નવ વાહિયાત લખાણો જણાવેલ છે, તેમાંનું (૧)–તિથિ તથા સૂતકાદિ વિષયોમાં (નવા વર્ગ સામે સમસ્ત શાસનપક્ષે 'રૂક જાવ'નો અવાજ ઉઠાવ્યો હોવાનું પ્રત્યક્ષ હોવા છતાં) સાગરપક્ષે કોલાહલ મચાવ્યો છે ××× ઇત્યાદિ ઉઘાડું જુઠું લખ્યું હોવાથી વાહિયાત મનાય (૨)–'શ્રી આનંદવિમલસૂરિજી મ૦ના સમયમાં તિથિ આરાધનામાં લૌકિકપંચાંગો મનાતા ન્હોતાં; પરંતુ આરાધનાની તિથિ પ્રાપ્ત કરવા સારૂ તે લૌકિક પંચાંગનો આધાર લેવામાં આવતો હતો.' એ વાત પણ સમસ્ત સંઘ સમજતો હોવાથી આદિવચનમાંનું બીજું લખાણ પણ વાહિયાત મનાય (૩)–સં. ૧૯૯૬માં તો ભાવનગરના જૈનપત્ર, જૈનધર્મપ્રકાશપત્ર વગેરેમાં પણ છપાઈને પ્રસિદ્ધ થએલો તે **શ્રી આનંદવિમલસૂરિજી મ૦**નો 'લૌકિક પંચાંગમાંની તિથિઓની ક્ષય-વૃદ્ધિ અન્ય તિથિઓમાં ખસેડાતી જ હતી.' એમ જણાવનાર ખુદનો પટ્ટક, સં. ૧૯૯૨ સુધીનું તે નવા વર્ગનું પણ તે મુજબનું જ આચરણ અને સં. ૧૯૯૩ થી શરૂ કરેલા તે નવા મતની નવી માન્યતા બદલ તે નવો વર્ગ, આજ સુધીમાં તો શ્રી આનંદવિમલસૂરિજી આદિ કોઈપણનો–'ટિપ્પણાની તિથિક્ષય–વૃદ્ધિને આરાધનામાં પણ અન્ય તિથિઓમાં નહિ ખસેડવાનો' એકાદ પણ દાખલો જણાવી શકેલ નહિ જ હોવાથી **આદિવચન**માંનું તે ત્રીજું લખાણ પણ વાહિયાત મનાય; પરંતુ તેમણે લખેલું. (૪)–'આચાર્ય વિજયદેવસૂરિજી તથા દ્વિતીયાચાર્ય શ્રી વિજયતિલકસૂરિજી ઉર્ફે આણંદસૂરિજી થયા.' ઇત્યાદિ વાતવાળું ચોથું લખાણ જુઠું અને વાહિયાત શી રીતે?

**ઉત્તરઃ**–"શ્રી સેનસૂરિજી મહારાજે પોતાની પાટે શ્રી વિજયદેવસૂરિજી એકને જ આચાર્ય બનાવેલ છે, તિલકસૂરિજીને આચાર્ય બનાવેલ નથી. તિલકસૂરિજીને તો–તે શ્રી વિજયદેવસૂરિજી મ૦શ્રીના તેજોદ્વેષી મુનિવર્ગે શ્રી સેનસૂરિજી મ૦ની હયાતિ બાદ–એક અપ્રસિદ્ધ પંડિત રામવિજયજી (જુઓ–'**કુમતાહિવિષજાંગુલિમંત્રતિમિરતરણિ**')ને તેનું તિલકસૂરિજી નામ ઠરાવીને તે ગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના પ્રતિપક્ષીય રૂપે પોતાના જુદા આચાર્ય એકાએક જ ઉભા કરેલ હોવાનું ઇતિહાસ કહે છે."

એ વાત જાણવા છતાં તે ચોથા લખાણમાં (વિજયસેનસૂરિજીની બીનહયાતિમાં) તેવા ઉપજાવી કાઢેલા તે શ્રી વિજયતિલકસૂરિજીને શ્રી સેનસૂરિજી મ૦ની પાટે દ્વિતીયાચાર્ય તરીકે, મહાપુરુષ તરીકે અને શાસનની અતુલ પ્રભાવનાઓ કરનાર તરીકે લેખાવલ છે તે સદંતર વાહિયાત છે અને તેની સાથે આણંદસૂરિજી તો–શ્રી વિજયદેવસૂરિજી મ૦ના પ્રતિસ્પર્દ્ધિ મહો૦ શ્રી સોમવિજયજી મ૦ના શિષ્ય કમલવિજયજીને તે શ્રી તિલકસૂરિજી [કાલધર્મ પામવાથી તે પ્રતિસ્પર્દ્ધિ વર્ગે, તે]ની પાટે 'આણંદસૂરિજી' નામ આપી દઈને આચાર્ય ગણાવેલ તે છે. અર્થાત્ તે તિલકસૂરિજી તે આણંદસૂરિજી નથી; પરંતુ આણંદસૂરિજી તો શ્રી તિલકસૂરિજીની પાટે થયેલ છે' એમ જાણવા છતાં તે તિલકસૂરિજીની સામાચારી શ્રી દેવસૂરતપાગચ્છમાં આજે પણ અપ્રમાણ જ મનાતી હોવાદિ કારણે તે ચોથા લખાણમાં

'શ્રી વિજયતિલકસૂરિજી ઉર્ફે આણુંદસૂરિજી' એમ લખીને તે શ્રી વિજયતિલકસૂરિજીને જ આણુંદસૂરિજી તરીકે લેખાવેલ છે તે પણ જુઠું અને વાહિયાત છે.

**પ્રશ્ન : ૯૨**–તે બૂકના તે **'આદિવચન'** શીર્ષક લખાણના ૧૩મા પેજના ચોથા પેરાનું લખાણ અને પાંચમા પેરાની શરૂઆતનું–'આ અનુવાદને પૂજ્ય ગુરૂદેવ (જંબૂવિ૦) પોતાની સૂક્ષ્મદૃષ્ટિથી જોઈ ગયા છે' એ લખાણ જોતાં મુનિ ચિદાનંદવિજયજીના નામે બહાર પડેલ તે **'હીરપ્રશ્નોત્તરાનુવાદ'** બૂકનું સમસ્ત લખાણ શ્રી જંબૂવિજયજીનું સંભવે છે; પરંતુ તે પાંચમા પેરામાં જે 'આ અનુવાદ શ્રી પ્રેમસૂરિજી મહારાજે પણ તપાસી આપ્યો છે ××× ' ઇત્યાદિ લખ્યું છે તે જોતાં પોતાને સિદ્ધાંતમહોદધિ લેખાવતા આચાર્ય પ્રેમસૂરિજીને પણ તે 'આદિવચન'માંની સજ્જડ સાત અને તે ગ્રંથપ્રારંભના પહેલા એક જ પ્રશ્નોત્તરના અનુવાદમાંની સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ એવી સજ્જડ સાત ભૂલો સૂઝી નહિ ત્યારે પ્રશ્ન થાય છે કે–એ સિદ્ધાંતમહોદધિપણું કેવું ?

**ઉત્તરઃ**–એ સિદ્ધાંતમહોદધિપણું એવું છે કે–"(૧)–અસજ્ઝાયમાં કાલગ્રહણ લેવાની 'ના' હોવા છતાં તેઓશ્રીએ સં. ૧૯૯૧માં રાધનપુર મુકામે ચૈત્રી ઓળીમાં પરમેષ્ઠિના ત્રીજા અને ચોથા પદપ્રદાનનું કાલગ્રહણ લીધું અને તેને 'તે સિદ્ધાંત વિરુદ્ધ છે' એમ જણાવનાર પૂજ્ય આગમોદ્ધારકશ્રીની સામે પડીને 'જૈનપ્રવચન' છાપામાં સિદ્ધાંત મુજબ લેખાવ્યા કર્યું ! (૨)–સં. ૧૯૯૨ના શ્રાવણ માસે શરૂ થએલા નવા તિથિમતથી પોતે વિરુદ્ધ પડ્યા અને સં. ૧૯૯૩માં તે મતમાં સર્વાંગ જોડાઈ ગયા ! (૩)–તે પછી તેઓ સં. ૨૦૦૧થી ૨૦૧૨ સુધી શાસનપક્ષના અનેક આરાધક આચાર્યો–મુનિપ્રવરો અને શ્રાવકોને–'મારે નૂતન મત મૂકીને પ્રાચીન આચરણામાં આવી જવું છે' એમ વારંવાર પણ કહ્યા કર્યું અને સં. ૨૦૧૪માં અમદાવાદથી મુનિશ્રી પદ્મવિજયજીના નામે જાહેર પત્રોમાં 'નવો તિથિમત જ સાચો છે' એમ પ્રસિદ્ધ કરાવીને ફરી બેઠા ! (૪)–એ પછી વળી પાછા સં. ૨૦૧૪માં પોતે તે નવા મતની વિરૂદ્ધનું એક જાહેર નિવેદન લખીને મુંબઈ ખાતે સમાજના આગેવાનોની કમીટિને પણ મોકલી આપ્યું: છતાં તે નિવેદનની જ્યાં સેંકડો નકલો લીથોમાં છપાઈને સર્વત્ર પહોંચી ત્યાં તો તેઓશ્રીએ પોતાના **'દિવ્યદર્શન'** છાપામાં 'મેં તે નિવેદન બહાર પાડ્યું પડાવ્યું નથી' એમ તરત જ છપાવીને તેઓશ્રી તે નિવેદનમાંથી પણ ફરી બેઠા ! (૫)–'ચોમાસામાં દીક્ષા અપાય જ નહિ' એમ સિદ્ધાંતથી કહેનારા તેમણે ચોમાસામાં વડી દીક્ષા આપી ! (૬)–સં. ૨૦૧૮ના ચૈત્રમાસે વળી પોતે અમદાવાદથી પ્રસિદ્ધ કરેલા નિવેદનમાં 'તિથિચર્ચા બાબતમાં તિથિ (જિનશાસનની નહિ; પરંતુ) આપણી જ સાચી છે તેમાં શંકા જ નથી' એમ બહાર પાડ્યું અને આ સં. ૨૦૧૯ની સાલના જેઠ મહિનામાં તો ઉપરા ઉપર જાણવા મળે છે કે–'તિથિચર્ચા બાબતમાં તેઓશ્રીએ શેઠશ્રી કસ્તુરભાઈ તથા રમણભાઈને પીંડવાડા મુકામે સિદ્ધાંતની પરવા કર્યા વિના કોરે પાને સહી કરી આપી છે !' (૭)–'ચોમાસી ચૌદશે લાવ્યા તેથી હવે પૂનમે કરાય જ નહિ' એમ

સિદ્ધાંતથી કહેનારા તેઓશ્રીએ સં. ૨૦૧૯ના કા. શુ. ૧૫ ના ક્ષયે કા. શુ. ચૌદશે સવારે પૂનમ કરી અને 'પહેલાં પૂનમે ચોમાસી થતી હતી' એમ સ્વીકૃતસિદ્ધાંતથી વિરુદ્ધનો સિદ્ધાંત, પેપરોમાં પણ જાહેર કર્યો !"

**પ્રશ્ન : ૯૩**–તે બૂકમાંના અનુવાદના પેજ ૧૨ ઉપરની ૯ નંબરની સ્ફૂટનોટમાં 'શ્રી શ્રાદ્ધવિધિ પત્ર ૧૫૨' એમ સ્થલ જણાવીને રજુ કરેલ–"**बीया पंचमी अट्ठमि एगारसी चउद्दसी पण तिहीओ। एआओ सुअ (ह) तिहीओ०**' એ મૂલપાઠમાંના '**सुअ**' શબ્દના '**अ**' વર્ણની જોડે કૌસમાં (**ह**) પદરનો ગોઠવી દઈને તે બૂકના ૧૩મા પાને તે મૂલપાઠ '**सुअ**'નો અર્થ કરવો છોડી દઈ ને '**सुह**' તરીકેના બનાવટી પાઠનો 'શુભ' અર્થ રજુ કરવાની ગરબડ શું કામ કરી હશે ?

**ઉત્તર:**–"શાસનપક્ષ મહિનામાં જે–'બે બીજ–બે પાંચમ–બે આઠમ–બે અગીઆરસ–બે ચૌદશ–પૂનમ અને અમાસ' એમ બાર પર્વતિથિ હોવાનું કહે છે તે શાસ્ત્રાનુસારી નથી; શાસ્ત્રમાં તો 'આઠમ–ચૌદશ–પૂર્ણિમા અને અમાસ' એ મહિનામાં છ અને પખવાડીઆમાં ત્રણ જ પર્વતિથિ જણાવેલ છે." એવો ભ્રમ ફેલાવવાને માટે તેમણે શ્રાદ્ધવિધિના તે '**सुअ**' પાઠનો 'શ્રુત' અર્થ ઉડાડી દેવા સારૂ તે બનાવટી '**सुह**' પાઠનો 'શુભ' અર્થ કરવાની ગરબડ કરી છે. સિવાય–બે બીજ, બે પાંચમ અને બે એકાદશી એ ૬ પર્વતિથિઓને શાસ્ત્રમાં તો શ્રુતતિથિઓ જ જણાવેલ છેઃ છતાં પંચાંગની ક્ષીણપર્વતિથિને આરાધનામાં પણ ક્ષીણ માનવા–મનાવવાના ચાળે ચડી જવાના યોગે તે વર્ગ, તે શાસ્ત્રોકત શ્રુતતિથિઓને પણ સ્વમતિથી જ મહિનાની બે એકમ–બે ત્રીજ–બે ચોથ–બે છઠ–બે સાતમ આદિ ૧૮ દર્શનતિથિઓ જેવી શુભતિથિ=અપર્વતિથિ લેખાવવાની હદે ગયેલ છે તે તો અત્યંત દયાપાત્ર જ ગણાય.

**પ્રશ્ન : ૯૪**–તે અનુવાદના પેજ ૧૩ ઉપરની સ્ફૂટનોટમાં જે–"જૈનશાસ્ત્રોમાં આ (આઠમ–ચૌદશ–પૂનમ અને અમાસરૂપ) એક જ ચતુષ્પર્વી કહી છે એમ નથી, કિન્તુ બે આઠમો અને બે ચૌદશોને પણ ચતુષ્પર્વી કહેલી છે" એમ લખ્યું છે તે સાચું છે ? શાસ્ત્રમાં એ રીતે શું બે ચતુષ્પર્વી કહેલી છે ?

**ઉત્તર:**–તેવી બે ચતુષ્પર્વી કોઈ જૈનશાસ્ત્રમાં કહેલી નથી; પરંતુ નવા તિથિમત અનુસાર નવા વર્ગને ૧૪×૧૫ અને ૧૪×૦))ના જોડીયા પર્વમાંની ઉત્તર પર્વતિથિના ક્ષય–વૃદ્ધિ પ્રસંગે (આ પુસ્તકના પેજ ૮ ઉપરની ૧૦ નંબરની સ્ફૂટનોટમાં જણાવ્યા મુજબ) તે તે જોડીયા પર્વો રહેતાં નહિ હોવાથી પ્રથમ તો શ્રી જંબૂવિજયજીએ તેમની સં. ૧૯૯૩ની '**પર્વતિથિપ્રકાશ**' બૂકના પાંચમા પેજ ઉપર શાસ્ત્રીય લેખાતી (આઠમ–ચૌદશ–પૂનમ અને અમાસરૂપ) એક જ ચતુષ્પર્વીમાંથી પૂનમ અને અમાસને પર્વમાંથી ઉડાવી દઈને તે શાસ્ત્રીય ચતુષ્પર્વીમાંની આઠમ અને ચૌદશ એ બે પર્વીને મનસ્વીપણે જ શુદ–વદની

બબ્બે ગણાવવા વડે કૃત્રિમ ચતુષ્પર્વી ગણાવી હતી તેથી તે ચતુષ્પર્વીને શાસનપક્ષે શાસ્ત્રદ્રોહી ઠરાવી આપી હતી: આથી છ વર્ષ બાદ અહિં વળી તેમણે પ્રથમ શાસ્ત્રીય ચતુષ્પર્વીને મુખ્ય ચતુષ્પર્વી તરીકે અને પોતાની તે બે આઠમ અને બે ચૌદશવાળી કૃત્રિમ ચતુષ્પર્વીને ગૌણ ચતુષ્પર્વી તરીકે મનસ્વીપણેજ લેખાવેલ હોઈને તે બીજા પ્રકારની ચતુષ્પર્વી શ્રી જંબૂવિજયજીએ ઘરની ઉભી કરેલી છે.

**પ્રશ્ન : ૯૫**–તે અનુવાદના પેજ ૧૪ ઉપર **શ્રી 'પ્રવચનપરીક્ષા'** જેવા પ્રૌઢગ્રંથમાંનો–**'चतुष्पर्वी तावत् श्रावकधर्ममाश्रित्योक्ता, साधुधर्ममाश्रित्य तु अष्टमीचतुर्दश्यावेव'** એ પાઠ ટાંકીને તે પાઠના ભાવાર્થમાં–'આઠમ ચૌદશ પૂનમ અમાસની ચતુષ્પર્વી શ્રાવકધર્મને આશ્રયીને કહી છે, સાધુધર્મને આશ્રયીને તો બે આઠમ અને બે ચૌદશની જ ચતુષ્પર્વી કહેલી છે' એમ જણાવવા વડે તેમણે તે બે ચતુષ્પર્વી જણાવવામાં જૈનશાસ્ત્રનો આધાર પણ આપેલ હોવાથી તે બીજી ચતુષ્પર્વીને તેમણે ઉપજાવી કાઢેલ કેમ કહેવાય ?

**ઉત્તર:–શ્રી તત્ત્વતરંગિણીગ્રંથનો** પ્રાદુર્ભાવ જ મુખ્યત્વે–[ 'અષ્ટમીના ક્ષયે સાતમના દિવસે આઠમ કરનાર અને ચૌદશના ક્ષયે શુદિ પૂનમે ચૌદશ કરનાર–ખરતરને 'આઠમના ક્ષયે તેનો પૌષધ સાતમના દિવસે કરો છો તેમ ચૌદશના ક્ષયે તેનો પૌષધ તેરસના દિવસે ન કરો અને શુદિ પૂનમે કરવા જાવ તે તો અર્દ્ધજરતીયન્યાય ગણાયઃ વળી ચૌદશનો ભોગવટો તેરસના દિવસે છે, પૂનમે નથી; માટે પૂનમે ચૌદશ કરવા જાય તે યુક્તિયુક્ત પણ નથી.' એમ હિતોપદેશ આપીને માર્ગે લાવવા વાસ્તે ] 'અષ્ટમી–ચતુર્દશી–પૂર્ણિમા અને અમાવાસ્યા' એ ચતુષ્પર્વી શ્રાવકધર્મના પૌષધને ઉદ્દેશીને છે. સાધુધર્મની આઠમ અને ચૌદશરૂપ તેમણે કહેલી ચતુર્પર્વીની તો **શ્રી તત્ત્વતરંગિણીગ્રંથમાં** વાત જ નથી.

આથી એ સ્પષ્ટ થાય છે કે–" શ્રી જંબૂવિજયજીએ, સં. ૧૯૯૩માં તે **શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદરૂપે** પ્રસિદ્ધ કરેલ **'પર્વતિથિપ્રકાશ'** બૂકના પાંચમા પેજ ઉપર જે–બે આઠમ અને બે ચૌદશની ચતુષ્પર્વા ગણાવી છે તે સાધુધર્મની નહિ જ; પરંતુ શ્રાવકધર્મની જ જણાવી છે." તે ચતુષ્પર્વી તેમણે શાસનનો દ્રોહ કરીને ઘરની જ ઉભી કરી છે, એમ જ્યારે ઠરાવી આપવામાં આવ્યું ત્યારે તેમણે તે પછીની પ્રસ્તુત સં. ૧૯૯૯ની આ **'હીરપ્રશ્નોત્તરાનુવાદ'** બૂકમાં (તે પ્રથમ ગણાવેલ શ્રાવકની કૃત્રિમ ચતુષ્પર્વીને) ઉપર મુજબ હવે સાધુની ચતુષ્પર્વી લેખાવવાનો માત્ર પ્રપંચ જ ખડો કરેલ છે.

વળી **પ્રવચનપરીક્ષાના** તે પાઠમાં પણ શ્રાવકની–આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસરૂપ એકજ ચતુષ્પર્વી કહેલી છે અને સાધુને આશ્રયીને તો આઠમ અને ચૌદશ એ બે તિથિ જ કહેલી છે. આ વસ્તુ જાણવા છતાં તેમણે તે બંને તિથિને મનસ્વીપણે જ શુદની અને વદની બબ્બે ગણાવીને ચતુષ્પર્વી લેખાવેલ છે તે સ્વીકૃત ઉન્માર્ગના કારમા ગ્રહનું પ્રતીક છે. જે માણસે, તે લખાણમાં શ્રાવકોની ચતુષ્પર્વી ગણાવવામાં તે શાસ્ત્રીય

ચતુષ્પર્વીમાંની–' આઠમ અને ચૌદશને એકેક તિથિ તરીકે ગણાવેલ છે તે જ માણસે તે જ ચતુષ્પર્વીમાંની આઠમ અને ચૌદશ એ બે તિથિને સાધુધર્મને આશ્રયની એકેકની બબ્બે તરીકે લેખાવેલ છે તે તેમની ધૃષ્ટતા જ છે.

**પ્રશ્ન : ૯૬**–તે અનુવાદના તે પેજ ૧૪ ઉપર છેવટે જે–"આજે જેઓ કેવલ પૂનમ અમાસની ચતુષ્પર્વીના આગ્રહમાં અંધ બની આઠમ–ચૌદશની ચતુષ્પર્વીનો અપલાપ કરે છે × × × તેઓ પોતાના મિથ્યાભિનિવેશથી જૈન શાસનની મહા આશાતના જ કરે છે, એમ ચોકખું માલુમ પડે છે." એમ લખ્યું છે તે કેમ છે ?

**ઉત્તરઃ**–પૂનમ–અમાસની ચતુષ્પર્વા કદિ બની શકતી જ નહિ હોવાથી જૈનશાસનમાં આજે તો શું; પરંતુ પૂર્વે પણ કદિ કોઈએ પૂનમ–અમાસની ચતુષ્પર્વા કહેલી કે માનેલી નથી જ; એમ જાણવા છતાં તે સ્થળે શ્રી જંબૂવિજયજીએ, પડદા પાછળથી શાસનપક્ષને ઉદ્દેશીને જે–' જેઓ કેવલ પૂનમ અમાસની ચતુષ્પર્વીના આગ્રહમાં અંધ બની૦' એ વગેરે લખાણ કરેલ છે તે તેમનું જ–આઠમ ચૌદશની કૃત્રિમ ચતુષ્પર્વીના આગ્રહમાં અંધ બની જવાના યોગે રોમે રોમે પ્રસરેલું આભોગિક મિથ્યાભિનિવેશપણું છે. તેના યોગે તેઓ જ શાસ્ત્ર અને શાસનપક્ષને નામે તેવી સરાસર જુઠી વાતો લખવાના ભારી દોષો એ રીતે હોંશથી વહોરી રહેલ છે અને તેમ કરવા વડે તેઓ જૈનશાસનની મહા આશાતના કરવાપૂર્વક પોતાની જાતને દીર્ઘસંસારની ગર્ત્તામાં બળજબરીથી ધકેલી રહેલ છે ! જે દુઃખદ છે. શ્રી ચિદાનંદવિજયજી જો સુજાણ અને ભવભીરૂ હોત તો તેમણે પોતાના નામે આવી શાસ્ત્રવિરુદ્ધ વાહિયાત વાત હાંકવાની શ્રી જંબૂવિજયજીને સાફ સાફ 'ના' સુણાવી દીધી હોત.

**પ્રશ્ન : ૯૭**–શ્રી હીરપ્રશ્ન તૃતીયપ્રકાશનો પાંચમો પ્રશ્નોત્તર–"**पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ पूर्वमौदयिकीतिथिराराध्यत्वेन व्यवह्रियमाणासीत् केनचिदुक्तं श्री तातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयंति तत्किम् ? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया ॥**" એ પ્રમાણે છે અને તે પ્રશ્નોત્તરનો વાસ્તવિક અર્થ, શાસનમાં– "પૂનમ અને અમાસની વૃદ્ધિ વખતે પહેલાં ઔદયિકી તિથિ આરાધ્યપણે પ્રવર્ત્તતી હતીઃ કોઇએ કહ્યું–'આપ પૂજ્ય પહેલીને આરાધ્યપણે ફરમાવો છો. તે શું ? **ઉત્તરઃ**–પૂનમ અને અમાસની વૃદ્ધિ વખતે ઔદયિકી જ તિથિ આરાધ્યપણે જાણવી." એ પ્રમાણે અવિચ્છિન્નપણે પ્રચલિત હોવા છતાં શ્રી જંબૂવિજયજીએ,

તે 'શ્રી હીરપ્રશ્નોત્તરાનુવાદ' બૂકના પેજ ૭૦ ઉપર તે પ્રશ્નોત્તરનો અર્થ,– "પૂર્ણિમા અને અમાસની વૃદ્ધિ હોય ત્યારે પહેલાં ઔદયિકી એટલે **બીજી પૂનમ અને બીજી અમાસ** આરાધવા યોગ્ય મનાતી હતીઃ હવે કોઈ એમ કહે છે કે–આપ પૂજ્ય **પહેલી પૂનમ અને પહેલી અમાસને** આરાધવાને યોગ્ય જણાવો છો, તો આ સંબંધમાં શું છે ? **ઉત્તરઃ**–પૂનમ–અમાસની વૃદ્ધિ થાય ત્યારે **બીજી પૂનમ અમાસ** જ આરાધવા

યોગ્ય જાણવી." એ પ્રમાણે (બ્લેક બતાવેલી પંક્તિઓ ઘરની ઘુસાડવાપૂર્વક) વિપરીત અર્થ કરેલ છે તેનો હેતુ શું હશે?

**ઉત્તર :**– તે પ્રશ્નના પ્રશ્નકારશ્રી અને તે પ્રશ્નના ઉત્તરદાતાશ્રી બન્ને, લૌકિક ટિપ્પણામાં પૂનમ–અમાસની વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તો (તે પૂનમ અમાસની વધેલી ઘડીઓવાળી ઉદયાત્ તિથિને જ તિથિ માનવાની પરંપરાગત અવિચ્છિન્ન આચરણા મુજબ) વૃદ્ધ ઘડીઓવાળી પૂનમ અમાસને જ ઔદયિકી પૂનમ અમાસ તરીકે માનનારા હોવાથી આરાધનાના તે પ્રશ્નોત્તરમાં તેઓ બંનેએ (**પહેલી પૂનમ બીજી પૂનમ કે પહેલી અમાસ બીજી અમાસ'** એમ નહિ જ કહેવાનો સંયમ જાળવીને વૃદ્ધ ઘડીઓવાળી તિથિને જ પૂનમ–અમાસ લેખવારૂપે) ઔદયિકી તિથિ કહેલી છે: અર્થાત્ લૌકિક પંચાંગની પહેલી પૂનમ–અમાસને પૂનમ કે અમાસ કહી નથી. તે પ્રશ્નોત્તરમાં પ્રશ્નકારને 'પૂર્વતની' કહેવી પડી છે તેમાં તેમણે પણ '**પહેલી પૂનમ અને પહેલી અમાસ**' તો નહિ જ કહેવાનો સંપૂર્ણ સંયમ સાચવેલ જ છે: આથી તે પ્રશ્નોત્તરનો તમે જણાવેલ છે તે સેંકડો વર્ષથી પ્રચલિત અર્થ જ વાસ્તવિક અર્થ છે અને તે અર્થમાં શ્રી જંબૂવિજયજીએ જે– "**એટલે બીજી પૂનમ અને બીજી અમાસ, પહેલી પૂનમ અને પહેલી અમાસ** તથા **બીજી પૂનમ અમાસ**" એ વાકયો ઘરનાં ઘુસાડેલાં છે, તેમાં 'સં. ૧૯૯૩થી એ રીતે આરાધનામાં પણ બે પૂનમ–બે અમાસ કહેનારો તેમનો નવો તિથિમત, શ્રી હીરસૂરિજીમ૦ ના નામે ચલાવવો' એ દુષ્ટ હેતુ છે.

**પ્રશ્ન : ૯૮**–પ્રસ્તુત અનુવાદ બૂકના પેજ ૮૬ ઉપર અને ૫૪મી સ્ફૂટનોટના છેડે–" પૂનમ આદિની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે ઓળી એક દિવસ આગળ અગર પાછળ બેસાડવા વગેરેનું ગુરુગમથી સ્હેજે સમજી શકાય તેવું છે." એ પ્રમાણે જાણે અજાણે પણ લખીને તો તેમણે આ અનુવાદની બૂકથી માંડીને આ બૂકની પહેલાંની પણ બે બૂકમાં જે–'પૂનમ અને અમાસના ક્ષયે ચૌદશે 'ચૌદશ–પૂનમ તેમજ ચૌદશ–અમાસ' એમ બંને તિથિનું આરાધન થઈ જાય છે તથા પૂનમ–અમાસની વૃદ્ધિ વખતે પહેલી તિથિને ફલ્ગુ=નકામી ગણીને જ ચૌદશ તથા બીજી પૂનમ–અમાસે તે ચૌદશ અને બીજી પૂનમ કે ચૌદશ અને બીજી અમાસ એમ તે બંને તિથિનું આરાધન કરાય.' એ પ્રમાણે અનેકવાર કહેલું છે, તે કથનને પોતાના જ હાથે ઉત્સૂત્ર ઠરાવેલ હોવાથી તે ત્રણેય બૂકોનાં લખાણ સામે આપશ્રીએ આજસુધીમાં સિદ્ધાંત અને પરંપરાના સજ્જડ સમર્થનપૂર્વક જે બલફોડ અને અવિરત લાલબત્તી ધરીને શ્રી સંઘને સાવધ રાખેલ છે તે તો યથાર્થ જ જણાય છે; પરંતુ પ્રસ્તુત બૂકના પેજ ૮૮ ઉપર તેમણે શ્રી હીરપ્રશ્નોત્તરના ૧૦–૧૧ અને ૧૨ એ ત્રણ પાઠના આધારે કરેલી ૫૫મી સ્ફૂટનોટમાં–" આ પ્રશ્નોત્તરથી સિદ્ધ થાય છે કે–શ્રાવકો ગુરુપૂજા કરે, તે શાસ્ત્રોકત જ છે, **અને તે માટે ઉછામણીનો પ્રસંગ હોય તો તે દેવદ્રવ્યની વૃદ્ધિકારક હોઇ શાસ્ત્રવિધિને ઉપકારક જ છે.** ××××" ઈત્યાદિ લખવા વડે નવા વર્ગે સં. ૧૯૯૭થી ઘી

અને રૂપીયા બોલાવીને શરૂ કરાવેલી પોતાની અંગપૂજાને શાસ્ત્રાનુસારી લેખાવેલ છે અને આખોયે શાસનપક્ષ તો 'તેવી રીતે ગુરુએ પોતાની અંગપૂજા કરાવવી તે શાસ્ત્રવિરુદ્ધ છે.' એમ એકી અવાજે માને છેઃ તો તેનું સંતોષપ્રદ અને પ્રામાણિક સમાધાન શું?

**ઉત્તરઃ**–'**શ્રી દ્રવ્યસપ્તતિકા**' નામના સર્વમાન્ય ગ્રંથને વિષે–'**गुरोरपि जिनस्येव पूजा कार्या**' એ પાઠમાં '**इव**' ઉપમાવાચક છેઃ તે '**चन्द्र इव मुखमस्ति यस्याः सा चन्द्रमुखी**'ની જેમ એકદેશીય સમાનતાદર્શક હોવાથી શ્રી દ્રવ્યસપ્તતિકાનો 'જિનની જેમ ગુરુની પણ પૂજા કરવી' એ પાઠ, જેમ જિનની જલથી પ્રક્ષાલન પૂજા અને પુષ્પાદિથી અંગપૂજા=આંગી વગેરે થાય છે તેમ ગુરુની પખાલ, પુષ્પપૂજા–બાદલુ–વરખ વગેરેથી આંગી આદિ કરવાનું કે પ્રભુની પૂજાની જેમ રૂપીયાની કે ઘીની ઉછામણી બોલીને ગુરુની પૂજા કરવાનું જણાવતો નથી; પરંતુ વાસક્ષેપાદિથી જ અને ચઢાવા વિનાની પૂજાનું જણાવે છે.

આથી જ આખાયે શાસનપક્ષે, મુંબઈ લાલબાગમાં સં. ૧૯૯૭ થી ઘીની ઉછામણી બોલાવવા પૂર્વક શરૂ કરાવેલા પોતાની અંગ પૂજા કરાવવાના નવા વર્ગના તે કૃત્યને કેવલ મહત્વાકાંક્ષી જ લખાવેલ છે. તેવા પ્રકારની ગુરુ–પૂજાની ફલશ્રુતિ પણ સારી નથી. જેમકે-સં. ૨૦૦૦માં અમદાવાદમાં ચેલાની પૂજાનું ૫૦૦ મણ અને ચેલાના ગુરુના પણ વયોવૃદ્ધ દાદા શ્રી સિદ્ધિસૂરિજીની પૂજાનું ૨૫ મણ તે ચેલાની સામે જ થયું ત્યારે વયોવૃદ્ધ દાદાગુરુને અત્યંત ભોંઠા પડવાનું અને ચેલાએ ગર્વ ધારણ કરવાનું બન્યું હતું.

વળી તે સ્ફૂટનોટમાં તેમણે, નવા વર્ગે કરાવવા માંડેલી તેવી ગુરુ–પૂજાને શાસ્ત્રાનુસારી લેખાવવા ૧૦–૧૧ અને ૧૨ એમ ત્રણ પ્રશ્નોત્તરોના આધારનો પણ માત્ર દેખાવ જ કરેલ છે. કારણ કે–'તેમાંનો ૧૧મો એક જ પ્રશ્નોત્તર ગુરુપૂજા સંબંધીનો છે અને તે પણ નવા વર્ગે ઘી બોલાવીને શરૂ કરાવેલી પોતાની અંગપૂજાની વાતને તો જરાય પુષ્ટિ આપતો નથી. કારણ કે–'તે પાઠ અંગપૂજા અંગેનો નથી; પરંતુ શ્રી હેમચંદ્રાચાર્યજીની સામે શ્રી કુમારપાળે અને શ્રી સિદ્ધસેનદિવાકરજીની સામે વિક્રમરાજાએ કરેલી અગ્રપૂજા અંગેનો જ છે.'

આ વસ્તુ જાણવા છતાં તેમણે ઘી બોલાવીને શરૂ કરાવેલી પોતાની અંગપૂજાની પુષ્ટિમાં શ્રી હીરપ્રશ્નના તે પાઠને આગળ કરેલ છે તે શાસ્ત્રકારની સાથે પણ છેતરપીંડી રમવા રૂપ છે. તે ટિપ્પણામાંની–'**અને તે માટે ઉછામણીનો પ્રસંગ હોય તો તે દેવદ્રવ્યની વૃદ્ધિકારક હોઈ શાસ્ત્રવિધિને ઉપકારક જ છે**' એ પંક્તિ તો તદ્દન કપોલકલ્પિત જ છે. તેવી રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો વિધિ કોઈ પણ શાસ્ત્રમાં જણાવેલ નથી. ગુરુને ગર્વના શિખરે આરૂઢ થવાનું બને એવો વિધિ લોકોત્તરશાસ્ત્રમાં હોય પણ નહિ.

**પ્રશ્ન : ૯૯**–તે અનુવાદ બૂકના પેજ ૧૨૩ની સ્ફૂટનોટ ૬૯માં જે–"આજે પરંપરાના નામે કલ્યાણકોને પર્વતિથિમાંથી બાતલ ગણી તેની તપ વગેરે ક્રિયાઓને ઉલટાવનારા આ (ચોથો) પ્રશ્નોત્તર વિચારે." એ પ્રમાણે લખ્યું છે તે સાચું છે? કલ્યાણકોને અને તેની તપ વગેરે ક્રિયાઓને શું શાસનપક્ષ માનતો નથી?

**ઉત્તર:**–એ બાતલ વાત શ્રી જંબૂવિજયજીએ, પાલીતાણા મુકામે સં. ૧૯૯૬ના માઘ માસે મને (હંસ સા૦ને) શાંતિભુવનમાં ચર્ચા પ્રસંગે જણાવી હતી તે જ છે, અને તે વખતે તે વાતના ઉત્તરમાં તેમને મેં–'શાસનપક્ષ, કલ્યાણકોને પર્વતિથિ નથી માનતો, એવો કોઈ દાખલો બતાવો.' ઇત્યાદિ જણાવતાં શ્રી જંબૂવિજયજીને પોતાની તે કલ્પિતવાતના બચાવમાં એકાદ પણ દાખલો આપી નહિ શકવાથી ખૂબ જ સંક્ષોભિત બનવું પડયું હતું=એકદમ લેવાઈ જવું પડયું હતું! તેમને એ વાત તો અનુભવસિદ્ધ હોવા છતાં પણ તેમણે ત્રણ વર્ષ બાદ સં. ૧૯૯૯ની આ બૂકમાં તેની તે જ જુઠી વાત રજુ કરી છે ત્યારે તો તેમની તે અસત્યપ્રિયતાને બીનહરીફ જ ગણવી રહે છે.

**પ્રશ્ન : ૧૦૦**–તે અનુવાદ બૂકના ૧૨૯–૩૦મા પેજ ઉપરની ૭૩મી સ્કૂટનોટમાં–"શ્રી તપાગચ્છમાં આજે એક વર્ગ સૂતકને વિષે જે વિચિત્ર પ્રવૃત્તિ સેવી રહ્યો છે, જેવી કે–(૧) કોઈને ત્યાં સુવાવડ હોય તો એકતાલીશ દિવસ સુધી સાધુને વહોરાવી શકાય નહિ, (૨) તેના ઘર સાથે જેનો એક મોભ હોય તેનાથી પણ ગોચરી વહોરાવી શકાય નહિ, (૩) એક ખડકી હોય તેનાથી પણ ગોચરી વહોરાવી શકાય નહિ, (૪) સુવાવડ ગમે ત્યાં થએલી હોય છતાં તેનાં ઘરના માણસોથી સેવા પૂજા કરાય નહિ, (૫) સુવાવડી બાઈથી સવા સવા મહિના સુધી દર્શન કરી શકાય નહિ, (૬) મરણ પ્રસંગે કાંધ દીધી હોય–સ્મશાનમાં ગએલ હોય–શબે અડયા હોય તો અમુક દિવસો સુધી પૂજા–સામાયિક–પ્રતિક્રમણ વગેરે થઈ શકે નહિ, (૭) ઇત્યાદિ ધર્મકરણીમાં જ અટકાયત કરનારી કહેવાતી હાલની અનેક વિચિત્ર પ્રવૃત્તિને શાસ્ત્ર તેમજ સુવિશુદ્ધ પરંપરાનો મુદ્દલ ટેકો નથી, **તે ઉપરનો મૂલ પ્રશ્નોત્તર સ્પષ્ટ સાબિત કરી આપે છે.** આમ છતાં આજે **કેટલાકો ખોટી પ્રવૃત્તિઓને પરંપરાના નામે ઉત્તેજન આપી શાસ્ત્રીયમાર્ગને જનતામાંથી ભૂંસી નાખવાના નાદે ચઢેલા સૂતક વિષેના ભ્રમને પણ સુધારવાને બદલે 'જૈનકોમ અભડાઈ જાય છે' એવી ધા નાખીને પોતાની અધમ મનોવૃત્તિનું તાંડવ કરે છે.** તેમનાથી ખપી જીવોએ કદી ઉંધે માર્ગે દોરાવું નહિ. અમો વાંચકોને ભલામણ કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે–તેઓ સૂતકના નામે કયાંય સેવા-પૂજાદિ શુભ કરણી, કે–જે શાસ્ત્રાધારે સ્નાન કરીને શુદ્ધ થવાથી સુખેથી કરી શકાય છે, તેનાથી પોતે અટકીને કે અન્ય કોઈને અટકાવીને મહાઅંતરાયકર્મનું પાપ ન બાંધે." એ પ્રમાણે લખ્યું છે તો શું જૈન શાસ્ત્રમાં સૂતક વર્જવાનું કહ્યું જ નથી? અને સૂતક, આખા સંઘમાં પરંપરાનુસારે તો જે વર્જાય જ છે તે શું ખોટું છે?

**ઉત્તર:**–જૈનશાસ્ત્રોમાં સૂતક વર્જવાનું ઠેર ઠેર કહેલું છે જ. સં. ૧૯૯૮ આદિના **'શાસનસુધાકર'** પત્રના અનેક અંકોમાં તે વર્ગને–તે 'શ્રી હીરપ્રશ્ન' અને 'શ્રી સેનપ્રશ્ન' ગ્રંથોનો જન્મ જે આગમગ્રંથો અને શાસ્ત્રોના આધારે છે તે આગમગ્રંથો તેમજ શાસ્ત્રોમાંથી ઉદ્ધરીને અનેક પાઠો અનેકવાર પણ જણાવેલ છે. '**શ્રી વ્યવહારસૂત્ર**' નામના

આગમગ્રંથની પીઠિકાનો દસ દિવસનું સૂતક જણાવનારો '**जायमयसूयगाइ०**' (કે-જેને શ્રી હીરસૂરિજી તથા શ્રી સેનસૂરિજીએ પણ પોતાના પ્રશ્નોત્તરગ્રંથોમાં અપનાવેલ છે. તે) પાઠ પણ આપેલ છે, '**શ્રી કલ્પસૂત્ર**'માં મહાવીર પ્રભુના જન્મ પ્રસંગેય સિદ્ધાર્થમહારાજે સૂતકના બાર દિવસ વર્જ્યાનો પાઠ આપેલ છે, દશપૂર્વધર ભગવંત શ્રી ઉમાસ્વાતિજી મહારાજે '**પ્રશમરતિપ્રકરણ**'ગ્રંથમાં સૂતક વર્જવાનું જણાવેલ છે તે પાઠ તથા ખુદ તે નવા વર્ગના વડદાદાગુરુ શ્રી આત્મારામજી મહારાજે '**તત્ત્વનિર્ણયપ્રાસાદ**'માં સૂતક વર્જવાનું સાફ સાફ જણાવેલું છે તે આધાર પણ જણાવેલ છે. (કે-જે મુજબ તેમના આ નવા વેલા સિવાયના તેઓશ્રીના **મુખ્ય પટ્ટધર** આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦-પ્રવર્તક શ્રી કાંતિવિ૦ મ૦-શ્રી ચતુરવિ૦ મ૦ વગેરેના સમુદાયો તો આજે પણ યથાવત્ પાલન કરી રહેલ જ છે.)

શ્રી હીરપ્રશ્ન ગ્રંથના ચોથા પ્રકાશના તે ૧૭મા પ્રશ્નમાં પ્રશ્નકારે જ્યારે-"જેના ઘરે પુત્રપુત્રીનો જન્મ થયો હોય તેના ઘરના પાણીથી દેવપૂજા સૂઝે નહિ, **એવા અક્ષરો ક્યાં છે?** એમ પૂછ્યું છે ત્યારે જ તેના ઉત્તરમાં શ્રી હીરસૂરિજી મહારાજે 'એવા અક્ષરો, **शास्त्रे ज्ञातानि न संति**-શાસ્ત્રમાં જાણ્યા નથી (અર્થાત્ આચરણામાં છે) એમ જણાવવું પડ્યું છેઃ અને તે સાથે જ તેઓશ્રીએ, 'તેના ઘરના ગોચરી-પાણી વગેરેને આશ્રયી જે દેશમાં જે લોકવ્યવહાર (આચરણા) હોય તેને અનુસરીને સાધુઓએ કરવું જોઈએ.' એમ પણ સ્પષ્ટ જણાવી દેવા વડે સૂતક તો વર્જવાનું કહ્યું જ છે. ('**जायमयसूयगाइ०**' પાઠથી આગમને વિષે ૧૦ દિવસ વર્જવાના કહ્યા છે તે) 'દસ દિવસનો આગ્રહ તો શાસ્ત્રમાં જાણ્યો નથી.' એમ જણાવીને પણ 'દસ જ દિવસ વર્જવા અને વધારે ન વર્જવા' એવો આગ્રહ તો શાસ્ત્રમાં જાણ્યો નથી.' એમ પણ સ્પષ્ટ જણાવ્યું છે. આમ છતાં શ્રી જંબૂજીએ, શ્રી હીરસૂરિજી મ૦ના તે સમ્યગ્ વચન ઉપર તેવું વિપરીત ટિપ્પણ કરતાં સંકોચ અનુભવેલ નથી તે ભવભીરુતાના અભાવનું પ્રતીક છે.

શ્રી હીરસૂરિજી મહારાજે તે ઉત્તરમાં જેમ-'સૂતકીના દસથી વધારેય દિવસ ગોચરી પાણી વર્જવાનો જો લોકવ્યવહાર હોય તો સાધુઓએ તે પ્રમાણે કરવું જોઈએ.' એમ સ્પષ્ટ જણાવ્યું છે, તેમ શ્રી પ્રશમરતિપ્રકરણમાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજે પણ-'**लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात्। तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥**' એ શ્લોકદ્વારા લોકવિરુદ્ધ વર્ત્તવાની સાફ મનાઈ કરેલ છે; છતાં 'તે શ્રી હીરપ્રશ્નોત્તર, સૂતક વર્જવાનું નથી એમ સ્પષ્ટ સાબિત કરી આપે છે' એમ તે શ્રી હીર પ્રશ્નોત્તરના નામે જ જેમને અવળું બોલવું છે તેમને સદ્બોધ શું હિત કરે? નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે-**पयःपानं भुजंगानां केवलं विषवर्धकम्**'

સં. ૧૯૮૮માં આ લેખકે (હંસ સા૦ એ) તેમના દાદાગુરુ શ્રી દાનસૂરિજીને મુંબઈ લાલબાગમાં-'એક માળામાં શ્રાવકના ઉપર નીચે ઘણા ઘર હોય તેમાં એક ઘરે સુવાવડ હોય તો તે માળામાં ૧૨ દિવસ ગોચરી જવું કે નહિ?' એમ પૂછ્યું હતું. તેનો તેઓએ-

**'તે માળામાં ગોચરી જવામાં અડચણ નહિ, માત્ર સુવાવડવાળી રૂમની આજુ-બાજુની એકેક રૂમ બાર દિવસ વર્જવી'** એ મુજબ સૂતક વર્જવાનો સ્પષ્ટ ખુલાસો આપ્યો હતો; પરંતુ તેઓનો સં. ૧૯૯૨માં સ્વર્ગવાસ થયા પછી જ માથું ઉચકવા પામેલા આ નવા વર્ગની જેમ 'સૂતક વર્જવાનું નથી' એમ તો કદિ જ કહ્યું ન્હોતું. જોગ આદિમાં પણ જન્મ–મરણ તથા ગ્રહણની અસજ્ઝાય તો જણાવેલ જ છે.

આથી સૂતકનું વર્જન, તે કેવલ પરંપરાનુસારી જ નહિ; પરંતુ શાસ્ત્રાનુસારી પણ છે. આ વાત નવો વર્ગ પણ જાણે જ છેઃ છતાં તેમના વડિલોએ પણ આદરેલ તે સૂતકવર્જન રૂપ પ્રવૃત્તિને આજે આ શ્રી જંબૂ૦ જેવાઓ, 'શાસ્ત્રમાં સૂતક વર્જવાનું કહ્યું જ નથી, સૂતકવાળાને ત્યાંથી મુનિએ અશનાદિ વહોરી શકાય, સૂતકમાં પણ સ્નાન કરીને તે દિવસથી જ પ્રભુપૂજા થાય' એ વગેરે કપોલકલ્પિત જ વાતો દ્વારા વિચિત્ર પ્રવૃત્તિ કરી દેવા પૂર્વક જૈન જેવી લોકોત્તર સમાજને અભડાવી દેવાના ઉન્માદે ચઢયા છે તે તેઓનો મહાન્ પાપોદય જ માનવો રહે છે.

સં. ૧૯૯૩થી નવો તિથિમત કાઢીને નવા વર્ગ તરીકે ખ્યાત બનેલ આ વર્ગ, ઢુંઢીયા અડચણને 'ગુમડું ફુટયું' ગણી તેના અશુભપુદ્ગલોને ધર્મકરણીમાં પણ બાધક તરીકે દેખતા બંધ થયા હોવાની જેમ જન્મ–મરણ અને ગ્રહણના (શાસ્ત્રમાં સર્વત્ર અશુભ તરીકે જણાવેલ) અશુભ પુદ્ગલોને (શાસ્ત્ર કે પરંપરાનો એક પણ વિદ્વદ્‌માન્ય શાસ્ત્રાધાર સમ્યગ્ રીતે આપ્યા વિના જ) ધર્મકરણીમાં અશુભ=બાધક તરીકે દેખતો બંધ થઈને 'બાધક નથી–બાધક નથી' એમ માત્ર મનસ્વીપણે જ પોકારવા લાગેલ છે. આ અંધાપામાં એ રીતે તે વર્ગને 'સૂતકમાં પણ વહોરાવાય–દર્શન કરાય–પ્રભુપૂજા કરાય' ઇત્યાદિ વિરુદ્ધ બોલવું ન સૂઝે તો બીજું સદ્ કયાંથી સૂઝે? શાસનમાં માલિન્ય પ્રસારનારી તેવી મનસ્વી વાતો કહેવા–લખવા અને પ્રચારવાના કૂટ ધંધે લાગી જવામાં શાસ્ત્ર અને પરંપરાવિરુદ્ધ તો ખૂબ જ બોલવું પડે છે, એમ તે વર્ગ પણ જાણે જ છેઃ છતાં તે વર્ગને તે બોલ્યું ફેરવવું તે હવે કઠીન લાગતું હોવાથી જ તે નવો વર્ગ, તેવા અસત્ય પ્રચારને વળગી રહેલ છે એમ પણ તેમના પં. શ્રી મુક્તિવિ૦ તથા પં. શ્રી રવિવિ૦ આદિના શ્રી મુંબઈ–સુરેન્દ્રનગર વગેરેના ચાતુર્માસ પ્રસંગે પલટાતા રહેલાં વક્તવ્યો=સૂતક માનવાનાં થયેલાં વક્તવ્યો સાક્ષી પૂરે છે.

તે ફૂટનોટમાં તેમણે શાસનપક્ષની પહેલી ભૂલ તરીકે જે–(૧)–'કોઈને ત્યાં સુવાવડ હોય તો ૪૧ દિવસ સુધી સાધુને વહોરાવી શકાય નહિ' એમ કહ્યું છે તે વાકય, 'તો પછી કેટલા દિવસે સુવાવડીથી વહોરાવી શકાય?' એ જણાવનારો પાઠ આપ્યા વિના જ જણાવ્યું હોવાથી જુઠું છે અને 'સુવાવડીના પણ હાથે સુવાવડના પહેલા દિવસથી જ વહોરવાનો' ભ્રષ્ટાચાર મનસ્વીપણે જ સ્થાપવાના બદ ઈરાદાવાળું છે. સુવાવડીએ ૪૧ દિવસ સુધી

નહિ વહોરાવવાની તો વૃદ્ધ પરંપરા છેઃ એ કોઈ આધુનિકનિષ્પન્ન વ્યવહાર નથી. પરંપરા તો શાસ્ત્ર કરતાંય બલવતી ગણાય છે, એમ જાણવા છતાં પરંપરાનુસારી વર્ત્તનને તેમણે ભૂલ ગણાવી છે તે પરંપરાપ્રતિના દ્વેષનું પણ સૂચક છે. તેમના તરફથી સ્વચ્છંદીપણે રજુ કરવામાં આવેલા આ નિરાધાર વક્તવ્યમાં–પોતે સુવાવડીના હાથે પહેલા દિવસથી જ વહોરવાની અને સુવાવડીને પહેલા દિવસથી જ પૂજા કરતી કરવાની જે પ્રકટ મલીનવૃત્તિ દેખાય છે તે સિવાય કાંઈ જ તત્ત્વ નથી.

(૨)–તેમણે જે–'તેના ઘર સાથે જેનો એક મોભ હોય તેનાથી પણ ગોચરી વહોરાવી શકાય નહિ' એમ કહ્યું છે તે પણ શાસનપક્ષના નામે જુઠું જ કહ્યું છે. શાસનપક્ષ તો–'તેને ત્યાં સાધુએ ગોચરી વહોરાય નહિ' એમ જ કહે છે અને તે સાથે 'એક મોભવાળો પણ બીજેથી તો ગોચરી વહોરાવી શકે છે' એમ જ કહે છે.

(૩)–તેમણે જે–'એક ખડકી હોય તેનાથી પણ ગોચરી વહોરાવી શકાય નહિ' એમ કહ્યું છે તે પણ શાસનપક્ષના નામે જુઠું જ કહ્યું છે. શાસનપક્ષ, 'એક ખડકીવાળાથી વહોરાવી શકાય નહિ' એમ કહેતો જ નથી; પરંતુ 'એક ખડકીમાં હોય છતાં સુવાવડીના ઘર સાથે જેનો એક મોભ ન હોય. અરે ! એક ખડકીમાં ખુદ સુવાવડીના ઘરથી પણ જો તેનું રસોડું જુદું હોય તો તે રસોડેથી પણ વહોરી શકાય' એમ કહે છે.

(૪)–તેમણે જે–'સુવાવડ ગમે ત્યાં થયેલી હોય છતાં તેના ઘરના માણસોથી સેવા–પૂજા કરાય નહિ' એમ કહ્યું છે. તે પણ શાસનપક્ષના નામે જુઠું જ કહ્યું છે. શાસનપક્ષ તો–'સુવાવડ અન્યત્ર થએલી હોય તેના ઘરના માણસોથી પ્રભુની સેવા–પૂજા કરાય' એમ જ કહે છે.

(૫)–તેમણે જે–'સુવાવડી બાઈથી સવા સવા મહિના સુધી દર્શન કરી શકાય નહિ.' એમ (તો પછી કેટલા દિવસે દર્શન કરી શકાય ? એ જણાવનારો પાઠ આપ્યા વિના જ) કહ્યું છે તે શાસનપક્ષ વડે આચરાતી તે વૃદ્ધપરંપરાને ખોટી રીતે ખોટી લેખાવવાના તથા સુવાવડીને પહેલા દિવસથી જ દર્શને જતી કરવા વડે અવિચ્છિન્ન આચરણામાં ભંગાણ પાડવાના બદ ઈરાદાથી કહ્યું હોવાથી જુઠું છે. અડચણવાળીનેય દર્શન નિષેધનારા તેઓ, એ રીતે સુવાવડીને તો પહેલા દિવસથી જ દર્શન સ્થાપવા માગે છે ત્યારે તેનો મતિવિભ્રમ કેટલો જબ્બર ગણવો ? અડચણની અશુચિ વધારે કે સુવાવડની ? એ પણ જેને સમજ નથી તેને આવા કલ્પિત અને આભડછેટ પેદા કરનારા અર્થો ન સૂઝે તો બીજું શું સૂઝે ? કલ્યાણકામી આત્માઓએ આવા અજ્ઞાનીજનોના લખાણથી ખૂબ જ સાવધ રહેવું જરૂરી છે.

(૬) તેમણે જે–'મરણ પ્રસંગે કાંધ દીધી હોય=સ્મશાનમાં ગએલ હોય–શબને અડયા હોય તો અમૂક દિવસો સુધી પૂજા–સામાયિક–પ્રતિક્રમણ વગેરે થઈ શકે નહિ.' એ કહ્યું છે તે શાસન પક્ષનાં નામે જુઠું જ કહ્યું છેઃ શાસનપક્ષ તો 'સ્મશાને ગએલ હોય પણ શબને કે શબને અડેલાને અડયો ન હોય તેને સ્નાનથી શુદ્ધ જણાવીને પૂજા–સામાયિક–પ્રતિક્રમણ વગેરે થઈ

શકે અને કાંધ દીધી હોય કે શબને અડેલ હોય તેને અંગ–પૂજા ન થાય પરન્તુ અગ્રપૂજા–ભાવપૂજા અને મનમાં સામાયિક પ્રતિક્રમણાદિ પણ થઇ શકે!' એમ જ કહે છે.

તિથિની જેમ તેમની આ સૂતકસંબંધીની પણ કલ્પિતવાતોને ભદ્રિકજનોમાં શાસ્ત્રીય વાતો તરીકે ઠસાવી દેવા સારૂ તે વર્ગ, શાસ્ત્ર અને પરંપરા પ્રેમીઓની સૂતક વિષયક શાસ્ત્ર અને પરંપરા–શુદ્ધ પ્રવૃત્તિને પણ ( શાસ્ત્ર અને પરંપરાના પ્રામાણિક આધારે તો જુઠી લેખાવી શકતો જ નહિ હોવાથી ) શાસનપક્ષના મુખમાં એ રીતે ખોટી વાતો મૂકીને પણ ખોટી કહીને પોતાનો બોલ સ્થાપવા મથે છે તે દયાજનક છે. એ રીતે શાસ્ત્ર અને પરંપરાશુદ્ધ આચરણાને શાસનપક્ષના નામે જુઠી વાતો લખીને પણ લોપવા મથનારની ગતિ કઈ હોય શકે ? તે તો જ્ઞાની ભગવંતોજ કહી શકે.

આ ખુલાસા પછીથી કોઇપણ સુજ્ઞવાચકો સમજી શકે તેમ છે કે–(ગડગુમડથી કે કાનથી રસી ઝરતાને તો આજે પણ મહિનાઓ સુધીય પ્રભુપૂજાનો નિષેધ કરવામાં ધર્મકરણીમાં અટકાયત નહિ દેખનારા ) તે વર્ગે, શાસનપક્ષની તે સૂતકવર્જન અંગેની શાસ્ત્ર અને પરંપરા શુદ્ધ પ્રવૃતિને ધર્મકરણીમાં નિષેધ કરનારી અને અનર્થકારી લેખાવવા સારૂ ત્યાં આગળ વધીને જે–(૭)–' ઇત્યાદિ **ધર્મકરણીમાં જ અટકાયત કરનારી** કહેવાતી હાલની અનેક વિચિત્ર પ્રવૃત્તિને શાસ્ત્ર તેમજ સુવિશુદ્ધ પરંપરાનો મુદ્દલ ટેકો નથી, તે ઉપરનો મૂળ પ્રશ્નોત્તર સ્પષ્ટ સાબિત કરી આપે છે' એમ પણ તે શ્રી હીરપ્રશ્નોત્તરને નામે લખી માર્યું છે તે તો ભદ્રિકજનોને સદાચારથી ચલિત કરવા સારૂ ઠંડા પહોરનું ગપ્પું જ માર્યું છે. કારણકે–શ્રી હીરપ્રશ્નમાંનો આપણે પ્રથમ જોઈ ગયા છીએ તે મૂળ ઉત્તર, સૂતકની પ્રવૃત્તિને વિચિત્ર કે શાસ્ત્ર–પરંપરાના ટેકા વિનાની તો જણાવતો નથી પરંતુ અર્થાપત્તિથી સુવાવડવાળા ઘરના પાણીથી પૂજા નહિ કરવાની આચરણા હોવાનું તેમજ દસથી વધુ દિવસોય ( દેશાચાર પ્રમાણે ) સૂતક વર્જવાનું જ સ્પષ્ટ જણાવે છે.

પોતાનું તે ટિપ્પણ એ પ્રકારનાં સાત જુઠાણાથી ઉભું કરીને તે પછીથી તમણે જે–'આમ છતાં આજે **કેટલાકો ખોટી પ્રવૃત્તિઓને ××× કદી ઉંધા માર્ગે દોરાવું નહિ**' એમ ( બ્લેક ટાઈપમાં બતાવેલું )લખીને શાસનપક્ષને અધમ મનોવૃત્તિવાળો લેખાવેલ છે, તે તેમના તે સાત જુઠાણાં વાંચ્યા બાદ–' કોણ અધમ મનોવૃત્તિવાળું છે ?' તે સુજ્ઞોએ સમજવા સારૂ એ સ્પષ્ટીકરણ જ અત્ર બસ માનવામાં આવે છે.

**'स्नानानंतरं पूजानिषेधो ज्ञातो नास्ति'** એ શ્રી સેનપ્રશ્નમાંનો સૂતક સંબંધીનો પાઠ પણ સુવાવડીએ દસ દિવસ બાદ કરાતા સુવાવડના પહેલા સ્નાનને અનુલક્ષીને છે. સૂતક સિવાયના બીજાઓને સ્નાન સિવાય જો પૂજા થતી હોય તો જ તે વર્ગ તે સૂતકના પહેલા સ્નાનને સૂચવતા પાઠને ચાલુ સ્નાનના પાઠ તરીકે ખપાવવામાં પોતાને સાચો મનાવી શકે, અન્યથા જૂઠો તો છે જ.

**પ્રશ્ન : ૧૦૧**–તાજેતરમાં અનેક નક્કર જેવા પણ મળતા રહેલા સમાચાર મુજબ આ ચાલુ

સંવત્ ૨૦૧૯ના અષાડ વદિ ત્રીજ કે ચોથના રોજ (અમદાવાદ શ્રમણોપાસક સંઘસંમેલન પ્રસંગે મળેલી ચારસો જેટલા શ્રાવકોની સહીઓવાળી અરજી ઉપર ધ્યાન આપીને) શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શ્રમણોપાસક સંઘસમિતિ તરફથી તિથિપ્રકરણનાં સમાધાન રૂપે કેટલાક આચાર્યોની સંમતિ મેળવેલું એક નિર્ણાયક લખાણ પ્રસિદ્ધ કરવાના છે અને તેમાં 'લૌકિક પંચાંગમાં આવતી પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ વખતે આરાધનામાં ચાલુ પ્રાચીન પરંપરા મુજબ પૂર્વતિથિની ક્ષય–વૃદ્ધિ કરવી, પૂનમ–અમાસની ક્ષય–વૃદ્ધિ વખતે તેરસની ક્ષય–વૃદ્ધિ કરવી અને ચાલુ સ્વીકૃત લૌકિકપંચાંગમાંની ભા. શુ. ૫ ની ક્ષય–વૃદ્ધિ વખતે ભા. શુ. ૬ની ક્ષય–વૃદ્ધિવાળા બીજા જ કોઈ લૌકિકપંચાંગનો આધાર લઈને ભા. શુ. ૪ અને પાંચમનું જોડીયું પર્વ તે બીજા પંચાંગ મુજબ જોડે કરવું.' એ પ્રકારનો નિર્ણય હોવા સંભવ છે. જો શેઠ શ્રી કસ્તુરભાઈ, એ રીતે અને એ પ્રકારે શ્રમણો–પાસક સંઘવતી નિર્ણય જાહેર કરે તો તે બદલ આપનો શું અભિપ્રાય છે? વળી શ્રાવકસંઘનો નિર્ણય શ્રમણસંઘમાન્ય ગણાય?

**ઉત્તરઃ**—એ સંબંધમાં ચોક્કસ કાંઈ જાણ્યું નથી. બાકી રાજનગર મુકામે સં. ૨૦૧૪ના વૈ. શુ. ૩ના રોજ તિથિપ્રકરણ સંબંધમાં શ્રમણસંમેલન યોજાએલ, તે પ્રસંગે એ બાબત વિચારણા કરવા અમદાવાદ જૈન મરચંટ સોસાયટીના ઉપાશ્રયમાં રાત્રે શાસનપક્ષના મુનિરાજોની એક છ કલાકની બેઠક અગાઉથી યોજવામાં આવેલ. અને તેમાં મારા (હંસ સા૦) તરફનો એ પ્રસ્તાવ હતો કે–'સંમેલનની બેઠક શરૂ થયે તેમાં બારપર્વી બાબત સં. ૧૯૯૨ પહેલાં સૌની એક જ આચરણા હતી તે વાતને જ મુખ્ય રાખીને સં. ૧૯૫૨ થી શરૂ થએલી એક માત્ર ભા. શુ. ૫ પર્વતિથિનીજ ક્ષય–વૃદ્ધિ પ્રસંગની ગરબડને વિચારવાનું રાખવું.' આ પ્રસ્તાવ સહુ મુનિરાજોએ સ્વીકાર્યો હતો.

ત્યારબાદ સંમેલનની ૧૫ દિવસ બેઠક ચાલી અને તેમાં નવા વર્ગે તે પ્રસ્તાવને તક જ નહિ આપવા દેવાથી તે સંમેલન શાસનપક્ષના ૩૩ સમુદાય પૂરતું તો અવશ્ય સફલ થયું જ.

એ પછી તે વર્ષના આસો માસે શેઠ શ્રી કસ્તુરભાઈની દોરવણી તળે અમદાવાદમાં તિથિપ્રકરણના સમાધાન અર્થે અનેક સદ્‌ગૃહસ્થોએ આઠેક દિવસ પ્રયત્ન કર્યો હતો અને તે પ્રયત્નમાં અમારા સમુદાયે જણાવેલ વાતોનો બીજાઓએ ઉલટી રીતે પ્રચાર કરવા માંડતાં સમાધાન અર્થે અમે જણાવેલ તે વાતો, તે પ્રસંગે અમારે હિત ધરાવતા લાગતા વળગતા ૨૨ સ્થલોએ પત્રો દ્વારા પોસ્ટ મારફત પહોંચતી કરવી પડી હતી. તે વખતે–

શેઠ શ્રી કસ્તુરભાઈની પણ જાણ માટે તે પત્રની એક નકલ, શેઠ શ્રી કસ્તુરભાઈને તે સાથે પત્ર લખીને મોકલેલ–તથા ઝવેરી કેશવલાલ લલ્લુભાઈની જાણ માટે એક નકલ, સાથે પત્ર લખીને શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીને પણ પોસ્ટથી મોકલી હતી. તિથિચર્ચાજન્ય કલેશની સમાધિ અર્થે તે નકલમાં અમે અમારો જે અભિપ્રાય જણાવેલ છે તે અમારો અભિપ્રાય વર્તમાનમાં ચાલતી સમાધાન માટેના નિર્ણય અંગેની તમે જણાવેલી

વાતના સંદર્ભમાં પણ તમોને ઉપયોગી થશે એમ સમજીને આ નીચે તે વખતે શેઠ શ્રી ક. લા. તથા ઝવેરી કે. લ. ને લખેલ પત્રની અને ૨૨ જણાને મોકલેલ પત્રની નકલ જણાવાય છે.

## શેઠ શ્રી ક. લા. તથા ઝવેરી કે. લ. ને લખેલ પત્રની નકલ.

અમદાવાદ. ના. ભૂ. ની પોળ.
(સં. ૨૦૧૪ના) આસોવદ ૧૩

જૈનસમાજવત્સલ સુશ્રાવક શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ યોગ મુનિ હંસસાગરજીના સબહુમાન ધર્મલાભ વાંચશો.

ગત અઠવાડીયે અમદાવાદમાં આપની દોરવણી તળે અનેક સદ્ગૃહસ્થોએ તિથિપ્રકરણના સમાધાન અર્થે પ્રયત્ન કર્યો હતોઃ તે પ્રયત્નમાં અમારા સમુદાયે જે જણાવેલ છે તે વાતોને બીજાઓ તરફથી વિપરીત રીતે પણ પ્રચારવામાં આવેલ છે. આથી તે પ્રકરણના સમાધાન અર્થે અમોએ કહેલી બીના અમારે લાગતા વળગતા અનેક શાસનહિતેચ્છુઓને જણાવવી પડેલ છે, તેની નકલ આ સાથે આપને પણ જાણ માટે મોકલું છું.

## તે પત્રની સાથે તે શ્રેષ્ઠિવર્યોને મોકલેલ–૨૨ શાસનહિતેચ્છુઓને જણાવેલ પત્રની નકલ

મુનિ હંસસાગરજી

અમદાવાદ નાગજીભૂધરની પોળ,
૨૦૧૪ના આસો વદ ૮, બુધવાર

આપશ્રીને અહિં ચાલતા તિથિપ્રકરણનાં વાતાવરણથી વાકેફ રાખવાની શાસનહિતાર્થે બજાવવી રહેતી ફરજ અનુસાર જણાવું છું કે—

અહિં અમદાવાદમાં ગત ચાર દિવસમાં તિથિ પ્રકરણનાં સમાધાનાર્થે અનેક નામાંકિત સદ્ગૃહસ્થોએ સતત પ્રયત્ન કર્યો છે.

તેમાં મુખ્ય વાત એ છે કે–"આ૦ મ૦ શ્રી વિજયપ્રેમસૂરિજી મ૦, નવી માન્યતા મૂકી દઈને સં. ૧૯૯૨ પહેલાં જે પ્રમાણે પર્વક્ષય–વૃદ્ધિએ વર્ત્તતા હતા તે પ્રમાણે જ બારેય પર્વતિથિનું તેમજ કલ્યાણક પર્વોનું પણ પાલન કરવા તૈયાર છે; પરંતુ ભા. શુ. ૫ ના ક્ષય-વૃદ્ધિ વખતે (બીજું કોઈ પંચાંગ લેવાનું નહિ; પરંતુ) ભા. શુ. ૬ ના ક્ષય-વૃદ્ધિ કરવાઃ એ પ્રકારનો એક પટ્ટક સંઘ બનાવેઃ"

તેના જવાબમાં અમારા સમુદાય તરફથી અમોએ અનેકને મુખે અનેક શ્રાવકો વચ્ચે વારંવાર સ્પષ્ટ જણાવ્યું છે કેઃ–"જો શ્રીસંઘમાં એકતા થતી હોય તો–**ભા. શુ. ૫ ની ક્ષય-વૃદ્ધિ વખતે શાસ્ત્ર અને પરંપરાના આધાર સિવાય જ જેઓએ ભા. શુ. ૬ ની ક્ષય-વૃદ્ધિ કરેલી છે** તેઓની વાત બાજુ પર રાખો, અને **શાસ્ત્ર અને પરંપરાનુસારે**

**ભા. સુ. ૩ ની જ ક્ષય-વૃદ્ધિ થતી હોવાની** વાત પણ બાજુ પર રાખો અને મધ્યસ્થને શોભે એવો પટ્ટક બનાવો. દાખલા તરીકે–ભા. શુ. ૫ની ક્ષય વૃદ્ધિ વખતે જો શ્રીસંઘનું ધ્યાન પડે તો ભા શુ. ૧ ના ક્ષય-વૃદ્ધિ કરવાનો પટ્ટક બનાવાય તો કોઈનેય અડચણ આવે નહિ. અને શ્રીસંઘમાં વ્યાપક શાંતિ સ્થપાય એમ અમને લાગે છે. **यावत्संभवस्तावद्विधिः** ન્યાયે (ક્ષય-વૃદ્ધિ વખતે) પાછળ ચાર તિથિ સુધી પણ જઈ શકાય છે; **પરંતુ આગળની તિથિના ક્ષય-વૃદ્ધિ કરવાનો પટ્ટક કરવો તે તો સદંતર ઉલટું જ છે. આમ છતાં પણ શ્રીસંઘ જો એવું જ કાંઈ કરશે તો તે અમને માન્ય નહિ જ હશે. છતાં સંઘની શાંતિ ખાતર અમો તેનો વિરોધ નહિ કરીએ.**"

આ પછી શ્રાવકો કાંઈ નવિન વાત લાવ્યા નથી. શેઠશ્રી કસ્તુરભાઈ આજ સાંજે હવા અર્થે બહારગામ ગયા છે. કા. વ. બીજે આવવાનું સાંભળ્યું છે. આવ્યા પછી પણ આ સંબંધી વાત તો નીકળશે જ એમ ઘણાનું માનવું છે. અમોએ શ્રાવકોને જે ઉપર મુજબનો જવાબ આપેલ છે તેમાં અમારી કાંઈ ભૂલ જણાતી હોય તો જણાવશો. ત્યાંના સમાચાર લખશો. એજ.

સં. ૨૦૧૪ના આસો માસમાં એ મુજબ બાવીશ સ્થલે પત્રો જણાવ્યા પછી ત્યારથી આજ **સં. ૨૦૧૯**ના જેઠ શુદિ ૧૩ બુધવાર સુધીમાં અમારા તે અભિપ્રાયમાં એક પણ સ્થલેથી કાંઈ જ ભૂલ જણાવવામાં આવેલ ન હોવાથી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇ, શ્રી શ્રમણોપાસક સંઘસમિતિ તરફથી જો હવે પણ તિથિપ્રકરણજન્ય કલેશના સમાધાન અર્થે (કેટલાક નહિ; પરંતુ) સર્વ આચાર્યાદિ ગચ્છવડિલોની સંમતિ મેળવેલું એક તેવું જ નિર્ણાયક લખાણ પ્રસિદ્ધ કરશે તો શ્રી સકલસંઘની શાંતિ અર્થે તેવા નિર્ણાયક લખાણ પરત્વે તે વખતની જેમ આજ પણ અમારો એ જ અભિપ્રાય છે, એમ ખચિત સમજશો. સિવાય શ્રાવકસંઘકૃત નિર્ણય શ્રી શ્રમણસંઘમાન્ય ન જ ગણાય, એ તો શાસ્ત્ર અને સિદ્ધાંતને માનનાર સમજે જ: કારણકે–શાસ્ત્રમાં શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ કહેલ છે; પરંતુ શ્રમણો-પાસક પ્રધાન ચતુર્વિધ સંઘ કહેલ નથી. ॥ **इति शम्** ॥

[ **સુરેન્દ્રનગર**–જૈન ઉપાશ્રય, સં. ૨૦૧૯ના જેઠ શુદ ૧૩ બુધવાર. ]

ઇતિ શ્રી દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક–ગીતાર્થ સાર્વભૌમ–બહુશ્રુત–ધ્યાનસ્થ સ્વર્ગત–પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનંદસાગરસૂરિશ્વરજી પટ્ટપ્રભાવક ન્યાયવ્યાકરણ વિશારદ સ્વ. પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિજી વિનેયરત્ન–શાસનસંરક્ષક–પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મ. કૃત શ્રી પર્વતિથિબોધક પ્રશ્નોત્તરીયુક્ત

**શ્રી તત્ત્વતરંગિણી અનુવાદ ગ્રંથ સમાપ્ત.**

## ✽ પ્રશ્નોત્તરી ૧૮ની પૂરવણી ✽

આ ગ્રંથના પેજ ૧૧૭ ઉપરના ૧૮મા પ્રશ્નના ઉત્તરમાં પેજ ૧૧૯ ઉપર જણાવેલ-"મૂલ તથા ટીકાના (કહેલા અલ્પ ભાગના પણ) અર્થને બહુધા નિજના કલ્પિત મતમાં ખેંચીને કરેલ હોવા છતાં તે વર્ગે, તે બૂકનું '**સ્વોપજ્ઞ તત્ત્વતરંગિણીનો અનુવાદ**' એ આપેલું નામ જ તથ્ય નથી તેવી તે બૂકમાંની એ વાતમાં તો તથ્ય હોય જ ક્યાંથી?" એ વાતના સંબંધે-

### ગાથા ૧૦મીનો ઉલટો અર્થ

આ ગ્રંથરત્નની નવમી ગાથાના અધિકાર દ્વારા-'પાછલી તિથિ તો આગલી ક્ષીણતિથિનાં કાર્યનું કારણ છે જ' એમ જાણવા છતાં અને દસમી ગાથા દ્વારા-'આગલી તિથિ જ પાછલી ક્ષીણતિથિનાં કાર્યનું કારણ બનતી નથી' એમ પણ જાણવા છતાં-

શ્રીજંબૂવિ૦એ, તે '**તત્ત્વતરંગિણીનો અનુવાદ**' બૂકના પેજ ૧૦૨ ઉપર શ્રી તત્ત્વતરંગિણીગ્રંથની એ અર્થવાળી દસમી ગાથાનો-'એવીજ રીતે ૧૫ અને પાંચમના ક્ષયે ૧૩ × ૩ કારણભૂત બની શકતા નથી.' એ પ્રમાણે જે-પાછલી તિથિને ય આગલી ક્ષીણતિથિનું અકારણ લેખાવવારૂપે-ગ્રંથકારથી વિરુદ્ધ અર્થ કરેલ છે તે, ૧૫ × ૫ના ક્ષયે ૧૩ × ૩નો ક્ષય કરવાની આચરણાને શાસ્ત્રનો તેવો અવળો અર્થ કર્યા સિવાય કોઈપણ ઉપાયે અસત્ય લેખાવી શકે તેમ નહિ હોવાનું પ્રતીક છે.

સિવાય તેઓ તો આ શાસ્ત્રદ્વારા પણ જાણે જ છે અને માને પણ છે કે-"૧૪ના ક્ષયે પૂનમે ચૌદશ નથી તેથી જ પૂનમ, ચૌદશના કાર્યનું કારણ બની શકતી નથી; પરંતુ ૧૫ × ૫ના ક્ષયે તેરસ-ત્રીજે ચૌદશ-ચોથ છે જ અને તેથી તે ૧૫ × ૫ના ક્ષયે તે ૧૩ × ૩ તો ચૌદશ-ચોથના કાર્યનું પ્રકટ જ કારણ હોવાથી શ્રીસંઘમાં પૂનમ-પાંચમના ક્ષયે તેરસ અને ત્રીજનો ક્ષય કરવાની જે આચરણા છે તે કોઈ શ્રીપૂજની નથી; પરંતુ શાસનની આદિથી ચાલતી આવેલી પ્રાચીનતર આચરણા છે."

### ગાથા ૧૧મીમાં કરેલો ઝેરી હસ્તક્ષેપ

આ મૂલ ગાથામાં તથા ટીકામાં કારણને નિશ્ચયે પૂર્વભાવી કહ્યું છે; પરંતુ '**આંતરા રહિત**' પૂર્વભાવી કહ્યું નથી: છતાં શ્રીજંબૂવિ૦એ પોતાની તે બૂકના પેજ ૧૦૩ ઉપર-(૧૫ × ૫ના ક્ષયે તેરસ-ત્રીજના ક્ષયવાળી પ્રાચીન સંઘ-આચરણાને આ શાસ્ત્રના નામે ય અસત્ય લેખાવવા સારૂ) આ ગ્રંથની ટીકાના અનુવાદમાં '**આંતરા રહિત**' વાકય, ગ્રંથકારને નામે પદરનું ચડાવી દીધું છે! અને તેમ કરીને '૧૫ × ૫ના ક્ષયે તેનું કારણ તેરસ-ત્રીજ શી રીતે બની શકે?' એમ ખોટો પ્રશ્ન ઉભો કરવા પૂર્વક-"કારણ કે-**તેરસ × ત્રીજ પૂર્વવર્તિ છે** (એ તો કબૂલ્યું છતાં '**આંતરા રહિત નથી,**' એ ઘુસાડેલા વાકયનો અહિં ઉપયોગ કરીને) વચમાં ચૌદશ અને ચોથનું અંતર પડે છે." એ પ્રકારનું માયા-મૃષાપૂર્ણ લખાણ, આ શાસ્ત્રકારને પણ નામે ચઢાવી દઈને પ્રસ્તુત પ્રાચીન આચરણા ઉપર તે પછી તો તેમણે ઘણું જ ઝેર ઓકયું છે! જે કેવલ આગ્રહ ખાતર જ હોઈને દયાપાત્ર છે. ૧૪ના ક્ષયે આજે તો અપાક્ષિક એવી ઉદયાત્ તેરસે પાક્ષિક કરવાની કરુણ સ્થિતિમાં આવી પડેલા તેઓ માટે ધર્મીજનોએ અન્ય ચિંતવવાનું પણ શું હોય?

# ગ્રં...થ...ર...ત્ન–મે...ળ...વ./.વા...નાં

## વિ શે ષ પ્રા પ્તિ સ્થા નો

| | |
|---|---|
| શેઠશ્રી સારાભાઈ પોપટલાલ ગજરાવાળા<br>ઠે. એલીસબ્રીજ–' નીલધારા '<br>આઉટ હાઉસ ૧૧ બ. ૧૪<br>અમદાવાદ–૬ [ગુજરાત] | શેઠશ્રી કલ્યાણજી વીરપાલ મહેતા<br>ઠે. ભૂલેશ્વર–ડોકા મરડી ગલ્લી,<br>ઉમા હાઉસ–ત્રીજે માળે,<br>મુ. મુંબઈ–નં. ૨ [મહારાષ્ટ્ર] |
| શા. હસમુખલાલ ખુશાલદાસ જરીવાળા<br>ઠે. ગોપીપુરા–મોટા રસ્તા,<br>મુ. સુરત–૨ [ગુજરાત] | ગાંધી નગીનદાસ વાડીલાલ<br>સ્ટે. ખરસાલીયા,<br>મુ. વેજલપુર<br>જી. પંચમહાલ, |
| શા. હરજીવનદાસ ત્રીભોવનદાસ<br>ઠે. ધોળી પોળ,<br>દાદભા શેરી,<br>મુ. વઢવાણ સીટી [સૌરાષ્ટ્ર] | ગાંધી ફત્તેચંદ ખોડીદાસ<br>C/o શ્રી અરૂણોદય પ્રી. પ્રેસ<br>ઠે, ખાર ગેઈટ,<br>મુ. ભાવનગર [સૌરાષ્ટ્ર] |
| શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર<br>પ્રો. પં. ભૂરાલાલ કાળીદાસ<br>ઠે. રતનપોળ–હાથીખાના,<br>મુ. અમદાવાદ [ગુજરાત] | શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર<br>ઠે. ગોડીજી બીલ્ડીંગ પેહલે માળે,<br>પાયધુની<br>મુ. મુંબઈ નં.–૨ [મહારાષ્ટ્ર] |
| શ્રી સોમચંદ ડી. શાહ<br>બૂકસેલર્સ એન્ડ પબ્લીશર્સ<br>ઠે. જીવનનિવાસ સામે,<br>મુ. પાલીતાણા [સૌરાષ્ટ્ર] | શ્રી જૈન પુસ્તક પ્રકાશન મંદિર<br>પ્રોઃ–માસ્તર જશવંતલાલ ગીરધર<br>ઠે. ડોશીવાડાની પોળ–ખત્રીની ખડકી,<br>મુ. અમદાવાદ [ગુજરાત] |

નોંધઃ–ઉપરોક્ત કોઈ પણ સ્થળે ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવવાથી પણ ગ્રંથરત્ન મળે તેવી વ્યવસ્થા કરેલ છે.

## શ્રી પિંડનિર્યુક્તિ આગમ ગ્રંથ, શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર તથા શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નોના.

...અદ્વિતીય....અક્ષરશઃ...સુવિશુદ્ધ....અનુવાદક....

પૂ. શાસનકંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રી
વિરચિત અને સંકલિત—

# અ....દ્વિ....તી....ય—ગ્રં....થ—પ્ર....કા....શ....નો

| નંબર | ગ્રંથનું નામ | | કિંમત |
|---|---|---|---|
| ૧ થી ૪ | શ્રી શાસનમાન્ય-શાસન સુધાકર વર્ષ ૧ થી ૪ ની ફાઇલો — | | અલભ્ય. |
| ૫ થી ૧૨ | શ્રી શાસનમાન્ય-શાસન સુધાકર વર્ષ ૫ થી ૧૨ ની પ્રત્યેકની | રૂા. | ૧૫-૦૦ |
| ૧૩ | શ્રી જિન-ચંદ્ર ભક્તિ-સુધારસ | | અલભ્ય. |
| ૧૪ | શ્રી પિંડનિર્યુક્તિ આગમ ગ્રંથરત્નનો સુવિશુદ્ધ અનુવાદ | રૂા. | ૧૨-૦૦ |
| ૧૫ | જિન-ગુણ-રત્ન મંજુષા વિ. ૧ થી ૧૫ | રૂા. | ૪-૦૦ |
| ૧૬ | શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર યાને વંદિત્તાસૂત્રનો સુવિશુદ્ધ અનુવાદ | રૂા. | ૧૧-૦૦ |
| ૧૭ | જૈનાચાર્યના ઉત્સૂત્રોની હારમાળા | રૂા. | ૧-૫૦ |
| ૧૮ | તત્ત્વતરંગિણી ગ્રંથરત્નનો અદ્વિતીય સુવિશુદ્ધ અનુવાદ | રૂા. | ૮-૫૦ |
| ૧૯ | શ્રી સુધાકર-રત્ન મંજુષા | રૂા. | ૧--૫૦ |
| ૨૦ | કુમતાહિવિષજાંગુલીમંત્ર તિમિરતરણી. પ્રથમાવૃત્તિ | રૂા. | ૧-૫૦ |
| ૨૧ | સૂર્યપૂરનું--સાગર-સ્વાગત | રૂા. | ૧-૨૫ |
| ૨૨ | દિશા ફેરવો [શ્રી રામચંદ્રસૂરિજીને વિનંતિ] ભા. ૧ લો | રૂા. | ૨-૦૦ |
| ૨૩ | દેશ કેમ ફેરવ્યો? દિશા ફેરવો ભા. ૨ થી ૪ | રૂા. | ૧-૫૦ |
| ૨૪ | કુમતાહિવિષજાંગુલીમંત્રતિમિરતરણી [સાનુવાદ] | રૂા. | ૨-૨૫ |
| ૨૫ | સૂર્યપૂરની ભવ્ય શહેરયાત્રા | રૂા. | ૧-૫૦ |
| ૨૬ | કલ્યાણસમાધાનશુદ્ધિપ્રકાશ યાને શાસ્ત્રીય સમાધાન સંગ્રહ | રૂા. | ૨ ૭૫ |
| ૨૭ | હરિબલ મચ્છીનું અદ્ભુત ચરિત્ર | રૂા. | ૧-૨૫ |
| ૨૮ | જયકુમાર અને વિજયકુમારનું ચરિત્ર તથા સમ્યકત્વ સ્વરૂપ | રૂા. | ૧-૨૫ |
| ૨૯ | નવા મતનું સચોટ અને સરળ નિરસન | રૂા. | ૧-૦૦ |
| ૩૦ | શ્રી ધર્મસૂરિજીનાં વંદિત્તાસૂત્રના આવશ્યક સુધારા | રૂા. | ૧-૨૫ |
| ૩૧ | આત્માની ઉન્નતિના ઉપાયો, ૩૨ માનવ જીવન ભેટ | | અમૂલ્ય |
| ૩૩ | મંગળ આરાધના સંગ્રહ, ૩૪ જૈન સમાજ સાવધાન ભેટ | | અમૂલ્ય |

તા૦ ક૦ ઉપરોક્ત રૂ૦ ૭૧ ની કિંમતનો આખો સેટ મંગાવનારને રૂ૦ ૫૧
(પોષ્ટ ખર્ચ અલગ)

પ્ર...કા....શ....ક—અ...ને-પ્રા...પ્તિ...સ્થા....ન

શ્રી શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર—વ્યવસ્થાપક શાહ મોતીચંદ દીપચંદ
જી૦ ભાવનગર, વાયા તળાજા, મુ૦ ઠળીયા [સૌરાષ્ટ્ર]

જેકેટ · દીપક પ્રિન્ટરી · અમદાવાદ